Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિત્રપરિચય

અર્ધ્યાત્મ મહાવીર

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસન નાયક શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી

(જીવન-મણિ ટ્રસ્ટના સૌજન્યથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલ્પનિક અધ્યાત્મ મહાવીર

ભાગ-૩

[પ્રસંગપટ–હિતોપદેશ]

રચયિતા
અધ્યાત્મ–જ્ઞાનદિવાકર
સ્વ–પર શાસ્ત્રવિશારદ
યોગનિષ્ઠ આચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

પ્રકાશક
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક
પ્રકાશન સમિતિ
ઝવેરીવાડ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશક : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક પ્રકાશન સમિતિ

૧. બાલાભાઈ વીરચંદ દેસાઈ
૧૩બી, ચંદ્રનગર સોસાયટી, અમદાવાદ-૭

૨. શાહ ચીમનલાલ જેચંદભાઈ
કાળુપુર, શેઠ મનસુખભાઈની પોળ, અમદાવાદ

પહેલી આવૃત્તિ
ઈ. સ. ૧૯૬૯
વિ. સં. ૨૦૨૫

કિંમત ત્રણે ભાગની રૂા. ૨૫

પ્રાપ્તિસ્થાનો

જૈન પ્રકાશન મંદિર
જશવંતલાલ ગિરધરલાલ શાહ
દોશીવાડાની પોળ; અમદાવાદ

મુંબઈ
શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ: પાયધુની, મુંબઈ

પાલીતાણા
શ્રી સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે, પાલીતાણા

મુદ્રકો : શાંતિલાલ જૈન • પ્રશાન્ત મુદ્રણાલય, સીટી મીલ કમ્પાઉન્ડ, અમદાવાદ
અંબિકા પ્રિન્ટરી : રાયપુર દરવાજા બહાર, નૂના લાટી બજાર, અમદાવાદ
આવરણ : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા, અમદાવાદ-૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂ. ૧૦૮ અમર ગ્રન્થોના મહાન પ્રણેતા દિવ્ય જ્યોતિર્ધર

અધ્યાત્મ જ્ઞાન દિવાકર સ્વ-પર શાસ્ત્ર વિશારદ
યોગનિષ્ઠ આચાર્ય ભગવંત

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

જન્મ સં. ૧૯૩૦ વીજાપુર
દીક્ષા સં. ૧૯૫૭ પાલનપુર

આચાર્ય પદ સં. ૧૯૭૦ પેથાપુર
સ્વર્ગવાસ સં. ૧૯૮૧ વીજાપુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગલાં પડયાં ત્હારાં અહો જ્યાં, તીર્થ તે મારે સદા,
તવ પાદની ધુલી થકી ન્હાતો રહું ભાવે મુદા;
તવ પાદપદ્મે લોટતાં પાપો કર્યાં રેહવે નહિ,
તેં ચિત્તમાં જે માનિયું તે માન્ય મારે સહી.

જે જેનું છે તે તેને

પરમ દાદા ગુરુદેવને !

—દુર્લભ સાગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ભવ્ય પ્રતિમા

'**સ્વ. બુદ્ધિસાગરસૂરિજી** વિરાગતામાં ખેલતા, સંપ્રદાયમાં તો શોભતા, પણ અનેક સંપ્રદાયીઓના સમુદાય સંઘમાં પણ એમની તેજસ્વિતા અછાની નહોતી.

'**એમની** ભવ્ય મૂર્તિ એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. વિશાળ મુખારવિંદ, ઉચ્ચ અને પુષ્ટ દેહસ્થંભ, યોગીન્દ્રના જેવી દાઢી ને જબરદસ્ત દંડ.

'**આપણે** સૌ માનવજાત મૂર્તિપૂજક છીએ. અને એ ભવ્ય મૂર્તિ અદશ્ય થઈ છે, છતાં પણ નિરખી છે, તેમના અંતરમાંથી તે જલદી ભુંસાશે નહિ જ.

'**આનંદઘનજી** પંથી આવા અવધૂત જૈન સંઘમાં થોડા જ થયા હશે. સાથેના શિષ્યમંડળના તો બ્રહ્મજન્મદાતા, પિતા ને શિરછત્ર ગયા છે.

'**એક મારું ભજન** સાંભરી આવે છે, તે લખું છું. તેનું પ્રથમ ચરણ તો જૂના એક પ્રસિદ્ધ ભજનનું છે, એમાં શ્રી બુદ્ધિસાગરજીની જ જાણે આત્મપ્રતિમા ઉતરી હોય એવું છે—

મળો જો જતિ સતિ રે, કોઈ સાહેબને દરબાર
ધીગાધોરી ભારખમાં, સદ્‌ધર્મતણા શણગાર,
પુણ્યપાપના પરખંદા, કંઈ બ્રહ્મતણા અવતાર. મળો જો
આંખલડી અનભોમાં રમતી, ઉછળતાં ઉરનાં પૂર,
સત્ ચિત્ આનંદે ખેલે છે, ધર્મધુરંધર ધીર. મળો જો

—**મહાકવિ શ્રી નાનાલાલ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિમિત્તમાત્રમ્

સારાં કાર્યોના નિમિત્ત થવું, એ પણ સદ્‌ભાગ્યની નિશાની છે. પૂરાં પુણ્યે એ સાંપડે છે. એવું એક સદ્‌ભાગ્ય આજે મને સાંપડ્યું છે, ને એ માટે હું મારા જીવનને કૃતકૃત્ય માનું છું.

ધર્મ અને સમાજની ઉન્નતિ માટે સદા ઝંખનાર, યોગ અને અધ્યાત્મને સંજીવની બક્ષનાર, જૈનધર્મને વિશ્વધર્મ પ્રસ્થાપિત કરવા ઇચ્છનાર, આચારે અહિંસા ને વિચારે અનેકાંતને સક્રિય કરનાર પરમ પૂજ્ય મારા દાદા ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ પોતાના જીવનકાળમાં એકસો આઠથી વધુ અમર ગ્રંથો રચ્યા હતા, ને ધર્મ-સમાજને ભેટ ધર્યા હતા.

મૃત્યુંજયને પોતાના અવસાનની અંતર-ખબર આવી હતી. છેલ્લો 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' ગ્રંથ અજબ શૈલીમાં લખી રાખ્યો હતો, પણ પ્રગટ કર્યો ન હતો. તત્કાલીન સમાજની આણી લાગણીઓને ખ્યાલમાં રાખી એ યુગદ્રષ્ટાએ પોતાના અવસાન પછી પચ્ચીસી વીતે પ્રગટ કરવાનો આદેશ આપ્યો હતો.

પચ્ચીસી પૂરી થઈ. સ્વ. સૂરીશ્વરજીનું જીવનચરિત્ર યોગનિષ્ઠ આચાર્ય' શ્રી જયભિખ્ખુ ને સ્વ. પાદરાકરની કલમે બહાર પડ્યું. શ્રી. મણિલાલ મો. પાદરાકર, શ્રી. મંગળદાસ લ. ઝવેરી, શ્રી. ચંદુલાલ ન. ભાખરિયાએ ને સ્વ. સૂરીશ્વરજીના બાળગોઠિયા, શ્રદ્ધામૂર્તિ પરમ શ્રાવક શ્રી. લલ્લુભાઈ કરમચંદ દલાલે આ ગ્રંથ પણ પ્રગટ કરવાનો નિર્ણય તેમાં જાહેર કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણીતા લેખક શ્રી. જયભિખ્ખુને આ ગ્રંથ સંશોધિત કરવા માટે સોંપવાનો નિર્ણય પણ લેવાવાની તૈયારીમાં હતો ત્યાં શ્રી. જયભિખ્ખુને આંખની તકલીફ ઊભી થઈ, ને કામ વિલંબમાં પડ્યું. તે પછી શ્રી. પાદરાકર, શ્રી. લલ્લુભાઈ, શ્રી. મંગળદાસ ઘડિયાળી વગેરે મહાનુભાવો કાળક્રમે મહાકાળની વિવર્તલીલાને પામ્યા, અને કામ વિશેષ ખોરંભે પડ્યું.

એકદા મારા ચિત્તમાં આ અધૂરું કાર્ય હાથમાં લઈને પૂરું કરવાની ભાવના જાગ્રત થઈ. મને એમ લાગ્યું કે સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરીશ્વરજી તથા પરમ તારક વાત્સલ્યવિભૂતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. ના શિષ્યો માથે આ ઋણ છે. આ ઋણ ઓછા સાધન–સહાયવાળા મેં ફેડવાનો નિર્ણય કર્યોઃ ને મારા પરમ આરાધ્ય ગુરુદેવનાં આદેશ–આજ્ઞા માગ્યાં.

અંતરના આશીર્વાદ સાથે આજ્ઞા અને આદેશ મળ્યાં, પ્રથમ ભાગનું પ્રકાશન કાર્ય પણ પૂર્ણ થવા આવ્યું, તેવામાં 'સારા કામમાં સો વિઘ્ન' એ ન્યાયે કોઈ માયાવી ગુરુદ્રોહીઓના પ્રેરાયેલાં અજાણ્યાં, અજ્ઞાત ટોળાંઓ ગાડરિયા પ્રવાહે ચારે તરફથી ધસી આવ્યાં. એમાં પારકા હતા, સાથે પોતાના પણ હતા. તેઓ ગ્રંથની નુકતેચીની કરતા હતા, ને તેને સદાને માટે અંધકારમાં ધકેલી દઈ તેનું અસ્તિત્વ મિટાવી દેવા માગતા હતા. ઉપસર્ગ ને ઉપદ્રવોની તાકાત તેઓના હાથમાં હતી. મેં અને મારા સહાયકોએ શ્રી પૂજનીય ગુરુદેવના ગ્રંથનું અસ્તિત્વ જાળવવા ભરસક કોશિશ કરી. ટૂંકમાં કહું તો એ અમર ગ્રંથનું અસ્તિત્વ રક્ષવાની સામે મેં મારું અસ્તિત્વ હોડમાં મૂક્યું.

રે! જેણે જીવનભર પરમ સાધુત્વની સાધના કરી, આત્મ–કલ્યાણ પંથના અગ્રેસર રહ્યા, ધર્મને શ્વાસોચ્છાસમાં જીવ્યા–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એના કાર્ય ને વિચારમાં નુકતેચીની કરનાર આપણે પામર કોણ ?

અને દોષ દેખનાર તો ચંદ્રમાં ને સૂરજમાં પણ દોષ જુએ છે ! ઘુવડને દિવસનો રાજા સૂરજ કદી ગમ્યો નથી. એ વીતેલાં કષ્ટોની કહાણી અલ્પ કરું. સારાંશમાં જે જેનું તે તેને અર્પણ કરી આ ગ્રંથ પ્રકાશિત થાય છે.

એ પરમ કલ્યાણમૂર્તિ, મહાન યોગી, સમાજ, દેશ ને ધર્મના સાચા હિતસ્વી યોગનિષ્ઠ સૂરિરાજના ભક્તોને આ પ્રસંગે એક વાતે ચેતાવી દેવા માગું છું કે આજે એક દેહના જ અનેક અંગો વચ્ચે તેજોદ્વેષ જાગ્યો છે : અંગો-ઉપાંગો દેહથી અલગ અસ્તિત્વ માગે છે. પીંછાંને મોર ગમતો નથી. એ મહાન ગુરુદેવની સુકીર્તિના સ્તંભોને પોલા ને જમીનદોસ્ત કરવાના પ્રયત્નો પૂરજોશે ચાલુ થયા છે. આપણે સદા કાળ જાગ્રત રહીએ, કુહાડાના હાથા ન બનીએ ને સૌને સદ્‌બુદ્ધિ વાંછીએ.

અંગત થઈને અંતરના ઘા કરનાર પર ભાવ-દયાની દૃષ્ટિ રાખી, ટૂંકમાં મહાન ક્રાંતિકાર ને અણધૂત ઓલિયા સ્વ. સૂરિજીએ જે કહ્યું હતું તે અમે તેઓના જ શબ્દોમાં ફરી કહીએ છીએ,

> 'યોદ્ધો સારો અભિમુખ રહી, શસ્ત્રનો ઘાવ મારે,
> પોતાના થઈ હૃદય હણતા, તે મળો ના જ કયારે.'

પ્રાન્તે આ ગ્રંથપ્રકાશનમાં હજારો હાથ રળિયામણા બન્યા છે. અનેક શ્રદ્ધેય આત્માઓ પાસેથી અણધારી મદદ મળી છે. એ બધું દેવ-ગુરુની કૃપા માની, એ સહુનો આભાર માની મારું વક્તવ્ય પૂરું કરું છું.

ગુરુચરણોપાસક સંઘસેવક
મુનિ દુર્લભસાગર ગણિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વતોમુખી પ્રતિભા

' સવી જીવ કરું શાસન રસી,
એસી ભાવ દયા મન ઉલ્લસી.''

ઓગણીસમી સદીનું ચોથું ચરણ અને વીસમી સદીનું પહેલું ચરણ–એ બે ચરણોનો સંધિકાળ દેદીપ્યમાન વિભૂતિઓનો અસ્તિત્વ કાળ હતો. એ વખતે પોતાનાં શીલ, સંસ્કાર અને પ્રતિભાથી જગતભરમાં નામના પ્રસારે તેવા મહાપુરુષો કર્મભૂમિ ભારતમાં વિદ્યમાન હતા, ને આધ્યાત્મિક, યોગિક, ધાર્મિક, દાર્શનિક ને ભૌતિક ક્ષેત્રે પોતાની કામગીરી અને પ્રભાવથી સર્વને આંજી રહ્યા હતા.

એ વખતે જૈન ધર્મના ક્ષેત્રે–એક રીતે કહીએ તો જગતધર્મના ક્ષેત્રે–મહાન સાધુ, પ્રકાંડ પંડિત, પરમ યોગી, પરમ અધ્યાત્મનિષ્ઠ ને ગુજરાતી–સંસ્કૃતમાં ૧૦૮ થી વધુ ગ્રંથોના પ્રણેતા આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પ્રાકટ્ય પામ્યા, જેમની આ હજી સુધી અપ્રગટ અને અંતિમ કૃતિ આજે પ્રથમવાર પ્રકાશ પામે છે.

પુણ્યશ્લોક સૂરિજીના હૈયામાં ધર્મ, દેશ ને સમાજ માટે અનહદ લાગણી હતી. તેઓ શ્વાસે શ્વાસે એ ત્રણેનું કલ્યાણ વાંછી રહ્યા હતા. તેઓ સમાજ સિંહોનો ઇચ્છતા હતા, દેશ મૃત્યુંજયોનો માગતા હતા ને ધર્મ સમન્વયશીલ ત્યાગીઓનો ચાહતા હતા. આ ભારતભૂમિ પર તેમને અસીમ પ્રેમ હતો. તેઓ એક સ્થળે લખે છે કે–

' આર્યાવર્તની એક ચપટી ધૂળમાં જે સાત્વિક અણુ–રેણુઓ વિલસી રહ્યાં છે, તે અન્ય ભૂમિમાં નથી જ.'

આ ભાવનામાંથી પ્રસ્તુત કૃતિનો જન્મ થયો હતો. જીવનનાં અંતિમ વર્ષોમાં એમનો આત્મા વિશ્વનાં અણુ–પરમાણુ સાથે સમત્વ અનુભવી રહ્યો હતો: એ જ ઉત્કટ ભાવનાથી સમગ્ર વિશ્વનું હિત દૃષ્ટિમાં રાખી, જીવનનાં વિશાળ ફલકોને આવરી લેતી આ કૃતિ તેઓએ નવી જ માંડણી, અનોખી બાંધણી ને અર્વાચીન શૈલીથી જૈનધર્મપ્રેમી ચારે વર્ણો માટે રચી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુગ્રહ બુદ્ધિવાળા યોગીઓ, સાધુઓ ને લેખકો ઉપાદેય સાર વસ્તુને કાવ્ય, ચંપૂ કે નાટક અથવા એવી કોઈ નવીન આકર્ષક શૈલીમાં કે ઢબમાં રચે છે, જેથી સામાન્ય જનતા પણ તેના પર આકર્ષાય અને તેનો પૂરો લાભ લે. એમ આ મહાન કૃતિ અનોખા ઉપદેશાત્મક ઢબે રચી હતી, ને વાચકોના ચિત્તમાં ચેતના પ્રગટ કરે એવી રીતે એને દિવ્યતા અર્પી હતી.

પણ એ કાળ આજથી પચાસ વર્ષ પહેલાંનો હતો. ભાવનાના દિવ્ય વિહાર જેવી આ કૃતિ સાંપ્રદાયિક અભિનિવેશવાળા જમાનાને પચવામાં સિંહણના દૂધ જેવી ભારે પડશે, એમ તેઓને લાગ્યું હતું : ને દલપતી ભાવના દિલમાં ધરનાર એ પરમ અધ્યાત્મ યોગીએ 'ધીરે ધીરે સુધારાનો સાર' એ દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખી—એ હસ્તપ્રત પોતાના ભક્તને સુપરત કરતાં કહ્યું હતું :

'મારા અવસાન પછી, એક પચ્ચીસી વીતે આ પ્રગટ કરજો.'

મહાન હિતચિંતક સૂરિરાજ સ્વર્ગવાસ પામ્યા, પચીસ વર્ષનો કાળ વ્યતીત થયો; એ વખતે એમની પરમ અનુરાગી કેટલીક વ્યક્તિઓ હયાત હતી. તેઓ પ્રસ્તુત ગ્રંથ 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' પ્રગટ કરવાની પેરવીમાં હતી. એ માટે સારા સંશોધકને – જે સ્વર્ગસ્થ સૂરિજીને સમજતો હોય, એમના હૈયાના હાર્દને પકડી શકતો હોય તેને–શોધી રહી હતી, ત્યાં એ મહાનુભાવોનુ અવસાન થયું. વસ્તુ વિલંબમાં પડી; પણ આખરે પિસ્તાળીસ વર્ષે એ ગ્રંથ શાસનદેવની કૃપાથી જાહેરમાં આવે છે. કોઈ વાર વિલંબ પણ કાર્યક્ષમ બને છે.

યદ્યપિ કાળદ્રષ્ટા સૂરિરાજની માન્યતાની સત્યતા આજે–પચીસ નહિ પણ લગભગ પચાસ વર્ષે પણ–સત્ય અનુભવાય છે.

ચાલુ ચીલાને ચાતરતી, સત્યને નિર્બંધ રીતે પ્રગટ કરતી હરએક મહાન કૃતિ સામે જૂનવાણી સમાજે હમેશાં પાંખો ફફડાવી છે, ચાંચો મારી છે ને કોલાહલ કર્યો છે, છતાં સત્ય આખરે સત્ય ઠરે છે, અને સત્યને જ પ્રસ્થાપિત કરે છે. એવી અણમોલ કૃતિઓ મુમુક્ષુના મન–ચિત્તને ભાવથી ભરે છે ને કર્તાના પુણ્ય આશયને પ્રસિદ્ધ કરે છે.

આ પુસ્તક અંગે ઘણો સારો ઉહાપોહ થયો છે; ને એ યુગદ્રષ્ટા કર્તાના ભાવિ કથનની સત્યતાને પુષ્ટ કરે છે.

કોલસાની ખાણમાંથી ઘણી વાર હીરો મળી આવે છે–એ કહેવત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રમાણે આ ગ્રંથના કર્તા મહાન સૂરીશ્વરજી ઉત્તર ગુજરાતના ગામડાના એક કણબી કુટુંબમાંથી ઊતરી આવ્યા હતા. આ કુટુંબો સાવ નિરક્ષર હતાં. સામાન્ય રીતે એ કુળનો કોઈ જણો નિશાળના દરવાજે જતો નહિ. ધરતી એમની માતા હતી, જે ખેડીને સત્ત્વ મેળવતા : ને આકાશ એમનું શિરછત્ર હતું, જે નિહાળીને પરમ તત્ત્વનો અનુભવ કરતા.

ધરતીના આ જણ્યા સૂરિજીનાં માતા–પિતા શૈવ–વૈષ્ણવ હતાં, પણ ભાવિ બળવાન છે. વીજાપુરના એક સાધુએ આ હીરાને પિછાણી લીધો ને તેના પર પહેરો પાડવા શરૂ કર્યા. એ જ ગામના એક શ્રેષ્ઠિએ એને આશ્રય આપ્યો ને શિક્ષણ–સંસ્કારની સુવિધાઓ પૂરી પાડી.

દુનિયામાં ઘણા ચમત્કારો થતા રહે છે, એમ જીવન પણ ઘણી વાર કર્મદેવના ચમત્કાર જેવું જાની જાય છે. જીવનની એક પચ્ચીસી પૂરી થતાં થતાંમાં તો બહેચરમાંથી બહેચરદાસ, તેમાંથી બુદ્ધિસાગર તરીકે નિર્માણ પામ્યા. નિરક્ષર કણબી કુટુંબના એ બાળકે ત્યાગી, તપસ્વી, યોગાભ્યાસી મૂર્તિના લેબાશમાં દર્શન દીધાં.

કાળનું ચક્ર થોડાક વધુ આંટા ફરે છે : ને નિરક્ષરતાને ગળથૂથીમાં લઈને જન્મેલો એ જુવાન આત્મા દ્રષ્ટા, કવિ, વિવેચક, ફિલસૂફ ને અધ્યાત્મ યોગી તરીકે સહુનું લક્ષ ખેંચે છે. ઉર્દૂ, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત ને પ્રાકૃતના અભ્યાસી તરીકે એ પંકાય છે. કર્મના ક્ષયોપશમ કેટલા શીઘ્રાતિશીઘ્ર હોય છે, એનું એ એક જ્વલંત ઉદાહરણ બની જાય છે.

એ વખતે સાધુઓનું શિષ્યોની બહુ મોહની હતી. શિષ્યોની સંખ્યા દ્વિગુ કરવામાં ને ઊંચો આંક રાખવામાં ગચ્છ–વાડાના આચાર્યો ગર્વ લેતા. એ વખતે આપણા આ વિદ્વાન, તપસ્વી ને યોગી આચાર્યે પ્રતિજ્ઞા કરી કે–

'હું એકસો ને આઠ ગ્રંથશિષ્યો સરજીશ. મને અન્ય શિષ્યોમાં રસ નથી. આ મારા શિષ્યો મૃત્યુ, જન્મ ને જરાથી મુક્ત હશે.'

આ નિર્ણય મીણના દાંતે લોઢાના ચણા ચાવવાનો હતો. આઠ મહિના આ ગામથી બીજે ગામ ભ્રમણ, પગે વિહાર, ઘરઘરની ભિક્ષાનું ભોજન, સાધુના નિત્યના આચારોનું પાલન તેમ જ વ્યાખ્યાન આદિ કાર્યો ઘણો સમય લઈ લેતાં હતાં : પણ સમર્થ સૂરિરાજે પોતાના નિરધારને પૂરો કરવા જીવનની પળેપળ કામમાં લેવા માંડી ને પોતાનો નિર્ણીત આંક વટાવી દીધો.

જ્ઞાની સૂરિજી જાણતા હતા કે જીવનના પાત્રમાં આયુષ્યના કણ ઓછા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, પણ ઓછા આયુષ્યથી પ્રજ્ઞાવંત ને પરિશ્રમવંત પુરુષાર્થી વીરો કયે દિવસે ડર્યા છે? અનુભવ એમ કહે છે કે ઓછા આયખાથી અધિક કાર્યો થયાં છે. ફક્ત ૫૦–૫૧ વર્ષનું આયુષ્ય ને તેમાંય જ્ઞાન–સ્વાધ્યાય ભરી તો એક પચ્ચાસી, છતાં જ્ઞાન અને પ્રજ્ઞાનો ફાલ કેટલો મોટો?

વળી સમર્થ સૂરિવરની પ્રતાપી લેખિની કોઈ એક ક્ષેત્રને જ ખેડીને બેસી ન રહી. વાઙ્મયના તમામ વિભાગોને આવરી રહી. તેઓએ તત્ત્વજ્ઞાન ને અધ્યાત્મ જ્ઞાનની ઊંડી ચર્ચાવાળા ગ્રંથો રચ્યા. ઇતિહાસ, વિવેચન ને જીવન-ચરિત્રોનું સુંદર સાહિત્ય આપ્યું. ધર્મનીતિના બોધભર્યું ઉત્તમ પત્રસાહિત્ય સર્જ્યું. કાવ્યો, ભજનો ને ખંડકાવ્યોનો પણ સરસ ફાલ ઉતાર્યો. માતૃભાષા સાથે દેવભાષામાં એ ગ્રંથો નિપજાવ્યા. વીસ હજાર પૃષ્ઠોથી પણ વધુ પૃષ્ઠોવાળા મબલખ આ સાહિત્યે જાણે એ કાળના વાઙ્મયને વાસંતિક બતાવ્યું.

ગ્રંથકર્તા તો અનેક થયા છે ને થશે, પણ ગ્રંથલેખકમાં અને ખાસ કરીને ધર્મ, નીતિ, યોગ ને અધ્યાત્મના લેખકમાં હોવી ઘટે એ સત્યશૂરતા ને સમ્યગ્‌દૃષ્ટિ આપણા મહાન સૂરિરાજમાં ભરપૂર હતાં.

તેઓ સંપૂર્ણ જૈન હતા, પણ એમનું જૈનત્વ સંસાર સાથે દ્વેષ નહોતું કરતું; સુમેળ સાધતું હતું. જિતે તે જિન, અને જે જિનના અનુયાયી તે જૈન. આ સિદ્ધાંત જોતાં તેઓ જ્યાં સદ્‌ગુણ, સંયમ ને સચ્ચાઈ જોતાં ત્યાં તેના થઈ જતા. અને આ કારણે એમનું મંડળ એકપક્ષી રહ્યું નહોતું. એ અલખમસ્તનો દાયરો કે દરબાર લેખાતો, ને તેમાં સૂરિરાજો, પંન્યાસો, પદવીધરો, જ્ઞાનીઓ, સંન્યાસીઓ, શંકરાચાર્યો, વિદ્વાનો, ગૌસેવકો, ગોસ્વામીઓ, ગૃહસ્થો, ભજનિકો ને મીરો રહેતા. અહાર આલમ અહીં એક આત્માના આરે એકત્ર થતી.

અહીં એકાંતે સૂરીશ્વરજી આત્માની વાતો કરંતા. સહુને ભારપૂર્વક કહેતા :

'અધ્યાત્મી બનો. યોગ શીખો. યોગસિંહ બનો. અધ્યાત્મજ્ઞાનથી આત્મા પરમાત્મા બને છે.'

સૂરિજીની આત્મરમણા ને બ્રહ્મનિષ્ઠા અપૂર્વ હતાં. સાથે એ કાળના નમન કરી શકાય પણ ઓળખી ન શકાય એવા જોગંદર હતા. સંસારના સર્વ જીવો એમના પ્રેમી મિત્રો હતા : ને એમાં શ્વાન, સર્પ, કીડી ને મકોડી પણ આવી જતાં હતાં.

એ કહેતા કે સર્વ કાર્યનો પાયો વજ્રાંગ બ્રહ્મચર્ય છે. એમનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાનો આ પાયો ખૂબ જ મજબૂત હતો. અને આ કારણે તેઓની વાણીની અસર લોકો પર અદ્‌ભુત થતી. અને તેનું જ કારણ છે કે તેઓ દીક્ષિત થયા જૈન ધર્મમાં ને ગુરુ થયા અઢારે આલમના. વિશ્વતોમુખી પ્રતિભાની એ પ્રતિમા બની રહ્યા.

સં. ૧૯૬૯ની સાલમાં એ સૂરત હતા, ત્યારે તેઓએ પોતાની રોજનીશીમાં સાધુમંડળ, જૈન ગુરુકુળ, સાધુ પાઠશાળા, સેન્ટ્રલ લાયબ્રેરી, યોગ મંડળની સ્થાપના વગેરે વિશે લખતાં લખતાં એક સરસ સર્વાંગ સુંદર મહાવીર ચરિત્ર વિશે પણ ઉલ્લેખ કર્યો હતો :

'શ્રી. મહાવીર સ્વામીનું જીવનચરિત્ર હાલની ઉચ્ચ પદ્ધતિના અનુસારે રચાવું જોઈએ. અને એ ચરિત્રનો ઘણી ભાષામાં અનુવાદ થવો જોઈએ. મહાન જૈનધર્મના ઉપદેષ્ટા સર્વજ્ઞ શ્રી પ્રભુવીરના ચરિત્રથી ઘણા દેશના લોકો અજાણ છે. આર્યાવર્તમાં પણ ઘણા લોકો અજાણ છે.'

આ સાથે શાસ્ત્રોને આંગ્લ ભાષામાં અનુવાદિત કરવાની ને નવા જમાનાની શૈલી પ્રમાણે જૂનાં ચરિત્રોને નવીન ચરિત્રના રૂપમાં મૂકવાથી વધારે લાભ થવાનો સંભવ છે. એમ પણ લખ્યું,

ધર્મજ્ઞાન વિશે તેઓ એક વાત સચોટ નોંધે છે કે ધાર્મિક જ્ઞાન વિનાનું વ્યાવહારિક જ્ઞાન એક આંખે કાણા મનુષ્ય જેવું છે.

સૂરીશ્વરજીની નીડરતા પણ અપાર હતી. જૈન ધર્મને એ વિશ્વધર્મ માનતા હતા, એટલે નાના વિવાદો એમને પસંદ નહોતા. આત્મોન્નતિ કરનારાં સાધનોને એ હેતથી સ્વીકારતા ને આત્માને બાધક તત્ત્વો સામે નીડરતાથી બાખડતા. એમના વિશે–જેમ સંસારના મહાપુરુષો વિશે સામાન્ય રીતે બનતું આવ્યું છે તેમ–ભયંકર ગપગોળા ઉડાડવામાં આવ્યા હતા. કેટલીક વાર તેઓએ તેના રદિયા આપ્યા હતા ને કેટલીકવાર કાર્યરત રહીને મૂંગો જવાબ વાળ્યો હતો.

ઘણી વાર એ કહેતા કે 'દુનિયામાં ટીકા કરનારા લાખો છે. પણ પોતાની ટીકા ન થાય તે રીતે પ્રવર્તનાર અલ્પ છે.'

તેઓ કહેતા કે વિદ્વત્તા સાથે ક્ષમા, મૈત્રી ને દયા અનિવાર્ય છે. છેલ્લે ટીકાકારોની નિંદા સામે એ આર્ષદ્રષ્ટા ગગનમંડળ ગજવતા સ્વરે ગાતા :

'હમ તો દુનિયાસે ન ડરેંગે,
આતમધ્યાન ધરેંગે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૯૭૦માં પુનઃ મહાવીર ચરિત્ર માટે નોંધે છે :

'જૈનોના હૃદયમાં શ્રી. વીરપ્રભુનું ચરિત્ર સ્થાપિત થઈ જાય એવું ગૂર્જર વાગ્મયમાં અદ્યાપિ પર્યંત કોઈ પુસ્તક બહાર પડયું નથી.

'શ્રી વીરપ્રભુના બાહ્ય તથા આંતરિક ચરિત્રનો અનુભવ મળે એવું પુસ્તક ગમે તે જૈનના હાથે તૈયાર થાઓ એવી ભાવના છે. શ્રી. વીરપ્રભુના સદ્‌વિચારોથી સમગ્ર વિશ્વ ગાજી ઊઠે ત્યારે શ્રી વીરપ્રભુની દીપાવલિ સાચી ઊજવી કહી શકાય.'

સાધુના જીવનમાં આલોચના ને પર્યાલોચના સદાકાળ ચાલતાં હોય છે. વિદ્વાન સૂરિરાજે આ વસ્તુને વધુ વેગ આપવા દીક્ષાકાળના વર્ષથી ડાયરી લખવી શરૂ કરી હતી, એમાં અગિયાર વિષયો ચર્ચવાના નક્કી કર્યા હતા. આચાર, પરોપકાર, ઉપદેશ, ધ્યાન, લેખન, વાચન, સત્સંગ, અનુભવ, દુર્ગુણો, સદ્‌ગુણો, ઉન્નતિકારક કાર્યો ને સુધારાના વિચારો ઇત્યાદિ.

આ અગિયાર વિભાગો એમના આચાર–વિચારની પ્રતીતિરૂપ છે. જેનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોય એ જ મુક્તમને આવી ડાયરીઓ લખી શકે છે. કાચાપોચા કે મનના માયાવી લોકો તો એક વાક્ય પૂરી સ્પષ્ટતાથી પણ બોલી શકતા નથી, તો લખવાની વાત તો કેવી ? તેઓ હંમેશાં કયાંક પકડાઈ ન જવાય તેની પેરવીમાં રમતા હોય છે.

રોજનીશી એ માનસિક પ્રાયશ્ચિત્ત–પ્રતિક્રમણનું મોટું સાધન છે, ને જીવનને વધુ ખુલ્લી કરનારી વસ્તુ છે. વાચન, લેખન, મનન, વ્યાખ્યાન, વિહાર ને ધ્યાનસમાધિમાં ન જાણે લેખકે આટલી નવરાશ કયાંથી મેળવી હશે?

રોજનીશીમાં તેઓએ અનેક વિષયોને આવરી લીધા છે. લખે છે :

'પ્રેમ, સંપ, આંખમાં અમી, ગુણાનુરાગ, ઉદ્યોગ, સહાય, ઉત્સાહ વગેરે ગુણો જ્યાં પ્રગટે છે, ત્યાં તે તે ગામ શહેરનો ઉદય થાય છે !' કેટલું અનુભૂત સત્ય છે.

છેવટે કોઈ પણ જાતની ગ્રંથિ વગરના આ નિર્ગ્રંથ ધર્મના અવધૂત સાધુ લખે છે:

'અમારા ઉપર શ્રદ્ધા–પૂજ્યબુદ્ધિ ધારણ કરનારા ભક્તોએ શ્રી. વીતરાગના વચનાનુસારે કથેલા વિચારોને આચારમાં મૂકવા પ્રયત્ન કરવો.

'અમારા વિચારો કોઈને ન રુચે તો તેણે અમારા પર દ્વેષ ધારણ ન કરતાં શુદ્ધ પ્રેમની દૃષ્ટિથી જોતાં શીખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'આ દેહની પેટી વિશે રહેનાર પેટી ભિન્ન છે,
'આ દેહપેટીમાં રહ્યો, ચૈતન્ય તેનું ભિન્ન છે;
'આ પેટીનું જે નામ તેને ગાળ દે તો શું થયું?
'આ પેટીને પૂજ્યા થકી, વિશેષ તેમાં શું થયું?'

આવા મહાન જોગંદર, મહાન અવધૂત, સાથે મહાન સમાજસેવક ને સાથે મહાન સાહિત્યકારની આ કૃતિ છે. વાંચકો નીર–ક્ષીર–ન્યાયે વાંચશે, અનેકાંત દૃષ્ટિએ એની વિચારધારાને સ્પર્શશે, ને શ્રદ્ધાભાવથી આચારમાં મૂકશે તો જરૂર કલ્યાણ છે.

અલખમસ્ત ઓલિયા અવધૂતની આ કૃતિ વિશ્વનું કલ્યાણ કરો એ જ ભાવના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વધર્મનું વાંગ્મય

'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર'ના ત્રણ ગ્રંથો વાંચીને મારા આત્માને ઘણો જ આનંદ થયો. ઘણું જ ઉપયોગી અને સાચું જ્ઞાન મળ્યું, અને મોક્ષનો ખરો માર્ગ સમજવામાં આવ્યો.

એક વખત જૈનધર્મ વિશ્વધર્મ હતો, અને તેણે આપેલા જ્ઞાનમાં –સ્યાદ્વાદ ને અહિંસામાં–બધા ધર્મોનો સમાવેશ થઈ જતો હતો.

આ ત્રણ ગ્રંથોની શોધ અદ્‌ભુત રીતે થઈ; અને તે પ્રસિદ્ધ થયા તે પણ અદ્‌ભુત કાર્ય થયેલ છે. તેનો લાભ ઘણા માણસો મેળવી શકશે અને પ્રસિદ્ધ કરનારને મહાન પુણ્ય મળશે તેની મને ખાતરી છે.

પહેલો વિભાગ

આ ગ્રંથના પહેલા વિભાગમાં ગૃહસ્થાશ્રમનું પૂરેપૂરું જ્ઞાન આપવામાં આવેલ છે. આદર્શ ગૃહસ્થનું જીવન કેવું હોય? માનવકર્તવ્ય શું છે? જૈનધર્મનું સ્વરૂપ શું છે? સ્ત્રીકર્તવ્ય શું છે? બાળશિક્ષણ કેવી રીતે આપવું જોઈએ તે બધો ઉપદેશ સચોટ રીતે આપેલ છે.

દ્વિતીય વિભાગ

બીજા વિભાગમાં ત્યાગ અવસ્થાની પૂર્વતૈયારી વિષે, જે હકીકત આપવામાં આવી છે તેમાં પોતાની પુત્રી પ્રિયદર્શનાને મહાન બોધ આપવામાં આવેલ છે. દીક્ષામહોત્સવની તૈયારી અને ધર્મનો ઉપદેશ સરળ ભાષામાં ઘણો ઉત્તમ રીતે આપવામાં આવેલ છે. ત્યાગ અને સંયમનું સ્વરૂપ સમજાવેલ છે અને શ્રીમતી યશોદાદેવીને પ્રભુએ જે ઉદ્‌બોધન કરેલ છે તે બધું ઘણું ઉત્તમ રીતે દર્શાવવામાં આવેલ છે.

ત્રીજો વિભાગ

ત્રીજા વિભાગમાં ત્યાગ અવસ્થાનું વર્ણન ઘણું જ વિગતવાર કરવામાં આવ્યું છે. અને તેમાં ચંડકૌશિકનો ઉપસર્ગ, તેને અપાયેલી આગલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવની યાદી, ત્યાગાશ્રમમાં વિહાર અને ત્યાંથી દેશના દરેકેદરેક ભાગમાં પ્રભુએ વિહાર કરીને ઋષિ–મુનિઓને આપેલો ઉપદેશ તેમ જ તેના આગલા ભવો બતાવી તેમને જે જ્ઞાન આપ્યું તે બધું જ દર્શાવેલ છે. આત્માનું સ્વરૂપ શું છે? આત્માનું રહસ્ય શું છે? પ્રેમભક્તિ કોને કહેવાય? રાજ્ય–ધર્મ શું છે, આધ્યાત્મિક વિકાસ કેમ થાય? જ્ઞાની અને અજ્ઞાનીની ઓળખ, આત્માની પ્રભુતા, મૃત્યુ પછીનું જીવન, કર્મનું સ્વરૂપ, વર્ણધર્મવ્યવસ્થા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ–તે બધા વિશે મહાન અને ઉત્તમ જ્ઞાન સર્વ કોઈ માટે આપવામાં આવેલ છે.

વિશ્વધર્મના વાહ્મય જેવા આ ત્રણ ગ્રંથો અદ્‌ભુત અને ઊંચામાં ઊંચું જ્ઞાન આપનારા છે. ઘણી જ સરળ ગુજરાતી ભાષામાં લખવામાં આવેલા છે. દરેક મુમુક્ષુ કે જેને મોક્ષની ઇચ્છા હોય તે વાંચીને દુનિયામાં રહેવા છતાં, દુનિયાનાં કાર્યો કરવા છતાં મોક્ષનો અધિકારી થઈ શકે છે તેવું સાબિત કરવામાં આવેલ છે.

દરેક માનવીને આ ગ્રંથો વાંચવા, મનન કરવા અને તેમાંથી મેળવેલા જ્ઞાનને અનુભવમાં મૂકવા હું ખાસ વિનંતી કરું છું.

આત્મા અજર અને અમર છે. અનાદિ અને અનંત છે. અનાદિ કાળથી કર્મના બંધનમાં આવેલ છે અને તેથી જ ચોરાસી લાખ જીવ–ચોનિમાં રખડવું પડે છે. સંસારમાં ક્યાંય સુખ નથી. ધનસંપત્તિ અને સત્તામાં પણ ખરું સુખ નથી. તે બધું અમુક સમય પૂરતું જ છે. અને આખરે બધું છોડીને દરેક જીવને જવું પડે છે. ખરું સુખ આત્મામાં જ છે. તેનો આનંદ પણ શાશ્વત છે. અને જ્યારે કર્મની નિર્જરા કરીને આત્મા પોતાના સ્વરૂપમાં આવે છે ત્યારે તે પરમાત્મા બને છે. એ માટે ગ્રંથનો સંક્ષેપ કરતાં અંતે કર્તા કહે છે કે આત્માને શોધો.

ભગવાન મહાવીરે આ ગ્રંથમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે દરેક આત્મામાં હું છું. તમે મને પ્રત્યક્ષ કરી શકો છો અને તેમ કરવાને માટે જ આ બોધ આપેલો છે. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં અને દુનિયાનું બધું કામ કરવા છતાં તમે જો તેમાં મોહ ન રાખો તો કર્મયોગી થઈને મોક્ષ મેળવી મારી સાથે એક થઈ શકો છો, તેમ સ્પષ્ટ કહ્યું છે.

ચારે વર્ણના માણસોને જો તેઓ ઊંચી ભાવના રાખીને રાગ, દ્વેષ અને મોહ છોડીને પોતાનું કામકાજ કરે તો નવાં કર્મ બંધાતાં નથી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળનાં કર્મની નિર્જરા કરી મોક્ષનું ગોત્ર બાંધી શકે છે. બધું કાર્ય ઉત્તમ વિચારશક્તિથી જ થઈ શકે છે. અનાદિ કાળથી બંધાયેલાં ગમે તેવાં કર્મોનો ઊંચી ભાવનાથી નાશ કરી શકાય છે.

આવું બધું જ્ઞાન સરળ ભાષામાં, ઉત્તમ શૈલીથી અને સાધારણ માણસ પણ સમજી શકે તેવી રીતે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. જેને દુનિયામાં રખડવું ન હોય, જન્મમરણના ફેરા બંધ કરવા હોય અને ખરેખરું સુખ અને આનંદ મેળવવો હોય તેમણે અવશ્ય આ ગ્રંથો વાંચવા જોઈએ, તેમ હું કહું છું.

અને તેને છપાવવા

આ અપ્રગટ ને અદ્‌ભુત ગ્રંથને પ્રગટ કરવા માટે અધ્યાત્મયોગી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના પટ્ટપ્રભાવક ગચ્છાધિપતિ શિષ્યરત્ન આચાર્ય ભગવંત શ્રીમત્ કીર્તિસાગરસૂરીશ્વરજીના શિષ્યરત્ન અનુયોગાચાર્ય પંન્યાસપ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્યના શિષ્યરત્ન મુનિપ્રવરશ્રી દુર્લભસાગરજી ગણિરાજ વગેરેએ જે મહેનત લીધી તેને માટે જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે, અને તેમણે સમાજ ઉપર જે મહાન ઉપકાર કર્યો છે તેથી તેમનું નામ અને તેમની ગુરુપ્રીતિ અમર થઈ રહેશે.

વિનીત

રાજકોટ — મણિલાલ હાકેમચંદ ઉદાણી

૧૧-૩-૬૯ — એમ. એ., એલએલ. બી. એડવોકેટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જના

પુરુષવિશ્વાસે વચનવિશ્વાસઃ।

પ્રસ્તુત ગ્રંથ અમર ગ્રંથ છે. આ ગ્રંથના કર્તા આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ છે. તેઓને સ્વર્ગવાસ પામે એક અર્ધશતાબ્દી જેટલો કાળ વ્યતીત થયો છે, પણ તેઓ પોતાના અક્ષરદેહે ને યશઃશરીરે જૈન સમાજના તેમ જ ઇતર સમાજના હૃદયમાં બિરાજમાન છે. તેઓ સ્વર્ગમાં રહીને પણ ભવ્ય જીવોના પ્રેરકસમા છે. (તેઓશ્રીની પ્રેરણા ન હોત તો આ પુસ્તક પ્રગટ કરવાનું ભલભલાનું ગજું નહોતું. એમના જ પ્રેરણાબળથી આ પુસ્તક પ્રકાશ પામી શકયું છે.) સ્વર્ગસ્થ સૂરીશ્વરે જૈન સમાજ અને ઇતર સમાજો પર જે ઉપકાર કર્યા છે, તે અવિસ્મરણીય છે.

મતિજ્ઞાનની નિર્દોષતા અને સ્વચ્છતા ઉપર જ દિવ્ય જ્ઞાનનું તેજ અને યોગની સિદ્ધિઓ હસ્તગત થાય છે, અને પછી જ શ્રુતજ્ઞાન જાણે દેહધારી થઈને તે યોગીનાં ચરણ પખાળે છે. તે સમયે તે મહાપુરુષોનાં આન્તરચક્ષુ ખૂલી જાય છે, અને જીવન કરુણાની મૂર્તિસમું બને છે. અન્યથા પ્રસ્તુત ગ્રંથના લેખકમાં આટલી બધી અનુભવજ્ઞાનની વિશાળતા કયાંથી હોય! આવા તાત્ત્વિક, સાત્ત્વિક ને આત્મિક હિતબુદ્ધિવાળા લેખનકાર્યમાં મન, વચન અને કાયાની એકાગ્રતા ને પવિત્રતા જ મુખ્ય કારણ હોય છે.

પ્રસ્તુત આચાર્ય ભગવંતના કેવળ ૨૪ વર્ષના જ ટૂંકા દીક્ષા-પર્યાયમાં ૧૨૫ જેટલા ગ્રન્થો પ્રસાદીરૂપે જૈન સમાજને સાંપડયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, જેમાંથી કર્મયોગ, કર્મપ્રકૃતિ, ઈશાવાસ્યોપનિષદ, શ્રીમદ્ દેવચન્દ્ર ભાગ ૧–૨, આનન્દઘનપદ ભાવાર્થ, ભજનસંગ્રહ ભાગ ૧૧, સમાધિશતક પ્રભૃતિ ગ્રન્થો તો ઉત્કૃષ્ટતમ ને અનન્યસાધ્ય છે. વળી આ બધા દળદાર ગ્રન્થો છે.

૨૭ વર્ષની ભરજુવાનીએ દીક્ષા લીધી, અને વૃદ્ધત્વના કિનારે પહોંચે તે પહેલાં જ સ્વર્ગવાસી થયા. દીક્ષાપર્યાયના આ ટૂંકા ગાળામાં ૨૦ હજાર પૃષ્ઠોમાં સાહિત્યસેવા કરી. આ ઉપરાંત એ યોગનિષ્ઠ મહાપુરુષે પોતાની યોગસાધના દ્વારા જે જે ભવિષ્યવાણી ભાખી, તે આજે પણ નમૂનારૂપે જોવા જેવી છે.

વિક્રમ સંવત ૧૯૮૧માં એ યોગીને શરીર ત્યાગવું છે. તે સમયે ભારતમાં સ્વરાજ્યની લડતના જુદા જુદા અખતરા થતા હતા. દેશના રાજવીઓ, શ્રીમંતો અને બીજા પણ રાજકારણી લોકો મહાત્મા ગાંધીને હસતા હતા. તે વખતે પૂ. જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે અન્યને કલ્પનામાં પણ ન આવે તેવી આગાહીઓ કરી. જેમકે–'એક દિન એવો આવશે'નું કાવ્ય જુઓ.

'ભારતમાં સ્વતંત્રતા આવશે અને આખા દેશમાં સ્વરાજ્ય પ્રાપ્તિની ખુશાલી થશે. સાયન્સ વિદ્યાઓ ખૂબ આગળ વધશે અને આશ્ચર્યચકિત કરે એવા સાયન્સ-વિજ્ઞાનના પ્રયોગ થશે.

'બધાય રાજા થશે. બધાય પ્રજા થશે. હુન્નર કલા વગેરેના પ્રયોગો ઘણા થશે, અને સૌ શાન્તિનો શ્વાસ લેશે.'

તેઓશ્રી ષડ્દર્શનના, જૈનસાહિત્યના, આગમ, ચૂર્ણિ-ભાષ્ય, ટીકાના અને ન્યાયશાસ્ત્ર જેવા દુર્ગમ ગ્રન્થોના પરિશીલનમાં રાતદિવસ વ્યસ્ત રહ્યા છે. અન્યથા એ આચાર્ય ભગવંતના ગ્રન્થોમાં ભક્તિયોગ, કર્મયોગ, તર્કયોગ, આગમયોગ વગેરે ક્યાંથી હોય?

ઈશાવાસ્યોપનિષદ ગ્રન્થ વાંચ્યા પછી આપણે સહજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમજી શકીએ કે વેદ, વેદાન્ત, સ્મૃતિશાસ્ત્ર, ઉપનિષદોનું સૂક્ષ્મ જ્ઞાન અને સાંખ્ય-યોગ તે યોગીશ્વરને કેવી સફલ રીતે પરિણમ્યાં હશે; સાથે સાથે પરિણામ પામેલા જ્ઞાનને સરળ અને લોક-ભોગ્ય ભાષામાં ઉતારવાની કલા તો તે યોગાનિષ્ઠ મહાત્માની અલૌકિક સિદ્ધિ જ છે, કારણ કે કોઈપણ તત્ત્વની સરળ ભાષામાં 'રજૂઆત' કરવાની કલા સૌ કોઈને પ્રાપ્ત થતી નથી.

જ્ઞાનગંગાની કઠોર સાધના પછી જ વ્યક્તિવિશેષમાં જ્ઞાનની પરિપક્વ અવસ્થા દેખા દે છે. આ પ્રસ્તુત ગ્રન્થ પણ જ્ઞાનની પરિપક્વ અવસ્થાની ચરમ સીમા છે, જે કથાનકરૂપે આધ્યા-ત્મિક જ્ઞાનનો સાગર છે. પાને પાને, વાકયે વાકયે નવું જ્ઞાન છે, નવી પ્રેરણા છે અને અદૃષ્ટ અભૂતપૂર્વ છતાં, સરળ સરસ અને વાંચતા જ દિલ-દિમાગમાં એક નવી ચેતના લાવે એવો રસથાળ છે.

પદ્ધતિની ચિંતા કર્યા વગર અને મહાવીર આવું કયારે બોલ્યા છે, એ માનસિક આર્તધ્યાનની માયાજાળમાં ફસાયા વગર, સૌ કોઈ મુમુક્ષુ કે જિજ્ઞાસુ એક વાર આ ગ્રન્થને વાંચે, મનન કરે અને મહાવીરના આચાર, સદાચાર માર્ગને જાણી-આચરી પોતાના જીવનમાં આધ્યાત્મિકતા લાવે, તો કલ્યાણ છે જ.

આ ગ્રન્થ વાંચતાં જ આપણને અનુભવ થવા માંડે છે કે જાણે મહાવીર સ્વામી આપણી સમક્ષ સાક્ષાત્ બોલી રહ્યા છે, ને આપણે સાંભળી રહ્યા છીએ. ફલસ્વરૂપે સદાચાર, નીતિ, અહિંસા અને કર્તવ્યધર્મને બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો, પઠિતો, ક્રોધાન્ધો, કામાન્ધો અને સ્વાર્થાંધો પણ બરાબર સમજી શકશે.

પ્રશ્નોત્તરની રીત ભલે અનોખી હોય પણ આપણે શ્રોતા છીએ, ને તેઓશ્રી વક્તા છે: આપણે મુમુક્ષુ શિષ્ય છીએ ને તેઓ કલ્યાણદાતા ગુરુ છે, એમ શ્રદ્ધા રાખીને જે ચાલશે તે જરૂર જીવનપરિવર્તન કરવા ભાગ્યશાળી બનશે.

સૌ એક વાત જાણીલે કે 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર'ના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહેલા-બીજા ભાગમાં ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા લીધા પહેલાં ગૃહસ્થાશ્રમમાં જ પોતાના સહવાસમાં આવેલાં ભાઈ નંદિવર્ધન, પત્ની યશોદા, પુત્રી પ્રિયદર્શના, માતા ત્રિશલા, મંત્રી, સૈનિક, સાધુ-સંન્યાસી વગેરેને ઉદ્દેશીને ધર્મશિક્ષા, હિતશિક્ષા, અને કર્તવ્યધર્મની શિક્ષા આપેલી છે. જીવનના કોઈ પણ કર્તવ્ય-ધર્મની ચર્ચા શેષ રહેવા દીધી નથી

જીવનમાં આંટીઘૂંટીઓ, આચારભ્રષ્ટતા, સદાચારશિથિલતા જ્યારે ડોકિયાં કરે તે સમયે પ્રસ્તુત ગ્રન્થ સૌને માટે વધારે ઉપયોગી નીવડશે.

અવધૂત દશાને પ્રાપ્ત થયેલા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો આ ગ્રંથ બ્રહ્મધ્વનિસ્વરૂપ બની ગયો છે, જે ઘણાંઓને પવિત્ર બનાવશે, ભૂલેલ ને માર્ગ બતલાવશે અને માનવતાનો વિકાસ સધાવશે.

આ અમૂલ્ય ગ્રન્થ પોતે જ પોતાનો પરિચય દેવા સમર્થ છે. માત્ર પૂર્વગ્રહરહિત થઈ, જિજ્ઞાસાબુદ્ધિથી અને ઠંડા દિમાગથી વાંચી જવાની ભલામણ છે. હૃદય જો વિશાળ હોય અને તત્ત્વ-ગ્રાહિણી બુદ્ધિ હોય તો સાધકને કચાંય વાંધો આવે એમ નથી.

ગ્રન્થકર્તા આચાર્ય ભગવંત મહાન્ જ્ઞાની છે. સંસ્કૃત-પ્રાકૃતના અપૂર્વ જ્ઞાતા છે. આગમજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળીને યોગના માર્મિક સ્થાન સુધી પહોંચેલા યોગી છે. આવા જ્ઞાની પુરુષોનું દિલ મહા દયાળુ હોય છે, અને તેથી જ તેઓએ પોતાના જીવનના અંતિમ અને અમૂલ્ય સમયમાં આ ગ્રન્થને નિર્માણ કર્યો છે.

સૌ કોઈને ગ્રન્થ વાંચ્યા પછી જ અનુભવ થશે કે પદ્ધતિ ભલે અદૃશ્યપૂર્વ હોય, તો-પણ જ્ઞાનનો સાગર છે અને આજના જમાનાને વધારે બંધબેસતો છે.

બાકી તો પૂર્વગ્રહમાં ફસાયેલાઓને એટલું જ કહીએ કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીરનું શાસન સૌને માટે એકસરખું છે, ગમે તે માણસ ગમે તે પદ્ધતિએ તેમાં પ્રવેશ કરી શકે છે.

દર્દુર નામના દેડકાને મહાવીરના સમવસરણે જવાના અને દયાળુ દેવને જોવાના ભાવ જાગ્યા અને તે તરફ પ્રવૃત્તિ પણ આદરી દીધી. તે વખતે કોઈપણ માણસ તે દેડકાને કહી શકે છે કે, 'દેડકાભાઈ! તમારે અને મહાવીરના શાસનને શું લાગેવળગે?'

યાદ રાખો કે જીવનને માત્ર ચરવલા અને મુહપત્તિ સાથે સંબંધ નથી, આત્મિકતાને માત્ર વ્રત–પચ્ચખ્ખાણ સાથે સંબંધ નથી. એ બધી વાતોને ધ્યાનમાં રાખીને જ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજશ્રી તે દેડકાભાઈનો પક્ષ લઈને તે મહાશયને જવાબ આપી દે છે કે–

'ગંગા સર્વ સાધારણને પાવન કરનારી છે. એ તમારી કોઈ પૈતૃકી મિલકત નથી.'

ગ્રન્થ વાંચતાં સ્થૂળદૃષ્ટિએ એમ થશે કે આમાં તો ઉપદેશ નથી, પણ આદેશ છે. પણ હંસ જેવી મનોકામના અને વૃત્તિવાળો ભાગ્યશાલી તો સમજે જ છે કે, ઉપદેશ માત્ર આદેશાત્મક જ હોય છે. જેમ ધુમાડો અગ્નિ વગર હોઈ શકે જ નહીં, તેમ જ્યાં જ્યાં ઉપદેશ છે, ત્યાં ત્યાં બાહ્ય પ્રકારમાં અથવા માનસિક કલ્પનામાં આદેશ સમાયેલો જ છે. અને જો માનસિક કલ્પનામાં આદેશ ઘુડદોડ કરતો હોય તો વ્યવહારમાં આદેશ દેખા દેતાં કેટલીવાર લાગશે, કારણ કે ઉપદેશનું સ્વરૂપ 'ઇદમ્ કુરુ, ઇદમ્ મા કુરુ' જ હોય છે: ત્યારે આદેશનું સ્વરૂપ પણ 'ઇદમ્ કુરુ, ઇદમ મા કુરુ' જ છે. બન્નેમાં ભિન્નતા કયાં છે? માટે જ આદેશ વગરનો ઉપદેશ મૂંગો છે, અવ્યવહારુ છે.

બીજી વાત એ છે કે છઠ્ઠા ગુણસ્થાનકે જ્યારે આર્તધ્યાનની પ્રમુખતા પણ છે, તો આર્તધ્યાનનો માલિક પ્રકારાન્તરે (બાહ્ય અથવા આન્તર જીવનમાં) પણ આદેશ વગરનો રહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલ્યો છે કે ? માટે આ શંકા સૈદ્ધાન્તિકી નથી, પણ વિતંડાવાદ સાથે સંબંધ રાખનારી છે.

પ્રસ્તુત ગ્રન્થ બાહ્યરૂપે ભલે કથાનક જેવો લાગે, પણ આન્તર-રૂપે તો પ્રત્યેક કાલ્પનિક પ્રસંગને 'અધ્યાત્મ'નો પુટ લાગેલો જ છે એમ સ્પષ્ટ જણાશે. જેમકે—

'સર્વત્ર તમે મને મહાવીરરૂપે દેખો. શ્રી મહાવીર પ્રભુને મનુષ્યો જે રૂપે ભજે છે તે તે રૂપે તેમને પ્રાપ્ત કરે છે. પ્રભુ મહાવીરમાં પૂર્ણ પ્રેમ અને પૂર્ણ શ્રદ્ધા જેની છે તે એ જ ભવમાં જીવન્મુક્ત બને છે. શ્રી યશોદા ! તમને ધન્ય છે કે તમારા પર શ્રી મહાવીર પ્રભુનો પત્નીપ્રેમ પ્રગટ્યો છે. શ્રી મહાવીર પ્રભુને મન, વાણી, કાયાનું સમર્પણ કરીને જે ભક્તો વર્તે છે તેઓ કલિયુગમાં જીવન્મુક્તપદ પ્રાપ્ત કરશે. પ્રભુ મહાવીર જ પરબ્રહ્મ છે. (૧. ૨૭૧)

આવી વાતોથી સ્થૂળ દૃષ્ટિએ એમ લાગશે કે આ ગીતા પદ્ધતિનું પુસ્તક છે, પણ વાત એમ નથી. પુસ્તકના પૂરા ભાવને આપણે પકડીએ તો એમ લાગશે કે, મહાવીર એટલે અધ્યાત્મ-દૃષ્ટિએ પોતાનો જ અન્તરાત્મા અને યશોદાદેવી એટલે શુદ્ધપરિણતિ.

આ વસ્તુસ્થિતિનો ખુલાસો ગ્રન્થકર્તા પોતે જ તૃતીય ભાગના છેલ્લા પ્રકરણમાં કરી દે છે, અને તેથી જ આ ગ્રન્થની ઉપાદેયતા ઘણા પ્રકારે વધી જાય છે.

પ્રત્યેક પ્રકરણ માટે શું લખવું, કારણ કે પ્રત્યેક શબ્દ, પ્રત્યેક વાકય, પ્રત્યેક પ્રસંગ અને પ્રત્યેક ઉપદેશ અણમોલ છે.

ઉપદેશનો આટલો મોટો સંગ્રહ બીજે કયાંય પણ જોવા નહીં મળે. જાણે મૈત્રી આદિ ચાર ભાવના ભાવતાં દયામૂર્તિ બનીને જ આ પ્રસ્તુત ગ્રન્થ લખાયો છે. કયાંય થાક નથી, કંટાળો નથી, વાકચરચના અધૂરી નથી. જાણે તોફાન વગરનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગંગાનો પ્રવાહ વહી રહ્યો છે. ગંગા નદીનું સ્નાન જેમ મલિનતાને હણે છે તેમ આ ગ્રન્થનાં પ્રકરણો અને પ્રત્યેક પ્રકરણમાં અપાયેલો ઉપદેશ આપણી કમજોરીઓ કયાં છે, અને કમજોરીઓ દૂર કરી આત્માને સશક્ત કેમ બનાવવો, એ વાતનું ભાન કરાવીને આત્માની મલિનતાને હણે છે.

ગ્રંથના પાને પાને વેરાયેલાં થોડાંક અદ્‌ભુત વાકયોનો આસ્વાદ કરીએ–

'દીન, દુઃખી, ગરીબ, નિરાધાર મનુષ્યોને આશ્રય આપવો જોઈએ.' (૧–૧૧)

'જે દેશમાં અજ્ઞાન, વહેમ, નાસ્તિકતા, સ્વાર્થતા, નીચતા અને કાયરતા છે તે દેશમાં ગુલામો પ્રગટી નીકળે છે. જે સમાજમાં, સંઘમાં સ્વાર્થબુદ્ધિ, વ્યભિચાર, અનાચાર, અનીતિ, હિંસા, અસત્ય, ચોરી વગેરે પાપોની વૃદ્ધિ થાય છે, તે સમાજ યા સંઘનું દુનિયામાં અસ્તિત્વ રહેતું નથી.'

'દેશમાંથી અને સમાજમાંથી ઈર્ષ્યા, અહંકાર, દુર્વ્યસન-વ્યભિચાર વગેરે પાપોને હાંકી કાઢવાં જોઈએ.' (૧–૧૨)

'શરીરમાં વીર્યને સ્થિર કરવા માટે અને કામભોગના વિકારને દમવા માટે આઠ વર્ષની વયથી કસરત કરવી જોઈએ.' (૧–૧૫)

'લગ્ન કરનારા આત્માઓ દેહપ્રેમ કરતાં અનંતગુણ આત્મપ્રેમી બનવા જોઈએ.' (૧–૨૧)

'જે લગ્નમાં જડ વસ્તુઓના ભોગોપભોગનો સ્વાર્થ માત્ર ધ્યેય તરીકે હોય છે તે જડ લગ્ન છે. (૧–૨૨)

'માતાના અને પિતાના શુભ વિચારોની અને અશુભ વિચારોની તેમ જ શુભ આચારોની અને અશુભ આચારોની ગર્ભ ઉપર અસર થાય છે.' (૧–૩૦)

'રજોગુણી, તમોગુણી અને સત્ત્વગુણી આહારની અસર શરીર પર થાય છે. શરીરની અસર મન પર થાય છે, અને મનની અસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મા પર થાય છે.' (૧–૩૧)

'તે સ્ત્રી અન્ય પુરુષને પતિ તરીકે સ્વીકારવાને યોગ્ય નથી. જો પતિના આત્માને પતિ તરીકે પૂર્ણપ્રેમથી સ્વીકાર્યો છે, તો અન્ય પુરુષના દેહની સાથે લગ્ન કરવાની જરૂર રહેતી નથી.'(૧–૩૨)

'કામભોગની પ્રબલતાને ન વાળી શકવાથી અનેકપત્નીવ્રત અને અનેકપતિવ્રત લગ્ન એ કનિષ્ઠ લગ્ન છે.' (૧–૩૩)

'વિધવા પતિવ્રતા સ્ત્રીએ સંતાનાદિના અભાવે સાધ્વી બનવું એ અનંતગણું શ્રેષ્ઠ કાર્ય છે.' (૧–૩૪)

'જે દેશમાં સ્ત્રીઓને ગુલામડીઓ–દાસીઓ તરીકે માનવામાં આવે છે અને વર્તવામાં આવે છે તે દેશમાંથી વિદ્યા, લક્ષ્મી, સત્તા, ધર્મ, પ્રેમ, સ્વતંત્રતા વગેરે સર્વ ધર્મશક્તિઓનો હ્રાસ થતો જાય છે.' (૧–૩૬)

'જે સત્યપ્રેમ, દિવ્યપ્રેમ, પતિપ્રેમ લગ્નવાળી પતિવ્રતા સ્ત્રીઓ છે તે પતિના મરણ પછી ચામડીની પૂજારી ન બનતાં કામવાસનાને જીતી અન્યને પતિ કરશે નહિ.' (૧–૪૧૮)

'વિધવાઓએ જેમ બને તેમ બ્રહ્મચર્યધર્મ ધારણ કરવો.' (૧–૪૧૯)

'બે સંધ્યાકાળે આવશ્યક અને ભક્તિ કર્મ કરવાં. દેવવંદન તથા ગુરુદર્શન–વંદન કરી આવું.' (૧–૪૨૩)

'અસત્ય બોલવાથી અને અસત્ય માનવાથી આત્માની શક્તિઓ ઘટે છે. આત્માની શક્તિઓ ઘટવાથી દેશને, રાજ્યને, ધર્મને હાનિ થાય છે. જે દેશમાં, સમાજમાં, પ્રજામાં, રાજ્યમાં સત્ય નથી ત્યાં સ્વતંત્રતા, નિર્ભયતા આદિ ગુણોનો પ્રકાશ ચડતો નથી.' (૧–૪૬)

'જયજિનેન્દ્ર', 'જય અર્હંત' વગેરે પરમાત્માવાચક શબ્દો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહી પરસ્પર એકબીજાને નમસ્કાર કરો.' (૧–૪૯)

'(સ્ત્રીઓના) આત્મા જ્યાં દુઃખ પામે છે, તે ઘરમાં સુખસંપદા પ્રગટતી નથી.' (૧–૫૫)

'સર્વ વર્ણના લોકો સ્વસ્વ વર્ણના ગુણ–કર્માનુસારે વર્તવા છતાં મારા ધર્મને સ્વાધિકારે યથાશક્તિ પાળીને મુક્તિપદને પામે છે.' (૩–૪૧૧)

'સ્ત્રી અને પુરુષોનો આત્મા સમાન છે. બંનેમાં કોઈ ઊંચ કે નીચ નથી.'

'સ્ત્રી વર્ગ અને શૂદ્ર વર્ગની પણ મુક્તિ થાય છે. પંદર ભેદે લોકો મુક્તિપદને પામે છે, એવું મારા શાસનમાં જાહેર થયું છે. ગમે તે વર્ણના લોકો ત્યાગી થઈ શકે છે. (૩–૪૧૧)

'સર્વેએ ગાયોનું સદાકાળ રક્ષણ કરવું. ગાયોના રક્ષણ માટે જેટલા બને તેટલો ઉપાયો લેવામાં જરા માત્ર પ્રમાદ કરવો નહીં. ગાયો દેશનું ઉપયોગી ધન છે.' (૧–૬૧)

'હે દુર્જયન્ત કુલપતિ તાપસ ! હું કદાપિ ગાયોને પોતાનું ખાણું ખાતાં મારું નહીં, એવી ક્ષત્રિય ધર્મની નીતિ છે. ગાયોનું રક્ષણ કરવું એ જ આર્યધર્મ છે. ગાયોનું રક્ષણ કરવા માટે મારો ઈશ્વરાવતાર છે. જે આખી દુનિયાનો માલિક પ્રભુ છે તે ભૂખી ગાયોને ઘાસ ખાતાં મારીને કાઢી મૂકે એવું કદાપિ બન્યું નથી અને બનનાર નથી. હું વિશ્વના લોકોને–જીવોને દાન દેવા આવ્યો છું, પણ લેવા આવ્યો નથી. ગરીબોનું અને ગાયોનું રક્ષણ કરવું અને દુષ્ટોને શિક્ષા કરવી એ જ....ધર્મ છે.' (૩–૧૩)

'હે કુલપતિ તાપસ ! તમે ગાયોના વૃન્દથી શોભો છો. ગાયોનાં દૂધ પીને જીવો છો. ગાયનું માંસ ખાનારા અનાર્ય છે, જ્યારે આર્યોનું ભૂષણ ખરેખર ગોસેવાથી છે. માટે ગાયોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમારે મારવી ન જોઈએ.' (૩–૧૩)

'તેમના (પાર્શ્વનાથ પ્રભુના) નિર્વાણ પછી હિમાલયની પેલી તરફના અને પશ્ચિમ દિશા તરફના જંગલી લોકોના આક્રમણ થયાં. તેથી દેશ, સમાજ, સંઘ, ધર્મની ઘણી હાનિ થઈ છે. માટે ધર્મયુદ્ધ કરવામાં પ્રસંગોપાત્ત તૈયાર રહેવું જોઈએ.' (૧–૨૫૯)

'એકદમ સમજ્યા વિના કોઈ પણ બાબત સંબંધી મત ન બાંધો.' (૧–૧૯૧)

'અસત્ય અને કદાગ્રહયુક્ત વ્યાવહારિક કે ધાર્મિક બંધનોમાંથી મુક્ત થાઓ.' (૧–૧૯૧)

બસ, વધારે શું લખવાનું હોય! આ તો આ ગ્રંથના થોડાં મૌક્તિકકણો છે. કોણ કહી શકે કે આ મોતીઓમાં હૈયાના હાર બનવાની તાકાત નથી? પુસ્તકના ત્રણે ભાગ આવા નિખાલસ ને જીવનસ્પર્શી ઉપદેશોથી ભરેલા છે, છતાંય અમુક પ્રકરણો જેવાં કે–

દીક્ષા મહોત્સવની તૈયારી અને ધર્મોપદેશ, સર્વસામાન્ય બોધ, આદર્શબોધ, આદર્શ ગૃહજીવન, સ્ત્રીકર્તવ્યનું સ્વરૂપ વગેરે પ્રકરણો તો ઘણાં ચઢિયાતાં છે. સૌ વાંચે, વિચારે અને સામાયિકમાં એનું મનન કરે, એ જ ભલામણ છે.

શાસનદેવને એ જ પ્રાર્થના છે કે, આ અમૂલ્ય પુસ્તકનું રક્ષણ કરે અને જેટલી આવૃત્તિઓ નીકળે તેમાં સહયોગ દે. હિન્દી તથા અંગ્રેજી ભાષાઓમાં આ ગ્રન્થ શીઘ્રતાથી પ્રગટ થાય, એવી સદ્બુદ્ધિ દે!

અનધિકાર ચેષ્ટાથી, મતિદોષથી, અથવા કેટલીક વાતોની અનભિજ્ઞતાને લઈને મારાથી જે કંઈ વિપરીત લખાયું હોય તે માટે હું ક્ષમાપ્રાર્થી છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપસ્વી, શાન્તસ્વભાવી, મુનિરાજ શ્રી દુર્લભસાગરજી ગણિવર્યનો હું ઉપકાર માનીશ, કે જેમની કૃપાથી મને અમૂલ્ય સેવા કરવાનો તેમ જ દેવગુરુની સ્તુતિ કરવાનો લાભ મળ્યો છે.

મુનિ પુણ્યાનન્દવિજય (કુમારશ્રમણ)
ન્યાય–વ્યાકરણ–કાવ્યતીર્થ

શિવગંજ, પેંચકાવાલી ધર્મશાળા
૨૦૨૫, મહાવીર જયંતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમર ગ્રંથ-અમર પાત્રો

[પાત્રોની પિછાન]

ચરમ તીર્થપતિ દેવાધિદેવ શાસનનાયક ત્રિશલાનંદન, પરમાત્મા શ્રી મહાવીર સ્વામીનું આ કોઈ શાસ્ત્રોક્ત સત્ય-સનાતનરૂપે સાંગોપાંગ જીવનચરિત્ર નથી, એ વિવેકી વાચકે સતત ખ્યાલમાં રાખવું.

ભગવાન મહાવીરના અનેક જીવન પ્રસંગોને અનુલક્ષીને અંતર્ગતભાવે અંતરાત્મા મહાવીરને ઉદ્દેશીને–અવલંબીને, ચારે વર્ણાધિકારે, જૈનધર્મને વિશ્વધર્મની વ્યાપકતાએ, વિશ્વોદ્ધારકની વિશાળ દિવ્ય દૃષ્ટિથી અધ્યાત્મ જ્ઞાનશક્તિ યોગે આ ગ્રંથ લખાયેલ છે.

વિ. સં. ૧૯૮૦માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ આ ગ્રંથરત્નની રચના કરી છે. અદ્યાપિ પર્યંત અપ્રગટ અંતિમ આ સાહિત્યસર્જના છે.

અંતરાત્મા મહાવીર અનંતા થયા અને અનંતા થશે, જેનાં પાત્રો નીચે મુજબ છે.

૧. **ત્યાગી મહાવીરદેવ અને કેવલી પરમાત્મા મહાવીરદેવ**– અધ્યાત્મ દૃષ્ટિએ અંતરાત્મા.

૨. **ક્ષત્રિયકુંડનગર :** અધ્યાત્મ શક્તિસમૂહરૂપ.

૩. **સિદ્ધાર્થ રાજા :** સમ્યગ્જ્ઞાનરૂપ

૪. **ત્રિશલામાતા :** સુમતિરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫. નંદિવર્ધન : વિવેકરૂપ

૬. યશોદાદેવી : શુદ્ધ પરિણતિરૂપ

૭. ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો, દેવીઓ–સાત્વિક વૃત્તિઓરૂપ

૮. આત્મ પ્રભુનું બાહ્ય મહાવીર સ્વરૂપ તે કર્મોદયિક ભાવરૂપ.

૯. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ભાવ તે પ્રભુનું આધ્યાત્મિક મહાવીર સ્વરૂપ અને તેમની શક્તિઓ જાણવી.

૧૦. વપુરૂપ ભારત ક્ષેત્ર છે, તેમાં કર્મોદયથી આત્મપ્રભુનો અવતાર જાણવો.

વ્યવહાર નય અને નિશ્ચય નયથી પ્રભુ મહાવીરનું જીવન જેઓ શ્રવણ કરશે, કરાવશે અને શ્રવણ કરનારાઓની અનુમોદના કરશે તેઓ અવશ્ય અંતરાત્મ મહાવીરપદને પામી સિદ્ધ, બુદ્ધ થશે ને મુક્તિને વરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ દેહની પેટી વિશે રહેનાર પેટી ભિન્ન છે,
આ દેહ–પેટીમાં રહ્યો, ચૈતન્ય તેનું ભિન્ન છે;
આ પેટીનું જે નામ તેને ગાળ દે તો શું થયું ?
આ પેટીને પૂજ્યા થકી, વિશેષ તેમાં શું થયું ?

—ગ્રન્થલેખક સ્વ. સૂરિજી

વિરચિત ૧૦૮ થી વધુ

અમર ગ્રંથોની યાદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધ્યાત્મજ્ઞાનદિવાકર, અષ્ટોતરશતાધિક ગ્રન્થપ્રણેતા
કવિકુલકલ્પતરુ, આદર્શયુગપ્રભાવક, દિવ્યજ્યોતિર્ધર
સ્વ–પરશાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ આચાર્ય ભગવંત

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિરચિત

૧૦૮ થી અધિક

અમર ગ્રંથ-શિષ્યો

નં.	નામ	પૃષ્ઠ	ભાષા	રચના સંવત
૧	અધ્યાત્મ વ્યાખ્યાનમાળા	૨૦૬	ગુ.	૧૯૬૪
૨	અધ્યાત્મગીતા, આત્મસમાધિશતક, જીવનપ્રબોધ, આત્મસ્વરૂપ, પરમાત્મ–દર્શન આદિ ગ્રંથ ૫ નો સમાવેશ.	૨૦૫	સં.	૧૯૮૧
૩	અધ્યાત્મશાંતિ	૧૨૫	ગુ.	૧૯૫૯
૪	અનુભવપચ્ચીશી	૨૪૮	ગુ.	૧૯૬૫
૫	આનંદઘન પદ ભાવાર્થસંગ્રહ	૮૦૦	ગુ.	૧૯૬૮
૬	આત્મપ્રકાશ	૫૭૦	ગુ.	૧૯૬૪
૭	આત્મપ્રદીપ	૩૫૧	સં. ગુ.	૧૯૬૫
૮	આત્મતત્ત્વદર્શન	૧૦૦	ગુ. સં.	૧૯૭૪
૯	આગમસારોદ્ધાર	૪૭૦	ગુ. સં.	૧૯૭૮
૧૦	આત્મશક્તિપ્રકાશ	૧૪૦	ગુ.	૧૯૬૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં	નામ	પૃષ્ઠ	ભાષા	રચના સંવત
૧૧	આત્મદર્શન	૧૫૦	હિન્દી ગુ.	૧૯૮૧
૧૨	આત્મશિક્ષા ભાવના પ્રકાશ	૧૨૦	ગુ.	૧૯૮૦
૧૩	અધ્યાત્મ ભજનસંગ્રહ	૨૦૦	ગુ. હિ.	૧૯૬૭
૧૪	ઈશાવાસ્યોપનિષદ (જૈન દૃષ્ટિએ)	૩૬૦	ગુ. સં.	૧૯૮૦
૧૫	કક્કાવલી સુબોધ	૪૬૦	ગુ.	૧૯૮૧
૧૬	કર્મયોગ	૧૦૦૦	સં. ગુ.	૧૯૭૩
૧૭	કર્મપ્રકૃતિ	૮૦૦	સં. ગુ. મા.	૧૯૭૬
૧૮	કન્યાવિક્રયનિષેધ	૨૨૫	ગુ.	૧૯૮૧
૧૯	ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત	૩૦૦	ગુ. સં.	૧૯૭૩
૨૦	ગુણાનુરાગ કુલક	૨૫	ગુ.	૧૯૬૬
૨૧	ગહુલી સંગ્રહ ભાગ–૧	૧૧૨	ગુ.	૧૯૭૬
૨૨	ગહુલી સંગ્રહ ભાગ–૨	૧૨૫	ગુ.	૧૯૭૬
૨૩	ગુરુગીત સંગ્રહ	૨૦૦	ગુ.	૧૯૭૬
૨૪	ગુરુબોધ	૨૪૦	ગુ.	૧૯૬૭
૨૫	ચિંતામણિ	૧૨૫	ગુ.	૧૯૮૦
૨૬	જૈનધર્મની પ્રાચીન–અર્વાચીન સ્થિતિ	૨૦૦	ગુ.	૧૯૬૮
૨૭	જૈનગચ્છમતપ્રબંધ જૈનસંઘપ્રગતિ ગીતા	૬૦૦	ગુ.	૧૯૭૩
૨૮	જૈનધાર્મિક પ્રતિમાલેખ સંગ્રહ	૩૦૦	ગુ.	૧૯૭૩
૨૯	જૈનોપનિષદ	૫૦	ગુ.	૧૯૭૩
૩૦	જૈન ધાર્મિક પ્રતિમાલેખ સંગ્રહ ભા. ૨	૨૮૦	ગુ. સં. મા. હિ.	૧૯૮૦
૩૧	જૈન–ખ્રિસ્તી ધર્મનો મુકાબલો	૨૨૦	ગુ.	૧૯૮૦
૩૨	જૈનસૂત્રમાં મૂર્તિપૂજા	૯૬	ગુ.	૧૯૮૧
૩૩	જૈન ઐતિહાસિક રાસમાળા ભાગ–૧	૧૭૫	ગુ.	૧૯૬૯
૩૪	તત્ત્વબિંદુ	૨૩૦	ગુ.	૧૯૬૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં.	નામ	પૃષ્ઠ	ભાષા	રચના સંવત
૩૫	તત્ત્વવિચાર	૧૨૫	ગુ.	૧૯૮૧
૩૬	તત્ત્વજ્ઞાનદીપિકા	૧૨૪	ગુ.	૧૯૬૦
૩૭	તીર્થયાત્રાનું વિમાન	૭૮	ગુ.	૧૯૬૭
૩૮	દેવવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ	૧૭૫	ગુ. મા.	૧૯૭૮
૩૯	શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ–૧	૧૦૨૮	સં. મા. ગુ.	૧૯૭૪
૪૦	શ્રીમદ્ દેવચંદ્રજી ભા–૨	૧૨૦૦	સં. મા. ગુ.	૧૯૭૪
૪૧	દેવવિલાસ–દેવચંદ્રજી જીવન	૨૩૦	ગુ. મા.	૧૯૮૨
૪૨	દેવચંદ્રજીનું ગુર્જર સાહિત્ય–નિબંધ	૩૨	ગુ.	૧૯૮૦
૪૩	ધાર્મિક ગદ્યસંગ્રહ પત્ર સદુપદેશ ભાગ–૧	૯૬૦	ગુ.	૧૯૭૩
૪૪	ધાર્મિક શંકાસમાધાન	૫૦	ગુ.	૧૯૮૧
૪૫	ધ્યાનવિચાર	૭૦	ગુ.	૧૯૫૮
૪૬	પ્રતિજ્ઞાનું પાલના		ગુ. સં.	૧૯૭૩
૪૭	પરમાત્મજ્યોતિ	૫૦૦	ગુ. સં.	૧૯૬૬
૪૮	પરમાત્મદર્શન	૪૨૫	ગુ. સં.	૧૯૬૯
૪૯	પત્ર સદુપદેશ ભાગ–૨	૫૭૫	ગુ.	૧૯૭૯
૫૦	પત્ર સદુપદેશ ભાગ–૩	૧૦૦	ગુ.	૧૯૮૦
૫૧	પૂજાસંગ્રહ ભાગ–૧	૪૧૬	ગુ.	૧૯૭૯
૫૨	પૂજાસંગ્રહ ભાગ ૧–૨	૬૧૫	ગુ.	૧૯૮૦
૫૩	પ્રેમગીતા	૭૦	સં.	૧૯૮૧
૫૪	ભજનસંગ્રહ ભાગ–૧	૨૦૦	ગુ.	૧૯૬૩
૫૫	,, ભાગ–૨	૩૬૬	ગુ. હિ,	૧૯૬૫
૫૬	,, ભાગ–૩	૨૧૫	ગુ. હિ.	૧૯૬૫
૫૭	,, ભાગ–૪	૩૪૪	ગુ. હિ.	૧૯૬૫
૫૮	,, ભાગ–૫ તથા જ્ઞાનદીપિકા	૧૬૦	ગુ.	૧૯૬૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં.	નામ	પૃષ્ઠ	ભાષા	રચના સંવત
૫૯	ભજનસંગ્રહ ભાગ–૬ કવાલી સંગ્રહ	૨૦૦	ગુ.	૧૯૬૮
૬૦	,, ભાગ–૭	૧૬૦	ગુ.	૧૯૬૮
૬૧	,, ભાગ–૮	૮૫૦	ગુ. હિ	૧૯૭૩
૬૨	,, ભાગ–૯	૫૮૦	ગુ. હિ. સં.	૧૯૭૪
૬૩	,, ભા–૧૦	૨૦૦	ગુ. હિ.	૧૯૭૬
૬૪	,, ભા–૧૧	૨૨૦	ગુ.	૧૯૮૧
૬૫	ભારત સહકારશિક્ષણ કાવ્ય	૧૭૫	ગુ. મા.	૧૯૭૪
૬૬	મિત્ર–મૈત્રી	૧૬૦	ગુ.	૧૯૭૧
૬૭	મુદ્રિત જૈ. શ્વે. ગ્રંથગાઇડ (પ્રેરક)	૪૮૦	ગુ.	૧૯૮૧
૬૮	યોગદીપક યોગસમાધિ	૩૦૮	ગુ.	
૬૯	યશોવિજયજી નિબંધ	૭૫	ગુ.	૧૯૬૮
૭૦	લાલા લજપતરાય ને જૈનધર્મ	૧૨૦	ગુ.	૧૯૮૦
૭૧	વિજાપુર વૃત્તાંત	૯૦	ગુ.	૧૯૭૩
૭૨	વચનામૃત (બૃહત્)	૩૦૦	ગુ. મા.	૧૯૬૭
૭૩	સ્તવનસંગ્રહ	૨૭૫	ગુ.	૧૯૭૮
૭૪	સમાધિશતક	૩૫૦	ગુ.	૧૯૬૨
૭૫	સત્યસ્વરૂપ	૨૨૫	ગુ.	૧૯૮૦
૭૬ ૭૭ ૭૮ ૭૯ ૮૦	સંઘકર્તવ્ય પ્રજાસમાજ કર્તવ્ય શોકવિનાશક ગ્રંથ ચેટક પ્રબોધ સુદર્શના સુબોધ	૧૭૫	સં.	૧૯૦૦
૮૧	સાબરમતી ગુણશિક્ષણ કાવ્ય	૨૦૦	ગુ.	૧૯૭૧
૮૨	સુખસાગર ગુરુગીતા	૩૦૦	ગુ.	૧૯૭૧
૮૩	સ્નાત્રપૂજા	—	—	—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં.	નામ	પૃષ્ઠ	ભાષા	રચના સંવત
૮૪	ષટ્દ્રવ્યવિચાર	૨૫૦	ગુ. મા.	૧૯૫૮
૮૫	શિષ્યોપનિષદ	૫૦	ગુ.	૧૯૭૭
૮૬	શોકવિનાશક ગ્રંથ	૮૦	ગુ.	૧૯૫૯
૮૭	સાંવત્સરિક ક્ષમાપના	૯૭	ગુ.	૧૯૮૧
૮૮	શ્રાવક ધર્મસ્વરૂપ, ભા. ૧	૪૦	ગુ.	૧૯૬૭
૮૯	,, ભા–૨	૪૦	ગુ.	૧૯૬૭
૯૦	શુદ્ધોપયોગ			
૯૧	દયા ગ્રંથ			
૯૨	શ્રેણિક સુબોધ	૧૭૫	સં.	૧૯૮૦
૯૩	કૃષ્ણગીતા			
૯૪	શ્રી. રવિસાગરજી ચરિત્ર	૭૧		
૯૫	વચનામૃત નાનું			
૯૬	આત્મદર્શન ગીતા,		સં.	
૯૭	જ્ઞાનદીપિકા,		સં.	
૯૮	પુન્યસંગ્રહ–વાસ્તુ પૂજા			
૯૯	ચેતનશક્તિ ગ્રંથ		સં.	
૧૦૦	વર્તમાન સુધારો			
૧૦૧	પરબ્રહ્મ નિરાકરણ		સં.	
૧૦૨	શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ પાસે આપેલું વ્યાખ્યાન		ગુ.	
૧૦૫	જૈન સ્યાદ્વાદ ઉક્તાવલિ		સં.	
૧૦૬	અધ્યાત્મગીતા			
૧૦૭	તત્ત્વપરીક્ષા વિચાર		ગુ.	
૧૦૮	ગુરુ મહાત્મ્ય			
૧૦૯	કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ભાગ–૧	૫૧૨	ગુ.	૧૯૭૯
૧૧૦	,, ,, ,, ભા–૨	૫૧૫	ગુ.	૧૯૭૯
૧૧૧	,, ,, ,, ભા–૩	૪૨૬	ગુ.	૧૯૮૦
૧૧૨	મહાવીરગીતા	૨૫૦	સં.	૧૯૮૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધ્યાત્મ મહાવીર

*

વિભાગ ત્રીજો

ત્યાગાવસ્થા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૭૭ ના ભાદરવા શુદ ૧૨ ને બુધવાર તા. ૧૪ મી સપ્ટેમ્બર સન ૧૯૨૧

ગે. તા. ૧૧ મી મોહરમ ૧૩૪૦ હીજરી પા. રે. ૫ મે ફસલી ૧૨૯૧ યજદેજરદી.

સુરયોદય ૫-૪૫ સુરયાસ્ત ૬-૫

દર્શન મોહનીયનો નાશ કરનાર સ્વયં જે સંજ્ઞાતિ છે [illegible] દર્શન મોહનીય [illegible] અને તેમનો તે વિષય કરવાથી સમ્યગ્ દૃષ્ટિ જે પ્રકારનો આદેશ છે. દર્શન મોહનીય વિષયક જે સમ્યગ્ દર્શન છે અને જે તેણે પ્રાપ્ત કરી છે દૃષ્ટિએ તત્ત્વની બોધ આદેશને સર્વ પ્રકારના અજ્ઞાનથી પ્રગટેલા દ્વારા અટકાવી નાખે આદેશ છે. દર્શન મોહવરણથી વરણને ચક્ષુપૂર્વ પ્રકારો. જે તો નથી. દિવ્યમાં કર્મ જે સર્વજ્ઞ બોધનીય, જે દર્શન મોહાવરણ જે ન હોય તો અને જે મતિ જ્ઞાનીય સંબંધ દ્વારા જે દર્શનિક મંદ અવધિ અને જે તે હોય તો ચક્ષુ જે છે તે ત્રણ પ્રકારે પ્રત્યેક પ્રતીત નીકરણ જાણવું જોઈએ. દર્શન મોહનીય અને જે પદાર્થ વિના. દિવ્ય જે મન પૂર્વક લિબ્ધિ લિબ્ધિ જે દૃષ્ટિ એ લિબ્ધિ લિબ્ધિ મતિ તે જે આદેશ છે. દર્શન મોહનીય અજ્ઞાન પુનર્જન્મ પુરાણ જન્માંતરી લોકોને એક પ્રકારનો અજ્ઞાનતા અજ્ઞાન તો નથી. દર્શન મોહનો જે જે પૂર્વ વિજ્ઞાન છે. જે જે કર્મોદ્વિ બોધના હું કરવો દ્વારા વિનો સિદ્ધાંતાને એક પ્રકારનો અજ્ઞાનતા જ્ઞાન કહ્યું છે. અજ્ઞાનનો પ્રકાર અજ્ઞાનતા પ્રકાર સમોવડ જે તે મન કહ્યું છે દર્શન મોહનીય વિનાશ. જે મોહ છે. દર્શન મોહનો અજ્ઞાનો જે લિબ્ધિ લિબ્ધિ દર્શન મતિ જ્ઞાનીને પ્રકાર જે નીમ જ્ઞાનતા અજ્ઞાનો જાણે તેમનો જ્ઞાનો જે દૃષ્ટિ જ્ઞાનો જે દૃષ્ટિ જોવાને છે તે પ્રકારનું જે જે જ્ઞાન છે તે પ્રકારનું અજ્ઞાનતા જે છે તે અજ્ઞાનતા રૂપ જ્ઞાનો જે દૃષ્ટિ નો તે જે જ્ઞાન છે. દર્શન મોહનીય જે જે જ્ઞાન છે તે જે જ્ઞાન જે જ્ઞાન જે જ્ઞાન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧. પ્રભુમહાવીરદેવની ત્યાગાવસ્થા

યશોદાદેવી : શ્રીયુત નંદિવર્ધન રાજન્! પ્રભુએ ત્યાગાવસ્થા સ્વીકાર્યાને હાલ સાડા બાર વર્ષ થયાં છે. તમે પ્રભુદેવની ખબર કાઢવા ગયા હતા અને આજ પાછા આવ્યા છો, તો પ્રભુમુખથી તેમનો જે વૃત્તાંત સાંભળ્યો હોય તે નિવેદન કરશો. પ્રભુ તરફથી જે જે હકીકત મળે છે તેથી મારું જીવન અમૃતમય થતું જાય છે,

નંદિવર્ધન : શ્રીમતી પરમેશ્વરી યશોદાદેવી! હું પ્રભુ મહાવીરદેવ તરફના સમાચાર લાવ્યો છું. પ્રભુએ દીક્ષા અંગીકાર કર્યા બાદ તેઓએ શું શું કર્યું તેનો આજ સુધીનો વૃત્તાંત જેવો પ્રભુમુખથી સાંભળ્યો તેવો સર્વ હું કહું છું. પ્રિયદર્શના વગેરે કુટુંબ અહીં મળ્યું છે તે એકાગ્રચિત્તથી શ્રવણ કરે. પ્રભુનું ત્યાગાવસ્થાનું ચરિત શ્રવણ કર્યાથી ભવ્ય લોકોના હૃદયમાં ત્યાગ પ્રગટે છે અને રાગનો નાશ થાય છે.

પ્રભુનું વનગમન :

પ્રભુ ત્યાગી બની અહીંથી વનમાં ગયા અને અસ્થિક ગામની બહાર એક શૂલપાણિ યક્ષના મંદિરમાં વાસ કર્યો. ગામના લોકોએ પ્રભુને કહ્યું કે 'હે આર્ય! તારી કાયા સુંદર છે. આ મંદિરમાં રહેનાર યક્ષ જે કોઈ રાત્રિમાં ત્યાં વાસ કરે છે તેને મારી નાખે છે. માટે તમે શૂલપાણિયક્ષના મંદિરમાં રહી અમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃત્યુના આધીન ન થાઓ.' લોકો આ પ્રભુ મહાવીરદેવ છે એમ જાણતા નહોતા. તેથી આર્ય પુરુષ છે એમ ધારી બોલતા હતા. પ્રભુની મહત્તાને અજ્ઞ લોકો કયાંથી જાણી શકે? મનુષ્યાકારવાળા સર્વ કોઈ પોતાના સરખા મનુષ્યો હોય છે તેમ તેઓ જાણતા હતા.

શૂલપાણિનો ઉપસર્ગ:

શૂલપાણિ યક્ષથી લોકો ભય પામીને પ્રભુને ત્યાં રાત્રે ન રહેવાની વિનંતી કરતા હતા. પ્રભુએ લોકોને કહ્યું કે 'તમો મારા મરણનો ભય ન રાખો. એવા યક્ષને વશ કરવાની મારી શક્તિથી તમો અજાણ છો. કાળરૂપ યક્ષ, કે જેના હાથમાં વાસનારૂપ શૂલ છે અને જે મનુષ્યોનાં વીર્ય, રુધિર વગેરેનો નાશ કરે છે અને મનુષ્યોનાં અસ્થિઓને ઉઘાડાં કરે છે, જીવતાં મનુષ્યોને જે મારી નાખે છે, તેને જે આર્યો પોતાના વશમાં કરે છે તેઓને દેહધારી યક્ષો કંઈ કરી શકતા નથી. કામરૂપ શૂલપાણિ યક્ષને ગૃહસ્થો પૂજે છે અને નમે છે. તેના મંદિરમાં જતાં લોકો મરી જાય છે, પણ ત્યાગી સહાત્માઓ તો તેના મંદિરમાં જઈને તેને પોતાના તાબે કરે છે. માટે તમો બેફિકર રહો.'

વર્ધમાનપુરના લોકોએ આર્ય સભ્યતાથી કહ્યું કે 'અરે આર્ય, તે પૂર્વમાં એક શેઠનો બળદ હતો. પાંચસો ગાડાંને નદીની રેતીમાંથી તેણે કાઢયાં, પણ તેનાં આંતરડાં તૂટી ગયાં. બળદના ધણી વણિકે બળદની આવી સ્થિતિ દેખીને અમારા ગામના આગેવાનોને તેની બરદાસ કરવા રૂપિયા આપ્યા, પણ ગામના આગેવાનોએ તેની સારવાર કરી નહીં. તેથી તે બળદ મરણ પામી વ્યંતર થયો અને મરકીથી ગામના ઘણા લોકોને મારી નાખ્યા. શેષ બચેલા અમોએ તેની સ્તુતિ કરી તેથી તે પ્રસન્ન થયો. તેના પૂર્વભવની બળદની અમોએ મૂર્તિ કરી, તેને દેવળમાં સ્થાપી, અમે પૂજીએ છીએ. તેથી હવે તે પ્રસન્ન થયો છે. તેથી અમારા વર્ધમાનપુરમાં હવે ઉપદ્રવ કરતો નથી, પરંતુ તેના દેવળમાં જે વાસ કરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને તો તે મારી નાખે છે. માટે અમો આપને નિવેદન કરીએ છીએ કે હે આર્ય! આપની દેવ જેવી સુંદર કાયાનો નાશ ન કરો.'

પ્રભુએ ગામના લોકોને કહ્યું કે 'હું શૂલપાણિ યક્ષના મંદિરમાં વાસ કરીશ અને જે બને તે તમે દેખ્યા કરો. મારી તેના પ્રતિ દયા છે તો તેનું હિંસા કર્મ ટળી જશે, એમ વિશ્વાસ રાખો.' એમ કહી પ્રભુ સંધ્યાવખતે યક્ષના મંદિરમાં ગયા અને ત્યાં પોતાના શુદ્ધાત્મ પરબ્રહ્મ સ્વરૂપમાં રમણતારૂપ ધ્યાન ધરવા લાગ્યા.

રાત્રિનો વખત થયો એટલે શૂલપાણિયક્ષ પ્રગટ થયો અને તે અનેક ભયંકર રૂપો કરીને પ્રભુને ભિવરાવવા લાગ્યો. પ્રભુ તો આનંદથી પોતાના સ્વરૂપ તરફ જોઈ રહ્યા હતા અને તેની અજ્ઞતા અને અલ્પ શક્તિની તુચ્છતા તરફ સમભાવ રાખતા હતા. શૂલપાણિ યક્ષે ભયંકર જાનવરોનાં રૂપ લઈ પ્રભુને ભિવડાવવા યત્ન કર્યો, તોપણ પ્રભુ ન ડગ્યા. ત્યારે આશ્ચર્ય પામી તે વિચારવા લાગ્યો કે 'ઓહો મનુષ્યમાં આટલી બધી શક્તિ કયાંથી! કેટલું બધું ધૈર્ય! મેરુ પર્વતને હલાવવા હું સમર્થ છું, પણ આ મનુષ્ય પર મારી જે જે શક્તિઓ અજમાવી તે સર્વ ફોગટ ગઈ.'

શૂલપાણિને થયેલ બોધ:

આમ તે વિચાર કરવા લાગ્યો ત્યારે પ્રભુએ શૂલપાણિ યક્ષના તરફ જોયું. શૂલપાણિ યક્ષે પ્રભુને નમન કર્યું અને સ્તવન કર્યું. પ્રભુની દૃષ્ટિ તેના પર પડતાં તેનું પશુબળ નષ્ટ થયું. પ્રભુએ તેને દયાનો ઉપદેશ દીધો: 'હે યક્ષ! તેં ઘણા મનુષ્યોનો નાશ કર્યો છે. તારે એવું પાપ ન કરવું જોઈએ. સર્વ જીવોને પોતાના આત્મસમાન જાણ. વેરથી વેર શમતાં નથી. અપકારનો બદલો અપકારથી વળતો નથી. મનુષ્યોને મારી નાખવા માત્રથી તેઓ ગુણી બની શકતા નથી. મનુષ્યો જેટલા સાત્વિક પ્રેમદયાથી ઉચ્ચ અને છે તેટલા તેઓના પ્રાણના નાશમાત્રથી બનતા નથી. માટે મનુષ્યોને મારી ન નાખ. મારામા અનંત શક્તિ છે, પણ મેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારા ઉપસર્ગો સહન કરીને તને જે ક્ષમા અને દયાનું શિક્ષણ આપ્યું છે તે હૃદયમાં રાખ. શક્તિ છતાં ક્ષમા રાખીને અન્યોને ધર્મમાર્ગમાં લાવવા જેવું કોઈ પણ પારમાર્થિક કાર્ય નથી.' એવા પ્રભુના ઉપદેશથી શૂલપાણિ બોધ પામી પ્રભુનો ભક્ત જૈન બન્યો. અને પ્રભુની આગળ નાટક કરવા લાગ્યો, ગાવા લાગ્યો.

ગામના લોકોએ જાણ્યું કે શૂલપાણિએ પેલા આર્યને મારી નાખ્યો અને હવે ગાય છે, પરંતુ પ્રાતઃકાળ થતાં તેઓની ભૂલ ભાંગી. શૂલપાણિ યક્ષે વર્ધમાનપુરના લોકોને જણાવ્યું કે 'રાત્રે મારા મંદિરમાં વાસ કરનાર પ્રભુ મહાવીરદેવ હતા. તેમણે માત્ર એક જ રાત્રિના સમાગમથી મારી પાપવૃત્તિઓને ટાળી મને ભક્ત બનાવ્યો. અહો! તે મનુષ્યશરીરમાં મહાવીરદેવ છે. તેઓને તમે પૂજો. હે વર્ધમાનપુરવાસીઓ! તમે પરમાત્મા મહાવીરના ગુણો ગ્રહણ કરો. પ્રભુ દયાના સાગર છે, ક્ષમાના દરિયા છે. તેમનામાં અલૌકિક ગંભીરતા છે. પ્રભુએ મારી દુર્વૃત્તિ તરફ જરા માત્ર ધ્યાન આપ્યું નહિ. શરીરમાં રહેલા પરમેશ્વર મહાવીરદેવે મારો ઉદ્ધાર કર્યો અને મને પ્રભુમય જીવન સમર્પ્યું. અહો લોકો! તમે પ્રભુના શરણે જાવ. પ્રભુના ભક્તો બનો.' વર્ધમાનપુરવાસી મનુષ્યો શૂલપાણિ યક્ષનાં એવાં વચનો શ્રવણ કરી પ્રભુ મહાવીરદેવના શરણે ગયા.

વર્ધમાનપુરવાસીઓને બોધ:

પ્રભુ મહાવીરદેવે તેઓને જણાવ્યું કે 'તમે મોહના કહ્યા પ્રમાણે ન વર્તો. આત્માની આજ્ઞા પ્રમાણે મનને વર્તાવો. પ્રેમથી પ્રેમ મેળવો. વિશ્વાસથી વિશ્વાસ મેળવો. પરમાર્થ કર્મો કરો, પણ તેનો પ્રતિબદ્ધતા ન ઇચ્છો. સત્ય પ્રમાણે વર્તો. આત્મા જ પરમાત્મા છે. આત્મા પોતે જ સત્તાએ પરમાત્મા છે અને હું મહાવીર છું, એમ શ્રદ્ધા રાખો. પાપકર્મોનાં ફળ દુઃખ છે. શુભકર્મો કરશો તો શુભ ફળ પામશો અને અશુભ કર્મો કરશો તો અશુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફળ પામશો. આત્માની પરમાત્મતા અનુભવવામાં મનમાં પ્રગટતા મોહને વારો. આર્યો ! તમે આર્ય કર્મો કરો અને અનાર્ય કર્મોનો ત્યાગ કરો. મારા સન્મુખ મન રાખનારાઓની જીવતાં આ ભવમાં મુક્તિ છે.' એ પ્રમાણે પ્રભુએ ઉપદેશ આપ્યો. તેથી વર્ધમાનપુરવાસીઓ ધન્ય બન્યા અને પ્રભુને હૃદયમાં રાખી સદ્વર્તનથી વાસવા લાગ્યા. પ્રભુએ એક આશ્રમને ત્યાં ક્ષીરભોજનથી છઠ્ઠું પારણું કર્યું.

પ્રભુનો અન્યત્ર વિહાર

પ્રભુએ ત્યાંથી ગંગાનદીના તટ પર વિહાર કર્યો. ત્યાં એક સન્નિવેશની પાસે એક દેવીના મંદિરમાં કેટલાક બ્રાહ્મણોએ દેવીને મનુષ્યનો ભોગ આપવા માટે એક મનુષ્યને ગોરાચંદનથી ચર્ચી, તેમાં ઠેરવેલ પુષ્પની માળા વાળી દેવીની મૂર્તિ સમક્ષ બેસે રહ્યો હતો. પ્રભુ ત્યાં આવી પહોંચ્યા અને પેલા મનુષ્યનો ભોગ નહીં આપવા ઉપદેશ દીધો, પરંતુ તે દેવીભક્ત બ્રાહ્મણો પ્રભુ પર ક્રોધ કરી પ્રભુને મારી નાખવા દોડ્યા. પ્રભુ પર તે બ્રાહ્મણોએ તલવારો ઉગામી, પરંતુ પાષાણની પેઠે તેમના પગ સ્થિર થઈ તલવારો પણ તેઓના હાથોમાં સ્થિર રહી ગઈ.

દેવીનું હાજર થવું તથા ભોગ પામવો :

એટલામાં તે દેવી કાલી હાજર થઈ અને પ્રભુને નમન-વંદન કરી સ્તુતિ કરવા લાગી. બ્રાહ્મણોને કહેવા લાગી કે 'અરે કર્મકાંડી વામમાર્ગી બ્રાહ્મણો ! તમો અજ્ઞાનથી મનુષ્યોને મારી પ્રસન્નતા મેળવવા શા માટે વધ કરો છો ? તેથી તમારા પર મારી અવકૃપા ઊતરે છે. તમો આ ઊભા રહેલા સર્વ વિશ્વના સ્વામી અને પતિ મહાવીર પ્રભુને ઓળખો. હું તો તેમના ચરણકમલની એક ક્ષુદ્ર દાસી છું. પ્રભુના અહીં આવવા માત્રથી મારી બુદ્ધિ શુદ્ધ થઈ ગઈ છે. પ્રભુના મોને મને જ્ઞાન આપ્યું છે. દેવ-દેવીને પશુ, પંખી કે મનુષ્યના રક્તના ભોગની ઇચ્છા નથી. બકરા વગેરેને મારવાથી ઊલટું પાપ થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેથી ઊલટાં દુઃખોનો રાશિ વધે છે. યજ્ઞમાં મનુષ્યોની હિંસા કરવાથી પાપયજ્ઞની વૃદ્ધિ થાય છે. પશુપંખીઓની હિંસા કરવાથી દેવદેવીઓ નાખુશ થાય છે. તમે પરમાત્મા મહાવીરદેવને નમો અને તેમના ભક્તો બનો. તેથી તમારો ઉદ્ધાર થશે.'

જ્યારે કાલિકાદેવી પ્રેમશ્રદ્ધાથી પ્રભુ મહાવીરના ચરણમાં પડી ગઈ રડીને સ્તવના લાગી તથા પ્રભુનું શરણ સ્વીકારી તેમની આજ્ઞા પ્રમાણે વર્તવા તૈયાર થઈ ત્યારે બ્રાહ્મણો કે જે દેવી ભક્તો હતા તે પ્રભુના ચરણમાં પડી આળોટવા લાગ્યા અને પોતાના કરેલા અપરાધો માટે ક્ષમા માગવા લાગ્યા. પ્રભુને નમી વંદી તે માફી માગવા લાગ્યા, પસ્તાવો કરવા લાગ્યા.

પ્રભુએ બ્રાહ્મણોને કહ્યું કે તમો હિંસાયજ્ઞનો ત્યાગ કરો. પશુઓનાં અને મનુષ્યોનાં બલિદાનથી મારી પરમાત્માની પ્રસન્નતા કોઈ મેળવી શકતું નથી. પ્રભુ અને મનુષ્યોનાં બલિદાનોની કલ્પના ઘણાં કુશાસ્ત્રો અજ્ઞાની અને મોહી પંડિતોએ રચેલાં છે. તેઓને દૂર ફેંકી દો. મનુષ્યયજ્ઞ એટલે મનુષ્યોની સેવા કરવી. પશુયજ્ઞ એટલે પશુઓની સેવા કરવી. ગોયજ્ઞ એટલે ગાયોની સેવા—બરદાસ કરવી. અજાયજ્ઞ એટલે બકરીઓનું રક્ષણ કરવું—એવો અર્થ કરી સત્ય માર્ગે ચાલો. જે લોકો કર્મકાંડમાં ચૂંથાઈ ગયા છે તેઓ જ્ઞાનમાર્ગને જાણી શકતા નથી. બીજા મનુષ્યો અને પશુઓને મારી નાખીને તમો સુખી થવાના નથી. ઊલટા પાપકર્મરૂપી તમમાં દૂરના દૂર ચાલ્યા જાઓ છો. માટે અજ્ઞાન અને પાપી કર્મોથી પાછા હઠો. કાલિકાદેવી મારી ભક્તાણી બની છે. હવે એનો ઉદ્ધાર થશે.

બ્રાહ્મણોએ પ્રભુનો બોધ સાંભળી જૈનધર્મનો સ્વીકાર કર્યો, પ્રભુ મહાવીરદેવનું શરણ અંગીકાર કર્યું અને પરમ જૈનો બન્યા. પ્રભુ મહાવીરદેવ તે જ વિશ્વના પરમેશ્વર છે એમ જાણ્યું.

પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો અને અંગદેશમાં ગયા. ત્યાં અનેક પાપી મનુષ્યોનો ઉદ્ધાર કર્યો. ધર્મમાર્ગી લોકોને બોધ આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓને અર્ય જૈન બનાવ્યા. બંગદેશમાં પ્રભુએ કેટલાક માસ સુધી વિહાર કર્યો. ત્યાંથી કર્ણાટક, તિલંગ, પાંડય, મહારાષ્ટ્ર દેશમાં ફર્યા અને સોપારક નજીકના ડુંગરો પર ધ્યાન ધર્યું તથા સ્થાના તથા પ્રસ્થાન નજીકના ડુંગરો પર ધ્યાન ધર્યું. નર્મદા નદી પર આવેલી ભૃગુકચ્છ નગરીની પૂર્વના નર્મદા નદીના કાંઠા પર શુકલ ધ્યાન ધર્યું. સાબરમતી નદી જ્યાં સમુદ્રને મળે છે ત્યાં આવી ધ્યાન ધર્યું. સૌરાષ્ટ્ર દેશમાં શત્રુંજય અને ગિરનાર પર્વત પર ધ્યાન ધર્યું. શત્રુંજય નદીના મૂળ પર આવી ધ્યાન ધર્યું. હરિકા નગરીની અહાર જંગલમાં આવી ધ્યાન ધર્યું. તારંગા તીર્થ પર આવી ધ્યાન ધર્યું. આબુજી પર્વત પર આવી આસન વાળ્યું. સરસ્વતી નદીના મૂળ સ્થાન પર આવી ધ્યાન ધર્યું. સાબરમતીના તટ પર આવી પ્રભુએ ષડાયતન નગર પાસે ધ્યાન ધર્યું. પ્રભુએ આહીર, કચ્છ, સિંધુ, મરુદેશમાં વિહાર કર્યો અને પર્વતો પર આસન વાળ્યું પ્રભુએ પંચાલ દેશમાં વિહાર કરી ધ્યાન ધર્યું. પ્રભુએ બાહુલી દેશમાં વિચરી અનેક સ્થળોએ ધ્યાન ધર્યું. ત્યાંથી આગળ અનાર્ય દેશમાં મૌનપણે પ્રભુ રહ્યા.

પ્રભુએ આર્દ્ર દેશમાં, ફ્રમ દેશમાં, ઋષિ દેશમાં, ચીનમાં અને મહાચીનમાં વિચરી ધ્યાન ધર્યું. પ્રભુએ ત્રિવિષ્ટપ દેશમાં ધ્યાન ધર્યું. ગંગા અને યમુના તથા સિંધુના પ્રાદુર્ભાવસ્થાનમાં ધ્યાન ધર્યું. પ્રભુએ કૈલાસ પર્વત પર ધ્યાન ધર્યું. પ્રભુએ બ્રહ્મપુત્રા નદીના પ્રાદુર્ભાવ સ્થાનમાં ધ્યાન ધર્યું. ત્યાંથી પ્રભુએ હિમાલયમાં પ્રવેશ કરી હિમાલયનાં શિખરો પર ધ્યાન ધર્યું. કાશી, અયોધ્યા વગેરે નગરીઓના આસપાસના પ્રદેશમાં પ્રભુએ ધ્યાન ધર્યું. પ્રભુએ વિંધ્યાચલ પર્વતમાં વિંધ્યેશ્વરીના સ્થાનમાં ધ્યાન ધર્યું. એમ સર્વત્ર પ્રભુ શુદ્ધાત્મસ્વરૂપને અનુભવતા અને અપ્રતિબદ્ધતા કરવા લાગ્યા, પ્રભુએ કયાં કયાં વિહાર કર્યા તે જણાવ્યું. હવે પ્રભુના વિહારપ્રસંગે શા શા બનાવો બન્યા તે વિસ્તારથી જણાવું છું. તે તમે એકાગ્રચિત્તે સાંભળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિહાર પ્રસંગના બનાવો :

પ્રભુએ આર્યાવર્તમાં જ્યાં જ્યાં વિહાર કર્યો ત્યાં ધર્મની જડ ઊંડી ઘાલી અને ઋષિમુનિઓને અધ્યાત્મજ્ઞાનથી વાસિત કર્યા. પવિત્ર તીર્થસ્થળોમાં રહેનાર વ્યંતર, ભવનપતિ :તેમ જ દેવ–દેવીઓને સમ્યગ્જ્ઞાન સમજ્યું. જે પ્રજાઓના ગુરુઓના અંગ પર, મુકુટ પર સર્પનું ચિહ્ન છે એવી શ્રીપાર્શ્વનાથના વંશજ જૈન પ્રજાને પુનઃ ધર્મથી સંસ્કારિત કરી. જે પ્રજાઓના ચિહ્ન તરીકે ગરુડ છે એવી પ્રજાને પુનઃ અધ્યાત્મજ્ઞાનથી સજ્જિત કરી. જે પ્રજાઓને શંખચિહ્નથી હરિવંશી ઓળખવામાં આવે છે એવી પ્રજાઓને પુનઃ પોતાના ધર્મમાં આણી. હૈહય, પાંડય, ચોલ, આન્ધ્ર રાજાઓને પોતાના ભક્તો બનાવ્યા.

ત્યાગાવસ્થામાં પ્રભુ બસ પ્રસંગે બોલતા અને શૂન્ય સ્થાનમાં રહેતા. પોતાની પ્રભુતાને જરા લોકો ઓછમ ન જાણી શકે એવી રીતે વર્તતા. પોતાના શુદ્ધાત્માને પરબ્રહ્મસ્વરૂપ તેઓ દેખતા હતા અને સર્વ જીવોને એવું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ જણાવવાની તેઓ ભાવના રાખવા હવા. પ્રભુએ અનેક પરિવ્રાજક ઋષિઓને બોધ આપી પોતાનું મહાવીરપ્રભુત્વ સમજાવ્યું હતું. આર્યાવર્તના દક્ષિણ ભાગમાં ઉત્તરભાગમાંથી વિશ્વામિત્ર વગેરે ઋષિઓ આવી વસ્યા હતા. તેઓના વંશજોને શ્રીમહાવીર પ્રભુએ અધ્યાત્મજ્ઞાન આપ્યું. શ્રીતિલંગ, કર્ણાટક, જગન્નાથ વગેરે ક્ષેત્રોના બ્રાહ્મણોને પ્રભુએ દર્શન આપ્યાં અને ત્યાં શ્રી નેમિનાથ, નમિનાથ અને તે પૂર્વના શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયથી ચાલતા આવેલા જૈનોને અધ્યાત્મજ્ઞાન આપ્યું. ત્યાંના રાજાઓ જ્યાં સુધી જૈનધર્મી હશે ત્યાં સુધી તેઓ સ્વતંત્રતાથી રાજ્ય ચલાવશે એમ જાહેર કર્યું.

મધ્યખંડવાસી, ભૂમધ્ય સમુદ્રના તટ ઉપર વસનારા કૃષ્ણ-વર્ણી તથા રક્તવર્ણી લોકોને આધ્યાત્મિક અને સામાજિક ધર્મજ્ઞાન આપ્યું. બેબીલોન વગેરે પાશ્ચાત્ય નગરીઓના લોકોને જણાવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે જડવાદથી તથા અપુનર્જન્મવાદથી તે તે નગરીઓમાં અનેક અશાંતિકારક વિપ્લવો થશે અને લોકો હિંસક બની જૈનધર્મથી વિમુખ રહેશે. કલિયુગમાં પુનઃ પુનર્જન્મવાદ અને કર્મવાદ વગેરે પ્રગટતાં પાશ્ચાત્ય દેશોમાં દેવદેવીકર્માંથી મારા ભક્ત દેવો અવતરશે અને ધર્મની સ્થાપના કરશે.

ગોવાળનો ઉપસર્ગ :

પ્રભુ ચોકટા વિચરતા વિચરતા કુમારગ્રામમાં આવ્યા. કુમારગ્રામની બહાર પ્રભુ કાયોત્સર્ગ દશામાં રહ્યા. તે વખતે એક ગોવાળિયો બળદોને હળમાંથી મુક્ત કરીને પ્રભુની પાસે લાવ્યો અને કહ્યું કે કે 'હે આર્ય ! હું જ્યાં સુધી પાછો ન આવું ત્યાં સુધી તમારી પાસે મૂકેલા વૃષભોને સાચવશો.' એમ કહીને ગોવાળ ગામમાં ગયો. પ્રભુએ વૃષભોની ખબર રાખી નહીં. પેલો ગોવાળિયો ત્યાં પાછો આવ્યો અને પ્રભુ પાસે વૃષભો ન દીઠા તેથી રોષથી પ્રભુને મારવા દોડ્યો. ઇન્દ્રે અવધિજ્ઞાનથી આ વૃત્તાંત જાણ્યું અને પ્રભુ પાસે આવ્યો. ગોવાળિયાને શિક્ષા આપી અને જણાવ્યું કે આપણા સ્વર્ગના પરમેશ્વર આ તો મહાવીર દેવ છે. ઇન્દ્રે પ્રભુ પાસે રહેવા અને સકલ ઉપસર્ગો નિવારવા માટે વિનંતી કરી. તેના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે, 'હે ઇન્દ્ર ! ત્યાગાવસ્થામાં તીર્થંકરો કોઈની સેવા કબૂલ કરતા નથી.

'મારામાં સર્વ ઉપસર્ગો નિવારણ કરવાની અનંત શક્તિ રહેલી છે, પણ બીજા લોકોમાં ત્યાગીઓનું આદર્શ જીવન બતાવીને ત્યાગીઓ ફક્ત વિશ્વનું કલ્યાણ કરવા માટે જ ઉપસર્ગો સહે છે તેવું મારે જણાવવું છે. અજ્ઞાનીઓ ઉપસર્ગ કરતા હોય છે. તે મારી પ્રભુતા જાણે તો કરી શકે નહીં. મારે તો વિશ્વના લોકોને એવો બોધ આપવો છે કે પોતાના કરતાં અન્ય લોકો શક્તિવાળા હોય યા અશક્ત હોય તોપણ તેઓએ એકબીજાને અન્યાયી ઉપદ્રવો ન કરવા. એવું આ ત્યાગાવસ્થાના જીવનથી મારે સર્વ લોકોને શીખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વવાનું છે. માટે ઇન્દ્ર! તું પોતાને સ્થાનકે જા. જે અન્ય જીવો તરફથી સહન કરે છે તે અન્યોને પોતાના જેવા બનાવે છે અને તે પ્રભુ બને છે, એમ હે ઇન્દ્ર! જાણ.

'ગોવાળિયાને મેં પ્રતિબોધ આપીને આત્મવાદી બનાવ્યો છે. જે બળિયાઓ લોકોને વૃષભોની પેઠે પરતંત્ર બનાવે છે અને પરતંત્ર લોકોને મારા તરફથી પરતંત્રતામાં સહાય મળે અને દુષ્ટ રૂઢિના પોષકનો હું સહાય બનું એમ ઇચ્છે, તો એ કેમ બને? અજ્ઞાન અને મોહથી લોકો વૃષભોની પેઠે ધર્મપાખંડમાં કુશ્રદ્ધાની નાથથી જોડાયેલા છે. તેઓને કુરૂઢિના પ્રવાહથી મુક્ત કરી સ્વતંત્ર બનાવવા મારો પૂર્ણ બ્રહ્માવતાર છે. માટે પાખંડમાર્ગના પોષક દુષ્ટ ગોવાળિઓથી હું ડરું નહીં, કારણ કે હું પરમેશ્વર છું. હે ઇન્દ્ર! હું પરમેશ્વર છું તેથી, કોઈને સહાયક તરીકે ઇચ્છું નહીં.' એ પ્રમાણે પ્રભુનો બોધ શ્રવણ કરી, પ્રભુને વંદી સ્તવી ઇન્દ્ર દેવલોકમાં ગયો.

પ્રભુએ ત્યાંથી વિહાર કરી કોલ્લાગ સન્નિવેશમાં બહુલ બ્રાહ્મણને ત્યાં પાત્રસહિત ત્યાગીઓનો ધર્મ સ્થાપવા માટે ગૃહસ્થના પાત્રમાં ખીરનું ભોજન કર્યું. તે વખતે ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયાં. ત્યાંથી પ્રભુ વિહાર કરી મોરાક ગામમાં દુર્જયન્ત તાપસના આશ્રમમાં ગયા. શ્રી સિદ્ધાર્થ રાજાનો દુર્જયન્ત કુલપતિ તાપસ મિત્ર હતો. તે પ્રભુના સામે ગયો અને પ્રભુને ભેટ્યો. પ્રભુ પણ લાંબા બાહુ કરી તેને ભેટ્યા.

વર્ષાઋતુ આવતાં દુર્જયન્ત તાપસે પ્રભુને પોતાના આશ્રમમાં ચાર માસ રહેવા વિનંતી કરી. પ્રભુએ તે વિનંતી માન્ય કરી. દુર્જયન્ત તાપસ આ પોતે પરબ્રહ્મ મહાવીરદેવ છે એમ અનુભવી શકતો ન હતો. તેણે ઘાસની એક ઝૂંપડીમાં પ્રભુને રહેવા વિનંતી કરી. પ્રભુ ઘાસની એ કુટિરમાં રહ્યા. એવામાં ગાયોનું એક ટોળું આવ્યું. તે ઝૂંપડીઓનું શુષ્ક ઘાસ ખાવા લાગ્યું. પ્રભુએ ગાયોને નિવારી નહીં. ગાયો સુખેથી ઘાસની બનાવેલી ઝૂંપડીઓ ખાઈ ગઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવામાં કુલપતિ આવ્યો. તેણે ગાયોને લાકડીઓ મારીને કાઢી મૂકી. પછી પ્રભુની પાસે આવીને કહેવા લાગ્યો કે, 'હે વર્ધમાન! તું રાજાનો પુત્ર છે. ગાયો રખડી ચૂંથડીઓનું રક્ષણ ન કરી શકયો તો બીજું તું શું કરી શકીશ?' પ્રભુએ તેને કહ્યું કે, 'હે દુર્જયન્ત કુલપતિ તાપસ! હું કદાપિ ગાયોને પોતાનું ખાણું ખાતાં મારું નહીં, એવી ક્ષત્રિયધર્મની નીતિ છે. ગાયોનું રક્ષણ કરવું એ જ આર્યધર્મ છે. ગાયોનું રક્ષણ કરવા માટે મારો ઈશ્વરાવતાર છે. જે આખી દુનિયાનો માલિક પ્રભુ છે તે ભૂખી ગાયોને ઘાસ ખાતાં મારીને કાઢી મૂકે એવું કદાપિ બન્યું નથી અને બનનાર નથી.

'હું વિશ્વના લોકોને—જીવોને દાન દેવા આવ્યો છું, પણ લેવા આવ્યો નથી. ગરીબોનું અને ગાયોનું રક્ષણ કરવું અને દુષ્ટોને શિક્ષા કરવી એ જ રાજાનો ધર્મ છે. એ ધર્મને મેં ગૃહસ્થાવાસમાં આચરી બતાવ્યો છે. હવે તો હું સર્વ પ્રકારના ત્યાગીઓને ત્યાગાવસ્થાનો ધર્માદેશ બતાવવાને છું. હું પરમેશ્વર છું તેથી ગાયો અને ઋષિઓનું રક્ષણ કરવા અવતર્યો છું.

'હે કુલપતિ તાપસ! તમો ગાયોના વૃન્દથી શોભો છો. ગાયોનું દૂધ પીને આર્ય ઋષિઓ જીવે છે. ગાયોનું માંસ ખાનારા અનાર્યો છે. આર્યોનું ભૂષણ અરેબર શોભવાથી છે. માટે ગાયોને તમારે ન મારવી જોઈએ.'

એ પ્રમાણે કહીને પ્રભુએ દુર્જયન્ત તાપસની આંખો સામે આંખો સ્થિર કરી. તેથી દુર્જયન્ત તાપસને સમાધિ થઈ ગઈ અને તેણે સર્વ વિશ્વને પ્રભુ મહાવીરમય દેખ્યું. તેથી તે પ્રભુ મહાવીરનો ભક્ત બન્યો અને તેમના ચરણમાં આળોટવા લાગ્યો અને પોતાની થયેલી ભૂલ માટે પશ્ચાત્તાપ કરી રોવા લાગ્યો. પ્રભુએ દુર્જયન્ત તાપસને ઉઠાડ્યો અને તેને આત્મજ્ઞાન આપ્યું. તેથી દુર્જયન્ત તાપસ જીવન્મુક્ત થયો.

પ્રભુએ કુલપતિના આશ્રમમાંથી શ્રાવણ માસમાં અન્યત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિહાર કર્યો. 'ઊઠ્યા દેવ ન ગણે ચોમાસું' એવી સ્વતંત્ર જિનદશામાં પ્રભુ વિચરવા લાગ્યા.

દેવદૂષ્ય :

પ્રભુએ એક વર્ષથી અધિક દેવદૂષ્ય વસ્ત્રને ખભા પર રાખ્યું. દક્ષિણ દેશમાં વાચાલપુર પાસે સુવર્ણવાલુકા નદીના કાંઠે તેમનું વસ્ત્ર કાંટામાં વીંટાયું તેથી અર્ધું ફાટી ગયું. પશ્ચાત્ અર્ધું રહ્યું હતું તે પોતાના મિત્ર બ્રાહ્મણને યાચના કરવાથી આપી દીધું. પ્રભુના ભક્ત ત્યાગીઓ કળિયુગમાં વસ્ત્રને ધારણ કરશે એવું જાણી પ્રભુએ દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કર્યું હતું તેમ જિનકલ્પની તુલના કરવા નગ્નપણે રહેશે.

ચક્રવર્તીનાં ચિહ્નો :

એકદા પરબ્રહ્મ મહાવીર પ્રભુ ગંગાનદીના કાંઠા પર ધ્યાન ધરતા હતા. ગંગાની અધિષ્ઠાત્રી ગંગાદેવીએ પ્રભુને ત્યાં આવી વાંદ્યા અને પ્રભુના બોધથી તેમનું ધ્યાન ધરવા લાગી. પ્રભુ ગંગા નદીના બેટડામાં ફરતા હતા તેથી કાદવમાં તેમના પાદોનું પ્રતિબિંબ પડ્યું. એવામાં ત્યાં એક નિમિત્તિયો આવ્યો. તેણે કાદવમાં પડેલાં પગલાં દેખી જાણ્યું કે જરૂર અહીં કોઈ સર્વ વિશ્વનો ઉપરી ચક્રવર્તી આવેલ છે. તે પગલે પગલે ચાલ્યો તો તેણે ત્યાગી એવા પ્રભુને દેખ્યા, પણ ચક્રવર્તીને ન દીઠા. તેથી વિચાર કર્યો કે નિમિત્તશાસ્ત્રો જૂઠાં છે તેથી તે ગંગાનદીમાં બોળી દેવાં. એમ વિચારી શાસ્ત્રોની પોઠ ગંગાનદીમાં બોળવા ચાલ્યો કે તરત ઇન્દ્ર ત્યાં આવ્યો. ઇન્દ્રે જણાવ્યું કે, 'હે દૈવજ્ઞ નૈમિત્તિક! શાસ્ત્રો જૂઠાં નથી. આ જે ત્યાં તેં દીઠા તે પ્રભુ મહાવીર પરમાત્મા છે. તે સર્વ દેવોના દેવ અને સર્વ ચક્રવર્તીઓના ચક્રવર્તી વિશ્વધણી મહાવીર પ્રભુ છે. તેમના પગમાં ચક્રવર્તીનાં અનેક ચિહ્નો છે, પણ તે ધર્મના ચક્રવર્તી છે.' એમ કહીને ઇન્દ્રે અનેક રત્નોની ભેટ આપી. તેથી નિમિત્તિયો સંતુષ્ટ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨. ચંડકૌશિકનો ઉપસર્ગ

પ્રભુ મહાવીરદેવ એકદા વિહાર કરતા કરતા શ્વેતાંબી નગરીની બહાર કનકખલ તાપસાશ્રમમાં પધાર્યા. કનકખલ તાપસાશ્રમ અનેક જાતનાં વૃક્ષોથી સદા શોભતો હતો. તે તાપસાશ્રમમાં પૂર્વે અનેક તાપસો વસતા હતા, પરંતુ હાલમાં ત્યાં એકે તાપસ નહોતો. ત્યાં એક મોટો ચંડકૌશિક સર્પ વસતો હતો. તે પચાસ હાથ લાંબો હતો અને ઝાડના થડ જેવો જાડો અને કાળો હતો. તેની બે આંખો તારાની પેઠે, વીજળીના ચમકારાની પેઠે ચમકતી હતી. તેની ગજગજ લાંબી મૂછો હતી. તે ચાલતો ત્યારે ગાડાના ચક્રની પેઠે ધમધમ અવાજ થતો હતો. તે તાપસાશ્રમમાં પશુઓ અને પંખીઓનો નિવાસ હતો. તે સર્પનું નામ ચંડકૌશિક સર્પ હતું. તે પશુઓને પોતાની તરફ ખેંચી લેતો હતો અને પંખીઓને પણ નજીકમાંથી હેઠે પાડી ગળી જતો હતો. તેના ભયથી બાર બાર ગાઉ ફરતું કોઈ જઈ શકતું નહોતું. સૂર્યની સામે દૃષ્ટિ કરીને તે પોતાની સામે આવેલાને બાળીને ભસ્મ કરી દેતો હતો. તેથી તે પ્રદેશમાં શ્વેતાંબી નગરીના રાજા કે કોઈ ઋષિ જઈ શકતા નહોતા.

પ્રભુએ ચંડકૌશિક સર્પને પ્રતિબોધવા તે તરફ વિહાર કર્યો. તેમને કનકખલ તાપસાશ્રમ જતાં અનેક આર્ય લોકો વારવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગ્યા અને કહેવા લાગ્યા કે, 'હે આર્ય! ત્યાં જવું એટલે મૃત્યુરૂપ કાળના મુખમાં પડવું એમ તમે જાણશો. ચંડકૌશિક નાગની આગળ કોઈનું કંઈ ચાલી શકતું નથી. અનેક વિદ્યાધારી તાંત્રિકો પણ એ સર્પને વશ કરવા સમર્થ થયા નથી.' અનેક તાપસો પણ પ્રભુને એ પ્રમાણે હિતશિક્ષા આપવા લાગ્યા.

પણ તે લોકોએ પ્રભુને પ્રભુ તરીકે ઓળખ્યા નહોતા તથા તેમના પર દયા કરીને એમ કહેતા હતા. પ્રભુએ તાપસો વગેરેને જણાવ્યું કે એ ચંડકૌશિક ક્રૂર નાગને બોધ આપીને તેને ધર્મી બનાવવા હું ત્યાં જાઉં છું. પાપીઓને ધર્મી બનાવવા એ ત્યાગીઓનું કર્તવ્ય છે. તાપસોએ કહ્યું કે જેવું તમને રુચે તેમ કરશો. જો તમે જીવતા આવશો તો તમને અમે પ્રભુ માનીશું. તમારી દશા શી થશે તે જોવા આવવાની પણ અમારી શક્તિ નથી. પ્રભુએ કહ્યું કે ધર્મથી અધર્મનો નાશ થાય છે. દયાની આગળ હિંસાભાવ ટકતો નથી એવો વિશ્વાસ રાખો અને તે પ્રમાણે વર્તો. એમ કહી પ્રભુ મહાવીરદેવે ઠનકમલ તાપસાશ્રમ પ્રતિ પ્રયાણ કર્યું.

સંધ્યાસમયે તે ચંડકૌશિક સર્પના સ્થાન પાસે આવી પહોંચ્યા. સર્પ પોતાના સ્થાનમાં પડ્યો પડ્યો ઊંઘતો હતો. એવામાં તે પ્રભુના સંચારથી જાગ્રત થઈ અગ્નિની પેઠે ક્રોધથી ધમધમાયમાન લાલચોળ બની ગયો અને મનમાં અહંકાર લાવી વિચારવા લાગ્યો કે, 'અરે આ ધૃષ્ટ મનુષ્ય કોણ છે? મોટા મોટા ઋષિઓ પણ અહીં આવી શકે નહીં. શેષનાગ પણ અહીં આવી શકે નહીં, એવો મારો પ્રતાપ છે. તેને ઉલ્લંઘીને અહીં આવનાર આ કોણ છે? મારો ભય નહીં રાખનારને હવે હું મારું ફળ તરત દેખાડવા તૈયાર થાઉં છું.'

એમ વિચારીને તેણે ભયંકર ફુત્કારશબ્દો કર્યા. તેથી વૃક્ષો પરથી ભયનાં માર્યાં કેટલાંક પંખી નીચે પડી ગયાં અને જ્યાં જ્યાં તેની ફુત્કારધ્વનિની અસર થઈ ત્યાં ત્યાં વિષનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિહ્નો જણાવા લાગ્યાં. તેના મહાધ્વનિ સરખા ફૂંફાડાથી તાપસાશ્રમ શબ્દમય થઈ ગયો અને તેનાથી નાના સર્પો તો દરોમાં પેસી ગયા. તેણે અત્યંત ક્રોધ ધારણ કર્યો. વાદળામાંથી વીજળી જેમ બહાર ચમકે છે તેવી રીતે કૃષ્ણમુખવાળા વાદળા સરખા તેના મુખમાંથી જિહ્વા લપલપાયમાન થઈ વીજળી પેઠે ચમકવા લાગી.

લોહારની ચાલતી ધમણની પેઠે તેના શરીરમાંથી શ્વાસોચ્છ્વાસ ચાલવા લાગ્યા. અગ્નિના રક્તમય ગોળાની પેઠે તેની આંખો ચમકવા લાગી અને તેથી અંધારામાં પણ પ્રકાશ જેવું જણાવા લાગ્યું. તેના મસ્તક પર જે મણિ હતો તે મહાદીપકની પેઠે ઝગમગતો હતો. તેણે પ્રચંડ શરીર ફેરવવા માંડયું અને ઠેઠ પ્રભુની સન્મુખ આવી લાગ્યો. તે વખતે પ્રભુએ પોતાની આંખોને નાસાગ્ર પર સ્થાપી હતી અને પોતે પોતાના સ્વરૂપમાં મેરુની પેઠે અચલ, ધીર બન્યા હતા. ચંડકૌશિક સર્પ પર તેમને રાગ પણ નહોતો અને દ્વેષ પણ નહોતો.

વિશ્વમાલિક આગળ અણુથી પણ અનંતગણો લઘુ તે સર્પ હતો. પ્રભુએ તે શું કરે છે તે પર જરામાત્ર લક્ષ્ય દીધું નહોતું. જીવો પોતાનાં કર્મોથી કેવાં કેવાં પુનઃ નવીન કર્મો બાંધે છે તે ચંડકૌશિક સર્પની પ્રવૃત્તિથી જણાય છે. ચંડકૌશિક સર્પ અત્યંત ક્રુદ્ધ થઈ પ્રભુના જમણા અંગૂઠે ડસ્યો અને દાઢનું ઝેર ડંશ કરી ઠલવ્યું અને પછી આઘો ખસી ગયો. તે વિચારવા લાગ્યો કે હવે આ મનુષ્ય ઝેરની અસરથી ઢેઠળ પડી જશે. એમ ધારી ધારીને જોવા લાગ્યો. પણ પ્રભુ તો મેરુપર્વતની પેઠે ઊભા જ રહ્યા. તેથી બે કલાક પશ્ચાત્ પાછો ચંડકૌશિક સર્પ મહાક્રોધાયમાન થયો. એ પ્રભુને કરડવા પાછો દોડયો અને ખૂબ ડસ્યો. પછી તરત પાછો ખસી ગયો અને દૂર જઈ જોવા લાગ્યો.

બેત્રણ કલાક થયા પણ પ્રભુ મહાવીર જરામાત્ર હાલ્યા-ચાલ્યા નહીં તેથી ચંડકૌશિક સર્પ અત્યંત ક્રોધાયમાન થયો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાની દાઢમાં બાકી રહેલું ઝેર એકઠું કરી પાછો પ્રભુને કરડવા દોડ્યો. તે પ્રભુનાં મર્મસ્થાનકોમાં ડસ્યો કે જેથી તરત વિષની અસર થાય. ત્રણ કલાક થયા છતાં પ્રભુના શરીર પર ઝેરની અસર ન થઈ ત્યારે તે વિચારવા લાગ્યો કે હવે સૂર્યોદય થયો છે. તેથી સૂર્ય સામી દૃષ્ટિ કરી, પશ્ચાત્ મારી આંખનાં કિરણોને આ મનુષ્ય પર ફેંકી બાળી નાખું. એ પ્રમાણે વિચાર કરીને તેણે પ્રભુ પર ઝેરી દૃષ્ટિ ફેંકી, પણ પ્રભુ પર તેની કંઈ અસર થઈ નહીં.

પ્રભુ અનંત શક્તિમાન હતા. આખી દુનિયાને આકાશમાં ઉડાડી દે તો તેનો એક પરમાણુ પણ કરોડો વર્ષે પાછો હેઠે ન પડે એવી અનંત શક્તિવાળા પ્રભુની ક્ષમાની હદ નથી, તેમની દયાની હદ નથી. હવે આ ચંડકૌશિક સર્પ ચિંતામાં પડી ગયો અને વિચારવા લાગ્યો કે અહો! આ તો મનુષ્ય છે કે દેવ છે! આ આર્ય મનુષ્યની આગળ મારી સર્વ શક્તિઓનું કશું કંઈ ચાલતું નથી. આ મનુષ્યના શરીરમાંથી ડંસના સ્થાનમાંથી દુગ્ધ જેવો પ્રવાહી પદાર્થ નીકળે છે. અહો! આ પુરુષ પર મેં જુલ્મ કરવામાં બાકી રાખી નથી, છતાં તેની આંખો શાંતિથી ઝળકે છે. તેના કપાળમાં ક્રોધથી કરચલી પડતી નથી. અહો! આ ધીર પુરુષે પગ જરામાત્ર ખસેડ્યો નથી! અહો! આવો મહાપુરુષ કોણ હશે? આ મહાપુરુષ આગળ મારું જોર ચાલવાનું નથી. અહો! આ પુરુષ ધારે તો મારા શરીરનો એક ક્ષણમાં નાશ કરી શકે, પણ મારો નાશ કરવાનો આ પુરુષના મનમાં જરામાત્ર સંકલ્પ પણ પ્રગટ્યો હોય તેમ જણાતું નથી. અહો! આ કોઈ મહા અલૌકિક મનુષ્ય જણાય છે. હવે હું શું કરું? આ પુરુષને અહીં આવવાનું શું કારણ હશે તે હું શી રીતે જાણી શકું? આ પુરુષને મેં નકામા અને નિષ્પ્રયોજન ડંસ દીધા.

ચંડકૌશિકને બોધ

આ પ્રમાણે ચંડકૌશિક વિચારવા લાગ્યો ત્યારે પ્રભુએ અમૃતમય ઉદ્‌ગાર કાઢીને કહ્યું કે, 'હે ચંડકૌશિક સર્પ! પ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોધ પામ, બોધ પામ ! કેમ બોધ પામતો નથી ? હજારો પ્રાણીઓને કેમ હણે છે. અરે, તું મહાન ઋષિ હતો, સમ્યગ્જ્ઞાની હતો, છતાં ક્રોધની પરંપરા વધારીને સર્પનો અવતાર પામ્યો છે તેનો કેમ વિચાર કરતો નથી ?' આવાં અમૃતમય વચનો શ્રવણ કરીને ચંડકૌશિક સર્પે પ્રભુને નમસ્કાર કર્યો અને પ્રભુના શરીરને ત્રણ પ્રદક્ષિણા દઈ પગે લાગ્યો. તે મનમાં ને મનમાં કહેવા લાગ્યો કે 'હે પ્રભો ! મારા અપરાધોની માફી આપો, આપે મારો પૂર્વ-ભવ કેવી રીતે જાણ્યો અને હું પૂર્વભવમાં કોણ હતો તે કૃપા લાવીને કહો.' એમ મનથી પ્રાર્થના કરી તે પ્રભુના સન્મુખ ચાર પાંચ હાથ ઊંચો થયો અને પોતાના પૂર્વજન્મને સાંભળવા ઉત્સાહી બન્યો.

કરુણાસાગર શ્રી મહાવીર પ્રભુ કહેવા લાગ્યા, 'તું પૂર્વ-ભવમાં મહા તપસ્વી સાધુ હતો. તારી આજ્ઞામાં પાંચસો સાધુઓ રહેતા હતા. તેં અનેક ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. માસ માસના ઉપવાસ કરીને તે પર પારણું કરી તું પાછા એક માસના ઉપવાસ કરતો હતો. તારી તપશક્તિથી ઇન્દ્ર પણ ભય પામવા લાગ્યો. એક દિવસ તું માસનું તપ કરી પારણું કરવા વહોરવા ગયો હતો. સાથે બેત્રણ તપસ્વી સાધુઓ પણ હતા. માર્ગમાં જતાં એક દેડકી પર તારો પગ આવ્યો અને તેથી દેડકી મરણ પામી. સંધ્યાએ પ્રતિક્રમણ કરતાં દેડકીના મૃત્યુની માફી માગવાની હતી તે તને યાદ ન રહી. તેથી એક ચેલાએ કહ્યું કે ગુરુજી આપના પાદ તળે પેલી દેડકી ચગદાઈ મૃત્યુ પામી તેનો પશ્ચાત્તાપ કરો.

'શિષ્યના આવા પ્રકારના બોલવાથી તને ક્રોધ થયો અને શિષ્યને મારવા દોડ્યો. તેવામાં સ્તંભની સાથે તારું માથું એકદમ પટકવાથી તું મરણ પામી જ્યોતિષી દેવ થયો અને ત્યાંથી જ્યોતિષી દેવનું આયુષ્ય ભોગવીને અહીં શ્વેતાંબી નગરીની પાસે કનકખલ તાપસાશ્રમમાં ચંડકૌશિક કુલપતિ તાપસ થયો. ત્યાં આશ્રમમાં ફૂલો લેવા આવનાર રાજકુમારો પર અત્યંત ક્રુદ્ધ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેઓને મારવા તેઓની પાછળ દોડ્યો. એવામાં વચ્ચે આડો આવ્યો. તેમાં તું પડયો અને કપાલમાં ફરસો વાગવાથી મરણ પામ્યો. પછી આજ આશ્રમમાં ચંડકૌશિક સર્પ તરીકે તું ઉત્પન્ન થયો. આ પ્રમાણે તારા પૂર્વભવો પૈકી પાસેના ભવો છે. હવે તને જેમ યોગ્ય લાગે તેમ કર. હવે તારી દૃષ્ટિ ખૂલી ગઈ છે. તારા હૃદયમાં વિવેક પ્રગટ્યો છે.'

પ્રભુના એવા બોધદાયક વચનામૃતનું પાન કરીને ચંડકૌશિક સર્પે તેમના ચરણમાં પોતાનું મસ્તક મૂકયું અને આંખમાંથી અશ્રુવર્ષાથી પ્રભુનાં ચરણને ભીંજવતો છતો કહેવા લાગ્યો કે, 'હે પ્રભો ! આપના બોધથી મને જાતિસ્મરણ જ્ઞાન થયું છે. જેમ અરીસામાં મુખ દેખાય તેમ મારા જ્ઞાનમાં મારા પૂર્વભવો ભાસે છે. આપની કૃપાદૃષ્ટિથી હું મહા તપસ્વી સાધુ હતો તે કાળના જ્ઞાન પરનો પડદો ટળવાથી આપ ચોવીસમા તીર્થંકર મહાવીર પ્રભુ છો એમ મને ભાસ થયો છે. માટે હવે હું આપનું શરણ અંગીકાર કરું છું અને આપની આજ્ઞા પ્રમાણે વર્તવામાં મારું કલ્યાણ છે. આપ પ્રભો દેવ ! હવે મારો ઉદ્ધાર કરો.

'મેં અહંકાર અને ક્રોધથી હિંસા કરવામાં પાછું વાળી જોયું નથી. અરે પ્રભો ! મેં મહાપાપીએ આપને ડંસ દીધા તેથી હવે મારું શું થશે ? પરબ્રહ્મ મહાવીરદેવ ! આપ તો મારા દેવ છો. મારા દોષો તરફ ન દેખો. પ્રભો ! કરેલાં પાપોથી હું ખૂબ છું. સર્વ પાપકર્મનો નાશ થાય એવા ઉપાયો બતાવો અને મારો ઉદ્ધાર કરો. આપ મારી મતિ અને ગતિ છો. પ્રભો ! મને તારો.'

પ્રભુ મહાવીર અને ચંડકૌશિક સર્પ વચ્ચે સંવાદ :

પ્રભુ મહાવીર : ચંડકૌશિક ! પશ્ચાત્તાપરૂપ અગ્નિથી કર્મકાષ્ઠનો નાશ થાય છે. હવે તું શાંત થા. કોઈ પ્રાણીને હાનિ ન પહોંચાડ. દુઃખ પોતે સમભાવે સહન કર. સર્વ જીવોને ખમાવ અને સર્વ જીવોને પોતાના આત્મા સરીખા ભાવ. સર્વ જીવો કર્યા કર્માનુસારે સુખદુઃખ ભોગવે છે. કૃતકર્મોને પશ્ચાત્તાપથી વિખેરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાખ. આત્માથી મન, વાણી અને કાયા ભિન્ન છે માટે કાયાનો મોહ દૂર કર. શરીરમાં થતો આત્માધ્યાસ દૂર કર. એથી તારા આત્માની શુદ્ધિ થશે.

ચંડકૌશિક : ભગવાન ! કરુણાસાગર દેવ ! મેં મુનિના ભવમાં શિષ્યને મારવા ક્રોધ કર્યો. તેમાં થાંભલાએ મારું મથું અથડાયું. તેથી મારા પ્રાણનો નાશ થયો. તેથી આટલા સુધી હું નીચ જન્મમાં ઊતરી ગયો.

પ્રભુ મહાવીર : ચંડકૌશિક ! શિષ્યને હણવા માટે તેં જે ક્રોધ કર્યો તે મહાતીવ્ર હતો અને તે વખતે તને અહંકાર પણ તીવ્ર થયો હતો. તેથી તું મૃત્યુ પામી જ્યોતિષી દેવ થયો, જો તને તેવો ક્રોધ અને અહંકાર ન થયો હોત તો તે ભવમાં તું મુક્તિપદને પામત.

તારા તપના પ્રભાવે તું જ્યોતિષી દેવ થયો. એકવાર ક્રોધ કરવામાં આવે છે તો પશ્ચાત્ તેનો સંસ્કાર પડે છે અને તેથી વારંવાર ક્રોધ થયા કરે છે. જ્યોતિષી દેવના અવતારમાં તેં ક્રોધ કર્યો તેમ જ ચંડકૌશિક તાપસના ભવમાં તેં રાજકુમારો પર અત્યંત ક્રોધ કર્યો અને તેથી તેં ઘણો તપનોક્ષય કર્યો. તેથી ચંડકૌશિક સર્પનો અવતાર લેવો પડ્યો. પૂર્વ ભવની તપશક્તિના અંશના પ્રભાવે સર્પના ભવમાં તારામાં હજી શક્તિ રહી છે. મારા પર તારી શક્તિ ન ચાલે તે તો તું જાણે છે જ. તારી શક્તિમાં તું ભરપૂર હતો અને તેં તેનો દુરુપયોગ ઘણો કર્યો છે. પૂર્વે મુનિના ભવમાં તેં જૈનધર્મની શ્રદ્ધા કરી હતી અને શુદ્ધાત્મમહાવીરના સ્વરૂપ તરફ શ્રદ્ધા–પ્રીતિ કરી ભક્ત બન્યો હતો. તેથી પાછો તારો ઉદ્ધાર થવાનો પ્રસંગ તને મળ્યો. એકવાર પણ જે પ્રભુભક્ત બને છે તે જો મોહપરિણતિથી પાછો પડે છે, તોપણ તે ઊંચાનીચા અનેક અવતારો લઈ, પાછો સંત થઈ, પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

ચંડકૌશિક ! તારી બાબતમાં પણ તેમ બન્યું છે. દોરાથી પરોવેલી સોય કચરામાં પડી જાય તોપણ તે હાથમાં આવે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમ એકવાર જેને જૈનધર્મની પ્રાપ્તિ થઈ અને પ્રભુપદનો અનુભવ થયો તે કર્મવશાત્ નીચ અવતારોને પામે તોપણ તે પાછો ઉચ્ચ અને શુદ્ધાત્મપદને પામે છે.

ચંડકૌશિક ! આત્માનો શત્રુ આત્મા જ છે અને આત્માનો મિત્ર પણ આત્મા જ છે આત્મા પોતે પોતાને જેવો ધારે તેવો બનાવી શકે છે. આત્માના સ્વરૂપમાં મન જોડવાથી મુક્તિપદ પામે છે. જેવાં કર્મ કરવામાં આવે છે તેવો અવતાર લેવો પડે છે. હવેથી પાપકર્મથી પાછા હટવું એ તારા મન પર આધાર રાખે છે. હવે તું જાગ્રત અને સાવધાન થયો છે. હવે પાછો ક્રોધ ન કર. પૂર્વે કોટિભવ સુધી તપેલું તપ પણ બે ઘડી પર્યંત કરેલા ક્રોધથી ક્ષય થાય છે. આત્માના સ્વરૂપની ભાવના ભાવતાં ક્રોધ ઉપશમે છે, અને નામરૂપનો મોહ થતાં ક્રોધાદિ કષાયો વેગથી પ્રગટે છે. માટે શરીરમોહ અને નામમોહ દૂર કર. તારા શરીરનો નાશ કરનારા પણ તારા શત્રુઓ નથી. જે જે કર્મનિમિત્તે શરીર અને પ્રાણનો નાશ થવાનો હોય છે તે તે નિમિત્તે શરીર અને પ્રાણનો નાશ થાય છે. શરીર અને પ્રાણ એ તું નથી. તું તો નિત્ય અવિનાશી આત્મા છે. આત્માનો વસ્તુતઃ કોઈ શત્રુ વા મિત્ર નથી. મનની કલ્પનાથી સંસારમાં જન્મો થયા કરે છે. મનના રાગદ્વેષાત્મક વિકલ્પ–સંકલ્પો ટળતાંની સાથે આત્મા મુક્ત અને સ્વતંત્ર બને છે. જેનો નાશ થાય છે તે તું નથી એમ નિશ્ચય રાખ.

ચંડકૌશિક : પ્રભુ મહાવીર ભગવાન ! આપનો સદુપદેશ મેં સાંભળ્યો. તે મારા હૃદયમાં પરિણમ્યો છે. તે ઉપદેશથી મારા આત્માને અપૂર્વ શાન્તિ મળી છે. પ્રભો ! મને અનશનવ્રત સ્વીકારવાનું મન થયું છે. મારું શરીર ન છૂટે અને મારો આત્મા આ જડ દેહથી છૂટો ન પડે તાવત્ સમભાવમાં રહું એવી કૃપા કરો. આપના દર્શનમાત્રથી અંતઃકરણ સ્વચ્છ થયું છે. હવે હું સર્પશરીરથી જીવવા ઇચ્છતો નથી, અને સર્પશરીરના પોષણ માટે આહાર પણ ગ્રહણ કરવા ઇચ્છતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે પ્રભુ મહાવીર ભગવાન ! આપમાં જ હું મારી સર્વ વૃત્તિઓને સમર્પું છું. હું આપના સ્વરૂપમાં લીન થાઉં છું. આપની ભક્તિ તે જ મારું જીવન છે એમ અનુભવું છું. મૃત્યુના છેલ્લા શ્વાસોચ્છ્વાસ પર્યંત આપને દેખું એ જ મારી પ્રાર્થના કબૂલ રાખો. વિશ્વના માલિક એવા આપનું શરણ તે જ મારું કર્તવ્યકર્મ છે.

પ્રભુ મહાવીર ભગવાન : હે ચંડકૌશિક ! તારામાં શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ જાગ્રત થયાં છે. તને આત્માની શ્રદ્ધા થઈ છે. અહંમમત્વ તારું ટળવા માંડ્યું છે. તારું શરીર ન છૂટે ત્યાં સુધી હું તારી પાસે રહીશ. હવે તું નિર્ભય થા. આત્મમહાવીર તરફ ઉપયોગ રાખ અને શરીર છતાં પોતાના આત્માને અશરીરી દેખ અને એવા દૃઢ નિશ્ચયમાં રહે. આત્માનું મરણ નથી. દેહ–પ્રાણનો આત્માની સાથેનો વિયોગ તે મરણ છે.

ચંડકૌશિક : પ્રભુ મહાવીર ભગવાન ! મને આત્માનું સ્વરૂપ સમજાવો. દેહથી આત્મા જુદો પડ્યા બાદ આત્મા કઈ કઈ ગતિમાં જાય છે ? આત્માની સાથે શું શું જાય છે? આત્માની સાથે મન કર્મ જાય છે કે કેમ ?—તેનું સ્વરૂપ સમજાવો.

પ્રભુ મહાવીરદેવ : ચંડકૌશિક ! અનાદિકાળથી આત્મા કર્મસહિત છે. આઠ પ્રકારનાં કર્મ છે : જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. એ આઠ કર્મનો આત્માની સાથે બંધ અને તેનું આત્માની સાથે રહેવાપણું તે સત્તા છે એમ જાણવું. એ આઠ કર્મનો વિપાક—ભોગની પ્રવૃત્તિ તે ઉદીરણા અને ભોગવવાં તે વિપાક પ્રારબ્ધ ભોગ જાણવો. કર્મના સંબંધ વિના આત્મા સંસારમાં જન્મો લઈ શકતો નથી. જ્ઞાનમય, શક્તિમય અને આનંદમય આત્મા છે, અને તે જ કર્મ ટળતાં વ્યક્ત પરમાત્મા બને છે. આત્મામાં રહેલા જ્ઞાનનું આચ્છાદન જે કરે છે તે જ્ઞાનાવરણીય કર્મ છે. આત્માના દર્શનગુણનું આચ્છાદાન કરે છે તે દર્શનાવરણીય કર્મ છે. શરીર અને મન દ્વારા પુણ્ય–પાપનું શુભાશુભ ફળ વેદવું તે શાતા–અશાતારૂપ વેદનીયકર્મ છે. શાતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને અશાતા વેદતાં મોહ પામવો તે મોહનીય કર્મ છે. ચાર ગતિમાં અમુક શરીરમાં અમુક વખત સુધી રહેવું તે આયુષ્યકર્મ છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીર સાથેનો સંબંધ, સંઘયણ–સંસ્થાન, પાંચ વર્ણનો સંબંધ, લેશ્યા એ નામકર્મ છે. ઉચ્ચ કુળને પામવું તે ઉચ્ચગોત્ર છે અને નીચ કુળને પામવું તે નીચગોત્ર છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એ પાંચ પ્રકારનું અંતરાયકર્મ છે. તેથી આત્મિક તથા કર્મસંબંધી દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યનો લાભ મળતો નથી.

શરીરમાંથી આત્મા છૂટે છે ત્યારે તૈજસ અને કાર્મણ શરીર તેની સાથે જાય છે. કાર્મણ શરીરમાં પુણ્ય–પાપ બંને રહે છે. કાર્મણ શરીરમાં મનોવર્ગણા પણ પરભવમાં જતાં સાથે રહે છે. તારું સર્વ શરીર છૂટ્યા બાદ શુભાશુભ પરિણામથી બાંધેલું કાર્મણ શરીર તારી સાથે આવશે. તેથી અન્ય ગતિમાં તારી સાથે બે શરીર, પુણ્ય–પાપરૂપ આઠ કર્મ અને તૈજસ શરીર, ધર્મ, અધર્મ સંસ્કાર સાથે આવશે, પણ તે સંપૂર્ણ જ્ઞાનીઓ દેખી શકે છે.

આત્મા જો દેવલોકમાં જાય તો ત્યાં દેવગતિમાં કાર્મણ અને તૈજસ શરીર વડે વૈક્રિય શરીર ગ્રહણ કરવું પડે છે. આત્મા જો નરકમાં જાય તો ત્યાં અશુભ વૈક્રિય શરીરને ગ્રહણ કરે છે. આત્મા જો મનુષ્યગતિ અને તિર્યંચ ગતિમાં જાય છે તો ત્યાં કાર્મણ અને તૈજસ શરીર વડે ઔદારિક શરીર લેવું પડે છે અને ત્યાં પુનઃ કર્મ દ્વારા નવીન કર્મને ગ્રહી પુનઃ અવતારો લેવા પડે છે. મનમાં શુભાશુભ વિચારો જ્યાં સુધી પ્રગટે છે ત્યાં સુધી શુભાશુભ કર્મનું ગ્રહણ થયા કરે છે. શુભાશુભ ભાવથી મુક્ત થઈ જે પૂર્વભવનાં કરેલાં કર્મો ઉદયમાં આવતાં પ્રારબ્ધ કર્મ ભોગવે છે પણ તેમાં સમભાવ ધારણ કરે છે, શુભ કર્મરૂપ પ્રારબ્ધ ભોગવતાં જે હર્ષ પામતો નથી અને અશુભ કર્મોદયરૂપ પ્રારબ્ધ ભોગવતાં જે શોક પામતો નથી, જે સુખ અને દુઃખ વેદે છે પણ બાહ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાતા–અશાતાથી આત્માને ભિન્ન માને છે, જે આત્માના અનંત સુખનો નિશ્ચય ધારે છે અને તેમાં ઉપયોગી રહે છે તે જીવન્મુક્ત, પ્રભુ, દેવ છે.

ચંડકૌશિક સર્પ ! એક દેહમાંથી બીજા દેહમાં જતાં પૂર્વ દેહનો ત્યાગ તે મરણ છે. પણ આત્મા તો ત્રણ કાળમાં અખંડ અવિનાશી નિત્ય રહે છે. અનંત કાળથી અનંત દેહમાં આવતો અને જતો આત્મા બદલાતો નથી. આત્મા તે જ મહાવીર પ્રભુ છે. તેમાં મન, વાણી અને કાયાનો હોમ કરતાં આત્મા જ્ઞાનાદિ ગુણોથી પ્રકાશિત થાય છે. આત્માના ઉપયોગમાં ધર્મ છે—એમ એકવાર નિશ્ચય થતાંની સાથે આત્મા અનંત કર્મની નિર્જરા કરે છે. પૂર્વ ભવોનાં બાંધેલાં કર્મો ખરી જાય છે અને આત્મા વિશુદ્ધ બને છે. આત્મામાં જ જેનું મન છે તે અંતરાત્મા છે.

ચંડકૌશિક ! તું અંતરાત્મા બન્યો છે. હવે તું આગળ ને આગળ પ્રગતિ કરીશ, પણ પાછળ પતિત થઈશ નહિ. હવે તું આત્મામાં મન રાખ. મારું સ્વરૂપ તારા હૃદય આગળ ખડું કર અને જે જે દુઃખ પડે તે સમભાવે વેદ (ભોગવ), પણ કોઈ ઉપર દ્વેષભાવ ન લાવ. જરામાત્ર અકળાઈ ન જા અને તું પોતાને શુદ્ધાત્મ મહાવીરરૂપે ભાવ. તારી ઇન્દ્રિયોમાં તું નથી એવું ભાવ. તારા શરીર દ્વારા પાપકર્મનું ફળ દુઃખ ઘણું વેદાશે, પણ પાછો શરીર દ્વારા અન્ય પર રાગદ્વેષ કરી તું નવીન કર્મ ન બાંધ. મૃત્યુ થતાં પહેલાં જેટલું મોહની સાથે યુદ્ધ કરવું હોય તેટલું કરી લે. દેહાધ્યાસમાં પાછું ન અવાય તેમ ઉપયોગ રાખ. જેવી વૃત્તિ થશે તેવો તું બનીશ. માટે હવે હારજીતની બાજી તારા હાથમાં મૂકી છે. હવે તારું શૂરપણું દાખવ અને મનની નબળાઈને દૂર કર. આત્મા અનંત શક્તિમય છે. તેની શ્રદ્ધા રાખ.

ચંડકૌશિક : પ્રભો ભગવન્ ! આપના ઉપદેશ પ્રમાણે હવે હું ઉપયોગ રાખું છું અને અનશનવ્રત અંગીકાર કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પ્રમાણે ચંડકૌશિકે કહીને અનશનવ્રત અંગીકાર કર્યું. દેહનો પૃથ્વીમાં અંતર્ભાવ કર્યો. રક્તનો જલમાં અને પાંચ પ્રકારના પ્રાણનો વાયુમાં લય કર્યો. ઉષ્ણતાનો અગ્નિમાં અને શરીરમાં રહેલી ખાલી જગ્યાનો આકાશમાં અંતર્ભાવ કર્યો. શબ્દનો અને મનોવર્ગણાનો જડ પુદ્ગલમાં સમાવેશ કર્યો. તેણે પાંચે ઇન્દ્રિયોની વૃત્તિને મનમાં પાછી ખેંચી લીધી અને મનને આત્મામાં આકર્ષ્યું. તે શાંત દાંત બન્યો. એક યોગીની પેઠે તે હૃદયમાં પ્રભુ મહાવીરને સ્થાપી સ્થૂલ વિશ્વના સંબંધથી અતીત થયો. આવી કેટલાક દિવસ સુધીની તેની સ્થિતિ થવાથી ત્યાં મનુષ્યોનો પગસંચાર થયો અને તેઓએ શ્વેતાંબી નગરીમાં જાહેર કર્યું કે એક આર્યદેવના ઉપદેશથી ચંડકૌશિક સર્પ શાંત, દાંત, વૈરાગી, ત્યાગી બન્યો છે.

આ પ્રમાણે શ્વેતાંબી નગરીના લોકોને જાહેર થવાથી ઘણા મનુષ્યો તાપસાશ્રમમાં જવા લાગ્યા અને આશ્ચર્ય પામ્યા. કેટલીક ગોવાલણો ત્યાં ગઈ અને ચંડકૌશિકની આવી શાંત દશા જોઈ અને પ્રસન્ન થઈ તેના પર ઘૃત, દૂધ, દહીં રેડવા લાગી. તેથી ત્યાં અનેક કીડીઓ, ઝિમેલો (ધિમેલો) આવવા લાગી અને ચંડકૌશિકના શરીર પર ચઢવા લાગી. તેમણે શરીરને ચટકા મારી મારીને ચાલણીની પેઠે કરી દીધું.

તે ચંડકૌશિકના શરીરમાં રહેલું રક્ત ચૂસવા લાગી. પૂંછડાના ભાગમાંથી પેસીને મુખના ભાગમાંથી બહાર નીકળવા લાગી. ધીમેલોના ચટકાથી ચંડકૌશિકને અત્યંત વેદના થવા લાગી, તોપણ તે પ્રભુનું સ્મરણ કરી તથા પ્રભુનો ઉપદેશ ધ્યાનમાં લાવી સહન કરવા લાગ્યો અને મનમાં વિચારવા લાગ્યો કે આ ભવમાં અથવા પરભવમાં કૃતકર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. જેમ જેમ વેદના વેદાય છે તેમ તેમ ઉદયમાં આવેલાં કર્મો ખરી જાય છે અને આત્મા શુદ્ધ થતો જાય છે.

ચંડકૌશિક મનમાં પુનઃ વિચારવા લાગ્યો કે કીડીઓ અને ધીમેલો મારી દુશ્મન નથી. ઊલટું, તે કર્મની નિર્જરા કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહચારિણીઓ બની છે. માટે તેઓનો ઉપકાર માનું છું. દુઃખને સમભાવે ભોગવતાં આત્મામાં મહોત્સવ પ્રગટે છે. અને હાલ મારા હૃદયમાં દુઃખ પડવા છતાં પણ ધૈર્ય રહે છે એ પરમદેવ મહાવીર પ્રભુની કૃપા છે. પરમબ્રહ્મ મહાવીરનાં દર્શન મારા જેવાને મૃત્યુ-કાળે થાય છે એથી મને આત્મસમાધિની પ્રાપ્તિ થઈ છે.

એ પ્રમાણે ચંડકૌશિક મનમાં ભાવના ભાવતો હતો અને અત્યંત વેદના સહતે। તે પ્રાચીન કર્મો નિર્જરતો હતો. પ્રભુ ઉપરની શ્રદ્ધા પ્રીતિ–ભક્તિના શુભ અધ્યવસાયે પુણ્યકર્મ ગ્રહણ કરતો હતો. તે સમયે શ્રી પ્રભુ મહાવીર ભગવંતે કહ્યું કે, 'ચંડકૌશિક! સમભાવ રાખ. સમત્વ જ મહાયોગ છે. તેનાથી અનંત કર્મનો ક્ષય થાય છે. યોદ્ધાના જેવો અરે। પ્રસંગ છે.માટે સમભાવથી દૃઢ ધૈર્યભાવ ધારણ કર.'

પ્રભુનાં વચનોનું પાન કરીને ચંડકૌશિક અત્યંત સાવધાન થયો, અત્યંત કૃપયોગી બન્યો અને દેહભાવને ભૂલીને મહાયોદ્ધાની પેઠે આત્મભાવે જાગ્રત થયો. દેહમાં રહેલા પ્રાણો વિલય પામ્યા. તેના શરીરમાંથી એક આત્મજ્યોતિઃપુંજ આકાશમાં જવા લાગ્યો. અને આઠમા સહસ્રાર નામના દેવલોકમાં બત્રીસ વર્ષના યુવકની પેઠે પુષ્પની શય્યામાં ચંડકૌશિક ઉત્પન્ન થયો. તેની આગળ દેવીઓ નાટક કરવા લાગી અને મધુર સ્વરે ગાવા લાગી તથા પૂછવા લાગી કે હે દેવ! તમે એવું શું તપ કર્યું કે અહીં પ્રગટ્યા? પૂર્વભવમાં તમે કયાં કયાં તપ–વ્રત સેવ્યાં હતાં તેનો પ્રકાશ કરો.

દેવીઓનાં મધુર વચનો શ્રવણ કરીને ચંડકૌશિક દેવ વિચારવા લાગ્યો. તેને અવધિજ્ઞાન થયું હતું. ચાર નિકાયના સર્વ દેવોને અવધિજ્ઞાન પ્રગટે છે. ચંડકૌશિકે પોતાનો પૂર્વભવ દીઠો અને તેણે દેવીઓ આગળ જે બન્યું હતું તે સર્વ વૃત્તાંત કહ્યો. પરબ્રહ્મ મહાવીરદેવને તેણે અવધિજ્ઞાનથી દીઠા અને દક્ષિણ ભરત સન્મુખ રહી, સાતઆઠ પગલાં ભરી વંદના કરી અને દેવીઓને કહ્યું કે 'જે પ્રભુની કૃપાથી હું સહસ્રાર નામના આઠમા દેવલોકમાં અવતર્યો છું તે પ્રભુનાં મારે ત્યાં જઈ દર્શન કરવાં છે. માટે સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવીઓ મારી સાથે શ્રી મહાવીર ભગવંતને વાંદવા માટે તૈયાર થાય અને દેવવિમાનમાં બેસે.' હજારો દેવો અને દેવીઓથી પરિવરેલ ચંડકૌશિક દેવવિમાનમાં બેસીને મનુષ્યલોકમાં આવ્યો. નંદીશ્વરદ્વીપમાં વિમાન સ્થાપીને પરમાત્મા મહાવીરદેવ પાસે આવ્યો. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને વાંદ્યા, નમ્યા, સ્તવ્યા અને પરમ પ્રેમથી પ્રભુની પર્યુપાસના કરવા લાગ્યો. તાપસાશ્રમમાં તેણે જલ અને સુગંધીમય પંચવર્ણી પુષ્પની વૃષ્ટિ કરી. તેણે પ્રભુ આગળ દેવીઓ સાથે નૃત્ય કરવા માંડ્યું. તે પ્રભુનો ઉપકાર જાહેર કરવા લાગ્યો. ત્યાં અનેક તાપસજનો આવ્યા. તેમની સમક્ષ ચંડકૌશિક દેવ કહેવા લાગ્યો કે જેઓ પ્રભુ મહાવીર દેવની પર્યુપાસના કરશે તેઓને ક્રોધના દુઃખમ.થી બચાવીશ. પરબ્રહ્મ મહાવીર દેવની સામે સ્તુતિ કરતા સામા ઊભેલ એવા ચંડકૌશિકનું વૃત્તાંત જેઓ સ્મરશે તે ઉગ્ર ક્રોધને ઉપશમાવશે અને શાંત બનશે. તે આત્મસમાધિનો લાભ મેળવશે. પ્રભુના ચરણમાં રહેલ એવી મારી નાગ અવસ્થા સાથે શ્રી મહાવીરપ્રભુનું સ્મરણ–ધ્યાન ધરશે તેઓ તક્ષકાદિ સર્પવૃન્દથી નિર્ભય, નિર્વિષ, નિર્વિઘ્ન રહેશે.

હે પ્રભો ! આપના સત્ય ભક્તોના દાસનો હું દાસ છું અને આપના ભક્તોની સેવા કરીને દેવલોકમાં હું આપનું ગાન કરતો વિચરીશ. આપના ભક્તોને શેષનાગ જેવા નાગોથી પણ ઉપદ્રવ થશે નહીં.

પછી તેણે સર્પની કાયાનો અગ્નિસંસ્કાર કર્યો. તાપસોએ ચંડકૌશિક સર્પને દેવલોકમાં દેવ થયેલ દેખીને તેને પ્રણામ કર્યા.

ચંડકૌશિક દેવે તાપસોને કહ્યું કે નાગપંચમીના દિવસે શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ પાસે મારી નાગાવસ્થાની મૂર્તિ પ્રભુની સામે પગે પડેલી જેઓ કરશે અને પ્રભુ મહાવીર ભગવંતની સ્તુતિ કરશે તેઓનાં મનવાંછિત હું પૂર્ણ કરીશ. જેઓની પ્રભુ મહાવીર ભગવાન ઉપર જેવી શ્રદ્ધા–પ્રીતિ હશે તેવો હું તેઓની ઉપર પ્રેમ રાખીશ અને પ્રભુના ભક્તોનો દાસનો દાસ થઈ તેઓને ગુપ્ત રીતે અથવા પ્રગટ થઈને સર્વ પ્રકારની સહાય આપીશ. એમ કહી પ્રભુને વાંદી, પૂજી, મહિમા કરી જેવો આવ્યો હતો તેવો તે સ્વસ્થાને ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩. તાપસાશ્રમમાંથી પ્રભુનો વિહાર

તાપસાશ્રમમાંથી વિહાર કરીને પ્રભુ શ્વેતાંબી નગરીની બાહર રહ્યા. ત્યાં પ્રદેશી રાજાએ પ્રભુનો મહિમા કર્યો અને પ્રભુને વાંદવા શ્વેતાંબી નગરીના લોકો આવ્યા. ત્યાંથી પ્રભુ સુરભિપુર તરફ ચાલ્યા. ત્યાં માર્ગમાં નૈચકગોત્રી રાજાઓએ પાંચ રથો વડે પ્રદક્ષિણા દઈ પ્રભુને વંદન કર્યું. ત્યાંથી પ્રભુ સુરભિપુરમાં ગયા. ત્યાંથી ગંગા નદી ઊતરવા નાવમાં પ્રભુ બેઠા ત્યારે ઘુવડે રુદન કર્યું. તે વખતે નૈમિત્તિક બેમિલ લોકોને કહેવા લાગ્યો કે આજ આપણને મરણાંત કષ્ટ આવી પડશે, પણ આ નાવમાં બેઠેલા આર્ય દેવના પ્રતાપથી તે દૂર થશે.

પ્રભુ નાવમાં બેઠા તે વખતે પ્રભુએ ત્રિપૃષ્ઠના ભવમાં મારેલ સુદંષ્ટ્ર નામનો સિંહ મરીને વ્યંતર થયો હતો. તેણે પૂર્વભવનું વૈર યાદ કરીને નાવને બુડાડવા અનેક પ્રયત્નો કર્યા, પણ પ્રભુના ભક્ત બેવા કંબલ અને શંબલ નાગકુમાર દેવોએ આવીને સુદંષ્ટ્રને ધિક્કાર્યો અને તેને બોધ આપ્યો. તેથી તે પ્રભુનો શરણાગત ભક્ત થયો અને મિથ્યાત્વ બુદ્ધિ ત્યજી સમ્યગ્દૃષ્ટિ બન્યો.

કંબલ અને શંબલનો પૂર્વભવ :

કંબલ અને શંબલ બે નાગકુમાર દેવો હતા. તેઓ પૂર્વ-ભવમાં મથુરા નગરીમાં જિનદાસ શેઠ અને તેની પત્ની સાધુદાસીના ઘરે આભીરણે પ્રેમથી ભેટ કરેલા બે વાછરડા હતા. જિનદાસ શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સાધુદાસી શેઠાણીની સંગતિથી બન્નેને ધર્મ પર રુચિ વધી અને તે જૈનધર્મી બન્યા. પર્વદિવસે તેઓ બન્ને ઉપવાસ કરવા લાગ્યા. એક દિવસ ઉદ્યાનમાં પધારેલ એક કેવલી ભગવંતને વંદન કરવા માટે જિનદાસ શેઠ અને સાધુદાસી શેઠાણી બન્ને ગયાં હતાં અને પોતાની સાથે બન્ને વાછરડાઓને પણ લઈ ગયાં હતાં.

જિનદાસ શેઠે કેવલી ભગવંતને પૂછ્યું કે ચોવીસમા પરબ્રહ્મ પરમેશ્વરાવતાર કોણ થશે ? તેના ઉત્તરમાં કેવલીએ જણાવ્યું કે ચોવીસમા સર્વવિશ્વપતિ સર્વેશ્વરાવતારોના પરમેશ્વર મહાવીર પ્રભુ થશે. તેમના નામમાત્રના નામ-જાપ-સ્મરણથી કલિયુગમાં અનેક મહાપાપી જીવોનો ઉદ્ધાર થશે. કંબલ અને શંબલે ત્યારથી પ્રભુ મહાવીરદેવના નામનો જાપ જપવા માંડ્યો અને જિનદાસ શેઠ પાસે પોષધ કરીને જૈનધર્મનાં પુસ્તકોનું શ્રવણ કરવા લાગ્યા તથા ઋષભદેવાદિક તીર્થંકરોનાં જીવનચરિત્રો શ્રવણ કરવા લાગ્યા. તે બન્નેમાં સાત્વિક જ્ઞાન અને સાત્વિક ભક્તિ પ્રગટી. બન્ને શ્વાસોચ્છ્વાસે આત્મમહાવીરદેવનો જાપ જપવા લાગ્યા અને મનમાં ચિંતવવા લાગ્યા કે શ્રી ભગવન્મહાવીરદેવની સેવાભક્તિ સાક્ષાત્ થશે તે દિવસને ધન્ય માનીશું.

એક દિવસ જિનદાસ શેઠના મિત્રે બન્ને હૃષ્ટપુષ્ટ વત્સતરોને દીઠા. તે બન્નેને ભંડીરવન નામના યક્ષના યાત્રામહોત્સવમાં ગાડીમાં જોડીને લઈ ગયો. તેણે બન્નેને ખૂબ દોડાવ્યા તેથી બન્ને તૂટી પડ્યા. કંબલ અને શંબલ બન્ને મૃત્યુકાળમાં પણ પ્રભુ મહાવીરનું નામ જપવા લાગ્યા અને પ્રભુના ધ્યાનમાં લયલીન બન્યા. બન્નેએ દેહનો ત્યાગ કર્યો અને શુભાધ્યવસાયે મૃત્યુ પામી નાગકુમાર નામના દેવ થયા. તે બન્નેએ નાવમાં બેઠેલા પ્રભુ મહાવીરનાં દર્શન કર્યાં અને સુદંષ્ટ્રને પ્રભુનો ભક્ત કર્યો તેથી નાવમાં બેઠેલા લોકો પ્રભુના ભક્તો બન્યા. પ્રભુની પાસે બેસીને કંબલે અને શંબલે પ્રભુને વંદન નમન પૂજન કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વભવમાં કરેલી પ્રભુના દર્શનની પ્રતિજ્ઞા પૂર્ણ કરી તેઓ આનંદ પામ્યા. જેઓ નદી અગર સમુદ્રમાં નાવમાં કે વહાણમાં બેસીને પ્રભુ મહાવીરદેવનું સ્મરણ કરે છે તેઓને સમુદ્રના તોફાનમાં, વહાણ ભાંગવાના કાળમાં કંબલ અને શંબલ બન્ને નાગકુમાર દેવો સહાય કરે છે. કલિયુગમાં જલમાં ડૂબતા લોકોને બન્ને દેવોની સહાય મળશે. પરબ્રહ્મ મહાવીર પ્રભુનાં દાસાનુદાસ જેઓ પૂર્ણ શ્રદ્ધાથી બને છે તેઓને નદીમાં કે સમુદ્રમાં અણુધારી સહાય મળે છે.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ કાશી નગરીમાં પૂર્વ દિશાના ગંગાના કિનારા પર આવ્યા. ત્યાં તેમની પાસે દર્શનાર્થે ભારત-વિખ્યાત કૌશિક, અંગિરા, કેતુકેતુ, ધૂમ્ર, વ્યાડિ, વ્યાસ, ગાર્ગેય, આત્રેય, ભારદ્વાજ, કુમ્ભ વગેરે અનેક ઋષિઓ તથા મુનિઓ, બ્રાહ્મણો અને પરિવ્રાજક-પરમહંસોના સમુદાય આવ્યા અને પ્રભુને વાંદી-નમી પ્રભુની આગળ બેઠા તથા અનેક જાતના ધાર્મિક પ્રશ્નો પૂછવા. તેના પ્રભુએ સંતોષકારક જવાબ આપ્યો. સર્વે ઋષિઓ વગેરે ભેગા મળી અને વિચાર કરી પ્રભુ મહાવીરદેવને પૂછવા લાગ્યા કે હે પ્રભો! આપ પૂર્ણબ્રહ્મ પરમેશ્વર છો એમ અનેક ઋષિઓ અને દેવોની પાસેથી અમોએ સાંભળ્યું છે, પરંતુ તે અમારા સર્વના અનુભવમાં આવે એવી કૃપા કરો.

પ્રભુ મહાવીરદેવે તેઓની વિજ્ઞપ્તિ સાંભળી અને તેઓની સામે જોયું, એટલે ઋષિ-મુનિ-બ્રાહ્મણોની આંખો મીંચાઈ ગઈ અને તેઓ પ્રભુ મહાવીરદેવનાં અસંખ્ય શરીરો જ્યાં ત્યાં નિહાળવા લાગ્યા. પ્રભુ મહાવીરદેવના શરીરમાં તેઓએ પોતાને ઊતરેલા દેખ્યા. અસંખ્ય યુગોમાં પ્રવર્તેલા અસંખ્ય વેદોને તથા આગમોને તેઓએ પ્રભુના હૃદયમાં રહેલા દીઠા. અસંખ્ય યુગોથી જેટલા દર્શનો, મતો, સમ્પ્રદાયો વિશ્વમાં થયેલાં તે પ્રભુના મગજમાં દીઠાં. સર્વ વેદો, આગમો, કરોડો ધર્મશાસ્ત્રો અને તેના પ્રવર્તક ગણધરો અને ઋષિઓ વડે સ્તવાતા પ્રભુ દીઠા. અસંખ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્માંડોને પ્રભુના ઉદરમાં દીઠા, અસંખ્ય સૂર્યચંદ્રવિશિષ્ટ પૃથ્વી-ગોળકોને પ્રભુના શરીરમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યતારૂપે રહેલા દીઠા. અસંખ્ય વિષ્ણુઓ, બ્રહ્માઓ અને રુદ્રોથી સ્તવાતા પરબ્રહ્મ મહાવીર પ્રભુને દીઠા. અસંખ્ય ઇંદ્રોને પ્રભુની સ્તુતિ કરતા દીઠા. દેવલોકો અને નરકોને દેખ્યા. અસંખ્ય ભાષા અને લિપિઓથી લખાયેલાં અસંખ્ય યુગોના અસંખ્ય વેદશાસ્ત્રોને દીઠાં તથા વર્તમાન ચાર યુગમાં પ્રવર્તતા અલ્પ સૂક્તવાળા વેદશાસ્ત્રોને દીઠાં. અસંખ્ય તારા-ઓને દેખ્યા. અસંખ્ય યુગોમાં થયેલા તીર્થંકરોને દીઠા. અસંખ્ય યુગોમાં થયેલી જુદી જુદી મનુષ્યજાતને દીઠી. અનાદિકાળથી ચાલતા આવેલ એવા જૈનધર્મને દીઠો, અને સર્વ ધર્મો વડે સ્તવાતા એવા જૈન ધર્મની પ્રભુતા દીઠી. અનાદિ-અનંત એવા પરબ્રહ્મ મહાવીર પ્રભુનું ઐશ્વર્ય દેખીને સર્વ ઋષિમુનિઓ પ્રભુને સ્તવવા લાગ્યા. ઉપર, નીચે, ચારે બાજુએ સાકાર-નિરાકાર એવા પ્રભુ મહાવીરનું સ્વરૂપ દેખીને સર્વ ઋષિ-મુનિ-બ્રાહ્મણો પોતે પોતાને ભૂલી ગયા અને પ્રભુમય પોતાને અનુભવવા લાગ્યા. જાણે હજારો વર્ષ સુધી એવી દશામાં પોતે હોય એવું અનુભવવા લાગ્યા. તેથી તેઓએ પરબ્રહ્મ મહાવીર એ જ વિશ્વેશ્વર છે, અન્ય કોઈ વિશ્વેશ્વર નથી—એવો પૂર્ણ નિશ્ચય કર્યો કે તરત જ તેઓની આંખો ઊઘડી ગઈ. તેથી તેઓ મહાશ્ચર્યને પામ્યા તથા પ્રભુ મહાવીરને પરબ્રહ્મ પરમેશ્વર તરીકે અનુભવ્યા. સ્થૂલ શરીર દ્વારા જાગ્રત થતાં તેઓએ પરમાત્મા મહાવીરના નામનો જયઘોષ કર્યો અને પ્રભુના ચરણમાં નમી પડીને સ્તવવા લાગ્યા કે, 'હે પરમેશ્વર ! આપ જ વિશ્વેશ્વર છો. આપ સર્વ ઈશ્વરાવતારોમાં મહેશ્વર વિશ્વેશ્વર એવા ચોવીસમા મહાવીર પ્રભુ છો. આપના શરણે અમે આવ્યા છીએ અને આપનું શરણ કરી આપના ભક્ત જૈનો બન્યા છીએ. અમો જૈનધર્મને સત્ય માનતા હતા તે ફક્ત પરંપરાના વ્યવહારથી માનતા હતા. હવે અમો સાક્ષાત્ તમોને પ્રભુ તરીકે દીઠા અને જૈનધર્મના અમે સાચા અનુભવી બન્યા છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે ભગવન્ ! હવે અમારો ઉદ્ધાર કરો, એ પ્રમાણે તેઓનું બોલવું શ્રવણ કરી પરમાત્મા જિનેશ્વર મહાવીરદેવે તેઓને અનેક રહસ્યમય યોગજ્ઞાનનું શિક્ષણ આપ્યું.

પરમાત્મા મહાવીરદેવે કાશીસ્થ ઋષિ-મુનિ-બ્રાહ્મણાદિ જૈન સંઘને કહ્યું કે તમે ભવ્ય ભક્તો છો. તેથી તમને મેં વિશ્વેશ્વર એવું મારું સ્વરૂપ દર્શાવ્યું છે. શ્રી પાર્શ્વનાથ તીર્થંકરની ગણધરપરંપરાના તમે પ્રચારક છો. જૈન ધર્મને યથાશક્તિ આદરો.

મથુરામાં ઋષિઓને ધર્મોપદેશ :

પરમાત્મા મહાવીરદેવ કાશીથી વિહાર કરીને મથુરા નગરીમાં પધાર્યા. મથુરા નગરીની પાસે નદીના કાંઠે પરમાનંદથી બેઠા. ત્યાં અનેક મુનિ-ઋષિઓ તેમના દર્શનાર્થે આવ્યા અને પ્રભુના વચનામૃતને શ્રવણ કરી પરમ હર્ષને પામ્યા. મથુરા નગરીની બહાર વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ હતો ત્યાં પ્રભુ પધાર્યા. શ્રી મુનિસુવ્રતસ્વામીએ શ્રી રામચંદ્રજીને જે જે ઉપદેશ આપ્યો હતો તે તત્રસ્થ ઋષિઓને કહી બતાવ્યો. ઋષિગણે શ્રી મહાવીર પ્રભુને પૂછયું કે આત્માની સાથે કર્મપ્રકૃતિનો કેવો સંબંધ છે અને આત્માની કેવી દશા ચિંતવવી ?

પ્રભુ મહાવીરદેવે કહ્યું કે આત્માની સાથે કર્મનો અનાદિ કાળથી સંયોગ સંબંધ છે. વ્યવહારનયની અપેક્ષાએ આત્માની સાથે કર્મનો સંબંધ છે, શુદ્ધ દ્રવ્યાર્થિક દૃષ્ટિએ આત્મા સિદ્ધ, બુદ્ધ, મહાવીર પ્રભુ છે, અબંધ છે, અકર્તા-હર્તા, નિત્ય નિરંજન છે. અશુદ્ધ પર્યાયનો વસ્તુતઃ આત્મામાં જે આરોપ છે તે ઔપચારિક છે. સ્ફટિકમાં રક્ત અને કૃષ્ણ પુષ્પનો રંગ જેમ ભાસે છે તેમ આત્મા પોતે રાગદ્વેષના પરિણામથી શુભાશુભ પરિણામ કર્મવાળો ભાસે છે, પણ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ તે બરેબરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાસ નથી. રાગ અને દ્વેષ એ બે પરિણામોથી મુક્ત થવું તે મુક્તિ છે. રાગદ્વેષના પરિણામને જીતનાર જિન, વીતરાગ, પરબ્રહ્મ છે. આત્મા આકાશની પેઠે નિર્લેપ છે. આત્મા અવિનાશી છે. આત્મા જ આત્મામાં પરિણમે છે ત્યારે આત્માનું સ્વરૂપ જાણી શકે છે. આત્મા ધ્રુવ છે અને પર્યાયભાવે ઉત્પાદવ્યયપણાને સમયે સમયે પામ્યા કરે છે. મૃત્તિકાના અનેક આકારો મૃત્તિકામાંથી પ્રગટીને મૃત્તિકામાં સમાય છે, તેમ આત્માના પર્યાયો આત્મામાંથી પ્રગટીને આત્મામાં જ સમાય છે, પણ આત્માથી ભિન્ન નથી. આત્માના પર્યાયો છે તે ઉત્પાદ–વ્યયની અપેક્ષાએ અનિત્ય છે અને એકરૂપપણે ત્રણ કાલમાં નહીં રહેવાથી અસત્ છે, પણ આત્માના આકારરૂપ છે માટે તે સત્ છે. આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. આત્મા પોતે જ્ઞાનની અપેક્ષાએ વ્યાપક છે, અને વ્યક્તિની અપેક્ષાએ વ્યાપ્ય છે. આત્માથી આત્માના ગુણપર્યાયો કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. સત્તાની અપેક્ષાએ આત્મા અનેક છે. આત્મામાં સદ્‌ભૂત વ્યવહારદૃષ્ટિએ જ્ઞાન–દર્શન–આનંદ તે સત્ય ગુણ છે. બાકી શુદ્ધપર્યાયપણે મતિ–શ્રુતજ્ઞાનાદિ અને મન, કાયા વગેરે સર્વથી આત્મા ન્યારો છે, છતાં આત્માનાં તે કહેવાં એ ફક્ત ઉપચારમાત્ર છે. અનંત ભવ–કાલ–શરીર વગેરે પર્યાયોથી આત્મા શુદ્ધપર્યાયપણે ન્યારો છે. એ પ્રમાણે જે આત્મભાવના ભાવે છે તે જ્ઞાનદશાને પામે છે અને સર્વ જડ સંયોગોમાં સંબંધિત દેખાતો છતો અસંયોગી અસંબંધિત પરમ પ્રભુ છે.

મુનિઓ! એ પ્રમાણે આત્મભાવના ભાવો અને આત્મામાં આત્માના શુદ્ધ પર્યાયોના ઉપયોગે રહી સ્વતંત્રપણે વર્તો. આત્મા તે જ મહાવીર છે. તેમાં અષ્ટ સિદ્ધિ નવનિધિ અઠ્ઠાવીસ લબ્ધિઓ, પચાસ લબ્ધિઓ વગેરે અનંત લબ્ધિઓ છે. લબ્ધિમય મને જાણો.

એ પ્રમાણે પ્રભુએ ઉપદેશ આપ્યો. પછી પ્રભુએ કલિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુગની સરસ્વતીના તટ પર આવેલા સિદ્ધપુરમાં વિહાર કરી ત્યાંના લોકોને દર્શન આપ્યાં.

સરસ્વતીતીરે કર્મકાંડી બ્રાહ્મણોને ધર્મ-અધર્મનો ઉપદેશ :

સિદ્ધપુરની પૂર્વદિશાએ કલિયુગની સરસ્વતી નદીના તટ પર હજારો બ્રાહ્મણો ભેગા મળી યજ્ઞ કરતા હતા. યજ્ઞમાં પાંચસો બકરાંઓનો હોમ કરવા એક સ્તૂપના સ્થાનકમાં બાંધ્યાં હતાં. બકરાંઓને માલૂમ પડયું કે હોમ કરનારા બ્રાહ્મણો અમને યજ્ઞ-અગ્નિમાં હોમવાના છે, તેથી તેઓ આંખો મીંચીને પરબ્રહ્મ પરમેશ્વર મહાવીર પ્રભુની મનમાં પ્રાર્થના કરવા લાગ્યાં :

'હે પરમેશ્વર મહાવીર પ્રભુ ! તમો અમને હિંસાયજ્ઞમાંથી છોડાવો. હે પ્રભુ ! અમારા નાશથી તમે કંઈ પ્રસન્ન થતા નથી તેમ જ અમારા માંસને બ્રાહ્મણો ખાય તેથી આપ ખુશી થવાના નથી. હે પ્રભો ! અમારો નાશ કરીને અમને તે સ્વર્ગમાં મોકલી શકવા સમર્થ નથી. અમને હોમવાથી અમારો સ્વર્ગમાં વાસ થતો હોય તો હે પ્રભો ! આ બ્રાહ્મણો યજ્ઞમાં પોતાનાં સગાંસંબંધીને કેમ હોમતા નથી ? હે પ્રભો ! આપ તો દયાસાગર છો, તેથી આપનામાં ક્રૂરતા હોય નહીં. અમારા પ્રાણ અમને પ્રિય લાગે છે. હે પ્રભો ! આપની ભક્તિના બહાને અમને યજ્ઞમાં હોમવા એકઠા કરેલા છે. તે અસત્ય ભક્તિ છે. અમને યજ્ઞમાં હોમી, પાપ કરીને આ હોમ કરનારા બ્રાહ્મણો પાપકર્મ બાંધે છે. તેથી તેઓ સ્વર્ગમાં જઈ શકે નહીં, પણ દુર્ગતિમાં જાય છે. હે પ્રભો ! તમો અમારો ઉદ્ધાર કરો. હે પ્રભો ! હૃદયમાં ઊઠેલી પ્રાર્થના આપ સાંભળી શકો છો.'

આ પ્રમાણે બકરાંઓની પ્રાર્થના શ્રવણ કરીને દયાસાગર મહાવીર પ્રભુ યજ્ઞસ્થાનમાં ગયા અને હિંસા કરનાર બ્રાહ્મણોને કહ્યું કે તમો યજ્ઞમાં હોમવા આણેલાં બકરાંઓને છોડી દો. બકરાંઓની પ્રાર્થના સાંભળીને હું તેમને મુક્ત કરવા અહીં આવ્યો છું. પ્રભુએ આ પ્રમાણે કહ્યું, પરંતુ સર્વ પ્રકારનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેદશાસ્ત્રો ભણીને કર્મકાંડી બનેલા બ્રાહ્મણોએ તે વાતને હસી કાઢી અને કહ્યું કે પ્રભુની પ્રસન્નતા માટે તેમના આદેશથી અમે બકરાં હોમીએ છીએ.

પ્રભુએ કહ્યું કે, 'હું પોતે સાકાર અને નિરાકાર પ્રભુ છું. વેદમાં સ્તવાતો પ્રભુ હું પોતે સત્તાએ છું. બકરાંને મારીને કોઈ મારી પ્રસન્નતા પ્રાપ્ત કરી શકતું નથી. જેઓ મોહરૂપ અજને મારી નાખીને આત્મજ્ઞાનરૂપ યજ્ઞમાં હોમે છે તે મારી પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. માટે તમો હિંસાયજ્ઞનો ત્યાગ કરો.'

કર્મકાંડી બ્રાહ્મણોએ કહ્યું 'કે તમે પોતે પ્રભુ છો એ અમો કેવી રીતે માની શકીએ? તમો પ્રભુપણાનો ચમત્કાર બતાવો તો તમારું કથન સત્ય માનીએ. નહીં તો તમે પાખંડ કરો છો એમ માનીને તમને યજ્ઞમાં હોમીશું.'

પ્રભુ હિંસાયજ્ઞ કરવાવાળા કર્મકાંડી બ્રાહ્મણોનું એવું બોલવું સાંભળી મૌન રહ્યા. એટલામાં લાખો મણ લાકડાંઓમાં સળગાવેલો અગ્નિ શાંત થઈ ગયો. વાયુ વાતો બંધ થઈ ગયો. નદીનું જળ વહેતું હતું તે બંધ થઈ ગયું અને ઉષ્ણ બની ગયું. સૂર્ય દેખાતો હતો તે બંધ થઈ ગયો. બ્રાહ્મણો વેદમંત્રો બોલવા છતાં અવાક્ થઈ ગયા. મિનિટમાં તો હાહાકાર થઈ ગયો. બ્રાહ્મણો વગેરે પૃથ્વી પર પડી પ્રભુને કાલાવાલા કરવા લાગ્યા.

તેથી પ્રભુએ વાયુને વાવા દીધો, જલને વહેવા દીધું, સૂર્યને પ્રત્યક્ષ કર્યો. તેથી સર્વ બ્રાહ્મણો પ્રભુની આગળ આળોટવા લાગ્યા અને પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે, 'પરબ્રહ્મ પ્રભો! આપ જ મનુષ્યશરીરરૂપે સાકાર પ્રભુ છો. અમારી ભૂલ થઈ. આપ ક્ષમા કરો. આપના તાબામાં સર્વ વિશ્વ છે. અમારા મરણજીવનનો આધાર આપના પર છે. આપના આદેશથી હવે સમજવામાં આવ્યું કે યજ્ઞમાં પશુહોમ કરવો તે ધર્મ નથી, પણ અધર્મ હિંસા છે. બકરાંને પોતાનું જીવન વહાલું છે. મનુષ્યની પેઠે તેઓ પોતાના જીવનથી જીવવા રાગ ધરાવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. બકરાંઓથી મનુષ્યોને અનેક પ્રકારના ફાયદા થાય છે. તેઓએ પૂર્વજન્મોમાં જિહ્વાનો દુષ્ટ અધર્મ માર્ગોમાં ઉપયોગ કરેલો હોય છે તેથી તેઓ બોલી શકતાં નથી.'

યજ્ઞકારક બ્રાહ્મણસમૂહે પ્રભુનો ઉપદેશ શ્રવણ કર્યો અને પશુહિંસાથી થતા યજ્ઞોને પાપમય જાણ્યા તથા બકરાંઓને મુક્ત કર્યાં. બ્રાહ્મણોએ વેદમાં વર્ણવેલા પરબ્રહ્મ પરમેશ્વરને સાકારરૂપે અનંત શક્તિમય દીઠા અને પૂર્વભવોમાં પ્રભુના દર્શનને માટે કરેલી અભિલાષાને સિદ્ધ થયેલી દીઠી. બ્રાહ્મણવર્ગને શ્રી મહાવીર પ્રભુ પર પરમ પ્રેમ પ્રકટયો અને તેઓ શ્રી મહાવીરપ્રભુના સામું સ્થિર પ્રેમદૃષ્ટિથી દેખતાં દેખતાં સમાધિને પામ્યા. તેમાં તેઓએ અપૂર્વ દેખાવો દીઠા. જેની જેવી ભાવના હતી તેવા ભાવે પ્રભુ તેને દેખાવા લાગ્યા. કેટલાક બ્રાહ્મણોને રાગ–દ્વેષ એ બે દ્વૈતથી અતીત એવું પરમાત્માનું અદ્વૈતસ્વરૂપ જણાવા–દેખાવા લાગ્યું. કેટલાકોને પ્રભુની અનંત જ્યોતિ દેખાઈ. કેટલાકોને અનાદિ અનંત સત્તામય બ્રહ્મરૂપ પ્રભુનું દર્શન થયું. કેટલાક બ્રાહ્મણોને પોતાના પૂર્વજન્મો અને તેમાં કરેલાં ધર્માધર્મ કર્મો દેખાવા લાગ્યાં અને તેઓથી ધારણ કરવા પડેલા શુભાશુભ અવતારો દેખાવા લાગ્યા. કેટલાક બ્રાહ્મણોને પ્રભુની સાથે પોતાના જે જન્મો દેવલોકમાં અને મનુષ્યલોકમાં થયેલા હતા તે જણાયા. કેટલાક સંસ્કારી બ્રાહ્મણોને પ્રભુનું જિનેશ્વર વીતરાગ સ્વરૂપ દેખાયું. કેટલાક બ્રાહ્મણોએ શ્રી મહાવીર પ્રભુને સર્વ પ્રાણીઓના અંતરમાં આત્મસ્વરૂપે દીઠા. કેટલાકોએ પ્રભુની આજ્ઞા પ્રમાણે અસંખ્ય ભુવનો પ્રવર્તતા, ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપે પરિણમેલાં દીઠાં. ત્રણ ભુવનના પદાર્થોને મૂળ સ્વરૂપે પરિણમાવતા તથા તેમાં અન્યથા પર્યાયપરિણમન કરતા એવા પરબ્રહ્મ મહાવીર પ્રભુને દીઠા. કેટલાકોએ શુદ્ધ પ્રેમમય પ્રભુને તો કેટલાકોએ અનાદિ કર્મપ્રકૃતિના સંબંધવાળા મહાવીર પ્રભુને દીઠા. કેટલાકોએ સાત્ત્વિક પ્રકૃતિને પોતાની આજ્ઞા પ્રમાણે પ્રવર્તાવતા એવા વીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુને દીઠા. કેટલાકોએ પરબ્રહ્મ મહાવીરદેવને પ્રકૃતિથી ભિન્ન દીઠા અને પ્રભુને અકર્તા, અહર્તા અને પરમ વીતરાગમય દીઠા. કેટલાકોને પ્રભુ અસ્તિ-નાસ્તિ અનંત પર્યાયમય દેખાયા. કેટલાક બ્રાહ્મણોએ પ્રભુના હૃદયમાં અસંખ્ય વેદોને દીઠા. અને હિંસાયજ્ઞોને પાછળથી સત્ય વેદોમાં ભેગા મળેલા કૃષ્ણવર્ણી દીઠા. કેટલાકોને અનાદિકાલથી આત્મમહાવીર છે અને તે અનંત છે એવો અનુભવ થયો. કેટલાકોએ યુગયુગનાં જુદાં ધર્મશાસ્ત્રો દીઠાં અને તેમાં પરબ્રહ્મ મહાવીર પ્રભુની ભક્તિ લખેલી દીઠી. કેટલાકોને જ્યાં દૃષ્ટિ પડે ત્યાં પરબ્રહ્મ મહાવીર પ્રભુ દેખાયા. કેટલાકોએ બાર દેવલોક, નવ ગ્રૈવેયક, અને પાંચ અનુત્તર વિમાનો દીઠાં. એ પ્રમાણે સર્વ બ્રાહ્મણોને પરબ્રહ્મ મહાવીર પ્રભુનો અનુભવ થયો. કેટલાકોએ પ્રભુને અનેક દૃષ્ટિઓથી પૂર્ણ અનંત ગુણપર્યાયમય મહાવીર પ્રભુને દેખ્યા અને તેથી તેઓએ પૂર્ણાનંદ મેળવ્યો. તેઓની આંખો ઊઘડતાં તેઓ સ્થૂલ લોકમાં પોતાની સામે મહાવીર પ્રભુને અનંતકોટિ સૂર્યસમાન દીઠા અને તેમના પગમાં પડ્યા.

એ બ્રાહ્મણો પગે પડ્યા બાદ કહેવા લાગ્યા કે, 'આપ ચોવીસમા મહાપૂર્ણ બ્રહ્માવતાર મહાવીર જિનેશ્વર છો એમ અમોએ સમાધિમાં દીઠું અને તેથી અમારો ઉદ્ધાર થયો. હે પ્રભો! ઔદયિકભાવે આપ પ્રભુને જોનારાને આપ ઔદયિક મહાવીર તરીકે જણાયા. ઉપશમભાવે પરિણમેલાને ઉપશમભાવ પ્રભુરૂપ દેખાયા. ક્ષયોપશમભાવમાં પરિણામ પામેલાને ક્ષયોપશમ મહાવીરરૂપ દેખાયા. ક્ષાયિકભાવરૂપ દૃષ્ટિવાળાને ક્ષાયિક મહાવીર પ્રભુરૂપ દેખાયા. શુદ્ધાત્મભાવપરિણામે પરિણમેલાને આપ પોતે જ તેવા પારિણામિક મહાવીરરૂપ દેખાયા. હે પ્રભો! સર્વ પ્રકારની દૃષ્ટિઓના સમૂહથી આપનું પૂર્ણ સ્વરૂપ પરખાય છે. આપના મુખમાંથી જે શબ્દો નીકળે છે તે વેદશ્રુતિ છે. હે મહાવીર પ્રભો! કલિયુગની સરસ્વતીનો આપે મહિમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વધાર્યો છે. પ્રભો! અમોએ અનેક કેવળજ્ઞાનીઓના મુખથી પૂર્વના અનેક જન્મોમાં આપ પરમેશ્વર મહાવીરદેવ તરીકે પ્રગટવાના છો એમ જાણ્યું હતું અને તે તે ભવોમાં આપનાં દર્શન માટે ઇચ્છા કરી હતી તે આજ ફળી છે. આપ સ્વયંભૂ વીરદેવ મળ્યાથી હવે તપ જપ સાધનો ફળ્યાં છે. હે પ્રભો! અમારી વંશપરંપરા અનાદિકાળથી જૈનધર્મ પાળતી આવી છે અને અમો પણ જૈનધર્મ પાળીએ છીએ અને તેથી આપની સૂક્ષ્મ લોકમાં અને સ્થૂલ લોકમાં પ્રાપ્તિ થઈ છે. દેહ-પ્રાણનો વિયોગ છતાં આપ આત્મમહાવીર ચિદાનંદ અવિયોગી છો.' એ પ્રમાણે બ્રાહ્મણોએ પરબ્રહ્મ મહાવીર પ્રભુની સ્તુતિ કરી.

પરમેશ્વર મહાવીરદેવે ભક્ત બ્રાહ્મણોને કહ્યું કે, 'તમો દયારૂપ યજ્ઞ કરો. સત્યરૂપ, અસ્તેયરૂપ બ્રહ્મચર્યરૂપ અને અમૂર્છારૂપ યજ્ઞ કરો. સર્વવાસનારહિત થઈ કર્તવ્યકર્મ કરવારૂપ યજ્ઞ કરો. સંયમરૂપ યજ્ઞ કરો. તપરૂપ યજ્ઞ કરો. ધર્મશાસ્ત્રોના પઠન-પાઠનરૂપ યજ્ઞ કરો. નામરૂપ અને મોહનો ત્યાગ કરીને આત્મવર્તનરૂપ યજ્ઞ કરો. જપરૂપ યજ્ઞ કરો. જ્ઞાનરૂપ, ભક્તિરૂપ, ઉપાસનારૂપ યજ્ઞ કરો. વાસનારૂપ પશુઓને આત્મજ્ઞાનાગ્નિમાં હોમી દો. વૈરાગ્ય-દાન-દમરૂપ યજ્ઞ કરો. સર્વ કર્તવ્યકાર્યો કરવા છતાં નિર્લેપ રહેવારૂપ યજ્ઞ કરો. સર્વ શુભાશુભ કલ્પાયેલા ભાવોમાંથી શુભાશુભ બુદ્ધિ દૂર કરીને સમભાવરૂપ યજ્ઞ કરો, અને આત્મા તે જ મહાવીરદેવ છે અને તે અનંત ભાવ-ગુણ-પર્યાયરૂપ યજ્ઞમય છે એવો નિશ્ચય કરો. બ્રહ્મ એ જ હું છું અને તેમાં જેનું મન છે અને જે બ્રહ્મભાવ પામીને વર્તે છે તે બ્રાહ્મણ છે અને જે અશુભ રાગદ્વેષાદિક દુષ્ટ શત્રુઓને હણે છે તે ક્ષત્રિય છે, એમ અધ્યાત્મદૃષ્ટિથી જાણો.

'મનને આત્મસન્મુખ કરો અને બાહ્યમાં થતા સંકલ્પ-વિકલ્પથી રહિત જેટલા કાળ સુધી થશો તેટલા કાળ સુધી તમો મારાથી અભેદ અને અદ્વૈતજ્ઞાનમય આત્મિક જીવનસમાધિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પામશો. દુષ્ટ કષાયો જીતવા તે તપ છે. સર્વ લોકોને સત્યજ્ઞાન આપો. ઉપાધિવાળા સાદિસાંત સુખ પર વૈરાગ્યભાવ ધારણ કરો અને આત્મમહાવીરના નિરુપાધિ અનંત અખંડ સુખ પર પ્રેમ ધારણ કરો. જડની સાથે સંબંધિત સર્વાત્માઓ પર પ્રેમ રાખો અને જડ પર્યાયોમાં વૈરાગ્ય ધારણ કરો. એ પ્રમાણે વર્તવાથી મનની શુદ્ધિ થતાં તમે આપોઆપ જાણશો, દેખશો અને મુક્ત થશો.'

તારંગ પર્વત ઉપર સિંહને ઉદ્બોધન :

પ્રભુ મહાવીર પરમાત્માએ ત્યાંથી વિહાર કરી તારંગ પર્વત પર કોટિશિલા પર પધાર્યા. ત્યાં એક ક્રૂર મહાસિંહ વસતો હતો. તેણે એક ગાય પર નજર નાખી અને તેને મારવા દોડ્યો. ગાયે પ્રભુ મહાવીર પરમાત્માની પ્રાર્થના કરી. ગાયે પ્રાર્થના કરવા માંડી કે, 'હે પ્રભો મારું બચ્ચું મારી સાથે છે. મારા વિના બચ્ચું (વાછરડું) જીવી શકે તેમ નથી. હે મહાવીર દેવ! સહાય કરો સહાય કરો.' ગાય પ્રાર્થનામાં એટલી મશગૂલ થઈ ગઈ કે તેને સિંહને જોવાનું ભાન રહ્યું નહિ, તેમ જ તે પોતાના ગાયના સ્વરૂપનું ભાન ભૂલી ગઈ. તેની આંખો બંધ થઈ ગઈ. ક્રૂર સિંહ ઠેઠ ગાયની નજીક આવી પહોંચ્યો અને થાપ મારવા પંજો ઊંચો કર્યો, પરંતુ તે તેવી સ્થિતિમાં સ્થિર થઈ ગયો. ત્યાંથી તસુ માત્ર આઘોપાછો ખસી શકયો નહિ, પંજાને પાછો ખેંચી શકયો નહિ. સિંહ મનમાં વિચારવા લાગ્યો કે અરે, મારું બળ કયાં ગયું? અરે, મને કોણે જકડી લીધો? હાય, હવે હું શું કરું?

આ પ્રમાણે એ વિચાર કરે છે એવામાં દસ બાર હાથ ઉપર ઊભા રહેલા પરબ્રહ્મ મહાવીર પ્રભુ પર તેની દૃષ્ટિ ગઈ. તેણે મનમાં વિચાર કર્યો કે આ મહાપુરુષ ઋષિએ મારા પર શક્તિ અજમાવી હોય એમ લાગે છે. તેણે મનમાં મહાવીર પ્રભુને નમસ્કાર કર્યા. તેથી મહાવીર પ્રભુ તેને મધુર શબ્દોથી કહેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગ્યા કે, 'અરે સિંહ! તું કેમ ગાયોની હિંસા કરે છે? તારા પૂર્વભવમાં તું કોણ હતો તેનો વિચાર કર.

'તું આ જન્મની પૂર્વે તારંગ પર્વતની તળેટીમાં આવેલા તારણનગરમાં સુરસિંહ નામનો રાજા હતો. સુરસિંહના પૂર્વ-ભવમાં તું તપસ્વી હતો અને રાજ્ય માટે તપ કર્યું તેથી તું રાજા થયો. તું ધનુર્વિદ્યામાં કુશળ હતો અને તેનો તેં દુરુ-પયોગ કરીને તારી શક્તિઓને પશુપંખીના પ્રાણોનો નાશ કરવામાં વાપરી તથા પ્રજા પર અનીતિથી જુલ્મ ગુજારવા લાગ્યો. અનેક મનુષ્યોને અન્યાયથી તેં મારી નાખ્યા. તેથી છેવટે પ્રજા કંટાળી અને તને રાજગાદી પરથી ઉઠાડી દીધો. તેથી તું આજુબાજુના ડુંગરાઓમાં ભટકવા લાગ્યો. એક દિવસે તારા પર સિંહે હુમલો કરીને તને મારી નાખ્યો અને મૃત્યુ પામી તું ક્રૂર મહાન કેશરી સિંહ થયો. તું સુરસિંહ રાજા હતો તે જ જન્મમાં તારી રાણી કમળા હતી. તે તને સારી શિખામણો આપતી નહોતી. તને અધર્મ કર્મો કરતાં વારતી નહોતી. ઊલટી, તારી શક્તિઓનો દુરુ-પયોગ થતાં દેખીને તારી પ્રશંસા કરતી હતી. તપસ્વીના ભવમાં કમલા તારી સ્ત્રી હતી. કમલા વિષયોમાં મોહ પામીને પ્રભુને (મને) યાદ પણ કરતી નહોતી. તું જ્યારે જંગલમાં નાસી ગયો ત્યારે તે ઘરમાં રહી અને સ્વાર્થ ન સરવાથી ઊલટી તને ધિક્કારવા લાગી. તારો કમલાના પર દ્વેષ થયો અને કમલાનો તારાથી સ્વાર્થ ન સરવાથી તારા પર દ્વેષ થયો. તે મરીને ગાય થઈ અને તું સિંહ થયો. આ ગાય તે તારી પત્ની છે.'

પ્રભુનું આવું કથન શ્રવણ કરી સિંહને અને ગાયને જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. 'તપસ્વીના ભવમાં કેવલીના મુખથી ચોવીસમા પરબ્રહ્મ મહાવીર અર્હંત થવાના છે એમ જાણી તેં મારા નામનો જાપ જપ્યો હતો અને તપ તપ્યો હતો. તેથી તને મારા દર્શનનો લાભ મળ્યો છે. તું કર— મહાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રૂર સિંહ છતાં હવે જાગ્રત થયેા છે અને ગાય પણ પેાતાનેા પૂર્વજન્મ જાણીને હવે ધર્મ ન કરવાને લીધે પશ્ચાત્તાપ કરે છે. હે સિંહ ! હવે તું ધર્મ કર.' પ્રભુ મહાવીરદેવનેા આવેા ઉપદેશ શ્રવણ કરીને સિંહ ધર્મી બન્યેા. પ્રભુના ચરણકમલમાં તેણે મસ્તક નમાવ્યું અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ અને વંદન-નમન કરી આંખમાંથી અશ્રુ વર્ષાવતેા મનથી વિનતી કરવા લાગ્યેા કે, 'હે પ્રભેા ! આ વિશ્વના પ્રભુ તમે છેા. આપની આજ્ઞા પ્રમાણે વિશ્વ પ્રવર્તે છે. હે પ્રભેા ! મારેા ઉદ્ધાર કરેા. હે પ્રભેા ! મારા પૂર્વજન્મેાને મેં દીઠા, તેથી હવે સિંહનું શરીર મને ગમતું નથી તથા માંસરક્તના આહારથી જીવવું ગમતું નથી. સારા મનુષ્યને વિષ્ટામાં પડી રહેવું ગમે નહીં, તેમ હવે આ સિંહના શરીરમાં રહેવું મને જરામાત્ર પણ રુચતું નથી. હે પ્રભુ ! મને અનશનવ્રત સ્વીકારવું ગમે છે. આ ભવમાં અને પૂર્વ ભવમાં કરેલાં સર્વ પાપેાનેા નાશ થાય એવી કૃપા કરેા. આપ જ હવે મારી ગતિ છેા. આપનું શરણ સ્વીકારું છું. આપે અહીં આવીને આપનું નામ જપનારા ભક્તોનેા ઉદ્ધાર કર્યેા. હે પ્રભેા ! આપનું હું હવે ધ્યાન ધરું છું.' એ પ્રમાણે સિંહે મનમાં પ્રાર્થના કરી અને અનશન વ્રત સ્વીકારી કાયાનેા મેાહ દૂર કર્યેા.

પરમાત્મા મહાવીરદેવે સિંહને નિર્મેાહભાવનેા ઉપદેશ કરી કહ્યું કે, 'હે સિંહ ! તેં મનુષ્યભવ અને દેવભવના અનેક અવતારેા લીધા છે. હવે કેાઈ પણ જડપર્યાયમાં આત્માધ્યાસ ન નાખજે. જે દૃશ્ય સ્થૂલ દેહ વગેરે આકારેા છે તે તું નથી અને તે તારા નથી. તું જ્ઞાનજ્યેાતિર્મય છે. ચિદાનંદમય તારું આત્મસ્વરૂપ છે. શરીર દ્વારા થતા દુઃખને સહન કર.'

એ પ્રમાણે પ્રભુનેા ઉપદેશ શ્રવણ કરી સિંહે ઇન્દ્રિયેાને ગેાપવી અને મનને પ્રભુમાં સ્થાપ્યું. સાત દિવસ જીવીને સિંહે શરીર છેાડ્યું અને જ્યેાતિષ નામની દેવગતિમાં સિંહરાશિનેા અધિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાતા સિંહ નામનો દેવ થયો. ત્યાં ઉત્પન્ન થયા પછી તેણે વિચાર કર્યો કે હું કયા ધર્મથી આવો ઉત્તમ જ્યોતિષી દેવ થયો? તેણે અવધિજ્ઞાનથી પૂર્વભવ દીઠો, પરમ પ્રભુ મહાવીર દેવને વાંદવા માટે જ્યાં પ્રભુ હતા ત્યાં આવ્યો અને પ્રભુની સેવાભક્તિ કરવા લાગ્યો. તેણે તારણ નગરના લોકોને પોતાના જન્મનો ઇતિહાસ કહ્યો અને કહ્યું કે 'તમો સર્વે પ્રભુ મહાવીર દેવના ભક્ત જૈનો બનો. જેઓ પ્રભુ મહાવીરના હૃદયથી ભક્તો બનશે તેઓને હું સહાય આપીશ અને તેઓને તારંગ પર્વત પર રહેલા સિંહોના હુમલાથી બચાવીશ.' એ પ્રમાણે કહીને પશ્ચાત્ પ્રભુને વાંદી નમી ચાલ્યો ગયો.

ગાયે પોતાનો પૂર્વભવ જાણ્યો તેથી તેને પણ જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ્યું. તે પ્રભુ મહાવીરદેવની ભક્તાણી બની. પ્રભુને વાંદી નમી તે બચ્ચા સહિત તારણ નગરમાં ગઈ અને પશ્ચાત્ એક માસનું અનશન કરી સિંહદેવની સ્ત્રી કમલાદેવી તરીકે ઉત્પન્ન થઈ. તેણે પ્રભુ પાસે આવી વંદન નમન કર્યું. કમલાદેવી અને સિંહદેવે પ્રભુને વંદન-પૂજન કરી કહ્યું કે તારંગગિરિ પર આવીને જેઓ કલિયુગમાં આપનાં જાપ-સ્મૃતિ-ભક્તિ કરશે અને પોતાનું ભાન ભૂલી જશે તેઓને આપની મૂર્તિનાં દર્શન કરાવીશું અને તેઓને સહાયતા કરીશું. એ પ્રમાણે પ્રભુની આગળ કહીને તેઓ બન્ને જ્યોતિષી રાશિસ્થાનમાં ગયાં અને પ્રભુના નામનો જાપ જપતાં આનંદમાં જીવન ગાળવા લાગ્યાં. પ્રભુ તારંગ પર્વત પર એક માસ રહ્યા.

પાર્શ્વસંતાનીયોને ઉપદેશ :

પ્રભુ ત્યાંથી વિહાર કરીને કલિયુગની સરસ્વતી નદીના મૂલ સ્થાન પર પધાર્યા. ત્યાં અનેક ઋષિઓ, કે જે શ્રી પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય ભક્તો હતા, તેઓ ધ્યાન ધરતા હતા. પ્રભુએ ત્યાં પગલાં કર્યાં કે ત્યાંનું વન વૃક્ષરાજિથી વિકસિત થઈ ગયું તથા સરસ્વતી નદીની અધિષ્ઠાત્રી દેવીએ પ્રગટ થઈને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુને પ્રણામ કર્યા. ત્યાં અનેક ઋષિઓ આવીને પ્રભુને પગે પડ્યા અને પ્રભુ મહાવીર ભગવાનના નામનો જયઘોષ, સ્તુતિ, પ્રદક્ષિણા, નમન, વંદન, પૂજન કરી કહેવા લાગ્યા કે, 'હે પ્રભો! આપ ચોવીસમા પરમેશ્વર મહાવીરપ્રભુદેવ છો.. શ્રી પાર્શ્વ-પ્રભુએ અમારા ગુરુના ગુરુઓને જણાવ્યું હતું કે જ્યારે સર્વેશ્વરાવતાર મહેશ્વર મહાવીરદેવ સરસ્વતીના મૂલ સ્થાન પર પધારશે ત્યારે છ ઋતુઓ એક કાલમાં ફળેલી દેખાશે, આકાશમાંથી દેવો પુષ્પો, મેવા, મીઠાઈ, દિવ્ય વસ્ત્રો વગેરેની વૃષ્ટિ કરશે અને આરાસુરપર્વતમાં રહેલા રાક્ષસો એકદમ પ્રભુને દેખી ધર્મી બની જશે તથા સરસ્વતીદેવી એકદમ પ્રગટ થઈ પ્રભુને વાંદશે પૂજશે સ્તવશે. એ લક્ષણથી જાણવું કે પરબ્રહ્મ મહાવીરદેવ આવેલા હશે. પરમગુરુઓના કથન પ્રમાણે આપના પધારવાથી એ પ્રમાણે ચમત્કારો બન્યા છે, માટે આપ ચરમતીર્થંકર મહાવીર દેવ છો.

'શ્રી પાર્શ્વનાથ તીર્થંકરે જણાવ્યું હતું કે સર્વોત્તમ સર્વદેવપતિ પ્રભુ મહાવીર પધારે ત્યારે તમો સર્વે તેમની આજ્ઞા સ્વીકારશો.' પ્રભુએ તેઓને ભક્તો તરીકે સ્વીકાર્યા. પ્રભુએ શરણે આવેલા રાક્ષસોને ભક્તો કર્યા. આરાસુરપર્વતવાસી ક્ષત્રિયો, બ્રાહ્મણો, વૈશ્યો અને શૂદ્રોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું અને પ્રભુના ભક્તજનો બન્યા.

અંબિકા-આખ્યાન :

એવામાં અંબિકા નામની દેવી, કે જે દેવી સિંહના પર સવારી કરતી અને બાળકોને બન્ને પડખામાં બેસાડતી, તે પ્રગટ થઈ. તે દેવી પૂર્વે બ્રાહ્મણની કન્યા હતી. તેનો જન્મ આરાસુરપર્વતમાં રહેનાર પૂર્ણભદ્ર બ્રાહ્મણને ત્યાં થયો હતો. તેનું લગ્ન સૌરાષ્ટ્રમાં વામનસ્થલી નગરીમાં વકમતિ બ્રાહ્મણની સાથે કર્યું હતું. અંબિકા શ્રી નેમિનાથ ભગવાનની શ્રાવિકા હતી તેથી તે સાધુઓની સેવાભક્તિ કરતી હતી. તેના ઘેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માસોપવાસી બે મુનિઓ આવ્યા. તેમને અંબિકાએ બહુમાનપૂર્વક આહાર વહોરાવ્યો. તેથી વકમતિ બ્રાહ્મણને ક્રોધ થયો અને કહેવા લાગ્યો કે તારે ત્યાગીઓને ભોજન આપવું નહીં, કારણ કે હું ત્યાગીઓને માનતો નથી. અંબિકાએ કહ્યું કે ત્યાગી મહાત્માઓની સેવાભક્તિ કરવાથી પુણ્યધર્મની પ્રાપ્તિ થાય છે, માટે હું ત્યાગીઓને ભોજન આપીશ.

વકમતિએ અંબિકાનો તિરસ્કાર કર્યો અને તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. તેણે શ્રી નેમિનાથનું વનમાં જ ધ્યાન કર્યું. પેલા વકમતિ બ્રાહ્મણે રસોડામાં વાસણો જોયાં તો તે સુવર્ણમય બનેલાં દીઠાં. તેથી તે આનંદ પામ્યો અને ત્યાગીઓની ભોજનાદિકથી ભક્તિ કરવામાં મહા લાભ છે એમ નિશ્ચય કરી વનમાં અંબિકાને શોધવા ચાલ્યો. ગિરનાર પર્વત પર અંબિકાને દીઠી અને તે તેની સામે દોડ્યો. તેથી અંબિકા નાઠી અને કૂવામાં પડી. બે બાળકો પણ સાથે મૃત્યુ પામ્યાં. તે ભુવનપતિદેવી અંબિકા થઈ. બે બાળકો પણ દેવ થયા. તે શ્રી નેમિનાથ ભગવાનના ધર્મરાજ્યની રક્ષિકાદેવી બની. તે ગિરનાર તથા આરાસુર પર્વત પર રહેવા લાગી. તેણે શ્રી નેમિનાથ ભગવાનના મુખ થકી પરમાત્મા પરબ્રહ્મ મહાવીર ચોવીસમા તીર્થંકર થવાના છે એમ સાંભળ્યું. અંબિકાદેવીએ શ્રી અરિષ્ટનેમિ પ્રભુને પૂછ્યું કે પરબ્રહ્મ મહાવીર પ્રભુનાં મને કયાં દર્શન થશે? શ્રી અરિષ્ટનેમિનાથે કહ્યું કે તને આરાસુર પર્વત પર થશે. તે પ્રમાણે શ્રી અંબિકાદેવીને આરાસુર પર્વત પર પરમાત્મા મહાવીર પ્રભુનાં દર્શન થયાં.

અંબિકાદેવીએ પરમેશ્વર મહાવીર પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી વંદન કર્યું અને પ્રભુની આગળ નાટક કર્યું તથા અનેક સ્તોત્રોથી પ્રભુની સ્તુતિ કરવા લાગી. પશ્ચાત્ તેણે પરબ્રહ્મ મહાવીર પ્રભુને પૂછ્યું કે, 'હે ભગવાન! હું તમારા ચરણકમળની દાસી છું. આપના દર્શનથી કૃતાર્થ થઈ છું. હવે હું કેવાં કર્મો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરું તો તેથી પરબ્રહ્મપદને પામું?' પ્રભુ મહાવીરદેવે કહ્યું કે, 'સોળ મહાદેવીઓ જેમ વિશ્વમાં સર્વત્ર ફરતી મારી સેવા કરે છે અને મારી આજ્ઞા પ્રમાણે સ્થૂલ વિશ્વના લોકોને ધર્મ કરતાં સહાય આપે છે, તેમ તું મારા ભક્તોની સેવા કર. મારા ભક્તોની સેવાભક્તિ કરવાથી તું પરબ્રહ્મપદને પામીશ. મારું નામસ્મરણ કરનાર અને મારા પર પૂર્ણ શ્રદ્ધાપ્રેમ ધારણ કરનારને પડતી વિપત્તિઓનો નાશ કર કે જેથી તારા આત્માની શુદ્ધતા થશે. રાક્ષસોને અધર્મ કરવાથી પાછા વાળ. પાપી અને અધર્મી લોકોને શિક્ષા કર. દારૂ, માંસ વાપરનારાઓને સદ્બોધ અને શિક્ષા આપી ધર્મી બનાવ. હિંસાયજ્ઞમાં બકરાં, પાડા વગેરે હોમનારાઓને શિક્ષા કર. પવિત્ર મુનિઓની સેવાભક્તિ કર. કન્યાઓનું રક્ષણ કર. શ્રદ્ધાળુ જૈનોના ઘરમાં વાસ કર અને સાધુઓનાં ધર્મવ્યાખ્યાનોને શ્રવણ કર. હિંસાયજ્ઞ કરનારાઓને આ દેશમાંથી કાઢી મૂક. જેમ જેમ તું મારી આજ્ઞા પ્રમાણે કર્તવ્યકર્મ અને ધર્મ કરીશ તેમ તેમ તારામાં અપૂર્વ શક્તિઓ ખીલી નીકળશે. તારો અંબિકા-દેવીનો અવતાર સમાપ્ત થયા પછી તું માનવભવ પામીશ અને ત્યાં પુણ્યમૂર્તિ રાજા બની, છેવટે ચારિત્ર અંગીકાર કરીને મુક્તિપદ પામીશ.

'દુર્ગા, ચંડિકા વગેરે દેવીઓએ મારું શરણ સ્વીકાર્યું છે અને તેઓ જૈનધર્મ પાળનારી બની છે. મારું શરણ તેં અંગીકાર કર્યું છે, તેથી કલિયુગમાં તું મહિમાવાળી ગવાઈશ.'

પ્રભુનાં એવાં વચનો શ્રવણ કરીને, પ્રભુને પગે લાગી અંબિકા કહેવા લાગી કે, 'હે મહાવીર પ્રભો! મારા જેવી અસંખ્ય દેવીઓ અને દેવોના આપ પ્રભુ છો. આપની કૃપા વડે અમો શ્વાસોચ્છ્વાસ લેવા શક્તિમાન થઈએ છીએ. આપની કૃપાથી જીવી શકીએ છીએ. મદારી જેમ યંત્રની પૂતળીઓને નચાવે છે તેમ આપ સર્વ વિશ્વને કર્મગતિથી ગતિમંત કરી રહ્યા છો. હે પ્રભો! આપનું અહીંયાં પધારવું થયું છે તેથી કલિયુગમાં સરસ્વતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પવિત્ર ગણાશે અને તેમાં આપનું નામ જપનારાઓ સ્નાન કરશે તેથી નદીનું માહાત્મ્ય વધશે. હે પ્રભો! મારા નામરૂપનો આપના નામરૂપમાં હોમ કરું છું. હવે આપની સેવાભક્તિમાં આત્મસમર્પણ કરીશ. આપના ચલાવેલા સંઘના દાસોની દાસી બની, આપના નામનો જાપ જપનારા જે જે જૈનો દેખાશે તે સર્વની આગળ પ્રત્યક્ષ થઈ વા ગુપ્ત રહી અનેક પ્રકારની સહાય આપીશ. જૈનધર્મની આરાધના કરવાથી હાલ દેવીનો અવતાર પામી છું તેથી જૈનધર્મીઓની સેવાભક્તિ કરવામાં કલિયુગમાં પ્રવર્તીશ. પ્રભો! આપનું નામ તે જ મારો આધાર છે.' ઇત્યાદિ વચનોથી તેણીએ પરબ્રહ્મ મહાવીર પ્રભુની સ્તુતિ કરી.

પરબ્રહ્મ મહાવીર પ્રભુએ તત્રસ્થ ઋષિ-બ્રાહ્મણોને યોગજ્ઞાનનાં રહસ્યો આપ્યાં અને આત્માની શક્તિઓનો અનુભવ કરાવ્યો. પ્રભુએ કહ્યું કે, 'હે ઋષિઓ! તમે અહીં સ્થિરતાવાસ કરી ધ્યાન કરો. અહીં મારી આજ્ઞા પ્રમાણે ધ્યાન ધરવાથી કેવળજ્ઞાન પ્રગટ થશે. આત્માના સંબંધવાળી જડ વસ્તુઓને આત્મયોગમાં સાધન અને અસાધનરૂપ અપેક્ષાએ સમજો. સત્ય પ્રેમમય, વિશુદ્ધ પ્રેમમય પ્રથમ બનો. પશ્ચાત્ આત્માની શુદ્ધતા પ્રગટાવી શકશો. આત્મામાં લબ્ધિઓ પ્રગટે છે તે વાપરવા પ્રસંગે માલૂમ પડે છે. જે જે અનુપાધિ આનંદરસ છે તે આત્મા છે. ઇન્દ્રિય, મન અને દેહથી ભિન્ન આત્માનુભવ પ્રાપ્ત કરવાથી સર્વ પ્રકારની બાહ્યોપાધિથી આનંદરસ વેદાતો નથી, પણ આત્માથી આત્માનો પૂર્ણાનન્દરસ વેદાય છે. દેહ અને મનથી આત્માને ભિન્ન અનુભવવા માટે 'હું આત્મમહાવીર છું, આત્મા તે જ હું છું' એવો શ્વાસોચ્છ્વાસે અહર્નિશ જાપ કરો અને સર્વ પ્રકારના બાહ્ય સંકલ્પવિકલ્પરહિત થઈ જાઓ એટલે તમો શુદ્ધાત્મરૂપે પ્રકટી શકશો. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ પગથિયાં છે. તે અંગોને અનુક્રમે સેવો. હઠયોગના અધિકારી જેઓ હોય તેઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હઠયોગ સેવવા યોગ્ય છે, રાજયોગના અધિકારીઓને રાજયોગ સેવવા યોગ્ય છે, મંત્રયોગના અધિકારીઓને મંત્રયોગ સેવવા યોગ્ય છે, લયયોગના અધિકારીઓને લયયોગ સેવવા યોગ્ય છે. બાહ્ય સ્થૂલ-સૂક્ષ્મ વિશ્વના પદાર્થોમાં ગ્રહણ અને ત્યાગ બુદ્ધિ—ગ્રહણ અને ત્યાગની ઇચ્છા રહેતી નથી ત્યારે આત્મામાં જ્ઞાનાદિ યોગોનો પ્રકાશ થાય છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય સર્વ કલ્પાયેલા શુભ પર્યાયોમાં અને અશુભ પર્યાયોમાં સમભાવ પ્રગટે છે ત્યારે તે જ ક્ષણમાં આત્મામાં જીવન્મુક્તિ પ્રત્યક્ષ વેદાય છે, એમ આત્મામાં ઊંડા ઊતરી અનુભવો.

મારા પ્રિય ઋષિઓ! સ્થૂલ દેહથી જુદા પડીને ધ્યાનદ્વારા આત્મામાં રહો કે જેથી મૃત્યુ થતાં તમને સ્થૂલ વિશ્વના પદાર્થોની આસક્તિ ન રહે. દેહ, પ્રાણ, મન વગેરે જેનાથી જીવતાં દેખાય છે તે આત્માની શક્તિ છે. દેહ અને મનમાં આત્માનું બળ ભળે છે ત્યારે દેહ અને પ્રાણથી કર્તવ્યકર્મો થાય છે. આત્મબળરૂપ મહાસાગરમાં દેહબળ અને મનોબળ તો એક બિંદુ સમાન છે.

પાંચ ભૂતોના પર્યાયોને અન્યથા ફેરફાર કરવાને તથા ઇચ્છા પ્રમાણે ફેરવવાને આત્મા સર્વશક્તિમાન છે. સર્વ જડ પદાર્થો કરતાં આત્મા અત્યન્ત સૂક્ષ્મ અને સર્વ જડ પદાર્થોમાં વ્યાપવાને તથા સર્વથી નિર્લેપ રહેવાને શક્તિમાન છે. આત્મા નિત્યસુખસ્વરૂપ છે. તે પોતાને અનુભવે છે ત્યારે જ્ઞાનવડે અનંત આનંદ ભોગવે છે. જેટલા પ્રમાણમાં જ્ઞાન તેટલા પ્રમાણમાં સુખ છે અને જેટલા પ્રમાણમાં અજ્ઞાન તેટલા પ્રમાણમાં દુઃખ છે. જ્ઞાની આત્મા સર્વ જડ પદાર્થોના બહિરંતર રહેલો છતાં જડ પદાર્થો વડે સુખ વા દુઃખને અનુભવી શકતો નથી. પવિત્ર જ્ઞાની આત્મા સર્વ જીવોના શુભાશુભ કર્માનુસારે સુખદુઃખમાં નિમિત્તકારણરૂપ બને છે. જીવોની રક્ષા અને તેઓના પ્રાણવિયોગરૂપ મૃત્યુમાં તેઓના કર્માનુસારે નિમિત્તકારણરૂપ બને છે; પણ તેમાં તે રાગદ્વેષથી પરિણમતો નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી તે નિર્લેપ રહે છે અને અજ્ઞાની સલેપી થાય છે. બાહ્ય સ્થૂળ વિશ્વમાં સ્થૂલ દેહથી રાગદ્વેષાત્મક બુદ્ધિ વિના કર્તવ્યકર્મો થાય છે ત્યારે અબદ્ધાત્માનુભવ થાય છે. જ્યારથી આત્માનું જ્ઞાન થાય છે ત્યારથી જીવન્મુક્તિ છે.

યશ–અપયશ, માનાપમાન વગેરેની વૃત્તિઓનું મૂળ કારણ અજ્ઞાન છે. બાહ્ય જડ પદાર્થોનો આત્મામાં આરોપ જે થાય છે તેથી પોતાના આત્માને ઉપચારરહિત દેખો. જે પદાર્થો જ્ઞેયરૂપ છે તેમાં અહંતાધ્યાસ ન ધારો. મન, વાણી અને કાયાની પ્રાપ્તિ પુણ્યથી છે અને તેથી આત્માની શક્તિઓ ખીલે એમ પ્રવર્તો. મન વાણી અને કાયાને સાધનરૂપ માનો અને તેનો પોતાના તથા અન્યો માટે સદુપયોગ કરો. મન, વાણી, કાયામાં આત્માનું સ્વરૂપ ચિંતવવાથી મન, વાણી, કાયામાં આત્માની શક્તિઓનો વિકાસ થાય છે. આત્મામાં આત્મરૂપથી પરિણમીને મન-વાણી-કાયામાં સાક્ષીરૂપ બની પ્રવર્તવાથી આત્મા પરમેશ્વર બને છે. સર્વ જીવો સાથે શુદ્ધ પ્રેમથી વર્તો. જ્યાં સુધી નામરૂપની મોહવૃત્તિ ન ટળી હોય ત્યાં સુધી ભક્તિ અને કર્મયોગને અવલંબી આગળ વધો. નામરૂપની મોહવૃત્તિના નાશ પછી સંપૂર્ણ જ્ઞાનનો પ્રકાશ થાય છે અને પશ્ચાત્ આત્મા તે જ પરબ્રહ્મ મહાવીર બને છે. બહિરાત્મભાવ ટળતાં અંતરાત્મભાવ પ્રગટે છે અને અંતરાત્મભાવ પ્રાપ્ત થતાં મન-વાણી-કાયાથી પૂર્વકર્મ ભોગવાવા છતાં નવીન કર્મનો બંધ થતો નથી, અને તેથી ગૃહસ્થાવાસમાં તથા ત્યાગાવસ્થામાં અનંત પુણ્ય, સંવર અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે, અને અંતરાત્મભાવ પ્રાપ્ત થયા પછીથી પ્રતિકૂલપતિત સંયોગોમાં પણ આત્માની આંતરશુદ્ધિ અને પ્રગતિ થયા છે. ઋષિઓ! આત્માને જ પરમાત્મરૂપ ભાવો. આત્મા તે જ પરમાત્મા છે, એવી દૃઢ ભાવનાથી ધારણા ધારો અને તેવું ધ્યાન ધરો કે જેથી સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રહારના સંકલ્પ-વિકલ્પથી રહિત થશો. જેટલા રાગદ્વેષના સંકલ્પ-વિકલ્પો તેટલા માનસિક સૂક્ષ્મભાવતારો અને તેટલી સુખદુઃખની વેદના છે. મન દ્વારા થતાં સ્વપ્નો પણ સૂક્ષ્મ વિપાકો ભોગવવાના સૂક્ષ્મભાવતારો છે. જ્યાં સુધી સૂક્ષ્મ મોહાદિ વૃત્તિઓવાળું મન વર્તે છે ત્યાં સુધી સ્વપ્નદશા કે તંદ્રાવસ્થા છે. સ્વપ્નદ્વારા સૂક્ષ્મ કર્મનો ભોગ થાય છે અને તેથી જ્ઞાનીને પૂર્વ-કર્મોની નિર્જરા થાય છે. જે કર્મો દેહદ્વારા ભોગવવા અયોગ્ય હોય અને જ્ઞાનીને નવીન સ્થૂલ દેહો લેવાની જરૂર ન હોય તેવાં કર્મો વડે સ્વપ્નસૃષ્ટિમાં શુભાશુભભાવતારો થાય છે અને ત્યાં શાતા-અશાતા વેદાય છે, અને તેથી તે કર્મોની સ્વપ્નાવસ્થામાં નિર્જરા થાય છે. એમ આત્મજ્ઞાનીઓને સર્વાવસ્થામાં આત્માની સાથે લાગેલાં કર્મોની નિર્જરા થાય છે અને દિવ્યજ્ઞાન પ્રગટ થતું જાય છે. અજ્ઞાની લોકો નવાં કર્મ બાંધે છે, અને તેથી બાંધેલાં કર્મોથી અવતારોની પરંપરા વધારે છે. તમે ઋષિઓ! આત્મજ્ઞાની છો. તમારા વાસથી સરસ્વતી નદી પવિત્ર થઈ છે. કલિયુગમાં સરસ્વતીનું માહાત્મ્ય વધશે.'

ઋષિઓએ અને બ્રાહ્મણોએ પ્રભુનો સદુપદેશ હૃદયમાં ધારણ કર્યો. અને સ્થૂલ અને સૂક્ષ્મ વિશ્વમાં આકાશની પેઠે નિર્લેપ રહીને મન-વાણી-કાયાથી પ્રવૃત્તિ કરવા લાગ્યા. તેઓ પ્રભુ પરબ્રહ્મ મહાવીર દેવમાં તલ્લીન થઈ વર્તવા લાગ્યા. સરસ્વતી નદીને પ્રભુ મહાવીરે પવિત્ર કરી. કલિયુગમાં સરસ્વતી નદીની પાસે વસનારા જૈનો ભક્તિયોગ, કર્મયોગ અને જ્ઞાનયોગને પામશે. પ્રભુએ ત્યાંથી અર્બુદગિરિ પર વિહાર કર્યો. અર્બુદગિરિના મધ્યભાગમાં ત્રણ દિવસ સુધી રહ્યા અને ત્યાંથી અર્બુદના સર્વથી ઉચ્ચ શિખર પર પધાર્યા અને સર્વ વિશ્વ પ્રતિ ધર્મ-પ્રવાહમય વિચારને મોકલવા લાગ્યા.

અર્બુદગિરિ પર આગમન :

વસિષ્ઠાશ્રમમાં ભગવાન પધાર્યા તેના સમાચાર સર્વત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્બુદગિરિ પર રહેલા ઋષિમુનિઓએ જાણ્યા. તેથી સર્વ મુનિઓના મનમાં આનંદ પ્રસર્યો. સર્વ મહાત્માઓએ પ્રભુને વંદન કર્યું, પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દીધી અને પ્રભુની પૂજા કરી પ્રભુની સ્તુતિ કરી. પ્રભુ સર્વ મુનિઓને ઉપદેશ દેવા લાગ્યા :

'દર્પણમાં મુખનું પ્રતિબિંબ પડે છે તેમ મનમાં પ્રતિબિંબરૂપ થયેલી સંસારની માયાજાળ ક્ષણિક અને કલ્પિત છે. જડ પદાર્થોમાં શુભની કલ્પના વસ્તુતઃ વારાફરતી ફર્યા કરતી હોવાથી ક્ષણિક છે. મનમાં અજ્ઞાનથી શુભની અને અશુભની કલ્પના થાય છે. મનમાં આત્માના જ્ઞાનનો પ્રકાશ પડે છે ત્યારે શુભ અને અશુભની કલ્પના પ્રગટતી નથી, તથા જડ પદાર્થો તે જડરૂપે દેખાય છે અને જે આત્માઓ છે તે આત્માઓરૂપે દેખાય છે. જડ પદાર્થોના સંબંધથી મનમાં શુભ પરિણામ વા અશુભ પરિણામ જ્યારે પ્રગટતા નથી ત્યારે મનોમુક્તિ છે. શુભાશુભ સંકલ્પવિકલ્પરહિત નિર્વિકલ્પરૂપ મન થાય છે ત્યારે મનમાં આત્મજ્યોતિનો પ્રકાશ પડે છે. તથા સર્વ પદાર્થોનું તેના મૂળ સ્વભાવે યથાર્થ જ્ઞાન થાય છે. પશ્ચાત્ સર્વ પદાર્થોને જાણતાં–દેખતાં છતાં તથા વ્યાવહારિક કર્તવ્યો કરતાં છતાં આત્મા સ્વતંત્ર અને મુક્ત રહે છે અને અન્ય લોકોના કલ્યાણ માટે બાકીનું જીવન વહે છે. શુભાશુભ વિકલ્પ–સંકલ્પરહિત મન થતાં આત્મામાં મન લીન થઈ જાય છે અને આત્મામાં મન લીન થઈ જતાં આત્માની શક્તિઓથી મન ઊભરાઈ જાય છે અને મનમાં ઊભરાયેલી શક્તિઓનો કાયાવડે પ્રકાશ થાય છે.

અગ્નિથી તપાવેલો લોઢાનો ગોળો લાલચોળ થઈ જાય છે અને અગ્નિ નીકળી જતાં પાછો પૂર્વે હતો તેવો ઠંડો થઈ જાય છે, તેમ મનમાં આત્માનું ચિદાનંદ સ્વરૂપ ઊભરાય છે ત્યારે મન-વાણી-કાયા પણ આનંદથી ઊભરાઈ જાય છે અને આત્માથી મન જુદું પડે છે ત્યારે પૂર્વની પેઠે દ્વૈતભાવવાળું મન થઈ જાય છે, અને તેથી આત્માનું ચિદાનંદ સ્વરૂપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આસ્વાદાતું નથી. મન જો ઘણા વખત સુધી આત્માના ચિદાનંદ સ્વરૂપમાં લયલીન બને છે તો મનમાં જડ-ચેતન એમ બે ભાવનો દ્વૈતભાવ વેદાતો નથી, રાગદ્વેષરૂપ દ્વૈતભાવ વેદાતો નથી. મન એમ આત્મામાં લીન થઈ જતાં આત્મજ્ઞાનથી સર્વ પદાર્થોને જાણવા છતાં મનની દ્વૈતતા રહેતી નથી. એવા યોગને જ્ઞાનયોગ, રાજયોગ જાણવો. રાજયોગમાં રહેતાં અનંત શક્તિઓનો પ્રકાશ થાય છે. આત્માનાં અનંત નામો છે અને એ અનંત નામોમાં મહાવીરનામ શ્રેષ્ઠ છે. આત્માની સન્મુખ રહેલું મન જે જે યોગ્ય સંકલ્પો કરે છે તે સિદ્ધ થાય છે. ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડીના પ્રવાહને બંધ કરીને જેટલા વખત સુધી આત્માના ઉપયોગમાં રહેવામાં આવે છે તેટલા વખતમાં અસંખ્ય યોગોનું ફલ પ્રાપ્ત થાય છે. ઈડાનાડી, પિંગલાનાડી અગર સુષુમ્ણાનાડી વહેતી હોય, પરંતુ જેટલા વખત સુધી આત્મામાં મન ડૂબી ગયેલું હોય છે તેટલા વખતમાં અસંખ્ય યજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે. એકવાર બે ઘડી સુધી આત્મામાં નિર્વિકલ્પભાવે મન લીન થાય છે તો જીવતાં અવશ્ય મુક્તિનો અનુભવ આવે છે અને પશ્ચાત્ મૃત્યુ થતાં આત્મા જ્ઞાનભાવે સજીવન રહે છે. પશ્ચાત્ કર્મયોગે જન્મો લેવા પડે છે તોપણ તેમાં ઈશ્વરાવતારો તરતમયોગ થાય છે. એકવાર આત્માનો અપરોક્ષ અનુભવ થયો કે તે પછી અશુભ કર્મો કરવા છતાં પણ અંતરથી શુભાશુભ કર્મવૃત્તિ નહીં રહેવાથી આત્મા નિર્બંધ રહે છે. શુભાશુભ પરિણામ વિના સર્વ દૃશ્ય પદાર્થો આત્માને બાંધવા શક્તિમાન થતા નથી, પછી બાહ્ય વ્યવહાર ગમે તેવો હોય તેથી આત્માની શુદ્ધિમાં હરકત આવતી નથી.

'લોકવાસનાવૃત્તિને જીત્યા વિના કોઈ સ્વતંત્ર બનતો નથી. આત્માની નિર્લેપતા પોતાને અનુભવાય તે તરફ લક્ષ દો, પણ લોકની માન્યતા તથા કહેણી પર લક્ષ ન દો. દુનિયાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકોની માન્યતાથી આત્માની સ્વતંત્રતાનો નાશ ન કરો. સત્યની આગળ લોકરૂઢિનો હિસાબ ન ગણો. ગાયો વગેરે પશુઓનું હિંસક પશુઓથી રક્ષણ કરો અને અતિથિઓની સેવામાં મારી જ ઉપાસના છે એમ માનો. પવિત્ર બુદ્ધિથી વર્તો. કલિયુગમાં કલિયુગ પ્રમાણે ચાલનારા ઋષિઓ જ જીવી શકે છે. મનમાં નિર્બળ અને અશુભ વિચારો આવવા ન દો. ધર્માર્થે આત્માની શક્તિઓને વાપરો અને ધર્માર્થે સર્વ શુભ વિદ્યાદિ શક્તિઓને ગ્રહણ કરો. સ્વાર્થી લોકોની આગળ સર્વ શક્તિઓને ગોપવી પ્રવર્તો અને પરમાર્થી લોકોને સર્વ શુભ શક્તિઓ આપો. પરસ્પર ઉપકાર કરો, પણ એક પોતાની ફરજ માનીને કરો. સામો બદલો લેવાની સ્વપ્નમાં પણ ઇચ્છા ન કરો. પરોપકાર કરતાં તેનો સામો બદલો મળે તો ગ્રહો, પરંતુ સામો ઉપકાર લેવાની બુદ્ધિ ન રાખો. સત્યનિષ્ઠાથી વર્તતાં અન્ય મનુષ્યો ગમે તેવા ખોટા અભિપ્રાયો બાંધે તેની જરામાત્ર દરકાર ન રાખો. જેમ જેમ તમે આત્મામાં મનને રાખશો તેમ તેમ જ્ઞાનાદિ શક્તિઓ વડે પોતાને ભરપૂર દેખશો. આત્માની શક્તિઓ જે આચ્છાદિત થયેલી છે તેનો આવિર્ભાવ થવો તે યોગ છે, અને તે યોગના પ્રકાશક અસંખ્ય નિમિત્તકારણો પણ અપેક્ષાએ યોગ છે. અનેક નિમિત્તયોગથી ઉપાદાનયોગમાં પ્રવેશ કરો. ઉપાદાનયોગની અનેક દૃષ્ટિઓને પસાર કરી શુદ્ધાત્મદૃષ્ટિને પામો. જ્યાં સર્વ વિશ્વ એકસમાન દેખાય છે એવી સમભાવની દૃષ્ટિને પામો.'

'હે ઋષિઓ! સર્વ વિશ્વોન્નતિનો આધાર સર્વકાલમાં હું છું. મને સર્વરૂપ દેખો. સર્વમાં મને દેખો. મારામાં તમે છો, તમારામાં હું છું. હું અને તમો એક છીએ. મારા વ્યાપક રૂપને અનુભવવા અને એકરૂપ થવા માટે વ્યકિતત્વ અને ભેદત્વ ભૂલો. સર્વવ્યાપકરૂપ થવા જેમ જેમ વ્યાપક ભાવનાને આચારમાં મૂકશો તેમ તેમ ભેદત્વ ભુલાશે. નામ, રૂપ, કુલ, જાતિ, દેશાદિનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યક્તિત્વ અને ભેદત્વ જ્યાં સુધી મનમાં છે ત્યાં સુધી ઉપાધિ-પરિચ્છિન્ન આત્મા છે અને નામ, રૂપ, દેશાદિક ઉપાધિના વ્યક્તિત્વ અને ભેદત્વનો જેમ જેમ લય થાય છે તેમ તેમ અપરિચ્છિન્ન, નિરુપાધિ, વ્યાપક આત્મા બનીને છેવટે પરમાત્મા થાય છે. નામ, રૂપ, દેહ, મન આદિની ઉપાધિથી રાગદ્વેષ પ્રગટતાં સંસાર છે અને નામ, રૂપ, દેહ, દેશ, જાતિ, લિંગાદિમાં વ્યક્તિત્વ કે ભેદત્વ રહેતું નથી ત્યારે નામાદિ ઉપાધિમાં રાગદ્વેષવૃત્તિ રહેતી નથી.

'ઋષિઓ! મારા વ્યાપક સ્વરૂપની દૃષ્ટિથી વિશ્વને દેખો. સર્વસંગ છતાં નિઃસંગ રહો. વિશ્વમાં અવિશ્વરૂપ થઈને સર્વનું કલ્યાણ કરો. સર્વ આત્માઓની સાથે એકરસરૂપ થઈ પરિણમી રહો. તમારામાં સર્વ શક્તિ છે. સર્વલોકનાં હિતકર્મોને પ્રેરો. ગાયો વગેરેના દૂધથી, હવા, જલ, પ્રકાશ, પૃથ્વીથી શરીરની પુષ્ટિ કરો. સર્વ વિશ્વમાં અનેક રૂપમાં આત્મસૌંદર્ય દેખો.'

પ્રભુ મહાવીર દેવનાં એવાં વેદવચનોનું શ્રવણ કરીને મહર્ષિઓ અત્યંત આનંદ પામ્યા, અને સાક્ષાત્ સાકાર ભગવાનનાં દર્શન પામી, સંતોષ પામી સ્તુતિ કરવા લાગ્યા કે, 'હે પ્રભો! આપનો બોધ શ્રવણ કરી અમને પરમ સમાધિ પ્રાપ્ત થઈ. આપના બોધથી અમારા સર્વ સંશયો ટળી ગયા. આપ પ્રભુને પામી અમો પૂર્ણ નિર્ભય અને સ્વતંત્ર બન્યા છીએ. આત્માથી ભિન્ન દેહાત્માધ્યાસાદિ સર્વ અધ્યાસોથી હવે અમો રહિત થયા. ભક્તિ, જ્ઞાન અને કર્મયોગનું પરિપૂર્ણ રહસ્ય જાણ્યું. બ્રાહ્મણોનું, ક્ષત્રિયોનું, વૈશ્યોનું, શૂદ્રોનું અને ગાયો વગેરેનું રક્ષણ કરવા આપ અવતર્યા છો. આસુરી શક્તિઓનો પરાજય કરી સુરી શક્તિઓનો સર્વત્ર વિજય કરાવવા આપ પ્રગટ્યા છો. આપ પ્રત્યક્ષ થતાં શાસ્ત્રોનું પ્રયોજન સિદ્ધ થઈ ગયું છે.

'હે પ્રભો! આપ સર્વ જીવોને, દેવોને, મનુષ્યોને પોત-પોતાની ભાવના પ્રમાણે ફળ આપનારા છો અને સર્વના અંતર્યામી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છો. ગૃહસ્થધર્મ અને ત્યાગીધર્મ એ પ્રકારના ધર્મ આપે વિશ્વલોકહિતાર્થે સમ્યગ્ આચરી બતાવ્યા છે. બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવાદિક દેવો, ચાર પ્રકારના દેવો અને દેવીઓ, વીરો, શક્તિઓ, લોકપાલો, ગ્રહો, રુદ્રો વગેરે સર્વે આપનાં ધ્યાન-ભક્તિ કરી જ્ઞાનાદિ ગુણ તેમ જ પરબ્રહ્મતાનો આવિર્ભાવ કરે છે. આપના ચરણથી અર્બુદગિરિ પવિત્ર થયો છે. વૈશાખ સુદિ તૃતીયાના દિવસે આપ અહીંયાં પધાર્યા છો તેથી વૈશાખ સુદિ તૃતીયાના દિવસે જે લોકો અહીં આવી આપ પ્રભુની ભક્તિ કરશે તથા ધ્યાન ધરશે તેઓ અસંખ્ય પ્રકારના કોટી યજ્ઞોનું ફળ એક ક્ષણમાં અહીં પામશે.

'સર્વ વેદોનું અધ્યયન કરોડો વર્ષ પર્યંત જેઓ કરે છે તેઓ અહીં આવીને આપનું ધ્યાન ધરશે અને ભક્તિ કરશે તો તે એક ક્ષણમાં સર્વ વેદોના કરોડો વર્ષના અધ્યયનનું ફળ પામશે. કલિયુગમાં અહીં આવીને જે આપનું ધ્યાન, સ્મરણ કે જાપ કરશે તેઓ સર્વ પાપથી વિમુક્ત થશે.

હે પ્રભો! આપને ભક્તો જ્યારે પરાભક્તિથી સંભારશે ત્યારે આપ અહીં મળશો એવો આપનો આશીર્વાદ સત્ય છે. જે લોકો અહીં આવી દાન, તપ, જપ, યજ્ઞ વગેરે ધર્મકર્મો કરશે તેઓ અનંતગણું ફળ પામશે. અહીં આવીને તપ કરનારાઓ સર્વ પ્રકારના શાપથી વિમુક્ત થશે. 'પરબ્રહ્મ મહાવીર મહાવીર' એવો જેઓ જાપ જપશે તથા જાપ જપનારાઓની જેઓ ભક્તિ કરશે તેઓ આપને નિષ્કામભાવથી તથા સકામભાવથી પામશે.

'પ્રભો! આપે અમોને તાર્યા. સ્વધર્મમાં તત્પર રહેવું અને અન્ય ધર્મનો દ્વેષ ન કરવો અને સર્વ જીવોમાં ધર્મ રહેલ છે તે આપે જણાવ્યું. સર્વ મહર્ષિઓને આપે આત્મજ્ઞાન આપી પવિત્ર કર્યા. આપનો અનંત મહિમા છે. આપનાં અનેકરૂપે અમોએ દર્શન કર્યાં.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમરવીર નૃપને બોધ :

પ્રભુ મહાવીરદેવે સિંધુદેશના સમરવીર રાજાને પ્રતિબોધ આપ્યો, કે જે પોતાના પૂર્વગૃહાવાસ સંબંધથી શ્વસુર થતા હતા. સિંધુ દેશના ત્યાગી ઋષિઓને પ્રભુએ ઉપદેશ આપ્યો કે, 'આત્મપેઠે સર્વ જીવોને દેખો. સર્વ જીવો પર દયાભાવ ધારણ કરો. સત્ય જીવનથી જીવો. અલ્પ દોષ અને મહા ધર્માર્થે આજીવિકાદિ કર્મો કરો. ક્ષુધારૂપ અગ્નિમાં ભક્ષ્ય ભોજનરૂપ હવિને હોમો. નિર્ભય જીવન ગાળો. આત્માનો ઉદ્ધાર આત્મા જ કરી શકે છે. સત્યથી ભય ન પામો. અસત્યથી ભય પામો. આત્મા ધારે તે કરી શકે છે. હૃદયની શુદ્ધિ જ્યાં છે ત્યાં મારો પ્રકાશ પડે છે. શરીરને વસ્ત્ર પ્રમાણે ઉપયોગી માનો. ત્યાગીઓનું જીવન સર્વ વિશ્વના હિતાર્થે છે. રાજાઓ અને પ્રજાઓના શાસકો ખરા ત્યાગીઓ છે. અદૃશ્ય તત્ત્વોના વાદવિવાદમાં મતભેદથી જીવન કલુષિત ન કરો, પણ જે જે સમજાય તે માનો અને જે મારો ઉપદેશ ન સમજાય તેમાં મધ્યસ્થ રહી પ્રવર્તો એટલે આવરણો ટળતાં જે જે ન સમજાતું હશે તે સમજાશે. વિશ્વના જીવોને ઉપયોગી થાય એવાં કર્મો કરો. સર્વ કર્તવ્ય કરતી વખતે સાધ્યભાવનો ઉપયોગ ન ચૂકો અને ખેદ, ભય, લજ્જા, ક્ષુદ્રતાનો ત્યાગ કરો. અન્નાદિક ભક્ષ્ય પદાર્થોથી આજીવિકા ચલાવો. સાત્વિક આહારથી પવિત્ર જીવન ગાળો. સાત્વિક જ્ઞાનથી આગળ શુદ્ધાત્મજ્ઞાન પ્રગટ કરો. પ્રકૃતિનો અધ્યાસ પોતાના ઉપર તથા અન્યાત્માઓ ઉપર કરીને આત્માઓમાં પ્રકૃતિના ગુણદોષોને દેખવાની ભ્રાંતિ દૂર કરો. મારી અનંત જ્યોતિની સાથે તમારા સ્વરૂપની અભેદતા અનુભવો. પ્રકૃતિના ગુણદોષોમાં આત્માનો આરોપ ન કરો. એવી તમારી દૃઢતા થતાં તમો મને સર્વ વિશ્વમાં પરબ્રહ્મરૂપ દેખી, નિર્ભય થઈ પ્રવર્તશો. અનેક ધર્મોની વિવિધતા અને ઉપયોગિતા તરફ લક્ષ રાખો અને અભેદભાવરૂપ જૈનધર્મની મહત્તા સમજો. તમો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનધર્મને પાળો છો. શ્રીપાર્શ્વનાથ તીર્થંકરના ઉપદેશરૂપ વેદને તમે ભણો છો.' આમ પ્રભુએ ઉપદેશ આપ્યો.

ઋષિમુનિઓ વગેરે સર્વ લોકોએ પ્રભુને વંદી પૂજી ઉપદેશ સ્વીકાર્યો અને સિંધુદેશના સર્વલોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું.

પ્રભુની પાસે સમુદ્રના અધિષ્ઠાતા વરુણદેવ આવ્યા અને કહ્યું કે, 'હે પ્રભો! તમારી આજ્ઞા પ્રમાણે સમુદ્રો પ્રતિ મારું કર્તવ્ય બજાવું છું.'

અરબસ્તાન વગેરે દેશો પ્રતિ ગમન:

પ્રભુએ ત્યાંથી અરબસ્તાન, યરૂશેલમ, ઈરાન, રૂમ વગેરે દેશોમાં વિહાર કર્યો. તે તરફના લોકો જડ હિંસક અજ્ઞાની હતા. પ્રભુએ તેમને ચમત્કારોથી પોતાની તરફ આકર્ષ્યા. પ્રભુએ બાબીલોનના વિદ્વાનોને પ્રતિબોધી ભક્તો બનાવ્યા. બાબીલોનમાં અધર્મી રાજા અને પ્રજા થતાં બાબીલોન દેશની પડતી થશે એમ જણાવ્યું. અગ્નિ, સૂર્ય, જલ વગેરેમાં પરબ્રહ્મ મહાવીર દેવની પ્રભુતા સ્થાપી તે તરફના લોકો અગ્નિ, સૂર્ય, જલમાં પ્રભુની મહત્તા દેખવા લાગ્યા અને તેમને પૂજવા લાગ્યા. જે જે શક્તિમય પદાર્થો હતા તેમાં તેઓ મહાવીરને જોવા લાગ્યા અને પરમાર્થકર્મરૂપ યજ્ઞમાં આત્માહુતિઓને આપવા લાગ્યા. પ્રભુની શક્તિની વેદિકા કરીને તેમાં પવિત્ર અગ્નિ ચેતાવવા લાગ્યા. પરબ્રહ્મ મહાવીરને તેઓ સૂર્યવગેરેમાં જોવા લાગ્યા. સૂર્ય, અગ્નિ, જલ, નદી, સાગર વગેરેને પ્રભુનાં પ્રતીક માની પૂજવા લાગ્યા. યહોવાહ અર્થાત્ યજ્ઞવાહક શ્રીમહાવીરદેવ છે અને તે જ વિશ્વના પાલક પ્રભુ છે, તે શરીરની અપેક્ષાએ સાકાર છે અને સર્વ જડ પદાર્થો કરતાં સૂક્ષ્મ અને પરમાણુ વગેરે પણ જેના નૂરમાં ઓતપ્રોત થઈ રહ્યાં છે એવા નિરાકાર પરબ્રહ્મ મહાવીરદેવ અનાદિ અનંત છે એમ અનુભવવા લાગ્યા.

શ્રી નેમિનાથ અને પાર્શ્વનાથના સમયના ઋષિઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરબ્રહ્મ મહાવીર પ્રભુનું શરણ અંગીકાર કર્યું. અનેક અજ્ઞાની લોકોએ પ્રભુનો સ્વીકાર કર્યો. અનેક જડભાવે મરેલા મનુષ્યોને પ્રભુએ આત્મભાવે જીવતા કરીને લાખો લોકોને પ્રભુપણાનો ચમત્કાર બતાવ્યો. બાબીલોન નગરીમાં રહેલાં હિબ્રુ, જ્યુ, સેમેટિક ભાષાના વિદ્વાનોએ અનેક પ્રશ્નો પૂછયા. તેઓનો પ્રભુએ સમ્યક્ ઉત્તર આપ્યો. પ્રભુએ હજારો ભાષાઓને બોલી બતાવી અને તેઓને સમજાવી તથા તેઓનાં શાસ્ત્રોને મુખથી બોલી બતાવ્યાં અને તેઓના સર્વ સંશયોને દૂર કર્યા. તેથી તેઓએ પ્રભુ મહાવીર દેવને સર્વવિશ્વદેવ તરીકે અંગીકાર કર્યા. પ્રભુ મહાવીરદેવે માંસાહારી પાપી અજ્ઞાની લોકોને ભક્તો બનાવ્યા અને માંસાહાર, હિંસાદિ પાપથી મુકત કર્યા. પ્રભુની કૃપાથી બાબીલોન નગરીના ત્યાગી લોકો તથા ભક્ત ગૃહસ્થ લોકોને પોતાના અનેક જન્મો દેખાયા તથા દરેક જન્મમાં કરેલાં શુભાશુભ કર્મો દેખાયાં. પ્રભુના ઉપદેશથી સ્વર્ગનાં વિમાનો દેખાયાં તથા નરકનાં સ્થાનો દેખાયાં. વિશ્વના સર્વ જીવો અનેક નામરૂપથી પ્રભુ મહાવીરને જ્યાં ત્યાં ભજે છે, સેવે છે એમ દેખવા લાગ્યા. તેથી તેઓનું અજ્ઞાન ટળ્યું અને પ્રભુ મહાવીરના ભક્તો બની શાંત સ્થિર પ્રજ્ઞાવાળા થયા. બાબીલોન નગરીની પૂર્વ દિશાએ ત્યાગીઓને રહેવાનો બગીચો હતો ત્યાં પ્રભુએ પાદ ધારણ કર્યાથી ત્યાંના લોકોએ ત્યાં સ્તૂપ કરાવ્યો.

પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો. ત્યારબાદ ત્યાંના લોકોએ ત્યાં સ્તૂપ પાસે જઈ પ્રાર્થના કરવા માંડી. ત્યાંના ભવ્ય લોકોએ અનેક ભવમાં પ્રભુનું સાકાર સ્વરૂપ જોવાના સંકલ્પપૂર્વક તપ કર્યું હતું તેથી તેઓને સાકાર પ્રભુનાં દર્શન થયાં અને પાપ-રહિત વિશુદ્ધ બન્યા.

પ્રભુએ ત્યાંથી ઉત્તર દિશા તરફ વિહાર કર્યો અને હૂણ, સીથિયનજાતવાસી દેશમાં પ્રવેશ કર્યો. હૂણદેશના લોકોએ પ્રભુની સાથે સ્થિર પ્રેમથી તાદાત્મ્યસંબંધ બાંધ્યો. ત્યાંની સ્ત્રીઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશુદ્ધ પ્રેમથી પ્રભુ મહાવીરનું ગાન કર્યું. તાર્તાર અને મંગુ લોકોએ પ્રભુ મહાવીર પરમેશ્વરનું દાસત્વ સ્વીકાર્યું. પ્રભુએ તાર્તાર અને મંગુ લોકોને ઉપદેશ આપ્યો કે, 'તમો પરસ્પર વિશ્વાસથી વર્તો. વિશ્વાસનો ભંગ ન કરો. કરેલી પ્રતિજ્ઞા પાળો. તમો સૂર્યવંશી છો અને તેથી તમો અસંખ્ય કાળથી જૈન છો. ગમે તે અવસ્થામાં ગમે તે ધંધો કરતાં મારું ધ્યાન રાખવું. સંતોમાં અને મારામાં ભેદ ન માનવો. ગાયો વગેરે પશુઓનું પાલન કરવું. મારી પ્રસન્નતા માટે ન્યાય-નીતિથી પ્રવર્તવું અને અન્યાયી કે જુલ્મી લોકોને ઘટતી હિતશિક્ષા કરવી. મારો વિશ્વાસ જ્યારે આ દેશમાં નહીં રહેશે ત્યારે આ દેશની પડતી થશે. મારી આજ્ઞા પ્રમાણે વર્તો.'

તાર્તાર અને મંગોલિયાના લોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું, પ્રભુએ તેઓમાં નવજીવન રેડયું. તાર્તાર અને મંગોલિયા પાસે આવેલા શ્વેતદ્વીપના રણમાં રહેલ ઋષિઓને દર્શન આપ્યું અને ત્યાંના ઋષિઓને અનેક પ્રકારનું અધ્યાત્મજ્ઞાનનું શિક્ષણ આપ્યું. તેમને ગુપ્ત-અગુપ્ત યોગવિદ્યાનાં રહસ્યો શીખવ્યાં. ત્યાં પાપી લોકો પ્રગટવાથી શ્વેતદ્વીપ વગેરે સ્થાનોમાં થયેલાં પરિવર્તન જણાવ્યાં. ત્યાં શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિમાને ઋષિઓ પૂજતા હતા. પ્રભુએ ત્યાંના દેવતાઓને હુકમ કર્યો કે આ સ્થાનનું—રણનું પવિત્રપણું જાળવવું. કલિયુગમાં ભવિષ્યમાં જૈનધર્મ પ્રગટ કરનારા દેવો અને દેવીઓ તરફથી સર્વ વિશ્વને જૈનધર્મનો લાભ મળશે.

પ્રભુએ ત્યાં આવેલી સુવર્ણવાલુકા નદીના મૂળ સ્થાનમાં ધ્યાન ધર્યું અને સંકલ્પ કર્યો કે આ તરફના મારા ભક્ત લોકોમાં શુદ્ધ પ્રેમ, ભક્તિ, સરલતા, હૃદયશુદ્ધિ, અતિથિસેવા જન્મતાંની સાથે રહેશે. પ્રભુએ રેતીના રણની પાસે આવેલી મેરુ જેવી પર્વતશ્રેણીમાં આરૂઢ થઈને ત્યાં રહેલ દેવો અને દેવીઓને પ્રતિબોધ આપ્યો, અને ત્યાં ધ્યાન ધરનારા લોકોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મશક્તિઓ પ્રગટ કરાવાના યોગો દર્શાવ્યા. સર્વ જૈન મુનિઓને તથા ગૃહસ્થ જૈનોને જ્ઞાન-દર્શન-ચારિત્રયોગની ત્રિપુટી આપી.

પ્રભુએ ચીન અને મહાચીન દેશના લોકોને અનેક ચમત્કારો બતાવ્યા અને સર્વ પ્રકારની નીતિઓનું શિક્ષણ આપ્યું. પ્રભુએ તિબેટ દેશમાં રહેલા ત્યાગી ઋષિમુનિઓને પોતાના બનાવ્યા તથા અઠ્ઠાવીસ તેમ જ પચાસ લબ્ધિઓને દેખાડી. તેથી તેઓના ભક્તોમાં લબ્ધિઓ પ્રકટવા માંડી. અર્હન્ મહાવીરદેવે કાશ્મીરમાં ત્રણ માસ વાસ કર્યો તથા ઋષિક દેશમાં એક માસ પર્યંત પર્યટન કર્યું. પ્રભુએ કોકેશસ પર્વત ઉપર એક દેવનું સેવકપણું સ્વીકાર્યું (એટલે દેવ પ્રભુનો સેવક બન્યો). પ્રભુએ ત્યાંના લોકોની અત્યંત શ્રદ્ધા-પ્રીતિ જોઈને આશીર્વાદ આપ્યો કે 'તમારું અત્યંત સુંદર સ્વરૂપ કાયમ રહેશે. અહીં મારા ભક્તો કલિયુગના અંતે ઘણા પ્રમાણમાં પ્રગટશે અને તેઓ મારા નામથી ચમત્કાર કરી બતાવશે તેમ જ પશ્ચિમ દિશામાં શ્રદ્ધા-પ્રીતિરૂપ ભક્તિનો પ્રચાર કરશે. અહીંના મનુષ્યો કલિયુગમાં અન્યધર્મી થશે અને પુનઃ સ્વતંત્ર પ્રજાતંત્ર સામ્રાજ્ય પ્રગટ્યા પછી કેટલેક કાળે જૈન બનશે. મારું નામ સ્મરનારા અને મારા સ્વરૂપમાં લયલીન થનારા અહીંના મહાત્માઓ પશ્ચિમ વિશ્વમાં ધર્મનો પ્રચાર કરશે.

'વિશ્વના સર્વ દૃશ્ય પદાર્થોના વિજ્ઞાનની છેલ્લી શોધમાં વિજ્ઞાનીઓ ચરમમાં ચરમ મારું નિરાકાર અનંત જ્યોતમય પરબ્રહ્મ સ્વરૂપ, કે જેમાં સર્વ જડ વિશ્વની ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યતા ભાસ્યા કરે છે, તેને શોધી તેમાં લયલીન બનશે.' એમ કોકેશસવાસી ભક્તોને કહ્યું. તેઓએ તેમને જણાવ્યું કે, 'તમો મારા સ્વરૂપનું તર્કદૃષ્ટિથી લક્ષણ બાંધવાની માથાકૂટમાં પડશો નહીં. દયા, સત્ય અને પરાક્રમ તરફ લક્ષ રાખશો. જ્યાં જ્યાં જેટલા ગુણો અને સત્કર્મો જે જે પ્રમાણમાં પ્રગટેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખાય ત્યાં ત્યાં તેટલા પ્રમાણમાં મારું આવિર્ભાવ સ્વરૂપ જાણશો. અને અપ્રગટ સ્વરૂપને તિરોભાવ કે અવ્યક્ત સ્વરૂપ જાણશો. કોકેશસવાસી લોકો અને મહાત્માઓ! તમો કદી કોઈ અન્યાયી અધર્મી સત્તાના જુલ્મથી પરતંત્ર ન બનો. અધર્મી જુલ્મીઓના તાબે ન થાઓ અને દેશ તેમ જ રાજ્ય અને ધર્મનું રક્ષણ કરો. આત્મસામ્રાજ્યને સર્વત્ર પ્રવર્તાવો. સર્વત્ર મારા સદુપદેશને ફેલાવો. કોઈના પર અન્યાય કે જુલ્મ ન કરો. સર્વ લોકોને ધર્મમાર્ગમાં પ્રવર્તાવનાર હું છું. નામરૂપના ભેદે સર્વ ખંડોમાં અને સર્વ કાલમાં ધર્મોપદેશ આપનાર અને વિશ્વવ્યવસ્થા ચલાવનાર એક છતાં વ્યક્તિભેદે અનેકરૂપ અપેક્ષાએ હું છું. માટે ભિન્ન નામરૂપવાળા સર્વકાલીન મારા ઈશ્વરી અવતારોમાં પરબ્રહ્મ મહાવીર એક જિનેશ્વર અર્હન્ બ્રહ્મણસ્પતિ એવા મને જ્યાંત્યાં દેખી જૈનધર્મની યથાશક્તિ આરાધના કરો. સેવા, ભક્તિ, ઉપાસના, કર્મ અને જ્ઞાનની આરાધના એ જ મારી આરાધના જાણો. સર્વ જીવોનું ભલું કરવું એ જ મારી સેવા છે.' પ્રભુ મહાવીરદેવે ત્યાંના ત્યાગી ઋષિમુનિઓને નિરાકાર એવું પોતાનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવ્યું તેથી તેઓ પરમાનંદ પામ્યા.

પ્રભુ કોકેશસ પર્વતની તળેટીમાં ઊતર્યા તે વખતે એક વૃદ્ધ હાથીએ વનમાંથી આવી પ્રભુના ચરણ પર કમલ ચઢાવ્યાં અને વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કે, 'હે પ્રભો! મેં અહીં એક ઋષિના આશ્રમમાં આવેલા ત્રણ જ્ઞાની મુનિના મુખથી સાંભળ્યું હતું કે આપ અહીં પધારવાના છો અને આપ અહીં આવતાં ષડ્ઋતુનાં પુષ્પો એક કાલમાં વિકસિત થવાનાં છે. તે પ્રમાણે ચિહ્ન થવાથી આપ પરમાત્મ મહાવીરદેવ છો એમ જાણ્યું છે. મેં આપનું શરણ સ્વીકાર્યું છે. મારો ઉદ્ધાર કરો.' પ્રભુએ વૃદ્ધ હસ્તીને અભય આપ્યું અને તેના હૃદયના પડદા દૂર કર્યા. તેને મહાન અંતરાત્મા બનાવ્યો. પ્રભુએ ત્યાંના લોકોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદા ભક્તિ કાયમ રાખનાર અતિથિસેવાનો ઉપદેશ આપ્યો. પોતાના સ્થાનમાં આવેલા શત્રુઓનું પણ સન્માન કરવું, ભક્તોમાં મારું સ્વરૂપ જોવું, ભક્ત ત્યાગીઓને આવતાં દેખી ઊભા થવું અને તેમના સામા જઈ પરસ્પર ભેટવું અને એકબીજાનું કુશલ પૂછવું. ત્યારબાદ અતિથિઓની ખાનપાનથી ભક્તિ કરવી. ઘેર પધારેલા ગુરુમાં અને મારામાં અભેદભાવ ધારણ કરવો અને તેની સેવા કરવી. અતિથિઓની સાથે કદાપિ દ્રોહ ન કરવો. અતિથિઓને ભોજન કરાવવામાં ભેદભાવ ન રાખવો. અતિથિઓને મારી પેઠે જોવા અને તેઓને સર્વસ્વાર્પણ કરવું. જે અતિથિઓનું અપમાન કરે છે અને તેઓને આશ્રય આપતો નથી તે મારું અપમાન કરે છે અને તે શુદ્ધ પ્રેમ પ્રાપ્ત કરી શકતો નથી. જેઓ અતિથિઓમાં પૂર્ણ પ્રેમ રાખે છે તેઓ મારું સ્વરૂપ પામે છે. અનગાર ત્યાગી અતિથિઓનું જે દેશમાં સન્માન થાય છે તે દેશમાં શાંતિ, વૈભવ અને જ્ઞાન વ્યાપે છે. સંતોની સેવાભક્તિમાં મનને ઉદાર કરવું. સંતોને ચાહવા. સંતો તરફથી સહેવામાં આત્મજ્ઞાનનો પૂર્ણ પ્રકાશ થાય છે. અતિથિઓને, અભ્યાગતોને, સંતોને વળાવા જવું અને તેઓનો આશીર્વાદ મેળવવો. અતિથિઓએ આશ્રયદાતારોની સાથે પ્રામાણિકપણે વર્તવું અને કદાપિ વિશ્વાસઘાત ન કરવો. અતિથિ થઈને જે ઘરમાં વા આશ્રમમાં જવું ત્યાં મારા ઉપદેશ પ્રમાણે વર્તવું અને સર્વ પ્રકારના દ્રોહથી રહિત રહેવું. અતિથિ જે ઘરમાં વાસ કરે છે ત્યાં લક્ષ્મી, વિદ્યા અને શક્તિઓનો વાસ થાય છે. ક્ષુધારૂપ અગ્નિમાં જેઓ શુદ્ધ અને ભક્ષ્ય અન્નનો હોમ કરે છે તેમને અગ્નિની ખરી ઉપાસના કરનારા મારા ભક્તો જાણવા. સંતો, અભ્યાગતો, અતિથિઓ, વટેમાર્ગુઓને ભોજન અને સ્થાનનો આશ્રય આપવો એ જ જૈનોનો પરમ જૈનધર્મ છે, એવું હે જૈનો! સમજો. અતિથિઓની સેવા કરવાથી આર્હંતો બનશો. અતિથિઓ અને સંતો જ્યાં જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારું ગાન કરે છે ત્યાં ત્યાં મારી શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે. અતિથિ પર જેઓ પ્રેમ કરે છે તેઓ મારા પ્રેમી છે. ભિન્ન ભિન્ન ધર્મના વિતંડાવાદને દૂર કરો અને મારામાં ફકત વિશ્વાસ અને પ્રેમ રાખી પ્રવર્તો.

'પ્રેમથી દ્વેષ શમે છે. ક્ષમાથી ક્રોધ શમે છે. ઉપકારથી વૈર શમે છે. પ્રાયશ્ચિત્તથી કરેલાં પાપ ટળે છે, તેમ સંતની સંગતમાં મારો પ્રકાશ થાય છે. માટે સંતોની સેવા કરો. ઘેર આવેલાઓનું અપમાન ન કરો. ગમે તેવા વિધર્મીઓ હોય પણ તે ઘેર પધારે ત્યારે તેઓને મારા જેવા દેખો. બાલ, વૃદ્ધ, ગ્લાન અને કન્યાઓને ખાસ આશ્રય આપો. તેઓની નિષ્કામપણે સેવા કરો. તમો અને તમારા વંશજો જ્યાંસુધી એ પ્રમાણે વર્તશો ત્યાંસુધી વિશ્વના બાગ સરખું કોકેશસ સ્થાન શોભશે.

'દંભ, વિશ્વાસઘાત, પ્રપંચ, અહંકાર, વ્યભિચાર, અન્યાય, જુલ્મ, હિંસાથી પવિત્ર સ્થાનો પણ અપવિત્ર બને છે. પવિત્ર મનુષ્યો જ્યાં વસે છે તે સ્થાનો પવિત્ર બને છે. સંતોના સમાગમથી પવિત્રતા પ્રાપ્ત થાય છે. પૂર્વે અનેક તીર્થંકરોએ આવીને અન્ય સ્થળોની પેઠે કોકેશસ પર્વતને પણ પવિત્ર કર્યો છે.

'અપવિત્ર પાપી મનુષ્યો જ્યાં વસે છે ત્યાં અપવિત્ર વાતાવરણ ફેલાય છે. પવિત્ર સ્થળોમાં આત્મધ્યાન ધરવાથી અને સંતોની સેવા કરવાથી આત્માની શુદ્ધિ થાય છે. આત્મા પોતાની પવિત્રતાથી જડ વસ્તુઓને પણ ધાર્મિક વાતાવરણથી ભરી દઈ પવિત્ર કરી શકે છે,

'જ્ઞાનીઓ જીવતાં–જાગતાં, હરતાં–ફરતાં પવિત્ર સ્થળો છે. અપવિત્રને પવિત્ર કરનાર સંત, જ્ઞાની, મહાત્માઓ છે. જ્ઞાની સમાન આ વિશ્વમાં કોઈ પવિત્ર નથી. કોકેશસદેશવાસી લોકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમો જ્ઞાનીઓને ચાહો અને જ્ઞાનીઓની પાસે રહો. અપવિત્રને પ્રથમ દૂર કરો. જેનામાં પવિત્રતા છે તે મને પરમ પ્રભુ તરીકે અવલોકવા સમર્થ બને છે. બાળ જીવોએ અપવિત્રોની ધર્મબુદ્ધિથી સંગત કરવી નહીં અને પવિત્ર મહાત્માઓએ અપવિત્રોને પોતાના સહવાસમાં લઈ, તેઓની પાસે રહી તેઓને પવિત્ર બનાવવા પ્રયત્ન કરવો. ભક્તિ અને જ્ઞાનથી પાપીઓ પણ ક્ષણમાં મુક્ત બને છે. કોકેશસપ્રદેશવાસીઓ! તમારી પાસે આવનારા સંત, વટેમાર્ગુઓનું સારી રીતે આતિથ્ય કરો અને તેઓને મારું જ્ઞાન આપો તથા તેઓ પાસેથી મારું જ્ઞાન ગ્રહણ કરો. કોકેશસપર્વત કદાપિ મારા ભક્ત સંત વિના ખાલી રહેશે નહીં. કલિયુગમાં આ પ્રદેશમાં અધર્મનો પ્રચાર થશે, તોપણ તે સમયે ગુપ્તપણે અહીં મારા ભક્ત યોગી અને ત્યાગીઓનો વાસ રહેશે અને તેઓ પાછી ધર્મની પ્રવૃત્તિ થશે ત્યારે જાહેરમાં દર્શન દેશે. ત્રણવાર આ પ્રદેશમાં અંધકાર વારાફરતી છવાશે. પશ્ચાત્ આ દેશમાં મારા ભક્તો મોહશત્રુના ઉપાસકોનું જોર તોડશે અને આ પ્રદેશમાંથી પશ્ચિમના સર્વ પ્રદેશમાં કલિયુગમાં મારો પ્રકાશ જશે.

'રોમદેશની પર્વતશ્રેણીમાં કલિયુગના મધ્યકાલમાં મારી આજ્ઞા પ્રમાણે ધર્મ પ્રગટ કરનાર યોગીઓનો પ્રાદુર્ભાવ થશે. ઋષિકદેશના અને મહાચીન વચ્ચેના પર્વતોમાં મારા યોગીઓ કલિયુગના મધ્યકાલમાં વાસો કરશે. તેઓ મારા નામના મંત્રોથી વિશ્વના લોકોને ધર્મવિશ્વાસમાં સ્થાપિત કરશે અને અન્ય મિથ્યાધર્મ, કે જે અસત્ય, હિંસા, ચોરી, વ્યભિચાર, કાપંકાપાથી ભરેલા છે, તેઓને દૂર હઠાવશે. મારી શ્રદ્ધાપ્રીતિ જે દેશમાં નથી ત્યાં મહાશત્રુ મોહરાજાનો વાસ થાય છે અને ત્યાં મનુષ્યોમાં પરસ્પર વિશ્વાસ, પ્રેમ, ભાતૃભાવ, ઐકય રહેતાં નથી. કોકેશસ પ્રદેશના લોકો! તમો અને તમારા વંશજો જ્યાં સુધી મારી ભક્તિ માટે જીવો છો ત્યાં સુધી તમારી વંશપરંપરા કાયમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેશે અને તે સ્વતંત્ર, નિર્ભય અને આનંદી રહેશે. તેઓના-શત્રુઓ-નું જોર તેઓ પર ચાલશે નહીં. મારી શ્રદ્ધા-પ્રીતિ જ્યારે નહીં હોય ત્યારે તમારા વંશજોમાં તેજ, પરાક્રમ, વિવેક વગેરે જીવતી શક્તિઓ રહેશે નહીં. શ્રદ્ધા-પ્રીતિ વિનાની ભક્તિ તે મરેલી ભક્તિ છે. શ્રદ્ધા અને પ્રીતિ વિનાનો ધર્મ તે મરેલો ધર્મ છે. ગમે તે ભાષાથી સમજીને જેઓ મારી પ્રાર્થના કરે છે અને મારા પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી, મારામાં સમાઈ એકરૂપ બની જાય છે તેઓની ગમે તેવા પ્રસંગોમાં હું સદા રક્ષા કરું છું. સમ્યક્ત્વજ્ઞાનથી ચારિત્ર પામો.

'હું એક પરમાત્મા મહાવીર છું. દુનિયાના લોકો મને અનેક નામરૂપથી ભજે છે અને ભજશે. સર્વ ધર્મો મારામાંથી પ્રગટે છે અને મારામાં સમાય છે એમ અનાદિકાળથી થયા કરે છે અને થશે, એવું જાણી જેઓ સર્વ મનુષ્યોમાં મને દેખે છે અને સર્વની સાથે એકાત્મમહાવીરભાવથી જેઓ વર્તે છે તેઓને જીવતાં મુક્ત થયેલા જાણવા. જ્યાં જ્યાં ગુણ, શક્તિ, પ્રભુતા, શુદ્ધ પ્રેમ, જ્ઞાન, આનંદ છે ત્યાં મારું પ્રગટ રૂપ છે. બુદ્ધિનાં અનેક લક્ષણો વડે મને લક્ષ્ય કરનારાઓ મારી શ્રદ્ધા-પ્રીતિ વિના શુષ્ક બની જાય છે. શ્રદ્ધા-પ્રેમના ગર્ભમાં જ્ઞાનનો વાસ છે. જેઓ શ્રદ્ધા-પ્રેમને પ્રાપ્ત કરતા નથી તેઓ લાખો શાસ્ત્રોના અભ્યાસથી સત્ય જ્ઞાનને પામી શકતા નથી. સર્વ વિશ્વને જેઓ નિર્દોષ દેખવાની ભાવના ધારે છે તેઓ દોષથી બંધાતા નથી. કોઈનામાં દોષો ન દેખો. સર્વમાં ગુણો દેખો.

'પૂજ્ય મહાત્માઓને પોતાની અલ્પબુદ્ધિથી ન તોલો. પૂજ્ય જ્ઞાનીઓના આશયોને સમજો. જ્ઞાનીઓના બાહ્ય વર્તનથી સંતોષ ન પામતાં તેઓના હૃદયમાં ઊતરો. જ્ઞાનીઓના આશયો જાણો. પરસ્પર વિરોધી વાક્યોમાં પણ જ્ઞાનીઓના આશયો જાણો. જ્ઞાનીઓની અપેક્ષાઓને જે જાણે છે તે ત્રીજા હૃદયચક્ષુવાળા મહાદેવ જાણવા. જ્ઞાન વિના બે આંખો છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યો અંધ જેવા છે. મારા ભક્ત જ્ઞાનીઓને તેઓની તબિયત જાણીને સેવો. સર્વે જ્ઞાનીઓ મારા પ્રતિ આવે છે, સર્વ ધર્મો મારા પ્રતિ આવે છે. સર્વ ધર્મની દૃષ્ટિઓ કે સંપ્રદાયો, નદીઓ જેમ સાગર પ્રતિ આવે છે તેમ, મારા પ્રતિ આવી અનંત જીવન પામે છે. મારો વિશ્વાસી ભક્ત મારા વિના અન્ય કશું દેખતો નથી. તે મારામાં સર્વ દેખે છે અને તે મને પોતાના રૂપ સમજી પોતે ભગવાનનો આવિર્ભાવ પામે છે. તે મારી પેઠે વર્તે છે, બોલે છે અને સર્વ વિશ્વ પ્રતિ હુકમ કરે છે. તેને મારા વિના કશું અન્ય ભાન હોતું નથી. એક અંશમાત્ર પણ મારામાં જે વિશ્વાસ ધારે છે તે મારી તરફ આવે છે.

'લોકો! પ્રમાદોને પરિહરો. સદા જાગ્રત રહો. મુસાફરોએ માર્ગમાં ઊંઘવું ન જોઈએ. અનેક ભવોની મુસાફરીને એક ભવમાં પૂરી કરવા પુરુષાર્થ કરો. વિષયો તરફ ન દોડો. વિષયભોગ માટે પશુઓની પેઠે લડી ન મરો. વિષયોમાં સુખ નથી પણ ઊલટું દુઃખ છે, એવો દૃઢ નિશ્ચય થતાંની સાથે તમો સત્ય સુખનો અનુભવ કરશો.' પ્રભુ મહાવીરદેવે એ પ્રમાણે ત્યાંના લોકોને ઉપદેશ આપ્યો તે ઉપદેશ શ્રવણ કરીને ત્યાંના લોકોમાં જૈન ધર્મનું પુનર્જીવન થયું.

ઉત્તર ઋષિક દેશમાં પ્રભુએ ત્યાં આવેલા રાજાઓને પ્રતિબોધી જૈન બનાવ્યા હતા. પ્રભુએ કૃષ્ણસમુદ્રદ્વીપ વગેરે અનેક દ્વીપખંડોમાં પરિભ્રમણ કર્યું અને જ્ઞાનનો પ્રકાશ કર્યો અને અજ્ઞાનરૂપ અંધકારને દૂર કર્યો. એમ અનેક સ્થાનોમાં પ્રભુએ વિહાર કર્યો. પ્રભુ મહાવીરદેવ કંદહાર, વાહ્લિકદેશમાં પધાર્યા ત્યારે ત્યાંના લોકોએ પ્રભુને વંદન-નમન-પૂજન કર્યું. કંદહારમાં અનેક દેશના ત્યાગી, ઋષિ, મહાત્માઓનો સંઘ મળ્યો હતો. તેઓ ધર્મશાસ્ત્ર વિના અન્ય ઈશ્વરને સ્વીકારતા નહોતા. તેઓને પ્રભુએ સાક્ષાત્ પોતાનું ઈશ્વરપણું સમજાવ્યું. સર્વ ધર્મશાસ્ત્રો આકાશમાર્ગથી આવી પ્રભુના ચરણમાં પડ્યાં. પ્રભુ વિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓ જીવી શકતાં નથી એમ ત્યાંના ઋષિ–ત્યાગી–પંડિતસંઘે અનુભવ્યું. પ્રભુની આજ્ઞાથી શાસ્ત્રો આકાશમાં ઊડી ગયાં.

ચાર નિકાયના દેવો પણ ન કરી શકે, ઇન્દ્રો પણ ન કરી શકે એવા પ્રભુના ચમત્કારો ત્યાંના ઋષિસંઘે પ્રત્યક્ષ દીઠા. તેથી તેઓએ પ્રભુ મહાવીદેવનું શરણ સ્વીકાર્યું. સર્વ ઋષિ–મુનિ–ત્યાગીસંઘ પ્રાર્થના કરી, હસ્ત જોડી કહેવા લાગ્યો કે, 'હે પ્રભો ભગવન્! અમોએ આપના જન્મ થતાં આપનું પ્રભુત્વ જાણ્યું હતું. યુવાવસ્થામાં આપે વિશ્વપરિક્રમણ કર્યું હતું. તે કાળે પણ આપનું ઈશ્વરત્વ જાણ્યું હતું, પણ તેથી આપના પર પૂર્ણ શ્રદ્ધા-પ્રીતિ ઊપજી નહોતી અને અમારા સર્વ સંશયો દૂર થયા નહોતા. હવે અમારા સર્વ સંશયો દૂર થયા છે. સર્વ ધર્મશાસ્ત્રો આપની પ્રાપ્તિ માટે છે. આપ સાક્ષાત્ મળ્યા પછી ધર્મશાસ્ત્રોની જરૂર રહી નથી. આપનાં વચનોમાં સર્વ ધર્મશાસ્ત્રો સમાઈ જાય છે, તેથી હવે આપની સેવા–ભક્તિમાં સર્વ ધર્મ સમાયા છે. હે પ્રભો! અમો આપની કૃપાથી શાંતિ અને આરોગ્યમાં છીએ. હે પ્રભો! આપે અમારી આંતર-દૃષ્ટિ ઉઘાડી છે. હે પ્રભો! અમારી જાગ્રત દશા આપે કરી છે. આપની કૃપાથી જ ભક્તોનું કલ્યાણ થાય છે. પ્રભો! કૃપા કરીને હવે અમારે કેવી રીતે વર્તવું તે જણાવો.'

પરબ્રહ્મ મહાવીર પ્રભુએ વાહ્લિક તથા કંદહારદેશના લોકોના ગણનાયકોને કહ્યું: 'મારા ભક્તો તમો સંસારમાં આસક્તિ રાખ્યા વિના પ્રવર્તો. સ્વાધિકારે સર્વ કર્મો સમજીને તટસ્થ બુદ્ધિથી કરો. નામરૂપના મોહની વૃત્તિઓને જીતવા છતાં જીવન ગાળો. ગુણદૃષ્ટિ ધારો અને નિંદાનો ત્યાગ કરો. સર્વ વર્ણને યોગ્ય કર્મો કરતાં નીતિમય જીવન ગાળો. સંસારમાં રહેવા છતાં મનને મારામાં રાખો. શુભ કર્મ અને અશુભ કર્મથી સુખ અને દુઃખ થાય છે. કર્મની ગતિને ઓળખી રાજ-વસ્થામાં કે રંકાવસ્થામાં મૂંઝાઈ ન જાઓ. વૈભવ વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મલકાઓ નહીં અને નિર્ધનાવસ્થામાં દીનભાવ ધારણ ન કરો. આરોગ્યાવસ્થા અને રોગાવસ્થા બન્ને કર્મની લીલા છે. સુરૂપ અને કુરૂપ બન્ને કર્મનું કાર્ય છે. માન–અપમાન, લાભ–અલાભ બન્ને કર્મનું કાર્ય છે. શુભાશુભપણું કર્મથી છે. શુભાશુભ-કર્મથી યશ-અપયશ થાય છે. કર્મપ્રકૃતિની જ આ બાહ્ય સર્વ શુભાશુભ લીલા છે. શુભ કર્મના કે અશુભ કર્મના ઉદયમાં મારા ભક્તો મૂંઝાતા નથી. તેઓ ઉચ્ચકર્મથી પોતાનામાં ઉચ્ચત્વ કે નીચકર્મથી આત્મામાં નીચત્વ માની લેતા નથી. પુણ્ય અને પાપકર્મના ઉદયરૂપ ચકડોળમાં બેઠેલા મારા ભક્તો ચકડોળના ઊંચાનીચા જવાની સાથે પોતાને ઊંચ કે નીચ માની લેતા નથી. જેમ નટ અનેક પ્રકારના વેષ લે છે, પણ સર્વ વેષો અને એ વેષોમાં કરેલી ચેષ્ટાઓથી પોતાને ભિન્ન માને છે, તેમ મારા પ્રિયા-ત્માઓ શુભાશુભ સર્વ પ્રકારની ચેષ્ટાઓથી વસ્તુતઃ પોતાને ભિન્ન માને છે. તેથી તેઓ કર્મના ઉદયથી થયેલી નામરૂપની અહં-વૃત્તિથી મૂંઝાતા નથી. જ્ઞાનીઓ મનઃકલ્પનાને દૂર કરી શુદ્ધ બ્રહ્મનું ધ્યાન ધરે છે. મારા ભક્ત જ્ઞાનીઓ બાજીગરની પેઠે સર્વ બ્રાહ્ય વસ્તુઓની લીલા કરે છે, પણ તેને અનિત્ય માને છે. મારા ભક્તો અને જ્ઞાનીઓ પોતાને ભૂલતા નથી. તમો મન–વાણી–કાયાથી પવિત્ર રહો અને આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરી મુક્ત થાઓ.'

તક્ષશિલામાં આગમન અને ધર્મોપદેશ :

પ્રભુ કંદહારના સ્થાનથી તક્ષશિલાનગરીના ઉદ્યાનમાં પધાર્યા. શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય અનેક મુનિઓએ પ્રભુના દર્શન અને સેવાનો લાભ લીધો અને પ્રભુને અનેક સંદેહો પૂછ્યા. પ્રભુએ તેઓના સર્વ સંશયોને ટાળ્યા. અનેક મુનિઓ અને ગૃહસ્થોએ પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે, 'હે પ્રભો ! આપ અમારો ઉદ્ધાર કરો.' પ્રભુએ સર્વ ઋષિ–મુનિઓના મસ્તક પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હસ્ત સ્થાપી નિર્ભય કર્યા અને ઉપદેશ દીધો કે, 'હે ઋષિ, મુનિ અને ત્યાગીઓ! અહિંસાથી હિંસાને જીતો. સત્યથી અસત્યને જીતો. અસ્તેય બુદ્ધિથી સ્તેયને જીતો. બ્રહ્મચર્યભાવથી કામને જીતો. સંતોષથી મમતાને જીતો. શ્રદ્ધા–પ્રીતિથી શુષ્ક ક્રૂરતાને જીતો. દયાથી નિર્દયતાને જીતો. પ્રેમથી વૈરને જીતો. જ્ઞાનથી મોહશત્રુને જીતો. વૈરાગ્યથી આસક્તિને જીતો. લઘુતાથી અહંકાર પર જય મેળવો. મૌનથી બકવાદ પર જય મેળવો. કર્મસ્વભાવના જ્ઞાનને બળે નિન્દા પર જય મેળવો. અંધકારથી પ્રકાશ તરફ આવો. શુદ્ધ હૃદયથી કપટતાને જીતો. નિષ્કામભાવથી સકામભાવને જીતો. આત્મસુખથી જડવસ્તુઓમાં બંધાયેલી સુખની ભ્રાંતિને જીતો. મનના બળથી કાયબળનો સદુપયોગ કરો. મનને આત્મબલાધીન પ્રવર્તાવો. ક્ષણિક વસ્તુઓની અનિત્યતા ચિંતવી અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પને જીતો. સર્વ જીવોને આત્મપેઠે ચાહો અને સર્વ જીવો તરફથી યથાશક્તિ સહો.

'તમો વિશ્વ પ્રતિ જેવા છો તેવું તમારા પ્રતિ વિશ્વ છે. તમોને આ પ્રમાણે ત્યાગધર્મનો ઉપદેશ દઉં છું. આ ઉપદેશ ત્યાગીઓ માટે છે. ગૃહસ્થધર્મનો ઉપદેશ મેં ગૃહાવાસમાં દીધો છે.

'ગૃહસ્થો જેમ જેમ ઋષિ–મુનિઓના સમાગમમાં આવતા જાય છે તેમ તેમ તેઓ અનેક પ્રકારે આત્મવિશુદ્ધિને પામે છે. આત્મજીવન મળતાં અનંત જીવનનો અનુભવ આવે છે. આત્માનો ખોરાક આત્માને આપો, મનનો ખોરાક મનને આપો અને કાયાનો ખોરાક કાયાને આપો. મન કરતાં આત્માનો ખોરાક અનંતગુણ શ્રેષ્ઠ છે. કાયબળથી પશુબળમાં પ્રવેશ ન કરો. મનમાં રહેલા અનેક પશુઓનો આત્મયજ્ઞમાં હોમ કરો. મનના કામાદિ વિકારોનું બળ તે પશુબળ છે. મનમાં રહેલાં પશુઓને સંહારો. બાહ્ય પશુઓનો હોમ કરવાથી મારી પ્રસન્નતા મેળવી શકાતી નથી. મનમાં રહેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામ–વિષયવાસના આદિ પશુઓને સંહાર્યા વિના મનની શાંતિ અને આત્માનો પ્રકાશ થવાનો નથી. મન પર કાબૂ મેળવવાથી સર્વ વિશ્વ પર કાબૂ મેળવશો. આત્માની શુદ્ધ બુદ્ધિના સામું મન લડે છે અને કર્મના બળથી પ્રેરાયેલું મન કોઈ વખત શુદ્ધ બુદ્ધિના બળને હઠાવી દે છે, માટે તેવા પ્રસંગે ઘણા સાવધ રહેો અને શુદ્ધ બુદ્ધિથી મન પર વિજય મેળવો. કદાપિ પ્રારબ્ધ કર્મની આગળ આત્મબળ નમતું આપે, તોપણ તેથી હિંમત ન હારો. આત્મબળની વૃદ્ધિ કરી પ્રારબ્ધકર્મ ભોગવવા છતાં મનમાં શુભાશુભ પરિણામ ન આવવા દેા. એટલે તમો જૈન બની જિનદશા પ્રાપ્ત કરવાની છેક નજીકમાં આવેલા પોતાને દેખશેા. કર્મના બળથી શુભાશુભ પરિણામને ધારણ કરતી બુદ્ધિનો મનમાં કે કર્મમાં અંતર્ભાવ કરેા અને શુભાશુભ બુદ્ધિથી ભિન્ન એવી શુદ્ધ બુદ્ધિ દ્વારા આત્માનું શુદ્ધજ્ઞાન પ્રગટાવેા. તેથી પૂર્ણાનંદ રસાસ્વાદ આવે છે. માટે એવી આત્મદશામાં પ્રવેશ કરી આત્માનંદી બનેા.

'મારા ભક્ત કેટલાક મહાત્માઓ સર્વ વસ્તુઓની યાદી ભૂલવાને આત્મા વિના અન્ય જડ વસ્તુઓનું અસ્તિત્વ સ્વીકારતા નથી અને આત્મામાં પૂર્ણ પ્રેમ કેળવવા માટે અદ્વૈતવાદ સ્વીકારે છે. પણ સાપેક્ષ માનવાથી સમ્યગ્જ્ઞાન કાયમ રહે છે અને તેથી આત્માની મુક્તતા અનુભવાય છે. જડ તત્ત્વ તે જડરૂપે સત્ છે અને આત્માની અપેક્ષાએ અસત્ છે. જડ વસ્તુમાં જ્ઞાન અને સત્યાનંદ નથી તેથી તે અપેક્ષાએ આત્મા પરમ સત્ય છે.

'દ્વૈતમાંથી અદ્વૈતમાં જવાય છે અને ત્યાંથી શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રવેશ થાય છે. મનના રાગદ્વેષાદિક સંકલ્પ–વિકલ્પ ટળ્યાથી નિર્વિકલ્પ આત્માનુભવજ્ઞાન પ્રગટે છે. શાસ્ત્રજ્ઞાન તે સવિકલ્પ જ્ઞાન છે અને મન વિનાના આત્મામાં રહેલું જ્ઞાન તે *કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન એ નિર્વિકલ્પ જ્ઞાન છે. સવિકલ્પ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનથી નિર્વિકલ્પ જ્ઞાનમાં પ્રવેશ થાય છે. અજ્ઞાનીઓ પોતે જ્ઞાનીઓને પારખી શકતા નથી. આંધળા દેખતાઓને દેખી શકતા નથી તેમ અનુભવજ્ઞાન વિનાના મનુષ્યો જેઓ આત્મજ્ઞાન પામેલા છે તેઓને પારખી શકતા નથી. અજ્ઞાનીઓ જડ વસ્તુઓના લાભને લાભ માને છે; જ્ઞાનીઓ જડ વસ્તુઓના લાભને લાભ માનતા નથી. વિષયવૃત્તિઓને શત્રુઓ માનતાં વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. વિષયોમાં સુખ વા દુઃખબુદ્ધિ પ્રગટતી નથી ત્યારે વિષયોમાં અને મનમાં શત્રુ-મિત્રપણું રહેતું નથી. એવી દશામાં પરમાનંદ રસનો અનુભવ થાય છે. એવી દશાની વાતોના તડાકા માર્યાથી શુષ્કપણું જાણવું, પણ એવી દશા પ્રાપ્ત કર્યાથી આત્મજ્ઞાનત્વ જાણવું. જે જ્ઞાનમાં પૂર્ણાનંદ-રસમય આત્મા અનુભવાય છે અને ઇન્દ્રિય કે મન દ્વારા સુખ ભોગવવાની ભાવના પ્રગટતી નથી તે નિર્વિકલ્પ અનુભવજ્ઞાન છે. શરીરથી મર્યા પહેલાં જેઓ નામરૂપવૃત્તિવાળા મનથી મરીને આત્મામાં આત્મભાવથી અનંત જીવને જીવે છે તેઓને જિન, અર્હંત, જીવન્મુક્ત, કેવલી, બ્રહ્માનુભવી જાણવા.

'પુણ્ય અને પાપ એ બન્નેમાં જેને સમભાવ છે તેઓને મહાયોગી જાણવા. પુણ્ય કે પાપ ભોગવતાં મારા ભક્તો કર્મની લીલામાં મૂંઝાતા નથી. આત્માનું સુખ અનુભવનાર અનેક શરીરોને ગ્રહવા તથા મૂકવા છતાં સદા જીવતા છે. આત્મજ્ઞાની શરીરના ત્યાગમાત્રથી મરતો નથી. મરનાર તો દેહ–પ્રાણ છે, પણ આત્મા તો નિત્ય અમર છે. આત્મજ્ઞાન પામેલાઓ જાગતા છે અને અજ્ઞાનીઓ ઊંઘતા છે. જ્ઞાનીઓને દેહ છતાં દેહ નથી અને અજ્ઞાનીઓને દેહાત્મભાવ છે. અજ્ઞાનીઓ શા માટે પોતે જીવે છે, ખાય છે, પીએ છે, ઊંઘે છે તે પોતે નિશ્ચય કરી શકતા નથી. જ્ઞાનીઓ જીવવાનું રહસ્ય જાણે છે. તેઓ જીવતાં છતાં મુક્તતા પામે છે. અજ્ઞાનીઓ ચક્રવર્તી બનીને પણ સત્ય સુખ કે શાંતિ વિના જળ વિનાની માછલીની પેઠે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરફડે છે. અજ્ઞાનીઓની શક્તિઓ જડમાં વપરાય છે, અને જ્ઞાનીઓની શક્તિઓ આત્માર્થે વપરાય છે. અભેદજ્ઞાનથી જ્ઞાનીઓ સર્વત્ર આનંદમય પોતાને દેખે છે અને ભેદજ્ઞાનથી અજ્ઞાનીઓ જ્યાંત્યાં ભેદભાવ અને સંકલ્પ-વિકલ્પથી પોતે પોતાની મેળે દુઃખરાશિ પ્રગટાવે છે અને પોતાને દુઃખમય દેખે છે. જ્યાંત્યાં અજ્ઞાનથી દુઃખ પ્રગટે છે અને જ્યાંત્યાં જ્ઞાનથી સુખ પ્રગટે છે. ભય અને દુઃખ પોતે પોતાની મેળે અજ્ઞાનીઓ મનમાં ઊભાં કરે છે. આત્માની દૃષ્ટિથી દેખતાં આત્મા પોતે પરમાનંદમય છે અને મનોદૃષ્ટિથી દેખતાં પોતે પોતાને દુઃખમય દેખે છે. દુઃખ વસ્તુતઃ મનથી પ્રગટેલું અને ક્ષણિક તેમ જ અનિત્ય છે. એ જ રીતે દેહ અને મન દ્વારા ભોગવાતું સુખ પણ સોપાધિક હોવાથી ક્ષણિક અને અનિત્ય છે. માટે કલ્પાયેલા સોપાધિક સુખદુઃખથી નિત્ય સુખમય આત્માને અનુભવો અને તેને પ્રાપ્ત કરો. જ્ઞાન અને આનંદ એ જ આત્માનો સત્ય ધર્મ છે.

'કામભોગોનો આનંદ ક્ષણિક છે. કામરૂપ અગ્નિમાં વિશ્વવર્તી સર્વ વિષયોરૂપ કાષ્ઠોને અનંતી વાર હોમવામાં આવે તોપણ કામાગ્નિની શાંતિ થવાની નથી, એમ નક્કી જાણો. કામાગ્નિમાં વિષયરૂપ ઘૃત હોમવાથી ઊલટી કામાગ્નિથી વૃદ્ધિ થાય છે, પરંતુ વૈરાગ્યરૂપ જલથી કામાગ્નિની શાંતિ થાય છે. તૃષ્ણા અને આશાના સાગરનો પાર નથી. કામની આશા અને તૃષ્ણાને વૈરાગ્યભાવનાથી શમાવનાર શાંત છે. સ્થૂલ પૃથ્વી વગેરે પદાર્થો કોઈના થયા નથી અને થનાર નથી. ઝાંઝવાનાં નીર તે સત્ય નીર નથી, તેમ જડ વિષયોમાં સુખની ઇચ્છા થાય છે તે સત્ય નથી- જડ વસ્તુઓના ભોગની આશા કે તૃષ્ણા માટે કરેલો પ્રેમ તે પ્રેમ નથી, પણ જડ વસ્તુઓમાં સુખની બુદ્ધિથી થનારો રાગ તે મોહ છે. મારો પ્રતિસ્પર્ધી શયતાન મોહ છે. તેના વિચારોમાં જેઓ સુખ માને છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજ્ઞ, અંધ અને અવિશ્વાસી છે. જડ વસ્તુઓ ક્ષણિક છે અને શરીર પણ ક્ષણિક છે. બન્નેમાં એક પણ નિત્ય નથી. તેથી આત્મસુખની તરફ જ્યારે પ્રેમ પ્રગટે છે, ત્યારે મારા ભક્તોને શાંતિ વળે છે અને અનેક પ્રકારના દુઃખોનો પોતાની મેળે અંત આવે છે. વિષયોને ભોગવતાં અનેક જાતના રોગો પ્રગટે છે અને શરીર–મન–વાણીની ક્ષીણતા થાય છે. વિષયોમાં સુખબુદ્ધિ થતાંની સાથે મન અનેક પ્રકારની સંકલ્પ–વિકલ્પરૂપ ચિંતાથી વ્યાપ્ત થઈ જાય છે.

'જડ પદાર્થોને પોતાના તાબે કરવાને કરોડો વર્ષ પર્યંત પ્રયત્ન કરવામાં આવે તોપણ તે કોઈના થયા નથી અને થવાના નથી, એવું જાણીને આત્મસુખ તરફ મનને વાળો. જડ વસ્તુઓના ભોગને માટે, જડ વસ્તુઓને પોતાની કરવા માટે લડનારા ઇન્દ્રો, ચક્રવર્તીઓ, રાજ્યો, દેશો, પ્રજાઓ પાંડવ–કૌરવયુદ્ધની પેઠે પરસ્પર લડીને નષ્ટ થાય છે અને થશે, પણ જડ વસ્તુઓની મારામારીના મોહયુદ્ધનો પાર આવવાનો નથી.

'આત્માના નિત્યસુખનો નિશ્ચય થવાની સાથે જડ વસ્તુઓમાં ભોગની વૃત્તિ કે ઇચ્છા થતી નથી. જડ વસ્તુઓ પર ગમે તેટલો રાગ કરો, પણ તે તમારો રાગ જાણી શકતી નથી. જડ વસ્તુઓ પર રાગ કરો અગર દ્વેષ કરો, પણ તે પોતાના પર કોણ રાગ કે દ્વેષ કરે છે તે જાણી શકતી નથી. જેઓ પોતાનો રાગ જાણે નહીં તે પર રાગ કરવો નકામો છે. તેમ જે પોતાના પર કરેલો દ્વેષ જાણે નહીં તેના પર દ્વેષ કરવો નકામો છે. રાગ કે દ્વેષ કરવાથી મનમાં અશાંતિ અને દુઃખ પ્રગટે છે, માટે રાગદ્વેષનો જય કરી વીતરાગ બનો. વીતરાગીઓને અનંત સુખ છે, સરાગીઓને અનંત દુઃખ છે. રાગદ્વેષની વૃત્તિઓ પ્રગટાવવાનું કારણ આત્માનું અજ્ઞાન છે. રાગદ્વેષથી નિરુપાધિક સુખ મળવાનું નથી. સર્વ આત્માઓ પર જડ વસ્તુઓના સ્વાર્થ વિના થનારો રાગ તે વિશુદ્ધ પ્રેમ છે. આત્મા જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમાત્મા છે. તેના પર મનનો જે રાગ તે સત્ય પ્રેમ છે. મન પોતાની સર્વ રાગદ્વેષની વૃત્તિઓ દૂર કરી આત્મા પર લયલીન બને છે, ત્યારે તે પરાભક્તિને પામે છે. મનોવૃત્તિઓ જ્યારે આત્મસન્મુખ થાય છે ત્યારે તે પાકીને ક્ષીણ થઈ ટળી જાય છે. મન ક્ષણિક છે અને આત્મા નિત્ય તેમ જ સ્વયંપ્રકાશી છે. આત્મા જ પરમાત્મા છે અને તે હું છું, એમ જાણી જેઓ મારા બોધમાં પૂર્ણ વિશ્વાસી અને પ્રેમી બને છે તેઓ પરમાત્માની શુદ્ધતાને પામી અનંત આનંદી બને છે.

'આત્મા જડ અને ચેતન સર્વ વિશ્વને જાણે છે. આત્મા મનોવર્ગણાને જાણે છે ત્યારે અસંખ્ય વર્ષો પર મનુષ્યોએ જે જે મનોદ્વારા વિચારો કરેલા હોય છે તે જાણી શકે છે. મારા ભક્ત એવા યોગી, સંત, મહાત્માઓ વર્તમાનમાં શ્રી ઋષભદેવ વગેરે તીર્થંકરોએ જ્યાં જ્યાં ઉપદેશો આપીને બોધ આપેલા છે તે ભાષાવર્ગણાને દેખીને જાણી શકે છે અને જે જે ચિંતવ્યું હોય છે તે મનોદ્રવ્યોને દેખીને જાણી શકે છે. જ્યાં ઉપદેશ દેવામાં આવેલો હોય છે ત્યાં ભાષાવર્ગણાઓનાં પુદ્ગલો વીખરાય છે અને તે અસંખ્યકાળ સુધી પણ ઉત્કૃષ્ટપણે કાયમ રહે છે. જ્યાં જ્યાં વિચારો કરેલા હોય છે ત્યાં ઉત્કૃષ્ટપણે અસંખ્ય કાળ સુધી મનોવર્ગણાઓ કાયમ રહે છે અને ત્યાં રહેલી મનોવર્ગણાદ્વારા અમુક વિચારો કરવામાં આવ્યા હતા એમ મારા ભક્તો જાણી શકે છે. મનુષ્યોના મનોદ્રવ્યને વર્તમાનમાં દેખીને ભૂતકાલમાં કરેલા વિચારોને તે કહી શકે છે.

ભાષા, મન વગેરે જે જે બાબતો પર સંયમ કરવામાં આવે છે તે તે સંબંધીનું જ્ઞાન અને શક્તિ પ્રાપ્ત થાય છે. તક્ષશિલા પ્રદેશમાં અનેક તીર્થંકરો પધાર્યા હતા. તેઓએ જે જે ઉપદેશ આપ્યો છે તે સર્વ હું જાણું છું. મહર્ષિઓએ જે જે વેદોમાં સૂકતો ગાયાં છે તેની વધઘટ જાણું છું. સર્વે ધર્મશાસ્ત્રો નષ્ટ થવા છતાં પણ આત્મા પુનઃ આત્માના જ્ઞાનપ્રકાશથી ભૂત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી સર્વે જાણે છે. જે જે નષ્ટ થયેલું લોકો માને છે તે સર્વે જ્ઞાનમાં છતું છે. અવ્યક્તને જ્ઞાન વ્યક્ત કરે છે. જેમ જેમ રાગદ્વેષની વૃત્તિઓ ક્ષીણ થતી જાય છે અને હૃદય શુદ્ધ થતું જાય છે તેમ તેમ જ્ઞાનનો પ્રકાશ વધતો જાય છે અને જ્ઞાનનો પ્રકાશ વધતાં એટલે સુધી વધે છે કે છેવટે આત્મા સંપૂર્ણ સર્વજ્ઞ બને છે.

'મન અને હૃદયને શુદ્ધ કરો. આત્મા તે જ હું છું. આત્મા અનંત પ્રકાશી છે, આત્મા તે જ સર્વ વેદાગમનો પ્રકાશક છે. મતમાં માનેલી સર્વ મારી–તારી વૃત્તિઓથી આત્માને ભિન્ન દેખો. મન સુધી ભેદ છે અને આત્મામાં આત્મપણે પરિણમતાં અભેદ છે. રાગદ્વેષ છે ત્યાં સુધી દ્વૈતભાવ છે, અને રાગદ્વેષ ક્ષીણ થતાં આત્મામાં અદ્વૈતભાવ છે. રાગદ્વેષ છે ત્યાં સુધી બાહ્ય વિશ્વનું કર્તાહર્તાપણું છે. પરંતુ વીતરાગભાવમાં કર્તાહર્તાની બુદ્ધિ રહેતી નથી.

'સરાગી એવો આત્મા કર્તા–હર્તા છે અને વીતરાગી એવો આત્મા અકર્તા–અહર્તા છે, છતાં સ્વાધિકારે પ્રારબ્ધથી—બાહ્યથી એ જે કર્તવ્યો માને છે તે કરે છે અગર હરે છે. આત્માની સાથે જ્ઞાનાવરણાદિ કર્મો જ્યાં સુધી છે ત્યાં સુધી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને ગૌણમુખ્યપણે વર્ત્યા કરે છે. કર્મરહિત દશામાં નિવૃત્તિ છે.

'પ્રવૃત્તિ એ કથંચિત્ નિવૃત્તિ છે અને નિવૃત્તિ એ કથંચિત્ પ્રવૃત્તિ છે. પ્રવૃત્તિના ગર્ભમાં નિવૃત્તિ છે. પ્રવૃત્તિ તે નિવૃત્તિ છે અને નિવૃત્તિ તે અપેક્ષાએ પ્રવૃત્તિ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને મનના ધર્મ છે. આત્મામાં પ્રવૃત્તિ પણ નથી અને નિવૃત્તિ પણ નથી. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને અપેક્ષાએ ધર્મ અને ધર્મસાધનરૂપ છે. સ્વાધિકારે યોગ્ય એવી પ્રવૃત્તિ અને નિવૃત્તિને સેવો. સાધનધર્મમાંથી એટલે ઔપચારિક કે કલ્પિત ધર્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંથી અકલ્પિત ધર્મમાં જાઓ. સર્વને જાણો, પણ સ્વાધિકારે કરવું. જે યોગ્ય લાગે તે કરો. આત્માના આનંદરસ વિના જીવવાનું નથી. રસ પડે ત્યાં રહો. રસ પડે તે કરો. રસ પડે ત્યાં આત્માધિકાર છે. રસ ન પડે ત્યાં ન રહો. રસથી શરીર અને મન પોષાય છે. આત્મરસને પામો. સર્વ લોકોની સાથે પરસ્પર આત્મભાવે વર્તો.

'મનની પ્રેરણા પ્રમાણે ન વર્તો, પણ આત્માની પ્રેરણા પ્રમાણે વર્તો. મોહયોગે થતી સર્વ દુષ્ટ પ્રેરણાઓને શત્રુ સમાન જાણી હણો. દુર્ગુણી લોકો પર પ્રેમદૃષ્ટિ રાખી તેઓને સુધારો. ગરીબ, અશક્ત અને પતિત લોકોનો ઉદ્ધાર કરો. સહાય આપવા લાયક મનુષ્યોને સહાય આપો. અપરાધી મનુષ્યોને પણ સુધારવાની તક આપો. કોઈ પણ સંતનું અપમાન ન કરો. સર્વ લોકોનું શુભ કરી આશીર્વાદ ગ્રહણ કરો. અન્યાય કરી કોઈના ખરાબ આશીર્વાદ ગ્રહણ ન કરો. શુભ આશીર્વાદથી કલ્યાણ થાય છે અને અશુભ આશીર્વાદથી ખરાબ થાય છે. ગુરુ વગેરેના સ્વાભાવિક આશીર્વાદ મેળવો. ભૂખ્યાંને ખવરાવીને અને તરસ્યાંને પાન કરાવીને આશીર્વાદ મેળવો. જીવોને અભયદાન આપીને આશીર્વાદ ગ્રહણ કરો. માબાપની સેવા ગ્રહણ કરીને આશીર્વાદ મેળવો. વિપત્તિ અને સંકટમાં પડેલા મનુષ્યોનો ઉદ્ધાર કરીને આશીર્વાદ મેળવો. નાભિથી ઊઠેલો શુભાશીર્વાદ અવશ્ય શુભ ફળ આપે છે અને નાભિકમલથી ઊઠેલી હાય અશુભ કરે છે. જેઓ પ્રાણાંતે પણ દુષ્ટ શાપ આપવા ઇચ્છતા નથી એવા ત્યાગી–સંતોની હાય મળે એવી પ્રવૃત્તિ ન કરો. નિરપરાધીઓના આત્માઓને સતાવીને તેઓનો શાપ ગ્રહણ ન કરો. જ્ઞાનીઓ અને મહાત્માઓની ઉપર જૂઠા આરોપ કે કલંક ન મૂકો અને તેઓની આશાતના ન કરો.

મહાયોગીઓની હેલના કે તિરસ્કાર કરતાં તેઓના શાપથી દેશ, નગર, ગામ, રાજ્ય ઉજ્જડ થઈ જાય છે. ક્રોધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વિકથી ગુરુની કે દેવની આશાતના કરવાથી ધર્મબુદ્ધિનો નાશ થાય છે અને તેઓ મારા પ્રેમી બની શકતા નથી. કુમારી કન્યાઓના બ્રહ્મચર્યને બળાત્કારથી યા અન્ય રીતે પણ ભ્રષ્ટ કરવાથી તથા સતીઓનાં વ્રત ભ્રષ્ટ કરવાથી આત્મશુદ્ધિમાં મહાવિઘ્નો આવે છે તથા અનેક પાપો લાગે છે. બ્રહ્મચારી કુમારોના બ્રહ્મચર્યને નષ્ટ કરનાર સ્ત્રીઓને અને કુમારી કન્યાઓને મહાપાપ લાગે છે. કુમારી કન્યાઓની ચોરી કરનારને ખરાબ આશીર્વાદ લાગે છે અને તેથી ખરાબ આશીર્વાદ ગ્રહણ કરનારનું આ ભવમાં બૂરું થાય છે તે લોકો પ્રત્યક્ષ દેખી શકે છે.

'વિના વાંકે પતિ જો પત્નીને સતાવે છે અને પત્ની જો પતિને સતાવે છે તો તેથી એકબીજાનું બૂરું થાય છે. માતાપિતા અને ગુરુની સેવાભક્તિ કરનાર જ મારો ભક્ત બની શકે છે. જે દેશમાં લોકો ત્યાગી ઋષિઓની હાય લે છે તે દેશમાં પાપનો સમૂહ પ્રગટે છે અને તેથી દેશની પડતીનાં લક્ષણો અને ઉત્પાતો પ્રગટી નીકળે છે. સંતોની હાય લેનારાઓ કદાપિ સુખી થતા નથી. ખરાબ આશીર્વાદ દઈને સામો ખરાબ આશીર્વાદ ગ્રહણ કરવો નહીં. શુભ વા અશુભનો જેવો આઘાત તેવો પ્રત્યાઘાત થાય છે.

'તમો જેવું બીજાનું ઇચ્છશો તેવું તે તમારું ઇચ્છશે. તમો અન્ય પ્રતિ જેવા થશો તેઓ તમારા પ્રતિ તેવા થશે. અન્યનું ખરાબ કરીને હૃદયને મલિન બનાવવાથી હૃદયમાં મારો પ્રકાશ પડી શકતો નથી. જેઓને અસંખ્ય જન્મો લેવાના હોય છે તેઓને મારા પર વિશ્વાસ આવી શકતો નથી. જેઓ પાખંડીઓના સંગથી ભરમાયેલા છે તેઓ સંશયી અને ભ્રાંત બનીને મારા પર વિશ્વાસ કે પ્રેમ ધારણ કરી શકતા નથી. તેઓ પ્રેમને ગ્રહી શકતા નથી. જેટલો આત્મા ઉદાર બનશે તેટલું તે ગ્રહણ કરશે. વિનયપૂર્વક વૈયાવૃત્ય કરીને સંતોના શુભ આશીર્વાદ ગ્રહણ કરો. ધર્મીઓનું મન પ્રસન્ન થઈ જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે જ આશીર્વાદ છે. ગુરુ પ્રસન્ન થઈને જે આપે છે તે બીજી રીતે કરોડો ઉપાયે પણ આપી શકતા નથી. ગુપ્ત દાનથી અનંત ધર્મ થાય છે; જાહેરમાં દાન દેવાથી નામરૂપનો મોહ પ્રગટે છે. ગુપ્ત દાન એવી રીતે કરો કે તમારા વિના બીજો કોઈ જાણી શકે નહીં. કોઈ વખત દાન લેનારનું નામ પ્રતિકૂળ સંયોગોમાં પણ જાહેર થાય નહીં. એમ પ્રવર્તવાથી શુભાશીર્વાદ ગ્રહાય છે અને આત્માની અત્યંત વિશુદ્ધિ થાય છે.

'કોઈના બૂરામાં ભાગ લેવો, કોઈની નિંદા કરવી, કોઈની હાંસી કરવી, ફજેતી કરવી, બદબોઈ કરવી, કોઈના ભલામાં વચ્ચે અંતરાયો કરવા, કોઈનું સારું દેખી ઈર્ષ્યા કરવી, કોઈને દ્વેષબુદ્ધિથી હલકા પાડવા પ્રયત્ન કરવો, કોઈના ગુણોને અવગુણરૂપે દેખાડવા યુક્તિથી બોલવું, ઇત્યાદિ પ્રવૃત્તિથી અને લોકોને તથા ઋષિઓને પરસ્પર લડાવી મારવાથી પાપકર્મ બંધાય છે અને તેથી અશાંતિની પરંપરા પ્રગટ થાય છે.

'ત્યાગીઓ! તમો આત્માને પરમાત્મા બનાવવા માટે મનમાં પ્રગટતા દોષોને જીતતા રહો. આત્મા તરફ મનને વાળો અને કોઈને બરાબ શાપ ન આપો. સર્વ બાબુઓની તપાસ કર્યા વિના એકદમ કોઈ અભિપ્રાય ન બાંધો. સર્વ બાબુઓની અપેક્ષા તપાસીને બોલો અને કર્તવ્યકર્મો કરો. કોઈને કષાય ઉત્પન્ન થાય એવું ન બોલો. બીજાઓ પર શત્રુ-ભાવ ન રાખો અને વૈરનાં કારણોથી અન્યોના સદ્ગુણોને ભૂલી ન જાઓ.

'સત્યને સત્યરૂપે દેખવાની દૃઢતા રાખો. નમ્રતાથી વર્તો અને દૃઢતાથી કર્તવ્યકર્મો કરો. સત્ય પ્રવૃત્તિ કરતાં સર્વ પ્રકારનો આત્મભોગ આપો. પરિપૂર્ણ વિચાર કરીને મુખમાંથી એક શબ્દ બહાર કાઢો. મેરુપર્વતની પેઠે સત્યમાં સ્થિર રહો. પ્રાપ્ત થયેલી શક્તિઓનો દુરુપયોગ ન કરો. પોતાની કોઈ જૂઠી પ્રશંસા કરે તેથી ખુશ ન થાઓ. પોતાની જૂઠી મહત્તાનો ઘમંડ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખો. કોઈની સ્વાર્થથી જૂઠી પ્રશંસા ન કરો, તેમ કોઈના ગુણોની પ્રશંસા સાંભળીને ઈર્ષ્યા ન ધરો. અન્યની ઉન્નતિને પોતાની ઉન્નતિ માનો. અન્ય પર ઉપકાર કરતી વખતે મારી ભક્તિ જ થાય છે એવો દૃઢ નિશ્ચય રાખો. નામ, રૂપ, સત્તા વગેરે ન જોતાં દેહોમાં રહેલા આત્માઓની સાથે નિઃસ્વાર્થ-બુદ્ધિથી અને પરમપ્રેમસંબંધથી વર્તો. સામો ઉપકાર લેવાની બુદ્ધિથી ઉપકાર કરતાં અજ્ઞાની ભક્તો પતિત થઈ જાય છે. માટે કીર્તિ વગેરે કોઈ પણ જાતના સ્વાર્થ વિના ઉપકારપ્રવૃત્તિ કરો. સ્વાર્થિક કર્મો કરો, પણ તે વખતે મારામાં સ્વાર્પણભાવ રાખીને કરો. તેથી પતિત થવાનો પ્રસંગ આવતો નથી. કોઈના પણ સંબંધમાં આવતાં પહેલાં નિષ્કામ પ્રેમનો સંબંધ બાંધો અને આત્માની શુદ્ધતા વધે એવી રીતે વર્તો.

'અધર્મીઓના શબ્દો પર પૂર્ણ અનુભવ કરીને વિશ્વાસ મૂકો. પોતાની તરફ અન્ય લોકો આદરભાવથી વર્તે એવો ભાવ પ્રગટતાં પહેલાં અન્ય લોકો તરફ તેવા ભાવથી વર્તો. અન્યોને સારા કરવાની પૂર્વે પોતે સારા બનો. આત્માની અનંત શક્તિ-ઓમાં વિશ્વાસ રાખો. એક શરીરનો ત્યાગ કર્યા પછી અન્ય શરીરને આત્મા ગ્રહણ કરી શુભાશુભ કર્મોને ભોગવે છે, એવો દૃઢ વિશ્વાસ રાખો અને આત્માને સર્વ શરીરોના ગ્રહણની અવસ્થામાં એકસરખો ધ્રુવ અને નિત્ય જાણો. પરમ દ્રવ્યાર્થિક નયન દૃષ્ટિથી આત્મા પર એવા જડ પર્યાયોની સાથે અપરિણામી છે એમ જાણો. જડને જડભાવે દેખો અને આત્માને આત્મ-ભાવે દેખો. જડની સાથે આત્મામાં પરિણમીને વર્તો.

કોઈના પર અન્યાય કે જોરજુલ્મ ન થાય તે જ આત્મ-સામ્રાજ્ય છે. તે વિનાનું બાકીનું મોહસામ્રાજ્ય છે. મોહસામ્રાજ્ય જ્યાં છે ત્યાં ખરું રાજ્ય નથી. પક્ષપાત, જુલ્મ, અન્યાય અને લોભથી સર્વ પ્રકારનાં રાજ્યો અસ્થિર બને છે અને તે અલ્પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળમાં ઊખડી જાય છે. દુષ્ટ રાજ્યોનો નાશ થાય છે. મારી આજ્ઞા પ્રમાણે સર્વ લોકોને એકસરખી રીતે આજીવિકાદિ લાભ મળે એવી રીતે જેઓ રાજ્ય ચલાવે છે તેઓ લાંબા કાળ સુધી રાજ્ય ચલાવી શકે છે. તક્ષશિલાનું આયુષ્ય ટૂંકું છે. તેના પર અનેક જાતિઓની સવારીઓ આવશે. છેવટે જંગલી લોકોની સવારીથી તેનો નાશ થશે. તક્ષશિલા નગરીના સ્મશાનમાં ઇતિહાસ દટાયો રહેશે. જે પ્રજાઓ મૃત્યુથી ડરી, પરતંત્ર બની જીવવા ઇચ્છે છે અને સ્વાર્થના કીચડમાં કીટકનું જીવન ગાળે છે તે અંતે વિનાશ પામે છે; તેની પરંપરા રહેતી નથી.

'રાજાઓ અને પ્રજાઓ ધર્મથી ભ્રષ્ટ થઈને પોતાની મેળે પડતી પામે છે. મારી આજ્ઞાથી વિમુખ થયેલા રાજાઓ મારા દેહના વિલય પછી તક્ષશિલા લેવા વરની પેઠે દોડંદોડા કરશે. છેવટે મારી ભક્તિથી વિમુખ થયેલાઓ તીડની પેઠે પૃથ્વીમાં સમાઈ જશે. પ્રભુની મૂર્તિને નહીં માનનારો એક પક્ષ ઊઠશે. તે પૂર્વે થોડા શતકમાં તક્ષશિલા દટાઈ જશે. પૃથ્વી પર જ્યાં જળ હોય છે ત્યાં સ્થળ થાય છે. શ્રીઋષભદેવ ભગવાનના વખતથી તે આજસુધીમાં સમુદ્રોમાં અને પૃથ્વીમાં ફેરફાર થયા છે. કેટલાક દેશો દરિયામાં ડૂબી ગયા છે અને દરિયાના ટુકડા થઈ ગયા છે. સુવર્ણવાલુકા નદી, શ્વેદ્વીપ વગેરે સ્થાનોમાં જળવાયુના ફેરફારો થઈ ગયા છે. તે ફેરફાર મનુષ્યના કર્મયોગે બનેલા છે.

'ઋષિઓ અને મુનિઓ! તમે સાવધાન થઈને પ્રવર્તો. કલિયુગમાં ધર્મના ફેરફારને લીધે લોકો પરસ્પર શસ્ત્રોથી લડશે અને એકબીજાનો નાશ કરવા પ્રયત્ન કરશે. મારા ઉપદેશેલ ધર્મ સિવાય અન્ય દુષ્ટ ધર્મો અને દુષ્ટ ધર્મીઓનાં રાજ્યો પૃથ્વી પર વારંવાર ફેરફાર પામશે અને અંતે નષ્ટ થશે. ધર્મબળ વિના એકલા શસ્ત્રબળથી રાજ્ય રહી શકતાં નથી. કલિયુગમાં સર્વ પ્રકારના બાહ્યાંતર બળની આવશ્યકતા રહેશે. વિદ્યા પછી ક્ષાત્રબળ, તે પછી વૈશ્યબળ અને તે પછી શૂદ્રબળથી રાજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવર્તશે. પુનઃ પૃથ્વીની પ્રજાઓમાં હરીફાઈ જાગશે, સંઘર્ષણ થશે.

'ગાડાના ચક્રની પેઠે ઊંચા થતા એવા તો વીસ ઉદયો કલિયુગમાં થશે. દરેક ઉદયમાં મારો બોધ મુખ્યપણે પ્રવર્તશે. પુનઃ મારા બોધ પ્રમાણે લોકો નહીં ચાલે એટલે ઉદયનું ચક્ર નીચું જશે. પુનઃ મારી સેવા–ભક્તિ–નીતિ પ્રવર્તતાં ચક્ર પાછું ઊંચું આવશે. એમ વીસ વખત ઉદય પ્રવર્તશે. પશ્ચાત્ કલિયુગનો વિનાશ થશે. મારા ધર્મમાંથી અનેક ધર્મો નીકળશે અને તે મારા ધર્મથી પોતાને પ્રાચીન કહેશે. પ્રાચીન પુસ્તકોમાંથી ઘણા મારા ઉપદેશોને દૂર કરશે. ત્યારે તેઓને મારી અને મારી આજ્ઞા પ્રમાણે ચાલનારા દેવોની સહાય મળતી બંધ થશે. તેઓ પોતાનાં મૂલ નીતિ–ધર્મને ભૂલી જશે અને ત્રાહિ ત્રાહિ પોકારશે, એટલે તેઓની સહાય કરવા મારા ભક્ત દેવો પૃથ્વી પર અવતરશે અને દુષ્ટ રાજ્ય તેમ જ ધર્મોનો નાશ કરશે. કાળી, ગોરી, પીળી સર્વ પ્રજાઓ પુનઃ ધર્મ–માર્ગમાં આવશે. એ પ્રમાણે ઉદય અને અનુદયના ચક્રમાં ધર્મ અને અધર્મની વારાફરતી મુખ્યતા–ગૌણતા થયા કરશે. જે લોકો મારી ભક્તિમાં અચલ રહેશે અને મારા નામનો જાપ ચૂકશે નહિ તે લોકો અધર્મીઓના હુમલા સામા ટકશે. જે જૈનો નાશ પામવાની અણી પર આવશે, પરંતુ મારી સેવા-ભક્તિમાં કલિયુગમાં પ્રવર્તશે તેઓ આકાશમાં વાદળાં જેમ છવાય છે તેમ પાછા પૃથ્વી પર છવાઈ જશે. મારા ભક્તો કલિયુગમાં સ્થૂલ વિશ્વમાં જડ શક્તિ સાથે સંબંધિત થઈ અને મન તેમ જ આત્મામાં દૈવી અને આધ્યાત્મિક શક્તિઓથી સંબંધિત થઈ જીવતા રહેશે અને બાહ્ય રાજ્ય તથા આત્મ-સામ્રાજ્યને ટકાવી શકશે.

'ઋષિઓ! તમો પવિત્ર જ્ઞાની યોગી છો. તમો જૈનધર્મને ઉત્તર દેશોમાં સર્વત્ર ફેલાવો. જોકે જૈનધર્મ અનાદિ કાળથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વ વિશ્વમાં પ્રવર્તે છે, પરંતુ કલિયુગ પાસે આવવાથી અજ્ઞાની અભક્ત લોકો વિશેષ પ્રમાણમાં જન્મે છે. તેઓને સુધારો.'

પ્રભુનો એવો ઉપદેશ શ્રવણ કરીને ઋષિ, મુનિ, ત્યાગી, ગૃહસ્થ સર્વ લોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું. જ્યાં પ્રભુ વિરાજમાન થયા હતા ત્યાં લોકોએ સ્તૂપની રચના કરી. ત્યાંના જૈન રાજાએ પ્રભુની આજ્ઞા સ્વીકારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪. આત્માનું સ્વરૂપ

પ્રભુએ કૈલાસશિખર ઉપર મુકામ કર્યો. ત્યાં પૂર્વના પરિચિત અનેક ઋષિઓએ પ્રભુને વિધિપૂર્વક વંદન પૂજન સ્તવન કર્યું. કૈલાસ પર્વત પર પૂર્વે ત્રેવીસ તીર્થંકરો તથા સાત્ત્વિક ગુણી અનેક મહર્ષિઓ પધાર્યા હતા. ચ્યવન ઋષિ અને કણ્વ ઋષિએ પ્રભુને આત્માના આનંદ સંબંધી ખુલાસો પૂછ્યો. પ્રભુએ તેમના પ્રશ્નનો ઉત્તર આપી સમાધાન કર્યું. ભદ્રિ ઋષિએ આત્માના પરિમાણ સંબંધી પ્રશ્ન કર્યો. પ્રભુએ ભદ્રિ ઋષિને જણાવ્યું કે, 'ઔપચારિક દૃષ્ટિએ શરીર જેવું વા જેટલું કલ્પીએ તેટલું આત્માનું પરિમાણ છે. ઔપચારિક દૃષ્ટિએ જેને જેટલું આત્માનું પરિમાણ સમજાય તેટલું જાણવું. શાસ્ત્રદૃષ્ટિએ પરોક્ષદશામાં આત્માના પરિમાણ સંબંધી વિચારો ન કરવા, પરંતુ આત્માની પ્રભુતાનો અનુભવ કરવા હૃદયની શુદ્ધિ કરવી. સદ્‌ભૂત પર્યાયદૃષ્ટિએ જ્ઞાનરૂપ આત્માનું વ્યાપક પરિમાણ જાણવું. જ્ઞાન જેટલું આત્માનું પરિમાણ જાણવું. આત્માના પરિમાણ વિષે વિવાદ ન કરતાં આત્માના જ્ઞાનનો આવિર્ભાવ કરવા લક્ષ દેવું. આત્મપ્રત્યક્ષ થતાં ઔપચારિક આત્મપરિમાણદૃષ્ટિ રહેશે નહીં, છતાં અન્ય લોકોને તો પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે ભિન્નભિન્ન પરિમાણવાળા આત્મા લાગશે, અને તે તે સ્થિતિએ તે યોગ્ય છે. આગળની દૃષ્ટિ જાગતાં પાછળની દૃષ્ટિ રહેતી નથી. તેથી પાછળની માન્યતાની તકરારો રહેતી નથી. અપેક્ષાએ આત્મા અણુરૂપ છે અને તેનું પરિમાણ વધતાં વધતાં મહદ્ લોકાલોકવ્યાપકરૂપ જાણવું. આત્મા અણુરૂપ છે અને સર્વ વિશ્વમાં વ્યાપ્ત એવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ એનું રૂપ છે. આત્મા શરીરની અપેક્ષાએ દેહમાં વ્યાપેલો છે, છતાં જ્ઞાનની અપેક્ષાએ તેનું રૂપ વિશ્વવ્યાપક પણ છે. પરંતુ આ બાબતનો વિવાદ કરવાનું છોડીને આત્મશુદ્ધિ કરો. એટલે આત્માના પરિમાણની અનેક માન્યતાઓની અનેક અપેક્ષાઓ સમજાઈ જશે. છેવટે ઔપચારિક અને અનૌપચારિક આત્મપરિમાણ આપોઆપ સમજાઈ જશે. આત્મામાંથી જ્ઞાન પ્રગટે અને તેથી આપોઆપ સર્વ સમજાઈ જાય એવી દશામાં આવવા હૃદયની શુદ્ધિ કરો એટલે આત્માનું અરૂપ સ્વરૂપ સમજાઈ રહેશે.'

જબાલિ ઋષિએ પ્રભુને આત્મા એક છે વા અનેક છે. તે સંબંધી પ્રશ્ન કર્યો. પ્રભુએ જબાલિ ઋષિને કહ્યું કે, 'સત્તાદૃષ્ટિએ એક આત્મા, એક બ્રહ્મ છે અને વ્યક્તિદૃષ્ટિએ અનંત આત્માઓ છે. એમ સાપેક્ષતાએ આત્મા એક પણ છે અને આત્માઓ અનંત પણ છે એમ જાણો.' આ સાંભળીને કણ્વ, અયવન અને જબાલિના સંશયો ટળી ગયા.

શ્વેતકેતુએ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ કરીને પૂછ્યું કે, 'આ વિશ્વ કેટલાં તત્ત્વોનું છે?'

પ્રભુએ કહ્યું કે, 'હે શ્વેતકેતો! જડ અને ચેતન એ બે તત્ત્વમય આ વિશ્વ છે. જડ અને ચેતન એ બે દ્રવ્યના પર્યાયોનું અનંત વિશ્વ છે. જેણે આત્માને જાણ્યો તેણે વિશ્વ જાણ્યું છે. જેણે વિશ્વ જાણ્યું તેણે આત્માને જાણ્યો છે.'

બ્રહ્મણસ્પતિ ઋષિએ પૂછ્યું કે, 'હે ભગવન્! કર્મ બળવાન છે કે આત્મા બળવાન છે?'

પ્રભુએ કહ્યું: 'કોઈ ઠેકાણે આત્મા બળવાન છે અને કયાંક કર્મ બળવાન છે. અજ્ઞાનીને કર્મ બળવાન છે અને જ્ઞાનીને આત્મા બળવાન છે. પ્રારબ્ધ કર્મો ભોગવવામાં કર્મ પ્રધાન છે અને નવીન કર્મો નહીં બાંધવામાં આત્મા બળવાન છે. આત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મનો કર્તા છે, ભોક્તા છે અને છેવટે કર્મનો હર્તા પણ છે. માટે આત્મા જ બળવાન છે, કર્મ બળવાન નથી, એમ શુદ્ધ નિશ્ચયથી જાણો.' એ પ્રમાણે જવાબ મળવાથી બ્રહ્મસ્પતિને આનંદ થયો.

પૂર્ણ ઋષિએ પ્રભુને વંદન કરી પૂછયું કે, 'આત્મા બળવાન છે કે જડ બળવાન છે?'

પ્રભુએ પૂર્ણ ઋષિને કહ્યું. કે, 'હે પૂર્ણ ઋષિ! આત્મા પોતાના સ્વરૂપે બળવાન છે તેમ જ જડ દ્રવ્ય જડભાવે બળવાન છે. આત્માનું બળ ન્યારું છે અને જડનું બળ ન્યારું છે. આત્માના બળના તાબામાં જડનું બળ રહે છે. જડ જગતને વશ કરનાર આત્મા છે. જડ દેહને પોતાની ઇચ્છા પ્રમાણે પ્રવર્તાવનાર આત્મા છે. કર્મયોગથી જડમાં આત્માનું વીર્ય પરિણમે છે, પણ સર્વથા કર્મનો નાશ થયા પછી આત્મા પરબ્રહ્મ બને છે. ત્યારે તે સર્વ વિશ્વનો ઉપકારી, સ્વતંત્ર અને નિઃસંગ બને છે.'

ધૂમ્ર ઋષિએ પૂછયું કે, 'કર્મ કરવાથી મુક્તિ થાય છે કે જ્ઞાનથી મુક્તિ થાય છે?'

પ્રભુએ તેના ઉત્તરમાં કહ્યું કે, 'હે ધૂમ્ર ઋષિ! સત્કર્મ અર્થાત્ પુણ્યકર્મ અને મોક્ષનાં કર્મ એ બે પ્રકારનાં કર્મ છે. સત્કર્મ કરતાં હૃદયની શુદ્ધિ થાય છે અને હૃદયની શુદ્ધિ થતાં જ્ઞાન પ્રગટે છે. તેથી જ્ઞાન અને ક્રિયા એ બન્નેથી મુક્તિ થાય છે. આસક્તિ વિના સ્વાધિકારે સત્કર્મ, સત્ક્રિયા, સત્યવૃત્તિ કરવાથી હૃદયની શુદ્ધિ થાય છે અને તેથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરિણામે સંપૂર્ણ કેવલજ્ઞાન પ્રગટે છે, અને આત્મા જ પરમાત્મા બને છે.'

નચિકેતા ઋષિએ પ્રભુને વંદન કરી પૂછયું કે, 'હે પ્રભો! અનાદિ–અનંત વેદ કયો અને સાદિ–સાંત વેદ કયો? અક્ષરરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેદ કયો અને અનક્ષરરૂપ વેદ કયો? નિત્ય વેદ કયો અને અનિત્ય વેદ કયો?'

પ્રભુએ નચિકેતા ઋષિને કહ્યું કે, 'હે નચિકેતા! આત્મા જ વેદ છે અને તે અનાદિ-અનંત છે. પ્રવાહની અપેક્ષાએ જે શ્રુતજ્ઞાન છે તે અનાદિ-અનંત વેદ છે. અક્ષરોથી બનેલો લિપિરૂપ વેદ તે અક્ષરવેદ છે તથા જે આત્મજ્ઞાન છે તે અનક્ષરવેદ છે. આત્મા ત્રણ કાળમાં નિત્ય હોવાથી નિત્ય વેદ છે અને જે ગ્રન્થરૂપ— શબ્દરૂપ વેદ છે તે ત્રણે કાળમાં અનેક રૂપાંતરને પામે છે માટે અનિત્ય વેદ છે. તે પ્રમાણે હે નચિકેતા! આગમ સંબંધી જાણ. આત્મરૂપ આગમ અનાદિ-અનંત છે, જ્યારે શબ્દલિપિરૂપ આગમ સાદિસાંત છે. શ્રુતજ્ઞાનરૂપ વેદની પેઠે આગમો પણ અપેક્ષાએ સાદિસાંત છે. અક્ષરરૂપ વેદની પેઠે આગમ પણ અક્ષર-આગમપણે પણ જાણ. દ્રવ્યરૂપ આત્મા અક્ષર અર્થાત્ ત્રણે કાળમાં પોતાના મૂળ રૂપથી ક્ષરે અર્થાત્ રૂપાંતરને પામે એવો નથી.'

હૃષિકેશ ઋષિએ પૂછ્યું કે, 'હે ભગવન્! યજ્ઞની વેદિકા કઈ?'

પ્રભુએ કહ્યું : 'યજ્ઞો દ્રવ્ય-ભાવથી અનેક પ્રકારના છે, પણ જ્ઞાન એ સર્વ યજ્ઞોની વેદી છે. જેનાથી સર્વ વેદાય અર્થાત્ જણાય તે જ વેદી છે. આત્મામાં સર્વ યજ્ઞો પ્રગટે છે, અને આત્મામાં સર્વ યજ્ઞોનો લય થાય છે. યજ્ઞો અને યજ્ઞકારકો જ્યાં અભેદતાને પામે છે ત્યાં જ્ઞાનવેદી સત્ય છે એમ જાણ.'

નારાયણ ઋષિએ પૂછ્યું કે, 'હે ભગવન્! જ્ઞાનથી જ્ઞેય પદાર્થરૂપ જગત ભિન્ન છે કે અભિન્ન?'

ભગવંતે કહ્યું કે, 'હે નારાયણ ઋષિ! આત્મામાં જ્ઞાન છે અને જ્ઞાનમાં ભાસનારા જ્ઞેય એવા જડ અને ચેતન પદાર્થો કથંચિત્ અપેક્ષાએ જ્ઞાનથી ભિન્ન છે અને કથંચિત્ જ્ઞાનથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભિન્ન છે. જ્ઞાનપદાર્થ, શબ્દપદાર્થ અને વસ્તુપદાર્થ એમ ત્રણ પ્રકારના પદાર્થો અપેક્ષાએ છે. જ્ઞાનથી સર્વ જડ-ચેતન પદાર્થોમાં પ્રકાશ થાય છે'. એમ કહેવાથી નારાયણ ઋષિએ પ્રભુ મહાવીરદેવનું શરણ સ્વીકાર્યું.

સનત્કુમાર ઋષિએ પ્રભુને વંદન કરીને પૂછ્યું કે, 'હે પ્રભો! દ્વિજ કોને કહેવો? બ્રાહ્મણ કોને કહેવો?'

પ્રભુએ કહ્યું કે, 'સનત્કુમાર! મનુષ્યભવ તરીકે જન્મવું તે એકવારનો જન્મ છે, અને મનુષ્યજન્મમાં આત્મજ્ઞાની થવું તે બીજો જન્મ છે. આત્મજ્ઞાનીરૂપે જે જન્મે છે તે દ્વિજ છે. જે આત્માને—બ્રહ્મને સાક્ષાત્ જાણે છે તે બ્રાહ્મણ છે.'

ધન્વંતરિ ઋષિએ પ્રભુને વંદન-નમન કરીને પૂછ્યું કે, 'હે પ્રભો! શરીરના રોગોનું મૂળ શું છે અને તે શાથી ટળે?'

પ્રભુએ કહ્યું કે, 'શરીરના જ્ઞાનનો અભાવ—અજ્ઞાન તે જ રોગોનું મૂળ છે. તે રોગોના નાશનો હેતુ શારીરિક જ્ઞાન છે.'

હારીત ઋષિએ પ્રભુને વંદન-નમન કરી પૂછ્યું: 'હે પ્રભો! સર્વ દુઃખનું મૂળ શું છે?' પ્રભુએ હારીતને જણાવ્યું કે, 'સર્વ દુઃખનું મૂળ અજ્ઞાન છે અને સર્વ સુખનું મૂળ જ્ઞાન છે.'

મંડૂક ઋષિએ પૂછ્યું કે, 'સર્વ પ્રકારના ભેદભાવ શાથી ટળે?'

પ્રભુએ જણાવ્યું કે, 'હે મંડૂક ઋષિ! રાગદ્વેષરહિત અભેદ અને જડભાવ વિનાના આત્મભાવવાળા અદ્વૈતજ્ઞાનથી સર્વત્ર એક શુદ્ધાત્મભાવ ખીલી શકે છે અને શુભાશુભ પરિણતિ વિનાની શુદ્ધાત્મભાવનાનો સાગર ઊમટે છે. તેથી ભેદભાવવૃત્તિના સર્વ મલ ધોવાઈ જાય છે અને સર્વત્ર પોતે પોતાને આત્મા અનુભવી, પૂર્ણબ્રહ્મ બની, પૂર્ણબ્રહ્મરૂપે પોતે પોતાનામાં ખીલી ઊઠે છે.'

કુત્સ મુનિએ પરબ્રહ્મ મહાવીર પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ પૂછ્યું: 'યજ્ઞોપવીત શું છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુએ કહ્યું કે, 'યજ્ઞ એટલે આત્મા અને તેની પાસે રહેવાપણું જેનાથી પ્રાપ્ત થાય એવો પરબ્રહ્મ ભાવ તે યજ્ઞોપવીત છે. સ્વાર્પણભાવ, આત્મશ્રદ્ધા, આત્મપ્રેમ, સર્વવિશ્વવ્યાપક આત્માનું જ્ઞાન, શ્રુતિવિચારણા તે યજ્ઞોપવીત છે. આત્માને પામવાની પ્રતીતિનો સંકેત તે પણ દ્રવ્યથી યજ્ઞોપવીત છે.

મૈત્રેય ઋષિએ પ્રભુને પ્રદક્ષિણા દઈ અને વંદન–પૂજન કરી પૂછ્યું કે, 'હે પરમેશ્વર! અગ્નિ એટલે શું? અને તે કયાં રહે છે?'

પ્રભુએ કહ્યું કે, 'હે મૈત્રેય! આત્મજ્ઞાન તે અગ્નિ છે. તે આત્મામાં રહે છે અને તેને હૃદયમાં સ્થાપવો જોઈએ. તેની આગળ શ્રદ્ધા–પ્રીતિની ઇષ્ટિ કરવી જોઈએ. આત્મગૃહમાં રાત્રિદિવસ જ્ઞાનાગ્નિ જાગ્રત રહેવો જોઈએ અને તેનું પૂજન થવું જોઈએ. ઉદરમાં ક્ષુધારૂપ અગ્નિમાં ભોજન હોમવું અને જ્ઞાનાગ્નિમાં શ્રવણ–મનન–નિદિધ્યાસનરૂપ આહુતિ હોમવી.'

ગર્ગ ઋષિએ પૂછ્યું કે, 'હે પરબ્રહ્મ ભગવન્! વિશ્વના સર્વ મનુષ્યોની સાચી ઉન્નતિ શાથી થાય?'

પ્રભુએ કહ્યું કે, 'હે ગર્ગ ઋષિ! જે લોકો મારામાં પૂર્ણ વિશ્વાસ રાખી પ્રવર્તે છે તેઓની સાચી ઉન્નતિ થાય છે. મારી આજ્ઞા પ્રમાણે વર્તવાથી વિશ્વના સર્વ મનુષ્યોની ઉન્નતિ થાય છે. સદ્ગુણોથી વિશ્વના મનુષ્યોની ઉન્નતિ થાય છે. મારા પર શ્રદ્ધા–પ્રેમ રાખનારાઓમાં અવશ્ય સદ્ગુણો પ્રગટે છે અને દુર્ગુણોનો નાશ થાય છે. તેમાં લાખો પુસ્તકો વાંચવાની પણ જરૂર રહેતી નથી.'

વ્યાસ ઋષિએ પૂછ્યું કે, 'હે ભગવન્! કયા ધર્મવાળાઓ મુક્તિપદ પામી શકે છે?'

પ્રભુએ વ્યાસ ઋષિને કહ્યું કે, 'હે વ્યાસ ઋષિ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો પોતપોતાના વર્ણાનુસાર ગુણકર્મવાળા હોય, છતાં મારામાં શ્રદ્ધા–પ્રેમ રાખી મુક્ત બને છે. ત્યાગીઓ પણ મારામાં લીન બની મુક્ત થાય છે. સર્વ વિશ્વ, બ્રહ્મ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશવર્તી સર્વ જાતિના લોકો મારા પ્રેમી બની મુક્ત બને છે. પુરુષ, સ્ત્રી કે નપુંસક સર્વે મનુષ્યો મારું સ્વરૂપ સમજી સ્વર્ગ અને મુક્તિને પામે છે. સર્વ પ્રકારના ધર્મીઓ ભિન્નભિન્ન માર્ગથી છેવટે મને પામે છે.'

શુકદેવ ઋષિએ પ્રભુ મહાવીર ભગવાનને વંદન-પૂજન કરી પૂછયું, 'ભગવન્! ગૃહસ્થાવાસમાં સર્વ પ્રકારના ભોગો ભોગવતાં વૈદેહદશા પ્રગટી શકે તથા ગૃહસ્થાવાસમાં મુક્તપણું થાય?'

પ્રભુએ જણાવ્યું કે, 'ગૃહસ્થાવાસમાં ચક્રવર્તી ભરત રાજા આત્મજ્ઞાની હતા અને તે પ્રારબ્ધ કર્મના ઉદયથી સર્વ પ્રકારના ભોગો ભોગવવા છતાં વૈદેહદશાને પામ્યા હતા. તેઓ છ ખંડ પર રાજ્ય ચલાવતા હતા, છતાં અંતરમાં આસક્તિરહિત હતા અને દેહમાં રહ્યા છતાં દેહાધ્યાસરહિત હતા. તેથી તેઓ આદર્શ-રૂપ આત્મામાં આત્માને દેખી કેવળજ્ઞાન પામ્યા હતા. ગૃહસ્થા-વાસમાં અને ત્યાગાવસ્થામાં, અનેક પ્રકારના વેષમાં અગર દિગંબર દશામાં સર્વ લોકોને મુક્ત થવાની યોગ્યતા છે. જેઓ નામરૂપના મોહથી મુક્ત થાય છે તેઓ મુક્ત જ છે. બાહ્ય શરીરાદિ છતાં નિર્મોહાવસ્થાએ મારા પ્રેમી ભક્તો સર્વ દશામાં મુક્તિને પામે છે. મારા કહેલાં જ્ઞાન, ભક્તિ, ઉપાસના, કર્મ વગેરે અસંખ્ય યોગોથી મુક્તિ થાય છે. જે મનુષ્યો મુક્તિના છેવટના પગથિયે આવી પહોંચેલા હોય છે તેઓ મુક્તિને પામે અગર પાછા ઊતરે તે સત્તા તેમના હાથમાં છે. મારા પર પૂર્ણ શ્રદ્ધા-પ્રેમથી જેઓ મને સર્વસ્વાર્પણ કરીને વર્તે છે તેમની મુક્તિ એક ક્ષણમાં થાય છે.'

કર્ક ઋષિએ પૂછયું કે, 'હે ભગવન્! સંસારની માયા કેવી રીતે દૂર થાય?'

પ્રભુએ કહ્યું કે, 'હે કર્ક! મારા પર પ્રેમભાવ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ માયા દૂર થતી જાય છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મકર ઋષિએ પૂછ્યું કે, 'સર્વ આત્માઓને ચાહવાથી આપની ભક્તિ કરેલી ગણાય?'

પ્રભુએ કહ્યું કે, 'વિશ્વના સર્વ જીવોને ચાહવા. તેઓ પર પ્રેમ રાખવો. તેઓનાં શરીર, રૂપ વગેરેમાં મૂંઝાયા વિના તેઓના આત્માઓની સાથે એકરૂપ થઈ જવું તે મારી પરાભક્તિ છે. અને એવી પ્રીતિ જેઓને પ્રાપ્ત થાય છે તેઓ અવશ્ય બે ઘડીમાં, છેવટે એક ક્ષણમાં, મુક્તિ પામે છે. સર્વાત્માઓની સાથે વ્યાપક પ્રેમથી એકરસરૂપ થઈ જવું તે અભેદ સાત્ત્વિક ભક્તિ અને અભેદ જ્ઞાન છે. અભેદભક્તિ અને અભેદજ્ઞાનથી સર્વ કર્મોનો નાશ થાય છે.'

વિષ્ણુ ઋષિએ પ્રભુને વંદન કરીને પૂછ્યું કે, 'હે ભગવન્! વેદસૂક્તમાં વિષ્ણુ શબ્દ છે તેનો શો અર્થ?'

પ્રભુએ કહ્યું કે, 'હે વિષ્ણો! વેદમાં વિષ્ણુ શબ્દ છે તેના અનેક અર્થ છે. વિષ્ણુ શબ્દથી સૂર્ય, મારું પૂર્ણબ્રહ્મસ્વરૂપ, આત્મા વગેરે અર્થનો બોધ થાય છે. વિષ્ણુ શબ્દથી વાચ્ય જ્ઞાન છે, સર્વ શક્તિસમૂહ છે. સર્વ તીર્થંકરસમૂહ વિષ્ણુ છે. મારું સ્વરૂપ વિષ્ણુ છે. અનંત જ્યોતિ તે જ વિષ્ણુ છે. વેદનાં સૂક્તોમાં મારું સ્વરૂપ જળ, વાયુ, પૃથ્વી, સૂર્ય વગેરે અનેક રૂપકોથી વર્ણવ્યું છે. મારું ચારિત્રસ્વરૂપ રુદ્રરૂપકથી વર્ણવ્યું છે. મારું શક્તિસ્વરૂપ યક્ષ નામથી વર્ણવ્યું છે.'

એ પ્રમાણે અનેક ઋષિઓએ પ્રભુ મહાવીરદેવને પ્રશ્નો પૂછ્યા અને પ્રભુએ સર્વ પ્રશ્નોના ઉત્તર આપ્યા, તેથી ઋષિઓને પરમ સંતોષ થયો. પ્રભુએ વેદસૂક્તોના એવા આધ્યાત્મિક ભાવાર્થ દર્શાવ્યા કે જે ભાવોને તેના કર્તા ભરતાદિ ઋષિઓ પણ જાણતા નહોતા. સર્વજ્ઞ પ્રભુ એક શબ્દના કરોડો, અસંખ્ય અર્થ કરવા શક્તિમાન છે. સર્વ ઋષિઓએ પ્રભુને પરમેશ્વર માની તેમનું શરણ સ્વીકાર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનદાન :

પ્રભુએ ગંગાદેવીની ભક્તિથી ગંગોત્રી પર મુકામ કર્યો અને ગંગાનદીને પવિત્ર કરી. ગંગોત્રી આગળ પોતાના ભક્ત બનેલા એવા વસિષ્ઠગોત્રી શાકલ્ય ઋષિને યોગજ્ઞાન આપ્યું. વિખાનસ ઋષિને સંયમનું જ્ઞાન આપ્યું તથા વાલિખિલ્ય ઋષિને તપનું જ્ઞાન આપ્યું. હયદ્વીપ, અશ્વદ્વીપ, પાતાલદ્વીપ, અશ્વમુખદ્વીપ, શ્વેતદ્વીપ અને કૃષ્ણદ્વીપથી આવેલા ભક્તોને જ્યોતિષનું તથા વૈક્રિયવિદ્યાનું જ્ઞાન આપ્યું. પ્રભુએ કૃષ્ણવર્ણી પ્રજાના ખંડમાંથી આવેલા કૃષ્ણવર્ણી મહાત્માઓ, કે જે સર્પના ચિહ્નને ધારણ કરનારા હતા, તેઓને બ્રહ્મજ્ઞાન આપ્યું. પ્રભુએ ગંગોત્રી આગળ એકમાસ પર્યંત મુકામ કર્યો. ત્યાંથી તેઓએ હિમાલયપર્વતની ગુફાઓમાં મૌનપણે ત્રણ માસ સુધી વાસ કર્યો અને હિમાલયમાં ધર્મજ્ઞાનનાં બીજકોનું કલિયુગમાં અસ્તિત્વ રહેશે અને ગુપ્તપણે યોગીઓ તથા દેવતાઓ તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું રક્ષણ કરશે, એવો આદેશ કર્યો.

પ્રભુએ હિમાલયની ઉત્તરે આવેલા ત્રિવિષ્ટપ દેશમાં અનેક પર્વતનાં શિખરો પર વિહાર કર્યો અને ત્યાં જૈનધર્મીઓને તુર્યાવસ્થાનું જ્ઞાન આપી જાગ્રત કર્યા તથા હૃદયમાં પરમાત્મભાવનો આવિર્ભાવ થાય એવી જ્ઞાનની કૂંચીઓ આપી. ત્યાંના રાજાને આત્મબળથી રાજ્ય કરવાનો બોધ આપ્યો. જ્ઞાનીઓ આધ્યાત્મિક બળથી રાષ્ટ્રાદિનું પાલન કરી શકે છે તેનું રહસ્ય સમજાવ્યું. ત્રિવિષ્ટપ દેશના હૈહયવંશી બ્રહ્મયજ્ઞ રાજર્ષિએ પ્રભુનું શરણ સ્વીકાર્યું.

પ્રભુએ બ્રહ્મપુત્રા નદીને આશીર્વાદ આપ્યો કે મારા મહાવીરજન્મના દિવસે ગંગા નદીની પેઠે તારી પાસે આવી જે લોકો આત્મધ્યાન ધરશે, દાન કરશે અને મારા નામનો જાપ જપશે તેઓને મારી જ્યોતિનું દર્શન થશે. તેઓને પરોક્ષ વા પ્રત્યક્ષ રીતે પણ મારું દર્શન થશે. ત્રિવિષ્ટપ પ્રદેશમાં વહેનારી નદીઓને પણ તે પ્રમાણે આશીર્વાદ આપ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુએ ઈરાન દેશમાં પ્રેમનો આવિર્ભાવ રહેશે એવો આશીર્વાદ આપ્યો હતો તેવો બ્રહ્મપુત્રા નદીના કાંઠે વસનારાઓને પણ આશીર્વાદ આપ્યો. પ્રભુના જન્મદિવસે સર્વ વિશ્વવર્તી નદીઓમાં ધાર્મિક સત્ત્વનું વહેણ રાત્રીના સાડાબાર વાગે વહેશે તથા સર્વ પર્વતોનાં શિખરો અને ગુફાઓમાં યોગસત્ત્વનો દિવ્ય પ્રવાહ વહેશે, એવો સંકલ્પ કર્યો. પ્રભુએ વિશ્વવર્તી યોગીઓ પ્રતિ દિવ્યશક્તિમય આશીર્વાદ-સંદેશો પ્રેર્યો અને એમાં જણાવ્યું કે સર્વ યોગીઓને ચૈત્ર સુદિ ત્રયોદશીના દિવસે મારું ધ્યાન કરવાથી દિવ્ય શક્તિઓનો માર્ગ સૂઝશે.

પ્રભુએ ચીન અને મહાચીન દેશમાં જૈનધર્મનો સાત્ત્વિક ગુપ્ત પ્રવાહ વહેવરાવ્યો અને ત્યાંના મહાત્માઓને સત્ય જૈનધર્મનું જ્ઞાન આપ્યું.

પ્રભુએ આસામદેશવાસીઓને નૈસર્ગિક જીવનનું જ્ઞાન આપ્યું અને તેથી તે દેશના લોકોમાં આત્મવિકાસના માર્ગો ખુલ્લા થયા.

પ્રભુએ બ્રહ્મપુત્રા નદીના દ્વીપમાં ધ્યાન ધરનાર અને કંદમૂલથી જીવન ચલાવનાર પવિત્ર કપિલ મુનિને આત્મતત્ત્વ અને પ્રકૃતિતત્ત્વનું જ્ઞાન આપ્યું અને તેમને અને તેઓના શિષ્યોને પોતાના ભક્તો બનાવી તેઓનો ઉદ્ધાર કર્યો.

પ્રભુએ નેપાલ તથા ભૂતાનના ડુંગરોમાં એકમાસ સુધી વાસ કર્યો અને ત્યાંના સૂર્યવંશી રાજા બ્રહ્મદેવને વૈદેહી કર્યો. ત્યાંના ઋષિ-મુનિ-ત્યાગીઓને આકાશમાં ઊંચે ઊડવાની તથા શરીરો બદલવાની યોગવિદ્યા શીખવી તથા શરીરમાં દેવોને અવતારવાની યોગશક્તિનું જ્ઞાન આપ્યું.

પૂર્વજન્મના જ્ઞાનનો ઉપાય

પ્રભુએ નેપાલમાં ધ્યાન ધરનારા કૌશિક ઋષિને પોતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભક્ત બનાવ્યો. કૌશિક ઋષિને પ્રભુએ પૂર્વજન્મો દેખવાનું જ્ઞાન આપ્યું કે, ' નાભિકમલમાં દૃષ્ટિ રાખીને મનોદ્રવ્યને શુદ્ધ કરવું. મનથી ભૂત, વર્તમાન અને ભવિષ્યના વિચારો ન કરવા. નાભિકમલમાં સર્વ પ્રકારના સંકલ્પ-વિકલ્પરહિત થઈ ત્રણ કલાક પર્યંત નિર્વિકલ્પ રહેવું. પશ્ચાત્ એવો સંકલ્પ કરવો કે ' ભૂતકાલના સર્વ શુભાશુભ બનાવોમાં મને સમભાવ છે. ભૂતકાલના શુભાશુભ જન્મો એક પછી એક દેખાઓ.' એવો દૃઢ સંકલ્પ કર્યા બાદ મનમાં ત્રણ કલાક પર્યંત અન્ય વિચાર પ્રગટવા ન દેવા. એમ વર્તતાં સ્થૂળ દેહના મૂળ કાર્મણશરીર દ્વારા પૂર્વજન્મો એક પછી એક સ્મૃતિમાં આવશે. તેમાં હર્ષ-શોક પામ્યા વિના જેઓ સમભાવે જન્મો નીરખશે તેઓને સેંકડો, હજારો જન્મ દેખાશે. પરંતુ જન્મ-દેહો દેખતાં રાગ-દ્વેષમાં જેઓ લેપાશે તેઓને આવરણ આવશે. તેથી તેમની દૃષ્ટિ આગળ પડદો પડશે.

' નાભિકમલમાં પૂર્વનાં શરીરોનો સંબંધ ધરાવનાર નાડીઓનો જ્ઞાનતંતુઓ સાથે સંબંધ હોય છે. નાભિકમલમાં ઉપયોગ સ્થાપીને ત્રણ કલાક નિર્વિકલ્પ થવાથી પૂર્વજન્મના જ્ઞાન ઉપર આવેલાં આવરણોનો નાશ થાય છે. પશ્ચાત્ પૂર્વ-જન્મ દેખાઓ એવો સંકલ્પ કરી નિર્વિકલ્પ સંયમ કરવાથી અન્ય જ્ઞાનાવરણો ટળી જાય છે અને આત્મામાં જાતિસ્મરણ જ્ઞાન પ્રગટે છે.

' પદ્માસન અગર સિદ્ધાસન વાળીને નાભિકમલમાં સંયમ કરવો. શુભાશુભ અવતારોનો મોહ છોડી દેવો. સર્વાવતારોની વાસનાથી રહિત થવું. પશ્ચાત્ નાભિકમલમાં નિર્વિકલ્પ સંયમ કરવો.'

પ્રભુના કથન પ્રમાણે કૌશિક ઋષિએ ત્રણ દિવસ પર્યંત નાભિકમલમાં ધ્યાન ધર્યું અને તેથી તેમણે પોતાના અનેક શુભાશુભ જન્મો દીઠા. પ્રભુએ કૌશિક ઋષિને કહ્યું કે, ' અન્ય મનુષ્યોના, દેવોના અને પશુપંખીઓના ભવો દેખવા હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેા પ્રથમ પેાતે નિર્વિકલ્પ થવું. પછી જેના ભવ દેખવા હેાય તેના નાભિકમલમાં મનને સ્થાપન કરી અને ત્યાં ને ત્યાં ત્રણ કલાક પર્યંત દૃષ્ટિ સ્થાપન કરી તેના પૂર્વભવેા દેખાએા એવેા સંકલ્પ કરવેા. પછી તેમાં સંયમ કરવેા. પશ્ચાત્ મનમાં તે તે મનુષ્યેા વગેરેના જન્મેા એક પછી એક જણાવા માંડશે અને શુભાશુભ કર્મો દેખાશે.

લબ્ધિઓનું જ્ઞાન :

પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ અર્ચિ નામના ઋષિએ પૂછ્યું કે, 'પ્રભેા! અન્ય મનુષ્યેાએ જે જે વિચારેા કર્યા હેાય છે અને કરે છે તેનું જ્ઞાન શાથી થાય?'

પ્રભુએ કહ્યું કે, 'અર્ચિ ઋષિ! અન્ય લેાકેાના મનના વિચારેા જેણે જાણવા હેાય તેઓએ પ્રથમ પેાતાના મનને શુભાશુભ પરિણામથી મુક્ત કરવું. પશ્ચાત્ નિઃસંગ અપ્રમત્ત મન કરી મનમાં ત્રણ કલાક પર્યંત નિર્વિકલ્પ સંયમ કરવેા. ત્રણ કલાક પર્યંત નિર્વિકલ્પ સંયમ સિદ્ધ થયા બાદ જેના મનના વિચારેા જાણવા હેાય તેના મનમાં પેાતાનું મન ઉતારી એક, બે કે ત્રણ કલાક સ્થિર થવાથી અન્યના મનમાં પ્રગટેલા સર્વ વિચારેા જણાશે. અનેક ભવેામાં કરેલા વિચારેાને તેમ કરવાથી જાણી શકાશે. મરેલા મનુષ્યના મનેાદ્રવ્યમાં સંયમ કરી તેઓના ભવેા અને તેઓના વિચારેા જાણી શકાય છે.

'મનની વિશુદ્ધિ કરવાથી અવધિજ્ઞાન પ્રગટે છે. મનમાંથી સર્વ પ્રકારની કલ્પાયેલી શુભાશુભ લાગણીઓ ટળી જાય છે. ત્યારે આત્મામાં રહેલું કેવલજ્ઞાન પ્રગટે છે. આત્મા પેાતે પરમાત્મા બની સર્વ વિશ્વનેા જ્ઞાતા બને છે. હે કૌશિક ઋષિ! મારી ભક્તિથી એક ક્ષણમાં અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન પ્રગટે છે. મારામાં જેનેા પૂર્ણ પ્રેમ છે અને તેથી જે સર્વ વિશ્વને ભૂલી જાય છે તે વિશ્વનાજીવેાનાં મનને જાણી શકે છે. હૃદયની શુદ્ધિ કરેા. લઘુ બાલકની પેઠે નિર્દોષ જીવન ગાળેા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલ જે વિશ્વ દેખાય છે તે આત્માનું કેવળજ્ઞાન થયા બાદ જુદા પ્રકારનું દેખાશે. વિશ્વના સર્વ જીવો સાથે પ્રેમથી વર્તો, પણ તેમના સંબંધમાં રહેલ શરીર વગેરે જડ પદાર્થોમાં રાગથી વા દ્વેષથી લેપાઓ નહિ. પ્રથમ મનને શુદ્ધ કરવા જ્ઞાની બનો. આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સર્વ પ્રકારની સ્વતંત્રતારૂપ પોતે પોતાને દેખશો.

'મૌન રહીને જિહ્વા પર સંયમ કરવાથી વચનસિદ્ધિરૂપ લબ્ધિની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મરન્ધ્રમાં સંયમ કરવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. હૃદયમાં સંયમ કરવાથી તુર્યાવસ્થાની પ્રાપ્તિ થાય છે અને પ્રકૃતિના સંબંધવાળી એવી આત્માની અનેક લબ્ધિઓ પ્રગટે છે. નાભિમાં સંયમ કરવાથી મનુષ્યલોકનું જ્ઞાન થાય છે. પાદમાં સંયમ કરવાથી આત્માનું ધૈર્યરૂપ આત્મબળ ખીલે છે. આંખોમાં સંયમ કરવાથી ચંદ્ર, સૂર્ય વગેરે જ્યોતિચક્રનું જ્ઞાન થાય છે. કંઠમાં સંયમ કરવાથી યોગસિદ્ધિ થાય છે. શરીરના દરેક અવયવમાં સંયમ કરવાથી જુદા જુદા પ્રકારની શક્તિ ખીલે છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારનું ધ્યાન ધરવાથી આત્માની અનંત શક્તિઓ ખીલે છે. સર્વ ઇન્દ્રિયોમાં સંયમ કરવાથી ઇન્દ્રિયોનું સર્વથા જ્ઞાન થાય છે. પિંડસ્થ ધ્યાનથી બ્રહ્માંડનો સાક્ષાત્કાર થાય છે. પિંડ અને બ્રહ્માંડમાં સર્વ બાબતમાં સમાનતા છે. જેટલું પિંડમાં છે તેટલું બ્રહ્માંડમાં છે. ચૌદ રાજલોકની જેવી પિંડની રચના છે. મનુષ્યમાં ચૌદ રાજલોકની સર્વ બાબતનાં બીજકો છે.

જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે. પિંડમાં અને બ્રહ્માંડમાં આત્મા અને પ્રકૃતિ બે વર્તે છે. આત્માની અનુયાયી થઈ પ્રકૃતિ વર્તે છે ત્યારે આત્મા પ્રભુ બને છે. કૌશિક ઋષિ! સ્થૂળ–સૂક્ષ્મ પ્રકૃતિરૂપ વિશ્વ પર આત્મા સામ્રાજ્ય કરે છે ત્યારે તે પરતંત્ર મટીને સ્વતંત્ર થાય છે. આત્મા વિશ્વને અનેક રીતે ફેરવવા કરવા સમર્થ બને છે એવો વિશ્વાસ રાખીને આત્મામાં ઊંડા ઊતરો.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ મહાવીરદેવના બોધથી કૌશિક ઋષિનો આત્મા અતિ પ્રસન્ન થયો અને તેણે પ્રભુનું શરણ સ્વીકાર્યું. નેપાલ દેશમાં જ્ઞાનયોગનાં બીજો સદા રહે એવો સંકલ્પ કર્યો. પ્રભુએ નેપાલ-ભૂતાનને વીરપુરુષો પ્રગટે એવો આશીર્વાદ આપ્યો. પ્રભુ મહા-વીરદેવના બોધથી ત્યાં જૈનધર્મનો પૂર્ણપણે પ્રકાશ થયો.

પરમાત્મા મહાવીર દેવે ગંગાનદીના કાંઠા પર સમુદ્ર પાસે મુકામ કર્યો. બંગ દેશના ઋષિ–મહાત્માઓએ પ્રભુ પાસે આવી, ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કર્યું. પ્રભુએ તેઓને સદુપદેશ આપ્યો અને બંગદેશીય મહાત્માઓને તેઓની ઇચ્છા પ્રમાણે ઇષ્ટ વસ્તુઓ દેખાડી. તેમને વિશ્વરૂપ બતાવીને પોતાના ભક્ત બનાવ્યા. બંગદેશવાસીઓમાં અનેક જાતના જૂઠા વહેમો પ્રવે-શેલા હતા તથા જૂઠા ભયોથી તેઓ નબળા પડયા હતા. તે દૂર કર્યા અને ત્યાંના લોકોને ભાવના પ્રમાણે કાર્યસિદ્ધિ થાય છે તેમ સમજાવ્યું. બંગદેશના લોકોને આત્મશક્તિઓ પર વિશ્વાસ કરાવ્યો તથા તેમને વહેમરહિત કર્યા.

પ્રભુએ તેમની પાસે આવેલા લોકોને કહ્યું કે, 'તમો પોતાના હાથે વહેમથી નિર્બળ બનો છો. મનમાંથી અનેક પ્રકારના ભાવિ ભયોને દૂર કરો. કોઈપણ નિમિત્તથી ભય ન પામો. મન જાતે ભય કે વહેમની કલ્પનાઓ કરીને દુઃખી થાય છે. તમો આત્મબળ પર વિશ્વાસ રાખો અને કોઈથી ભય ન પામો, મનમાં ભયની કલ્પના ન કરો. જે બનવાનું હોય તે સાક્ષી થઈ દેખ્યા કરો.

'મનુષ્યો મિથ્યા વહેમની કલ્પનાઓને મનમાં સ્થાન આપી દુઃખી થાય છે. આત્મા વિના આત્માનું બૂરું કરવા કોઈ સમર્થ નથી તેમ સારું કરવા અન્ય કોઈ સમર્થ નથી. મૃત્યુ થવાના મિથ્યા વહેમોને દૂર કરો. જડ વસ્તુઓ વડે આત્માનો નાશ થતો નથી. વહેમ અને ભયના વિચારોમાં જે લોકો સપડાય છે તેઓ આત્મવાદી નથી, પણ અશ્રદ્ધાવાદી છે. નિર્ભય અને નિઃશંક બની સર્વ કર્તવ્યકર્મો કરો. ઉત્સાહ અને શ્રદ્ધાથી કાર્ય કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિથ્યા અને કલ્પિત એવાં ભયપ્રદ દેવીઓ અને દેવોના કોપથી જરા માત્ર ન ડરો. સર્વ પ્રકારના ભયો સામે નિર્ભય બની યુદ્ધ કરો. મનમાં કલ્પેલો ભય પોતાનાં શરીર અને મનનો નાશ કરે છે. સાત પ્રકારના ભયોને મનમાંથી દૂર કરો. મનથી ભયની કલ્પના પ્રગટે છે અને આત્મદૃષ્ટિથી વહેમ અને ભયની કલ્પનાઓનો નાશ થાય છે. આત્માનો ત્રણે કાલમાં નાશ થનાર નથી, તો પછી તમે ભય શા માટે ધરો છો ? મનમાં પ્રગટ થતા ભયના વિચારોને દૂર કરો. મારું શરણ કર્યા બાદ નિર્ભયતા છે. મારામાં વિશ્વાસ અને પ્રેમ ધાર્યા બાદ જે થવાનું હોય તે થવા દો. ભૂતકાળના ભયોને ભૂલો અને વર્તમાનમાં ભયનો વિચાર માત્ર ન કરો. જે થવાનું છે તે મારા ભક્તોના સારા માટે અને તેમની ઉન્નતિ માટે થાય છે એમ વિશ્વાસ રાખો. અનેક પ્રકારના વહેમ અને ભયની રૂઢિઓ, શુકનો, નિમિત્તોથી નિર્ભય અને નિઃશંક રહો. કર્તવ્યપરાયણ રહો. અજ્ઞાનીઓની કલ્પનાઓને વશ ન થાઓ. જેટલા અંશે નિર્ભયતા અને નિઃશંકતા તેટલા અંશે તમો આત્મમહાવીર છો એમ સત્ય માનો. તમારું મન મારામાં રહેતાં ભય કે વહેમ રહેતો નથી.'

આ પ્રમાણે બોધ આપીને પ્રભુએ બંગદેશી લોકોને નિર્ભય અને જૈન બનાવ્યા. બંગદેશમાં જ્ઞાની અને ભક્તિમંત લોકો પ્રગટશે એવો આશીર્વાદ આપ્યો.

પ્રભુનું અયોધ્યા પધારવું :

પ્રભુએ અયોધ્યાનગરીમાં કેટલાક દિવસ વાસ કર્યો. ત્યાંના સર્વવર્ણીય જૈનોને પોતાના શરણમાં લીધા અને ઉપદેશ આપ્યો કે, ' અયોધ્યાનગરી તીર્થ છે અયોધ્યાનગરીમાં શ્રી ઋષભદેવે દુનિયામાં આ આરામાં પ્રથમ ધર્મની સ્થાપના કરી હતી. શ્રી રામચંદ્રજી અહીં થયા હતા. તેમણે શુદ્ધ સ્વદારા સંતોષ વ્રત ધારણ કરીને વિશ્વને ધર્મમાર્ગમાં આણ્યું હતું. શ્રી મુનિસુવ્રત પ્રભુ પાસેથી શ્રી રામચંદ્રજીએ આત્મજ્ઞાન–ધ્યાન–સમાધિ પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યાં હતાં. અયોધ્યાવાસી લોકો ! ધર્મમાં તત્પર રહો અને મનમાં અને વાણીમાં દુર્બલતાનો વિચાર લાવો નહીં.

'જેવી તમારી ભાવના તેવા તમો બનો છો અને ભવિષ્યમાં બનશો. તમો જેવા વિચાર કરો છો તેવા જાતે કર્મો ગ્રહણ કરો છો. વિચારના પ્રતિબિંબરૂપ તમે છો. જેવા વિચાર કરશો તેવા થશો. તમોં જે ધારો તે કરવા સમર્થ છો, એવો દૃઢ નિશ્ચય રાખી પ્રવર્તો. મન એ સ્વર્ગ અને નરક છે. સ્વર્ગ અને નરક બન્નેમાંથી ગમે તે પ્રાપ્ત કરવું તે મનના હાથમાં છે. ભયના વિચારોથી નિર્બળ થવાય છે. ભયની ભાવના તે જ મરણ છે. લાંબા કાળ સુધી અગર અલ્પકાલ સુધી જીવવું તે તમારા મનની ભાવના પર અવલંબે છે. શુભાશુભ શરીરોને લેવાં તે આત્માધીન છે. શરીરનું આરોગ્ય જાળવવું તે તમારા આત્માધીન છે. તમારા વંશપરિવારનાં શરીરો જેવાં બનાવવાં હોય તેવાં બનાવવાં તે તમારા વિચારો અને કર્મો પર આધાર રાખે છે.

'મનના પ્રતિબિંબ જેવું વિશ્વ છે. આત્માભિમુખ મન રાખીને સંસારમાં મન રહે તો સર્વ કર્તવ્યો કરવાં છતાં સંસારમાં મનની છાયા પડતી નથી અને મનમાં સંસારની વાસનાનું પ્રતિબિંબ પડતું નથી. તેથી આત્મા સ્વતંત્ર, મુક્ત, શુદ્ધ, પરમાત્મરૂપી બને છે. આત્મા સામું દેખો અને આત્માના આંતરિક અવાજ પ્રમાણે ચાલો, પણ મનની મીઠી પ્રેરણાને વશ ન થાઓ. પોતાને કદી બાહ્ય સંયોગોને લીધે હીન ન માનો. સદા પ્રસન્ન રહો. અપ્રસન્ન અને ચિંતાતુર રહેવાના સર્વ પ્રસંગોને મિથ્યા માનો. આત્મા અનંત સુખનો મહાન દરિયો છે. તેની સર્વ બાજુએ આનંદસાગર છે એમ વિશ્વાસ રાખો. બાહ્ય જડ પદાર્થોમાં સુખદુઃખની કલ્પના વારંવાર બદલાયા કરે છે તેથી બાહ્ય સંયોગોમાં સુખદુઃખનું દેવાપણું વા માનવાપણું મિથ્યા છે, એમ શુદ્ધ નિશ્ચય કરો. મનને આત્મામાં રમાડતાં દુનિયાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસર વસ્તુતઃ મન પર થતી નથી. આત્માના આનંદથી દેહ, ઇન્દ્રિય અને મનમાં ભરતી આવે છે. તે વખતે આત્માના સમ્યક્ત્વ ગુણનો આવિર્ભાવ થાય છે અને ચારિત્ર વસ્તુતઃ હોય છે. આત્માનંદ તે જ નિશ્ચય ચારિત્ર છે. આત્માનુભવ તે જ દર્શન છે. આત્મામાં અનંત આનંદ છે. એક વાર અનંત આનંદસ્વરૂપી પોતે છો એવો અનુભવ આવતાં તમો પોતે મહાવીર બનવાના.

'નિરાશા અને અશ્રદ્ધા એ જ મૃત્યુ તથા દુઃખ છે. અનંત આનંદમય જીવને જીવવાની આશા તથા શ્રદ્ધા રાખો. તમો શોકના શરણે ન જાઓ. ગમે તેવાં વૈરાગ્યનાં નિમિત્તોમાં પણ ઉદાસીન ન રહો. સંસારની ક્ષણિકતા દેખી ક્ષણિક પદાર્થોમાં રાગના અભાવરૂપ વૈરાગ્યની સાથે સર્વ જીવો પર પ્રેમ રાખો. સત્ય પ્રેમ એ જ અમૃત છે. ઉદાસીનતા ઝેર છે. સત્ય પ્રેમ એ જ જીવન છે અને શોક જ મૃત્યુ છે. વસ્તુતઃ અજ્ઞાનથી શોક પ્રગટે છે, કોઈનો પણ શોક કરવો ઘટતો નથી. શુભ સંયોગોનો વિયોગ પણ ભાવિની દૃષ્ટિએ આત્માની ઉન્નતિ માટે છે, એમ શ્રદ્ધા રાખીને વર્તો. અશુભ, દુઃખદાયક સંયોગો વસ્તુતઃ કલ્પાયેલા અને ક્ષણિક છે. તેથી તેમાં ભય કે અશ્રદ્ધા ન રાખો અને નિર્ભયતાથી વિચરો. આત્મબળ પર વિશ્વાસ રાખો અને ધન, સત્તા, શરીરાદિ પશુબળનો દુરુપયોગ ન કરો. વિચારનું ફળ કર્મ, શરીર વગેરે છે. જેવા વિચારો તમે ભૂતકાલમાં કર્યા છે તેવા તમે હાલ શરીર વગેરેથી બન્યા છો અને હાલ જેવા વિચાર કરો છો તેવા ભવિષ્યમાં થશો.

'જે જે વસ્તુઓ પર આસક્તિ રાખો છો તેથી તમો બંધાઓ છો. સારા વિચારો કરવાને માટે મન છે. આત્મ-પ્રેમથી અવિશ્વાસી અને દ્વેષી મનુષ્યોને જીતવા એ જ સાત્ત્વિક જીત છે, તામસ ગુણ કે કર્મથી અન્ય શત્રુઓને જીતવા તે તામસિક જીત છે, રાજસિક ગુણકર્મથી શત્રુઓને જીતવા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજસિક જીત છે. સાત્વિક જીતથી પોતાનું અને અન્ય જીવોનું શ્રેય થાય છે.

'કોઈ શુભ કાર્ય કરતાં નિષ્ફળતા મળે તેથી હિંમત ન હારો. આત્મબળથી કાર્યસિદ્ધિ કરો. હારથી ત્રણગણી કાર્યસિદ્ધિ અથવા હજારગણી કાર્યસિદ્ધિ કરવાની શક્તિ આવે છે. હજારો વિપત્તિઓ વચ્ચે ઊભા રહી અડગ અને નિર્ભય રહો તથા અન્યોને ઉત્સાહ અને સહાય કરવામાં આત્મબલિદાન આપો. મહાત્માઓના ગુણોને ગ્રહો અને દુર્ગુણો તરફ ઉપેક્ષા કરો.

'ભય અને સતામણીથી કોઈને પોતાના વશ કરી શકવાના નથી. ભયની ભાવનાથી જ્યાંત્યાં ભય છે અને નિર્ભયતાની ભાવનાથી જ્યાંત્યાં નિર્ભયતા છે. સંતાનોને નિર્ભય બનાવો. સારામાં વિશ્વાસ રાખીને અનંત બળ મેળવો. જ્યાંત્યાં જેઓ મને સ્મરે છે તેઓની પાસે હું છું. વૈરથી કોઈના શરીરનો નાશ કરવાથી તેને સુધારી શકવાના નથી. તમારા મનમાં પ્રગટતી શંકાઓ સરખા તમારા અન્ય કોઈ શત્રુ નથી. મારા પર અવિશ્વાસ તે જ આત્માની પડતી છે. જડ વસ્તુઓના કાલ્પનિક સુખ માટે અન્ય જીવોને અન્યાયથી હેરાન ન કરો. મનુષ્યોને પ્રાણાંતે પણ નઠારી સલાહ ન આપો. કોઈની ચડતી દેખી તેની અદેખાઈ ન કરો.

'આશાથી આગળ વધો અને નિરાશાનો ત્યાગ કરો. શ્રદ્ધા અને આશાથી તમે સર્વ કરવા સમર્થ બનશો. દુષ્ટ આશાઓનો ત્યાગ કરો. અશુભ કર્મને બદલી શુભ કર્મ કરો. કર્મ ફેરવવું એ પુરુષાર્થ પર આધાર રાખે છે. ઊંઘતાનું નસીબ ઊંઘે છે, જાગતાનું નસીબ જાગે છે. જેવો પુરુષાર્થ તેવા તમો બનશો. પુરુષાર્થ વિશ્વમાં ધારે તે કરી શકે છે. પુરુષાર્થી મારો વિશ્વાસી છે અને અપુરુષાર્થી મારો અવિશ્વાસી છે. કાર્ય કરીને મારી પાસે ફળ માગો. કર્તવ્યકર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરો, પણ તેમાં અહંકારથી મોહ ન પામો. પુરુષાર્થ જીવન છે અને અપુરુષાર્થ મરણ છે. કર્તવ્યકર્મ કરો, પણ હાયવરાળ ન કરો. કર્તવ્યકર્મ કરો, પણ તેના ફળની આસક્તિ ન કરો. સર્વ જીવોના ભલા માટે મન–વાણી–કાયાથી પ્રવૃત્તિ કરો. આત્માની સદ્‌બુદ્ધિની પ્રેરણા પ્રમાણે ચાલો અને કુમતિની પ્રેરણા પ્રમાણે ચાલો નહિ. આત્મસામર્થ્યનો વિશ્વાસ રાખો.

'આર્યોની નીતિ–રીતિ પ્રમાણે પ્રવર્તો. આર્યો પોતાના અતિથિનો પ્રભુ સરખો સત્કાર કરે છે. આર્યો પોતાની જાતને પવિત્ર રાખે છે અને અપવિત્રતાને દૂર કરે છે. આર્યો આત્મસ્વાર્પણમાં રાજી રહે છે. આર્યો અને આર્યાઓ સત્ય સેવા વડે જીવે છે. આર્યો ગુણોને સ્વીકારે છે અને દુર્ગુણ તેમ જ વ્યસનોનો ત્યાગ કરે છે. આર્યો ચૈતન્યપૂજકો છે, તેઓ જડના પુજારી નથી. તેઓ અન્નદાન, જલદાન, જ્ઞાનદાન આપવામાં પાછું મન કરતા નથી. આર્ય સ્ત્રીઓ પતિવ્રતાધર્મનો પ્રાણાંતે પણ ત્યાગ કરતી નથી. આર્ય સ્ત્રીઓ પોતાના પતિઓમાં સત્ય સ્નેહ ધારણ કરે છે અને તેમની સેવામાં આત્મસમર્પણ કરે છે આર્ય સ્ત્રીઓ દયા, ક્ષમા, વીરતા, દાન, પ્રેમ, દમ વડે સર્વ વિશ્વમાં દેવીઓ પેઠે શોભે છે. આર્યલોકો મારા સંત, સાધુ, ભક્તોને પ્રભુ માની પૂજે છે. આત્મ–બળથી વર્તનારા આર્યો છે અને પશુબળથી પ્રવર્તનારા અનાર્યો છે. આર્યોમાં સાત્ત્વિક ગુણ અને કર્મ પ્રધાનપણે પ્રવર્તે છે.

'અયોધ્યાવાસી લોકો! ધર્મમાં મરો, પણ અધર્મથી જીવો નહિ. તમો કોઈનાથી ડરો નહીં તેમ જ અન્ય લોકોને ડરાવો નહીં. તમો સ્વાશ્રયથી જીવો, પણ અન્યોને પરાશ્રયી ન બનાવો. તમો સ્વતંત્ર જીવન ગાળો, પણ અન્ય લોકોને પર-તંત્ર ન કરો. અપરાધીઓના અપરાધોની માફી આપો અને નિરપરાધીઓને સતાવો નહિ. સીધા માર્ગોમાં ચાલો, પણ કોઈને વક્રમાર્ગમાં ચાલવાની બુદ્ધિ ન આપો. પાખંડી, અજ્ઞ, ધૂર્ત લોકોના ભરમાવ્યાથી તમો મારાથી વિમુખ બનશો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડતીના ખાડામાં પડશો. કોઈને પાપમાં ન ધકેલો. બને ત્યાં સુધી અધમીઓને સુધારવા પ્રયત્ન કરો. સ્વાર્થથી અન્યોને અસત્ય ન કહો. સ્વાર્થિક કર્મોને રક્તથી ન ખરડો. મનની નિર્મળતા કરો, પણ સ્વાર્થથી, અન્યાય કે પાપથી ચાલી મનને અપવિત્ર ન કરો. અપ્રમત્તપણે વર્તી, અતિ સાવધ થઈ કોઈનો ન્યાય કરો.

'આત્માને નિર્મળ અને દીન માંનવો. તે આત્માની હિંસા છે. આત્માની અહિંસા થાય તેમ વર્તો. આત્માની હિંસા થઈ નથી અને ભવિષ્યમાં થનાર નથી. ત્રણ કાળમાં આત્મા અવિનાશી છે. આત્માની સત્તા ત્રણ કાળમાં એકસરખી નિર્મળ અને અનંત છે. શરીરના નાશની અપેક્ષાએ આત્માની હિંસા ગણાય, પણ વસ્તુતઃ તે હિંસા નથી. જેનો નાશ થાય છે તે આત્મા નથી. કર્મનું પરિણમન થવા છતાં શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ અપરિણામી આત્મા છે; શુદ્ધ દ્રવ્યદૃષ્ટિએ આત્મા અબંધ, નિર્લેપી, શુદ્ધ, બુદ્ધ, અનંત જ્યોતિરૂપ છે. તમે આત્માઓ છો અને તમે મારા સમાન છો. તમારી શક્તિઓ પર આવેલાં આવરણોને દૂર કરો. જેમ જેમ આવરણો દૂર થાય છે તેમ તેમ આત્માની શક્તિઓ પ્રકાશે છે. પોતાને અનંત જ્યોતિરૂપ અનુભવો. નામરૂપની મોહવૃત્તિ વિના પોતાના આત્માને અરૂપી, અનામી, અભેદી, અખંડ, પૂર્ણ દેખો. આરીસામાં જેમ દૃશ્ય વસ્તુઓનું પ્રતિબિંબ પડે છે તેમ આત્મજ્ઞાનમાં સર્વ દૃશ્ય–અદૃશ્ય તત્ત્વોનો ભાસ થાય છે.

'આત્માની સાથે મનને જોડી દો. બાહ્ય પદાર્થો સંબંધી મન વિચારો કરે, પણ બાહ્ય પદાર્થો વગેરેમાં નામરૂપના મોહથી અબંધ થતાંની સાથે કરોડો ગાઉ દૂર રહેલા પદાર્થો દેખાવા માંડશે અને સર્વ પદાર્થોની સાથે બધ જેટલો ઔપચારિક સંબંધ રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'બાહ્ય વિશ્વને આંખથી દેખતાં પાર નહીં આવે. આત્માના જ્ઞાનથી એક ક્ષણમાં સર્વ વિશ્વ દેખાશે. માટે નામરૂપના મોહરહિત થઈ વર્તો. નામ, રૂપ, પ્રતિષ્ઠા અને શરીર દ્વારા સુખભોગની વાસનાનો મોહ દૂર કરવાની સાથે આત્માના વશમાં મન રહે છે અને પશ્ચાત્ મન દ્વારા જે કરવું હોય તે કરી શકાય છે. મનમાં મોહને પ્રગટ ન થવા દો. અનેક રૂપ ધરીને મનમાં પેસનાર મોહને દૂર હઠાવો. મોહ સમાન કોઈ અપવિત્ર દુષ્ટ શત્રુ નથી. મોહની મધુરતામાં ફસાઓ નહીં. અનેક પ્રકારના પદાર્થોમાં મોહ ન થાય એમ પ્રવર્તો. મનમાં મોહ નથી હોતો ત્યારે સર્વ વિશ્વમાં કોઈ ઉપદ્રવ દુઃખમાં નિમિત્તકારણ બની શકતું નથી. મોહ વિનાનું મન પવિત્ર છે. મોહરહિત મનની શક્તિઓ ખીલે છે અને અન્ય મનુષ્યોનો તેથી ઉદ્ધાર કરી શકાય છે. મોક્ષની વાટમાં ચાલનારા મુસાફરો! માર્ગમાં આવતી દૃશ્ય વસ્તુઓમાં તમે મનથી બંધાઓ નહિ. મોક્ષની વાટમાં મોહરૂપ લુંટારો વસે છે. તે અનેક નામરૂપ ધરીને ફસાવે છે. તેનાથી સાવચેત રહો. નામ, રૂપ, લિંગ, શરીરાદિ તમે છો એવો મોહ ન કરો. દેહથી ભિન્ન તમે આત્મા છો એવો દૃઢ નિશ્ચય ધરો, કે જે સ્વપ્નમાં પણ ન ભુલાય.

'માયાના પ્રદેશમાં વિચરનારા આત્માઓ! તમે પોતાને ન ભૂલો અને માયારૂપે પોતાને માનવાની ભૂલો ન કરો. માયારૂપે પોતાને માનતાં મૃત્યુ છે અને આત્મારૂપે પોતાને માનતાં માયાના પ્રદેશમાં વિચરવા છતાં અમરતા છે.

'કર્મ દ્વારા થતી શુભાશુભ લીલાને પોતાની ન માનો. જડ જગતમાં મનથી શુભાશુભપણું કલ્પાતું બંધ થવાની સાથે આત્મામાં જ અનંત પ્રભુતા પ્રગટ થયેલી અનુભવાશે.

'ધનાભાવથી પોતાને ગરીબ ન માનો અને ધન-સંપત્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થી પોતાને ધનવંત ન માનો. ધન એ આત્મા નથી, તો પછી ધન હોય તોય શું અને ન હોય તોય શું ?

'ફાંસીના લાકડે લટકવાના પ્રસંગને કર્મની ચેષ્ટારૂપ માનો, પણ આત્મારૂપ ન માનો. કર્મના ફળથી આત્મા ન્યારો છે એમ જાણી કર્મના શુભાશુભ પર્યાયો મારા છે એવી માન્યતાને ભૂલી જાઓ. મનમાં દૃઢ વિશ્વાસથી માનો કે દૃશ્ય–અદૃશ્ય એવા કર્મના શુભાશુભ પર્યાયોમાં હું આત્મા નથી અને શુભાશુભ પર્યાયોથી મારું સારું ખોટું કંઈ નથી. સ્ત્રીશરીરપર્યાયથી આત્માને સ્ત્રીરૂપ ન માનો અને પુરુષપર્યાયથી પોતાને પુરુષરૂપ ન માનો, પરંતુ વ્યવહારથી કર્તવ્યકર્મ કરો.

'કર્મના પર્યાયરૂપ કીર્તિ વા અપકીર્તિને પોતાની માનવી તે ભ્રાંતિ છે. કર્મનું શુભાશુભ ફળ કીર્તિ કે અપકીર્તિ છે. તેમાં હર્ષ–શોકનું નહિ પરિણમવું તે આત્મપણું છે, એમ જાણી કીર્તિ અને અપકીર્તિમાં શુભાશુભ ભાવથી મૂંઝાઓ નહિ. દેહ કરતાં કીર્તિની વાસનાને ભૂલવી કઠિન છે. કીર્તિમાં આત્માનો આરોપ કરવો તે જ મિથ્યા ભ્રાંતિ છે. આત્મા તો આકાશની પેઠે નિર્લેપ છે.

બાહ્ય પદાર્થોથી આત્માની મોટાઈ માનવાની વૃત્તિને દૂર કરો. તમે આત્માઓ સદા મોટા છો. બાહ્ય પદાર્થોની મોટાઈ વા તેના અભાવે આત્માની લઘુતા માનવી તે જ મહા અજ્ઞાન છે. બાહ્ય જડ પદાર્થોથી આત્માની મોટાઈ નથી. આત્માની મોટાઈ તો સદાકાલ આત્મરૂપમાં પરિણમ્યાથી છે. માટે બાહ્ય લક્ષ્મી આદિથી પોતાને મહાન માનવાની ભ્રાંતિને તજો. બાહ્ય પદાર્થોમાં મોટાઈ માનવી તે સ્વપ્નમાં માનેલી મોટાઈ છે. તે ક્ષણિક છે. મનના વિભ્રમને લીધે બાહ્ય લક્ષ્મીથી મોટાઈની કલ્પના પ્રગટે છે, પરંતુ તે અજ્ઞાન છે. માટે બાહ્યથી કલ્પાયેલી મોટાઈ અગર લઘુતાને આત્માની માનો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાધિથી માનેલી મોટાઈ વા લઘુતા તે સ્વપ્નામાં બનેલા રાજા અને ગરીબના જેવી છે. જડ પદાર્થોના વૈભવથી બનેલી મોટાઈ અનંતીવાર ફર્યા કરે છે અને લઘુતા પણ અનંતીવાર આવે છે અને જાય છે. તેમાં અજ્ઞાની લોકો મોહ પામે છે, પણ જ્ઞાની લોકો મૂંઝાતા નથી.

'ઇન્દ્ર અને ચક્રવર્તી આદિ પદવીઓ પણ આત્માની નથી, પણ તે કર્મના પર્યાયરૂપ છે. કર્મના પર્યાયરૂપ ઇન્દ્રાદિક બાહ્ય પદવીઓ અનંતી વખત મળે છે અને ટળે છે. તેમાં આત્માનું કશું કંઈ નથી. ઇન્દ્રાદિક કર્મના પર્યાયો તે આત્માના નથી—એવા દૃઢ નિશ્ચયથી વર્તી ઇન્દ્રાદિક શુભાશુભ પર્યાયોને પોતાના માનો નહિ. ઇન્દ્રાદિક પર્યાયોથી વસ્તુતઃ આત્મા ભિન્ન છે તેથી તેમાં શુભાશુભ ભાવથી રહિત થાઓ.'

આત્મોપયોગ :

'હું આત્મા છું એવા અખંડ ઉપયોગે વર્તીને પૂર્વકાલકૃત શુભાશુભ વિચારોનાં શુભાશુભ ફળ ભોગવો. જો તમે વર્તમાનમાં આત્મજ્ઞાની છો તો ભૂતકાળનાં કર્મો ઉદયમાં આવતાં તેમાં તમે મૂંઝાશો નહિ. નાટકિયો અનેક પ્રકારના વેષ ભજવે છે, અનેક પાત્રરૂપ બને છે, પણ હૃદયમાં તે અનેક પ્રકારના પાત્રરૂપ પોતાને માનતો નથી. તેમ તમે આત્મજ્ઞાનથી આત્માને આત્મરૂપ માની ભૂતકાળનાં કરેલાં કર્મો અને તેના જે જે પર્યાયો વર્તમાનમાં વર્તતા હોય તેઓમાં આત્માને ભૂલો નહિ એટલે તમો મુક્ત છો એમ જાણો.

આત્મજ્ઞાન વિના જડ પદાર્થોના સંબંધથી ત્રણે કાળમાં કોઈને સુખ થયું નથી અને થનાર નથી. કર્મના ઉદયથી ભિક્ષા માગવી તે કર્મની લીલા છે. તેથી વસ્તુતઃ આત્માને કશું લાગતું વળગતું નથી. એ જ રીતે ઇન્દ્રાદિક શુભ અવતારોથી મનમાન્યા ભોગો ભોગવવા તે કર્મપર્યાયનું શુભ ફળ છે. તેમાં આત્માનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કશું કંઈ નથી. બન્ને પ્રકારની કર્માવસ્થાથી આત્મા ન્યારો છે એમ જેઓ જાણે છે તેઓ મારાથી ત્રણે કાળમાં જુદા નથી. તેઓ અકાળ, અકર્મરૂપ છે એમ જાણીને હે ભવ્ય મનુષ્યો! તેવા થાઓ કે જેથી દ્રવ્ય અને ભાવ આરોગ્યને પામી શકો. મનમાં કલ્પેલું શુભાશુભપણું વસ્તુતઃ સત્ય નથી એમ જાણીને કલ્પિત નાટકનાં કલ્પિત પાત્રોની પેઠે હૃદયથી નિર્લેપ થઈ વર્તો.

'ઘટની ઉપાધિથી ઘટાકાશ જેમ નાનું દેખાય છે પણ તે નાનું નથી, તેમ શુભાશુભ કર્મફલ ભોગવતાં આત્મા તેવા ફલરૂપ નથી. છતાં તેવો દેખાય છે તે ઉપાધિથી ભ્રાંતિયોગે દેખાય છે એમ જેઓ જાણે છે તેઓને શુભાશુભપણું નથી, પણ સમભાવપણું છે. નિરુપાધિરૂપ આત્મા છે એવો દૃઢ નિશ્ચય કરીને સર્વ શુભાશુભ કલ્પાયેલી ઉપાધિઓના પ્રસંગોમાં વર્તો, પણ તેમાં લેપાઓ નહિ.

'ઘટના સંબંધથી ઘટાકાશ કહેવાય છે, પણ ઘટનો નાશ થતાં ઘટકાશ રહેતું નથી. તેમ કર્મકૃત ઉપાધિઓથી આત્માને અજ્ઞાનીઓ ઉપાધિઓના ઉપચાર સરખો માને છે, પણ જ્ઞાન પ્રગટતાં ઉપાધિમાં આત્માનો આરોપ અસત્ય સમજાય છે.

'કર્મપર્યાયોમાં આત્માનો આરોપ ન કરો. સર્વ પ્રકારની જડોપાધિથી રહિત આત્મા હું છું એવો દૃઢ નિશ્ચય રાખો. એટલે તમે પોતાને શુદ્ધાત્મરૂપી છો એમ અનુભવશો અને દેખશો. વિશ્વમાં અનંત રૂપે અનંત જન્મોમાં અનંતીવાર અનંત સગપણથી અનંત જીવો સાથે રહ્યા, પણ તેથી આત્મશાંતિ મળી નથી. આત્માનું સ્વરૂપ જાણવાથી સર્વ પ્રકારની ઉપાધિથી કલ્પાયેલી શાંતિ અને અશાંતિ ટળે છે અને અખંડ આત્મ-શાંતિનો રસ પ્રગટે છે એમ માની, આત્મભાવે પ્રવર્તી સત્ય શાંતિ પામો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'શરીર અને મનના પ્રત્યેક અણુઅણુને આનંદરસની ભાવનાથી રસી દો. મનના અણુઅણુમાંથી શોક અને ચિંતાના વિચારને દૂર કરી દીર્ઘ જીવન ગાળો. સૂતાં પહેલાં નાના બાળકની પેઠે સર્વ ચિંતા અને શોકના વિચારોથી મુક્ત થાઓ. મારા અનંત જીવનરસસાગરમાં જીવો છો એવી ભાવનાથી ઊંઘતાં શરીર અને મનનું યૌવન તાજું રાખી શકશો. એવો દૃઢ નિશ્ચય રાખી પ્રવર્તો

'સર્વ બાબતોમાં આત્મરસના રસિયા બનો. શરીર તેમ જ વીર્યનો વ્યભિચાર તથા અતિ મહેનતથી દુરુપયોગ કરો નહિ. એ જ રીતે શરીર અને મનને નકામાં અને પ્રવૃત્તિરહિત રાખી તેમને ઘસાઈ જવા દો નહિ. શરીરમાં રક્ત ફર્યા કરે છે તેમ સતત અને ઉત્સાહના વિચારથી મનને ભરી દો. મારા પરમાત્મમય જીવને જીવો. હું શું કરીશ, હું જીવવાને લાયક નથી, મારામાં કાંઈ શક્તિ નથી—એવા હિંસામય, પાપી, અશક્ત વિચારોથી કરોડો ગાઉ દૂર રહો. વર્તમાનમાં શરીર અને મનને તમે ધારો તેવા બનાવી શકવા સમર્થ છો, એમ વિશ્વાસ ધારીને આત્માની મહત્તાના સંકલ્પો કરો. મન અને શરીરનું આરોગ્ય દૃઢ રાખો. મનના આરોગ્યથી શરીરનું આરોગ્ય વધે છે. મનમાંથી બરાબ, નકામા અને નિર્જીવ વિચારોને કાઢી નાખો. મનની શુભાશુભ લાગણીઓની અસર જરૂર શરીર પર થાય છે. જે મનથી અશક્ત બને છે તે શરીરથી અશક્ત બને છે.

'ભૂતકાલીન કરોડો વર્ષોનાં કર્મોને વર્તમાનમાં કરેલી સત્ય અને પવિત્ર ભાવનાઓથી દૂર કરી શકાય છે. ભૂતકાલમાં કરેલાં અશુભ કર્મોની સ્મૃતિ ન કરો અને વર્તમાનમાં અનેક અનંત જીવનપ્રદ શુભ વિચારો કરો. વર્તમાન શરીર તે ભૂતકાળના વિચારોનું કાર્ય છે. દૃશ્ય અને અદૃશ્ય એવા સર્વ વિશ્વના સંબંધમાં આવતાં આત્મજીવનથી જીવો છો એવો દૃઢ નિશ્ચય ક્ષણે ક્ષણે તમે ધારણ કરો. મારા શુદ્ધ સ્વરૂપમાં આનંદરસથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મગ્ન થઈ વર્તતાં તમારા મનને અને શરીરને મહાકાલની અસર થશે નહિ. તમને તમારા આત્માઓ અકાલરૂપ, અનંત આનંદ-સાગરરૂપ અનુભવાશે. મનમાં કરેલા અમૃતમય સંકલ્પોથી તમે અમર બનશો અને મૃત્યુના વિષને શરીર અને મનમાંથી દૂર કરી શકશો.

મનમાં શુભ વિચારો એ જ અમૃત છે અને અશુભ વિચારો તે જ વિષ છે. આત્માભિમુખ થયેલ મન અને શરીરને સ્વર્ગીય આરોગ્ય અને આનંદરસ પ્રાપ્ત થાય છે. સ્વચ્છ હવા, પ્રકાશ, જળ વગેરેથી શરીરનું આરોગ્ય જાળવો. શરીરમાં રહેલા વીર્યને રક્ષો અને મનમાં મૃત્યુની ભીતિનો એકપણ વિચાર આવવા દો નહિ. આત્માના અનંત જીવનરસમય સાગરમાં મન અને શરીરને પ્લાવિત કરી દો. સર્વ વિશ્વમાં આનંદરસ ભરેલો છે. જ્યાંત્યાં રસની ભાવના કરો. આનંદરસની ગમ્મતથી જીવો અને ઉદાસીનતા, શોક આદિના મૃત્યુમય વિચારોને મનમાં પેસવા ન દો.

'વૃદ્ધાવસ્થામાં આત્માના તારુણ્યથી વર્તો અને કોઈને અનુત્સાહી કે નિરાશ બનાવવાનો એક બોલ પણ ન બોલો. મારા જીવનથી તમો જીવો છો અને રસ લાગે છે તે કરો છો—એવી ભાવનાને એટલી બધી દૃઢ બનાવો કે જેથી મનમાં તેનું સ્થૂલ રૂપ પ્રગટે. આત્મા જ પરમેશ્વર છે. તે શરીર–મનને તાજું ને તાજું રાખવા સમર્થ છે—એવું શિક્ષણ વિશ્વમાં પ્રચારી માનસિક હિંસાને દૂર કરો.'

બાળકેળવણી :

'કોઈના પર દબાણ કરો નહિ. સત્યબુદ્ધિની પ્રેરણાથી પ્રવર્તો. આશા, શ્રદ્ધા, ઉત્સાહના વિરોધી એવા નાસ્તિક વિચારોથી પોતે પ્રવર્તો નહિ અને અન્ય મનુષ્યોને નાસ્તિક વિચારો આપો નહિ. બાળકોને ઉત્સાહ આપો. તેમનામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્સાહ આવે એવી રીતે તેઓને પ્રશંસો. બાળકોને ઉત્સાહ-ભંગ ન કરો. તેઓને રસ પડે અને તેમનાં મન અને દેહમાં સ્ફૂર્તિ વધે એવી રમતો રમવા દો. તેઓને શોકાતુર બનાવવા એ તેઓની હિંસા કર્યા બરોબર છે. બાળકોમાં 'હું સર્વ કાર્ય કરીશ' એવી આશા ભરી છે. તેમના શુભ ગુણોની પ્રશંસા કરશો તો તેઓમાં અન્ય ગુણોનો વિકાસ થશે. તેઓને નિર્ભય બનાવો. બાળકો જેવું દેખે છે તેવું કરે છે. બાળકો અનુકરણ કરનારાં છે. તેઓની આગળ આદર્શ મનુષ્યોને ખડા કરો. તેઓને નાહિંમત ન કરો. તેઓ ભૂલે તોપણ તેઓને ઉત્સાહિત કરો એટલે તેઓ આગળ વધશે.

'વિચારનું ફળ તેઓ છે એમ સમજાવો. રોગ, મૃત્યુ, ભય, શોકના વિચારોથી બાળકોને દૂર રાખો, બાળકોમાં ભયના વિચારો ફેંકવા એ જ તેમના પર ઝેર રેડવા સરખું કૃત્ય જાણવું. બાળકોની આગળ અમર થવાના વિચારો જણાવવા અને તેઓને દીર્ઘાયુષી થવાના ઉપાયો સૂચવવા એ યુવકો અને વૃદ્ધોનું કર્તવ્ય છે. મારવાથી કે ધમકાવવાથી બાળક નઠોર થાય છે. તેઓ જે જે કરે અને જે જે શીખે તેમાં રસ મળે એવા શિક્ષણથી તેઓને કેળવો.

'બાલિકાઓને પણ તેવા રસમય શિક્ષણથી કેળવો. બાળકો ભાવિ પ્રભુઓ છો અને તેઓ મારા પ્રભુમય જીવને જીવવાને જન્મ્યાં છે. તેઓને સાત્ત્વિક બનાવો. ભવિષ્યની દુનિયાનો આધાર બાળકો છે. બાળકોને નવનવી બાબતોમાં રસ લેવા દો. તેઓને એક બાબતમાં ગોંધી રાખી સૂકાં અને નિર્માલ્ય બનાવો નહિ. સર્વ પ્રકારનું શુભ શિક્ષણ આપીને બાળકોને સબળ બનાવો. તેઓને મૂર્ખ વગેરે શબ્દોથી સંબોધો નહિ. તેઓને મરજી પ્રમાણે વર્તવા દો. ફક્ત ભૂલ ન કરે તેવી સૂચનાઓ પ્રસંગોપાત્ત આપ્યા કરો. તેઓમાં રહેલી ચંચલતાને દોષરૂપ ન ગણો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ ગુણરૂપ ગણો. તેઓ ચંચલતાનો સદુપયોગ કરે એવું શિક્ષણ આપો.

'બાળકોને પ્રેમથી પોષો. પ્રેમ અને મમતાથી બાળકોને ચાહવાં અને રસ પડે એવું શિક્ષણ આપવું એ જ ગુરુઓ, માબાપ અને વૃદ્ધોનું કર્તવ્ય છે. બાળકોને નિર્દોષ રમતો શીખવો. આનંદદાયક રમતોથી બાળકોને દૂર કરવામાં તેઓની હિંસા કરેલી જાણો. બાળકો દેવો છે અને બાલિકાઓ દેવીઓ છે એવું તેઓને જાહેર કરો. બાળકોની નિર્દોષ રમતોમાં ભાગ લો અને તેઓને પ્રોત્સાહન આપો. બાળકોમાં સર્વ સારા વિચારો ભરી દો. તેઓ યુવકો થશે ત્યારે શુભ વિચારોને આચારમાં મૂકી શકશે. મારા નામથી બાળકોને શુભ આશીર્વાદ આપો. બાળકો પર ગુસ્સે ન થાઓ. અયોધ્યાવાસી લોકો! તમને જે ઉપદેશ આપ્યો તે સર્વ વિશ્વ માટે છે. તે પ્રમાણે પ્રવર્તો અને લોકોને પ્રવર્તાવો.'

પરબ્રહ્મ મહાવીર પ્રભુનો ઉપદેશ શ્રવણ કરીને અયોધ્યા અને અયોધ્યાદેશના વાસી ત્યાગીઓ તથા ગૃહસ્થો પરમાનંદ પામ્યા. તેઓએ પ્રભુ મહાવીરદેવનું શરણ સ્વીકાર્યું તથા સત્ય ભક્ત એવા જૈનો બની પ્રભુમય આત્મજીવન ગાળવા લાગ્યા.

પ્રભુ મહાવીરની સ્તુતિ :

અયોધ્યાદેશના મુખ્ય ત્યાગી મહર્ષિ ઋષ્યશૃંગે પ્રભુને વિધિપૂર્વક વંદન-પૂજન કર્યું અને પ્રભુનું શરણ સ્વીકારી સ્તુતિ કરવા લાગ્યા કે, 'હે પરમેશ્વર! આપે વિશ્વવર્તી સર્વ ઋષિઓને જ્ઞાન અને ચારિત્રથી નવજીવન આપ્યું છે અને આત્માના અનંત જીવનનો રાજમાર્ગ ખુલ્લો કર્યો છે. હે પ્રભો! આપથી અભિન્ન રહી સર્વત્ર આપના ઉપયોગે રહેવું તે જ પ્રભુજીવન છે. હે પ્રભો! આપમાં મન રાખીને વર્તતાં નિરાશા, અનારોગ્ય, અશ્રદ્ધા, ભય, શોક અને દીનતાનું સ્વપ્ન પણ આવતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે પ્રભો! આપ અનંત જીવન છો. આપની સાથે તાદાત્મ્ય કેળવી વર્તતાં આપસ્વરૂપે અમો થઈએ છીએ. હે પરબ્રહ્મ મહાવીર પ્રભો! આપના સ્વરૂપમાં મન લીન થતાં સર્વ સદ્‌ગુણોનો આવિર્ભાવ થાય છે. આપ પર પ્રેમ રાખતાં વ્યાપક પ્રેમ થાય છે. આપે સર્વ વિશ્વમાં શ્રદ્ધા અને પ્રેમનો સાગર વહેવરાવ્યો છે. હે પ્રભો! સર્વ વિશ્વમાં મહાત્માઓ, ઋષિઓ, ત્યાગીઓ, યોગીઓ, પરમહંસો વગેરેની આપ બદલી કરો છો. હે પ્રભો! આપે પરમેશ્વરાવતારથી અમને દર્શન આપી સ્વતંત્ર અને જીવન્મુક્ત કર્યા છે. હે પ્રભો! જ્યાં પ્રેમ, શ્રદ્ધા, ઐકય, પ્રભુતા, શક્તિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ભક્તિ, ઉપાસના છે ત્યાં આપ છો. હે પ્રભો! જ્યાં જ્યાં આનંદરસ અને ઉત્સાહ છે ત્યાં આપ છો. હે પ્રભો! જ્યાં જ્યાં જે કંઈ સારું છે ત્યાં ત્યાં તે રૂપે આપનો આવિર્ભાવ છે. હે પ્રભો! પરમેશ્વરનાં જેટલાં લક્ષણો અને અનુમાનો કરવામાં આવે છે તેનાથી આપ પેલી પાર છો. આપના પ્રભુત્વમાં શંકા લાવનારા મરેલા છે. આપની શ્રદ્ધાથી આપની સાથે પોતાનું અભેદત્વ અનુભવનારા જીવતાજાગતા ભક્ત સંતો છે. આપ પ્રભુની સાથે તાદાત્મ્ય થઈ 'સોઽહં' અને 'તત્ત્વમસિ' મંત્રના વાચ્યાર્થથી વર્તતાં અનંત સુખ–શાંતિ અને અનંત સમૃદ્ધિના અનંત સાગરરૂપ આત્મા બને છે, તેમાં અંશમાત્ર પણ અસત્ય નથી.

'આપ ઉત્પાદશક્તિ અને વ્યયશક્તિના ધારક તથા અનંત, અનાદિ, ધ્રુવસ્વરૂપ છો. આપની સાથે સર્વ પ્રકારે અભિન્ન થઈ વર્તવાથી આત્મામાં મુક્તિ પ્રગટે છે. 'તું તે હું છું' એવા ભાવથી વર્તતાં આપ વિના અન્ય કશું કંઈ સત્ય ભાસતું નથી. આપની સાથે જે જે આત્માઓ એકતા સાધી અને લીનતા કરી જીવે છે તેઓ અનંત જીવન પામે છે. પશ્ચાત્ તેઓ મરણને જાણતા નથી. આ દુનિયામાં જીવવા છતાં તેઓને દુઃખનો લેશ પણ જણાતો નથી. આપમાં તાદાત્મ્યભાવથી એકરસરૂપ થતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃત્યુ, જીવન, દેહ, કાળ, દેશ, નામ, વસ્તુઓ, દેવો, દાનવો વગેરે કોઈપણ અનંત જીવનથી ભિન્ન કરવા શક્તિમાન થતું નથી. આપની સાથે અભિન્ન અને એકસ્વરૂપ થઈ વર્તતાં હજારો સંકટો અને ઉપસર્ગો આનંદથી સહેવાય છે. જેટલા જેટલા અંશે મનુષ્યો આપની નજીકમાં આવે છે તેટલા તેટલા અંશે તે આપની સાથે અભિન્ન બને છે. આપનાથી ન્યારા રહેવામાં દુઃખ છે. હે પરમેશ્વર ! બ્રહ્મદેવ ! આપના સદુપદેશ પ્રમાણે વર્તવાથી સર્વ પ્રકારની ઉન્નતિ અને સુખ છે. આપને વંદન હો.'

આર્યદેશની પવિત્રતા :

ગંગા નદીની સાથે યમુના નદીનો જ્યાં સમાગમ થાય છે ત્યાં શ્રી મહાવીર પ્રભુ પધાર્યા. પ્રભુ મહાવીરદેવનું આગમન શ્રવણ કરી ત્યાં બ્રાહ્મણો, ઋષિઓ આવ્યા. અયોધ્યાનો રાજા સૂર્યવંશી અગ્નિદત્ત પણ પ્રભુને વંદન કરવા આવ્યો. ઋષિઓ વગેરેએ પ્રભુ પાસે આવી, નમન–પૂજન કરી આ આર્ય–દેશની પવિત્રતા અને ઉત્તમતા કયાં સુધી રહેશે તથા આર્ય ભૂમિમાં ધાર્મિક સત્ત્વ જણાવવા સંબંધી ખુલાસો પૂછ્યો.

પ્રભુ મહાવીરદેવે ઋષિઓ, બ્રાહ્મણો, મહાત્માઓ, રાજાઓ તથા અન્ય ક્ષત્રિયાદિ લોકોને જણાવ્યું કે, 'હે ભવ્યો ! અનાદિકાળથી આર્યદેશની ભૂમિ પવિત્ર અને ઉત્તમ છે અને અનંતકાળ પર્યંત આર્યદેશ પવિત્ર અને સર્વ દેશોમાં ગુરુ તરીકે ઉત્તમ રહેશે. અધ્યાત્મજ્ઞાનીઓની ખાણ આર્યદેશ છે. અનેક સંતોની ખાણ આર્યદેશ છે.'

એમ કહીને પ્રભુએ અગ્નિવૈશ્યાયન આદિ ઋષિઓ તથા અગ્નિદત્ત રાજા વગેરેને કહ્યું કે, 'તમારા હાથમાં ચપટી ધૂળ લો અને તેના સામું એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહો.' પ્રભુના કહેવા પ્રમાણે શ્રદ્ધાથી તેઓ જોઈ રહ્યા. દશ મિનિટમાં ઋષિઓ વગેરે સમાધિ પામી તુર્યાવસ્થાની દૃષ્ટિ પામ્યા અને તેઓએ જે દેખ્યું તે મૂલ સ્થિતિ પર આવી, પ્રભુને વંદન કરી કહેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગ્યા : 'હે પ્રભો ! અહીંની ભૂમિની ચપટી પવિત્ર ધૂળમાં અનેક તીર્થંકર, ઋષિ, સંતોનાં મનોદ્રવ્યોનાં સત્ત્વો રહેલાં છે. શુકલલેશ્યા, પદ્મલેશ્યા અને તેજોલેશ્યાનાં મુખ્યતાએ સત્ત્વો દેખાય છે. જેનાથી સાત્ત્વિક ભક્તિ અને સાત્ત્વિક જ્ઞાન પ્રગટ થાય એવાં અનેક પવિત્ર પરમાણુનાં સત્ત્વો રહેલાં છે.

'હે પ્રભો ! આ ધૂળમાં અનેક પવિત્ર યોગીઓનાં શરીરથી પૃથક્ થયેલા અણુઓ છે. તેના સ્પર્શથી અને સંબંધથી શ્રદ્ધાળુ અને પ્રેમી ભક્તોનાં હૃદયોની શુદ્ધિ થઈ શકે. હે પ્રભો ! આર્યદેશમાં સત્ત્વગુણના સાગરનો પ્રવાહ વહ્યા કરે છે. પૂર્વકાલીન તીર્થંકરોનાં, વાસુદેવોનાં, બળદેવોનાં, પવિત્ર સાધુઓનાં શરીરોનાં સત્ત્વો આ ધૂળમાં દેખાય છે અને આ ધૂળમાંથી અન્ય મહાત્માઓ, ઋષિઓ, બ્રાહ્મણો વગેરેનાં શરીરોની રચના થાય છે, એમ અમે આપની શક્તિના બળે પ્રત્યક્ષ દેખ્યું. તેથી અમો ધૂળને મસ્તક પર ચઢાવીએ છીએ.' એમ કહીને તેઓએ ધૂળને મસ્તક પર ચઢાવી. તેથી ભક્તિ અને શ્રદ્ધાના બળે તેઓએ પ્રભુનું અનંતગણું માહાત્મ્ય જાણ્યું. પ્રભુના જ્ઞાનમાં ઓતપ્રોત અને જ્ઞેયરૂપે પરિણમેલું સર્વ વિશ્વ એક અણુ જેટલું દેખી પ્રભુ અનંત અપાર છે એમ જાણ્યું. પ્રભુના પધારવાથી ત્યાંની ભૂમિ પવિત્ર થઈ અને ત્યાં વાર્ષિક તીર્થમેળો ભરવાનો રિવાજ શરૂ થયો.

પ્રભુએ ત્યાં સનક ઋષિને જડ વસ્તુઓ સંબંધી વિજ્ઞાન આપ્યું અને ત્યાં કુંભ ઋષિને સ્યાદ્વાદનું રહસ્ય સમજાવ્યું.

ગોરક્ષા :

પ્રભુએ ગંગા નદીના કાંઠે આહીર ગામમાં મુકામ કર્યો. ત્યાં ગોવાળો વસતા હતા. લાખો ગાયોના તે માલિક હતા. પ્રભુની પાસે હજારો ગાયો આવી અને આગલા પગ નીચા રાખી, મસ્તક નમાવી, પ્રભુને વંદન કરી હર્ષનાદ કરવા લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાજી ગોવાળિયાઓ આશ્ચર્ય પામ્યા. કેટલીક ગાયો તો પ્રભુના સામી આવી નમીને બેઠી અને પ્રભુ સામે એકીટશે જોઈ રહી. પ્રભુએ ઊભા થઈ ગાયોના મસ્તક પર હાથ મૂકયો અને તેઓને આશીર્વાદ આપ્યો.

પ્રભુ ગાયોને ઉપદેશવા લાગ્યા કે, 'તમો આનંદમાં રહો. આ જન્મ બાદ તમો મનુષ્યાવતાર પામશો અને ત્યાં તમો ઠેઠ પરમાત્મસ્વરૂપને પામશો.'

પોતાને વંદન-નમન કરનારા ગોવાળિયાઓને પ્રભુએ કહ્યું કે, 'તમો ગાયોની સેવાચાકરી કરીને દેવલોકમાં જશો. ગાયો પર પૂર્ણ પ્રેમ રાખો અને ગાયોમાં મારું સ્વરૂપ દેખો. ગાયો માટે ઉદ્યમ કરો. ગાયોની પ્રસન્નતાથી તમારા વંશ કાયમ રહેશે.

'ગાયની હિંસામાં મહાપાપ છે. ગાયોની રક્ષા કરવામાં તપ-યજ્ઞ-પૂજા સર્વ છે. ગાયો માટે જેઓ પડતરભૂમિ રાખે છે તેઓ પુણ્યબંધ કરે છે. ગાયો પર પ્રેમ રાખો. દેશની માતા ગૌ છે. ગાયોનો નાશ કરનારા માનવો તે ખરેખર રાક્ષસો છે. આ ગાયોના પૂર્વજન્મો સારા છે. તેઓ મને જાણે છે. ઋષિઓ પોતાના આશ્રમોમાં ગાયોનાં ટોળાં રાખે છે. જે દેશોમાં ગાયોની રક્ષા થાય છે અને ગાયોનો વધ કરવામાં આવતો નથી તે દેશમાં શાંતિ તેમ જ સુકાળ રહે છે અને રોગાદિકના મોટા ઉત્પાતો થતા નથી. ગાયોને ચારતાં અને રક્ષતાં પરસેવો વળે તે ગંગાસ્નાન કરતાં અધિક છે. જ્યાં ગાયોની હાય નીકળે છે ત્યાં શાંતિ રહેતી નથી. ગૌમાતા પવિત્ર છે. તેની ઘાસ અને જળથી સેવા કરવી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રે પોતાના ઘરમાં ગાયો રાખવી. પ્રાતઃકાળમાં ઊઠીને ગાયનું મુખ જોવું તે મંગલકાર્ય છે. મનુષ્યોને ગાયો ઘણી ઉપયોગી છે. ઋષિઓ, મુનિઓ, તપસ્વીઓને ગાયો ઘણી ઉપયોગી છે. ગાયો સૌન્દયવંતી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ગોવાળો અને ગોપીઓ! તમે મારાં સુંદર ગીત ગાઓ અને વન–નદીના સૌન્દર્યનો ઉપભોગ કરો. તમને વનમાં, ઉદ્યાનમાં, પર્વત ઉપર, નદીકાંઠે મારાં અનેકરૂપે દર્શન થશે. તમો અલ્પ ધર્મ–કર્મ કરશો તોપણ ઘણું ફળ મેળવશો. વાસુદેવ કૃષ્ણે બાલ્યાવસ્થામાં ગાયોની સાથે અત્યંત પ્રેમ ધારણ કર્યો હતો અને ગાયોનું રક્ષણ કર્યું હતું. તે ગાયોની વચ્ચે સૂઈ જતા. કૃષ્ણની વાંસળીનો સ્વર શ્રવણ કરીને ગાયો તેમની પાસે દોડી આવતી અને તેમની પાસે રહેવામાં આનંદ માનતી હતી. પ્રભુ, સંત, ઋષિઓને ગાયો જાણી જાય છે. ગોવાળો! તમે ગાયો વગેરેના દૂધનું પાન કરો અને અતિથિ, ઋષિ, મુનિઓ વગેરેને દૂધ આપો. તેથી તમારી મુક્તિ છે. પશુઓને કદાપિ મારો નહીં, મારવા દો નહીં અને પશુઓના નાશ કરનારાઓને કોઈ જાતની સહાય આપો નહીં.'

ગોપીઓએ ઘણા પ્રેમથી પ્રભુને દૂધનું ભોજન કરાવ્યું. પ્રભુએ ત્યાં રાત્રીવાસ ગાળ્યો. સવારમાં તેઓએ વિહાર કર્યો. તેમની પાછળ વળાવવા ગોવાળો અને ગોપીઓ ગયાં તથા પોતાની પાછળ વાછરડાંને લઈ હજારો ગાયો પ્રભુની પાછળ દોડી. તે પ્રભુ આગળ જઈ આંખમાંથી અશ્રુ કાઢવા લાગી. પ્રભુએ તેઓને પોતાના શરણે લીધી.

પ્રભુ મહાવીરદેવની કૃપાદૃષ્ટિથી ગાયોએ પોતાના પૂર્વ-ભવો દીઠા અને તેથી ગાયો શુભાશુભ કર્મથી શુભાશુભ અવતાર થાય છે, એમ નિશ્ચય કરી પ્રભુની અનન્ય ભક્તાણીઓ બની અને પ્રભુના બોધ પ્રમાણે આત્માની શુદ્ધિ ભાવવા લાગી. પ્રભુ મહાવીરદેવે ગોવાળો અને ગોપીઓનો ઉદ્ધાર કર્યો.

પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો અને કૌશાંબીનગરીના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાંનાં શતાનીક રાજા અને રાણી મૃગાવતીદેવી, સુગુપ્ત પ્રધાન અને તેની ભાર્યા નંદા તથા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો પરમાત્મા મહાવીરદેવ પાસે આવ્યા અને પ્રભુને ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રદક્ષિણા દઈ વંદન-પૂજન કર્યું અને પ્રભુના દર્શનથી કૃતકૃત્ય થઈ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યાં. પ્રભુએ શતાનીક રાજાને નીતિનો ઉપદેશ દીધો તથા ન્યાય-સામ્યથી પ્રજાપાલનમાં મારી સેવા છે એમ જાહેર કર્યું. પ્રભુએ મૃગાવતી વગેરે સ્ત્રીવર્ગને સતી- ધર્મ સમજાવ્યો તથા કુટુંબસેવાનું રહસ્ય સમજાવ્યું. પ્રભુએ સુગુપ્ત પ્રધાનને સર્વ પ્રકારની નીતિઓનો બોધ જાહેર કર્યો તથા સર્વ લોકોને સનાતન જૈનધર્મનો બોધ આપ્યો. તેથી સર્વ લોકોએ જૈનધર્મમાં વિશ્વાસ ધારણ કર્યો.

કૌશંબીનગરીમાં પ્રભુના આગમન પૂર્વે જૈનધર્મી લોકો હતા, પણ જૈનધર્મનું સત્ય રહસ્ય સમજતા નહોતા. કુલાચારે જૈનો મોટા ભાગે હતા. પ્રભુના પધારવાથી તેઓ સત્ય જૈનો બન્યા. પ્રભુએ અપંગ અને અંધ મનુષ્ય તથા પશુ-પક્ષીઓની દયા કરવાનો બોધ આપ્યો.

પ્રભુએ લોકોને કહ્યું કે, 'પશુઓની અને પંખીઓની દયા કરો. મનુષ્યોને અન્નાદિકથી સંતોષો. જીવતા મનુષ્યો વગેરેની સેવા તે જ મારી સેવા છે.

'અપંગ અંધ મનુષ્યોને સર્વ પ્રકારે સહાયતા કરો. તેઓના આશીર્વાદ ગ્રહણ કરો. તેઓની સેવામાં સર્વસ્વાર્પણ કરો. તેઓને સહાય આપો. તેઓને ભૂખ્યા રાખીને તમે ન ખાઓ. તેઓના પેટ કરતાં તમારું પેટ વહાલું ન કરો. તેઓના ભોગે તમે જીવવાની બુદ્ધિ ન કરો. પશુ-પંખીઓ પર અત્યંત દયા કરો. તેઓના પર શુભ રાગ ધારણ કરો. તેઓને સતાવી તેઓની આંતરડીની હાય ન લો. સર્વ જીવોને જીવવાનો વિશ્વમાં એકસરખો હક છે. કોઈના દેહનો નાશ કરીને અન્યાયમાર્ગે ચાલો નહિ. સર્વ મનુષ્યોના ભલામાં ઊભા રહો. અન્ય મનુષ્યોનાં ખૂન કરીને રાજ્યાદિક ભોગને ઇચ્છવા એ મહા પાપ છે. સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવોનું શ્રેય ઇચ્છો. સર્વ જીવોની શાંતિ ઇચ્છો. વિશ્વમાં સર્વ જીવોના ભલા માટે યથાશક્તિ પ્રયત્ન કરો કોઇના પર જબરાઈ કરી પોતાની સત્તાના દોરને ન વધારો. ન્યાય, સત્ય, દયાથી સર્વ વિશ્વમાં શાંતિ પ્રવર્તે છે.' આવો ઉપદેશ સાંભળી ત્યાંના સર્વ લોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું.

કૌશાંબીમાં પ્રભુને વંદન કરવા સૂર્ય, ચંદ્ર આવ્યા. તેઓ પ્રભુનાં દર્શન-પૂજન કરી પરમાનંદ પામ્યા અને પાછા સ્વસ્થાને ગયા.

પ્રભુ મહાવીરદેવ અનેક ગામોમાં વિચરતા કાશીનગરીમાં આવ્યા. કાશીનગરીની બહાર ગંગાનદીના તટ પર પૂર્વદિશા ભણી આશ્રમપદ ઉદ્યાનમાં પધાર્યા. કાશીનગરીનો સૂર્યવંશી વાસુદેવ રાજા સપરિવાર વંદન કરવા આવ્યો તથા કાશીમાં વસનારી ચારે વર્ણની પ્રજાઓ વંદન કરવા આવી. કાશીમાં વાસ કરનારા અનેક ઋષિઓએ અત્યંત પ્રેમથી પ્રભુ મહાવીરદેવનું વંદન-પૂજન કર્યું. વાસુદેવ રાજાએ પ્રભુને પૂછ્યું : 'હે પ્રભો! મારા મનમાં મારા પુત્રના મૃત્યુથી ચિંતા રહ્યા કરે છે. પશ્ચિમદેશના રાજાની સવારીઓથી પણ ભય રહ્યા કરે છે તથા મારા શત્રુઓ તરફથી મારા પ્રતિ શું કરવામાં આવશે તેનો ભય રહ્યા કરે છે. માટે હું શું કરું?'

પ્રભુ મહાવીરદેવે કહ્યું : 'હે વાસુદેવ રાજન્! તું પરદેશી રાજાની સવારીઓનો ભય ન રાખ, પણ સાવધાનતા રાખ. પુત્રના મૃત્યુનો શોક કરવો નકામો છે. પુત્રનો આત્મા અમર છે. તેના શરીરનો વસ્ત્રની પેઠે નાશ થયો છે. દેહરૂપ વસ્ત્રનો શોક ઘટતો નથી. દેહરૂપ વસ્ત્રોને આત્માઓ વારંવાર બદલ્યા કરે છે. બદલાતાં દેહરૂપ વસ્ત્રોની ચિંતા કરવાની જરૂર રહેતી નથી. દેહરૂપ વસ્ત્ર બદલાવા છતાં આત્મા બદલાતો નથી. દેહ બદલાવા છતાં આત્મા બીજા આત્માને પ્રેમથી ઓળખી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. હે વાસુદેવ રાજન્! જો તમો નિત્ય એવા આત્માના પ્રેમી હો તો આત્માને અમર જાણી પુત્રશોક ન કરો. હાથ, પગ, પેટ, મસ્તક વગેરે અવયવસમૂહને પુત્ર તરીકે કલ્પવો એ કલ્પના છે. તેનો મોહ કરવો ન જોઈએ. પુત્રમાં રહેલ આત્મા અને પોતાનો આત્મા આનંદસ્વરૂપી છે, એમ જાણી આનંદમાં મસ્ત રહો.

'આત્માનો કોઈ શત્રુ નથી. શત્રુઓનો ભય ન રાખો, પણ નિર્ભય થઈ શત્રુઓ તરફથી સાવધાન રહો. જે ભેદમાં પડે છે તેને શત્રુઓની કલ્પના થાય છે. અભેદજ્ઞાનથી આત્માનું એકત્વ દેખનારને ભય નથી. શત્રુઓમાં આત્મબુદ્ધિ રાખી પ્રવર્તો એટલે તમારો કોઈ વિનાશ કરવા સમર્થ નથી. શત્રુઓ પર જેને વૈરભાવ નથી તેને શત્રુઓ તરફથી ભય નથી. જેનામાં શત્રુબુદ્ધિ પ્રગટે છે તે સ્વપરને હાનિ કરે છે. જે મારામાં પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ ધારણ કરી વર્તે છે તેને શત્રુઓ કંઈ પણ હાનિ કરવા શક્તિમાન થતા નથી. હે વાસુદેવ રાજન્! તું આનંદરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, ત્રણે કાળમાં સત્ છે, નામ-રૂપના પ્રપંચથી રહિત છે—એમ વિશ્વાસ રાખી પ્રવર્ત. સ્વપ્નામાં ઉત્પન્ન થયેલી લીલા જેમ ક્ષણિક છે, દર્પણમાં કૂકડો પોતાનું પ્રતિબિંબ દેખીને જેમ યુદ્ધ કરે છે, તેમ મનુષ્યો આત્માની છાયા જેવી માયામાં આત્મબુદ્ધિ રાખીને રાગ-દ્વેષના દ્વંદ્વમાં પડી મહાદુઃખને પામે છે. આત્મા વિના અન્ય જડ વસ્તુઓમાં આત્મપણું માનવાથી શત્રુ-મિત્રાદિની કલ્પનાઓ પ્રગટે છે, એમ જાણ.

'આત્માને નિંદા અને સ્તુતિ લાગતી નથી. નિંદામાં કશું વજૂદ નથી એમ માન. સત્યથી પ્રવર્ત અને નિંદાથી શોક ન કર. નિંદા કરનારાઓ આપોઆપ દોષના માર્ગ તરફ વહે છે અને નિંદાની દૃષ્ટિ પ્રમાણે આત્માની પાસે દોષસૃષ્ટિને ઉત્પન્ન કરે છે. આત્માના ઉપયોગથી વર્ત. મારામાં મન રાખીને,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાદુર બની પ્રવર્ત. આત્મા વિના મનના ભક્તો પાસેથી તારા અંગેનો અભિપ્રાય ન માગ. સત્યની આગળ અસત્ય ટકી શકતું નથી.' વાસુદેવે પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળ્યો, અને તે ભય અને શોકથી રહિત, નિર્ભય, નિઃશંક થઈ પ્રભુજીવન પામ્યો. તે પ્રભુનું શરણ સ્વીકારી પ્રભુનો પરમ ભક્ત બન્યો.

મોહશત્રવાન નડતરરૂપ છે :

નારાયણ ઋષિએ પૂછ્યું કે, 'હે ભગવન્! આપ સર્વ વિશ્વના ઈશ્વર છો, વિશ્વેશ્વર છો, એવો નિશ્ચય થયો છે. પરંતુ હે ભગવન્! આપના ઉપદેશ પ્રમાણે વિશ્વના સર્વ લોકો એક સરખી રીતે કેમ વર્તી શકતા નથી? આપના ઉપદેશ પ્રમાણે વર્તવામાં સર્વે લોકોને વચ્ચે નડતર કરનાર કોણ છે?'

પ્રભુએ નારાયણ ઋષિને કહ્યું : 'સર્વ લોકોને મારા ઉપદેશ પ્રમાણે વર્તવામાં વચ્ચે માયા–મોહ–કર્મ આવીને નડે છે. માયા–મોહ–કર્મ જેઓ દૂર કરે છે તેઓ મારા ઉપદેશ પ્રમાણે વર્તે છે. મારી પાસે આવતાં વચ્ચે મોહ નડે છે. તેની સામે જે થાય છે તે મને પામે છે. સ્થૂલ પદાર્થોમાં લલચાવીને દુનિયામાં લોકોને ભટકાવનાર મોહ છે. એવા દુષ્ટ મોહની લાલચોમાં જે ઝેર સમજે છે તે મારા ઉપદેશરૂપ અમૃતનું પાન કરીને અમૃતત્વને પામે છે અને ક્ષણિક જીવનનો મોહ ત્યજીને અનંત જીવન મેળવે છે. મારા સ્વરૂપમાં જેઓ ડૂબે છે તેઓ અનંત જીવનને પામે છે.

'જ્ઞાન અને આનંદ સદાકાળ આત્મામાં છે, પણ જ્યાં સુધી મનમાં મોહ વર્તે છે ત્યાં સુધી આત્મા પોતે પોતાનો આનંદ અને જ્ઞાનનો પ્રકાશ જોઈ શકતો નથી. મનમાં રહેલો મોહ ટળતાં આત્માની શ્રદ્ધા અને આત્માની પ્રીતિ થાય છે અને આત્માના આનંદને પામી શકાય છે. પૂર્ણજ્ઞાન અને પૂર્ણાનંદરૂપ આત્માનો અનુભવ થયા પછી આત્મજ્ઞાની સંસારમાં નિર્લેપ અને સાક્ષીભૂતની જેમ વર્તી અને જીવન્મુક્ત બની છેવટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપૂર્ણ મુક્તતાને પામે છે.' પ્રભુનો આવો ઉપદેશ શ્રવણ કરીને નારાયણ ઋષિ નિઃશંક થયા અને તેમણે પ્રભુનું શરણ સ્વીકાર્યું.

વાસના—મૃત્યુ અને દુઃખરૂપ:

પ્રભુએ કાશીનગરીના સર્વ લોકોને કહ્યું કે, 'હે મનુષ્યો! તમો સત્ય જ્ઞાનથી જીવો. મિથ્યા કદાગ્રહોનો ત્યાગ કરો. આત્મજ્ઞાનને શ્રેષ્ઠ જ્ઞાન સમજો. શાસ્ત્રવાસના, વિષયવાસના, લોકવાસના અને કીર્તિવાસનાની પેલી પાર સર્વ પ્રકારની વાસનાથી રહિત એવા શુદ્ધાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરો. જ્યાં વાસના છે ત્યાં આત્માના આનંદનો પ્રકાશ નથી. સર્વ પ્રકારની વાસનાઓ જ પોતાના શત્રુઓ છે. તેઓને મારી હઠાવો. વાસનાઓ જ મૃત્યુ અને દુઃખરૂપ છે. વાસનાઓ જ સ્થૂલ વિશ્વમાં સર્વ લોકોને અવતારો આપે છે. વાસનાઓ જ્યાં સુધી મનમાં પ્રગટે છે ત્યાં સુધી કોઈ આત્મા અરિહંત, જિન, વીતરાગ નથી. બ્રહ્મ એ જ આત્મા છે. આત્માના સ્વાભાવિક આનંદરસથી 'વાસનાઓમાં અશાંતિ અને દુઃખ છે' એવો નિશ્ચય થાય છે. આત્મા વિના અન્ય કંઈ આનંદરૂપ નથી એવા નિર્ણય પર આવનારા મારા ભક્તોને સર્વ વિશ્વમાં કોઈ ભય કે દુઃખ કરનાર નથી.

'મારા ભક્તો પરમાનંદરૂપ પોતાને અનુભવે છે. પશ્ચાત્ તેઓ પરબ્રહ્માવિર્ભાવને પામી પૂર્ણ બ્રહ્મ, વ્યક્તસ્વરૂપી બને છે. હે લોકો! આત્મામાં સુખ છે. આત્મજ્ઞાની દુઃખને ભૂલી જાય છે. તમો અરસપરસમાં શત્રુભાવ ન રાખો, વૈર લેવાની બુદ્ધિ ન રાખો. એકબીજાને સહાય આપવામાં સ્વાર્થ, વૈર, ભેદભાવને ભૂલી પ્રવૃત્તિ કરો. કુટુંબકલેશની વૃત્તિઓને ભૂલી જાઓ. હાથોહાથ મેળવીને, ઐક્ય કરી પ્રવર્તો. ધન, સત્તા કે વિદ્યાનો દુરુપયોગ ન થાય તે માટે સર્વ પ્રસંગોમાં સાવધાન રહો.

'યુવાવસ્થામાં જ ધર્મનું સારી રીતે આરાધન થાય છે. યુવાવસ્થામાં પગલે પગલે ભૂલો થવાનો પ્રસંગ આવે છે, માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચીકણી કાદવવાળી જમીનમાં સંભાળી સંભાળીને જેમ ડગલાં ભરવામાં આવે છે તેમ ડગલાં ભરો. યુવાવસ્થામાં સર્વ કર્તવ્ય-યોગની સાધના થાય છે માટે યુવાવસ્થામાં અપ્રમત્ત થઈને પ્રવર્તો. યુવકોને તેઓની ભૂલો માટે પશ્ચાત્તાપ થાય અને યુવા-વસ્થાનો સદુપયોગ કરે એવા સન્માર્ગમાં સહાયક થાઓ. યુવાવસ્થામાં સત્તા, લક્ષ્મી, વિદ્યાદિક શક્તિઓનો મેળ મળતાં મારી શ્રદ્ધા–પ્રીતિ વિના અન્યાયમાર્ગમાં ક્રમણ થાય છે, યુવા-વસ્થા મહાસમુદ્રની ભરતી સમાન છે. યુવાવસ્થામાં અહંકાર કામ, ક્રોધ, લોભથી વિમુખ રહેવા યુવકોએ સાવધાન રહેવું. યુવાવસ્થાનો દુરુપયોગ તે જ સંપૂર્ણ જિંદગીનો દુરુપયોગ છે. અસત્માર્ગમાં ધસતા મનને આત્માભિમુખ કરો. મારામાં ચિત્ત રાખીને જિંદગીનો સદુપયોગ કરો. કોઈનો ધિક્કાર ન કરો. દુર્ગુણી અને વ્યસનીઓને અત્યંત પ્રેમથી ચાહી તેઓ પોતાની મેળે દુષ્ટમાર્ગનો ત્યાગ કરે એવી રીતે વર્તો. યુવકો અને બાલકો–ના મગજમાં સર્વ જાતના સારા વિચારો ભરી દો એટલે સારા વિચારો જ કાર્યરૂપે પરિણમશે. બાળકોને સદ્ગુણી બનાવો એટલે નવી સૃષ્ટિની રચના થશે અને બૂરી દુનિયાનો નાશ થશે. વૃદ્ધોને સદ્ગુણી બનાવવા માટે પ્રથમ બાળકોને સદ્ગુણી બનાવો. મારાથી શું બની શકે—એવી અધૈર્ય, સંશય–ભાવનાનો ત્યાગ કરો. આત્મા સર્વકાળમાં સર્વ કરવા શક્તિમાન છે. આત્મબળ સમાન કોઈ બળ નથી, એવો દૃઢ નિશ્ચય ધારણ કરીને પ્રવર્તો. સદ્વિચારો પ્રમાણે પ્રવર્તતાં કોઈનાથી ભય કે લજ્જા રાખો નહીં તથા ખેદરહિત થાઓ.

'મેરુપર્વત જેવા પહાડોને અને સ્વયંભૂરમણ જેવા સમુદ્રોને એકક્ષણમાં ઉલ્લંઘી શકાય એવું આત્મબળ તમારામાં છે, તેને પ્રગટાવો. ખાવાપીવા અને પશુ જેવા ભોગો ભોગવવા માટે તમે જન્મ્યા નથી, પણ વિશ્વમાં આત્માની શક્તિઓ પ્રગટાવવાને આત્મસામ્રાજ્ય પ્રગટાવવાને તમો જન્મ્યા છો એવી પૂર્ણ શ્રદ્ધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખીને આનંદથી પ્રવર્તો. તમારા જીવનને લંબાવવું અથવા તેનો નાશ કરવો તેની શક્તિઓ તમારા હાથમાં સોંપવામાં આવી છે. આત્મજ્ઞાની શોકને તર છે અને અજ્ઞાની શોકથી મરે છે. શોકથી આત્મા ભિન્ન છે. કોઈપણ જાતનો શોક ન કરો. સર્વદા આનંદના વિચાર કરો. આત્મા સદા આનંદરૂપ જ છે માટે આનંદના પ્રતિપક્ષી દુઃખનો કોઈપણ વિચાર તમારા મનમાં આવવા ન દો.

' કર્મપર્યાયની બનેલી બાહ્યની ગમે તેવી અવસ્થાને આત્માની અવસ્થા ન માનો. કર્મની સર્વાવસ્થાઓમાં પણ આત્મા તો આનંદરૂપ જ છે. આત્માના આનંદના ઉપયોગમાં સ્થિર રહો, એટલે કર્મની બાહ્યાવસ્થામાં દુઃખની કલ્પનાનો વિચાર બંધ પડશે અને કર્મપર્યાયની અસર પોતાના આત્મા પર થશે નહીં—એમ નિશ્ચય કરી પ્રવૃત્તિ કરો. કર્મપર્યાયોમાં આત્માને ઉચ્ચનીચ માનવાની ભૂલ ન કરો. કર્મપર્યાયો એ જ આત્મા છે એવા અજ્ઞાનને દૂર કરો. કર્મનું સ્વરૂપ વિચારવાના કરતાં જે આત્માનું સ્વરૂપ વિચારે છે તે પોતાના સ્વરૂપનો આવિર્ભાવ કરે છે. આત્મા વિના કર્માદિ જડમાં ઉપયોગ ન મૂકો. આત્માના સ્વરૂપમાં જ આત્માનો ઉપયોગ મૂકીને વર્તવાથી આત્મા સર્વ વિશ્વમાં અને સર્વજ્ઞાતીય પ્રવૃત્તિમાં નિર્લેપ અને શુદ્ધ પ્રવર્તે છે આત્મજ્ઞાનથી એક ક્ષણમાત્રમાં આત્મા. શુદ્ધ બને છે. જડ એવાં કર્મ થકી આત્માની જ્ઞાનશક્તિ અનંતગુણી બળવાન છે. આત્મજ્ઞાન થયા પછી કર્મનું જોર કોઈપણ રીતે આત્માની આગળ ચાલી શકતું નથી. તેથી આત્મજ્ઞાન થયા પશ્ચાત્ સર્વ પ્રકારની પ્રવૃત્તિ કરવી–ન કરવી તેમાં આત્મા સ્વતંત્રપણે વર્તે છે. તેને કર્મ તરફનો અંશમાત્ર ભય રહેતો નથી. હે લોકો! તમે આત્માઓ છો, મનને તમો તમારી આજ્ઞાનુસારે પ્રવર્તાવો અને આ વિશ્વમાં જીવતાં સદેહમુક્તિનો સાક્ષાત્કાર કરો. તમારા માટે આત્મજ્ઞાન થયા પછી આ વિશ્વનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ્ય છે. અજ્ઞાની લોકો માટે આત્માનું રાજ્ય નથી અને જડનું પણ રાજ્ય નથી. આત્માઓ સર્વે સ્વતંત્ર છે અને તે વિશ્વના માલિક છે.

'આત્મજ્ઞાનીઓની રાજ્યપ્રવૃત્તિથી દુનિયા શાંતિના શ્વાસોચ્છ્વાસ લે છે, પરંતુ અજ્ઞાનીઓની અજ્ઞાનપૂર્વકની રાજ્યપ્રવૃત્તિથી આ વિશ્વ અશાંતિના શ્વાસોચ્છ્વાસ લે છે. જ્ઞાનીઓને પામી સર્વ પ્રકારની રાજ્ય, ધનાદિક સત્તાઓ સન્માર્ગમાં વળે છે, પરંતુ અજ્ઞાનીઓને પામી સર્વ પ્રકારની રાજ્ય, ધનાદિક સત્તાઓ અરેઅર અન્યાયમાર્ગમાં વળે છે. માટે આત્મજ્ઞાનરૂપ જૈનધર્મ, કે જે આત્મામાં રહેલો છે તે, પ્રગટ કરો અને રાગદ્વેષને જીતી, સત્યકર્મયોગીઓ બની વિશ્વમાં જીવો અને અન્ય લોકોને આત્મજીવનથી જિવાડો. આત્મજીવનથી જીવો અને તમારા સમાગમમાં આવતા અજ્ઞ લોકોને આત્મજીવનના મંત્ર ફૂંકી જિવાડો. તમે પોતાને દુઃખી માની આત્માનંદથી ભ્રષ્ટ ન થાઓ. આત્મામાં જેટલું સુખ છે તેટલું બીજા કોઈ જડપદાર્થના ભોગથી મળનાર નથી એવો વિશ્વાસ રાખી સ્વાધિકારે સર્વ ફરજોને અદા કરો, પણ જડ પદાર્થોમાંથી સુખ લેવાની ભ્રાંતિને વશ ન થાઓ.

'જલના સરોવરમાં તથા નદી-સાગરમાં મહાત્માઓ, ત્યાગીઓ, ઋષિઓ સ્નાન અને જલક્રીડા કરે છે તેમ તમો સદ્વિચારોના સરોવર, નદી, સાગરમાં અવગાહન કરો, યુવાવસ્થામાં મન પર અત્યંત કાબૂ રાખો, કે જેથી વૃદ્ધાવસ્થામાં સહેજે આત્માના તાબામાં મન રહી શકે. યુવાવસ્થા પશ્ચાત્ વૃદ્ધાવસ્થામાં પારમાર્થિક કર્તવ્યકર્મો કરો અને ગૃહનાં કર્તવ્યકર્મોનો ભાર પોતાનાં સંતાનો પર નાખી આત્માના ચિંતવનમાં તેમ જ શાંતિ અને પરોપકારમાં તથા નિવૃત્તિમાં જીવન વ્યતીત કરો. વૃદ્ધાવસ્થામાં અહં-મમતાથી મુક્ત, હલકા અને નિરુપાધિ જીવનવાળા બનો અને મારી સાથે ઐકય સાધી જીવો. વૃદ્ધાવસ્થામાં નદીના કાંઠે કે એકાંતમાં વાસ કરો તથા ગામની બહાર બાગ, ઉદ્યાન, તળાવકાંઠા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમુદ્રકાંઠા, પર્વતની તળેટી, શિખર, ગુફા, વન વગેરેનો આશ્રય કરી, મારા સ્વરૂપમાં મન વાળી વિશ્રાંતિ લો.

'અષ્ટાંગ યોગાભ્યાસમાં મન વાળો સંધ અને દેશહિતનાં કર્તવ્યોમાં ભાગ લો અને ઊંઘતી વખતે મનને સર્વ ચિન્તા અને વિચારોથી રહિત કરી પશ્ચાત્ મનમાં શાંતિ, આરોગ્ય, શુદ્ધતાના વિચારો એટલા બધા ભરી દો કે જેથી મન દ્વારા પુનઃ આત્મશક્તિઓનો બાહ્યમાં પ્રકાશ કરી શકાય. મનમાં વૃદ્ધાવસ્થાના વિચારો ન કરો અને વૃદ્ધાવસ્થા છતાં નાના બાળકની પેઠે પોતાના મનમાં સ્ફૂર્તિના વિચારો કરો. અનેક જ્ઞાનાદિ ગુણો વડે પારિણામિક ગુણવાળી વૃદ્ધાવસ્થામાં મારા પ્રભુમય જીવનથી પૂર્ણ રંગાઈ જાઓ. યુવાવસ્થામાં જે કાર્યો ન કરી શકયા હો તે વૃદ્ધાવસ્થામાં કરવાનો ઉત્સાહ ધારો. શરીર વૃદ્ધ થતાં મન અને આત્માથી યુવક રહો અને કર્તવ્યકાર્યો કરો. વૃદ્ધાવસ્થામાં શાંત જીવન ગાળો, પરંતુ તમોગુણી નિવૃત્તિથી દૂર રહો. આલસ્ય, ઊંઘ, જડતામાં રહેવું એ નિવૃત્તિ નથી. એવી નિવૃત્તિને તમોગુણી નિવૃત્તિ જાણવી. વૃદ્ધાવસ્થામાં બાળકોને કેળવવાનું તથા રોગી, લૂલા, અંધાઓની સેવા કરવાનું પારમાર્થિક જીવન ગાળો. વૃદ્ધાવસ્થામાં મૃત્યુના વિચારો ન કરો, પરંતુ મનુષ્યજીવનની એક ક્ષણ પણ સ્વપરને ઉપયોગી થાય એવી રીતે ગાળો. યુવાવસ્થામાં નડનારી મોહવૃત્તિઓને વૃદ્ધાવસ્થામાં જીતો. એક લઘુ નિર્દોષ બાળકની પેઠે નિર્દોષ જીવન ગાળો.

'વૃદ્ધાવસ્થા અને તેની પછી મળનાર ભાવિ જીવન એ બે વચ્ચે મૃત્યુ છે. એ મૃત્યુ વિના ભવિષ્યની સુખની જિન્દગી મળતી નથી. માટે મૃત્યુ આવે ત્યારે તેને હર્ષોલ્લાસથી સુખપૂર્વક ભેટીને આગળનો આત્માનંદ આસ્વાદો. વૃદ્ધાવસ્થામાં દૈન્ય ન સેવો તથા તમારું કહ્યું અન્ય ન કરે વા ગભરામણ થવાનો પ્રસંગ આવે તોયે તમે જરામાત્ર મનને ડગવા ન દો, મનમાં દૃઢ નિશ્ચય કરો કે હું આત્મા છું અને તે કદી વૃદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. દેહના વૃદ્ધાદિ પર્યાયોથી મારો આત્માનંદ ઘટતો નથી, પણ વધે છે. એવા અડગ નિશ્ચયથી પ્રવર્તો. મનને આત્મામાં લીન કરો, એટલે સર્વાવસ્થામાં આત્મરૂપે દેખાશો.

' તમે પોતાને દુઃખ, નિરાશા, હીનતા, દીનતા, પરાધીનતા વગેરે ખરાબ વિચારો કરીને જેટલા દુઃખી કરો છો તેટલા દુઃખી કરવાને સર્વ દુનિયા પણ સમર્થ થતી નથી. જે આત્માને ભૂલે છે તે દુઃખરૂપ અંધારામાં પ્રવેશ કરે છે અને જે આત્મરૂપ પ્રકાશમાં ગમન કરે છે તેને દુઃખરૂપ અંધકાર દેખાતું નથી. વૃદ્ધાવસ્થામાં શાંતિ અને સુખ ભોગવવાં હોય તો આત્મદૃષ્ટિથી વર્તો અને આત્મદૃષ્ટિ પામેલાઓથી ઘેરાયેલા રહો, જેથી આજુબાજુથી તમને આત્મોત્સાહ મળતો રહે. વૃદ્ધાવસ્થામાં આત્માને આત્મભાવથી ભાવો અને મોહાદિ ભાવોને ભૂલી જાઓ. મર્યા પૂર્વે તમે જેવા મનથી અને આત્માથી થશો તેવા મૃત્યુ પછી પુનર્જન્મમાં થવાના એ સિદ્ધાંત અચળ માની પ્રવર્તો. મનનું પ્રતિબિંબ દુનિયા છે. મનને નિષ્ક્રિય કરો એટલે તમો સદેહાવસ્થામાં નિષ્ક્રિય જ છો, એમ પોતાને અનુભવશો. લાખો શાસ્ત્રોના ગોખણપટ્ટીના અભ્યાસ કરતાં મનમાં સદ્‌વિચારો પ્રગટાવ્યાનો અભ્યાસ કરો. મારો પ્રતિનિધિ બલ્કે મારા જેવો પરમેશ્વર ખરેખર મનુષ્ય જ થઈ શકે છે. જીવ તે જ શિવ છે. આત્મા તે જ પરમાત્મા છે. કાચી બે ઘડીમાં મનુષ્ય પોતે પરમાત્મજીવન પ્રાપ્ત કરી શકે છે. માટે નિરાશ કે દીન ન બનો. મનની દુર્બળતા છાંડીને હિંમત રાખી બહાદુર બનો.

' પવિત્રમાં પવિત્ર રીતે વૃદ્ધાવસ્થા ગાળો અને તમો મારામાં તન્મય બની જાઓ. નિરુત્સાહી અને નિર્વીર્ય મનુષ્યો મને પ્રાપ્ત કરી શકતા નથી, પણ ઉત્સાહી, શ્રદ્ધાળુ અને પ્રેમી મનુષ્યો મને પ્રાપ્ત કરી શકે છે. મનને લાગેલી નિરુત્સાહરૂપ ઊધઈને ઝટ દૂર કરો અને આનંદથી ઊઠો. વૃદ્ધાવસ્થામાં યુવકોને ભુલાવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેવાં પારમાર્થિક અને ધાર્મિક સત્કાર્યો કરવાને તમે શક્તિમાન છો. વૃદ્ધાવસ્થામાં જ્યાંત્યાં ફરી લોકોને સન્માર્ગે ચઢાવો. વૃદ્ધાવસ્થામાં નિર્વિકાર જીવન ગાળો. વૃદ્ધાવસ્થામાં આત્માના અનંત જીવનની ભાવના ભાવતાં ભાવતાં ઊંઘો કે જેથી અર્ધ-જાગ્રત અવસ્થામાં તમારો આત્મા તેવા અનંત જીવનરૂપ બનતો જાય. વૃદ્ધાવસ્થામાં સર્વ પ્રકારના કદાગ્રહ, કલેશ, દ્વેષ, વૈર, અનીતિ આદિ દુર્ગુણોથી મુક્ત થાઓ. પોતાના ઘરમાં, કુટુંબમાં, વર્ણમાં, સંઘમાં, દેશમાં, રાજ્યમાં સદ્‌ગુણો ભરી દો, કે જેથી તમો ઠેઠ મારી નજીક આવી શકશો.

'લોકોને તમારા વિચારોની એકદમ અસર ન થાય અને ઊલટી તમારી, હાંસી, મશ્કરી કે નિંદા કરે તેથી તમે અંશમાત્ર નિરુત્સાહી ન બનો અને તમારી હાંસી કે નિંદા કરનારનો પ્રતિ-બદલો લેવાનો એક પણ વિચાર ન કરો. મારા પર વિશ્વાસ રાખીને સત્કાર્ય કરવામાં એક ક્ષણ પણ વાપરેલી તમારી નકામી જવાની નથી. એક ડગલું પણ ભરેલું નકામી તમારા આત્માની ઉન્નતિ કરનાર છે, એમ જાણી મારામાં પૂર્ણ શ્રદ્ધા રાખો અને ઉત્સાહી બની અન્યોને સદ્‌વિચારવાળા કરો.

'મનને આનંદરસથી તાજું રાખો અને શોક-સંતાપના બનાવોને ભૂલી જાઓ. મનને રસ પડે એવાં અનેક કાર્યોમાં રોકો, કે જેથી શરીર ઘસાઈ જતું અટકે અને શરીર તાજું ને તાજું રહે. વિશુદ્ધ પ્રેમરસથી મન-વાણી-કાયાને ભરી દો. રમતગમત કે જેમાં રસ પડે તેવી પ્રવૃત્તિ કરો. જેના મનમાં વૃદ્ધત્વ, શોક, નિરાશા કે નિરુત્સાહનો એક વિચારમાત્ર પણ આવતો નથી તે વૃદ્ધ નથી, પણ યુવક છે. શુદ્ધ, પવિત્ર વિચાર કરો. મનની જડતાથી યુવકો છતાં કેટલાક વૃદ્ધો છે અને માનસિક ઉચ્ચ શુદ્ધ કલ્પનાથી કેટલાક વૃદ્ધો છતાં યુવકો છે. જીવનને ટૂંકું બનાવનાર નીરસતા તથા અશાંતિ છે. આ વિશ્વમાં સર્વ સંયોગોમાંથી કે વિયોગોમાંથી આત્માનંદ લેતાં જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીખે છે તે અનંત જીવનવંત બને છે. મારા ભક્તો ઉત્સાહ, આનંદ, ધૈર્ય, અશોક, શાંતિ, પ્રેમથી વૃદ્ધતાના ભાવને દૂર કરે છે. તમો તમારા શરીરને કલ્પનાશક્તિથી જેવું બનાવવું હોય તેવું બનાવવા સમર્થ છો. જડ પદાર્થોને તમે જેવા રૂપમાં મૂકવા ધારો તેવા રૂપમાં મૂકવા તમે સમર્થ છો. જડ પરમાણુ–ઓનું શરીર બનેલું છે. તેમાં વિચાર અને સંકલ્પબળે તમે ધારો તેવાં પરિવર્તનો કરવા શક્તિમાન છો, એવો પૂર્ણ વિશ્વાસ રાખી શરીરને હવા અને કસરતથી પોષો. પોતાને રોગી કલ્પશો તો રોગી થશો અને નીરોગી કલ્પશો તો નીરોગી થશો.

પોતાના પર અન્યના અશુભ વિચારોની અસર થવા ન દો. પોતાના પર અન્ય મનુષ્ય આળ–કલંક મૂકે એવું તમે સાંભળીને ગુસ્સો ન કરો, શોકાતુર ન બનો, વેર લેવાની બુદ્ધિ ન રાખો. આળની ભાવનાથી રહિત થઈ સર્વ દોષોથીરહિત અને પરમશુદ્ધ નિષ્કલંક પોતાનો આત્મા છે એવા દૃઢ નિશ્ચયથી વર્તો. ગુસ્સો, શોક, સંતાપ અને લોકોની પોતાના પર ખરાબ ભાવના ઇત્યાદિ ખરાબ વિચારોથી આત્માની, મનની અને દેહની વીજળીવેગે હાનિ થાય છે. પોતાના વિશે લોકો ગમે તેવું બોલે તે સાંભળી શોક–સંતાપ કરવાથી જિંદગીનો, બુદ્ધિનો અને આનંદનો નાશ થાય છે. શુભ કાર્યો કરવાથી, શુભ આશાથી શુદ્ધ પ્રેમથી જીવન વધે છે. અતિ રાગ, અતિ દ્વેષ, અતિ ભય, અતિ શોક, અતિ ક્રોધ, અતિ કામ અને અતિ અભિમાનના વિચારો કરવાથી તરત જ જિંદગીનો નાશ થાય છે. જે લોકો વૃદ્ધ થયા છતાં મનમાં શુદ્ધ પ્રેમ, આનંદ, ઉત્સાહ, સદાશા વગેરે વિચારોને કરે છે અને દુષ્ટ કે દુર્ગુણમય વિચારોથી મુક્ત બને છે તેઓ મનથી તાજા રહે છે અને આત્માના આનંદરસથી અનંત જીવનથી જીવે છે. વૃદ્ધાવસ્થામાં મૃત્યુથી ભય ન પામો. આત્મભાવથી સર્વ પ્રકારની પ્રવૃત્તિઓમાં અને સર્વ બાબતોમાં આનંદરસ લો. જો તમે દુષ્ટ, ભયકારક અને દુઃખપ્રદ કલ્પનાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચારોથી મુક્ત રહેશો તો જ તમે તમારા વૈદ્ય છો.

'પ્રેરિત વિચારોની અને ભાવનાઓની અસર પોતાના કરતાં અલ્પબળવાળા ઉપર વિશેષ થાય છે. તમે અન્ય પર જેવા વિચારો પ્રેરશો તેવા તે બનશે. પોતાના પર વિશ્વાસ રાખનારાઓને પોતાના શુભ-અશુભ વિચારોની તરત અસર થાય છે અને તેની તેઓના દેહ પર પણ અસર થાય છે, અર્ધજાગ્રત સ્થિતિમાં અન્ય મનુષ્યો પર જે જે દૃઢસંકલ્પથી ભાવનાઓ કરવામાં આવે છે તેવી તેઓ પર અસર થાય છે. અશુભ ભાવનાઓ ઘાતક બને છે અને શુભ ભાવનાઓ સુખરૂપ અને હિતકારક નીવડે છે. અન્ય જીવો પર અનેક પ્રકારની કલ્પનાઓ કરતાં પૂર્વે ઘણો વિચાર કરો, અન્ય પર શુભ ભાવનાઓ કરો, પણ એક પણ અશુભ ભાવના ખૂન કરનારી છે એમ જાણી તેનાથી દૂર રહો. જેઓએ માનસિક શક્તિઓ ખીલવી છે તેઓએ અન્ય જીવો પર અશુભ પ્રેરણાઓ કરવી નહીં. સર્વે અશુભ પ્રેરણાઓ હિંસામય અને ઘાતક છે. મનુષ્યો પોતાને જેવા કલ્પે છે અથવા તેઓને બીજાઓ જેવા કલ્પે છે તેવા તેઓ બને છે. અન્ય મનુષ્યોની શુભાશુભ કલ્પનાઓની જેઓને પોતાના પર અસર થતી નથી તેઓને પ્રેરિત વિચારો કશું કંઈ કરી શકતા નથી. પ્રેરિત ભાષણો, લેખો અને સંકલ્પોથી અન્ય પર શુભાશુભ અસર થાય છે. પ્રેરિત નીરોગી અને ઉત્સાહી વિચારોથી અન્ય મનુષ્યો નીરોગી અને ઉત્સાહી બને છે. અન્ય પર પ્રેરિત અશુભ કે રોગી વિચારોથી તેઓ અશુભ કે રોગી બને છે. અન્ય પર પ્રેરેલા શાંતિના વિચારો અને પ્રવૃત્તિઓની અસર તેમના પર શાંતિદાયક હોય છે. અન્ય લોકો પર પ્રેરિત અશાંતિના વિચારોથી કે ભાવનાઓથી અશાંતિ પ્રગટે છે. સર્વ સંઘે વિશ્વમાં શાંતિના સંકલ્પો પ્રેરવા.

'મનુષ્યોનો શુભાશુભ એક વિચાર પણ શુભ કે અશુભ ફળ પ્રગટાવવા સમર્થ થાય છે, માટે મનુષ્યોએ ક્રોધ-માન-માયા-લોભ-કામાદિકથી અશુભ વિચારો કરવા નહીં. ક્રોધાદિકથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્ય પર અશુભ વિચારોની પ્રેરણા કરવી નહીં. પોતાના પર શુભાશુભ કલ્પિત વિચારોની શુભાશુભ અસર થાય છે અને તે કાયાદ્વારા પ્રગટ જણાય છે. તે પ્રમાણે અન્ય મનુષ્યો, પશુઓ અને પંખીઓ પર પ્રેરિત શુભાશુભ સંકલ્પોની અસર થાય છે તેમ જાણો. વનસ્પતિ પર પણ થોડાઘણા અંશે કલ્પાયેલા શુભાશુભ વિચારોની અસર થાય છે. જેટલા બળના પ્રમાણમાં શુભાશુભ વિચાર કે કલ્પના થાય છે તેટલા બળના પ્રમાણમાં પોતાના પર તથા અન્ય પર શુભાશુભ અસર થાય છે. કુટુંબ પર શાંતિ, આરોગ્ય અને સુખના વિચારો પ્રેરો. તે પ્રમાણે સંઘ, સમાજ, દેશ અને વિશ્વ પર શાંતિ અને સુખ–સંપના સદ્વિચારો પ્રેરો. અન્ય મનુષ્યો પર અશુભ વિચારો પ્રેરનારાઓ ખૂની છે.

'કાશીનગરવાસી લોકો! વિશ્વ પર શુભ વિચારો પ્રેરો અને વિશ્વ પર અશુભ વિચારો પ્રેરતા અટકો. મનમાં શુભની કલ્પના કરો. તમે ભૂતકાળમાં એટલે વર્તમાન એક સમય પૂર્વે જેવા વિચારોવાળા હતા તેવા વિચારોના સ્થૂલ રૂપવાળા વર્તમાનમાં છો. સર્વ જીવોના અસંખ્ય વિચારોથી ભરેલી સર્વ સૃષ્ટિ છે. તે અનંત વિચારોના અનંતસાગર જેવી છે. વિચારોથી પરમાણુઓના જથ્થા ગોઠવાય છે અને તે સૃષ્ટિનાં અનેક કાર્યરૂપે પરિણમે છે. પરમાણુઓના સ્કંધોનું વીખરાવું કે મળવું ઇત્યાદિ બળપ્રેરક વિચારને આધીન છે. શુભ વિચારો એ જ શુભ સૃષ્ટિ છે અને અશુભ વિચારો એ જ અશુભ સૃષ્ટિ છે. વિચારોનો આકાર દેહ–સૃષ્ટિ છે.

'અશુભ વિચારના પ્રેરકો પોતે મરે છે અને અન્ય જીવોને મારે છે. શુભ, શાંતિ, સુખ, ઉત્સાહ અને વિશ્વાસના વિચારોના પ્રેરકો પોતે જીવે છે અને અન્ય જીવોને જિવાડે છે. મનુષ્યના મનની ચારે બાજુએ અસંખ્ય પ્રકારના વિચારોનાં વાતાવરણો છે, પરંતુ તે શુભ વા અશુભ જેવો વિચાર કરે છે તેવા વિચારના વાતાવરણને ગ્રહણ કરે છે. સ્થૂલમાં તે વિચારોના અનુસારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થૂલતાને પામે છે. શુભાશુભ વિચારોની અસર ખાધેલા ભોજન પર અને દેહમાં રહેલી સાત ધાતુ પર તથા મનોદ્રવ્ય પર થાય છે. મનથી શુભાશુભ વિચારોની સૃષ્ટિ ઉત્પન્ન કરીને તેમાં આત્મા રહે છે અને ચારે ગતિમાં ફરે છે. મનમાં પ્રગટેલી શુભાશુભ કલ્પના તે જ શુભાશુભ સંસાર છે. મનમાં શુભાશુભ કલ્પના જેઓને ઊઠતી નથી અને પૂર્વે કરેલા શુભાશુભ વિચારોનું ફળ જેઓ સમભાવે ભોગવે છે તેઓ સ્વયં જીવન્મુક્ત પ્રભુ છે. તેઓ વિશ્વના જીવોનું કલ્યાણ કરવા સર્વથા સમર્થ થાય છે. શુભ વિચારો અને શુભ કર્મો તે જ પુણ્ય છે તથા અશુભ વિચારો અને અશુભ કર્મો તે જ પાપરૂપ છે. પુણ્યપાપથી નિર્લેપ આત્માને શુભાશુભ પ્રેરિત વિચારોની તથા કર્મોની અસર થતી નથી. તેને સર્વ વિશ્વમાં સ્વતંત્ર મુક્ત ઈશ્વર જાણવો.

'દુનિયાના સર્વ ધર્મોમાં, દર્શન, મત કે પંથોમાં, દુનિયાની સર્વ પ્રવૃત્તિઓમાં જેઓને શુભ વા અશુભ વિચાર થતો નથી અને આત્માના આનંદરસથી જ્યાંત્યાં પ્રારબ્ધકર્મો કરવા છતાં આનંદી રહે છે તે જિન, વીતરાગ, મહર્ષિ, મહાત્મા છે. તેઓનાં દર્શનથી સર્વ જીવોનું કલ્યાણ થાય છે. તેઓની સંગતિથી એક ક્ષણમાં ભવ્ય જીવોનો ઉદ્ધાર થાય છે. જેઓ મારા પર શ્રદ્ધા અને પ્રીતિ રાખી સર્વત્ર શ્રદ્ધા અને પ્રીતિ રાખે છે તેઓ શુભાશુભ વિચારસાગરના ઉપર તરે છે અને સર્વ જીવોનું હિત કરવા સમર્થ બને છે. શુભ અને અશુભ વિચારો કરવાથી નિર્લેપ રહો. મહાત્મા થવાનો એ જ સમભાવમાર્ગ છે, અને તેથી જ સંપૂર્ણ શાંતિ અને સુખની પ્રાપ્તિ થાય છે. મારા ભક્ત યોગી અને ઋષિઓ શુભાશુભ વિચારોથી મુક્ત બની બરા ત્યાગી બને છે. તેઓ આત્માની બહાર શાંતિ કે સુખ દેખતા નથી. તેઓ જડ વસ્તુઓની સાથે શુભાશુભ વિચારથી રહિત થઈ આત્માનંદથી ખેલે છે, રમે છે. તેઓની સાથે જડ વિશ્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક મિત્રની પેઠે મૂંગું મૂંગું વર્તે છે. કાશીદેશવાસીઓ ! સર્વ વિશ્વની સાથે તમે આત્મભાવે વર્તો અને સદા આનંદરસની ભાવનાથી પૂર્ણ રહો.

'સત્ય જ્ઞાન અને આત્માનંદ મળ્યા પછી વૈરાગ્યવૃત્તિ રહેતી નથી. આનંદરસ સાંપડે તે કરો, તે વિચારો. જેઓની સાથે રહેતાં રસ પડે તેઓની સાથે રહો. જેમાં આનંદરસ ન પડે ત્યાં ન રહો. જ્ઞાનપૂર્વક આનંદરસ પડે અને સદ્‌ગુણો ખીલે એવી આનંદરસદાયક સર્વ પ્રવૃત્તિ કરો. જે પ્રવૃત્તિમાં ચેન ન પડે તે પ્રવૃત્તિ વા તે કર્મ મૂકી અન્ય ધર્મ-કર્મને રસથી કરો. જેથી કંટાળો આવે, દુઃખ થાય અને શુષ્કતા લાગે તેથી દૂર રહો. કેદીની માફક ગુલામ બનીને કર્મ ન કરો. અન્યોને તેઓના સ્વાધિકારે જે ગમે અને તમને ન ગમે એવા વિચાર અને આચારમાં ગોંધાઈ ન રહેતાં તમને જે જ્ઞાનથી રુચે, ગમે અને જેમાં આનંદ પડે એવા વિચાર અને આચારને સેવો. જેમાં આનંદરસ ન પડે, જ્યાં ગમે નહિ તેવા વિચારમાં અને પ્રવૃત્તિઓમાં રહેવાથી કાયાની અને મનની શક્તિ ઘટવાપૂર્વક જીવન ટૂંકું, નીરસ અને વિકાસરહિત થાય છે.

'લક્ષ્મી, સત્તા કે વૈભવથી આનંદ પડતો નથી, માટે તેમાં જેઓ ગોંધાઈ રહીને શુષ્ક જીવન ગાળતા હોય તેઓએ આત્માનંદનો પ્રકાશ થાય એવી પ્રવૃત્તિ કરવી જોઈએ. કોઈને શુષ્ક ટૂંકું જીવન ગાળવાનો બોધ આપવો એ તેની હિંસા કરવા બરોબર છે. વિશ્વમાં અશાંતિ, રોગ, અશ્રદ્ધા, અધૈર્ય અને દુઃખના વિચારો ફેલાવનારા ખૂનીઓ છે. એવા ખૂનીઓના વિચારો અને કર્મોને જે ગ્રહણ કરે છે તે પણ ખૂનીઓ છે. આત્મજ્ઞાનીઓ અશાંતિ, શોક, દીનતા, અશ્રદ્ધા અને નીરસતાના વિચારો અને તેવી ચેષ્ટાઓ કરતા નથી. તેઓ ખૂનીઓને દયા અને સત્યમય જીવનના મહાદેવ બનાવે છે.

'અસદ્‌વિચારોનું અસત્ જીવન છે અને સદ્‌વિચારોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત જીવન છે. સદ્‌વિચારોથી મગજને ભરી દો અને હૃદયથી વર્તો. સર્વ વિશ્વના સર્વ લોકોમાં હૃદયથી સદ્‌વિચારોને પ્રેરો. સર્વ વિશ્વમાં સુખ, શાંતિ અને સત્ય શક્તિઓના વિચારોને પ્રેરો. અને અસદ્‌વિચારોના પ્રેરાયલા પ્રવાહને નષ્ટ કરી દો. પોતાના સમાગમમાં આવનારા સર્વ લોકોને તેઓની સ્વાધિકારપૂર્ણ પ્રવૃત્તિઓમાં પ્રવર્તતાં ઉત્સાહ, શ્રદ્ધા, પ્રેમ, શાંતિ અને સફળતાનું આશ્વાસન આપો.

'લોકોને સત્પ્રવૃત્તિઓમાં તમે અનુત્સાહી ન કરો. લઘુ બાળકોને ભૂલ થતાં અનુત્સાહી ન કરો. અનુત્સાહથી મનુષ્યોની વિકાસ પામતી વિચાર આદિ શક્તિઓ કરમાઈ જાય છે, જે અનેક ગુણો ખીલવા લાગેલા હોય છે તેના ઉપર આવરણો આવે છે. દરેક જાતના વિશ્વાસમાં અપૂર્વ બળ રહેલું છે. તે સિદ્ધ કરવાની સદાશાથી તમારા અને તમારા સમાગમમાં આવનારા મનુષ્યોનાં મનને ભરી દો. તેથી અનેક પ્રકારનાં કર્મના અંતરાયોનો અવશ્ય નાશ થાય છે. પાપકર્મો પણ પુણ્યકર્મોરૂપે ફરીને સુખફલ આપે છે, માટે મારી શ્રદ્ધામાં પ્રેમમય બની ઉત્સાહથી પ્રવર્તો.

'વાસનારહિત અને સ્વાર્થ વિનાનો પ્રેમ તે શુદ્ધ પ્રેમ છે. એવા શુદ્ધ પ્રેમથી સર્વ જીવોની સાથે આત્મૈકયભાવે વર્તો. કર્તવ્યકર્મો કરતાં નાસીપાસ ન થાઓ અને હિંમત ન હારો. કર્તવ્યકર્મો કરતાં વિપત્તિઓ પર વિપત્તિઓ આવી પડે તોપણ હતાશ ન થાઓ તથા ઉત્સાહભંગ ન કરો. આનંદમાં રહીને કર્તવ્યકર્મોને ચીવટ અને ખંતથી કરો. અશુભ કર્મના ઉદયથી દુઃખ પડે તે સહન કરો. મારામાં મન રાખીને રોગાદિકને સહન કરશો તો લાંબા કાળે જે કર્મો ટળવાનાં હશે તે અલ્પકાળમાં ટળવાનાં અથવા સમૂળગાં ટળી જવાનાં એવો દૃઢ નિશ્ચય રાખીને વર્તો. તમો અન્ય લોકો પ્રતિ જેવો ભાવ રાખશો અને જેવું વર્તન રાખશો તેવું અન્ય લોકો તમારા પ્રતિ વર્તન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખશે. અન્ય થકી તમારું માન ઇચ્છતા હો તો પ્રથમ અન્ય લોકો પ્રતિ માનનું વર્તન રાખો. અન્ય લોકો પ્રતિ તિરસ્કાર રાખશો તો તેઓ થકી તમે તિરસ્કાર પામશો. તમારું મન જ વિશ્વ પ્રતિ ગતિ કરીને પાછું તમને તેવા રૂપે દેખાય છે. જેવું મન તેવા તમે છો. દુનિયાના લોકોને સારા કરવા પૂર્વે તમે સારા બનો. તમારું મન દુનિયા પ્રતિ જેવું થાય છે તેવું તમને પ્રતિફળ મળે છે. જેનું મન સારું છે તેને વિશ્વ સારું છે. જેને મન વશ છે તેને દુનિયા વશ છે. જેનું મન સંકલ્પ-વિકલ્પરહિત છે તેને વિશ્વ સંકલ્પ-વિકલ્પરહિત છે. જેના મનમાં આનંદ છે તેને વિશ્વમાં સર્વત્ર આનંદ છે. જેઓ આત્માના અજ્ઞાન અને મોહથી દુઃખી છે તેઓને વિશ્વનો કોઈ પણ પદાર્થ સુખ આપવા સમર્થ થતો નથી. જેઓ સર્વત્ર સર્વ બાબતોમાં દુઃખની ભાવનાની કલ્પના કરે છે તેઓના મનમાં સુખનો પ્રકાશ થતો નથી. જેઓ આત્મામાં સુખનો અનુભવ કરે છે તેઓ વિશ્વમાં સર્વત્ર અનંત સુખનો અનુભવ કરે છે.

'પિંડમાં અસારતાને જેઓ દેખે છે તેઓ બ્રહ્માંડમાં અસારતા દેખે છે. જેવી વૃત્તિ તેવો સંસાર છે. વૃત્તિ તે જ સંસાર છે. જ્યાં સુધી જડ પદાર્થો દ્વારા સુખની મનોવૃત્તિ છે ત્યાં સુધી જ જડ પદાર્થોદ્વારા દુઃખની મનોવૃત્તિ છે. મનમાં સુખદુઃખની વૃત્તિ જ્યારે થતી નથી ત્યારે આત્માનો આનંદ પ્રગટે છે, અર્થાત્ આત્માના પૂર્ણાનંદ પર આવેલાં સર્વ માનસિક આવરણો જેનાં ટળી જાય છે તેને આત્માના પૂર્ણાનન્દનો સાક્ષાત્કાર થાય છે—એવા નિશ્ચયથી પ્રવર્તી સર્વ પ્રકારની મનોવૃત્તિઓના સાક્ષીભૂત થઈને તમે વર્તો. મનમાં નાહક દુઃખની કલ્પનાઓ ન કરો. તમને જેમ સુખની રુચિ છે તેમ વિશ્વવર્તી સર્વ જીવોને સુખની રુચિ છે. અન્ય લોકોના સુખમાં વિઘ્નભૂત ન બનો અને તેઓના સુખનું સ્વાતંત્ર્ય ન હરો. તમો અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકોના પ્રતિ જેવા થશો તેવું ફળ પામશો. અન્ય લોકોનું સ્વાતંત્ર્ય હરવાની સાથે તમારું સ્વાતંત્ર્ય હરાશે. અન્ય લોકોમાં તમે પ્રભુતા દેખો. પ્રેમથી સર્વ વિશ્વને ચાહો. પ્રેમનો ઉત્તર પ્રેમ છે અને વૈરનો ઉત્તર વૈર છે. સર્વ વિશ્વમાં એકાત્મા થઈને વર્તો. તમારા પ્રતિ જગત એકાત્મા થઈને વર્તે અગર ન વર્તે તેની લેશમાત્ર દરકાર તમે ન કરો. તમો મારા પર પૂર્ણ પ્રેમ અને વિશ્વાસથી—'વિશ્વ તે હું છું' એવા એકાત્મભાવથી વર્તી આનંદી બનો.

'કોઈ પોતાના પ્રતિ અશ્રદ્ધા તિરસ્કાર, શત્રુભાવથી વર્તે તોપણ તેઓની બરાબ ભાવના પ્રતિ લક્ષ ન રાખો. તમો તમારી સારી ભાવનાને તેઓ પ્રતિ પ્રેરો અને તેઓમાં જે જે અંશે ગુણો વિકસ્યા હોય તેઓને અનુમોદો. દુનિયાના લોકો પોતાની પ્રશંસા કરે એવા ભાવને હૃદયમાં સ્થાન ન આપો. તમો વિશ્વ પર સારી ભાવનાઓ પ્રેરો અને સદ્વર્તનથી વર્તો. વિશ્વના લોકોની પ્રશંસાની દરકાર ન રાખો, પણ મારા ઉપદેશ પ્રમાણે વર્તીને મારામાં મન રાખો. તમારા સદ્વિચારોને પોતે પ્રોત્સાહન આપો. તમે તમારી ખરી રીતે જેટલી કિંમત આંકો છો તેટલી મારા મન અને આત્માથી અજ્ઞ જીવો કિંમત આંકી શકતા નથી. પોતાના વિચાર–વર્તન માટે અન્ય લોકોના શુભાશુભ અભિપ્રાય સાંભળવાથી નિર્લેપ રહો. તમો ફક્ત મારામાં વિશ્વાસ અને પ્રેમ રાખીને મારામાં નિમગ્ન રહો અને મારી આજ્ઞા પ્રમાણે વર્તો. અન્ય લોકો તરફથી તમો માન, કીર્તિ, પ્રતિષ્ઠા, યશ મળે તેવી બુદ્ધિ રાખ્યા વિના પોતાનામાં પહેલાંથી માન, પ્રતિષ્ઠા, કીર્તિ છે એવું માની પ્રવર્તો. દુનિયાના ક્ષણિક માનની સાથે અપમાન છે એવું જાણી અને આત્માના આનંદમાં સર્વે છે એમ માની શ્રદ્ધા અને પ્રેમથી પ્રવર્તો.

'જે તમારામાં આનંદ, શાંતિ પ્રગટ થાય છે તેનો દુનિયાના લોકો તરફથી સામો ઘોષ (અવાજ) થાય છે. જે તમારામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી તે તમને દુનિયા આપી શકનાર નથી, માટે આત્મામાં સર્વ છે અને તે આત્મામાંથી પ્રગટ થાય છે એવા વિશ્વાસ અને પ્રેમથી પ્રવર્તો. તમો પોતાને ચાહો એટલે તમને દુનિયા ચાહશે. તમે પોતાને ધિક્કારશો તો દુનિયા તમને ધિક્કારશે. તમો પોતાને પ્રભુ જાણી તે પ્રમાણે પ્રવર્તશો તો દુનિયામાંથી તમે તમારા પ્રતિ તેવો ઘોષ (અવાજ) જાહેર થયેલો જાણશો. જો તમે પોતાના આત્માને અસાર દેખશો તો તેનું ફળ તેવું પામશો. આત્મારૂપ પરમેશ્વર તમે પોતે છો. તે પ્રતિ તમારું મન જેવા ભાવથી વર્તશે તેવા ફળને મનથી અનુભવશો. તમારો આત્મા એ જ પરમાત્મા છે, તે મહાવીર પરબ્રહ્મ છે. તેની આજ્ઞા તે જ મારી આજ્ઞા અને મારી પ્રેરણા તે જ તેની પ્રેરણા છે. આત્માની સત્ય પ્રેરણાઓને આચારમાં મૂકો.

'તમારા આત્માનો વિશ્વાસ તે જ મારો વિશ્વાસ છે. તમો ભેદભાવને ભૂલીને અભેદભાવે વર્તો. ભેદથી સ્વાર્થ, કલેશ, અવિશ્વાસ, અશ્રદ્ધા અને અપ્રેમ વધે છે. તમો સર્વ જીવો સાથે ભેદથી વર્તશો તો તમો ભેદના ફળને પામશો અને વિશ્વ સાથે અભેદભાવે જેમ જેમ પ્રવર્તશો તેમ તેમ તમે મારી સાથે ઠેઠ નજીક આવી, તન્મય બની અને અભેદભાવને પામી પરમાત્મા બનશો એમાં લેશમાત્ર શંકા ન રાખો. મારા પ્રતિ અને મારા ઉપદેશ પ્રતિ લેશમાત્ર સંશય રાખીને પ્રવર્તશો તો તમારી ઉન્નતિથી ભ્રષ્ટ થશો. માટે નિઃસંશય બની પ્રવર્તો. નાસ્તિક અને પાખંડીઓના નાસ્તિકવાદથી દૂર રહી શ્રદ્ધા અને પ્રેમથી પિંડમાં રહેલા બ્રહ્માંડમાં પ્રવર્તો.

'આત્મબળથી સર્વ લોકોનું હિત કરો અને પશુબલનો દુરુપયોગ કદાપિ પ્રાણ જતાં પણ ન કરો. અસત્ય પ્રપંચથી જીવનને નિર્માલ્ય અને ટૂંકું ન કરો. સર્વ જીવોના ભલામાં લક્ષ્મી, વિદ્યા, સત્તાનો ઉપયોગ કરો. કાશીવાસી લોકો! તમો તમારું પ્રભુમય જીવન ગાળો અને અન્યોને પ્રભુમય જીવનની પ્રેરણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરો. દુનિયાના લોકો તરફથી ઘણું સહીને અને તેઓને આત્મવત્ ચાહીને તેઓને સદ્‌ગુણો સમર્પી સુધારો. મારા પર વિશ્વાસ રાખી પ્રવર્તશો તો તમે આપોઆપ સર્વશક્તિમાન થશો. આત્મા અનંત શક્તિનો ભંડાર છે. સર્વ લોકોને માટે આત્મશક્તિઓનો ભંડાર ખુલ્લો છે. મનને આત્મામાં મગ્ન કરીને જેને આત્મભંડારમાંથી જે જોઈએ તે લે. જેને જેટલી લગની લાગે છે તે પ્રમાણમાં તે આત્મશક્તિઓને મેળવે છે. પાંચ ઇન્દ્રિય, દેહ, મન અને વાણી તમને અનંત શક્તિઓની પ્રાપ્તિ માટે મળ્યો છે. આત્માની અનન્ત શક્તિઓને પ્રાપ્ત કરવાને અને તેમનો સર્વ જીવો પ્રતિ ઉપયોગ કરવાને મન, વાણી અને કાયા મળ્યાં છે. માટે તેમનો વિવેકપૂર્વક સદુપયોગ કરો. મન–વાણી–કાયાનો દુરુપયોગ કરવાનું પાપ ન કરો. મનને સાધ્યા વિના કોઈ આત્માને પ્રાપ્ત કરી શકતું નથી. કાયા અને ઇન્દ્રિયો વિના કોઈ આત્માને પ્રાપ્ત કરી શકતું નથી. કર્મપ્રકૃતિના અનુભવ પછી આત્મા સ્વતંત્ર, મુક્ત, સર્વજ્ઞ બને છે.

'આ વિશ્વનો બગીચો લોકોના માટે છે. તેમાંથી જે સાર ગ્રહણ કરે છે તે કર્મપ્રકૃતિની સાનુકૂલ સાહાય્યથી આત્મોન્નતિ કરી શકે છે અને તેમાં જે આસક્તિ ધારણ કરે છે તે વિવેક વિના આગળ ચઢી શકતો નથી. વિશ્વપ્રકૃતિને જે માતા સમાન અનુભવે છે તેને પ્રકૃતિરૂપ માયાથી ભય થતો નથી, પણ જે વિશ્વપ્રકૃતિને સ્ત્રી જેવી ગણી તેમાં ભોગબુદ્ધિની આસક્તિથી લપટાય છે તેને વિશ્વપ્રકૃતિ પોતાની સાથે રાખે છે અને તેથી જન્મ અને મૃત્યુની પરંપરા થયા કરે છે—એમ જાણીને પ્રકૃતિની સાથે વિવેકથી વર્તો. પ્રકૃતિમાં આત્મભાવ ભાવીને વર્તવાથી પ્રકૃતિની અસર વસ્તુતઃ આત્મા પર થતી નથી. મન, વાણી, કાયા, કર્મ ઇત્યાદિ જે સર્વે સ્થૂલ–સૂક્ષ્મ પુદ્‌ગલ સ્કંધો છે તેને પ્રકૃતિરૂપ જાણો. આત્મામાં પ્રકૃતિનું પ્રતિબિંબ ન પડવા દો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પ્રકૃતિમાં આત્મબુદ્ધિ ન ધારો, પણ પ્રકૃતિમાં આત્મભાવ સ્થાપીને વર્તો કે જેથી પ્રકૃતિનું આકર્ષણ થઈ શકે નહીં અને શરીર–રૂપાદિ પર મોહવૃત્તિ થાય નહીં. આત્મભાવના એટલી બધી વધી જવી જોઈએ કે તેથી માયાની વૃત્તિનો સર્વથા નાશ થાય. વ્યાવહારિક–ધાર્મિક સર્વ કાર્યો કરવામાં આત્માના વિવેક-જ્ઞાનથી વર્તો. તમે આત્મા છો. જ્યાં જ્યાં ભય, દુઃખ, કર્મબંધ થતાં દેખો ત્યાં આત્મભાવથી વર્તો. સૂર્યના પ્રકાશ આગળ તમ રહેતું નથી, તેમ આત્મબુદ્ધિ આગળ કર્મબંધ રહેતો નથી કે મોહરૂપ તમ રહેતું નથી. માટે આત્મબુદ્ધિથી વર્તો.

'મારા પર વિશ્વાસ અને પ્રેમના ધારક તમે લોકો સત્કાર્યો કરો, પારમાર્થિક કાર્યો કરો. શત્રુઓ પર ઉપકાર કરવામાં આત્મભોગ આપો. પારમાર્થિક કાર્યો કરનારાઓને પૂજો, સેવો અને તેઓને માન તેમ જ ઉત્સાહથી વધાવો. પારમાર્થિક વિચારો કરો અને પારમાર્થિક કાર્યો કરનારાઓને મન, વાણી, કાયાથી સહાયક બનો. ભેદભાવ રાખ્યા વિના સર્વ જીવોનું ભલું કરો. સર્વ જીવો તમારા છે અને તમે સર્વ જીવોના છો. સર્વજાતીય લોકોની સ્વતંત્રતાને હરો નહીં અને તમારી સ્વતંત્રતાને અન્ય લોકો હરવા ચાહે તો તમારી સ્વતંત્રતાને કરોડો ઉપાયોથી રક્ષો. ધન અને સત્તાના મોહથી કે લાંચ અને ખોટા માનથી લલચાઈ આત્માની પ્રભુતાને વેચો નહીં. ધર્મને વેચી સુખી થવાના મોહના તાબે ન થાઓ. જડ ધન અને પરસ્ત્રીના રૂપમોહથી મને ત્યજી મોહના ગુલામ અને પરતંત્ર બનશો નહીં. જડ લક્ષ્મી, ભૂમિ કે રાજ્યના લોભથી અન્યદેશીય લોકોની હિંસા ન કરો અને જડ લક્ષ્મી, ભૂમિ કે રાજ્યના મોહથી અન્ય વર્ણીય પ્રજાઓ તમારી હિંસા કરવા પ્રવૃત્ત થાય તો સર્વ પ્રજા સર્વ પ્રકારના સંઘબળથી તથા ઐકયથી તે લોકોને શિક્ષા કરો અને મોહરૂપ પશુબળને દાબી દો. તમો સત્ય, ન્યાય, સમાનતા, સ્વતંત્રતા, આત્મધર્મ તેમ જ કર્તવ્યરૂપ આત્મબળનો સર્વત્ર પ્રકાશ કરો અને સવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વમાં આત્મબળનું સામ્રાજ્ય પ્રકાશિત રહે એવી વ્યવસ્થાથી વર્તો.

'સર્વ વિશ્વ મારું છે અને સર્વે લોકો મારા છે—એમ સર્વમાં મારાપણાની બુદ્ધિથી વર્તો. જે લોકો મારી આજ્ઞા પ્રમાણે વર્તતા નથી તેઓ અધર્મી બનીને પોતાના હાથે પોતાનો નાશ કરે છે. તેવા લોકો પર સદ્‌ભાવ રાખો અને તેઓને વિદ્યાર્થીઓની પેઠે શિક્ષણ આપો. આત્માના ગુણો અને આત્મ-સુખને દૂર કરી જડ વસ્તુઓ, કે જે લક્ષ્મીરૂપ કલ્પવામાં આવે છે, તેનો તેમ જ વૈભવ અને બાહ્ય સુખનાં સાધનો વડે સુખ ભોગવવા જેઓ જડ રાજ્યનો આશ્રય લે છે તેઓની બાહ્ય સામ્રાજ્યની ગમે તેટલી ઉન્નતિ હોય તોપણ અલ્પ વર્ષોમાં તે નાશ પામે છે અને તેઓની વંશપરંપરા છેવટે ગુલામ બને છે. આ બાબતને તેઓ જાણી શકતા નથી. આત્મસામ્રાજ્ય પર ઊભા રહીને જડ પ્રકૃતિસામ્રાજ્યની નીતિપૂર્વક વ્યવસ્થા કરનારાઓ ચડતી પામે છે અને અન્ય લોકોને શાન્તિ આપવાના અધિકારી બને છે. આત્મસામ્રાજ્યને હૃદયમાં સ્થાપો અને તેના બળપૂર્વક બાહ્ય સામ્રાજ્યથી વર્તો. સર્વ લોકોની સાથે એકાત્મ બનીને વર્તો એટલે તમે સાત્ત્વિક સામ્રાજ્યના અધિષ્ઠાતા બનશો. તમે પ્રથમ આત્મવિશ્વાસ અને પ્રેમથી પિંડમાં સાત્ત્વિક સામ્રાજ્ય સ્થાપો. સ્વતંત્ર અને સ્વાશ્રયી બનેલો એક આત્મા સર્વ વિશ્વને સાત્ત્વિક બનાવે છે.

'આત્મરાજ્ય પામ્યાથી વિશ્વરાજા બનવાના—એવી શ્રદ્ધા અને પ્રીતિથી આત્મરાજ્ય પામો. આત્મસામ્રાજ્ય ખીલવવા માટે બાહ્ય રાજ્યની ઉપયોગિતા છે. આત્મસામ્રાજ્યમાં બાહ્ય સામ્રાજ્ય સમાઈ જાય છે. વિશ્વના સર્વ લોકોને એકસરખી રીતે ભોજન, જળ મળે અને સર્વ જીવોનું સ્વાતંત્ર્ય જળવાય એવા બાહ્ય સામ્રાજ્યની ઉપયોગિતા છે. પ્રજા પ્રજા વચ્ચે મતભેદ ન રાખો. સર્વ પ્રજામાં આત્મભાવ ધારણ કરો. કોઈના જીવન પર અન્યાયથી હુમલો ન કરો. વિશ્વમાં સર્વ જીવોને જીવવાનો એકસરખો હક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યની પેઠે પશુપંખી વગેરેને એકસરખી રીતે જીવવાનો હક છે. કોઈના પર જુલ્મ ન ગુજારો. અસત્ય બોલીને તથા ઢોંગ (બનાવટ) કરીને અન્યને છેતરવાની બુદ્ધિથી પહેલાં તમે છેતરાઓ છો અને પરતંત્ર અને બીકણ બનો છો. માટે પાખંડકર્મોથી કરોડો ગાઉ દૂર રહો. જે તમને ન રુચે તે અન્ય લોકોને રુચાડવા પ્રયત્ન ન કરો. જે પોતાને સત્ય ન લાગે તે અન્ય લોકોને ન જણાવો. અસત્ય ખુશામતના તાબે થઈને ન જીવો. ગરીબ અને અશક્ત લોકો પર થતો જુલ્મ દેખીને પોતાની નિર્ભયતા, શાંતિ, સ્વાતંત્ર્યની આશા રાખો નહિ. કોઈના પર દબાણ કે સત્તાની પ્રેરણા કરીને પોતાનો મત પ્રચારવાની અભિલાષા ન રાખો. ગરીબ અને દુઃખી લોકોને પડતાં દુઃખો દેખીને બૂઠી લાગણીવાળા ન બનો. પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે અન્ય લોકોના સ્વાર્થોનો નાશ કરી 'જેવો આઘાત તેવો પ્રત્યાઘાત' એવો માર્ગ અનુસરો નહીં. અન્યના સુખમાર્ગને ભૂંસી નાખીને પોતાનો સુખમાર્ગ તમે જોઈ શકવાના નથી. તમારો અંતરાત્મા જેનો નિષેધ કરે છે તે ગ્રહવાથી સુખની પ્રાપ્તિ થશે નહીં. સત્યની અસંખ્ય દૃષ્ટિઓ છે. અસંખ્ય દૃષ્ટિઓની સાપેક્ષા જાણવાથી સંપૂર્ણ સત્યને દેખી શકશો.

'તમારા ઉપરી નેતાઓનો વિનય કરો. જે સ્વચ્છંદી, અવિવેકી અને મહાજનમાર્ગથી વિરુદ્ધ વર્તનાર છે તે વિશ્વમાં ધમાધમ, ડખલ અને અશાંતિનું વાતાવરણ પ્રગટ કરે છે. તે આત્મોન્નતિના ક્રમથી વિરુદ્ધ વર્તે છે. પોતાને સત્ય સૂઝે છે એમ માની અન્ય લોકોની સત્ય વાતના શ્રવણથી બેદરકાર ન રહો. પોતાની પાસે જે ધન છે તે સર્વ લોકોના હિતાર્થે છે એમ જે નિષ્કામભાવથી નિશ્ચય કરે છે તે લક્ષ્મી મેળવવાનો અધિકારી ઠરે છે. પોતાની સત્તા સર્વ લોકોના હિતાર્થે, તેમના ઉપયોગાર્થે જ વાપરું એવો જેનો નિશ્ચય છે તે સત્તાનો સદુપયોગ કરનાર છે. સર્વ જડ વિશ્વનો સર્વત્ર લોકોના ઉપયોગાર્થે જે વ્યવહાર જાણીને તે પ્રમાણે વર્તે છે તે મારો ભક્ત છે. તે વિશ્વનો સંગ્રહકર્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાં અસંગ્રહકર્તા છે. પહેલું સેવકપણું કરીને પશ્ચાત્ સ્વામી બનો. સર્વ વિશ્વ તમારે માટે છે અને તમારું સર્વ વિશ્વને માટે છે અને તે નૈસર્ગિક રીતે છે એવું જાણીને હે મારા ભક્તો ! હૃદયથી પ્રવર્તો.

' આ સર્વ વિશ્વને આત્મા માટે જાણો. આત્માથી વિશ્વ છે. વિશ્વનું અને આત્માનું ઐકય અનુભવી તમે અભેદમાર્ગમાં વિચરો. વ્યવસ્થાપૂર્વક વર્તો. આત્માની શક્તિઓ પ્રગટાવો. જ્યારે ત્યારે પણ પોતાની શક્તિઓ પ્રગટાવ્યાથી પોતાનો ઉદ્ધાર થવાનો છે, પણ રાંકડું મુખ કરીને યાચના કરવાથી અને આળસુ રહેવાથી પોતાનો ઉદ્ધાર થવાનો નથી. સક્રિય મન–વાણી–કાયા–વાળાને મારી સહાય છે, પરંતુ અક્રિયને તો અક્રિયતામાં સહાય છે. નકામાં સુખનાં બાહ્ય જડ સાધનો વધારીને પરાશ્રયી અને જડતત્ત્વના ગુલામ ન બનો. જડ પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન કરો અને જડ પદાર્થમાં ન મૂંઝાઓ. ભ્રાંતિથી સુખનાં જે જે સાધનો કલ્પ્યા છે તેમાં મનની કલ્પનાથી બંધાઈને તમે પોતે પોતાના હાથે નરક વહોરી લો છો. સુખનાં સાધનોની ઉપાધિ ઓછી કરી સ્વતંત્ર થાઓ. સ્વતંત્રતાથી જ્યાંત્યાં ફરો અને બકવાદ છાંડી કર્તવ્યપરાયણ રહો.

' દુનિયાદારી લોકોના દરેક વિચારની પરીક્ષા કરો અને સત્ય લાગે તેને સત્ય માનો અને અસત્ય લાગે તેને અસત્ય માનો. મારા અનેક પ્રકારના સદુપદેશમાં જિનધર્મત્વ અને જૈનધર્મત્વ છે. સંપૂર્ણ સત્યનો પ્રકાશક હું છું. અસત્ય પર દ્વેષ કરવાથી અસત્ય નષ્ટ થતું નથી, પણ સત્યનો પ્રકાશ કરવાથી અસત્ય રહેતું નથી. અસત્યના કરતાં સત્યમાં અનંતગણું બળ છે માટે સત્યની દૃષ્ટિથી સત્ય ગ્રહી વર્તો. સત્યને ભય નથી. સત્યવક્તાઓને પ્રશંસો અને તેઓને સહાય આપો. હૃદયમાંથી સત્ય પ્રગટે છે. સર્વથા સત્યને અવલંબો. જે રીતરિવાજોમાં સત્ય ન હોય તે રીતરિવાજો મરેલા જાણો. જ્યાં સત્ય છે ત્યાં હું છું. જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્ય નથી ત્યાં હું નથી. અસત્યનું અવલંબન કરી લક્ષ્મી, સત્તા રાજ્યને મેળવનારાઓ વસ્તુતઃ દુઃખી, મરેલા, અજ્ઞ જીવો છે. અસત્યથી જીવન નથી અને સત્યથી મરણ નથી. જીવવાનું હોય ત્યાં જીવીને વર્તો અને મરવાનું હોય ત્યાં મરો. જીવવાના વખતે જીવી જાણો અને મરવાના વખતે મરી જાણો.

'મારા પર શ્રદ્ધા અને પ્રેમનું સ્વાર્પણ કરીને ધર્મમાર્ગમાં સત્ય ડગલું ભરવા સમર્થ થશો. શ્રદ્ધા અને પ્રેમ વિના ડગલે ડગલે દુઃખ ને મરણ છે. કાશીવાસી લોકો! મારા ઉપદેશ પ્રમાણે વર્તી મારા જીવનને પામો અને અનંત સુખમાં લયલીન થાઓ. આત્મામાં મનને મારી દો અને મનની સર્વ કલ્પેલી સૂક્ષ્મ-સ્થૂલ સૃષ્ટિમાં શૂન્યપણું દેખો, અસત્પણું દેખો અને આત્માને સત્ દેખો. જે વિચારો કરવાથી કંઈ ફળ નથી તેવા વિચારો ન કરો. આત્માની અનંત શક્તિઓ પ્રગટે એવાં શ્રદ્ધા, પ્રેમ, સંયમ અને ચારિત્રબળને સેવો. એ જ તમારા સત્ય સુખની કૂંચી છે.

'સર્વ વિશ્વના સર્વ યોગીઓ, મહાત્માઓ, ઋષિઓ, ભક્તો મારામાં લીન થઈને અનેક શક્તિઓનો આવિર્ભાવ કરે છે. ચિદાનંદમય મારા સ્વરૂપમાં લીન થયેલાઓને બાહ્ય વિશ્વનું સાધક દશામાં કોઈ વખત ભાન રહેતું નથી અને કોઈ વખત ભાન રહે છે. મહાત્માઓ મનને મારામાં લીન કરીને મારા સ્વરૂપી બને છે. કાશીસ્થ અને કાશીદેશીય ભક્તો! તમો સર્વત્ર ચિદાનંદરૂપ મને દેખો અને સર્વ વિશ્વમાં ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, કામકાજ કરતાં મારી શ્રદ્ધા અને પ્રેમથી આનંદમાં મસ્ત રહો. સ્વાધિકારે સર્વ કર્તવ્યકર્મો કરો અને સર્વ કર્તવ્યકર્મોમાં મને સ્થાપી પ્રવર્તો.'

આમ અનેક પ્રકારના સદુપદેશથી સર્વ લોકોને પ્રતિબોધી પ્રભુએ અનેક જડભાવે મરેલાઓને જાગ્રત કર્યા તથા હજારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઋષિમુનિઓને સર્વ વિશ્વમાં રહેલા જીવોને દેખાડ્યા. હજારો લોકોને યોગના ચમત્કારોની ઉત્પત્તિના હેતુઓ સમજાવ્યા. ઋષિઓ, બ્રાહ્મણો વગેરે સર્વ લોકોને પ્રભુએ પોતાનું વિશ્વેશ્વર સ્વરૂપ દેખાડ્યું .સર્વ લોકોએ કાશીમાં તેમના વિશ્વેશ્વર સ્વરૂપની સ્થાપના કરી.

કાશીનું માહાત્મ્ય :

પ્રભુએ કાશીના ઋષિ, બ્રાહ્મણાદિ લોકોને આશીર્વાદ આપ્યો કે, 'બંગાળાની પેઠે કાશીમાં વિશ્વેશ્વર સ્વરૂપનું ધ્યાન ધરનારા મારા ભક્તો યોગીઓ અને જ્ઞાનીઓ તરીકે સર્વ વિશ્વમાં પ્રસિદ્ધ થશે. કલિયુગમાં કાશીનગરીમાંથી અન્ય ખંડોમાં ધર્મસંદેશા જશે. કલિયુગમાં એક વખત જ્યારે સર્વ ખંડોમાં જડવાદની પ્રધાનતા થવાનો પ્રસંગ આવશે ત્યારે મારી આજ્ઞા પ્રમાણે કાશી-પ્રદેશમાં એક યુગપ્રધાન મહાયોગી જ્ઞાની મહાત્મા પ્રગટશે. તે વિશ્વના સર્વ લોકોને આત્મજ્ઞાન આપશે અને સર્વ લોકોને આધ્યાત્મિક અને વ્યાવહારિક જૈનધર્મની મહત્તા તેમ જ ઉપયોગિતા સિદ્ધ કરી આપશે. કાશીના મારા બ્રાહ્મણો એક વખત સર્વ વિશ્વમાં ગૃહસ્થ ગુરુના મહાપદને શોભાવશે. કાશીપ્રદેશમાં ઘણા કાલ પર્યંત બ્રાહ્મણરાજ્ય પ્રવર્તશે. પશ્ચાત્ ક્ષત્રિયરાજ્ય પ્રવર્તશે. પશ્ચાત્ વિદેશી વૈશ્ય રાજ્ય પ્રવર્તશે અને પશ્ચાત્ શૂદ્ર વર્ગનું રાજ્ય પ્રવર્તશે. પશ્ચાત્ મારા મહાભક્તો દેવલોકમાંથી કાશીમાં અવતરશે અને પુનઃ બ્રાહ્મણરાજ્ય પ્રવર્તાવશે તથા જૈનસામ્રાજ્યથી સર્વ વિશ્વમાં શાંતિ સ્થાપશે. એક વખત એવો આવશે કે કાશીમાં જૈનો અલ્પ સંખ્યામાં રહેશે. પશ્ચાત્ મહાવતારી ભક્તો પ્રગટશે અને તેઓ સર્વ વિશ્વમાં સર્વત્ર વિચરશે. ત્યાગી મહાત્માઓ અને ઋષિઓનું અપમાન કરીને એક વખત કાશીના બ્રાહ્મણો પતિત દશાને પામી અને પછી પ્રાયશ્ચિત્ત કરી પુનઃ સત્યબ્રાહ્મણત્વરૂપ જૈનધર્મથી શોભશે. આર્ય ભારતખંડ સર્વ ખંડોનો ગુરુ બની વિશ્વમાં જ્ઞાન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંતિના સામ્રાજ્યનું સ્થાપન કરશે. સર્વ લોકોને કાશીમાંથી વિદ્યાના સંદેશા મળશે. સર્વ લોકોનું આસ્તિકત્વ રક્ષનાર કાશી જીવતી સ્વર્ગપુરી જેવી શોભશે. કાશીનગરીમાં જ્યાં સુધી મારી આજ્ઞાઓનું પાલન થશે અને ભક્તિ જીવતી રહેશે ત્યાં સુધી તે સર્વ નગરીઓમાં વિદ્યાથી શ્રેષ્ઠ તરીકે શોભશે.'

કાશીના સર્વ લોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું. પ્રભુએ સર્વ લોકોનો ઉદ્ધાર કર્યો.

કૌથુમી ઋષિની સ્તુતિ :

હિમાલય પર્વતમાં વાસ કરનાર એવા કૌથુમી ઋષિએ પ્રભુનું શરણ સ્વીકાર્યું. પ્રભુએ કૌથુમીને સર્વ વિશ્વમાં પોતાનું પરમેશ્વરપણું દર્શાવ્યું અને કલિયુગમાં જૈનાચાર્યોમાં પ્રવેશ પામીને અલૌકિક અને દિવ્ય શક્તિઓની પ્રેરણા કરવાની આજ્ઞા કરી. દિવ્ય શરીરથી હિમાલયમાં વાસ કરવાની આજ્ઞા આપી. પોતાની સર્વે ઈશ્વરી આજ્ઞાઓને જણાવી.

કૌથુમી ઋષિએ પ્રભુ મહાવીરદેવની અત્યંત સ્તુતિ કરી : 'હે પ્રભો ! અનેક ભવનાં તપથી આપનાં સાકાર દર્શન થયાં. આપ પરબ્રહ્મરૂપ મહાસાગરમાં અનેક પર્યાયોરૂપ મહાવતારોથી સર્વથા અભિન્ન છો. જ્યારે વિશ્વમાં અધર્મ અને જડવાદનું તથા દુષ્ટ મોહી લોકોનું જોર વધે છે ત્યારે આપનો ઈશ્વરીપર્યાય પ્રગટે છે. હે પ્રભો ! આપની અનંત શક્તિઓનો પાર પામી શકાય તેમ નથી. હે પ્રભો ! આપની આજ્ઞા પ્રમાણે સર્વ ઋષિઓ અને મહાત્માઓ સર્વ વિશ્વમાં જ્યાંત્યાં પ્રવૃત્તિ કરી રહ્યા છે. આપની આજ્ઞા પ્રમાણે સર્વ વિશ્વમાં સર્વજાતીય પરિવર્તનો થયા કરે છે. હે પ્રભો ! આપના અનંત શક્તિરૂપ સાગરમાં ભક્તોનાં મન જે જે અંશે શ્રદ્ધા અને પ્રેમથી લયલીન થાય છે તે તે અંશે તેઓ આત્મશક્તિઓને પ્રગટાવે છે. અનંત નામે અને અનંત રૂપે આપ પ્રભુ છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્યાદ્વાદદૃષ્ટિએ આપનું અનેકાપેક્ષાએ અનંતધર્માત્મક સ્વરૂપ છે. અનંતગુણપર્યાયરૂપ એવા આપના તાબે રહેલું વિશ્વ ક્ષણે ક્ષણે ઉત્પાદ અને વ્યયવાળું બન્યા કરે છે અને દ્રવ્યથી ધ્રૌવ્યસ્વરૂપે સદા રહ્યા કરે છે. અનંત ચમત્કારના સાગર એવા આપને જે આત્મસ્વરૂપથી માને છે અને ભજે છે તે પણ અનંત ચમત્કારરૂપ બને છે.

'હે પ્રભો! આપનું અનંત પ્રકારનું સ્વરૂપ છે. તેમાંથી જેને જેટલું સમજાય છે કે અનુભવાય છે તેટલું તે માને છે અને અનુભવે છે. તેથી મનુષ્યોમાં આપના અનંત પ્રકારના સ્વરૂપના અનંત પ્રકારે જુદા જુદા અનુભવો છદ્મસ્થાવસ્થામાં થાય છે અને કેવળજ્ઞાન થતાં સર્વ પ્રકારનાં જ્ઞાનાવરણોનો નાશ થવાથી સર્વ અભેદજ્ઞાનીઓ બને છે. કેવળજ્ઞાન થતાં આપના સ્વરૂપમાં સર્વ જ્ઞાનીઓનો એકસરખો નિશ્ચય વર્તે છે. હે પ્રભો! સવિકલ્પ દશામાં આપનું સવિકલ્પ સ્વરૂપ અનુભવાય છે અને આપનું નિર્વિકલ્પ દશામાં નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવાય છે.

'હે પરબ્રહ્મ મહાવીર પ્રભો! અનેક મત, પંથ કે સંપ્રદાય તથા કર્મ, જ્ઞાન, ભક્તિ આદિ યોગમાર્ગમાં વિચરનારા અનેક ભક્ત યોગીઓ આપના સ્વરૂપને પામે છે. અસંખ્ય યોગોથી મુક્તિ પ્રાપ્ત થવાનું આપે જણાવીને અસંખ્ય યોગોનું એક ફળ દર્શાવ્યું છે. હે પ્રભો! આપની આજ્ઞા પ્રમાણે કલિયુગમાં જૈન ધર્મની સેવા કરીશ. આપના બાહ્યાંતર સ્વરૂપરૂપ જૈનધર્મથી મારો આત્મા અને સર્વ આત્માઓ અભિન્ન છે, અને સર્વ આત્માઓથી અનેકાંતનયદૃષ્ટિએ આપ ભિન્ન ભિન્ન સ્વરૂપ છો. હે પરમેશ્વર! આપ સર્વ વિશ્વમાં સત્તાનયદૃષ્ટિએ છો. અનંત ગુણપર્યાય અને અનંત ભિન્નભિન્ન ધર્મના ધારક એવા આપનો હું ભક્ત છું. હે પ્રભો! આપની આજ્ઞા પ્રમાણે વર્તવામાં ધર્મ છે. હે પરમેશ્વર! આપનાં સર્વ ઈશ્વરી નામરૂપોમાં આપનું મહાવીર નામરૂપ અનંતગણું ફલપ્રદ છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫. આત્મરાજ્ય

પરબ્રહ્મ મહાવીરદેવે મથુરાના મધુર ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. ત્યાં પ્રભુની પાસે અનેક ઋષિ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર લોકો આવી, વંદી-પૂજી, અનેક શંકાઓ પૂછી નિઃશંક થયા. પાંડ્યવંશી મહેશ્વરસેન રાજા ત્યાં રાજ્ય કરતો હતો. તેણે પ્રભુની પાસે આવી વિધિપૂર્વક વંદન–પૂજન કર્યું. પ્રભુએ મહેશ્વરસેનને બ્રહ્મરાજ્યનો બોધ આપ્યો : 'આત્માના તાબે મન–વાણી–કાયાનું પ્રવર્તન તે આત્મરાજ્ય છે. સર્વાત્માઓમાં સાત્ત્વિક રાજ્ય અને આત્મિક રાજ્ય તિરોભાવે રહેલું છે તેને આવિર્ભાવે કરતાં સર્વ જીવો પરમાત્મરાજ્ય પ્રાપ્ત કરે છે અને મોહનું દુષ્ટ સામ્રાજ્ય દૂર કરે છે. શસ્ત્રો વડે અન્ય લોકોને પોતાના કબજામાં રાખવાથી ભય, ચિંતા, શોક, અવિશ્વાસ, ક્રોધ, તિરસ્કાર, જુલ્મ વડે પોતાના પર મોહનું સામ્રાજ્ય જામે છે. મોહને વશ થયેલ ચક્રવર્તી પણ ગુલામોનો ગુલામ છે. જે મોહને વશ થઈ અન્ય લોકો પર જુલ્મ અને અનીતિ ગુજારે છે તે દયાને પાત્ર છે. પ્રેમ, ઔદાર્ય અને પરોપકારથી અન્ય લોકોના મનને જીતી લેવાં. ન્યાય, શ્રદ્ધા અને આત્મભોગથી સર્વ જીવોને આત્મવત્ ગણી તેઓને પોતાના પ્રેમી બનાવવા એ જ સત્ય સામ્રાજ્ય છે. પાંડ્ય રાજાઓ દુર્ગુણ અને વ્યસનના તાબે થશે ત્યારે તેઓની વંશપરંપરામાંથી મથુરાનું રાજ્ય જશે.

'દક્ષિણમાં મદુરા દેશના ચોલવંશી રાજાઓની વંશપરંપરા પણ સાત્ત્વિક આત્મસામ્રાજ્યથી ભ્રષ્ટ થશે ત્યારે તેઓના ક્ષત્રિયવંશની પરંપરામાંથી બાહ્ય રાજ્ય પણ જશે. જે પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇન્દ્રિયો, મન અને દેહ પર રાજ્ય કરી શકતો નથી તે અન્ય મનુષ્યોને સાત્ત્વિક રાજ્યના અનુયાયી બનાવી શકતો નથી, તે આત્માનું ખરું રાજ્ય પ્રાપ્ત કરી શકતો નથી. આત્મરાજ્ય વિનાનું બાહ્ય રાજ્ય તે મડદાં પર રાજ્ય ચલાવવા જેવું રાજ્ય છે. જેઓ અન્ય પર દયા, ક્ષમા, પ્રેમ, ઔદાર્ય, આત્મભાવ રાખવા સમર્થ નથી તેઓ અન્ય લોકોનું કલ્યાણ કરવા સમર્થ થતા નથી. સદ્‌ગુણોના ભંડાર બન્યા વિના અન્ય લોકો પર શસ્ત્રથી રાજ્ય કરવું તે વીજળીના જેવું ક્ષણિક છે. જેઓ અન્ય લોકોને ગુલામ કરીને તેઓ પર રાજ્ય ચલાવે છે, તેઓની વંશપરંપરામાં ગુલામી ઊતરે છે. લોકો પર પ્રેમ, ન્યાય, દયા, દાન, દમ અને સેવાભાવથી વર્તવામાં રાજ્ય અખંડ રહે છે. જે રાજાઓ મારા ઉપદેશ પ્રમાણે વર્તતા નથી અને તમોગુણી કે રજોગુણી ગુણકર્મોથી બાહ્ય રાજ્ય ચલાવવા પ્રયત્ન કરે છે તેઓને રાજ્યને યોગ્ય ગુણો વિનાના નામમાત્રથી રાજા જાણવા. સર્વ લોકોની સાથે સમાનતા અને એકતા રાખીને સર્વ લોકોના ભલામાં અભેદભાવથી વર્તવામાં અને તેઓનું રક્ષણ કરતાં મરવામાં સત્ય રાજાપણું રહેલું છે. દેશ અને કાળ અનુસારે સ્વાશ્રયથી જીવન નભાવવામાં અને પરાશ્રયી ન થવામાં સત્ય બાહ્ય સામ્રાજ્યનું સમ્રાટત્વ પ્રાપ્ત કરવા સર્વ લોકોનો અધિકાર છે. જે અંતરમાં સ્વરાજ્ય પ્રગટ કરે છે તે સ્વતંત્ર રાજા છે. સર્વ લોકોમાં સ્વતંત્ર રાજાપણું રહેલું છે. આત્મિક સ્વરાજ્ય એ જ સત્ય સામ્રાજ્ય છે. અન્ય પર હુકમ ચલાવતાં પહેલાં પોતાના મન પર અને દેહ પર હુકમ ચલાવો. જેઓ દુર્ગુણ અને વ્યસનોના ગુલામ બન્યા છે તેઓને સ્વતંત્ર કરવામાં પ્રેમ અને શ્રદ્ધાથી પ્રવર્તો. વ્યસન અને દુર્ગુણના ત્યાગમાં સર્વ વિશ્વનું સામ્રાજ્ય રહેલું છે. વ્યસન અને દુર્ગુણના ત્યાગથી આગળ વધીને કષાયોનો ત્યાગ કરી આત્મરાજ્ય પ્રાપ્ત કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'આત્મરાજ્યમાં વર્ણ, જાતિ કે લિંગનો ભેદ નથી. દેશાદિક ઉપાધિના અનેક કલેશોથી આત્મરાજ્ય દૂર છે. આત્મરાજ્ય પામ્યા બાદ કોઈ રાજ્ય પામવાનું બાકી રહેતું નથી. આત્મરાજ્યોમાં ધર્મભેદ નથી. આત્મરાજ્યમાં અનંત જ્ઞાન અને અનંત આનંદ સદાકાળ છે. આત્મજ્ઞાન પામ્યા પછી આત્મરાજ્યની પ્રાપ્તિ થાય છે. આત્મરાજ્ય તે જ સર્વ વિશ્વ પર અખંડ અને નિત્ય રાજ્ય છે. આત્મરાજ્ય તે જ સર્વ રાજ્ય પર પ્રકાશતું મારું રાજ્ય છે. આત્મરાજ્યમાં જન્મ-જરા-મરણ નથી. સર્વ પ્રકારની ભીતિ, શોક, ચિંતા અને ભેદરહિત આત્મરાજ્ય છે. આત્મરાજ્યની ઠેઠ નજીક આવેલા મનુષ્યો પ્રથમ નિત્યાનંદનો અનુભવ ગ્રહણ કરે છે. આત્મરાજ્યને પામેલાઓ બાહ્ય રાજ્યોને ક્ષણિક સમજે છે અને તેમાં આસક્તિથી બંધાતા નથી. આત્મરાજ્યમાં મનમોહનો નાશ થવાથી અનંત શક્તિઓ ખીલે છે. આત્મરાજ્યમાં પ્રવેશ પામેલા સર્વ લોકો રાજાઓના રાજા અને મહારાજા છે. આત્મરાજ્ય પ્રાપ્ત કરતાંની સાથે સર્વ પ્રકારનાં દુઃખોનો અંત આવે છે.

'આત્મરાજ્યમાં પ્રવેશ કરનારાઓ પ્રથમ વિશુદ્ધ પ્રેમ ધારણ કરે છે. એમાં એકાત્મભાવનાવાળા પ્રેમયોગીઓ પ્રવેશ કરે છે ત્યારે તેમનામાં માન, અપમાન કે તિરસ્કારની વૃત્તિ રહેતી નથી. આત્મરાજ્યમાં પરમભાવનો મેઘ વર્ષે છે, સમતાનો શીતલવાયુ વાય છે, જ્ઞાનસૂર્ય તપે છે. એ રાજ્યની પૃથ્વી પરમ ક્ષમા છે. તેમાં શાંતિજળના દરિયા, નદીઓ, સરોવરો અને કૂવો છે. તેમાં અજ્ઞાનરૂપ અંધકાર નથી, આલસ્ય અને મોહરૂપ શત્રુઓ નથી, અશાંતિ, ચંચલતા લાવનાર પ્રવૃત્તિ નથી. કામવાસના, આશા, લોભ, અહંકાર વગેરે ચોરો નથી. આત્મરાજ્યમાં દેહાધ્યાસની વૃત્તિ રહેતી નથી. જ્ઞાનરૂપ ચક્ષુથી એને દેખી શકાય છે. તેમાં પરતંત્રતા નથી. મહેશ્વરસેન રાજન્! એવા આત્મરાજ્યને તું પ્રાપ્ત કર.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાહ્ય રાજ્ય :

બાહ્ય રાજ્યમાં વસ્તુતઃ રાજ્યત્વ નથી. બાહ્ય રાજ્યથી સત્ય શાંતિ અને સુખની પ્રાપ્તિ થતી. નથી. ઇન્દ્રિયો અને મન પર મોહનું રાજ્ય જ્યાં સુધી છે ત્યાં સુધી કોઈ સત્ય બ્રહ્મરાજ્યના સુખનો અનુભવ કરી શકનાર નથી. મન પર મોહનું રાજ્ય પ્રવર્તે છે ત્યાં સુધી કોઈ આત્મસાત્માજ્ય પ્રાપ્ત કરનાર નથી. એ સામાજ્યને પ્રાપ્ત કરનારાઓ સ્વયં મહાવીર પરમેશ્વર છે. એ પોતાના હૃદયમાં છે. તેનો ત્રણે કાળમાં નાશ નથી. એ રાજ્ય પ્રાપ્ત કર્યા વિના વિશ્વના લોકોને શાંતિ મળતી નથી. જેઓ આત્મસામ્રાજ્યને ભૂલીને જડ વસ્તુઓને ધન માની તેનો નકામો સંગ્રહ કરે છે તેઓ અમૃતનો ત્યાગ કરીને વિષનું પાન કરે છે. તે પોતે ત્રિભુવનપતિ છું એવું જ્ઞાન ભૂલીને ભીખારી બને છે. બાહ્ય રાજ્ય અને ધનની મારામારીથી અજ્ઞાની લોકો મુક્ત થઈ શકતા નથી. તેથી તેઓને નિયમમાં રાખવા માટે અને લોકોની શાંતિની રક્ષાર્થે રાજાની જરૂર છે. તેથી જ બાહ્ય શાસન અને રાજ્યની પણ આવશ્યકતા છે.

'અપેક્ષાએ સર્વ મનુષ્યોમાં નૃપત્વ અને પ્રજાત્વ છે. જે પ્રજાત્વ ધારે છે તે જ નૃપત્વ ધારે છે. જેઓ સર્વ વિશ્વમાં આત્મભાવ ધારીને તે પ્રમાણે વર્તે છે તેઓ બાહ્યાંતર રાજાઓ છે. અનેકં પ્રકારનાં દુઃખો અને વિપત્તિઓ વગેરેમાંથી જે લોકોને મુક્ત કરે છે તે રાજા છે. એવા રાજાઓ માટે આત્મસ્વાર્પણ કરનાર પ્રજા છે. સર્વ લોકોનો પોકાર શ્રવણ કરીને જેઓ તેમના માટે આત્મભોગ આપે છે તેઓ આત્મરાજ્યમાં પ્રવેશ કરવાના અધિકારી બને છે

'સર્વ જાતિ અને દેશના મનુષ્યોને આત્મરાજ્યમાં પ્રવેશ કરવાનો અધિકાર છે. એ રાજ્યમાં કોઈ મરતું. નથી અને કોઈને કોઈ મારી શકતું નથી. શરીર, વાણી અને મન સુધી સ્થૂલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ્ય છે અને તેથી આગળના આત્માના ચિદાનંદમય પ્રદેશોમાં લયલીન થતાં આત્મરાજ્ય છે. એ રાજ્ય પ્રાપ્ત કરનારાઓ સ્થૂલ-રાજ્યોના ન્યાયથી વહીવટ કરનારાઓ બને છે. સૂક્ષ્મ રાજ્યની અસર વિશ્વવર્તી પિંડ અને બ્રહ્માંડરૂપ સ્થૂલ રાજ્ય પર થાય છે. પિંડરાજ્યની અસર બ્રહ્માંડના રાજ્ય પર થાય છે અને બ્રહ્માંડના સ્થૂલ-સૂક્ષ્મ રાજ્યની અસર વેગથી પિંડરાજ્ય પર થાય છે. શરીર-રાજ્યની અસર મન પર થાય છે અને મનોરાજ્યની અસર દેહ–ઇન્દ્રિયરાજ્ય પર થાય છે. વ્યક્તિરાજ્યની અસર આખા સમષ્ટિ-રાજ્ય પર થાય છે અને સમષ્ટિરાજ્યની અસર એક વ્યક્તિ પર થાય છે. બાહ્ય રાજ્યમાં રાજા, પ્રધાન આદિ વ્યવસ્થાપકોની જરૂર છે; આંતરરાજ્યમાં આત્મા જ રાજા છે. આંતરરાજ્ય સહિત બાહ્ય રાજ્યથી શાંતિ, સુખ અને સમૃદ્ધિ છે. હે મહેશ્વર! રાજ્ય અને રાજાનો જ્યાં અભેદ છે એવા રાજ્યમાં પ્રવેશ કરી આત્મરાજા થા. ગુલામો પર રાજ્ય કરનાર રાજા નથી, પણ તે ગુલામોનો ગુલામ છે.

'આંધ્રદેશના રુદ્રાદિત્યને મારી કૃપાથી આત્મરાજ્યનું દર્શન થયું છે. તે પ્રતિદિન આત્મરાજા બનતો જાય છે. આત્મ-રાજા તરીકે પોતાને તથા વિશ્વના લોકોને જાણીને સર્વ વિશ્વમાં આત્મરાજ્ય પ્રવર્તાવ. ઈશ્વર બનેલો ઈશ્વરને દેખી શકે છે તેમ તું આત્માને દેખી આત્મરાજ્યસત્તાને પ્રવર્તાવ. જે પોતાને ચાહતું નથી તેના પર નામનું જ રાજ્ય છે. જેઓ પોતાને ચાહે છે ત્યાં જ રાજ્ય છે. જેઓ પોતાને મનના તાબામાં રાખે છે તેઓ આત્મસામ્રાજ્યના રાજા નથી. રાજા થાઓ અને લોકોને રાજાઓ કરો. સ્વતંત્ર થાઓ અને અન્યને સ્વતંત્ર કરો. નિર્બળને રાજ્યસત્તા મળતી નથી.

'આત્માના અવિશ્વાસીને આત્માનું રાજ્ય નથી. આત્મ-રાજ્યમાં જડ વસ્તુની ભીખ માગનારા ગુલામોનો વાસ નથી. શસ્ત્રોના બળથી મેળવેલું બાહ્ય રાજ્ય ક્ષણિક છે. શસ્ત્રાદિ બળથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાહ્ય રાજ્ય પ્રવર્તે છે, જ્યારે સદ્‌ગુણોના બળથી આત્મરાજ્ય પ્રવર્તે છે. શસ્ત્રબળનો નીતિસર ઉપયોગ થતાં સુધી બાહ્ય રાજ્યની સ્થિરતા છે અને શસ્ત્રાદિ બળનો અનીતિથી ઉપયોગ થતાં બાહ્ય રાજ્યની નષ્ટતા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર સંઘના વ્યવસ્થાપૂર્વક ન્યાયબળના સદુપયોગથી બાહ્ય રાજ્યમાં શાંતિ અને સુખ પ્રવર્તે છે. બ્રાહ્મણાદિ ચાર વર્ગ પૈકી એક વર્ગના બળથી વિશ્વમાં સ્થૂલ રાજ્ય ટકી શકતું નથી અને કોઈ રાજા પણ ટકી શકતો નથી. આત્મા શરીરમાં રહીને પોતાને ધારે તેવો રાજ્યકર્તા બનાવી શકે છે. રાજાપણું અંતરમાં છે. તેને પ્રગટ કર. સ્વપ્નસમાન ક્ષણિક રાજ્યની અને રાજાની ભ્રાંતિને દૂર કર. અંતરમાં આત્મરાજ્ય પ્રાપ્ત કરવામાં મોહશત્રુઓને પહેલાં માર. જેનામાં આન્તરશત્રુઓને મારવાની શક્તિ માટે આત્મવિશ્વાસ અને પ્રીતિ છે તે આત્મસમ્રાટ થાય છે. આત્માનું સામ્રાજ્ય થતાં હૃદયમાં રહેલા દુષ્ટ શત્રુઓ નષ્ટ થાય છે. આત્મસામ્રાજ્ય પ્રાપ્ત કર્યા પછી સેવક અને ઈશ્વરનો ભેદ રહેતો નથી. આત્મસામ્રાજ્ય પ્રતિ ગમન કરતાં સ્થૂલ દેહના વિનાશનો એક અંશમાત્ર ભય કે મોહ ન કરો.

'આત્મસામ્રાજ્યના સમ્રાટ બનવામાં સત્ય સમાનતા, દયા, ક્ષમા, પ્રેમ, જ્ઞાન અને ભક્તિની જરૂર છે. તેના દિવ્ય પ્રદેશોમાં મારામાં અને તમારામાં ભેદ રહેતો નથી. પોતાના કરતાં અન્ય મનુષ્યોને નીચા માની તેઓ પર રાજ્ય કરનાર નીચ બને છે. તે આત્માના સામ્રાજ્યથી વિમુખ બને છે. મનની ગતિને અવળા માર્ગમાં જતી રોક. પ્રથમ પોતાના મન પર રાજ્ય કરતાં શીખ. પ્રથમ પોતાના મન પર હુકમ ચલાવ. પ્રથમ પોતાને જાણ, પશ્ચાત્ અન્યને તું સન્માર્ગ દેખાડી શકીશ. સર્વ પ્રકારની વૃત્તિઓ પર જે કાબૂ મૂકે છે તે રાજા બને છે. વિશ્વને આત્મરૂપ માનીને પ્રવર્તનાર વિશ્વનો રાજા છે. અલ્પ દોષ અને મહા ધર્મ કરવાની વિવેકદૃષ્ટિથી બાહ્યરાજ્યનાં સૂત્રોને પ્રવર્તાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેમાં નિર્લેપતા રાખ. નામરૂપ, મોહ અને કીર્તિની વાસનાથી રહિત થઈ આત્માને રાજા બનાવ એટલે વિશ્વમાં આપોઆપ સર્વ લોકો તને રાજા તરીકે માન આપશે. ષડ્‌શત્રુઓ પર વિજય મેળવીને મારી તરફ આવ. સર્વજાતીય લોકોને આત્મારૂપ દેખ અને સર્વમાં સમાનતા રાખી પ્રવર્ત. તમોગુણી કે રજોગુણી રાજ્યની સ્થિરતા થતી નથી. સુરી શક્તિઓને પ્રગટાવ, આસુરી શક્તિઓને દાબ અને આત્મરાજ્યની દૃષ્ટિથી બાહ્ય રાજ્ય કર. સર્વજાતીય પ્રજાત્વથી નૃપત્વ જ્યાં અભિન્ન છે ત્યાં રાજ્યત્વ છે એમ મહેશ્વર! જાણ.'

પ્રભુએ મથુરાનગરીમાં જૈનોને કહ્યું કે, 'તમો સત્પુરુષોની સંગત કરો અને નાસ્તિક લોકોથી સાવધાન થઈ પ્રવર્તો. જેઓ આત્મસામ્રાજ્યને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેઓની સંગતિ કરો. બાહ્ય સામ્રાજ્ય અને આત્મસામ્રાજ્યનો વિવેક કરો. પિંડનું સામ્રાજ્ય ક્ષણિક છે અને આત્મસામ્રાજ્ય નિત્ય છે એમ નિશ્ચય કરો. પ્રકૃતિસામ્રાજ્યનું વિવેકપૂર્વક અવલંબન કરીને આત્મસામ્રાજ્યના ભોક્તા બનો. સ્વાધિકારે આસક્તિરહિત બની સર્વ કર્તવ્યકર્મો કરો. ચિદાનંદમય પોતે છો એમ અધ્યાત્મજ્ઞાનથી નિશ્ચય કરી પ્રવર્તો. મોહરૂપ અંધકારમાં ન અથડાઓ. આત્મજ્ઞાનરૂપ સૂર્યનો પ્રકાશ પોતાના આત્મામાંથી જ પ્રગટ થાય છે એમ અનુભવ કરો. સાધુઓ અને જ્ઞાનીઓની સંગતિ કરો. એક ક્ષણમાત્ર પણ મને હૃદયમાં અનુભવ્યા વિના તમે ન જીવો. જ્યાં મારો પ્રેમ અને મારી શ્રદ્ધા નથી ત્યાં મોહનું પ્રબળ સામ્રાજ્ય વર્તે છે. સર્વ જીવો પર આત્મપ્રેમ રેડો. પ્રેમ વિના હૃદયમાં આનંદરસ વહેતો નથી.

'ભવ્ય લોકો! તમે મારો સર્વ વિશ્વમાં મહિમા અનુભવો. અંતરમાં લક્ષ લગાવી ઊંડા ઊતરો અને આત્મક્ષેત્રમાં રહેલી બદીને દૂર કરો. તમારા આત્મક્ષેત્રમાં છુપાઈ રહેલી મોહની પ્રકૃતિઓને સંહારો. મોહનો ઉદય પ્રગટતાં જ તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંહારો. મોહની સાથે લડતાં પાછું પગલું ન ભરો. શરીરમાં મોહનું સામ્રાજ્ય પ્રગટેલું હોય તો તેને સંહારો. મડદાની પેઠે મોહરહિત થઈ વર્તો. મોહનો એક સંકલ્પ પણ પ્રગટવા ન દો.

'તમો જાતે સત્તાએ પરમેશ્વર છો. બીજાની સહાય માગવાને માટે રોઈ રોઈને આંસુ સારશો, તોપણ આત્મબળ પ્રગટાવ્યા વિના તમારો ઉદ્ધાર થવાનો નથી. 'પરમાત્મા તે જ હું છું' એવા દૃઢ નિશ્ચયથી 'સોઽહં સોઽહં'નો જાપ જપો. જે પરમાત્મપદ મારું છે તે જ તમે છો, એવા દૃઢ નિશ્ચયથી 'તત્ત્વમસિ'રૂપ પોતાને ભાવો અને તે પ્રમાણે ભાવ રાખીને વર્તો. પોતાના આત્માને કહો કે 'તું આનંદરૂપ છે. તું સર્વકાર્ય કરવાને શક્તિમાન છે.' પોતાને પોતે કહો કે 'હે આત્મન્! તું કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર અને માયાનો પૂર્ણ નાશ કરવા સમર્થ છે' અને આત્માને કહો કે, 'તું આજથી કામાદિ વિચારોને હૃદયમાં સ્થાન ન આપ.' પોતાના આત્માને કહો કે 'હું પરબ્રહ્મ મહાવીર છું. મારી નાત આત્મા છે. મારો દેશ આત્મા છે. મારું આત્મામાં જ રાજ્ય છે. મારું પ્રિય સ્થાન આત્મા છે. જે છે તે આત્મા છે.' જ્યાં આનંદ અને જ્ઞાન છે ત્યાં આત્મા છે એવી લગની લગાવીને વર્તો. જે જોઈએ તે આત્મામાં છે, એમ પોતાનામાં શ્રદ્ધા રાખી પ્રેમથી વર્તો. જડ વસ્તુઓમાં પણ આત્માની સ્થાપના કરીને આત્માની પેઠે જડ વસ્તુઓમાં પ્રેમથી વર્તો અને જડ વસ્તુઓના મોહને મારી નાખો. આત્મામાં જ સત્ય જ્ઞાન છે એમ શ્રદ્ધા રાખો.

'જે તમારામાં છે તે મારામાં છે અને જે મારામાં છે તે સર્વ જીવોમાં છે. મનુષ્યશરીરની ચૌદ રાજલોકના જેવી રચના છે. મનુષ્યશરીરમાં જે છે તે ચૌદ રાજલોકમાં છે અને ચૌદ રાજલોકરૂપ બ્રહ્માંડમાં જે છે તે મનુષ્યશરીરમાં છે. પિંડમાં અને બ્રહ્માંડમાં રહેલો પુરુષ તે સંગ્રહનયે હું છું અને પ્રકૃતિ બીજી છે. પ્રકૃતિને આત્માની દાસી બનાવીને વર્તો. સર્વ પ્રકારની પ્રકૃતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર આત્મસામ્રાજ્ય સ્થાપો. પ્રકૃતિનો આત્મા જ વ્યવહારનયે કર્તા, હર્તા અને ઉપયોગકર્તા છે. આત્મદૃષ્ટિથી વર્તો અને મોહ-દૃષ્ટિને સંહારો. મનમાં પ્રગટતો મોહ તે જ મહાશત્રુ છે. તેનો પોતાના વિના અન્ય કોઈ નાશ કરનાર નથી. કર્મના ઉદયનો સંહારકર્તા આત્મા જ મહા બળવાન છે. જે આત્માનું બળ જાગ્રત કરે છે તે વ્યક્ત મહાવીર બને છે. મારી કૃપા પામી મહાવીર બની જાઓ એટલે મહાવીરદૃષ્ટિથી તમને સર્વ વિશ્વમાં મહાવીરત્વ દેખાશે. આત્મમહાવીરદૃષ્ટિથી પોતાને દેખો.

'મનોદૃષ્ટિની કલ્પનાઓથી આત્મા ન્યારો છે. મનમાં ઊઠતી સર્વ કલ્પનાઓનો આત્મામાં આરોપ કરવો તે જ દુઃખ છે. મનમાં ઊઠતી સર્વ શુભાશુભ કલ્પનાઓનો આત્મામાં આરોપ ન માનવો તે જ આત્મસુખ પામવાનું પ્રથમ ચિહ્ન છે. તમારા પર વિશ્વના સર્વ લોકો જે જે શુભાશુભ સર્વ કલ્પનાઓનો આરોપ કરે તેથી લેપાઓ નહીં અને પોતાના આત્માને એમ માનો કે તે સર્વ શુભાશુભ કલ્પના અને તેનાં કર્માવરણોથી ન્યારો છે. પોતાના આત્માને કહો કે તું આકાશ પેઠે નિર્લેપ છે. આકાશમાં સર્વ જડ વસ્તુઓ છે, પણ તેથી આકાશ નિર્લેપ છે. તેમ આત્મામાં—જ્ઞાનમાં આકાશાદિ સર્વ જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે, પણ વસ્તુતઃ તે નિર્લેપ છે એમ આત્માને ભાવી સર્વત્ર વર્તો એટલે સર્વ પ્રકારની લેપાદિ ભ્રાંતિઓ ટળી જશે.

'તમો કોઈપણ જીવને પોતાનો શત્રુ ન માનો. શત્રુ વા મિત્ર પોતાને જેવો કલ્પશો તેવું વિશ્વ પણ શત્રુ વા મિત્ર-ભાવથી દેખાશે. સર્વ વિશ્વમાં પ્રભુભાવથી વિચરો. દુઃખની કલ્પનાઓને પોતે ભ્રાંતિથી ઉત્પન્ન કરી છે અને આત્મજ્ઞાનથી દુઃખની ભ્રાંતિઓનો નાશકર્તા પણ આત્મા પોતે જ છે. આરો-પિત સર્વ જડભાવોથી પોતે નિર્લેપ બનીને વર્તો એટલે તમને જડજગતમાં સ્વતંત્રતા પ્રાપ્ત થઈ જ એમ અનુભવ કરો. ગમે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગથી આત્માનંદને પામો એટલે તમો મને પામ્યા જ એવી દૃઢ શ્રદ્ધા તમારું કલ્યાણ કરનારી છે. આત્માને આત્મભાવે માનીને વર્તો, ગ્રહણ અને ત્યાગભાવ એ બેથી આત્મધર્મ ન્યારો છે. સર્વ વિશ્વમાં જડચેતનમાં ગ્રહણ–ત્યાગની કલ્પના–બુદ્ધિ કર્યા વિના સહજ જ્ઞાનયોગથી વર્તો એટલે પૂર્ણાનંદમય પોતે જ છો અને પોતેજ સર્વ વિશ્વમાં આનંદરૂપ છો એમ અનુભવશો.'

શ્રીસુપાર્શ્વસ્તૂપ :

પ્રભુએ મથુરાનગરીવાસી લોકોને જણાવ્યું કે, 'મથુરામાં હજારો વર્ષથી શ્રીસુપાર્શ્વનાથનો સ્તૂપ છે તે જ્યાં સુધી વિદ્યમાન રહેશે ત્યાં સુધી મથુરાનગરીમાં શાંતિ, સ્વતંત્રતા તેમ જ આર્ય-વંશનું રાજ્ય અને રાજાની પરંપરા રહેશે. શ્રીસુપાર્શ્વસ્તૂપના અનેક ઉદ્ધાર થયા છે. વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતદેવે અહીંયાં ઘણાં ચાતુર્માસ કર્યાં છે. મથુરામાં કલિયુગમાં પ્રેમ-ભક્તિવાળા ઘણા ભક્તો પ્રગટશે. કલિયુગમાં મથુરા નગરીમાં જ્યારે ભક્તિમાર્ગમાં પરિવર્તન થશે ત્યારે ત્યાં પરદેશી રક્ત-વર્ણી પ્રજાનું રાજ્ય થશે. મથુરાનગરીમાં મારા અનેક ભક્તો અને જ્ઞાની મહાત્માઓ પ્રગટશે. મથુરાનગરીમાં બાલ્યાવસ્થામાં કૃષ્ણે ક્રીડા કરી હતી તેથી અહીં કૃષ્ણનાં સ્મારકચિહ્નો ભવિષ્યમાં પ્રગટશે.'

શ્રી ગર્ગ ઋષિએ કરેલી સ્તુતિ :

ગર્ગ ઋષિ વગેરે નગરઋષિઓએ પ્રભુની અનેક રૂપકોમાં સ્તવના કરી અને પ્રભુના ભક્ત બન્યા. ગર્ગ ઋષિ વગેરે ઋષિઓએ કહ્યું કે, 'હે પ્રભો ! આપ જે ઉપદેશ આપો છો તે પ્રાચીન શાસ્ત્રો અને વેદો વગેરેના આધારે આપતા નથી, પરંતુ આપ આત્મામાંથી પ્રગટેલા જ્ઞાનવડે ઉપદેશ આપો છો. હે પ્રભો ! આપ કોઈના કહ્યા પ્રમાણે કહેતા નથી, પણ આપ આત્માના સત્યજ્ઞાનથી અપૂર્વ પ્રકાશ પાડો છો. હે પ્રભો ! આપના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોધથી અમને તત્ત્વજ્ઞાન પ્રગટ્યું છે. હે પ્રભો! આપે રાજ્ય-તત્ત્વનું ખરું રહસ્ય જણાવીને અમને આત્મરાજ્યમાં વાળ્યા છે. હે પ્રભો! આપે જ્ઞાનરાજ્યની અપૂર્વ મહત્તા જણાવીને લોકોને શાન્તિના માર્ગમાં વાળ્યા છે. હે પ્રભો! આપે મથુરાનગરીના ઉદ્યાનમાં પધારીને મથુરાનગરીને પવિત્ર કરી છે. આપની ભક્તિ જ્યાં સુધી મથુરામાં જીવતી રહેશે ત્યાં સુધી મથુરામાં બ્રહ્મસામ્રાજ્ય પ્રવર્તશે. મથુરાનગરીમાં આપની ભક્તિ ત્રણવાર પાછી આવશે અને તેથી મથુરાનગરીની જાહોજલાલી વર્તશે. મથુરાનગરીમાં બ્રાહ્મણો, ત્યાગીઓ જ્યારે આપથી પરાઙ્મુખ થશે ત્યારે મથુરામાં કપટ, વિશ્વાસઘાત, લોભ, પરતંત્રતા, અજ્ઞાન, મોહ, ભય, શક્તિહીનતા, દીનતા, યાચકપણું અને અનેક પ્રકારના ઢોંગ પ્રવર્તશે. અંતરાત્મા કૃષ્ણે શ્રીઅરિષ્ટનેમિ મહાઘોર ઋષિપ્રભુના બોધથી એ પ્રમાણે જણાવ્યું છે. આપ પરબ્રહ્મ મહાવીર છો અને આપનું શરણ કરવાનું જણાવ્યું છે તે પ્રમાણે અમો સર્વે આપનું શરણ સ્વીકારીએ છીએ.'

મહેશ્વર રાજાએ પ્રભુની સેવકભાવે સ્તુતિ કરી અને કહ્યું કે, 'હે પ્રભો! આપના ભક્તો દિવસમાં અને રાત્રિમાં જાગતા છે. અભક્તોની રાત્રિમાં આપના ભક્તોનો દિવસ છે,' ઇત્યાદિ અનેક પ્રકારે પ્રભુની સ્તુતિ કરી.

આત્મકલ્યાણમાં ધનનું સ્થાન :

મથુરાનગરીવાસી લક્ષ્મીદાસ નામના એક ધનવંત શેઠે પ્રભુને વંદી-પૂજી પૂછ્યું કે, 'હે વિભો! મારો ઉદ્ધાર થાય એવો માર્ગ બતાવો.'

પ્રભુએ લક્ષ્મીદાસ શેઠને કહ્યું : 'ધનના ભારને દૂર કર્યા વિના મુક્તિમાં તારાથી ચઢી શકાય તેમ નથી. અન્નદાન, જ્ઞાનદાન, વસ્ત્રદાન અને સુપાત્રદાનથી પ્રથમ લક્ષ્મીનો સારા માર્ગમાં ઉપયોગ કર. ધનના મોહનો ત્યાગ કર. ઉદારભાવ અને નિરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સક્તિથી ધનનો જ્યાં વ્યય કરવો હોય ત્યાં કર. સોયના નાકામાંથી કદાપિ હાથી નીકળી જાય, પરંતુ ધનની મૂર્ચ્છા સહિત ધનવંત કદાપિ મુકત થઈ શકે નહીં. અન્ય જીવોના ઉપકારમાં લક્ષ્મીનો વ્યય કરતાં દિલમાં લેશમાત્ર આંચકો ન ખા. નામરૂપની કીર્તિ માટે જ ફક્ત ધનના વ્યય કરનારા મોક્ષમંદિરના સોપાન પર આરોહી શકતા નથી. ધન પોતાનું નથી એવા દૃઢ નિશ્ચયથી વર્ત. નાકના મેલ સમાન લક્ષ્મીને ગણ. લક્ષ્મી માટે અનેક પ્રકારનાં પાપકર્મ ન કર. સર્વ લોકોના કલ્યાણાર્થે લક્ષ્મીનો વ્યય કર. લક્ષ્મીના દાનથી આત્મા મુક્ત થાય છે. લક્ષ્મીથી મોટાઈ માનવી તે કસાઈના ઘરના બોકડાની જેવી મોટાઈ છે. લક્ષ્મીથી ફૂલી જવું તે સોજાથી ફૂલેલા માણસ જેવું છે. લક્ષ્મીથી ધર્મ થયો નથી, થનાર નથી અને થશે નહીં. ધનના દાસ બનીને જીવવું તે ગુલામનું જીવન છે.

આત્માનું જ્ઞાન અને આત્માનંદ તે જ સત્ય ધન છે. તે ધન પોતાના આત્મામાં છે. આત્મા વિના જડ વસ્તુને ધન માની અનીતિમાર્ગમાં ગમન કરવાથીની સદ્ગતિ થતી નથી. આત્માની ચિદાનંદ લક્ષ્મીનો પ્રેમી બન. જે જડ લક્ષ્મી પરભવમાં જતાં એક ડગલું માત્ર પણ સાથે આવતી નથી તેમાં મૂંઝાવું તે જ મૃત્યુ કે નરક છે અને તેનાથી નિર્મોહ બની પ્રવર્તવું તે જ સ્વર્ગ અને મુક્તિ છે. ધનવંતોને ધનનો મોહ ટળે છે અને તેઓ જ્યારે ધનનો દાનમાં ઉપયોગ કરે છે તથા તેનો ત્યાગ કરે છે, ત્યારે તેઓ આત્માના આનંદને પામી અનંત દુઃખથી મુક્ત થાય છે. ધન–ધાન્યાદિક લક્ષ્મી એક જાતના સરોવર અને નદી જેવી છે. તેનો ઉપયોગ વસ્તુતઃ સર્વ લોકના હિતાર્થે છે. વિશ્વમાં સર્વ લોકોને આજીવિકા ચલાવવામાં એકસરખી રીતે ધનનો સદુપયોગ કરવામાં દાન કર. ધનાદિ લક્ષ્મીથી આત્માની જ્ઞાનાનંદરૂપી લક્ષ્મી મળતી નથી. બાહ્ય લક્ષ્મી ને લક્ષ્મી ન જાણ. ધનની પ્રાપ્તિમાં હર્ષ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધનના નાશમાં શોક ન કર. વિશ્વમાં પરોપકારાર્થે સર્વ પ્રકારની લક્ષ્મી છે. તેમાં તારો એકલાનો હક નથી. આત્મજીવનથી જીવ અને બાહ્ય જીવનનો સદુપયોગ કર. ધનનો સદુપયોગ કર. લક્ષ્મીથી અહંકાર ન કર. લક્ષ્મી કે સત્તાનો જરામાત્ર દુરુપયોગ ન કર. ધનથી અનેક પ્રકારના અનર્થ થાય છે તેનો ખ્યાલ કરી નિર્મોહ જીવન ગાળ.' એ પ્રમાણે પ્રભુએ ઉપદેશ આપી વિહાર કર્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬. પ્રેમભક્તિનો ઉપદેશ

પ્રભુએ વ્રજમાં વિહાર કર્યો અને વ્રજ દેશના લોકોને શુદ્ધ પ્રેમભક્તિનો ઉપદેશ આપ્યો : 'શુદ્ધ પ્રેમી અને રસિક ભક્તોના સહવાસમાં વૈકુંઠ છે. મારા પ્રેમી ભક્તોના હૃદયમાં આનંદરસના સાગરો ઊમટ્યા કરે છે. જે પ્રેમી નથી તે ભક્ત નથી. પ્રેમની ખુમારીમાં નિયમ નથી. શુદ્ધ પ્રેમી જ ગુરુ અને ભક્ત શિષ્ય બની શકે છે. પ્રેમ વિના જ્યાંત્યાં સ્વાર્થથી ફૂરતા, હિંસા, ભીતિ, અન્યાય, જુલ્મ અને દુઃખની હોળીઓ સળગ્યા કરે છે. શુદ્ધ પ્રેમના હૃદયમાં સદા મારો વાસ છે. પ્રેમથી દયા, ધર્મ, સેવા, ભક્તિ પ્રગટે છે.

'હે વ્રજવાસીઓ ! પરમ શુદ્ધ બ્રહ્મતરંગરૂપ કૃષ્ણ છે. મારામાં શુદ્ધ પ્રેમરૂપ કૃષ્ણતરંગનો અન્તર્ભાવ થાય છે. આત્મા જ કૃષ્ણ છે અને આત્માની નિર્દોષ વૃત્તિઓ તે જ ગોપીઓ છે. મારાથી કૃષ્ણ અને ગોપીઓ અભિન્ન છે. હું શુદ્ધાત્મા મહાવીર છું. તેમાં આત્મરૂપ કૃષ્ણ અને ગોપીઓને અન્તરાત્મ-ભાવે દેખો. હે વ્રજવાસીઓ ! સર્વ જીવોમાં પ્રેમભાવ રાખો. મારા ભક્તોના રોમેરોમમાંથી શુદ્ધ પ્રેમરસ ટપકયા કરે છે અને તેઓ સાધુસંતની સેવામાં પરમ પ્રેમથી સર્વસ્વાર્પણ કરે છે. મારા પ્રેમી ભક્તો પ્રેમદૃષ્ટિથી સર્વ પ્રકારના ગુણોનું સૌંદર્ય દેખે છે. મારા પ્રેમી ભક્તોના હૃદયમાં જીવતું વૈકુંઠ છે, એમ જે જાણે છે તે દેહસ્થ છતાં દેહાતીત વૈદેહ સુખને માણે છે.

'મારા ભક્તોના ભક્તોની સેવાભક્તિમાં મારી સેવાભક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. રાગદશા વિલય પામ્યા પછી આત્મભાવ જાગ્રત થાય છે અને તે પછી શુદ્ધ પ્રેમ પ્રગટે છે. તેથી સર્વ વિકલ્પનો લય થાય છે અને ભક્તોને તેથી મહાવીર પરબ્રહ્મભાવનો આવિર્ભાવ થાય છે. જ્યાં સુધી પરબ્રહ્મ મહાવીરભાવ રહે છે ત્યાં સુધી જીવતા ભક્તો મારાથી ઐકય અનુભવે છે અને છેવટે પોતે પરમેશ્વર બને છે. ભક્તિમાર્ગમાં વિચરો. ભક્તિને પામવામાં પહેલું ધડ પર શીર્ષ રહેતું નથી અને પ્રેમદશામાં વિઘ્ન કરનારાં સર્વાવરણોને દૂર કરવા પડે છે. વિષયોની ભોગ-વૃત્તિથી રહિત બની આત્મપ્રેમથી સર્વ ભક્તો સાથે પ્રવર્તો. પહેલાં વિશુદ્ધ પ્રેમી બનો અને પશ્ચાત્ અન્યના વિશુદ્ધ પ્રેમને ચહો. પોતાનું સર્વ જ્યારે અન્યાત્માઓ માટે સમર્પાય છે ત્યારે વિશુદ્ધ પ્રેમ પાકયો અને ચારિત્ર પ્રગટયું એમ જાણો.

'વિશુદ્ધ પ્રેમાગ્નિમાં કામાદિ વાસનાઓ બળીને ભસ્મ થઈ જાય છે. અશુદ્ધ પ્રેમથી મરીને શુદ્ધ પ્રેમથી જીવો. પોતાને વિશુદ્ધ પ્રેમથી ચાહનારાઓ સર્વે મારા રૂપે છે એમ જાણી તેઓને ચાહો અને તેઓ માટે સર્વે છે એમ માનીને તે પ્રમાણે પ્રવર્તો એટલે તમે સત્ય ભક્તિને પામ્યા છો એમ જાણો. પ્રેમાત્માઓનાં હૃદય સદા કુમળાં અને રસવાળાં રહે છે. તમે તેવા મારા અલમસ્ત પ્રેમી બની વિશ્વમાં વર્તો. પ્રેમી ભક્તો અરસપરસ એકબીજામાં પ્રેમથી મને દેખે છે અને આનંદથી ઊભરાઈ જાય છે. સ્વાર્થાદિ સર્વ પ્રકારની ઉપાધિરહિત શુદ્ધ પ્રેમ એ જ સ્વર્ગનું સૌંદર્ય છે. નામ–રૂપ, ધર્મ–અધર્મ, વ્રત–ક્રિયા, મત–પક્ષ, મન આદિથી જે પ્રેમ ક્ષીણ થતો નથી તે આત્મ-પ્રેમ છે. એવા પ્રેમને પામનારાઓ સ્વયં મહાપ્રભુ રસેશ્વર મહાવીર છે. આત્મપ્રેમીઓને અન્ય સાધનોની જરૂર નથી. આત્મપ્રેમીઓને અખિલ વિશ્વ કુટુંબ સમાન જણાય છે અને તેઓને પગલે પગલે આનંદસમાધિ મળે છે. આત્મપ્રેમીઓ જેટલા મારા નજીક અને મારા રૂપ છે તેટલા અન્ય કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. આત્મપ્રેમીઓ જ પ્રભુપ્રેમીઓ છે અને તેઓ એક ક્ષણમાં સર્વ કર્મને વિખેરી નાખે છે. આત્મપ્રેમીઓ બનો. આત્મપ્રેમને નહીં પ્રગટાવનાર એવાં પોથાંથોથાંને ઉપયોગી ન ગણો. આત્મપ્રેમમાં વિઘ્ન કરનાર અને લોભાદિથી સર્વ જીવોને એકાત્મભાવમાં નહીં ઉતારનાર એવા મતભેદ, પક્ષ અને કદાગ્રહથકી દૂર રહો. હૃદયમાં શુદ્ધ પ્રેમભક્તિ એ જ સ્વર્ગ છે, એ જ મુક્તિ છે અને મોહ એ જ નરક છે. નરકાસુરમોહને હણો અને સ્વર્ગસુરને હૃદયમાં પ્રગટાવો. સર્વ જીવો સાથે વિશુદ્ધ પ્રેમથી આત્મવત્ વર્તો. શુદ્ધ પ્રેમમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. આત્મપ્રેમીઓને ડગલે ડગલે યજ્ઞ, તપ અને જપ છે. આત્મપ્રેમીઓમાં શૌર્ય, દયા, બંધુભાવ, સત્ય, આર્દ્રતા, અને મિષ્ટતા છે. મારા પ્રેમી બનો. પ્રેમ વિના સેવા, ભક્તિ, વિનય કે જ્ઞાન નથી. પ્રેમ વિનાના શુષ્ક હૃદયમાં સદ્‌ગુણોનો પ્રકાશ થતો નથી. પ્રેમ વિનાની ઉદાસીનતાથી મૃત્યુ છે. પરસ્પર એકબીજામાં મને જેઓ મળવા ચાહે છે તેઓ ભક્તો છે. મારા પ્રેમીઓ વિશ્વબાગમાં સર્વ જીવોને હાનિ કે હિંસા કર્યા સિવાય વિચરે છે. મારા પ્રેમીઓ અને મારામાં ભેદ નથી.

'હે વ્રજવાસીઓ! તમે મારા પ્રેમથી અહીંયાં અનેક પ્રકારનાં નિર્દોષ આનંદરૂપ સ્વર્ગોને પ્રગટાવો અને કાલ્પનિક દુઃખોનાં નરકોને હટાવો. હે વ્રજવાસીઓ! તમે અતિથિઓની સેવા કરો, નિર્દોષ ક્રીડાઓથી આનંદમાં રહો. મારા ભક્તો! તમે સર્વ લોકમાં મને દેખો. ગરીબ લોકોની સેવા કરો. રોગીઓના રોગો ટાળવા ઔષધોનું દાન કરો. પશુઓની અને પંખીઓની હિંસા થતી અટકાવો. કોઈ પર જુલ્મ ન ગુજારો. તમારી પાસે જે કંઈ હોય તેમાંથી અન્ય લોકોને અપ પૂરતું આપો. ગાયો પાળનારા ગોવાળોને સહાય આપો. ત્યાગી ઋષિઓની ભક્તિ કરો. અનેક પ્રકારના સાધુઓની સેવાભક્તિ કરો. રાંધેલા ભોજનને વેચવામાં જેટલું પાપ છે તેટલું પાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના ઘેર આવેલા અને ભોજનની માગણી કરનારાને ભોજન નહીં આપવામાં છે. સાધુ, સંત, બ્રાહ્મણ, ઋષિ, મુનિ, યોગી, જ્ઞાની અને તપસ્વી વગેરેની કૃપા અને પ્રસન્નતા મેળવવાથી મારી કૃપા મળે છે.

'આત્મજ્ઞાનદાયક ગુરુની સેવાભક્તિ કરવાથી અને સદ્‌ગુરુની કૃપા તેમ જ પ્રસન્નતા મેળવવાથી મારી કૃપા મળે છે. ગુરુની કૃપા અને પ્રસન્નતા તે જ મારી કૃપા અને પ્રસન્નતા છે. ગુરુનો આશીર્વાદ તે જ મારો આશીર્વાદ છે. ગુરુની સેવાભક્તિ તે જ મારી સેવાભક્તિ છે, એમાં જરામાત્ર સંશય ન રાખો.

'વૃદ્ધજનોની કૃપા મેળવો. માતાપિતાની સેવા એ જ મારી સેવાભક્તિ છે. પુત્રો પર વાત્સલ્યભાવ રાખો અને તેઓને મારી સેવાભકિત શીખવો. ભૂખ્યાઓને ખવરાવવું, તરસ્યાઓને પાણી પાવું, દુઃખીઓનાં દુઃખ ટાળવાં તે જ મને નૈવેદ્ય ચઢાવવાનું ભકિતકર્મ જાણો. પોતાના હૃદયમાં થતું આર્તધ્યાન ટાળવું અને અન્ય લોકોને થતાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ટાળવાં તે જ મારી આરતીની પૂજા છે. એવી સત્ય આરતીને ઉતારો. સર્વ જીવોનું મંગલ કરવું. પોતાના આત્માને જ્ઞાનાનંદથી મંગળરૂપ બનાવવો અને મન–વાણી–કાયાથી અશુભ કર્મો ન કરવાં એ જ જ્ઞાનરૂપ મારી મંગળદીપપૂજા છે. વિશુદ્ધ પ્રેમથી વર્તવું એ જ મંગળદીપકની મારી પૂજા જાણો. જ્ઞાનરૂપ સૂર્ય અને દર્શનરૂપ ચંદ્રને હૃદયમાં પ્રગટાવીને તે બે વડે આત્મમહાવીરની પૂજા કરો.

'પ્રેમના પુષ્પ વડે અને ક્ષમાના જળ વડે સ્વાત્માની અને અન્ય લોકોની પૂજા કરો. જે લોકો પ્રેમ અને ક્ષમાથી પોતાની પૂજા કરે છે તેઓ મારી પૂજા કરે છે. વિશુદ્ધ અને સત્ય ઉપદેશરૂપ ઘંટાનાદથી વિશ્વને ગજવો અને ભકત લોકોને જગાડો. એ જ મારી ઘંટપૂજા છે. સમતારૂપ ચંદન વડે આત્માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને અન્ય લોકોને પૂજો. એ જ મારી ચંદનપૂજા છે. પોતાના હૃદયમાં જ્ઞાનરૂપ દીપક પ્રગટાવો અને અન્ય લોકોના હૃદયમાં જ્ઞાનરૂપ દીપક પ્રગટાવીને મારી દીપકપૂજા કરો. મારી પૂજ્યતા અને સેવાભક્તિ તે જ વસ્તુતઃ તમારી પૂજ્યતા અને સેવાભક્તિ છે એમ આત્માની એકસત્તાથી જાણો. ધ્યાનરૂપ અક્ષત વડે તમો મારી પૂજા કરો. મારામાં એકતા અને લીનતાથી એકરસરૂપ બની જાઓ. મને સર્વત્ર ધ્યાવો. જ્યાં ધ્યાન અને ગાન ત્યાં જ્ઞાનતાનરૂપે હું પ્રગટ છું એમ નિશ્ચય કરો. ચાર ગતિ ચૂરવા મારું ધ્યાન ધરો. મારું ધ્યાન અને તમારું ધ્યાન એ વસ્તુતઃ એક છે. મારાતારાપણાનો ભેદ પરિહરીને ધ્યાનરૂપ અક્ષત વડે અને ચાર ભાવનારૂપ સ્વસ્તિક વડે મને પૂજો.

'આત્મક્ષેત્ર તે જ વૃન્દાવન છે. આત્માની આનંદવૃત્તિ તે જ વૃન્દા છે અને તેનું વન વસ્તુતઃ આત્મક્ષેત્ર છે. વૃન્દાવનમાં મેં બાલ્યાવસ્થામાં અનેક જાતની ક્રીડાઓ મિત્રો સાથે કરી છે. સહસ્રકમલદલવાળા બ્રહ્મરંધ્રનું સ્થાન તે જ વૃન્દાવન છે. તેમાં જ્ઞાનરૂપ વ્રજદેશવાસીઓ! તમે રમો. આત્માના શુદ્ધ આનંદરસરૂપ નૈવેદ્યથી પોતાના આત્માને જમાડવારૂપ પોતાની નૈવેદ્યપૂજા કરો. સર્વ લોકોને સત્યાનંદ પમાડવો તે નૈવેદ્યપૂજા છે. સત્યાનંદરૂપ નૈવેદ્યનું ભોજન કરનાર જ મારી નૈવેદ્યપૂજા કરી શકે છે.

'હે વ્રજવાસીઓ! તમો પોતે પોતાને મહાવીરરૂપ જાણીને નૈવેદ્યપૂજા કરો, કરાવો અને નૈવેદ્યપૂજા કરનારાઓને પ્રશંસો તથા તેમને ઉત્સાહિત કરો. નૈવેદ્યપૂજા કર્યા વિના મુખ મીઠું થતું નથી. નૈવેદ્યપૂજા કરીને અને અન્ય લોકોને નૈવેદ્ય જમાડીને તેઓનું મુખ અને સાથે જ તેઓનું દિલ મીઠું કરો.'

આધ્યાત્મિક પૂજા :

'હે વ્રજવાસીઓ! આત્મક્ષેત્ર વૃન્દાવનમાં ઠેકાણે ઠેકાણે વૃક્ષ વાવો અને સર્વ કર્મના બંધનથી મુક્ત થવારૂપ મુક્તિફળથી મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજા કરો. નીતિરૂપ સડક પર મીઠાં ફળવાળાં આંબા વગેરેનાં વૃક્ષનાં બીજ વાવો. શરીરને બ્રહ્મચર્યથી પુષ્ટ બનાવવા માટે મારી બ્રહ્મચર્યરૂપ અંગપૂજા કરો. સદ્‌વિચારરૂપ ઘૃતને ઉત્પન્ન કરી તે ઘૃત વડે મારી આત્મપૂજા કરો. વિશ્વના સર્વ જીવોની સેવા કરવારૂપ મારી પાદપૂજા કરો. દાન અને શૌર્ય પ્રગટાવવારૂપ મારી હસ્તપૂજા કરો. સર્વ લોકોને અને પોતાને જિવાડવાની આજીવિકાના સાધનરૂપ પેટપૂજા કરો. પેટની પૂજાથી પિંડ અને બ્રહ્માંડનું જીવન અને શાંતિ કાયમ રહે છે. સર્વ શુભેચ્છાની સિદ્ધિરૂપ હૃદયપૂજા કરો. સર્વ જીવોમાં અને સ્વાત્મામાં ચારિત્ર પ્રગટાવવા માટે હૃદયની શુદ્ધતા કરવારૂપ હૃદયપૂજા કરો. મુખથી સત્ય બોલવારૂપ મારી જિહ્વાપૂજા કરો. સર્વ વિશ્વમાંથી સદ્‌ગુણોની સુગંધ લેવારૂપ નાસિકાપૂજા કરો. સર્વ વિશ્વમાં સત્ય દેખવું એ જ મારી ચક્ષુપૂજા છે. વિશ્વના સર્વ લોકો પાસેથી સત્ય શ્રવણ કરવું એ જ મારી કર્ણપૂજા છે સર્વ વિશ્વનું સ્થૂલ–સૂક્ષ્મ સ્વરૂપ જાણવું અને આત્મસ્વરૂપમાં મહાલવું એ મારી ત્રિપુટીપૂજા છે. મારી સાથે બ્રહ્મરંધ્રમાં એકતા કરીને મારારૂપ બની જવું એ સહસ્રકમલદલસ્થિત મારી પૂજા છે. સર્વાંગોનો સદુપયોગ કરવો એ મારી સર્વાંગપૂજા છે.

'વિશ્વવર્તી સર્વ જીવો પર સત્ય પ્રેમ અને દયાથી વર્તવું એ મારી વૈરાટ ભગવાનસ્વરૂપની પૂજા, યજ્ઞ કે ભક્તિ છે. સર્વ સાકારી જીવો સાથે આત્મવત્ વર્તવું એ મારી આધ્યાત્મિક સાકારપૂજા છે. આર્યભૂમિને ગૌનું રૂપક આપી અને તેમાં તેત્રીસ કોટિ મનુષ્યોને દેવો માની તેઓની સેવાભક્તિ કરવી એ મારા ગોસ્વરૂપની પૂજા છે. હે ભવ્ય લોકો! મારી આધ્યાત્મિક પૂજા કરીને સ્વાત્માને પૂજ્ય બનાવવા માટે તમારી પાસે જે સર્વ શક્તિઓ છે તેઓનો અપ્રમત્તપણે ઉપયોગ કરો. હે મનુષ્યો! શ્રદ્ધારૂપી પગ પર ઊભા રહો અને ઉત્સાહરૂપ રક્તને સર્વ શરીરમાં જોશબંધ વહેવરાવો. કર્તવ્યકર્મરૂપ શ્વાસોચ્છ્વાસને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રહો, પુરુષાર્થરૂપ પ્રાણની પુષ્ટિ કરો તથા આત્મશક્તિરૂપ વીર્યની વૃદ્ધિ કરો. હે ભવ્ય ભક્તો! તમો સર્વ જીવોની દયારૂપ વાયુની મહત્તાને જાણો અને સુવાયુ ગ્રહીને જીવો. હે ભવ્યો! સમાધિરૂપ ગોવર્ધનપર્વત પર આરોહો અને પરમાનન્દની લહેરો લો. હે ભવ્યો! પોતપોતાના શીર્ષરૂપ ગોવર્ધનપર્વત પર ચડીને બ્રહ્મરન્ધ્રરૂપ મહાશિખરની સિદ્ધશિલા પર આસન પૂરી અને અનહદનાદનો શંખ વગાડી મારી અનહદભાવનારૂપ ગાનપૂજા કરો. હે ભવ્યો! ભક્તિરૂપ ભાંગના પ્યાલા પીઓ અને સમાધિ પામી તેમ જ આંખોને અન્તર્મુખ કરી પોતપોતાને દેખવારૂપ મારી દર્શનપૂજા કરો.

'ઉપરનાં કર્મો કરવાં. કર્તવ્યકર્મોને સ્વાધિકારે કરવાં અને પરિણામ કે ફળની દરકાર ન કરવી તે મારી નિષ્કામપૂજા છે. પરિણામ કે ફળની ઇચ્છાથી કર્મો કરવાં અને ફળ માટે મારી પ્રાર્થના કરવી તે મારી સકામપૂજા છે. કોઈપણ પ્રકારના સ્વાર્થની ઇચ્છા વિના અન્ય લોકોના ભલા માટે સદ્વિચારો અને સત્પ્રવૃત્તિઓ કરવી તે મારી પરમાર્થપૂજા છે. મારી જે જે ભાવે પૂજા કરવામાં આવે છે તે તે ભાવને અને તેના ફળને લોકો પામે છે. જેવી વૃત્તિ તેવું ફળ મળે છે. જેવી જેની ભાવના હોય છે તેને તેવા પ્રકારની સિદ્ધિ મળે છે. તમારા આત્મામાં જેવો નિશ્ચય થાય છે તેવા તમે બનો છો અને ભવિષ્યમાં બનશો. સદ્વિચારો કરવા એ તમારી સદ્વિચાર-પૂજા છે અને અસદ્વિચારો કરવા તે અસદ્વિચારપૂજા છે. જેવો તમારો ઉપયોગ તેવી તમારી પૂજા જાણો. મારી સક્રિય પૂજાથી સક્રિયશક્તિ પ્રાપ્ત થાય છે અને મારી અક્રિય પૂજાથી અક્રિયશક્તિ પ્રાપ્ત થાય છે.'

ગોવર્ધનપર્વત પર ઉપદેશ :

આ પ્રમાણે ઉપદેશ આપીને પ્રભુએ ગોવર્ધનપર્વતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉચ્ચ શિખર પર મુકામ કર્યો અને ત્યાં ઋષિઓ, બ્રાહ્મણો અને ગોવાળોને જણાવ્યું કે, 'આર્યો! પરસ્પર એકબીજાને સંકટમાં સહાય કરવામાં સ્વાર્થ અને ભીતિ વગેરેનો ત્યાગ કરો અને વૃક્ષગણથી ભરેલાં વનોનું રક્ષણ કરો. વૃક્ષોને કાપી નાખવાં ન જોઈએ. જ્યાં વૃક્ષોની અત્યંત ઘટા હોય છે ત્યાં વિશેષ પ્રમાણમાં મેઘ વરસે છે. ઋષિની ઝૂંપડીની આજુબાજુ ફલાદિક વાળી વાડી હોય છે. ત્યાં અતિથિની સેવા થાય છે. સ્વાશ્રયી બની જીવો અને અન્ય લોકોને જિવાડો.

'જ્ઞાનવિદ્યાનો અન્ય લોકોને અભ્યાસ કરાવો, પણ વિદ્યાને વેચીને ન જીવો. જ્ઞાનવિદ્યાને ધનાર્થે વેચીને જીવવું તે ગુલામીપણું છે અને તેથી દેશ, સંઘ, રાજ્ય, ધર્મની પડતી થાય છે. નકામા ખર્ચ કરી દેવાદાર ન બનો. વિદ્વાનોને સહાય કરો. ગુલામી ઉત્પન્ન કરે એવી જાતના ધંધા ન કરો. ગાયો વગેરે પશુઓને ચારવા માટે ગોચરભૂમિ રાખો. ઋષિ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રે ગાયો વગેરે પશુઓ ઘેર રાખવાં અને ગાયો વગેરેનાં બચ્ચાંને તેઓની મા પાસેથી દૂધ પીવામાં વિઘ્ન ન કરવું. બચ્ચાંના પી લીધા બાદ જે વધે તે દુગ્ધ દોહવું. બચ્ચાંને દુગ્ધ પીવામાં વિઘ્ન કરતાં પશુઓની ઓલાદ નિર્બળ થશે અને છેવટે તેથી તેઓનો તથા તમારો નાશ થશે. ગાયો વગેરે પશુઓનો પ્રાણાંતે પણ વધ ન કરો. ગાયોની સેવાથી પ્રજા અને રાજાની ચડતી થાય છે. ઋષિઓ અને ગોવાળો! તમે મારી આજ્ઞા પ્રમાણે વર્તો. તમારા સ્વાર્થમાં અન્યના સ્વાર્થનો નાશ ન કરો.'

પ્રવૃત્તિ સાથે નિવૃત્તિ:

'પ્રવૃત્તિની સાથે નિવૃત્તિ અને નિવૃત્તિની સાથે પ્રવૃત્તિની ઉપયોગિતા સમજો. પ્રવૃત્તિના ગર્ભમાં નિવૃત્તિ અને નિવૃત્તિના ગર્ભમાં પ્રવૃત્તિ સમજો. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને દિવસ અને રાત્રિની જેમ વહ્યા કરે છે. પ્રવૃત્તિપ્રસંગે પ્રવૃત્તિ કરો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવૃત્તિપ્રસંગે નિવૃત્તિ સેવો. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી પ્રવૃત્તિ અને નિવૃત્તિનું સ્વરૂપ જાણો. પ્રકૃતિ અને આત્મા બન્નેના સંબંધથી પ્રવૃત્તિ છે. જ્યાં સુધી વિશ્વ સાથે સંબંધ છે ત્યાં સુધી પ્રવૃત્તિ છે.'

અતિથિનું સ્વાગત :

'ગોવાળો અને ગોપીઓ ! તમો મારી આજ્ઞા પ્રમાણે ભક્તિથી મારું આરાધન કરો. વિશ્વમાં સર્વત્ર મારા મહિમાને જાણો અને મારું ગાન કર્યા કરો. તમારી પાસે આવનારા અતિથિઓનું મારી પેઠે સન્માન કરો. સાધુઓનું, બ્રાહ્મણોનું બહુમાન કરો. સાધુઓ વગેરે આવે ત્યારે હર્ષથી ઊભા થઈ તેમનું માન, સન્માન અને સ્વાગત કરો. સાધુઓ વગેરેની સામા જાઓ. તેઓને પ્રેમથી વંદો, પૂજો. તેઓની સ્તુતિ કરો. સાધુઓ અને બ્રાહ્મણોનું બહુમાન કરો. તેઓની હેલનાથી દૂર રહો. જ્યાં સુધી વિશ્વમાં ઋષિઓ, સાધુઓ, બ્રાહ્મણો છે ત્યાં સુધી આર્યોની મહત્તા છે એમ જાણો. સાધુઓ વગેરેને બવરાવી પછી ખાઓ. તેઓને વળાવા જાઓ. તેઓ બેસે ત્યારે બેસો અને તેઓ ઊઠે ત્યારે ઊઠો. તેઓનું મન–વાણી–કાયાથી અપમાન ન કરો. તેઓ પર પૂર્ણ પ્રેમ રાખો.'

સદ્‌ગુરુની ભક્તિ :

સદ્‌ગુરુનાં દર્શન–પૂજા કર્યા પછી ખાઓ. સદ્‌ગુરુને બવરાવીને ખાઓ. સદ્‌ગુરુની સંગત કરવામાં એક ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરો. સદ્‌ગુરુની નિંદા, અપમાન કે હેલના થાય એવી મન–વાણી–કાયાની પ્રવૃત્તિથી દૂર રહો. સદ્‌ગુરુનું ગામ, નગર કે ઘરમાં આવતાં સામૈયું કરો. સદ્‌ગુરુને સર્વસ્વાર્પણ કરીને સેવો. જ્ઞાની સદ્‌ગુરુમાં અને મારામાં અભેદપણું જાણો. સદ્‌ગુરુની સેવાભક્તિ તે જ મારી સેવાભક્તિ છે એમ જાણો. સદ્‌ગુરુના અભિપ્રાય અને ઇશારાને જાણી તે પ્રમાણે વર્તો. સદ્‌-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરુના કદાપિ દ્રોહી ન બનો. સદ્‌ગુરુ પર પૂર્ણ પ્રેમ ધારો અને સદ્‌ગુરુના પ્રેમ વિના એક ક્ષણમાત્ર ન જીવો. સદ્‌ગુરુની કૃપા તે જ મારી કૃપા છે એમ જાણી ગુરુની કૃપા મેળવી જીવો. ગુરુના વિનયથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, માટે દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી તેઓ આજ્ઞા કરે તે પ્રમાણે વર્તો. ગુરુની પ્રસન્નતા મેળવો. ગુરુ પાસે રહી અનેક પ્રકારનું જ્ઞાન મેળવો.

' ગોવર્ધનપર્વતના આ ઉચ્ચ શિખર પર મારા આપેલા સદુપદેશ પ્રમાણે જેઓ વર્તે છે અને વર્તશે તેઓ મને પામ્યા છે અને પામશે. કલિયુગમાં ગોવર્ધન પર્વતના ઉચ્ચ શિખર પર આવી જેઓ મારું જ્ઞાન–ધ્યાન કરશે તેઓને અવશ્ય મારા સાકાર અને નિરાકાર સ્વરૂપનાં તેમની યોગ્યતા પ્રમાણે દર્શન થશે.'

આ સાંભળી ઋષિઓ અને ગોપો વગેરેએ પ્રભુનું શરણ સ્વીકાર્યું અને પ્રભુના ભક્ત બન્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭. રાજધર્મ

પ્રભુએ કાન્યકુબ્જ દેશની રાજનગરીના ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. તે વખતે છ ઋતુનાં વૃક્ષો એક વખતે પુષ્પિત થઈ ગયાં અને સર્વ લોકોનાં મન આનંદથી વિકસિત થયાં. ઋષિઓએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જાણ્યું કે પરમેશ્વર મહાવીર ચંપક ઉદ્યાનમાં પધાર્યા છે. ઋષિઓએ ત્યાંના રુદ્રપાલ રાજાને ખબર આપી. રુદ્રપાલ રાજાએ મોટું સામૈયું કર્યું. લાખો મનુષ્યો સહિત તેણે જ્યાં ઉદ્યાનમાં પ્રભુ હતા ત્યાં આવી, પ્રભુને નમન-વંદન કરી પૂજન કર્યું અને અનેક રીતે પ્રભુ મહાવીરદેવની સ્તુતિ કરી. પોતાની વંશપરંપરામાં જૈનધર્મની આરાધના ચાલી આવે છે તેમ પ્રભુને કહ્યું. પ્રભુના પધારવાથી અનેક ઋષિઓને તત્ત્વજ્ઞાનનો લાભ મળ્યો. પ્રભુના પધારવાથી ત્રણ વર્ષથી વૃષ્ટિ થઈ નહોતી તે એકદમ થઈ અને સર્વત્ર સુભિક્ષ થયો. સર્વ લોકોના હર્ષનો પાર રહ્યો નહીં. કનોજમાં હૂણ, સીથિયન લોકોની વેપારી ટોળીઓ આવી હતી. તેઓએ પ્રભુને વંદ્યા પૂજ્યા સ્તવ્યા અને હૂણ દેશમાં પ્રભુએ પધારીને ત્યાંના લોકોને જ્ઞાન આપ્યું હતું તે કનોજના લોકોને જણાવ્યું. તેમણે પ્રભુએ બતાવેલા અનેક ચમત્કારોનું વર્ણન કર્યું.

કાન્યકુબ્જ દેશના રાજાએ તથા ક્ષત્રિઓએ પ્રભુને પોતાને યોગ્ય ઉપદેશ આપવા વિજ્ઞપ્તિ કરી. પ્રભુએ રાજા અને ક્ષત્રિયવર્ગને યોગ્ય જે ઉપદેશ આપ્યો તેનો સાર શ્રવણ કર. પ્રભુએ કહ્યું : 'ચારે વર્ણનું ગુણકર્માનુસારે સર્જન થયું છે. ક્ષત્રિયવર્ગથી વિશ્વનું રક્ષણ થાય છે. પૃથ્વીના સર્વ લોકોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રક્ષણ અને પાલન કરવું તે ક્ષાત્રધર્મ છે. દુષ્ટ લોકોનું જે શાસન કરે છે અને ધર્મયુદ્ધથી જે પાછો ફરતો નથી તથા જે વ્યભિચારી લોકોને શિક્ષા કરી ધર્મની ઉત્પત્તિ કરે છે તે ક્ષત્રિય છે. દેશકાલાનુસારે સર્વ પ્રકારનાં શસ્ત્રોથી સજ્જ થઈને ક્ષત્રિયો અધર્મીઓને શિક્ષા કરે છે. અધર્મ આચરનાર, હિંસા કરનાર, જૂઠું બોલનાર, ચોરી કરનાર, વ્યભિચારકર્મ કરનાર, પારકાની ઋદ્ધિને છળથી પોતાની કરનાર ક્ષત્રિય રાજા થવાને અધિકારી નથી. જે શરણે આવેલાઓનું, કન્યાઓનું તથા સતીઓનું રક્ષણ કરતા નથી તે ક્ષત્રિય કે રાજાઓ નથી. જે રાજા બનીને પોતાની પ્રજાનો સંહાર કરે છે તે રાજા નથી. જે રાજા બનીને ગાયોનું, બ્રાહ્મણોનું, ત્યાગીઓનું, ગુરુકુલોનું રક્ષણ તથા પાલન કરતા નથી તે રાજાના પદને લાયક નથી. જે ચોરીથી પારકી કન્યાઓને ઉઠાવી જાય છે તથા જબરાઈથી પારકી કન્યાઓને પોતાની સ્ત્રી કરવા ઉપાડી જાય છે તે રાજા તથા ક્ષત્રિયોના પદને લાયક નથી. પ્રજાએ એવા દુષ્ટ રાજાઓ પાસેથી રાજ્યપદ ખેંચી લેવું અને પ્રજાએ ધર્મી રાજાને એ રાજ્યપદ સોંપવું. જે રાજાઓ તથા ક્ષત્રિયો અધર્મબુદ્ધિથી અન્ય રાજ્યો પર ચડાઈ કરે છે અને અન્ય રાજ્યોને પચાવી પાડવા યુદ્ધ કરે છે તે રાજાઓ નથી અને એવું યુદ્ધ કરનારા ક્ષત્રિયો નથી, પણ તે તો શયતાનો છે એમ જાણો. જે ક્ષત્રિયો પ્રજાનો નાશ કરે છે તે ક્ષત્રિયો નથી. અધર્મ્ય યુદ્ધ કરનારા રાજાઓ સામે સર્વ જાતની પ્રજાએ ઊભા રહેવું. તેઓનો પરાજય કરી તેઓને પદભ્રષ્ટ કરવા અને તેમને સ્થાને સારા રાજાઓને સ્થાપવા.

'રાજાએ પક્ષપાત કર્યા વિના એકસરખી રીતે ન્યાયથી પ્રજાનું પાલન કરવું અને દુઃખી લોકોનાં દુઃખ ગુપ્ત રીતે જાણીને દૂર કરવાં. વ્યભિચાર વગેરે કુકર્મ રાજ્યમાં ઉત્પન્ન થવા દેવાં નહીં. જેને પ્રજાનું હિત કરવાની બુદ્ધિ તથા પ્રવૃત્તિ નથી તેને રાજ્ય ન આપવું. સર્વ પ્રજા ભેગી મળીને રાજાનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણકર્મો જેનામાં હોય અને જે રાજવંશથી ઊતરી આવેલ હોય એવા મારા ભક્તને તે રાજા બનાવી શકે છે. તે અપવાદ કારણને પણ આપત્કાલમાં માન આપી મારા ભક્તને રાજા બનાવે છે. પ્રજાએ રાજા વિના એક ક્ષણમાત્ર પણ ન રહેવું. રાજાને મારી પેઠે માન આપવું અને રાજકીય બાબતોમાં તેની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેણે દેશ અને ધર્મને હાનિકારક એવી રાજાની અયોગ્ય આજ્ઞાને ન માનવી. જે રાજા દારૂપાન કરે છે તે રાજાને મારી આજ્ઞાથી વિમુખ જાણી તેનો કોઈએ પક્ષ ન કરવો અને તેને રાજા તરીકે ન માનવો. જ્યારે તે દારૂ, માંસ, વ્યાપાર અને વ્યભિચારકર્મથી દૂર રહે ત્યારે તે રાજાની આજ્ઞા સ્વીકારવી. મોજશોખ કરવાને માટે રાજા થવાની જરૂર નથી. જેણે સર્વ પ્રજાનો પ્રેમ જીતી લીધો છે તે રાજા થવાને લાયક છે.

'જેઓ દુષ્ટ અને પાપી ઘાડુપાડુઓની સામે સદા શસ્ત્રથી યુદ્ધ કરે છે તે ક્ષત્રિયો છે. ક્ષત્રિયો તથા બ્રાહ્મણો વગેરેએ સર્વ પ્રજા માટે સર્વસ્વાર્પણ કરનાર નિર્ભય અને ન્યાયીને રાજા બનાવવો અને પશ્ચાત્ તેને મારા પ્રતિનિધિ તરીકે માની તેની આજ્ઞા પ્રમાણે વર્તવું. જેને મારા પર શ્રદ્ધા અને પ્રેમ નથી તે રાજા તથા ક્ષત્રિયને યોગ્ય નથી. સર્વ પ્રજાની રખવાળી કરે અને સર્વ લોકોનું પોષણ થાય એવી પ્રવૃત્તિ કરનાર ગમે તે રાજા બની શકે છે. જે ત્યાગીઓ, ઋષિઓ અને જ્ઞાની બ્રાહ્મણોની સલાહ પ્રમાણે રાજ્ય કરે છે તે રાજા છે અને તેઓની સલાહ જે નથી માનતો તેને રાજ્યપદથી ચ્યુત કરવો. જે ખેડૂતોનું રક્ષણ કરે છે અને વ્યાપારીઓને વ્યાપારમાં સર્વ પ્રકારની મદદ કરે છે તે રાજા છે અને તેવા ગુણકર્મવાળા ક્ષત્રિયો છે. જેઓ પુંશ્ચલી સ્ત્રીઓથી સંતાન ઉત્પન્ન કરે છે. તે ક્ષત્રિયો નથી અને જે સ્ત્રીઓ વ્યભિચારીઓથી સંતાનો ઉત્પન્ન કરે છે તે ક્ષત્રિયાણીઓ નથી. જે સ્ત્રીઓનો, બાળકોનો, અશક્ત વૃદ્ધોનો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિઃશસ્ત્રોનો, બ્રાહ્મણોનો અને ત્યાગીઓનો વધ કે નાશ કરે છે તે રાજા અને ક્ષત્રિય નથી. જેઓ મારા ભક્ત લોકોના શત્રુ છે તે રાજ્ય કરવાને લાયક નથી. સર્વ પ્રકારે પ્રજાના હિતમાં દિવસરાત નિર્ગમન કરે છે તે રાજા છે. જેઓ અન્યાય, જુલમ અને દુષ્ટ કરથી લોકોનું ધન પડાવી લે છે અને પ્રજામાં કુસંપ અને ભેદ પેદા કરી પ્રજાનું અહિત કરે છે તે રાજા નથી. એવા દુષ્ટ રાજાઓને રાજપણાથી ભ્રષ્ટ કરવા. જેઓ પ્રજાને ગુલામ બનાવતા હોય તેવા રાજાઓને દૂર કરવા. રાજા પર શ્રદ્ધા અને પ્રેમ ધારણ કરવો. રાજાને યોગ્ય સહાય કરવી. સર્વ પ્રકારની પ્રજાને આત્મવત્ માને છે અને પ્રજાની દેશકાલાનુસારે ઉન્નતિ કરે છે તે રાજા છે. અયોગ્ય અને અન્યાય કર્મમાં પ્રવર્તનાર લોકોને રાજાએ ધર્મમાં વાળવા. મારી આજ્ઞા પ્રમાણે નહીં પ્રવર્તનાર રાજાઓનાં રાજ્ય સ્થિર રહેશે નહીં. રાજાઓએ ફાટફૂટ ન કરવી અને એકબીજાને સહાય કરવી.

'ક્ષત્રિયોએ અન્યાયથી યુદ્ધ કરવા ઇચ્છનાર અને મારા ભક્ત ઋષિઓ, ત્યાગીઓ અને બ્રાહ્મણોની સત્ય સલાહ નહીં માનનાર અને મારા પર શ્રદ્ધાભક્તિથી વિમુખ એવા અભક્ત રાજાના પક્ષમાં ન રહેવું. રાજાએ અન્યાયથી, જુલમથી, ક્રોધથી, વૈરથી કે ઈર્ષ્યાથી કોઈપણ મનુષ્યનો વધ ન કરવો અને પ્રજાને ધનનું ખર્ચ થાય એવી રીતનાં ન્યાયાલય ન સ્થાપવાં. રાજાએ પોતાના રાજ્યમાં સર્વવર્ણી પ્રજા સુખી રહે એવી રાજ્યનીતિઓ ઘડીને રાજ્ય કરવું. તેણે ધાડુપાડુ, ચોરો વગેરેથી રાત્રિદિવસ પ્રજાનું રક્ષણ કરવું. રાજાઓએ વેશ્યાઓના નાટારંભ વગેરે ફંદમાં ન ફસાવું અને જુઠા ખુશામતિયા લોકોનો વિશ્વાસ ન રાખવો. રાજાએ અભક્ત લોકોથી ચેતીને ચાલવું તથા અધર્મી, નાસ્તિક, સ્વાર્થી, લોભી, ક્રૂર અને અન્યાયીને પ્રધાન કે અમાત્યાદિ પદવી ન આપવી. રાજાએ તથા ક્ષત્રિયોએ દરરોજ મારા ભક્ત ઋષિઓનાં દર્શન કરવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેઓ પાસેથી સદ્‌વિદ્યા અને સદુપદેશ ગ્રહણ કરવાં. રાજાઓએ તથા ક્ષત્રિયોએ હિંસા અને પાપમય યજ્ઞોનો ત્યાગ કરવો અને દયા, સત્ય તેમ જ ધર્મમય યજ્ઞો કરવા. રાજાએ સર્વજાતીય પ્રજાવર્ગની સલાહ લઈને સદા રાજ્ય-કાર્યમાં પ્રવૃત્તિ કરવી અને સુધારાવધારા કરવા. રાજ્યમાં સર્વ પ્રજાનો એકસરખો હક્ક છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના ગુણકર્મોનું યથાયોગ્ય રક્ષણ થાય અને બ્રાહ્મણાદિ ચારે વર્ણોનું સ્વાતંત્ર્ય જળવાય તે સુરાજ્ય છે

'રાજા અને પ્રજાનું ઐકય જ્યાં છે ત્યાં રાજ્ય છે. સદાચાર અને સદ્‌વિચારની જ્યાં વૃદ્ધિ છે ત્યાં રાજ્ય છે. રાજા અને પ્રજાનો એકસરખો જ્યાં ન્યાય છે ત્યાં રાજ્ય છે. રાજા અને પ્રજામાં શુદ્ધ પ્રેમ છે ત્યાં પ્રેમરાજ્ય છે. જ્યાં આત્માવલંબનતા છે ત્યાં સર્વ મનુષ્યોમાં રાજ્ય છે. અન્યાયથી એક શૂદ્ર મનુષ્યનો પણ જ્યાં નાશ થતો નથી ત્યાં સુરાજ્ય છે અને સુરાજા છે. મનુષ્યોનાં સ્વાતંત્ર્ય અને હકોનું રક્ષણ થાય છે ત્યાં રાજ્ય છે.

'પશુઓનું, પંખીઓનું જ્યાં રક્ષણ તેમ જ પાલન અને પોષણ થાય છે અને મનુષ્યોના ઉદરોમાં પશુઓનાં અને પંખીઓનાં પ્રેતવન થતાં નથી ત્યાં શાંતિ અને સુખનું રાજ્ય છે મનુષ્યો જાતે નિર્ભય બની પોતાના ગુનાઓને જાહેર કરે છે અને ગુનાઓની શિક્ષા જાતે કબૂલ કરે છે ત્યાં સત્યરાજ્ય છે. જ્યાં અભિમાન નથી અને પરજ્ઞાતિ કે પરજાતિનો પરાભવ કરવાની બુદ્ધિ નથી ત્યાં સ્વરાજ્ય અને સત્યરાજ્ય છે. જ્યાં રાજા અને સર્વ મનુષ્યો સત્ય અને પ્રામાણિકપણે વર્તે છે, ફરિયાદો કરવાનો જ્યાં વ્યવહાર નથી અને પરસ્પર એકબીજાની માફી માગીને વર્તે છે ત્યાં સત્ય રાજ્ય છે અને એવું સત્ય રાજ્ય લાંબા કાળ સુધી ટકી શકે છે. મારા ભક્તોના રાજ્યમાં મોહશયતાનનું રાજ્ય હોતું નથી. મોહનું જ્યાં રાજ્ય છે ત્યાં મારું રાજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. ક્ષત્રિયોએ અને રાજાઓએ મોહશયતાનના તાબે થઈ પાપકર્મો ન કરવાં તથા રાજાએ અને ક્ષત્રિયોએ કુરાજ્ય ન ચલાવવાં. મારા ભક્ત ક્ષત્રિયોએ અન્યાય અને જુલ્મી રાજ્ય સ્થાપવું નહીં અને જુલ્મી રાજ્યોનો નાશ કરી ધર્મી રાજ્યનું સ્થાપન કરવું. મારા ભક્ત ક્ષત્રિયોએ મારી આજ્ઞા પ્રમાણે પ્રવર્તવું તથા લોકોને પ્રવર્તાવવા. અધર્મ્ય યુદ્ધનો પ્રત્યાઘાત અધર્મ્ય યુદ્ધ છે અને તેથી વાસ્તવિક શાંતિની પ્રાપ્તિ થતી નથી. અન્યાય, લોભ અને વૈરથી યુદ્ધ કરવાં નહીં. અધર્મ્ય યુદ્ધોનો તિરસ્કાર કરવો અને ધર્મ્ય યુદ્ધોનો પ્રસંગે અપવાદથી ખપ કરવો. વિશ્વમાં સર્વત્ર શાંતિ અને સુખ પ્રસરે એવી રીતે રાજ્ય કરવા ક્ષત્રિયોએ ક્ષાત્રબળનો સદુપયોગ કરવો.

'હે રુદ્રપાલ રાજન્! રાષ્ટ્રનો ભોજવિલાસ માટે ઉપયોગ કરવો ન જોઈએ. હે સૂર્યવંશી અને ચંદ્રવંશી ક્ષત્રિયો! વૈરનો બદલો વૈરથી લેવા જતાં પોતાના અસ્તિત્વનો વિનાશ કરશે. જૂઠી મોટાઈનો ત્યાગ કરો અને પરાક્રમ છતાં ક્રોધનો બદલો ક્ષમાથી અને ન્યાયથી આપવા પ્રયત્ન કરો. હે ક્ષત્રિયો! તમારા પર આક્રમણ લાવનાર ઈશાનખૂણાની ટોળીઓ પણ અહીં આવીને ઠરેલા કોયલાના જેવી નિસ્તેજ બનશે. બુદ્ધિબળ વિનાનું એકલું ક્ષાત્રબળ જડતાને પામે છે. સત્યબુદ્ધિ, સમાનતા, ન્યાય અને પરાક્રમ-ઉત્સાહથી ક્ષાત્રબળને જ્યાં જેવી રીતે ઘટે તેવી રીતે વાપરો. જેટલો બળનો દુરુપયોગ કરશો તેટલી હીનતાને પ્રાપ્ત કરશો. તમારા દુર્ગુણો અને અપરાધોને ઢાંકવા માટે બળનો દુરુપયોગ ન કરો. અન્યની શાંતિ અને સમૃદ્ધિનો નાશ કરવાને ક્ષાત્રબલનો દુરુપયોગ ન કરો. અન્યાયથી કોઈને મારીને તમે શાંતિ પામવાના નથી. હે ક્ષત્રિયો! તમોને જે શક્તિ મળી છે તેનો સદુપયોગ કરો. તમો ન્યાયીઓને ન્યાયનો બદલો આપો અને અન્યાયીઓને અન્યાયનો બદલો આપી તેમને ધર્મમાર્ગે વાળો. આમ તમારી શક્તિઓનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદુપયોગ કરો જેવાં શુભ વા અશુભ કર્મ કરશો તેનું તેવું ફળ આ ભવમાં અને પરભવમાં તમને મળશે.

'હે રુદ્રપાલ રાજન્! પરભવમાં તેં તિજોરીમાં રાજ્ય માટે તપ કર્યું હતું તેનું ફળ આ ભવમાં તું રાજા બનીને પામ્યો છે. મનુષ્યભવ એક ક્ષણમાત્ર પણ નકામો ન ગુમાવો. તમારી શક્તિઓનો સદુપયોગ કરો.'

આમ રાજધર્મનો ઉપદેશ આપી પ્રભુએ રુદ્રપાલ વગેરે ક્ષત્રિયોને ધર્મમાં દૃઢ કર્યા અને તેઓના પૂર્વભવો અને આ ભવમાં કરેલાં શુભાશુભ કર્મ અને તેના ભોગો દેખાડ્યાં. પરબ્રહ્મ મહાવીર દેવે ક્ષત્રિયાણીઓને સતીધર્મનું માહાત્મ્ય સમજાવ્યું અને જ્યાં ત્યાં વિશ્વમાં પોતાની આજ્ઞા પ્રમાણે સર્વ વસ્તુનો ઉત્પાદ–લય થાય છે એવું જણાવ્યું. પ્રભુએ કાન્યકુબ્જનો નાશ દ્રોહથી થશે એમ જણાવ્યું અને પરસ્પરનો દ્રોહ ન કરવો એવી શિક્ષા આપી. કાન્યકુબ્જરાજાની વંશપરંપરામાં જ્યાં સુધી જીવતો એવો જૈનધર્મ પ્રવર્તશે ત્યાં સુધી કાન્યકુબ્જ દેશના ક્ષત્રિયોમાં શત્રુઓને હટાવવાનું બળ રહેશે. કાન્યકુબ્જના લોકો જ્યારે મારી આજ્ઞાઓને ભૂલશે ત્યારે તેઓ સ્વતંત્રતાના સુખને ગુમાવશે.' આમ ઉપદેશ આપીને પ્રભુ શાંત રહ્યા. સર્વ લોકો પ્રભુના ભક્ત જૈનો બન્યા અને પ્રભુએ ત્યાંથી ચિત્રદુર્ગનગરમાં પ્રવેશ કર્યો.

ચિત્રદુર્ગમાં આગમન :

ચિત્રદુર્ગનો આદિત્યયશા રાજા સૂર્યવંશી હતો અને તે જૈનધર્મની આરાધના કરતો હતો. તેના રાજ્યના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણના લોકો જૈનધર્મ પાળતા હતા. ત્રેવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથનું ત્યાં મંદિર હતું. પ્રભુ મહાવીરદેવ પધાર્યા છે એમ જાણીને લાખો મનુષ્યો તેમનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શન કરવા આવ્યા અને પ્રભુને વંદી–પૂજી પાવન બન્યા. પરબ્રહ્મ મહાવીરદેવ એ જ વિશ્વના શરીરની અપેક્ષાએ સાકાર દેવ છે અને શુદ્ધાત્માની અપેક્ષાએ વ્યાપક પરમાત્મદેવ છે એવો ચિત્રદુર્ગદેશના સર્વ પર્વતીય લોકોએ નિર્ધાર કર્યો અને ચોવીસમા તીર્થંકર દેવાધિદેવ તરીકે પ્રભુની શ્રદ્ધા કરી. પ્રભુ મહાવીર પરમેશ્વરે વેદોમાં જે જ્ઞાન નહોતું તે જ્ઞાનનો પ્રકાશ કર્યો, તેથી વેદોના જ્ઞાતા એવા ઋષિઓએ પ્રભુને અનંતજ્ઞાની પરમાત્મા તરીકે સ્વીકારી તેમનું શરણ સ્વીકાર્યું. ઋષિઓએ જાણીદેખીને જે જે સૂક્તો બનાવ્યાં અને તેના સમૂહને ત્રણ વેદ તરીકે ગોઠવ્યા છે. એ ત્રણ વેદમાં જે જ્ઞાન નહોતું તે સર્વ પ્રકારના જ્ઞાનને પ્રભુ મહાવીરદેવે જણાવ્યું અને તે તત્ત્વજ્ઞાન અધ્યાત્મ–જ્ઞાન તરીકે પ્રસિદ્ધ થયું. પ્રભુએ ઉપદેશ આપીને ચિત્રદુર્ગના લોકોમાં આત્મબળનો ઉત્સાહ પ્રેર્યો અને શરીરબળનો પશુ-બળ તરીકે ઉપયોગ ન કરવો એમ સર્વ લોકોને જાહેર કર્યું. સર્વ પ્રકારના બળની પ્રાપ્તિ કરવી. મંત્ર–તંત્ર–યંત્ર બળની પ્રાપ્તિ કરીને તેનો સદુપયોગ કરવાનું પ્રભુએ જણાવ્યું.

શ્રી ઋષભદેવ, જે પ્રથમ તીર્થંકર અને સર્વ ઋષિઓના મૂળ ઋષિ કાશ્યપ તરીકે વેદોમાં અને ઇતિહાસમાં પ્રસિદ્ધ છે, તેમના પુત્ર ભરત રાજા થયા. તેમની પાટે અનુક્રમે સૂર્યયશા રાજા થયા. ત્યારથી સૂર્યવંશની પ્રસિદ્ધિ થઈ. એ જ રીતે જ્યારથી ચંદ્રયશા રાજા થયા ત્યારથી ચંદ્રવંશની પ્રસિદ્ધિ થઈ અને તેમાંથી અનેક ઉપવંશો તરીકે ક્ષત્રિયોની પ્રસિદ્ધિ થઈ. ભરત રાજાના નામથી આર્યખંડનું નામ ભારતખંડ, ભારતદેશ તરીકે પ્રસિદ્ધ થયું. પૂર્વ દેશોમાં પૂર્વે ભરત રાજાનું રાજ્ય હતું અને પશ્ચિમ તરફના ખંડો અને દેશોમાં બાહુબલિનું રાજ્ય હતું. સર્વ ખંડોમાં પૂર્વે આર્ય લોકોનું રાજ્ય હતું. રાજ્યના પ્રવર્તક શ્રી ઋષભદેવ કાશ્યપ ઋષીશ્વર હતા. તે સાકાર પર-મેશ્વર અને આદ્ય તીર્થંકર જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદિત્યયશા રાજાને ઉદ્દેશીને પ્રભુએ કહ્યું : 'આર્ય ભારત દેશમાં રાજા અને પ્રજાનું ઐકય વર્તે છે. જો રાજાને દુઃખ તો પ્રજાને દુઃખ અને પ્રજાને દુઃખ તો રાજાને દુઃખ વર્તે છે. પ્રજાની મરજી તે રાજાની મરજી અને રાજાની મરજી તે પ્રજાની મરજી વર્તે છે. રાજાનો દ્રોહ તે પ્રજાનો દ્રોહ અને પ્રજાનો દ્રોહ તે જ રાજાનો અને રાજયનો દ્રોહ મનાય છે. અહિંસા જ્યાં પ્રધાન છે ત્યાં આર્ય રાજય છે અને જ્યાં હિંસા પ્રધાન છે ત્યાં અનાર્ય અને અધર્મ રાજય છે. સત્યપ્રધાન આર્ય રાજય છે અને અસત્યપ્રધાન અનાર્ય રાજય છે. પ્રજાના સુખે રાજા સુખી ત્યાં આર્યરાજય છે. સ્વતંત્ર વિચાર અને આચારપ્રધાન આર્યરાજયમાં પ્રજા અને રાજામાં અભેદતા અને સાત્વિક નીતિઓ પ્રવર્તે છે એમ જાણી આર્યરાજય ચલાવ.

'હે રાજન્! તું આર્યરાજયને આર્યપણાથી ચલાવે છે અને વેદાદિ શાસ્ત્રોના જ્ઞાની ઋષિઓનું, ત્યાગીઓનું અને બ્રાહ્મણોનું પાલનપોષણ કરે છે. તેથી તારી વંશપરંપરામાં આર્યનૃપતિબીજનું આપત્કાલમાં પણ અસ્તિત્વ રહેશે.

'મારી ભક્તિ જ્યાં સુધી તારી વંશપરંપરામાં રહેશે અને મારા ભકત ત્યાગી બ્રાહ્મણોની ભક્તિ જ્યાં સુધી તારા વંશમાં કાયમ રહેશે ત્યાં સુધી સૂર્યવંશી રાજયની પરંપરા વહ્યા કરશે, એમ નિશ્ચય રાખ. સર્વ લોકોના કલ્યાણ માટે રાજય અને રાજાની જરૂર છે, પણ સર્વ લોકોને પરતંત્ર અને ગુલામ બનાવી અને તેઓની સ્વતંત્રતાનો નાશ કરી પોતે ખોટી રીતે ઐશ્વર્યશાળી અને મહાન બનવા માટે રાજા થવાની જરૂર નથી. જે રાજા મારી આજ્ઞા અને મારી ભક્તિપૂર્વક વર્તે છે, પરંતુ તેવી આજ્ઞા પ્રમાણે શ્રદ્ધાપ્રેમથી જે પ્રજા વર્તતી નથી તેઓની સર્વ પ્રકારે પડતી થાય છે. રાજયનો આત્મા સત્ય છે. જ્યાં સત્ય નથી ત્યાં રાજય નથી. આત્માની પ્રાપ્તિથી નવીન ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. સર્વ પ્રકારના સત્ય સુધારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા માટે અને પ્રાચીનકાલથી અસત્ય ચાલતું આવતું હોય તોપણ તેનો નાશ કરવા માટે મારો ઈશ્વરી અવતાર છે. મારા ઉપદેશ પ્રમાણે વર્તવામાં શ્રદ્ધા અને પ્રેમ તે જ મારી ભક્તિ જાણ અને તે જ મારી સેવા જાણ.

'સર્વ ખંડ, દેશ અને વર્ણના લોકો મારા છે. તેમાં ભેદભાવ ન રાખ. જે લોકો ખંડ, દેશ અને વર્ણભેદે મનુષ્યોમાં ભેદ જાણીને ભેદભાવ કે વૈરભાવ રાખે છે અને એકબીજાનો નાશ કરવા પ્રવૃત્તિ કરે છે તેઓ મારા ઉપદેશને જાણતા નથી અને તેઓ મારા ભક્ત નથી. જેઓ લોભાદિ દોષથી મૂંઝાઈને એકબીજાનાં રાજ્ય, વ્યાપાર, લક્ષ્મી, ધાન્ય, પશુઓ વગેરે પડાવી લેવા પરસ્પર લડે છે તેઓ રાજા અને પ્રજા થવાને લાયક નથી અને તેઓ મારા પ્રિય ભક્ત બનવાને પણ લાયક નથી. જે રાજાઓ રાજ્ય વધારવા માટે દુષ્ટ લોભને વશ થઈ અને ક્ષત્રિયોને દુષ્ટ લોભથી લોભાવીને યુદ્ધયજ્ઞમાં હોમે છે તેવા રાજાઓને તાબે ક્ષત્રિયોએ કદાપિ રહેવું નહીં. વિશ્વવર્તી સર્વ મનુષ્યોને પોતાના કુટુંબ સમાન માનીને હે રાજન્! રાજ્ય ચલાવ. ઉદારભાવથી પ્રવર્ત. ત્યાગને હૃદયમાં ધારીને વિશ્વમાં પ્રવર્ત. અનેક લોકોના નેતૃત્વની લગામ હાથમાં લઈને અપ્રમત્તભાવથી પ્રવર્ત. સર્વ પ્રજાની જોખમદારી માથે લઈને અંશમાત્ર પ્રમાદ ન કર. નીતિ અને પ્રામાણિકતાથી વર્તનાર એક ચાંડાળ અને નીતિથી ચાલનાર રાજા સ્વાધિકારે એકસરખા મહાન અને એકસરખા મારા પ્રિય ભક્ત છે. મારામાં જેનું મન છે તે રાજા સત્ય રાજ્ય ચલાવી શકે છે. સદ્‌ગુણોથી રાજ્ય ચલાવ અને દુર્ગુણોને દેશમાંથી હાંકી કાઢ. સાત્ત્વિક રાજા અને સાત્ત્વિક રાજ્ય શ્રેષ્ઠ છે.

'વિશ્વમાં ત્રણ ગુણવાળી પ્રકૃતિના સંગી મનુષ્યો છે. સર્વ મનુષ્યો, સર્વ રાજાઓ કે સર્વ પ્રજાઓ સત્ત્વગુણી ન બની શકે. યુદ્ધકાળની જ્યાં મુખ્યતા હોય છે ત્યાં કલિયુગ છે. શાંતિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળમાં યુદ્ધના અભાવે શાંતિયુગ હોય છે. દેશકાલાનુસારે વારંવાર જ્યાંત્યાં પરિવર્તન થયા કરે છે. હે રાજન્! શાંતિયુગ અને કલિયુગમાં અનુક્રમે ઉત્સર્ગ અને અપવાદથી વર્તતા શીખ. રાજા અને પ્રજાને પરદેશી રાજાઓ તરફથી અનેક દુઃખ આવી પડે અને ધર્મ મૂકી અધર્મથી વર્તીને પોતાનું જીવન નભાવવાનો વખત આવે અથવા કર્મોમાં ફેરફાર કરી પુનઃ પોતાનો ઉદ્ધાર કરવાનો પ્રસંગ આવે ત્યારે તે કાળને આપત્કાળ જાણવો. આપત્કાળમાં રાજા અને પ્રજાના કર્તવ્યનો વિપર્યાસ થાય છે અને તેવા પ્રસંગે અધર્મ જેવાં કર્મો કરીને જીવવાનો તથા છુટકારો મેળવવાનો વખત આવી પહોંચે છે. તેથી તે કાળે જે અધર્મમાર્ગો હોય છે તે પણ અપેક્ષાએ ધર્મ તરીકે બને છે.

'કલિયુગમાં આપદ્ધર્મ સેવવાનો સર્વ વર્ણને પ્રસંગ આવી પડે છે. માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી રાજ્યનીતિઓમાં, વર્ણનીતિઓમાં, વર્ણધર્મમાં અને આચારોમાં વારંવાર ફેરફાર થાય છે. સર્વ મનુષ્યો એકસરખી પ્રકૃતિવાળા થયા નથી અને થશે નહીં. તેથી સર્વ મનુષ્યોને માટે એકસરખી નીતિ અને એકસરખો ધર્મ ઉપયોગી નથી. જે કાળે જેવા મનુષ્યો પ્રગટે છે તે કાળે રાજનીતિઓ પણ તેવી પ્રગટે છે. તમોગુણી મનુષ્યો, રજોગુણી મનુષ્યો અને સત્ત્વગુણી મનુષ્યો એમ ત્રણ પ્રકારના મનુષ્યો હોવાથી તેઓને શાસન કરવાની નીતિઓ પણ ત્રણ પ્રકારની હોય છે. દયાળુ અને ક્રૂર મનુષ્યો માટે ભિન્ન ભિન્ન નીતિઓ છે, એમ સર્વ બાબતમાં જાણ.

'જે કાળે જેમ વર્તવું હોય તેમ વર્ત, પણ મનુષ્યોમાં શાંતિ પ્રવર્તે એવી નીતિઓ ઘડીને વર્તવું. કપટી, ધૂર્ત અને દ્રોહીઓ પ્રતિ તેઓ દાબમાં રહે એવી નીતિથી વર્ત. તારા રાજ્યમાં મુનિ, ઋષિ, બ્રાહ્મણ, સંત, ત્યાગી, પરમહંસ અને ગૌનો વધ ન થવા દે. તારા રાજ્યમાં મુનિઓનું અપમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન થવા દે. તારા રાજ્યમાં સતીઓને માન આપ અને પતિઘાતક દુષ્ટ સ્ત્રીઓને પરદેશમાં હાંકી કાઢ, તારા રાજ્યમાં સર્વ મનુષ્યો પોતપોતાનું રાજ્ય સમજી એકાત્મભાવથી તારી સાથે વર્તે એવી રીતે રાજ્ય કર.

'શ્રી ઋષભદેવ ભગવાનના ધર્મરાજ્યમાં સૂર્યયશા અને ચંદ્રયશાથી આર્યદેશમાં બે રાજ્ય થયાં. ત્યારથી જૈન રાજ્ય-સામ્રાજ્યની ધ્વજામાં સૂર્ય અને ચંદ્રનું ચિહ્ન સ્થાપન કરવામાં આવે છે. પૂર્વ ખંડના દેશોમાં સૂર્ય અને પશ્ચિમના દેશોમાં ચંદ્રરાજ્ય પ્રવર્તે છે તથા સૂર્ય અને ચંદ્રના પ્રકાશમાં રાજ્ય-પ્રવર્તે છે. પૂર્વ અને પશ્ચિમમાં સર્વ રાજ્યો પર ધર્મરાજ્ય પ્રવર્તે છે એવા ઉદ્દેશથી રાજધ્વજમાં અને ધર્મરાજધ્વજમાં સૂર્ય અને ચંદ્રનાં ચિહ્ન સ્થાપવામાં આવે છે. હવેથી તેમાં સિંહની સ્થાપના કર. સિંહ જેવા પરાક્રમી બનવાની યાદી માટે સિંહ સ્થાપ.

'જૈન સામ્રાજ્યના સર્વે ઉત્સવોમાં સૂર્ય, ચંદ્ર અને સિંહાંકિત ધ્વજને ફરકાવ. જેઓ મારા ભક્તો બનીને સૂર્ય અને ચંદ્ર સહ સિંહાંકિત ધ્વજાઓ જ્યાં ધારવા યોગ્ય હશે ત્યાં ધારશે તેઓ જય, વિજય, મંગલ અને સુખને પામશે. હે રાજન્! ધર્મ-યુદ્ધથી ધર્મીઓનું રક્ષણ કર. જ્યાં ધર્મ છે ત્યાં જય છે. અધર્મથી અંતે વંશપરંપરાની પડતી થયા વિના રહેતી નથી. હે રાજન્! મારો વંશ સૂર્યવંશી છે અને તારો વંશ પણ સૂર્યવંશી છે. ઘણા તીર્થંકરો સૂર્યવંશમાં થયા છે. સૂર્યવંશી રાજાઓ કદાપિ અધર્માચરણ કરતા નથી. સૂર્યવંશી રાજાઓ અને ક્ષત્રિયો શૌર્યકર્મથી મરે છે, પણ કાયર બની મરતા નથી. સૂર્યવંશી ક્ષત્રિયો કદાપિ યુદ્ધમાંથી પાછું પગલું ભરતા નથી અને પ્રતિજ્ઞા-નું પાલન કરે છે. સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓએ જૈન ધર્મનું અત્યાર સુધી પાલન કર્યું છે. તેઓએ ક્ષાત્રધર્મ સારી રીતે બજાવી આર્યપણું અર્થાત્ ધર્મીપણું જાળવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'આર્ય એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર સંઘે જૈનધર્મનું અનાદિકાળથી પાલન કર્યું છે. આર્યો અસત્ય બોલતા નથી, ચોરી કરતા નથી, વ્યભિચારકર્મ કરતા નથી અને અપરાધ વિના કોઈની હિંસા કરતા નથી. આર્યોનાં ઘરદ્વાર સદા ઉઘાડાં રહે છે. આર્યો વિશ્વાસઘાત કરતા નથી. આર્યોમાં આતિથ્યસત્કાર અત્યંત હોય છે. આર્યોમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો વાસ છે. આર્યોમાં વિશુદ્ધ પ્રેમ ઉભરાયેલો હોય છે. આર્યો પરસ્પરમાં પડેલા વાંધાને પ્રેમ અને સત્કારથી ચૂકવે છે. એવા આર્યોમાં ધર્મનો પૂર્ણ પ્રાદુર્ભાવ કરવો અને અજ્ઞાન તેમ જ મોહાદિ દોષોનો નાશ કરવો તે માટે મારો પરમેશ્વરાવતાર છે. આર્યો જૂઠા સોગંદ ખાતા નથી, જૂઠી સાક્ષી પૂરતા નથી, કોઈની મૂકેલી થાપણ ઓળવતા નથી, કોઈના બૂરામાં ભાગ લેતા નથી. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથે આર્યોમાં આર્યજ્યોતિ પ્રગટાવી હતી, પણ એ આર્યજ્યોતિ મંદ પડવાથી મેં પાછી આર્યજ્યોતિ પ્રગટાવી છે. ત્રેવીસ તીર્થંકરો કે ઈશ્વરી અવતારો થયા તે સર્વે આર્યવંશી હતા. તે બ્રહ્મસત્તાથી મારાથી અભિન્ન જાણવા.

'ચિત્રદુર્ગને શ્રી પાર્શ્વનાથ પ્રભુએ વિચરી પાવન કર્યો છે. ચિત્રદુર્ગના લોકોમાં જ્યાં સુધી સત્ય, શૌર્ય, ઉત્સાહ, જ્ઞાન, વિદ્યા, સત્ય આદિ ગુણમય જૈનધર્મ હશે, જ્યાં સુધી તેઓની નસોનસમાં મારી ભક્તિનું લોહી ઊછળ્યા કરશે ત્યાં સુધી તેઓ દૈવિક બળ યુક્ત રહેશે. આર્ય રાજાઓમાં પ્રજાપ્રેમ હશે અને તેઓ મારા જીવતા ઉપદેશને આચારમાં મૂકી જીવશે ત્યાં સુધી તેઓ વિશ્વમાં સ્વતંત્ર અને શક્તિમાન રહેશે. આર્ય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ગમાં પરસ્પરમાં નીતિમય સ્વાર્થતા હશે ત્યાં સુધી તેઓમાં આત્મિક બળનો જુસ્સો વહેશે. મારા ભક્ત બ્રાહ્મણ વગેરે ચારે વર્ણમાં જ્ઞાન, વિદ્યા, ક્ષાત્રધર્મ આદિ સર્વત્ર ઘરોઘર જીવતાં હશે ત્યાં સુધી તેઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દૈવિક સહાય મળશે. આર્ય લોકોમાં અનાદિકાળથી સનાતન જૈનધર્મ પ્રવર્ત્યા કરે છે.

'હે રાજન્! આર્યધર્મ તે જ જૈનધર્મ છે. વેદોનાં સર્વ રહસ્યોનો જૈનધર્મમાં અંતર્ભાવ થાય છે. ગૃહસ્થધર્મ અને ત્યાગધર્મ સ્વાધિકારે આચરો. મારા જ્ઞાની ત્યાગીઓને વ્રત, નિયમ વગેરેની સ્વતંત્રતા છે. તેઓ જેમ ઇચ્છામાં આવે તેમ વર્તે છે અને વર્તશે. સૈકે સૈકે, તેમાં પણ વીસ વીસ વર્ષના યુગે ત્યાગીઓ અને ગૃહસ્થોમાં દેશકાલાનુસારે આચારપ્રવૃત્તિમાં ફેરફારવાળાં પરિવર્તનો થયાં કરે છે અને જ્ઞાનીઓ યોગ્ય લાગે તેમ વર્તે છે. તેમને અમુક વ્રત, નિયમ, આચાર, વેષ કે મતનું સદા નિયતપણું નથી. ત્યાગ, વૈરાગ્ય અને રાગાદિક સર્વે મનના ધર્મ છે. ઋષિઓ ચાહે તેમ વર્તે છે. તેઓ વિચાર અને આચારમાં સ્વતંત્ર છે. આર્ય લોકો વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાંની સાથે સર્વ લોકોનું ભલું કરવાનો સેવાધર્મ અંગીકાર કરે છે. ગૃહસ્થધર્મથી જે પુરુષો અને સ્ત્રીઓ મુક્ત રહે છે તેઓ ઘરની બહાર ઝૂંપડાંઓમાં, નદીકાંઠે, વનમાં, બાગમાં, સરોવર-કાંઠે વાસ કરે છે અને પારમાર્થિક કાર્યોમાં ભાગ લે છે. તે સાધુઓની અને ઋષિઓની સેવા કરે છે. તે બાલકો ને બાલિકા-ઓને વિદ્યાદાનાદિક પરમાર્થ કાર્યો કરે છે અને મોહરહિત જીવન ગાળે છે.

'આર્યો ઘેર ઘેર આર્યધર્મને પ્રગટાવે છે. આર્યો સર્વ પ્રકારના વિદ્યાબળથી યુક્ત રહે છે. તેઓ સદ્‌ગુણીઓની કદર કરે છે. તેઓ અધર્મીઓને ઉદ્ધારવા પ્રયત્ન કરે છે. આર્યસંઘમાં સદા મારો વાસો છે. આર્યસંઘ તે જ મહાજન વર્ગ છે. આર્યોનાં ઘરોમાં દેવીઓ અને દેવો અવતરે છે. આર્યોનાં ઘરોમાં અનેક સત્ય, દયા, પ્રેમાદિક ધાર્મિક શુભ યજ્ઞો થયા કરે છે. આર્યો વિદ્યાજ્ઞાન અને ક્ષાત્રબળથી સદા ભરપૂર રહે છે. હે રાજન્! સર્વ પ્રકારના આર્યલોકોની પ્રગતિમાં આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન ગાળ અને સ્વાધિકારે ધર્મને પાળ. તથા લોકોમાં પ્રગટતા અનેક દુર્ગુણોને ખાળ. મારા ભક્તોમાં જીવતી ભક્તિ, જીવતો સેવાધર્મ અને કહેણી કરતાં રહેણીનું જીવન વર્તશે ત્યાં સુધી તેઓ મારા જૈનધર્મની મહત્તા જાળવશે.

'હાલ દેવલોકોમાંથી મારા ભક્ત એવા હજારો અને લાખો દેવો અને દેવીઓ વિશ્વમાં જન્મ્યા છે. તેઓ મારી આજ્ઞા પ્રમાણે વર્તી અને ઋષિ,. મુનિ, ત્યાગી, ગૃહસ્થ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર વગેરે રૂપે પ્રવર્તી, સર્વ વિશ્વમાં વિચરી તેઓ સર્વ લોકોનો ઉદ્ધાર કરશે અને વિશ્વમાં પ્રેમ, સ્નેહ, સત્ય, ભક્તિ, સેવા, જ્ઞાન, કર્માદિનું દિવ્ય સામ્રાજ્ય પ્રવર્તાવશે.'

પ્રભુ આમ જે વખતે ચિત્રદુર્ગના લોકોને ઉપદેશ દેતા હતા તે કાળે એક મહાકાય હાથી આવ્યો અને તેણે કમલથી પ્રભુની પૂજા કરી તથા ત્રણ પ્રદક્ષિણા દઈને પ્રભુને નમન કર્યું. તેણે પોતાના ઉદ્ધાર માટે પ્રભુને પ્રાર્થના કરી. તેણે પ્રભુના ચરણમાં મસ્તક મૂકયું. પ્રભુએ તેના મસ્તક પર હસ્ત મૂકી તેનો ઉદ્ધાર કર્યો. તે હાથી દેવલોકમાં દેવ થયો. ચિત્ર-દુર્ગના રાજા તથા લોકોએ પ્રભુ મહાવીરનું શરણ સ્વીકાર્યું. પ્રભુએ સર્વ લોકોને પોતાના ભક્ત બનાવ્યા.

મેદપાટ દેશના લોકોને ધર્મોપદેશ :

પ્રભુ મહાવીરે મેદપાટદેશના અને આઘાટના લોકોને દર્શન પૂજનનો લાભ આપ્યો અને તેમને ઉપદેશ દીધો કે, 'હે લોકો ! તમે સ્વાશ્રયી બનો, વિવેકપૂર્વક વર્તો, અધર્મની પ્રવૃત્તિ-થી દૂર રહો. તમારી શુદ્ધ બુદ્ધિ જે કહે તે પ્રમાણે વર્તો. શરીરનાં બાહ્ય શૃંગારો અને ઘરેણાંની કિંમત ન આંકો, પણ આત્માના સદ્ગુણોની કિંમત આંકો. પહાડી દેશમાં રહીને શારીરિક, માનસિક તથા આત્મિક બળને ખીલવો. પોતાના ઉપરી રાજા અને ગુરુની તથા વૃદ્ધોની સલાહ માનો. અસભ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તનથી દૂર રહેા અને સભ્ય વર્તનથી જીવેા. કુમતિની પ્રેરણા પ્રમાણે વર્તવામાં અધર્મની ઉત્પત્તિ છે અને શુદ્ધ બુદ્ધિની પ્રેરણા પ્રમાણે વર્તવાથી ધર્મ છે, એમ નિશ્ચય કરી પ્રવર્તેા. સંઘબળથી દુષ્ટ શત્રુઓનેા પરાજય કરેા. પરસ્પર એકબીજા પર આવી પડેલાં દુઃખ સંકટ દેખીને પેાતાનાં જ દુઃખ સંકટ ટાળવાના સ્વાર્થી ન બનેા. એકના દુઃખમાં સંઘને દુઃખ માનેા અને સંઘના દુઃખમાં એક પેાતાને પણ દુઃખ અને વિપત્તિ જાણેા.

'વિપત્તિ અને સંકટના સમયમાં કાયર બની અને ગભરાઈ જઈ સ્વધર્મથી પતિત ન બનેા. અધર્મી દુષ્ટ લેાકેાની તાબેદારી ઉઠાવવા કરતાં મરવાનું પસંદ કરેા. સંઘની શક્તિઓ વડે પેાતાનું અને અન્યેાનું કલ્યાણ કરેા. ત્યાગી અને ઋષિવર્ગના નાશથી ગૃહસ્થવર્ગની પડતી અને નાશ છે. ગૃહસ્થવર્ગની પડતી અને નાશથી ત્યાગીવર્ગનેા છેવટે નાશ છે. જ્ઞાની બ્રાહ્મણ સંઘના નાશથી ક્ષત્રિયાદિ ત્રણ વર્ગનેા નાશ છે. ક્ષત્રિય-વર્ગની પડતી તથા નાશથી બ્રાહ્મણ, વૈશ્યાદિ વર્ગનેા નાશ છે. સ્ત્રીવર્ગની પતિત દશાથી પુરુષવર્ગની પતિત દશા થાય છે. પુરુષવર્ગની પતિત દશાથી સ્ત્રીવર્ગની પતિત દશા થાય છે. એક વર્ગની પડતીમાં અન્ય વર્ગની પડતી છે અને એક વર્ગના નાશમાં અન્ય વર્ગનેા નાશ છે એમ જાણી પરસ્પર એકબીજા ઉપર ઉપગ્રહ (ઉપકાર) કરેા.

'એક મનુષ્યના સુખદુઃખની અસર વિશ્વમાં થેાડીઘણી સર્વ ઉપર થાય છે, માટે અન્ય મનુષ્યેાનેં સહાય કરેા. પેાતાના પગ પર ઊભા રહેા. પેાતાને કરવા ચેાગ્ય કાર્યો કરવામાં અન્યની સહાયતાનેા વિશ્વાસ રાખી બેસી ન રહેા. દેશ, સંઘ અને ધર્મ સંબંધી કાર્યોમાં સર્વે ભેગા મળેા અને મેાહને વશ થઈ ફાટફૂટ ન કરેા. અન્ય તરફથી અપમાન, સંકટ વગેરે સહેા, પણ દેશ અને સંઘાદિકનેા દ્રોહ ન કરેા. ઉપસર્ગ, પરીષહ, દુઃખ સહીને કઠિન બનેા અને પેાતાના વંશજોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંકટમાં ધીર બનવાની શિક્ષા આપો. પર્વતના જેવા કઠિન અને ઊંચા બનો તેમ જ પુષ્પના જેવા સુકોમલ બનો. તમે વાયુની પેઠે અપ્રતિબદ્ધ બનો અને જળ જેવા નિર્મળ બનો.'

પ્રભુ મહાવીરદેવ આઘાટ નગરીથી મુહરી (મોરી) નગરીમાં પધાર્યા. મેદપાટની નૈર્ઋત્યમાં પર્વતોની બીણમાં આવેલા મુહરી નગરમાં શ્રી પાર્શ્વનાથનું ચૈત્ય હતું. ત્યાં અનેક પ્રકારના યોગીઓ વસતા હતા. તે અષ્ટસિદ્ધિ અને નવનિધિના ધારક હતા. તેઓએ યોગજ્ઞાનથી પ્રભુ મહાવીરદેવને પરમાત્મા તરીકે જાણી લીધા અને પ્રભુને વિધિપૂર્વક પ્રદક્ષિણા કરી તેમનું વંદન-પૂજન-સ્તવન કર્યું. કેટલાક યોગીઓ, જેઓ મનઃપર્યવજ્ઞાનધારક હતા, તેઓએ અન્ય યોગીઓને જણાવ્યું કે તમારી અનેક ભવની પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિના પ્રતાપે પ્રભુએ અહીં આવીને દર્શન દીધાં છે. માટે પ્રભુને જે કંઈ પૂછવું હોય તે પૂછો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮. આધ્યાત્મિક વિકાસ

કચ્છ, મહાબળ, ત્યક્ષ વગેરે ઋષિઓએ પ્રભુને પૂછ્યું કે, "હે પ્રભો ! આત્મા સર્વજ્ઞ પરમાત્મા બને તેવા ઉપાયો દર્શાવો.'

પ્રભુ મહાવીરદેવે કહ્યું કે, 'કચ્છ, મહાબલાદિ ઋષિઓ ! રાગદ્વેષની પરિપૂર્ણ ક્ષીણતાથી કેવલજ્ઞાનનો પ્રકાશ થાય છે. આત્મામાં અનાદિકાલથી કેવલજ્ઞાન રહેલું છે, પરંતુ તેના પર જ્ઞાનાવરણ આવેલું છે. જ્યાં સુધી મોહ અને અજ્ઞાન છે ત્યાં સુધી જ્ઞાનાવરણનો સર્વથા નાશ થતો નથી. પ્રથમ વ્યવહારસમ્યકત્વને આત્મા પ્રાપ્ત કરે છે અને દેવગુરુની આરાધના કરે છે. પશ્ચાત્ નિશ્ચયસમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ તથા સમકિત મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વમોહનીય એ સાત તમોગુણી પ્રકૃતિનો જ્યારે ઉપશમ થાય છે ત્યારે ઉપશમ સમ્યકત્વદૃષ્ટિનો પ્રકાશ થાય છે. અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભથી ચારિત્રગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી તથા મારા પર અને ત્યાગી સંત ગુરુઓ પર પ્રેમ પ્રગટતો નથી. ત્યારે મારી ભક્તિ કરવાની રુચિ પણ પ્રગટતી નથી. જેનો નાશ ન થાય અર્થાત્ પ્રબળ જ્ઞાન, ધ્યાન, ભક્તિ, તપ, ભાવના વિના જેનો અંત ન આવે એવા કર્મનો બંધ કરાવનાર અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ છે. ચાર પ્રકારના અનંતાનુબંધી કષાયનો ઉપશમ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી આત્માની પ્રતીતિ થાય છે અને આત્માનંદની ઝાંખીનો અનુભવ આવે છે. ત્યારે આત્માનો આનંદ તે જ સત્ય છે, એમ નિશ્ચય થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'સમ્યકત્વમોહનીયથી અપ્રશસ્ય રાગદ્વેષ રહેતો નથી. સમ્યકત્વમોહનીયથી સત્ય દૃષ્ટિ પ્રગટવામાં કંઈક આંખમાં આવરણ રહે છે અને આત્મા-દેવ-ગુરુ-ધર્મમાં શંકા થાય છે, તત્ત્વજ્ઞાનમાં સંશય રહે છે, પોતાના શરીરમાં રહેલા આત્માની શક્તિઓમાં પૂર્ણ વિશ્વાસ બેસતો નથી. મિશ્ર મોહનીયથી આત્મા પોતાનામાં અને જડમાં એમ બેમાં સુખ છે વા એકલા આત્મામાં પૂર્ણ સુખ છે તેનો પૂર્ણ નિશ્ચય કરી શકતો નથી. તેથી આત્મા અને જડ બન્નેમાં સુખની મિશ્રબુદ્ધિ પ્રવર્તે છે. શરીર અને આત્મા બન્ને ભિન્ન છે એવો નિશ્ચય થતો નથી. જડ અને ચેતન બન્નેમાં મિશ્ર આત્મબુદ્ધિ વર્તે છે ત્યાં સુધી મિશ્ર મોહનીય છે. સંસારમાં તેઓ મોહ અને જ્ઞાન બન્ને ભાવથી કથંચિત્ મિશ્રપણે વર્તે છે અને મિશ્ર દૃષ્ટિથી પ્રવર્તે છે. આત્મા અને પ્રકૃતિ બન્નેમાં એકબીજાના આરોપની મિશ્ર દૃષ્ટિ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી જ્ઞાનદૃષ્ટિ પ્રગટતી નથી. આત્મા અને શરીર બન્નેમાં નિત્ય સુખ માનવું તે મિશ્રમોહ છે. આત્મામાં પ્રકૃતિ જોવી અને પ્રકૃતિમાં આત્મા જોવો વા આત્મા અને પ્રકૃતિ બન્નેને એકસરખા માનવા તે મિશ્રમોહ છે. આત્મા અને પ્રકૃતિ બન્નેમાં સુખનો વિશ્વાસ તે મિશ્રમોહ છે. આત્માને નિત્ય જાણવાથી અને શરીરને અનિત્ય, ક્ષણિક જાણતાં મિશ્રમોહ રહેતો નથી. આત્મામાં પ્રકૃતિને અને પ્રકૃતિમાં આત્માને ન જોવાથી મિશ્રમોહ રહેતો નથી. સંસારમાં પ્રવર્તવા છતાં આત્મામાં સુખનો નિશ્ચય માની પ્રવર્તતાં મિશ્રમોહભાવ રહેતો નથી. પ્રારબ્ધ કર્મોદયથી શરીર દ્વારા સાતાવેદનીય ભોગવવા છતાં શરીરમાં નિત્ય સુખ નથી એવો દૃઢ નિશ્ચય થયા પછી મિશ્રમોહ રહેતો નથી તથા આત્મા અને શરીર એક જ છે એવો મિશ્રમોહ તરત ટળી જાય છે.

'જ્યાં સુધી મિથ્યાબુદ્ધિ વર્તે છે ત્યાં સુધી મિથ્યામોહ છે. મિથ્યાબુદ્ધિ ટળવાની સાથે મિથ્યામોહ ટળે છે. મિશ્રમોહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટળવાની સાથે મારા પર ભક્તોનો દૃઢ પ્રેમ અને શ્રદ્ધાભાવ વર્તે છે. મિથ્યામોહ ટળતાં શરીરમાં આત્મબુદ્ધિ રહેતી નથી. મિથ્યામોહ ટળતાં અવળી બુદ્ધિ ટળે છે અને અનેક સાપેક્ષા-વાળી સવળી બુદ્ધિ પ્રગટે છે. ત્યારે આત્મા સર્વ વસ્તુઓને અનેક દૃષ્ટિબિંદુઓથી દેખે છે અને સર્વ પ્રકારના અજ્ઞાનથી બંધાયેલા મત, કદાગ્રહ અને મોહથી રહિત થાય છે. આત્માને આત્મા તરીકે અને જડને જડ તરીકે જાણવામાં મિથ્યાબુદ્ધિ ટળતાં અપાય (વિઘ્ન) નડતો નથી. મિથ્યા નાસ્તિક બુદ્ધિ ટળતાં સત્ય દૃષ્ટિ ખીલે છે.

'ઉપશમસમ્યકત્વદૃષ્ટિથી આત્મા પર અને અન્યાત્માઓ પર સત્ય પ્રેમ પ્રગટે છે. ધર્મ પર અત્યંત રુચિ પ્રગટે છે, મારા પર અત્યંત રુચિ પ્રગટે છે અને સાધુસંતની સંગતિ વિના બિલકુલ ગમતું નથી. મેરુપર્વત જેટલા ઘનના ઢગલા પણ આત્માની આગળ ધૂળનાં ઢેફાં જેવા જણાય છે. જે જે વસ્તુ-ઓથી પૂર્વે મૂંઝાવાનું થતું હોય છે તે ઉપશમસમ્યકત્વ પ્રાપ્ત કર્યા પછી મૂંઝાવાનું થતું નથી. અનંત ક્રોધ–માન–માયા–લોભનો ઉપશમ કર્યા પછી પુનઃ તે પ્રકૃતિનો ક્ષય કરતાં વારંવાર આત્મબુદ્ધિ પ્રવર્તે છે. જડ વસ્તુઓનો મોહ કોઈક વાર થાય છે અને પાછો ટળી જાય છે. જડ વસ્તુઓ ઉપર આસક્તિ થાય અને પુનઃ ટળે, દેવ–ગુરુ–ધર્મ પર પ્રેમ થાય અને પુનઃ ટળે, પુનઃ પ્રેમ પ્રગટે, મારા પર પૂર્ણ શ્રદ્ધા–પ્રેમ થાય, પુનઃ થોડી વાર ટળી જાય, પુનઃ શ્રદ્ધા પ્રેમ થાય—એવી દશાની દૃષ્ટિને ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ જાણવી. વારંવાર અસંખ્યાત વખત આત્માની શ્રદ્ધા–પ્રીતિ થાય, ટળે, પુનઃ શ્રદ્ધા–પ્રેમ થાય એવી દૃષ્ટિવાળા જીવો સદાકાળ એકસરખા શ્રદ્ધાપ્રેમવાળા ભક્ત રહી શકતા નથી. એક ભવમાં એક મનુષ્યને અસંખ્યાત વાર ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. ગૃહસ્થો અને ત્યાગીઓ ઉપશમ અને ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિને પ્રાપ્ત કરી શકે છે. સાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમોગુણી પ્રકૃતિનો સર્વથા નાશ થતાં દેવ-ગુરુ-ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ થાય છે. અને કોઈ પણ જાતનાં શંકા, સંશય કે મોહ રહેતાં નથી. એવી દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ જાણવી. મારા ભક્ત યોગીઓ, ગૃહસ્થો અને ત્યાગીઓ ક્ષાયિક દૃષ્ટિથી પૂર્ણ પ્રેમી બને છે.

'ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિવાળા મારા ભક્ત જૈનો સર્વ વસ્તુઓને સાપેક્ષ દૃષ્ટિથી જોઈને સર્વ વસ્તુઓમાંથી સત્યને ખેંચે છે અને અસત્યને અસત્ય તરીકે જાણે છે. તેઓ ધર્મને ધર્મ તરીકે જાણે છે. તેઓ ધર્મને અધર્મ માનતા નથી અને અધર્મને ધર્મ માનતા નથી, આત્માને જડ પ્રકૃતિરૂપ માનતા નથી અને જડ પ્રકૃતિને આત્મા માનતા નથી. તેઓમાં શુદ્ધ પ્રેમ ઊભરાઈ જાય છે. તેઓ આત્માના પૂર્ણ વિશ્વાસી છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિના ધારક મારા ભક્તો જળમાં કમળની પેઠે સંસારમાંની સર્વ પ્રવૃત્તિઓ કરવા છતાં નિર્લેપ રહે છે. સમ્યગ્દૃષ્ટિ પામીને મારા ભક્તો મોહનો નાશ કર્યા પછી સ્થિર આનંદરૂપ ચારિત્રને પ્રાપ્ત કરે છે. કષાયોના નાશથી આત્માની સર્વ શક્તિઓનો આવિર્ભાવ થાય છે. કષાયોનો નાશ કરવો તે યોગ છે, તે ચારિત્ર છે. જેમ જેમ ક્રોધ, માન, માયા, લોભ, કામ વગેરે કષાયોનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે તેમ તેમ આત્માના સત્ય ધર્મરૂપ જ્ઞાન અને આનંદ પ્રગટ્યા કરે છે. આત્મા પરથી સંપૂર્ણ મોહનું તથા સંપૂર્ણ અજ્ઞાનનું આવરણ ટળતાં સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે છે અને મન થકી બુદ્ધિનો ઉપયોગ કરવાનું રહેતું નથી. મારામાં જેઓ લયલીન થઈ જાય છે તેઓનાં સંપૂર્ણ કર્મ ટળી જાય છે.

'શરીરની ચામડીથી સુખ ભોગવવાની કામવાસના ટાળવાની સાથે મનુષ્યને આત્મસુખનો નિશ્ચય થાય છે. ચામડી અને રૂપનો મોહ જ્યાં નથી ત્યાં શુદ્ધાત્માનો પ્રકાશ થાય છે અને સર્વજ્ઞપણું પ્રગટે છે, એમાં જરામાત્ર સંશય નથી. હે યોગીઓ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવળજ્ઞાન પ્રગટાવવું એ તમારા પુરુષાર્થ પર આધાર રાખે છે. હે યોગીઓ ! અષ્ટસિદ્ધિ કે નવનિધિઓમાં મૂંઝાઈ ન રહો. અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા અને સર્વ પ્રકારના કષાયથી રહિત થઈ જવા ધર્મધ્યાન અને શુકલધ્યાનનું અવલંબન કરો, આત્મામાં મનને લયલીન કરવાથી આત્માની અનંત વિશુદ્ધિ થતાં આત્મા જ પરમાત્મા બને છે.

'જડવાદી મિથ્યાબુદ્ધિ લોકો જડ વસ્તુઓમાં જ સુખના નિશ્ચયની બુદ્ધિવાળા હોય છે. તેથી તેઓ આત્માને પરમાત્મા-રૂપ કરી શકતા નથી. તેઓ જડમાં સુખની બુદ્ધિથી શરીર-દ્વારા સુખનો ભોગ માનીને આત્માને અવલંબનારા બનતા નથી. જેઓને સ્વપ્નમાં પણ મિથ્યાબુદ્ધિ થતી નથી તેઓ આત્મ-ચારિત્રને પામી શકે છે. હે યોગીઓ! તમારા ગુરુના ગુરુઓના ગુરુઓ શ્રી પાર્શ્વનાથના ભક્ત શિષ્ય હતા. તેઓ યોગની સાધના કરતા હતા. તેઓમાંથી નાથ સંપ્રદાય પ્રગટેલ છે. હે યોગીઓ ! તમો કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા સર્વ વિશ્વમાં નિર્બંધ બની નિર્લેપ બુદ્ધિથી વર્તો એટલે તમે કેવળજ્ઞાની બનશો. તમે સિદ્ધ, બુદ્ધ, સ્વતંત્ર, મુક્ત પ્રભુ બનશો.' ઇત્યાદિ પ્રભુનો બોધ શ્રવણ કરીને સર્વ યોગીઓએ પ્રભુ મહાવીરદેવનું શરણ સ્વીકાર્યું. પ્રભુએ સર્વ યોગીઓને પોતાના ભક્ત બનાવ્યા. તેઓને ધ્યાનસમાધિનું સ્વરૂપ સમજાવ્યું અને આત્માની ગુપ્ત શક્તિઓ પ્રગટાવવાની ગુપ્ત યોગવિદ્યા શીખવી.

મોહનો ત્યાગ કરો :

'હે યોગીઓ ! તમે પ્રેમયોગને પ્રાપ્ત કરો. સોળ કષાય અને નવ નોકષાયની તમોગુણ મોહપ્રકૃતિનો નાશ કરો. તમોગુણી અને રજોગુણી મોહપ્રકૃતિના ઉપશમ, ક્ષયો-પશમ અને ક્ષાયિકભાવથી તથા જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મના ક્ષયોપશમ તથા ક્ષાયિકભાવથી અનેક આત્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લબ્ધિઓ પ્રગટે છે અને સાત્ત્વિક મોહપ્રકૃતિનો સર્વથા ક્ષય થવાથી આત્મા પૂર્ણ શુદ્ધ પરમાત્મરૂપે પ્રગટે છે.

'મારા સ્વતંત્ર ધર્મશાસનમાં સર્વ પ્રકારના ત્યાગી મહાત્માઓને પરસ્પર વિચાર અને આચારભેદે શસ્ત્રયુદ્ધ, કલેશ, મારામારી કે પક્ષભેદ કરવાની કંઈ પણ જરૂર નથી. મારા શુદ્ધાત્મસ્વરૂપના જેઓ પ્રેમી બને છે તે ગમે તેવા મત, વેષ, ક્રિયા અને આચારભેદે પણ મને પામી શકે છે અને પરમાત્મસ્વરૂપમય બને છે, એમાં અંશમાત્ર સંશય કરવો નહીં.

'આત્માનાં ત્યાગ અને રાગ બે શસ્ત્રો છે. આત્મા જે કાળે, જે ક્ષેત્રે, જે શસ્ત્રોનો ઉપયોગ કરવો હોય તેમાં તે સ્વતંત્રપણે વર્તે છે અને ત્યારે તે યોગી, પરમહંસ, મહાત્મા આદિ વિશેષણોને લાયક બને છે. વ્રત, નિયમ, આચાર, તપ, જપ, યજ્ઞ, પૂજા, દાન વગેરે સાધનો તે આત્માનાં હથિયારો છે. જે કાળે જેની જરૂર હોય અને જેનાથી મોહાદિ શત્રુઓનો નાશ થતો હોય તે કાળે અને તે ક્ષેત્રે તે તે સાધનરૂપ હથિયારોનો ઉપયોગ કરો. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ત્યાગાશ્રમ વગેરે આશ્રમો તથા અવસ્થાઓ કિલ્લાના જેવી છે. તેમાં રહીને મોહરાજાના સૈનિકોને હરાવવા જોઈએ. જે કાળે, જે ક્ષેત્રે સ્વાધિકારે જે કિલ્લામાં રહીને શત્રુઓનો પરાજય કરવો હોય તે કિલ્લામાં રહો. હે યોગીઓ! મન-વાણી-કાયાના બાહ્ય યોગો પણ સાધનરૂપ અવલંબનયોગ્ય છે. તે યોગોનો વિવેકપૂર્વક ઉપયોગ કરો. અસંખ્ય પ્રકારના યોગો છે. જેને જે રુચે તે ગ્રહો અને જે પસંદ ન પડે તેમાં પોતાનો અધિકાર નથી એમ જાણી ખંડન, મંડન, વિવાદ કે પક્ષભેદમાં ન પડો અને અપેક્ષાએ ભિન્નભિન્ન અને વિવિધ યોગોમાં સાધનસાધ્ય દૃષ્ટિએ એકતા, ઉપયોગિતા અને સિદ્ધતારૂપ ફળ જુઓ.

'હે યોગીઓ! સર્વ પ્રકારના યોગોનું મૂલ આત્મા છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને આત્મા તે જ મહાવીર પરબ્રહ્મ હું છું એમ પોતપોતાને માની અંતરમાં જુઓ. આત્માનું જડમાં પરિણમન ન કરો. આત્મરૂપ મહાવીરદેવનું સર્વ વિશ્વ છે. તેમાં આત્માનંદથી દેહમાં રહીને તથા દેહાતીત થઈને ખેલો. સર્વ ચમત્કારમંત્રનું ધામ તમે પોતે છો. તેથી ચમત્કારોને દેખી કે બતાવી મૂંઝાઓ નહીં. અભિમાની ન બનો. પ્રગટેલી યોગશક્તિઓનો પરમાર્થમાં સદુપયોગ કરો અને પ્રાણાંતે પણ અન્ય લોકોના વિનાશાર્થે તેઓનો ઉપયોગ ન કરો. એવી રીતે તમે વર્તશો એટલે અનંત જ્ઞાનાદિ શક્તિઓ તરત પ્રગટશે. ઇન્દ્રજાલિક જાદુગરની પેઠે યોગવિદ્યાનો ઉપયોગ કરવાની ઇચ્છામાત્ર કરતાં, પોતાની મોટાઈ દેખાડવાની ઇચ્છા થતાંની સાથે તથા સર્વ પદાર્થોમાં સમભાવના સ્થાને વિષમભાવ થતાંની સાથે પ્રકૃતિની માયાથી તમે આવૃત થશો. પરિણામે આગળનાં દ્વાર બંધ થશે. ગર્વ થતાં આત્માની શક્તિઓ પર કર્માવરણનો પડદો પડે છે. તમે પોતે પ્રભુ છો અને પ્રભુત્વ ખીલવો છો તેમાં વિઘ્ન થાય એવી અહંતાથી દૂર રહો.

'તમારા આત્મામાં જે શક્તિઓ છે તે જ પ્રગટ થાય છે. કર્માવરણ દૂર થવાથી જે શક્તિઓ છે તે જ પ્રકાશી નીકળે છે. એમાં આશ્ચર્ય અને અહંકાર કરવાની કંઈ જરૂર નથી. તમારા આત્માઓમાં જે શક્તિઓ છે તે સર્વમાં છે. માટે અહંકારથી દૂર રહો અને જે જે શક્તિઓ અને લબ્ધિઓ પ્રગટી હોય તેઓને પાસે રહેનાર પણ બાસ કારણ વિના ન જાણે એવી રીતે અજાણ બની મૌનપણે પ્રવર્તો. ગમે તે રીતે તમને રુચે તે પ્રમાણે બાહ્યથી આજીવિકાદિ કારણમાં પ્રવર્તો અને અંતરમાં મારી સાથે એકતાનતા સાધો.

'જે જે શુભ વા અશુભ પ્રારબ્ધકર્મ ઉદયમાં આવેલાં હોય અને તેથી સુખ, દુઃખ, હર્ષ, શોકમાં સમાનતા રાખીને મારી સાથે અભેદપણે વર્તો. ચક્રની ધારા ઊંચી નીચી થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે તેમ શુભાશુભ કર્મના ઉદયથી જ્ઞાનીઓને, યોગીઓને અને અજ્ઞાનીઓને બાહ્યથી લોકવ્યવહારે ઉચ્ચનીચપણું પ્રાપ્ત થાય છે. તેમાં બાહ્યથી તો બન્નેમાં શુભાશુભ કર્મના ભોગમાં એકસરખાપણું દેખાય છે, પણ આત્માની અપેક્ષાએ જ્ઞાનીઓ બાહ્યના શુભાશુભપણાથી અંતરમાં નિર્લેપ રહે છે અને અજ્ઞાનીઓ શુભાશુભ હર્ષ, શોક વગેરે કષાયોને સેવી સલેપી બને છે. જ્ઞાની અને યોગીઓને મોહાદિ કષાયસાગરના મધ્યમાં રહ્યા છતાં નવીન કર્મનો બંધ થતો નથી. હે યોગીઓ! પ્રારબ્ધ કર્મોને સમભાવે ભોગવો અને તે જ ભોગકાળમાં સંચિત કર્મોને દૂર કરો તથા સ્વાધિકારે પ્રવૃત્તિમાં ક્રિયમાણ કર્મથી અબંધ રહો. એ જ સર્વ યોગોને અલ્પકાળમાં પ્રાપ્ત કરવાની અમોઘ શક્તિ છે. આત્માને અનાદિકાળથી અન્ય કોઈ બાંધવા આવ્યું નથી અને આત્માને અન્ય કોઈ છોડાવવા આવનાર નથી. આત્મા પોતાને બાંધે છે અને આત્મા જ પોતાને છોડે છે, એમ વ્યવહારનયથી ઉપચારદૃષ્ટિએ તમે જાણો. સદ્ભૂત નિશ્ચયાત્મદૃષ્ટિએ આત્મા ત્રણ કાલમાં સ્વતંત્ર શુદ્ધ બુદ્ધ મુક્ત છે. તેને કોઈ બાંધતું નથી.

'આત્માને જડ કર્મ બાંધવાને ત્રણે કાળમાં શક્તિમાન નથી એમ સમજો અને આત્મભાવમાં રમો. આત્માનું સર્વત્ર સર્વદા સર્વ વસ્તુઓના સંબંધમાં આત્મભાવે પરિણમવું— સમભાવે પરિણમવું તે મહા સત્ય સામાયિકયોગ છે.

'એવા સામાયિકયોગમાં રહો અને સર્વલોકમાં સમભાવે યોગીપણું દેખો અને સ્વાધિકારે બાહ્ય પારમાર્થિક કાર્યોને કરો. રાત્રિદિવસમાં ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં રહો. આત્માની શુદ્ધતા કરવાનું લક્ષ્યમાં રાખીને તથા વિશ્વપ્રકૃતિમાં આત્માનો ઉપચાર કર્યા વિના વિશ્વપ્રકૃતિને પ્રકૃતિરૂપ જાણીને સ્વતંત્રપણે વિવેકથી વર્તો.' યોગીઓએ પ્રભુ મહાવીર વિભુની આજ્ઞા મસ્તકે ચઢાવી અને પ્રભુના શાસનરાજ્યમાં આવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મખેટકમાં પધારવું :

પ્રભુ સાબરમતી નદીની પૂર્વદિશાએ આવેલા પાર્વતીય બ્રહ્મખેટક (ખેડબ્રહ્મા) નગરના નદીકાંઠાના પૂર્વ દિશાના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં સૂર્યવંશી ધર્મપાલ રાજા રાજ્ય કરતો હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના વાસથી નગર અત્યંત સુંદર શોભતું હતું. નગરમાં બ્રાહ્મણોની સંખ્યા પુષ્કળ હતી તેથી બ્રહ્મખેટકપુર તરીકે નગર પ્રસિદ્ધ થયું હતું. ધર્મપાલ રાજા વગેરે સર્વે લાખો મનુષ્યો પ્રભુનાં દર્શન કરવા નદીકાંઠે આવ્યા. ઋષિવૃન્દવાળા ઉદ્યાનમાં લોકોએ જાંબુના વૃક્ષ તળે બેઠેલા પ્રભુ મહાવીરદેવનું અત્યંત પ્રેમથી દર્શન અને પૂજન કર્યું. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ સર્વ લોકોએ નમન કર્યું.

પરિણામે બંધ, ઉપયોગે ધર્મ :

પ્રભુએ પરિણામે બંધ, ઉપયોગે ધર્મ અને ક્રિયાએ કર્મ પર અત્યંત બોધપ્રદ ઉપદેશ આપ્યો. તેઓએ કહ્યું: ' મનમાં જેવો પરિણામ થાય છે તેવો કર્મનો બંધ પડે છે. સર્વ વસ્તુઓના સંબંધમાં આવવા છતાં આત્માની યાદી રહે તો આત્માના ગુણરૂપ ધર્મનો પ્રકાશ થાય છે. આત્માનો ઉપયોગ એ જ આત્મજ્ઞાન છે. આત્મા પોતાના જ્ઞાનરૂપ ધર્મથી ધર્મી છે. આત્માના જ્ઞાન અને આનંદ સ્વભાવ વિના અન્ય કોઈ અસ્તિધર્મ નથી. આત્મા ઉપયોગપૂર્વક સ્વાધિકારે ક્રિયાઓ કરવા છતાં કર્મનો બંધ કરતો નથી. આત્મામાં જ્ઞાનાગ્નિ પ્રગટ્યા પછી કર્મરૂપ ઊધઈ લાગી શકતી નથી. આત્મા પોતાના જ્ઞાનથી અનંત કર્મકાષ્ઠોને એક ક્ષણમાં બાળીને ભસ્મ કરે છે. જ્ઞાનીઓ પાંચે જ્ઞાનેન્દ્રિયો અને પાંચે કર્મેન્દ્રિયોના ધર્મને બજાવે છે, પરંતુ તેઓ મનમાં શુભાશુભ પરિણામ નહીં કરતા હોવાથી સર્વ ક્રિયામાં અંતરથી અક્રિયપણે વર્તે છે.'

આશય પ્રમાણે ફળ—દૃષ્ટાંત :

' આ નગરની દક્ષિણ દિશાએ શ્રીપાર્શ્વનાથ પ્રભુના સમય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માં શિયાલાની ઋતુમાં એક મુનિ ધ્યાન ધરતા હતા. ત્યાં એક ગાડાવાળો આવ્યો. તેણે વિચાર્યું કે મુનિની ચારે બાજુએ પૂળાનું છાપરું કર્યું હોય તો સારું. તેણે ચારે તરફ પૂળાનું છાપરું કર્યું. એવામાં બીજો ગાડાવાળો આવ્યો. તેણે પૂળાની કુટીરમાં મુનિને દેખ્યા. તેના મનમાં વિવેકવિચાર આવ્યો કે આ ઝૂંપડામાં અગ્નિના તણખા પડશે તો ઝૂંપડું બળવાની સાથે મુનિ બળી જશે. એમ વિચારી પૂળાનું ઝૂંપડું કાઢી નાખ્યું. એવામાં ત્યાં આકાશમાંથી વિદ્યાધર અને વિદ્યાધરી વિમાનમાંથી હેઠાં ઊતર્યાં. તેમણે મુનિમહારાજને વંદન કરી શરીરે ચંદન વગેરે સુગંધી પદાર્થોનું વિલેપન કર્યું. તેઓ આકાશમાં ઊડી ગયાં અને ત્યાં ભ્રમરો આવ્યા, ભ્રમરોએ મુનિના શરીરને ડંસ દીધા. એવામાં ત્યાં એક ભીલ આવ્યો. તેણે ચંદન વગેરે પદાર્થો દૂર કરવા મુનિના શરીર પર જળ રેડ્યું. એવામાં ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. તેણે મુનિને શીત ન લાગે તદર્થે અગ્નિની તાપણી કરી. ત્યાં એક ઋષિ હતા. તેમણે આ વૃત્તાંત દેખ્યો. તેમણે મુનિ માટે જુદી જુદી ભક્તિરૂપ પ્રવૃત્તિ કરનારાઓને સંવર–નિર્જરારૂપ ધર્મફળ કહ્યું. કરેલું શુભ કર્મ શુભ ફળ આપે છે. ધર્મના પરિણામથી તેઓએ મુનિની જુદી જુદી રીતે પર્યુપાસના કરી. તેનું ધર્મફળ કહ્યું. ધર્મના પરિણામથી કાર્ય કરતાં તે મુનિના શરીરનો કદાપિ નાશ થાય તોપણ ભક્તિ અને સેવાબુદ્ધિથી ધર્મ જ થાય છે, કારણ કે ત્યાં ઉપયોગથી પ્રવૃત્તિ છે. અધર્મબુદ્ધિજન્ય અધર્મપરિણામથી અધર્મ કર્મબંધ થાય છે. જેવા આશયથી કાર્ય કરવામાં આવે છે તેવું ફળ પ્રાપ્ત થાય છે, બાહ્ય ક્રિયાકર્મ કરતાં મનમાં પ્રગટતા શુભ–અશુભ આશય પર ધર્માધર્મનો આધાર છે. બાહ્ય ક્રિયાકર્મ અને શુભાશુભ આશય વિના નિષ્કામભાવથી અર્થાત્ આત્મોપયોગથી બાહ્ય ગમે તેવાં ગણાતાં કાર્યો કરતાં શુભાશુભ કર્મનો બંધ થતો નથી. આત્માના જ્ઞાનોપયોગ આગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિણામ અને ક્રિયાનું કંઈ પણ ચાલતું નથી. આત્માના જ્ઞાન-પૂર્વક ભક્તિ, ઉપાસના તથા સાંસારિક કર્તવ્ય કાર્યો કરતાં આત્મા વિશુદ્ધ અને નિર્બંધ રહે છે.'

જંબુવૃક્ષનું દૃષ્ટાંત :

'હે ભવ્ય લોકો! આ જંબુવૃક્ષ પરથી હું તમને મનના શુભાશુભ પરિણામે જે છ પ્રકારની લેશ્યા કહેવાય છે તે સમજાવું છું. પાકેલાં જાંબુફળથી ભરેલા જંબુવૃક્ષને દેખીને કેટલાક લોકોના મનમાં એવો વિચાર થયો કે આ જંબુવૃક્ષને મૂળમાંથી કાપી નાખી, હેઠું પાડી પછી સર્વ જાંબુફળ ખાઈએ. કેટલાક મનુષ્યોએ કહ્યું કે આખુ જંબુવૃક્ષ પાડવાની કંઈ જરૂર નથી. જંબુવૃક્ષના એક મોટા સ્કંધને કાપી તોડીને જાંબુફળ ખાઈએ તો સારું. કેટલાક મનુષ્યોએ કહ્યું કે જંબુવૃક્ષના સ્કંધને કાપવા કરતાં ડાળું કાપી ફલ ખાઈએ તો સારું. કેટલાક મનુષ્યોએ કહ્યું કે ડાળું કાપી નાખવાની શી જરૂર છે? જાંબુનાં લૂમખાં તોડી પાડીએ, ત્યારે કેટલાક મનુષ્યોએ કહ્યું કે લૂમખાંમાં તો કાચાં અને પાકાં બન્ને જાતનાં જાંબુફળ છે તેથી પાકા ભેગાં કાચાં ફળ નકામાં તોડવાં સારાં નહીં. એવામાં કેટલાક મનુષ્યોએ કહ્યું કે જંબુવૃક્ષ પર ચઢી પાકાં ફળ ખાઈએ, ત્યારે કેટલાક લોકોએ કહ્યું કે ઉપર ચઢી પાકાં ફળ વીણીને ખાવાને બદલે હેઠળ પડેલાં પાકાં ફળ ખાઈએ તો આપણે સર્વ ધરાઈને ખાઈ શકીએ તેમ છીએ.

છ લેશ્યાઓનું સ્વરૂપ :

'આખું જંબુવૃક્ષ કાપવાના પરિણામ તે કૃષ્ણલેશ્યા છે, સ્કંધ કાપવાના પરિણામ તે નીલલેશ્યા છે, ડાળી કાપવાના પરિણામ તે કાપોતલેશ્યા છે. ગૂમખું તોડવાના પરિણામ તે તેજોલેશ્યા છે. ઉપરથી પાકાં ફળ વીણવાના પરિણામ તે પદ્મ-લેશ્યા છે અને હેઠળથી ફળ વીણી ખાવાના પરિણામ તે શુકલ લેશ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'એક નગરને નાશ કરવાને કેટલાક ક્ષત્રિયો નગરની પાસે ગયા. કેટલાકે કહ્યું કે આખા નગરને બાળી ભસ્મ કરી નાખીએ, તો કેટલાકે કહ્યું કે નગરમાં પુરુષો અને સ્ત્રીવર્ગ છે તેમાં સ્ત્રીઓએ આપણો અપરાધ કર્યો નથી માટે પુરુષોને મારી નાંખીએ. કેટલાકે કહ્યું કે પુરુષોમાં વૃદ્ધો અને બાળકોએ આપણો અપરાધ કર્યો નથી, માટે યુવકોને મારવા. કેટલાકે કહ્યું કે સર્વ યુવકો આપણો શત્રુ નથી. જેઓ અપરાધી છે તે યુવકોને મારી નાખવા. કેટલાકોએ કહ્યું કે જે યુવકોએ આપણા મનુષ્યો માર્યા હોય તેઓની તપાસ કરી તેઓને મારી નાખવા. કેટલાકોએ કહ્યું કે જો તેઓ માફી માગે અને પાછી હિંસા ન કરે તો તેઓને માફી આપવી. આખું નગર બાળવાના વિચારો એ કૃષ્ણલેશ્યા છે, પુરુષોને જ મારી નાખવા એવા વિચારો તે નીલલેશ્યા છે, યુવકોને મારી નાખવા એવા વિચારો તે કાપોતલેશ્યા છે, અપરાધી શસ્ત્રધારી યુવકોને મારી નાખવા તે પદ્મલેશ્યા છે અને હિંસા કરનારા યુવકોને પણ જો માફી માગી પશ્ચાત્તાપ કરે તો જવા દેવા તે શુકલલેશ્યા છે.

'કૃષ્ણલેશ્યાના વિચારોની અપેક્ષાએ નીલલેશ્યાના વિચારો શુભ છે. નીલલેશ્યાના વિચારો કરતાં કાપોતલેશ્યાના વિચારો શુભ છે. કાપોતલેશ્યાના વિચારો કરતાં તેજોલેશ્યાના વિચારો શુભ છે. તેજોલેશ્યાના વિચારો કરતાં પદ્મલેશ્યાના વિચારો ઘણા શુદ્ધ ઉત્તમ છે અને પદ્મલેશ્યાના વિચારો કરતાં શુકલલેશ્યાના વિચારો, સંકલ્પો–વિકલ્પો, પરિણામો, અધ્યવસાયો, આશયો અત્યંત વિશુદ્ધ અને ઉત્તમોત્તમ છે. દરેક કાર્ય કરતાં છ લેશ્યાના પરિણામો પૈકી અમુક લેશ્યાના પરિણામ વર્તે છે તે આત્મજ્ઞાનથી પોતાને તરત જણાય છે.

'સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ લોકોને છ લેશ્યાઓ છે. ચાર નિકાયના દેવોને અને દેવીઓને છ લેશ્યા છે. તિર્યંચગતિમાં છ લેશ્યા છે. નરકમાં જીવોને છ લેશ્યા છે. કૃષ્ણલેશ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વ જીવોને એકસરખી હોતી નથી. તે પ્રમાણે ષટ્લેશ્યાના વિચારો સર્વ આત્માઓને એકસરખા હોતા નથી. એક લેશ્યાના વિચારવાળામાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ હોય છે. તે પ્રમાણે છ લેશ્યાના વિચારોમાં પરસ્પર ષડ્ગુણ હાનિવૃદ્ધિ જાણવી. જ્યાં સુધી મન છે ત્યાં સુધી શુભાશુભ વિચારરૂપ શુભાશુભ લેશ્યા છે. આદ્ય ત્રણ લેશ્યાઓ અશુભ છે. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા શુભ છે. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના વિચારથી સમ્યગ્દૃષ્ટિ અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

'વિચારોને છ વિભાગમાં વહેંચવા તે છ લેશ્યા જાણવી. શુભાશુભ પરિણામના વિચારોના લેશ્યાની અપેક્ષાએ છ વિભાગ પડે છે. છ લેશ્યાના મનોદ્રવ્યની અપેક્ષાએ છ પ્રકારના રંગ છે અને વિચારના મનોદ્રવ્યરૂપ પુદ્ગલસ્કંધના તે રંગોને આત્મજ્ઞાનથી ધ્યાનીઓ દેખી શકે છે. જેમ જેમ મનના વિચારો ઉચ્ચ, શુદ્ધ અને ગુણધારક થતા જાય છે તેમ તેમ ઉચ્ચ લેશ્યાના રંગો થતા જાય છે અને શરીર પર ઓજસ પ્રકાશે છે. લેશ્યાના રંગોથી વિચારોનું જ્ઞાન થાય છે. ભય, ખેદ, દ્વેષ, મોહ, કામના વિચારો જેમ જેમ ટળે છે તેમ તેમ શુદ્ધ વિચારો પ્રગટ્યા કરે છે. લેશ્યાઓ એ જ મનના પરિણામો છે. આત્માનો ઉપયોગ દેતાં શુભાશુભ વિચારોના વિકલ્પ-સંકલ્પ કરવાની ક્રિયા બંધ થાય છે. મારા ભક્તો પાસે અશુભ લેશ્યાઓ રહેતી નથી. મારા ભક્તો શુભ લેશ્યાઓને વરે છે અને છેવટે સર્વ પ્રકારની લેશ્યાઓથી રહિત થાય છે. મારી ભક્તિ અને ઉપાસનામાં શુભ લેશ્યાઓ સર્વ પ્રકારનાં કાર્યો કરવા છતાં વર્તે છે.

'ધનદત્ત શેઠનો પુત્ર ઇલાકુમાર હતો. તેણે નટડી સાથે લગ્ન કર્યું હતું અને તે નટનાં કર્મ કરતો હતો. તેણે દોર પર નાચતાં આત્માનો ઉપયોગ મૂક્યો અને નાચવાની ક્રિયા કરવા છતાં વાંસના દોર પર કેવળજ્ઞાન પામ્યો. પૃથ્વીચંદ્ર અને ગુણસાગરે અનુક્રમે રાજસભામાં અને ચોરીમાં આત્મોપયોગથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાનનો આત્મામાં પ્રકાશ કર્યો. ભવ્ય લોકો! ઉજ્જવલ લેશ્યાના વિચારો કરો અને મનના વિચારો છાંડી આત્મોપયોગી થાઓ.

'અશુભ વિચારો અને અશુભ કર્મોથી દેશ, રાજ્ય અને સંઘનો પરંપરાએ નાશ થાય છે. શુભ વિચારો એ જ સ્વર્ગ અને અશુભ વિચારો એ જ નરક છે. શુભ કર્મ એ જ સ્વર્ગ અને અશુભ કર્મ એ જ નરક છે. શુભ કર્મ અને અશુભ કર્મ બન્ને મનની શુભાશુભ કલ્પનાથી વ્યવહારાય છે. આત્મજ્ઞાની થયા પછી મારા ભક્તો પરિણામ અને કર્મને સાધન તરીકે વાપરે છે અને પરિણામ તથા ક્રિયાઓનો જ્યારે ત્યાગ કરવો હોય છે ત્યારે ત્યાગ કરે છે. સ્વાધિકારે સર્વ કર્તવ્યકર્મો કરો, પણ આત્મા વિના અન્ય કંઈ ન ઇચ્છો. મને ઇચ્છો, મને પામો. મારામાં પ્રેમ રાખો અને તે પ્રેમથી સર્વ લોકોને દેખો અને વર્તો. કોઈ વખત ઉદ્વાસ ન રહો. મારાં દર્શન કર્યા પશ્ચાત્ તમારો મેં ઉદ્ધાર કર્યો છે. ઉજ્જવલ પરિણામવાળા બનો. આત્મોપયોગથી વર્તો. પરિણામ એ મનનો ધર્મ છે અને ઉપયોગ એ આત્માનો ધર્મ છે. આત્માના ઉપયોગથી રહેતાં સર્વ પ્રકારની નિત્ય–નૈમિત્તિક કે આકસ્મિક ક્રિયાથી મુક્તિ થાય છે. જ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં સર્વ કર્મનો ક્ષય કરે છે અને અજ્ઞાની કરોડો ભવ સુધી તપક્રિયા કરવા છતાં પણ મારા જ્ઞાન વિના મુક્તિ પામી શકતો નથી. શાસ્ત્રોના શ્લોકો મુખે કરવા માત્રથી મારી પ્રાપ્તિ થતી નથી. શબ્દ–શાસ્ત્ર, ભાષાશાસ્ત્રાદિ શાસ્ત્રોના પારગામીઓ પણ મારી ભક્તિ–ઉપાસના વિના આત્માના ઉપયોગને પ્રાપ્ત કરી શકતા નથી.

'કરોળિયો જાળું રચીને તેમાં સપડાય છે તેમ તમો મોહપ્રકૃતિનું જાળું રચીને તેમાં ફસાઈ ન પડો. વિશ્વની સમૃદ્ધિ અને વિશ્વનું રાજ્ય તથા વિશ્વના કર્તાહર્તા હોવા છતાં તમે પોતે આત્મા છો એવી યાદીથી વિશ્વમાં બંધાવાના નથી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વ તમને બાંધવા શક્તિમાન થવાનું નથી—એવા તમે આત્મા-ઓ છો એવો વિશ્વાસ રાખીને વર્તો. સ્થૂલ શરીરમાં રહેલા એવા હે લોકો! તમે વિશ્વમાં સર્વજ્ઞ થવા મુસાફરી કરો છો, એવો નિશ્ચય રાખો. જેમાં તમને આનંદરસ પડે તેવું સર્વ કર્મ કરવાનો તમારો અધિકાર છે. જે કરવામાં તમને રસ પડતો નથી તે કરવાનો તમારો અધિકાર નથી, એવો સત્ય નિયમ છે. આ સત્ય નિયમ જ મારી આજ્ઞા છે. તમને જે કર્મ કરવામાં કંટાળો આવે છે કે ગમતું નથી, અરુચિ થાય છે, તે કર્મ કરવામાં તમારો અધિકાર નથી. તમને જે રીતે આનંદરસ ઉત્પન્ન થાય તે જ રીતથી પ્રવર્તી આગળ વધો. જ્યાં રસ પડે ત્યાં મારું આનંદ-સ્વરૂપ છે. જ્યાં આનંદરસ પડે ત્યાંથી તમારા મોક્ષનો સ્વતંત્ર યોગ શરૂ થાય છે. સર્વ મનુષ્યોના રુચિ અને રસના માર્ગ અસંખ્યાત છે. જ્યાં એકને રસ પડે છે ત્યાં બીજાને રસ પડતો નથી. માટે જે ગમે તે કરો, એ જ તમારા માટે યોગ છે. તમારા માટે જે રસદાયક નથી તેમાં પ્રવર્તવું તે જ ગુલામી, પરતંત્રતા, શુષ્ક ક્રિયા તથા જડપણું છે. તેનાથી દૂર રહો. જ્ઞાન, ભક્તિ, સેવા, કર્મ, વિનય, શ્રદ્ધા, સદાચાર, વિવેક, નિવૃત્તિ વગેરે અસંખ્ય મોક્ષમાર્ગો છે. દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સંતોષ વગેરે અસંખ્ય મોક્ષમાર્ગો છે. તમને જે રુચે અને જ્યાં તમને રસ પડે ત્યાં આગળ વધો. સર્વ યોગો એ જ મારો **જૈનધર્મ** છે અને તેનાથી જિનધર્મની પ્રાપ્તિ થાય છે. પરબ્રહ્મ એવા મારી ઉપાસના કરો. મારું ધ્યાન ધરો. સત્તાએ હું એક છું, એક બ્રહ્મ છું. એવા મને ધ્યાવો અને આનંદરસરૂપ અમૃતનું પાન કરી અમર બનો.'

એ પ્રમાણે પ્રભુએ બ્રહ્મખેટકપ્રદેશવાસી ઋષિ, બ્રાહ્મણો વગેરેને ઉપદેશ આપ્યો. એ ઋષિ, બ્રાહ્મણો **જૈનધર્મી** હતા. તેઓ શ્રી પાર્શ્વનાથના ધર્મશાસનમાં હતા. હવે તેઓ પ્રકટ પ્રભુ પરમાત્મા મહાવીર દેવના ધર્મસામ્રાજ્યમાં આવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પ્રભુના ભક્ત બન્યા. પ્રભુએ તેઓને મુક્તિભાવ આપ્યો.

વિદ્યાપુર-પ્રબોધ :

પ્રભુ મહાવીર પરમેશ્વર પુનઃ સાબરમતી નદીની પાસે આવેલા વિદ્યાપુર નગરમાં આવ્યા. તેમનાં દર્શન કરવા લાખો પુરુષો અને સ્ત્રીઓ આવ્યાં. પ્રભુનાં દર્શન કરી સર્વ લોકો અત્યાનંદ પામ્યાં. પ્રભુએ ભક્ત લોકોને જણાવ્યું કે, 'તમો સાધુ, સંત, મહાત્માઓની સેવા કરો. સેવાધર્મથી જે ન મળી શકવાનું હોય તે મળી શકે છે. જીવન્મુક્ત મહર્ષિઓને પ્રારબ્ધ પ્રમાણે જીવનપર્યંત સેવા કરવી પડે છે. બ્રાહ્મણોએ લોકોની વિદ્યાદાનથી સેવા કરવી. ક્ષત્રિયોએ લોકોના જનમાલની રક્ષા કરવારૂપ સેવા કરવી. વૈશ્યોએ ધનાદિકના દાનથી લોકોની સેવા કરવી. શૂદ્રોએ લોકોનાં ઉપયોગી કાર્યો કરવાં. અહંકાર, ખેદ, કલેશ અને ભય છે ત્યાં સેવા નથી. જે કાળે લોકોને જે સેવાની જરૂર હોય તે કાળે લોકોની તેવા પ્રકારની સેવા કરવી. પરસ્પર લોકોએ ભેગા મળીને ધન, માલ, પશુ વગેરેની તકરારી બાબતનો અંત આણવો. લોકોએ અરસપરસ એકબીજાને ગુપ્ત સહાય આપવી, ગુપ્તદાન કરવું. પ્રાણાંતે પણ વિરોધ થતાં એકબીજાનાં દૂષણો પ્રગટ ન કરવાં. જે કંઈ કરવું તે મારી ભક્તિથી કરવું. મારામાં સર્વસ્વાર્પણ કરવું. એકબીજા પર કરેલા ઉપકારોને કહી બતાવવા નહીં. શારીરિક વીર્યની બ્રહ્મચર્યથી રક્ષા કરવી. સંતાનની ઉત્પત્તિ કરવાના પ્રસંગ સિવાય પુરુષોએ સ્ત્રીઓના સમાગમમાં ન આવવું. પતિ અને પત્નીએ એક શય્યામાં ભેગાં સૂઈ રહેવું નહીં. પતિ અને પત્નીએ સંતાનોત્પત્તિની ઇચ્છાથી સંસાર માંડવો. પતિ અને પત્નીએ પ્રેમમાં, વિચારમાં, આચારમાં, મૈથુનમાં વ્યભિચારીપણું કરવું નહીં.

'મિથ્યા દેવો અને દેવીઓની તૃપ્તિ માટે પશુહિંસાદિ કુકર્મો કરવાં નહીં. ગુરુ પર પૂર્ણ શ્રદ્ધા-પ્રીતિ ધારવી અને ગુરુની આજ્ઞા પાળવામાં અત્યંત ઉત્સાહથી વર્તવું. સાધુ, સંત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાત્માઓની નિંદા ન કરવી. કજિયાદલ્લાલો બની તે વડે પ્રાણાંતે પણ આજીવિકા ન ચલાવવી. સ્ત્રીએ વેશ્યાકર્મ કરી જીવવા કરતાં મરવામાં કલ્યાણ માનવું. પુરુષવર્ગે પુત્રોનું અને બાલિકાઓનું બાળલગ્ન પ્રાણાંતે પણ ન કરવું. શરીરનું આરોગ્ય રહે એવી રીતે આસન, પ્રાણાયામ, કસરત કરવાં તથા નિયમિત ખોરાક લેવો. બાળકોને અને બાલિકાઓને ધર્મશાસ્ત્રો શીખવવાં. ચંડાલ વગેરે શૂદ્રો પૈકી એક પણ મનુષ્યને વિદ્યાજ્ઞાન વિનાનો ન રાખવો. વિદ્યાગુરુઓએ વિદ્યાનો વિક્રય ન કરવો. કન્યા-વિક્રય અને વરવિક્રયથી પણ વિદ્યાનો વિક્રય અધિક દોષવાળો છે. વિદ્યાર્થીઓને સર્વ જાતની વિદ્યાનું શિક્ષણ આપવું અને તેઓને સર્વ પ્રકારે શક્તિમાન બનાવવા. હે વિદ્યાપુરવાસી લોકો! મારી શિક્ષા પ્રમાણે વર્તો. વિદ્યાપુરમાંથી જૈનધર્મોદ્ધારક આચાર્યો ભવિષ્યમાં પ્રગટશે અને તેથી જૈન સામાજ્યનો વિશ્વમાં સર્વત્ર સંદેશો પહોંચશે. શરીરે બળવાન થાઓ. શરીરવીર્યનું એક બિંદુ પણ નકામું ન જવા દો. શરીરવીર્યના એક બિંદુની અનંતગણી કિંમત જાણો. મનમાં નકામો એક વિચાર પણ ન કરો. આત્માનું બળ પ્રાપ્ત કરો અને કામરૂપી પશુને સદા આજ્ઞા પ્રમાણે વર્તાવો. તમારી ચડતી કરવી વા તમારી પડતી કરવી એ તમારા હાથમાં છે. પરસ્પરમાં મારા સરખો પ્રેમ ધારણ કરો. વૈર, દ્વેષ, ઈર્ષ્યાથી હજારો ગાઉ દૂર રહો. મહાત્માઓની સેવા કરો, પણ મહાત્માઓને ક્રોધી ન કરો. ગુરુના હુકમમાં અને મારા હુકમમાં ભેદભાવ ન રાખો.

'તમારા પુત્રોને પ્રામાણિક કરવા માટે પ્રથમ તમો પ્રામાણિક બનો. અપ્રામાણિક મનુષ્યોના વંશજો દુનિયામાં જીવી શકતા નથી. છેવટે તેઓનો નાશ થાય છે. તમો એકલપેટા ન બનો. તમારી સંપત્તિમાંથી જેઓને આપવાલાયક કંઈ હોય તેઓને નિષ્કામબુદ્ધિથી આપો. દેવ-ગુરુ-ધર્મ પરથી તમારી શ્રદ્ધા-પ્રીતિ ઊઠવાની સાથે તમારી અને તમારી વંશ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંપરાની પડતી છે. પરંતુ આચાર્ય, સાધુઓ પર શ્રદ્ધા–પ્રેમથી તમારી ચઢતી છે એમ જાણો. તમારા ગુરુઓ પર તમારા વંશજોનો જ્યાં સુધી પૂર્ણ વિશ્વાસ અને પ્રેમ છે અને તેઓની આજ્ઞા પ્રમાણે જ્યાં સુધી તમારા વંશજો વર્તશે ત્યાં સુધી વિદ્યાપુરની વિશ્વમાં હયાતી રહેશે. વિદ્યાજ્ઞાન પ્રાપ્ત કરે અને લોકોને શીખવે તે બ્રાહ્મણ છે. એવા બ્રાહ્મણોની માન–વિનયથી સેવા કરો અને તેઓને આજીવિકા વગેરેમાં અન્ન–ધનથી ભક્તિ કરો. ગરીબ, લૂલાં અને અબળાને બચરાવીને બાંધો. ક્ષાત્રધર્મ પ્રમાણે ગુણકર્મથી વર્તનાર ક્ષત્રિયોનું માન કરો. તેઓની પ્રશંસા કરો. જેઓ નામમાત્રથી વા જાતિ માત્રથી ક્ષત્રિયો છે તેઓ દેશ, કોમ, સંઘ કે રાજ્યનું શ્રેય કરવા સમર્થ થતા નથી. ગુણકર્મથી જાતિ છે. જન્મથી બ્રાહ્મણાદિ જાતિમાં જો જાતિયોગ્ય ગુણકર્મો હોતાં નથી તો તેથી દેશ, સંઘ, રાજ્યાદિકની ઉન્નતિ થતી નથી.

'હે ભવ્ય લોકો! તમારામાં અનંત શક્તિઓ છે. આલસ્ય અને પ્રમાદથી તમારી શક્તિઓ કટાઈ ગઈ છે અને કટાઈ જશે. માટે આલસ્ય છંડી ઊઠો. સત્ય પ્રેમ અને ઉત્સાહથી સર્વને એકાત્મા જાણી પ્રવર્તો. પરસ્પર એકબીજાના જીવનમાં પોતાનું જીવન માની, ભેદભાવ ભૂલી, સાથે મળી, કાર્યો કરો અને તમારું સ્વતંત્ર જીવન જાળવી રાખો. અનેક દુઃખ, સંકટ, ઉપસર્ગ સહીને કંચનની પેઠે કષ, છેદ, તાપ સહી આત્મશુદ્ધિ કરો. આત્મશુદ્ધિ કર્યા વિના તમારી સત્યોન્નતિ થનાર નથી. માટે આત્મભાવથી અને આત્મજ્ઞાનથી જાગ્રત થઈ આત્મવિશુદ્ધિ કરો. તમારું જીવન સત્યમય કરો અને મન–વાણી–કાયાને અસત્યથી દૂર રાખો. સ્થૂલ મનુષ્યશરીરનો ત્યાગ થતાં પૂર્વે ધર્મની સાધના સાધી લો. ધર્મના સામાન્ય ભેદોમાં મત–ભેદબુદ્ધિ ન રાખો. જૈનધર્મને આરાધો. તમારા નગરમાં ભવિષ્યમાં અનેક મહાત્માઓ સંક્રાંતિયુગપ્રસંગે પ્રકટશે. શાસ્ત્રવાસનાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં બંધાઈ ન જાઓ. શાસ્ત્રોમાંથી જે જે યોગ્ય સત્ય લાગે તે ગ્રહો. શ્રદ્ધાગમ્ય તત્ત્વોની શ્રદ્ધા કરો, પણ તેમાં શુષ્ક તર્ક કરી નાસ્તિક ન બનો.

'આત્મામાં મનને લગાડો, આત્મામાંથી સત્યો પ્રગટવાનાં એવી શ્રદ્ધા રાખી પ્રવર્તો. ઉપકારીઓનો ઉપકાર યાદ કરો અને કૃતઘ્ન ન બનો. જ્ઞાન લેવામાં સંતોષ ન રાખો. સર્વ શાસ્ત્રોના અભ્યાસમાં સંતોષ ન માનો. સંતોની સંગતિ કરતાં ધન, સત્તા, રાજ્ય, વિદ્યાને અધિક ન માનો. જૂઠી અને હાનિકારક કુરૂઢિઓનો ત્યાગ કરો. દારુ, માંસ, જુગાર, વેશ્યાગમન અને ચોરીથી દૂર રહો. પશુઓનું અને પંખીઓનું રક્ષણ કરો.' ઇત્યાદિ ઉપદેશને શ્રવણ કરીને વિદ્યાપુરનો સૂર્યવંશી રાજા વિજયદેવ અને બ્રાહ્મણ વગેરે લોકો પ્રભુના ભક્ત બન્યા અને પ્રભુનું શરણ સ્વીકાર્યું તથા પ્રભુની સ્તુતિ કરી આત્મભાવને પામ્યા. પ્રભુએ સાબરમતીના કાંઠાનાં ગામ અને શહેરોમાં કલિયુગમાં જૈનધર્મ પ્રવર્તશે એવો આશીર્વાદ આપ્યો.

એટકપુર(એડા)માં પ્રવેશ :

પ્રભુ મહાવીરદેવે ત્યાંથી વાત્રક–સેઢી નદી પાસે આવેલા એટકપુર (એડાના) ઉદ્યાનમાં ઋષિઓના આશ્રમમાં પ્રવેશ કર્યો. પ્રભુને સર્વ ઋષિઓએ વંદન–નમન કર્યું. ઋષિઓએ પ્રભુની પૂજા કરી. બ્રાહ્મણ વગેરે ચારે વર્ણના લોકોને ખબર પડતાં તેઓએ મહોત્સવપૂર્વક ત્યાં આવીને પ્રભુને વાંદ્યા અને પોતાનો ઉદ્ધાર કરવા પ્રભુને વિનંતિ કરી તથા ચારે વર્ણની ચડતીપડતીનું કારણ પૂછ્યું. પ્રભુએ સર્વ લોકોને આત્મજ્ઞાન આપ્યું અને સર્વ લોકોને કૃતાર્થ કર્યા. બ્રાહ્મણ વર્ગાદિની ચડતીપડતી સંબંધી કહેવા લાગ્યા કે, 'બ્રાહ્મણોના વંશજો વિદ્યાજ્ઞાનથી યુક્ત રહેશે ત્યાં સુધી સત્ય બ્રાહ્મણ તરીકે લેખાશે. વિદ્યાજ્ઞાનથી રહિત થતાં તેઓ સંકુચિત પંથ, વિચાર અને આચારવાળા થશે. અયોગ્ય કાળે લગ્ન, બાળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લગ્ન, બાલમૈથુન, વ્યભિચાર, અજ્ઞાન, મોહ અને અસત્યથી બ્રાહ્મણવર્ગની પડતીનો પ્રારંભ થશે. લક્ષ્મી, લોભ, મોહ, અહંકાર અને રાજાના સેવકો બની જ્યારે તેઓ મારા સત્ય ધર્મથી વિમુખ બનશે, આત્માને વ્યાપક નહીં બનાવશે અને અયોગ્ય સંતાનોને પેદા કરશે તથા મેળ વિનાનાં વ્યભિચારી લગ્નો કરશે ત્યારે તેઓની પડતીનો પ્રારંભ થશે. જ્યારે તેઓ ધર્મના નામે અસત્ય ધર્મો પ્રગટાવશે, મોહના રાજ્યનો સ્વીકાર કરશે, આત્મરાજ્ય પર શ્રદ્ધા–પ્રીતિ નહીં ધારણ કરે ત્યારે તેઓની પડતીનો પ્રારંભ થશે. જ્યારે તેઓ વેદો વગેરેના કલ્પિત અર્થ કરશે, જ્ઞાની ગુરુઓની સેવા કરશે નહીં, બ્રહ્મચર્યાશ્રમથી ભ્રષ્ટ થશે, વાનપ્રસ્થાશ્રમથી ભ્રષ્ટ થશે અને જ્ઞાન કરતાં રાજ્યલક્ષ્મી પર અત્યંત રાગ ધારણ કરશે ત્યારે તેઓની પડતી થશે અને તેઓનાં સંતાનોમાં અને શૂદ્રોમાં ભેદ રહેશે નહીં. જ્યારે બ્રાહ્મણના વંશજો વિદ્યાજ્ઞાન અને ઉચ્ચ કર્મ વિનાના થયા છતાં પોતાના કદાગ્રહનો ત્યાગ નહીં કરે, અનાદિકાળથી ચાલતા આવેલા જૈનધર્મને નાસ્તિક કહીને તેનાથી સર્વ લોકોને વિમુખ કરવા પ્રયત્ન કરશે, મારી શ્રદ્ધા–પ્રીતિથી તથા મારા ઉપદેશથી વિમુખ થશે, ઉદાર અનેક સાપેક્ષ ધર્મભાવનાઓથી વિમુખ થશે તથા ત્યાગીઓની હેલના કરશે, ત્યારે તેઓની પડતી થશે. જ્યારે બ્રાહ્મણો ધર્મ પર અનેક કાયદાઓ કરશે અને ધર્મનાં મૂળ રહસ્યોને સમજવાની યોગ્યતા નહીં ધરાવે ત્યારે તેઓના વંશજોની પડતી થશે.

'જ્યારથી બ્રાહ્મણવંશજો ઉદાર પ્રેમભાવથી મારી ભક્તિ કરશે અને મારી આજ્ઞા પ્રમાણે પ્રવર્તશે અને અનેક ધર્મોમાંથી સત્ય જોવા–આદરવારૂપ જૈન ધર્મનો આદર–સ્વીકાર કરશે ત્યારથી તેઓની સર્વ બાબતમાં ચડતી થશે. સત્ય બ્રાહ્મણોમાં હું છું અને તેઓ મારામાં છે. જ્યારથી કલિયુગમાં બ્રાહ્મણો પુનઃ બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરશે, અયોગ્ય અધર્મ્ય વીર્યહીન સંતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્પન્ન નહીં કરશે, વ્યભિચારી લગ્ન નહીં કરશે, લક્ષ્મી, સત્તા, રાજ્યના ગુલામ નહીં બનશે અને રજોગુણ તેમ જ તમોગુણને જીતી જૈન બની સાત્ત્વિક ગુણી બ્રાહ્મણો થશે ત્યારથી તેઓની ઉન્નતિ થશે. વેદો અને આગમોમાં મારું જ્ઞાન છે એમ અનુભવી, વ્યાપક જ્ઞાની બની આત્મસામ્રાજ્યમાં વર્તશે ત્યારથી તેઓની ઉન્નતિ થશે. જ્યારથી બ્રાહ્મણો આત્માની ઉન્નતિ તરફ લક્ષ્ય આપશે અને સર્વ વર્ણની ઉન્નતિ થાય એવાં શિક્ષણો આપશે ત્યારથી તેઓની ઉન્નતિ થશે. જ્યારથી બ્રાહ્મણો મારા પૂર્ણ વિશ્વાસી અને પ્રેમી બનશે અને પક્ષપાત, કદાગ્રહ, દ્વેષાદિકથી રહિત થઈ આત્મચારિત્ર્યને પ્રાપ્ત કરશે ત્યારથી તેઓની ઉન્નતિ થશે. બ્રાહ્મણો જ્યારે ચડતીના હેતુઓનું અવલંબન કરશે ત્યારે ચડતીને પામશે અને અવનતિના હેતુઓનું અવલંબન કરશે ત્યારે પડતીને પામશે. ચડતી અને પડતીનો આધાર વસ્તુતઃ પોતાના પર છે. મારા ભક્ત બ્રાહ્મણો દેશકાલાનુસારે વર્તે છે અને ક્રિયાજડ બનતા નથી. જે કાળે, જે ક્ષેત્રે, જે યોગ્ય લાગે તે કરે છે તેઓ મારા સ્વરૂપની હદ બાંધતા નથી. મારા ભક્ત જ્ઞાની બ્રાહ્મણો જેને જે વિદ્યાજ્ઞાન દેવાની યોગ્યતા જાણે તેને તે વિદ્યાદાન આપે છે. મારા ત્યાગીઓની, ઋષિઓની અને આચાર્યોની ચડતીપડતીનો આધાર પણ તેઓના હાથમાં છે. મારા ત્યાગીઓ જો આત્માભિમુખ બની વર્તે છે તો તેઓ આત્મસામ્રાજ્યના શાસક બને છે અને જો તેઓ મોહસન્મુખ વર્તે છે તો તેઓ પડતીને પામે છે. પડતીને ક્ષણમાં બદલી ચડતીના માર્ગે વિચરી શકાય છે.

'આ વિશ્વમાં આત્માથી અશક્ય એવું કંઈ નથી. પાપીમાં પાપી મનુષ્ય ક્ષણમાં મોક્ષાભિમુખ થાય છે. મોહવૃત્તિ એ જ કલિયુગ છે અને આત્મભાવ તે જ સત્યયુગ છે. જેવો યુગ કરવો હોય તેવો કરી શકાય છે. મારા ભક્ત ક્ષત્રિયો આત્મશ્રદ્ધા, પ્રેમ, ધૈર્ય, પરાક્રમ, નિર્ભયતા, ઉત્સાહ, ખંત, પુરુષાર્થરક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શક્તિ, ઉદારતા, આત્મભોગ, નિર્મોહભાવ, અનાસક્તિ, સત્ય, દયા, દાન, દમ, પરોપકાર, જ્ઞાન વગેરે દૈવી ગુણોથી ઉન્નત થાય છે અને થશે તથા નિર્દયતા, અધમતા, સ્વાર્થ, અસત્ય, ચોરી, વ્યભિચાર, અસંયમ, લોભ, ક્રોધ, અહંકાર, કપટ, અશ્રદ્ધા, અપ્રેમ, અનીતિ, જુલ્મ, આપખુડાઈ, ઈર્ષ્યા, નિન્દા વગેરે આસુરી દુર્ગુણોને સેવવાથી પડતીને પામે છે. મારા ભક્ત વૈશ્યો દૈવી ગુણકર્મથી પોતાનું અને વિશ્વનું શ્રેય સાધી શકે છે અને ચોરી, જુગાર, પ્રપંચ, લોભ, દારૂ, માંસભક્ષણ, અનીતિ, આપસ્વાર્થીપણું, વિશ્વાસઘાત, અસત્ય, નિર્દયતા વગેરે દુર્ગુણોથી પોતાનું તથા પોતાના વંશજોનું હીનત્વ કરે છે તેઓ દેશ, સંઘ અને મારા ધર્મને ભૂલવાની સાથે અધોગતિને પામશે. મારા ભક્ત શૂદ્રો જ્ઞાન, વિવેક, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસનાથી આત્મશુદ્ધિને પામે છે અને પામશે—એવું જાણીને હે ભક્ત લોકો! સર્વત્ર સદ્‌ગુણો અને સત્કર્મોનો પ્રચાર કરો. એકબીજાના ગુણોને ગ્રહો અને કોઈની નિંદા ન કરો. ધર્મગુરુઓની નિંદા ન કરો. ધર્માચાર્યોના દોષ જોવાની દુર્બુદ્ધિથી પડતીનો પ્રારંભ થાય છે. સદ્‌ગુણોના સામ્રાજ્યને હૃદયમાં સ્થાપો અને દુર્ગુણોના સામ્રાજ્યને હૃદયથી દૂર કરો. તમારા આત્માઓને નીચ ન માનો. તમે જેવા પોતાને માનશો તેવા તમે થશો. આત્મસામ્રાજ્યમાં શાંતિ અને સુખ છે. માટે સર્વજાતીય મનુષ્યો! તમે સ્થૂલ વિશ્વના સંબંધમાં નિર્મોહભાવે વર્તો.' પ્રભુનો એવો સદુપદેશ શ્રવણ કરીને અને પ્રભુની પરમાત્મતા અનુભવીને ખેટકપુર અને તેની આસપાસના સર્વ લોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું અને તે જૈન થયા.

મહીકાંઠા પરના ચોરોને ઉપદેશ:

પ્રભુએ ત્યાંથી મહીનદીના કાંઠા પરનાં ગામોમાં વિહાર કર્યો. ત્યાં કાંઠા પર વાસ કરનારા ચોરોને જણાવ્યું કે, 'અરે ચોરો! તમે મનુષ્યજિંદગીને પાપમય બનાવો નહીં. ચોરીથી હિંસા, અસત્ય, વ્યભિચાર, જુગાર, વેશ્યાગમન, ક્રોધ, માન, વિશ્વાસ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘાત વગેરે અનેક પાપો પ્રગટે છે. હે લોકો ! તમે ચોરીથી કદી શાંતિ અને સુખ પ્રાપ્ત કરી શકવાના નથી.' પ્રભુએ ચોરો પર દૃષ્ટિ સ્થાપન કરી તેથી ચોરોએ પોતાના પૂર્વભવ દીઠા અને વર્તમાન ચોરીકર્મથી થનાર નરકને દેખવા લાગ્યા. નરકમાં રહેલા નારકી જીવોને થતી અનેક પ્રકારની વેદના દેખીને તેઓ ધ્રૂજી ઊઠયા. નારકી જીવોના પોકારો શ્રવણ કરીને તે અત્યંત ધ્રૂજવા લાગ્યા. ક્ષણમાં તેઓની આંખ ઊઘડી અને પોતાની સામે ઊભા રહેલા મહાવીર પ્રભુને તેઓએ દીઠા અને પ્રભુના ચરણમાં પડી રોવા લાગ્યા. પોતાનો નરકવાસ થવાનો છે એવું દેખી–જાણી તેઓના હોશ ઊડી ગયા. અશ્રુભરી દૃષ્ટિથી તેઓ કહેવા લાગ્યા કે, 'હે પરમેશ્વર! આ વિશ્વના તમે રક્ષક છો. અમોએ અનેક પુરૂષોનાં, અનેક સ્ત્રીઓનાં અને અનેક બાળકોનાં ધન માટે ખૂન કર્યાં છે. દેવીઓને બકરા વગેરે પશુઓના ભોગો ચડાવ્યા છે. જૂઠું બોલવામાં બાકી રાખ્યું નથી. હે દેવ ! અનેક જાતનાં અમોએ પાપ કર્યાં છે, અનેક સતીઓને લૂંટી છે, કુમારિકાઓને ભ્રષ્ટ કરી છે. દારૂપાન કરવામાં કચાશ રાખી નથી. પશુઓ અને પંખીઓને મારી તેઓનાં શરીરને ખાધા છે. હે પ્રભો ! આપના વિના અમારા જેવા પાપી રાક્ષસોનો ઉદ્ધાર કરવા અન્ય કોઈ સમર્થ નથી.

'હે મહાવીર પરમેશ્વર ! અમને તારો. અમે એક ઋષિના મુખથી સાંભળ્યું હતું કે અમારો ઉદ્ધાર કરવાને આપ પધારશો. હે પ્રભો ! આપના દર્શન તથા બોધથી અમારામાંથી દુર્બુદ્ધિ ટળી ગઈ છે અને સદ્બુદ્ધિ પ્રગટી છે. હે પ્રભો ! અમોએ જે જે પાપકર્મો કર્યાં તેઓને નિંદીએ છીએ અને હવે કદાપિ ચોરી વગેરે પાપકર્મોને પ્રાણાંતે પણ કરીશું નહીં.' ઇત્યાદિ તેઓનો પશ્ચાત્તાપ દેખીને મહાવીર પ્રભુએ તેઓના મસ્તક પર હસ્તસ્પર્શ કર્યો અને દયા કરી તેઓને ધર્મમાં વાળ્યા. હજારો ચોરોએ પ્રભુને વંદન કરી પ્રભુનું શરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વીકાર્યું અને તેઓને પ્રભુએ નરકગતિમાં જવાથી ઉગારી લીધા. હજારો ચોરો જૈનધર્મી ભક્ત બન્યા. તેઓ કૃષિકર્મ વગેરે કર્મોથી આજીવિકા ચલાવવા લાગ્યા અને ધર્મ્ય નીતિથી પ્રભુનું ધ્યાન ધરી જીવન ગાળવા લાગ્યા. લાખો પાપી જીવોને પ્રભુએ દર્શનમાત્રથી ઉદ્ધાર્યા.

રતિસારને પ્રતિબોધ :

પ્રભુએ સૂર્ય ગામની પાસે મહીકાંઠા પર મુકામ કર્યો. ત્યાં એક મહાવ્યભિચારી રતિસાર નામનો ઠાકોર રાજ્ય કરતો હતો. તે અનેક રૂપવતી સ્ત્રીઓને સપડાવી તેઓને શિયળથી ભ્રષ્ટ કરતો હતો. તે તમોગુણી દેવીઓની ઉપાસના કરીને તેઓ વડે રૂપવતી સ્ત્રીઓને પોતાના તાબે કરતો હતો. પ્રભુએ કરુણા કરીને તેનો ઉદ્ધાર કરવા માટે તેના સ્થાન પાસે મુકામ કર્યો. રતિસારે પ્રભુને અન્યત્ર જવા કહ્યું, પણ પ્રભુ ત્યાં જ સ્થિર રહ્યા. રતિસાર ક્રોધ કરીને તલવારથી પ્રભુને મારવા દોડ્યો, પણ તે ત્યાં થંભી ગયો. તેણે દેવીઓ બોલાવી, પણ તે ત્યાં આવી પ્રભુને દેખી ધ્રૂજવા લાગી અને પ્રભુને કાલાવાલા કરવા લાગી.

પ્રભુએ રતિસારને કહ્યું કે, 'હે રતિસાર ! તારી શક્તિ કયાં ગઈ ? કેમ અહીં આવી શકતો નથી ? તેં અનેક સ્ત્રીઓનાં શિયળ ભ્રષ્ટ કર્યાં છે. હે દેવીઓ ! તમે મહાપાપ કર્યું છે. તમોએ પાપીને પાપ કરવામાં સહાય કરી છે.' પ્રભુએ રતિસારને કહ્યું કે, 'હે રતિસાર ! શરીરના રૂપથી તું મોહ પામ્યો છે, પણ શરીરનું રૂપ ક્ષણિક છે. ચામડીના રંગમાં મોહ પામવાથી કદાપિ સત્ય સુખ મળનાર નથી. કાયાના નવ દ્વારમાં અશુચિ ભરેલી છે. દુર્ગંધથી ભરેલા એવા શરીરના રંગમાં મોહ કરવો એ અજ્ઞાન છે. સુકોમળ કેળના જેવી કાયાને વિણસતાં વાર લાગતી નથી. શરીરમાં અનેક સૂક્ષ્મ જંતુઓ ભરેલા છે. શરીરનું રૂપ બદલાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'સ્પર્શેન્દ્રિયના ભોગથી કદાપિ કોઈને તૃપ્તિ કે શાંતિ થઈ નથી અને થનાર નથી. અગ્નિને ઘણવાથી જેમ શાંતિ થતી નથી અને ઊલટી વધારે બરજ આવે છે, તેમ સ્પર્શેન્દ્રિયના વિષય-ભોગો ભોગવવાથી અનંતકાળે પણ સત્ય તૃપ્તિ અને સુખ થનાર નથી. હે ભવ્ય! તેં એક સ્પર્શેન્દ્રિયના ભોગ-ઉપભોગ માટે અનેક કુકર્મો કર્યાં છે. હવે તેનો વિચાર કર. પરસ્ત્રીસંગથી કોઈ કદાપિ સુખી થયો નથી અને કોઈ સુખી થનાર નથી. વ્યભિચારકર્મમાં પ્રેમ હોતો નથી, પણ વ્યભિચારકર્મમાં મહા મોહ વર્તે છે. વ્યભિચારીઓ શરીરના વીર્યનો નકામો નાશ કરે છે અને તેથી તેઓ અકાળે મરણ પામે છે. તેઓ કદાપિ સ્વપ્નમાં પણ શાંતિ અને સુખ પામી શકતા નથી. હે રતિસાર! તેં સુખની લાલચે ઊલટાં અનેક દુઃખો ભોગવ્યાં છે અને અનેક સ્ત્રીઓને દુઃખો આપ્યાં છે. શરીરના રૂપમાં મોહ ન પામ. શરીર પાણીના પરપોટા જેવું છે, તો તેનાથી કામભોગના સુખની જૂઠી આશા રાખીને હિંસા, જૂઠ, ચોરી વગેરે અન્ય પાપકર્મો ન કર. હડકાયા કૂતરાના જેવી વાસના છે, કામભોગ-ની બુદ્ધિ છે. ભોગવડે કામબુદ્ધિનો નાશ થતો નથી.

'વિષયભોગો ભોગવતાં ઊલટી કામબુદ્ધિ વધે છે અને મનને શાંતિ થતી નથી. ભૂત વળગ્યું હોય છે તે તો મંત્રના જોરથી ભાગે છે, પરંતુ કામવાસનાનો તો વૈરાગ્ય વિના નાશ થતો નથી. કામવાસનાની વૃત્તિને મનમાં પ્રગટતી વાર કામ-બુદ્ધિનો વિશ્વાસ ન રાખ. કામના સમાન કોઈ મહાન શત્રુ નથી. અનેક જન્મથી તું મારો ઉપાસક છે, પણ કામવાસનાને તેં પોષી છે તેથી તે તારો નાશ કરવા તૈયાર થઈ છે. એ તારા હૃદયમાં ઉત્પન્ન થનાર શુદ્ધબુદ્ધિને હટાવી દે છે. તેથી તું કામનો ગુલામ બન્યો છે. રાજાઓના રાજાઓ હોય પણ જેઓ કામના દાસ છે તે ગુલામો છે. જ્યાં સુધી હૃદયમાં કામ છે ત્યાં સુધી શાંતિ અને સુખ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'કામ તે હલાહલ વિષ છે. કામ તે જ રાક્ષસ છે. કામના તાબે થનાર વિશ્વના તાબે થાય છે. કામરૂપ મહાશસ્ત્રથી કામીઓ પોતાનું મસ્તક કાપી નાખે છે. કામના વિચારોમાં આનંદ નથી, એમ નિશ્ચય જાણ. સ્પર્શેન્દ્રિયદ્વારા સુખ ભોગવવા જે ધારે છે તે રેતી પીલીને તેમાંથી તેલ કાઢવા જેવું છે એમ જાણ.' ઇત્યાદિ ઉપદેશ શ્રવણ કરીને રતિસાર તથા દેવીઓ બોધ પામ્યાં અને રતિસારે વ્યભિચારકર્મનો ત્યાગ કર્યો. દેવીઓએ પાપકર્મનો ત્યાગ કરી પ્રભુનું શરણ સ્વીકાર્યું. રતિસારે ત્યાં રાખેલી સર્વ સ્ત્રીઓની માફી માગી તેઓને છોડી દીધી. રતિસારે પાપકર્મનો અત્યંત પશ્ચાત્તાપ કર્યો. તે પ્રભુની કૃપાથી આત્મસામ્રાજ્યધારક જૈન બન્યો અને શાંતિ–સુખ પામ્યો.

શત્રુસિંહને બોધ :

પ્રભુ મહાવીરદેવ ત્યાંથી વિહાર કરી ગાંધારનગર તરફ દરિયાકિનારે ગયા. ત્યાંના શત્રુસિંહ રાજાને શિકાર કરવાનો શોખ હતો. તે દરરોજ સેંકડો પશુઓની અને પંખીઓની હિંસા કરતો હતો. તે કોઈની શિખામણ માનતો નહોતો. તે ઋષિઓનો અને બ્રાહ્મણોનો તિરસ્કાર કરતો હતો. પ્રભુ જ્યાં બિરાજમાન થયા હતા ત્યાં હરણ વગેરે હજારો પશુઓ અને મયૂરો વગેરે હજારો પંખીઓ આવીને પ્રભુનાં દર્શન કરી બેઠાં હતાં. શત્રુસિંહ રાજા ત્યાં આવ્યો. તેણે પશુઓ વગેરેને મારવા બાણ ફેંકવા માંડ્યાં, પણ તેનું એક પણ બાણ પશુપંખીઓને વાગ્યું નહીં. તે થંભી ગયો. તેનું ધનુષ્ય થંભી ગયું. રાજાનો શ્વાસોચ્છવાસ રૂંધાવા લાગ્યો. તેથી તે પ્રભુની પ્રાર્થના–સ્તવના કરવા લાગ્યો. પ્રભુએ તેને કહ્યું કે, 'અરે, પાપ કરીને તું કેમ નરકમાં જવાની તૈયારી કરે છે. હૃદયમાં દયાભાવ ધારણ કર. પશુઓને અને પંખીઓને મારી નાખવાનો તને હક્ક નથી. પશુઓ અને પંખીઓ તારા આત્મસમાન છે. તારા શરીરનો ઘાત કરવાથી તને જેવું દુઃખ થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેવું પશુપંખીઓનો ઘાત કરવાથી તેઓને દુઃખ થાય છે.

'અન્ન, વનસ્પતિ, ઔષધિ વગેરે ભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરી પશુહિંસા કરવાથી અશુભ પાપ કર્મોને તું બાંધે છે. તારે પરભવમાં તે કર્મો ભોગવવાં પડશે. કર્યાં કર્મો ભોગવ્યા વિના કોઈનો પણ છૂટકો થતો નથી. જીવોની હિંસા કરવાથી પાછી તારા અનેક જન્મોમાં તારાં શરીરોની હિંસા થવાની. આ પૃથ્વી તારી નથી. પશુઓને અને પંખીઓને તેં બનાવ્યાં નથી, તેથી તેઓનો તું માલિક નથી. તેઓને નુકસાન કરવામાં અને તેઓની હાય લેવામાં તારી દુર્ગતિ છે. પોતાના પ્રાણ જેમ તને વહાલા છે અને તારી રક્ષા માટે મારી પ્રાર્થના-સ્તુતિ કરે છે, તે પ્રમાણે તેઓના પ્રાણ તેઓને પ્રિય છે અને તેઓ મારી પ્રાર્થના કરે છે એમ નિશ્ચય માન.

'પશુઓ અને પંખીઓની હિંસા કરનારા રાજા નથી. તે મારી શિક્ષાને પાત્ર બને છે. પશુઓને અને પંખીઓને મારી નાખવાથી તને સત્ય શાંતિ મળનાર નથી. પશુઓની અને પંખીઓની હિંસા કરવામાં ધર્મ માનનાર મનુષ્ય અધમી, રાક્ષસ અને મહા પાપી છે. આજ સુધી તેં આહેડાકર્મ કરીને ઘણા જીવોને મારી નાખ્યા છે. તે જીવો તારા પર વેર લેવા તલપી રહેલા છે. અહિંસા વિના રાજ્ય, પ્રજા અને રાજાની શાંતિ નથી. અહિંસાથી અનેક કુકર્મો ટળી જાય છે અને શુદ્ધબુદ્ધિ પ્રગટે છે એમ નિશ્ચયથી જાણ.

'સર્વ પ્રકારના પાપનું મૂળ હિંસા છે, ક્રોધ છે, અહંકાર છે, અજ્ઞાન છે અને સર્વ પ્રકારના ધર્મનું મૂળ દયા છે. જ્યાં દયા નથી ત્યાં મારો પ્રેમ નથી અને શ્રદ્ધા નથી. દયાવૃત્તિવાળા દેવો છે અને હિંસાવૃત્તિ અને પ્રવૃત્તિવાળા દાનવો છે, રાક્ષસો છે. દયા સમાન કોઈ મહાધર્મ નથી. જે દયા કરતો નથી તે મારી દયાને પાત્ર બનતો નથી. દયાવૃત્તિ-પ્રવૃત્તિવાળા મનુષ્યો આર્યો છે અને હિંસાવૃત્તિ-પ્રવૃત્તિવાળા મનુષ્યો અનાર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. પોતાના પ્રાણ જેવા પોતાને પ્રિય છે તેમ સર્વ જીવોના પ્રાણ તેઓને પ્રિય છે.

'નિર્ભય મનુષ્યો દયા કરે છે અને ભયવાળા મનુષ્યો દયા કરી શકતા નથી. અજ્ઞાની દયાનું સ્વરૂપ સમજી શકતો નથી. હે શત્રુસિંહ! અન્ય જીવોને પોતાના આનંદ માટે મારી નાખવા એ ધર્મ નથી. પોતાના આનંદ માટે અન્ય જીવોનો આનંદ લૂંટી લેવો તે મહા પાપ છે. જેનામાં ક્રૂરતા છે તે પોતાના આત્માની અધોગતિ કરે છે. પોતાના કરતાં અશક્ત, નિરાધાર અને નિઃશસ્ત્ર જીવોને મારવામાં તારું પરાક્રમ નથી, પણ તારું બાયલાપણું છે. આકાશમાંથી મેઘ એકલો શું તારા માટે વર્ષે છે? અન્ન શું તારા માટે થાય છે? શસ્ત્રો શું અન્ય લોકોને વિના કારણ મારવા માટે છે? જે પંખીઓ કલ્લોલ કરે છે તેઓને બાવાથી તારામાં સદ્‌બુદ્ધિ ઉત્પન્ન થવાની છે? અર્થાત્ તારામાં આત્મવત્ સર્વ જીવો પર પ્રેમ પ્રગટ્યો નથી ત્યાં સુધી તું આર્ય મનુષ્ય તરીકે બન્યો નથી. અન્ય જીવો પ્રતિ તું જેવો છે તેવો અન્ય જીવોને તું લાગે છે. હવે જાગ્રત થા અને હિંસાવૃત્તિનો ત્યાગ કર.

'તું ત્યાગી સાધુઓની અને ઋષિઓની શિખામણ માનતો નથી તેથી તારું ઘણું અહિત થયું છે. બ્રાહ્મણોની સત્ય શિખામણો પ્રમાણે વર્ત્યા વિના તારામાં ક્રૂરતા, હિંસાબુદ્ધિ રહી છે. તારા અપરાધો એટલા બધા છે કે તેનો નિકાલ ન થઈ શકે. તારું જીવન તેં પાપમય કરી નાખ્યું છે. તે માટે હવે જાગ્રત થા, ધર્મ કર, સર્વ જીવોની સેવા કર, પશુઓની રક્ષા કર, મનુષ્યોની રક્ષા કર, ઋષિઓનો બોધ શ્રવણ કર અને તેઓની ભક્તિ કર. ગાયોની રક્ષામાં તારા પ્રાણની આહુતિ આપ. બ્રહ્મણોનું પોષણ કર.'

એ પ્રમાણે પરમેશ્વર મહાવીરદેવનાં વચનો શ્રવણ કરીને શત્રુસિંહ રાજાના હૃદયમાં પ્રભુભક્તિ અને ધર્મ જાગ્રત થયાં અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેણે પશુપંખી, મનુષ્યોની હિંસા કરવાનો ત્યાગ કર્યો. તે પ્રભુના ચરણકમળમાં આળોટવા લાગ્યો, પશ્ચાત્તાપથી ડૂસકે ડૂસકે રડવા લાગ્યો અને વારંવાર આત્મોદ્ધાર માટે પ્રભુને વિજ્ઞપ્તિ કરવા લાગ્યો. તેણે સર્વ જીવોને ખમાવ્યા. તે સર્વ જીવોની માફી ચાહવા લાગ્યો. પ્રભુએ તેને ભક્ત બનાવ્યો અને તેનો ઉદ્ધાર કર્યો.

શત્રુસિંહે આત્મામાં દયા પ્રગટાવી અને પ્રભુની આજ્ઞા પ્રમાણે ઋષિ અને બ્રાહ્મણોનાં હિતવચનો શ્રવણ કરવા લાગ્યો. પ્રભુએ ઋષિઓ, બ્રાહ્મણો વગેરેને ભક્તો બનાવ્યા. તેઓને તેઓના પૂર્વભવો દેખાડ્યા. રાજાને પણ તેના પૂર્વજન્મો દેખાડ્યા. રાજા અને સર્વ પ્રજા જૈનધર્મી બની. પ્રભુએ સાગરતટવાસી મનુષ્યોને પોતાના ભક્ત બનાવ્યા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯. ગુરુનો મહિમા અને જ્ઞાની–અજ્ઞાનીની ઓળખ

પ્રભુ મહાવીરદેવે સમુદ્રતટ પરનાં ગામોમાં વિહાર કરીને ભૃગુકચ્છ, જે નર્મદાનદીના તટ પર આવેલું છે, તેની પૂર્વ દિશાએ નદીતટ પર આવેલા ઉદ્યાનમાં મુકામ કર્યો. પ્રભુ મહાવીરદેવનું આગમન શ્રવણ કરી નર્મદા નદીના તટ પર વાસ કરનારા ઋષિઓ, ગુરુકુલના બ્રહ્મચારીઓ, યોગીઓ, સંતો, મહાત્માઓ, વસિષ્ઠઋષિના વંશજ ઋષિઓ, ભૃગુઋષિના વંશજ ઋષિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ, ભૃગુપુરનો રાજા પૌલસ્ત્ય અને તેનો ધૃષ્ટકેતુ નામનો પ્રધાન વગેરે પ્રભુનાં દર્શન કરવા આવ્યાં. પ્રભુને દેખીને તેઓએ વંદન–નમન કર્યું અને પ્રભુને પ્રદક્ષિણા કરી, પૂજી પ્રભુના સામે લાંબો મનુષ્યો બેઠા. પ્રભુએ પૌલસ્ત્ય રાજા વગેરેને ત્યાગીઓની સેવા કરવાનો ઉપદેશ આપ્યો, ઋષિઓની સેવાચાકરી કરવાનો સદુપદેશ આપ્યો.

પ્રભુએ જણાવ્યું કે, 'મારા પ્રતિનિધિ અપરિગ્રહી ધર્માચાર્યો છે. મારી પેઠે ધર્મગુરુને માનો. ગૃહસ્થ ગુરુની સેવા કરો તથા ત્યાગી ગુરુઓની સેવા કરો. ગુરુ પર શ્રદ્ધા–પ્રેમ ધારણ કરવો એ જ ગુરુની ભક્તિ છે. ગુરુમાં પ્રભુ દેખો. મહાત્માઓના આશીર્વાદ ગ્રહણ કરો. ઋષિઓ પાસેથી સદા તત્ત્વજ્ઞાન ગ્રહણ કરો. ઋષિઓ મારા દ્વારા પ્રકાશિત જૈનધર્મનું સ્વરૂપ સમજાવશે. ઋષિ, મુનિ, ત્યાગીઓ તેમના વેશ, વ્રત, નિયમ, આચારમાં સ્વતંત્ર છે અને ભવિષ્યમાં સ્વતંત્ર રહેશે. વેષ અને ક્રિયાનો તેઓ ધર્મના સાધન તરીકે ઉપયોગ કરે છે. તેઓ પોતાથી ઇચ્છા પ્રમાણે વેષ અને ક્રિયામાં ફેરફાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકે છે. તેઓ પોતાની રુચિ પ્રમાણે લઘુ બાળકોની પેઠે નિર્દોષભાવે જે તેઓને યોગ્ય લાગે છે તે કરે છે. તેઓ વેષ વા અમુક મતની ક્રિયાને કરે છે અને કરતા પણ નથી. તેઓ મારા પ્રેમ-ધ્યાનમાં મસ્ત રહે છે. તેઓ ઇન્દ્ર અને ચક્રવર્તી સરખાની પણ સ્પૃહા કરતા નથી. તેઓ મૃત્યુનો લેશમાત્ર ભય રાખતા નથી. તેઓ સત્યનો પ્રકાશ કરવામાં કદાપિ અચકાતા નથી. તેઓ પોતાની સ્વતંત્રતા એ જ મારી આજ્ઞા છે. એમ માની પ્રવર્તે છે. તેઓ ફક્ત મને જ પ્રિયમાં પ્રિય માને છે. તેઓના પર જે પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ રાખે છે તેઓને તેઓ મારા તરફ ખેંચે છે. તે બાબતને તેઓના પ્રેમીઓ પણ જાણી શકતા નથી.

'મારા ભક્ત ઋષિઓ પર પ્રેમ-શ્રદ્ધા ધારણ કરનારાઓના યોગક્ષેમને હું વહન કરું છું. જ્યારે લોકોની પડતી થવાનો વખત આવે છે ત્યારે તેઓની ઋષિઓ, ત્યાગીઓ અને સાધુઓ પરથી શ્રદ્ધા ઊઠી જાય છે. જડ લક્ષ્મી અને બાહ્ય સત્તાને નાકના લીંટ સમાન ગણીને જેઓ મારામાં મન રાખી બાહ્ય કર્તવ્યકાર્યોને કરે છે એવા મારા ભક્તો ઋષિ-પદને પામે છે. મારા ભક્ત જ્ઞાની હંસોની અને પરમહંસોની સેવાભક્તિ કરનારાઓનાં હૃદયમાં મારો પ્રકાશ થાય છે. મારા ભક્ત ત્યાગી મહાત્માઓ ઇન્દ્રિયો અને મન પર સંયમ ધારે છે. તેઓ હસે છે, રૂએ છે, એક ઠેકાણે રહે છે, કાં તો વાયુની પેઠે પરિભ્રમણ કર્યા કરે છે. તેઓ શું કરે છે અને શું નહિ કરે તે તેમની ઇચ્છાને આધીન છે. તેઓનું અમુક લક્ષણથી લક્ષ્યસ્થાન નક્કી કરવું તે અશક્ય છે. ત્યાગીઓનું ધ્યેય મારું સ્વરૂપ છે. તેઓ એક ક્ષણમાં સર્વ સ્વર્ગના આનંદ કરતાં પણ અનંતગુણ આનંદને પામે છે. તેઓના આત્માઓ અત્યંત શુદ્ધ બને છે.

'જ્યારે અધર્મયુગ બેસે છે ત્યારે ધર્મગુરુ અને ત્યાગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાત્માઓની લોકોને અનુપયોગિતા ભાસે છે અને તેઓના પર અરુચિ તેમ જ અશ્રદ્ધા વધતી જાય છે. તેઓની સેવાભક્તિ તરફ અલક્ષ વધતું જાય છે. સાધુ ગુરુઓની શ્રદ્ધાપ્રીતિ જ્યાં છે, જ્યાં બ્રાહ્મણો પર બહુમાન અને સેવાભક્તિ છે ત્યાં મારો વ્યક્ત મહાવીરભાવ છે. જ્યાં સર્વ સમાજદ્વારા સ્થાપિત એવા રાજા પર પ્રેમ, શ્રદ્ધા અને આદરભાવ છે ત્યાં મારી સેવાભક્તિ અને ઉપાસના છે.

'જે ખંડ દેશ કે કોમની પડતી થવાની હોય છે ત્યાં પ્રથમ ત્યાગીઓ અને બ્રાહ્મણો પર તેમ જ તેઓના ઉપદેશ પર અશ્રદ્ધા અને અપ્રીતિ થાય છે તથા મારા ઉપદેશોમાં વિશ્વાસ રહેતો નથી. લોકોને જડ વસ્તુઓ તરફ આસક્તિથી આકર્ષણ થાય છે અને પરસ્પર એકબીજા પર અવિશ્વાસ પ્રગટે છે તથા પ્રેમનું સ્થાન સ્વાર્થ અને ક્રૂરતા ગ્રહણ કરે છે. જે દેશના કે સમાજના વિચારો અને આચારોમાં હું નથી તે દેશ અને સમાજ મૃતક સમાન બને છે. જે દેશના લોકો શરીર કરતાં આત્માની અનંતગુણી મહત્તા જાણે છે અને તે પ્રમાણે વર્તે છે તે દેશ જીવતોજાગતો અને સ્વતંત્ર વર્તે છે. જે લોકો સ્વાર્થ માટે જીવે છે તે અંતે મનુષ્ય જન્મને હારે છે. પરમાર્થ અને સ્વાર્થ બન્ને ગૃહસ્થાશ્રમ વગેરે આશ્રમમાં સાથે રહે છે.

'હે લોકો! તમારાં ગૃહસ્થાનોને પવિત્ર રાખો, આશ્રમની પવિત્રતા જાળવો, અભ્યાગતોની સેવા કરો, અપવાદ કારણ સિવાય સત્યમય જીવન ગાળો, ત્યાગી મહાત્માઓની કડવી લાગતી શિખામણોને અમૃત જેવી માનો. દેવ-ગુરુ-ધર્મ પર એક ક્ષણ પણ પ્રેમ વિના ન રહો. પવિત્ર નદીઓના કાંઠે રહી મારું ધ્યાન ધરનારા ઋષિઓની ભોજન વગેરેથી ભક્તિ કરો. નિસ્પૃહ જ્ઞાનીઓની સંગતમાં જીવન ગાળવું એ ઇન્દ્રના જીવન કરતાં અનંતગણું ઉત્તમ જીવન છે. આત્માની આગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈ જડ વસ્તુ કિંમતી નથી. જડ વસ્તુઓના મોહથી ન મરો. લઘુ બાળકોની પેઠે નિર્દોષ, પ્રેમી, વિશ્વાસી, સરલ બનો. જ્યાંત્યાંથી ગુણ ગ્રહણ કરો, પણ કોઈની નિંદા ન કરો, જ્યાંત્યાંથી સત્ય ગ્રહણ કરો. આત્મા જ સત્યરૂપ છે માટે તમે આનંદમય અને જ્ઞાનરૂપ બનો.

'આખો સાગર પી જવાના ઉત્સાહ જેવો ઉત્સાહ રાખીને આત્માની શક્તિઓ મેળવવા પ્રયત્ન કરો. તમારી માન પ્રતિષ્ઠાને મારા ઉપદેશ પ્રમાણે સતત ચાલી જાળવો. સર્વ પ્રકારની વિદ્યાઓને સર્વ વર્ણમાં વ્યાપ્ત કરો. આત્મશક્તિઓ આગળ અન્ય શક્તિઓનું કશું કંઈ ચાલતું નથી. ઋષિઓની પાસે વિનયપૂર્વક બેસી મારી પ્રકાશિત આત્મવિદ્યા ગ્રહણ કરો. આત્મવિદ્યાથી વિશ્વોદ્ધાર થાય છે અને થશે. જડ વસ્તુઓને લક્ષ્મી માનીને આત્માની સત્ય લક્ષ્મીથી એક શ્વાસોચ્છ્વાસ માત્ર પણ વિમુખ ન બનો. આત્માને માટે સર્વે પ્રિય છે, પણ જડ વસ્તુઓની કામના માટે આત્માને પ્રિય ન માનો. પોતાના આત્માની પ્રિયતા પોતાનામાં અનુભવો.

'મારા ભક્તોને વૈમાનિક, જ્યોતિષ, ભવનપતિ અને વ્યંતર એ ચાર નિકાયના દેવો સહાય કરે છે. કળિયુગ અને શાંતિયુગમાં દેવોની સહાય મળે છે. ચાર નિકાયના દેવોનું દેવત્વ મારી ભક્તિથી છે. મારા ઋષિ–સંતોના ગુણો ગ્રહણ કરો અને દુર્ગુણો તરફ લક્ષ ન આપો. મારા સંતોની નિંદા ન કરો, તેમના પર ખોટાં આળ ન દો. મારા ભક્તોમાં જે કાળે જે જોઈએ તેવી સ્વાત્મરક્ષણની શક્તિ રહે છે. ઋષિઓ આદિ સર્વ લોકો! તમારા આત્માનો પ્રકાશ કરવા માટે મારી સાથે જોડાઓ, અજ્ઞાન દૂર કરો અને જ્ઞાનની પ્રાપ્તિ કરો.'

જ્ઞાની–અજ્ઞાનીની ઓળખાણ :

'અજ્ઞાની કરતાં જ્ઞાની અનંત ગુણ ઉત્તમ છે. અજ્ઞાનીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વાસથી અમૃત પીવા કરતાં જ્ઞાનીના વિશ્વાસથી હલાહલ વિષ પીવું અનંત ગુણ ઉત્તમ છે. અજ્ઞાની સ્વપરનું હિત જાણી શકતો નથી, જ્યારે જ્ઞાની સ્વપરનું હિત જાણી શકે છે. અજ્ઞાની શિષ્ય થવાને લાયક છે અને જ્ઞાની ગુરુ થવાને લાયક છે. અજ્ઞાનીમાં અંધકાર છે અને જ્ઞાનીમાં પ્રકાશ છે. અજ્ઞાનીમાં મરણ છે અને જ્ઞાનીમાં જીવન છે. અજ્ઞાની અંધ છે અને જ્ઞાની દેખતો છે. અજ્ઞાનીને સંવરનાં કાર્યો છે તે આસ્રવમાં હેતુભૂત થાય છે અને જ્ઞાનીને આસ્રવનાં કાર્યો છે તે સંવર માટે થાય છે. અજ્ઞાની સલેપ છે અને જ્ઞાની નિર્લેપ છે. અજ્ઞાનીની સંગતમાં મોહ છે અને જ્ઞાનીની સંગતમાં હું છું. અજ્ઞાની જડ છે, જ્ઞાની જ વસ્તુતઃ ચેતન છે. અજ્ઞાની ઊંઘતો છે અને જ્ઞાની જાગતો છે. અજ્ઞાની મરેલો છે અને જ્ઞાની જીવતો છે. અજ્ઞાનીની બુદ્ધિ અસ્થિર છે અને જ્ઞાનીની બુદ્ધિ સ્થિર છે. અજ્ઞાનીમાં મોહ છે અને જ્ઞાનીમાં પ્રેમ છે. અજ્ઞાનીની અવળી અને સંકુચિત દૃષ્ટિ છે, જ્ઞાનીની સવળી અને વ્યાપક દૃષ્ટિ છે. અજ્ઞાની ઉપર કર્મની સત્તા ચાલે છે અને જ્ઞાની પર કર્મની સત્તા ચાલતી નથી. અજ્ઞાની જ્યાંત્યાં પ્રતિબદ્ધ છે અને જ્ઞાની જ્યાંત્યાં અપ્રતિબદ્ધ છે.

'અજ્ઞાની પરતંત્ર છે અને જ્ઞાની સ્વતંત્ર છે. અજ્ઞાની અવિવેકી છે અને જ્ઞાની વિવેકી છે. અજ્ઞાનીમાં શુષ્કતા છે અને જ્ઞાનીમાં રસિકતા છે. અજ્ઞાની જ્યાંત્યાં દુઃખ દેખે છે અને જ્ઞાનીને જ્યાંત્યા આત્મસુખ છે. અજ્ઞાની અવિશ્વાસી છે અને જ્ઞાની શ્રદ્ધાવંત છે. અજ્ઞાનીમાં અસત્ય છે અને જ્ઞાનીમાં સત્ય છે. અજ્ઞાનીમાં સ્વાર્થ છે અને જ્ઞાનીમાં પરમાર્થ છે. અજ્ઞાનીમાં પશુબળની મુખ્યતા છે અને જ્ઞાનીમાં આત્મબળની મુખ્યતા છે. અજ્ઞાનીમાં અવિનય છે અને જ્ઞાનીમાં વિનય છે. અજ્ઞાની મિત્ર કરતાં જ્ઞાની મિત્ર અનંત ગુણ ઉત્તમ છે. મારામાં જેને શ્રદ્ધા–પ્રેમ છે તે જ્ઞાની છે અને મારામાં જેને શ્રદ્ધા–પ્રેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી તે અજ્ઞાની છે. જે મને જાણે છે અને મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે તે જ્ઞાની અને ચારિત્રી, સ્વાધિકારથી છે. જે મને જાણે છે તે સર્વ વિશ્વને જાણે છે અને જે મને જાણતો નથી તે સર્વ વિશ્વને જાણતો નથી. મને પિંડ અને બ્રહ્માણ્ડમાં સત્તાએ એક અનુભવે છે અને વ્યક્તિથી અનેક અનુભવે છે તે જ્ઞાની છે. ભાષા-જ્ઞાનથી વા શબ્દજ્ઞાનથી જ્ઞાનીપણું નથી, પણ મને જાણવાથી જ્ઞાનીપણું છે. મારા સદુપદેશ પ્રમાણે વર્તવાથી જ્ઞાનીપણું અને ભક્તપણું છે. જ્ઞાનીઓમાં મારો તરતમયોગે વ્યક્ત પ્રકાશ છે.

'જ્ઞાની અને મારામાં અભેદ છે. જ્ઞાનીઓની આજ્ઞામાં સર્વથા ધર્મ છે. મારા ભક્ત જ્ઞાનીઓની આશાતના કરો નહીં. જ્ઞાનીઓના આશયો સમજો અને કદાગ્રહરહિત થઈ વર્તો.. સર્વ પ્રકારની ધર્મ અને દર્શનની દૃષ્ટિઓમાંથી પ્રત્યેકમાં મારી અંશતા છે અને સર્વ ધર્મ અને દર્શનની અસંખ્ય દૃષ્ટિઓના સમુદાયમાં મારા સ્વરૂપની પૂર્ણતા છે. આત્મામાં અનંત પૂર્ણતા છે. આત્મામાં અસંખ્ય, અનંત દૃષ્ટિઓ છે. તેઓનો પ્રકાશ કરો. એકેક મતદૃષ્ટિની માન્યતામાં મૂંઝાઓ નહીં, પણ એકેક મતદૃષ્ટિમાં સાપેક્ષબુદ્ધિથી વર્તો. અસંખ્ય નયદૃષ્ટિઓમાં પરસ્પર સાક્ષેપ બુદ્ધિથી સત્યનો નિશ્ચય કરો, અને જે સ્વાધિકારે આચારમાં મૂકવા લાયક હોય તે મૂકો. આત્મમાન જાળવો અને આત્મબળનો પશુબળ પર કાબૂ મૂકો.

'સત્ય અને વિશુદ્ધ પ્રેમથી જે સંબંધો બાંધવા હોય તે બાંધો. સ્વાર્થદૃષ્ટિને આગળ કરીને કોઈની સાથે સંબંધ ન બાંધો. સત્ય પ્રેમીનો વિશ્વાસઘાત ન કરો. અસત્ય વાર્તાઓમાં નકામું આયુષ્ય ન ગાળો. જેનાથી સ્વપરનું શ્રેય થાય એવું બોલો અને એવું વર્તો. સત્ય પ્રેમમાં ભય, દ્રોહ, ભેદભાવ, પ્રપંચ, વિશ્વાસઘાત, વિષયકામના વગેરે દોષો હોતા નથી. મારા વિશુદ્ધ આત્મસ્વરૂપને સર્વમાં દેખી એકાત્મરસથી રસાઈ જવું તે વિશુદ્ધ પ્રેમ છે. મારા વિશુદ્ધ પ્રેમથી બોલો અને વિશુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રેમથી વર્તો, એ જ સત્ય સ્વર્ગ છે. મારામાં પ્રેમથી સમાઈ જઈ નામરૂપનો મોહ ભૂલી જાઓ અને કર્તવ્યકર્મો કરો. મારામાં આનંદરસ લેવો તે મારી ભક્તિ છે અને નિર્વિષયાનંદ રસ લેવો તે મારી સાથે એકતાનતા છે. મારાથી કોઈ પણ પ્રકારનો ભેદ ન રાખો. મને પ્રિય ગણો, પણ મોહને પ્રિય ન ગણો. મને પ્રિય ગણો, પણ મનોવૃત્તિઓને પ્રિય ન ગણો. શુભ અને અશુભ કર્મથી આત્માને નિર્લેપ રાખો. સર્વ જાતીય મનુષ્યોની સાથે એકાત્મભાવથી વર્તો અને મનુષ્યોમાં પ્રચાર પામેલા હિંસાના આચારોને દૂર કરો.

'સર્વાવસ્થામાં મારી આજ્ઞા પ્રમાણે વર્તવાથી મુક્તિ છે. સર્વાશ્રમમાં મારા પ્રેમથી મુક્તિ છે. ગમે તેવા પાપીઓ પણ પાપનો ત્યાગ કર્યા બાદ મારાં પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિથી સ્વતંત્ર અને મુક્ત થાય છે. સ્વાધિકારે સર્વ વર્ણો સ્વસ્વ કર્તવ્યકર્મોથી એકસરખી છે. તેમાં કોઈ ઉચ્ચ વા નીચ નથી. કોઈ પણ મનુષ્યની જાતિને નીચ રહેવાનો હક નથી. મેં કોઈ પણ મનુષ્યને નીચતાનો અધિકાર આપ્યો નથી. વર્ણના ગુણ-કર્મોને નિર્લેપપણે અનુસરતાં નીચપણું પ્રાપ્ત થતું નથી. સર્વ લોકોએ પરસ્પર એકબીજાને બચરાવીને બાવાનો પ્રેમ કરવો જોઈએ. જાતિ વા કર્મથી કોઈને ગુલામ કે દાસ ન બનાવવા જોઈએ. વિદ્વાનોને ઘણું માન આપો અને તેઓને સહાય કરો.

'ઉન્મત્ત કે ગાંડા બનેલાઓની સેવા કરો અને તેઓને દુઃખ ન પડે એવી વ્યવસ્થા કરો. ચારે પ્રકારના દેવો મારી શ્રદ્ધા-પ્રીતિરૂપ ભક્તિથી તરે છે એવી શ્રદ્ધા રાખો. ધર્મના મતભેદ હોવા છતાં વિધર્મીઓને સ્વધર્મીઓની જેમ આત્મભાવે ચાહો અને તેઓની સાથે આત્મભાવે વર્તો. કોઈના સ્વતંત્ર વા સત્યશોધક વિચારોને દાબી ન દો. સર્વ મનુષ્યોને પોતાના સ્વતંત્ર વિચાર બીજાને કહેવાનો અને સ્વતંત્રપણે જે જે રુચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે માનવાનો હક છે, અને સત્ય ન લાગે તે ત્યાગ કરવાનો હક છે. કોઈના મનને અને તનને મૃત્યુ આદિના ભયથી વા વધથી ગુલામ બનાવવાનો કોઈને હક નથી. સ્વતંત્રતાને ધારો, પણ વિવેક વિનાની સ્વચ્છંદતાનો ત્યાગ કરો. સર્વ મનુષ્યોને સ્વાત્મરક્ષણ કરવાનો અને અંતરમાં થતી સત્ય પ્રેરણા પ્રમાણે વર્તવાનો હક છે. કોઈની સ્વતંત્રતા નાશ કરવા લક્ષ્મી, શાસ્ત્ર કે સત્તાનો ઉપયોગ કરવો એ હિંસા અને વધ સમાન છે. કોઈની પણ ગુલામગીરી કરી સ્વધર્મથી ભ્રષ્ટ થવું તેના કરતાં યુદ્ધ વા મૃત્યુ શ્રેષ્ઠ છે.

' પાપીમાં પાપી મનુષ્યોને પણ સુધરવાનો વખત આપવો અને તેઓને શુદ્ધ કરવા. પાપી સદાકાળ પાપી રહે અને નાસ્તિક સદાકાળ નાસ્તિક રહે એવો નિયમ નથી. સ્ત્રીઓને ગુલામડી જેવી ગણી વર્તવાથી દેશ, સમાજ, રાજ્ય અને ધર્મની ગુલામ દશા આવે છે અને સંતાનો પણ ગુલામ પાકે છે. જૈનોમાં અને જૈનધર્મમાં અનાદિકાળથી ગુલામપણું નથી. જૈનધર્મમાં સર્વ પ્રકારના સદ્‌ગુણોને મારા જેવા ગણી માન આપવામાં આવે છે અને દુર્ગુણોના ત્યાગનો ઉપદેશ કરવામાં આવે છે.

' શ્રી ઋષભદેવ પ્રભુથી આ આરામાં (પંચમ કાળમાં) જૈનધર્મ પ્રવર્ત્યો કરે છે. જૈનધર્મે લોકોને દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સેવા, પ્રેમ, મૈત્રીભાવને આચારમાં મૂકવાનું શીખવ્યું છે. જૈનધર્મે અસત્ય યુદ્ધો અને અશાંતિને દૂર કર્યાં છે. જૈનધર્મે અધર્મમય રીતરિવાજોનો નાશ કર્યો છે. જૈનધર્મે સર્વ વિશ્વમાં આત્મજ્ઞાનનો પ્રચાર કર્યો છે. સર્વજીવોથી અભિન્ન જૈનધર્મ છે. સર્વ મનુષ્યોને, પશુઓને અને પંખીઓને એકસરખો જીવવાનો હક છે એમ મેં પ્રકાશ્યું છે, અને જૈનધર્મનો પ્રકાશ વા જૈનધર્મની સ્થાપના કરી છે. મારું બાહ્ય-આંતર સ્વરૂપ તે બાહ્યાંતર જૈનધર્મ છે. મન-વાણી-કાયાનું પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિ અને વિશ્વ પ્રતિ પવિત્ર વર્તન તે જૈનધર્મ છે. સર્વ ખંડ અને દેશના લોકોમાં સત્ય વિચારો એ જ મારો જૈનધર્મ છે. તે અનાદિકાળથી અનંતકાળ પર્યંત વર્તશે. સેવા, ભક્તિ, પ્રાર્થના, પરોપકાર, નીતિ, સદાચાર, પ્રેમ, સત્ય, દયા, શમ, દમ, દાન ઇત્યાદિ જે સર્વ ગુણો છે તે જૈનધર્મ છે. નિત્ય-ગુણોમાં અપેક્ષાએ હું નિત્ય છું અને ઉપાધિરૂપ અનિત્ય ગુણોમાં અનિત્યરૂપ છું. મને ભજે છે તે જૈનધર્મને ભજે છે જ. મારા પ્રેમથી સર્વ ગુણોના સાગર જેવા મારા ભક્તો બને છે.

'વિશ્વવર્તી કેટલાક મનુષ્યો એવા હોય છે કે તેઓના આત્માઓની તપથી વિશુદ્ધિ થાય છે, કેટલાકોની જપથી વિશુદ્ધિ થાય છે, કેટલાકોની ભક્તિથી વિશુદ્ધિ થાય છે. દરેક ગુણ, વ્રત કે ધર્મમાં ગાડરિયા પ્રવાહની રીતે લોકો વર્તે છે ત્યારે વિકાર થાય છે, અને તેથી લોકોની રુચિમાં ફેરફાર થાય છે. પરિણામે તેથી સંક્રાંતિયુગો આવે છે અને જાય છે. મારા ધર્મમાં સર્વ ગુણધર્મોની દેશકાલાનુસારે મુખ્યતા કે ગૌણતા થયા કરે છે, થઈ છે અને ભવિષ્યમાં થશે. દેશકાલાનુસારે મુખ્ય ગુણો તે ગૌણ થાય છે અને ગૌણ ગુણો તે મુખ્ય થાય છે. કોઈ વ્રત, ગુણ કે કર્મ સદા ગૌણપણે રહે નહીં અને મુખ્ય પણ સદા રહે નહીં. સર્વ મનુષ્યોની રુચિ આદિ અનુસારે મુખ્ય તે જ ગૌણ છે અને ગૌણ તે જ મુખ્ય છે. તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણ એ ત્રણ ગુણો પૈકી એકની કોઈ પણ દેશ કે સમાજમાં જે મુખ્યતા વર્ત્યા કરે છે તે પણ અમુક કાળપર્યંત, પશ્ચાત્ અન્ય ગુણની અમુક કાળપર્યંત મુખ્યતા થાય છે. એમ સદાકાળ વિશ્વમાં થયા કરે છે.

'હે માનવો! તમારું કંઈ પણ મારાથી છાનું નથી. તમો પાપો કરતાં ભય પામો અને ધર્મ કરવામાં નિર્ભય થાઓ. ગુપ્તમાં ગુપ્ત એવા તમારા વિચારો અને કર્મોને હું જાણું છું. ગુપ્તમાં ગુપ્ત વસ્તુ પણ મારાથી છાની નથી. તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવ પ્રમાણે તમને ફળ મળ્યા કરે છે એવા વિશ્વાસથી વર્તો. કોઈને હરકત, નુકસાન કે દુઃખ થાય એવો પ્રમાદ જરામાત્ર ન કરો. કોઈનું દિલ ન દુભાવો, કોઈને સતાવો નહિ. અજ્ઞાન અને મોહના વિચારોનું વિષ મહા ખરાબ છે. તેનું પાન કરો નહીં અને અન્ય લોકોને તેનું પાન કરાવો નહીં. મુખ પર વિષ રાખો નહીં. હૃદયમાં વિષ રાખો નહીં. આંખોમાં અગ્નિ રાખો નહીં. અન્ય લોકોને ઠગો નહીં. મારા ભક્તોને સ્વર્ગ અને સિદ્ધિની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. હાલ જે મારા ભક્તો બન્યા નથી તે પણ ભવિષ્યમાં મારા ભક્તો બનીને શુદ્ધાત્મપદ પ્રાપ્ત કરશે. માટે વર્તમાનમાં જે અભક્તો છે, મારા પર જે શ્રદ્ધા-પ્રેમવાળા નથી તેઓ પર પણ મૈત્રીભાવ ધારણ કરો. જે આ મનુષ્યજન્મમાં મારા ભક્ત બન્યા નથી તેમને અન્ય ભવમાં ભક્ત જૈન બનવાના માટે તેઓ પર મૈત્રીભાવ ધારો. મારા વિશ્વાસી પ્રેમીઓને અનંત આનંદ મળે છે. મારા દ્વેષીઓ પણ પ્રતિકૂળભાવે મને હૃદયમાં સ્થાપીને છેવટે મારા પ્રેમી શ્રદ્ધાળુ બની આ ભવમાં વા અન્ય ભવોમાં મુક્તિ પામે છે. તમારી ગમે તેવી દુઃખી દશામાં પણ મારામાં મન રાખવાથી મુક્તિ છે એવા પૂર્ણ નિશ્ચયથી વર્તો. સર્વ લોકોને સુખનો દિલાસો આપો. મારી પૂર્ણ શ્રદ્ધા–પ્રીતિથી દુષ્ટ, પિશાચો વગેરે પણ તમારા સેવકો બની જશે અને શત્રુઓ પણ તમારા મિત્રો બની જશે. મારા નામના જાપથી અનેક રોગીઓના રોગોને દૂર કરવાને મારા ભક્તો સમર્થ બને છે એવી શ્રદ્ધા રાખો.'

શાસ્ત્રોનું એકદેશીપણું :

'ધર્મશાસ્ત્રો એકદેશી છે. જ્ઞાનીઓ, ગુરુઓ, સંતો અસંખ્ય સર્વદેશી છે અને આત્મા અનંતદેશી છે. વ્યવહાર-જ્ઞાની એકદેશી છે અને અધ્યાત્મજ્ઞાનીઓ સર્વદેશી છે. સર્વ ધર્મશાસ્ત્રો દિશા દેખાડે છે અને તેનો અનુભવ તો આત્મજ્ઞાનીઓ પામી શકે છે. અનુભવજ્ઞાન વિના એકલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રજ્ઞાનથી અખંડ રસ પ્રાપ્ત થતો નથી. અનુભવજ્ઞાનથી આત્માનો નિશ્ચય થાય છે. મારામાં એકતાનથી રસિયા બનેલાઓને અવશ્ય અનુભવજ્ઞાન હોય છે. હે ભક્ત લોકો! તમે આત્માનુભવજ્ઞાન પ્રાપ્ત કરો. તમારી પાસે સમાગમ કરવા આવનારાઓને આત્માનંદ પ્રાપ્ત કરવા ઉત્સાહિત કરો. તમે આત્મોત્સાહથી સર્વ લોકોનાં હૃદયોને ભરી દો.

'ભૃગુ ઋષિએ આ સ્થાને બેસીને મારી બ્રહ્મસત્તાનું ધ્યાન ધરી, સર્વ બાહ્ય સંકલ્પથી રહિત થઈ નિર્વિકલ્પજ્ઞાન મેળવ્યું હતું અને મારા પરમ ભક્ત બની પરમ સમાધિ પામીને આત્માનંદમાં મગ્ન થયા હતા. તે પ્રમાણે તેઓના સંતાનિક ઋષિઓએ મારી સત્તાનું ધ્યાન ધર્યું હતું. મારા ભક્ત કૃષ્ણ વ્યાસે અહીંથી પૂર્વદિશાએ બે યોજન પર નર્મદા નદીના કાંઠે મારી પરબ્રહ્મ-સત્તાનું એકાત્મભાવે ધ્યાન ધર્યું હતું અને મારું મહાદેવ-સ્વરૂપ અનુભવ્યું હતું તેથી તે સ્થાનનું શુકલતીર્થ એવું નામ પડ્યું છે.'

આત્મિક તીર્થો:

'અંતરમાં જ્ઞાનવૃત્તિ તે નર્મદા છે.જ્ઞાનાત્માઓના સદ્વિચારો તે જ ઋષિઓ છે. શુકલધ્યાન તે શુકલતીર્થ છે. આત્મજ્ઞાન તે જ સાગર છે. શુભ ભાવના સમૂહ તે જ ભૃગુકચ્છ છે. આત્મો-પયોગ તે જ ઓંકારેશ્વર છે. મારા ભક્ત ત્યાગીઓ! તમો ગૃહસ્થ લોકોની પરતંત્રતામાં ન આવો. તમો ગામ કે નગરીની બહાર નદીતટ, ઉદ્યાન વગેરે સ્થાનોમાં જેમ બને તેમ આજીવિકાકર્મની અલ્પોપાધિથી રહો. જે કાળે જે લોકોમાં જે શક્તિની જરૂર હોય છે તે કાળે તે શક્તિનો લોકોમાં પ્રાદુર્ભાવ કરું છું, જેથી વિશ્વના લોકોની સદુન્નતિ થાય છે. તે મારાથી વ્યક્ત થાય છે એવો દૃઢ નિશ્ચય કરો. તમારી મનોવૃત્તિઓ તે નદીઓ છે એમ માનીને તેઓને આત્મરૂપ સાગરમાં ભેળવી દો અને આત્માના સાક્ષીભાવે જે જે પ્રારબ્ધના ખેલો થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને થશે તેમાં સાક્ષી બની વર્ત્યા કરો. પ્રારબ્ધકર્મ ભોગવતી વખતે મારામાં ચિત્ત રાખો અને તે વખતે આકાશની પેઠે આત્માને નિર્લેપ ભાવો. આકાશ કરતાં આત્મા અનંતગુણ નિઃસંગ અને નિર્લેપ છે અને તે સર્વ જડ વિશ્વમાં રહ્યો છતાં તેના પર કોઈની અસર થતી નથી. એવો હું પોતે શરીરમાં છતાં અશરીરી આત્મા છું. હું સર્વ વિશ્વનો જ્ઞાતા છું, એવો દૃઢ નિશ્ચય કરી વર્તો. સર્વ પ્રકારની દુઃખની ભાવનાઓનું ઉત્થાન ખરેખર અજ્ઞાનથી છે. આત્મજ્ઞાન થયા પછી તમો દુઃખની ભાવનાઓને અડકી શકતા નથી અને તે તમારી પાસે આવી શકતી નથી.'

વિદેશી પ્રજા પ્રત્યે સમભાવ :

'પરખંડમાંથી સમુદ્રમાર્ગદ્વારા અહીં આવનારી અન્ય-પ્રજાઓ સાથે બંધુભાવથી વર્તો. પરખંડવાસીઓને સદાચારોનો અને સદ્‌વિચારોનો લાભ આપો. સર્વ ખંડ, દ્વીપ અને દેશોમાં રૂપરંગના ભેદનો કલેશ ન રહે એવી શિક્ષામણોને સર્વ વિશ્વમાં ફેલાવો. સર્વ વિશ્વના મનુષ્યો એકબીજાને આત્મવત્ ગણી પ્રવર્તે તે માટે મારો અવતાર છે. જેઓમાં જીવતી શક્તિઓ છે તે જીવતા છે. મરેલાઓને મારી બતાવેલી જીવતી શક્તિઓના મંત્રો ફૂંકી જાગ્રત કરો. મરેલાઓને મારવામાં તમારી મહત્તા નથી. પોતાનામાં ઉત્પન્ન થનાર દુર્ગુણોને મારો અને સદ્‌-ગુણોને જિવાડો. હૃદયની શુદ્ધ સત્ય દૈવી પ્રેરણાનો અવાજ તે જ મારી જીવતીજાગતી વેદશ્રુતિ છે. તેને દાબી ન દો અને તેને માન આપીને વર્તો.

'જડ પદાર્થોની ઉપયોગિતા સમજો અને સ્વાધિકારે વિવેકથી તેનો ખપ કરો. જડ લક્ષ્મીથી આત્માની અંશમાત્ર પણ ઉન્નતિ નથી, માટે જડ વસ્તુઓના લાભથી લોભી, અહંકારી કે પ્રમાદી ન બનો. જેનામાં મારો પ્રેમ પ્રગટે છે તે જ વિશ્વમાં જીવતો છે. પ્રેમમાં તર્ક, ભય, શંકા, લજ્જા નથી. જેઓ તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માઓની સાથે વિશુદ્ધ પ્રેમરસથી જોડાય છે તેઓમાં મારી ભક્તિ છે એમ જાણી તેઓને મારી પેઠે ચાહો. તેઓ પર સર્વસ્વ વારી દો. તમારી પ્રિયમાં પ્રિય વસ્તુઓને મારા પ્રેમમાં વારી દો અને જ્યાં જ્યાં પ્રિયતા લાગે ત્યાં ત્યાં મને દેખો. પ્રેમ વિના મુક્તિની પ્રાપ્તિ નથી.'

પ્રેમની ભૂમિકા :

' પ્રેમને વિશુદ્ધ બનાવવા માટે પાંચ પ્રકારની દીક્ષામાંથી અનુક્રમે પસાર થવું પડે છે. આત્માની પૂર્ણતાનો પ્રકાશ કરવા માટે પાંચ ભૂમિકામાંથી પસાર થવું પડે છે. પાંચ પ્રકારની ભૂમિકાઓના ગુરુઓ તે તે ભૂમિકામાં વિશ્વમાં જ્યાંત્યાં નિયત હોય છે. જે જે ભૂમિકાનો અધિકારી જે બન્યો હોય છે તે તે ભૂમિકાના ગુરુને તે ઓળખી શકે છે, અન્યને ઓળખી શકતો નથી. જેને જેટલી દૃષ્ટિ ખીલી હોય છે તેટલું તે જાણી શકે છે, દેખે છે. તેની દૃષ્ટિમર્યાદાની બહારનું તે દેખી શકતો નથી. જેની પ્રિય દૃષ્ટિ જે પ્રમાણમાં ખીલી હોય છે તે પ્રમાણમાં તેનામાં પ્રેમદૃષ્ટિ છે. મેં સર્વ ભૂમિકા તથા સર્વ પ્રકારની દીક્ષાના ગુરુઓને નિયત કર્યા છે. તમારી જેવી યોગ્યતા તે પ્રમાણમાં ગુરુઓ આજુબાજુ ઊભા હોય છે અને તે તમને અનંતની દૃષ્ટિ ખીલવવા સહાયક બને છે. તમારું પ્રિય કરનારા તમારી પાસે જ હોય છે, પણ તે પ્રસંગોપાત્ત દેખાય છે. તમારું પ્રિય કરવા માટે જે જે ઉપસ્થિત છે તેમાં મને દેખો અને તેઓને મારી પેઠે સત્કારો. પ્રેમ અને પ્રેમી એ બેમાં હું એકાત્મ રૂપ છું એમ સંગ્રહનયસત્તાદૃષ્ટિએ દેખો. તમારું મન પરિવર્તનોને કરે છે, પણ તે મનનો ઉપરી પ્રભુ મહાવીર આત્મા છે.

' હે ભવ્ય માનવો ! તમારી રાગદ્વેષવૃત્તિનો મારામાં આરોપ ન કરો. તમે મારા ભક્તો છો અને તમારું પ્રિય અને હિત થાય તેમ હું કહું છું. મારામાં રાગદ્વેષવૃત્તિની કલ્પના, તર્ક, સંશય કે મોહ કરીને પતિત ન થાઓ. જેટલી તમારી યોગ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હશે તેટલું તમને સત્ય સમજાશે. તમો જેવા ભાવે મને દેખશો તેવો હું તમને દેખાઈશ અને તેવા ભાવવાળા તમે થશો. તમારામાં જેવા મારા પ્રતિ ભાવ છે તેવા તમે છો. ભાવના પરિવર્તનની સાથે તમારામાં પરિવર્તન થશે. જેવી તમારી દૃષ્ટિ તેવી તમને સૃષ્ટિ દેખાશે. મારા નિશ્ચયભાવથી તમો આત્માને પામશો. તમારા હૃદયમાંથી અનેક પ્રકારના સંશયો દૂર કરો. આત્માથી તમે અનંત છો, પણ કાયાથી એકદેશી અંતવાળા છો. તમારા હૃદયથી તમે સર્વદેશી છો, પણ આચારથી એકદેશી છો. આત્માથી વ્યાપક છો, પરંતુ આચારથી વ્યાપ્ય છો. જેટલું તમારા હૃદયમાં આવશે તેનો અનંતમો ભાગ તમારી કાયાથી આચારમાં મુકાશે. તમો આત્મભાવથી મને મળશો, પણ કાયાની પ્રવૃત્તિથી તો એકદેશે મળશો. તમારી જે પ્રમાણમાં દૃષ્ટિ ખીલી છે તે પ્રમાણમાં મારી પ્રભુતાને જાણો છો અને ભવિષ્યમાં વિશેષ દૃષ્ટિ ખીલતાં વિશેષ પ્રમાણમાં જાણશો. તે કાળે તમો મારા ઉપદેશના અત્યંત નિશ્ચયી થશો. તમને આગળ જતાં સર્વજ્ઞ થતાં તે જણાશે. તેનો પહેલાંથી ખ્યાલ આવતો નથી. જે જેટલું સમજી શકે તેને તેટલું ઉપયોગી સમજાવવું.

'તમો આવરણોનો નાશ કરો, સ્વાત્માવલંબી થાઓ. આત્માની સ્વર્ગસૃષ્ટિમાં વિચરો. દુષ્ટ વિચારોના નરકમાંથી જીવોને કાઢી શુભ વિચારના સ્વર્ગમાં લઈ જાઓ. તમે જેવા વિચારોમાં અને આચારોમાં હો તેવા દેખાઓ, પણ ડોળ કરીને અન્યને ઠગવા વિકારી ન બનો. પોતાની જે સ્થિતિ હોય તેનાથી હલકા દેખાવા તથા અધિક દેખાવા પ્રયત્ન ન કરો. માન, પૂજા, લક્ષ્મી, સત્તાની લાલચે પોતાની પ્રાપ્ત સ્થિતિથી ભ્રષ્ટ ન થાઓ. તમો તમારી સ્વાધિકારે પ્રાપ્ત ગુણ અને કર્મની પ્રવૃત્તિથી જેટલા મારા પ્રિય છો તેટલા અનધિકાર પ્રવૃત્તિથી મારા પ્રિય નથી. તમો આત્મદૃષ્ટિથી પાસેના પાસે છો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનાત્મદૃષ્ટિથી દૂરના દૂર છો.

'ભોજકવંશી, રાષ્ટ્રવંશી, વૃષ્ણિવંશી રાજાઓએ તથા પારસદેશી રાજાઓએ મારી આજ્ઞા સ્વીકારી છે અને સ્વસ્તિક મંગલ ચિહ્નને મારી પ્રતિકૃતિ, મૂર્તિ અથવા પ્રતીક માની તેઓ મારું સામીપ્ય પામ્યા છે. તેઓએ સારી રીતે મારી પાસેથી ધર્મ જાણ્યો છે. હે પૌલસ્ત્ય રાજન્! પૂર્વથી જૈનધર્મી હોવા છતાં તું મારી ભક્તિથી જૈનધર્મનું સત્ય રહસ્ય હાલ પામ્યો છે તથા સાચા પૂજ્ય અને સામીપ્યભાવને પામ્યો છે. તારી આત્મદૃષ્ટિ ખૂલી છે. તેં મારા પ્રેમથી આજ આત્મબળ પ્રાપ્ત કર્યું છે. હે પૌલસ્ત્ય! તેં લાટદેશને દીપાવ્યો છે. તારી પ્રજામાં ભક્તિ ખીલો, સેવાધર્મ ખીલો. તારી પ્રજામાં સર્વ અંગોનો અંગી બની સર્વને એકાંગી બનાવ અને મારી સાથે આત્મભાવે રહી એકચરસથી રંગાઈ રહે.

'હે પૌલસ્ત્ય રાજન્! આત્માને પ્રાપ્ત કરવાથી તું બાહ્ય રાજ્યમાં અપ્રતિબદ્ધ રહીશ. પ્રાતઃકાળમાં વહેલો ઊઠી આત્માની શુભ ભાવનાઓ ભાવ અને મારી સાથે એકચભાવથી સંબંધિત થા. આત્માનો શુદ્ધ ભાવ પામ અને અંતરમાં સર્વ જીવોની સાથે એકચ અનુભવ. ઋષિ, મુનિ, બ્રાહ્મણોની સંગત કર. હે પૌલસ્ત્ય! એક ક્ષણમાત્ર પણ પ્રમાદ કરવો ઘટતો નથી. એકાંતે દીનતાભાવ ન ધાર. પુનઃ પુનઃ માનવભવ મળવો દુર્લભ છે. વિષયોમાં વિષ દેખ અને વિષાન્નની પેઠે તેને માની તેનો ત્યાગ કર. વિષયોના ભોગોનો દાસ ન બન. સર્વ માનવજાતની વ્યાવહારિક અને ધાર્મિક વિચારાચારની સ્વતંત્રતાનું પાલન કરવું તે જ રાજ્ય છે. પ્રજાના હૃદયને પ્રેમથી જીતી લે. શસ્ત્રોથી મનુષ્યને જીતવા કરતાં પ્રેમ, બંધુભાવ, પરોપકાર, સેવા અને ભક્તિથી મનુષ્યોને જીત. દુષ્ટ પાપી મનુષ્યોને સદ્વિચારોથી સુધાર અને તેઓને સદ્બોધ આપનાર મહાત્માઓની સેવા કર. શસ્ત્રોના ઘાવથી મનુષ્યને મારી દબાવીને તેઓને સત્ય માર્ગે ચઢાવી શકાતા નથી. સદ્વિચારોથી મનુષ્ય બદલાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારીકૂટીને ધર્મ મનાવવો એ નીચ કૃત્ય છે. કોઈના પર જોર-જુલ્મ કરીને ધર્મ બદલાવવો એ ધર્મની અને ઉપદેશકની નિર્બળતા છે. એવી નિર્બળતા જ્યાં છે ત્યાં દેશ, ધર્મ અને સમાજનો ઉદય નથી. વિચારો ફરવાથી મનુષ્યો ફરે છે. શરીરનો નાશ કરી શકાય તથા તેને કેદમાં રાખી શકાય, પણ કોઈના મનનો નાશ ન કરી શકાય અને તેને કેદમાં ન રાખી શકાય. મન પર જ્ઞાનથી જય મેળવવો એ જ સત્ય આત્મરાજ્ય અને આત્મસામ્રાજ્ય છે.

'સર્વજાતીય મનુષ્યોને એકસરખા ગણ. તેઓને આત્મ–સામ્રાજ્ય મેળવવામાં સહાય કરવી એ તારું કર્તવ્ય છે. આત્મ–સામ્રાજ્ય પ્રાપ્ત કરનારાઓને જેઓ વિઘ્ન કરનારા હોય તેઓને શિક્ષા કર અને તેમને સુધાર એ જ તારું કર્તવ્ય છે. સર્વ મનુષ્યોમાં આત્માનું સૌન્દર્ય દેખ. શોકથી અલિપ્ત રહેવામાં શારીરિક સ્વાસ્થ્યનું રાજ્ય છે. સર્વ લોકો સાથે હળીમળી જા અને સર્વ લોકોને તારી સાથે મેળવાળા કર. લોકો પરસ્પર એકબીજાથી હળીમળી જાય એવા કર્તવ્યરૂપ રાજ્યને કર. સર્વ પશુઓ અને પંખીઓ સાથે હળીમળી જા અને તેઓની દૃષ્ટિથી તેઓનો સહાયક બન. પશુઓ અને પંખીઓમાં આત્માઓ છે. તેઓ મારા ભક્તો બને છે. નૈસર્ગિક જીવન ગાળ અને સર્વ લોકોને નૈસર્ગિક જીવન ગાળતાં શીખવ. સર્વ લોકોને પ્રેમથી મળ અને અધર્મમાર્ગથી લોકોને પાછા હટાવી ધર્મના માર્ગમાં વાળ. સર્વજાતીય મનુષ્યોને ખાવાપીવાનું મળે એવો બંદોબસ્ત કર. તલવારની ધાર પર ચાલવા સમાન રાજ્યધર્મ ધારવામાં અપ્રમત્ત બન. એ પ્રમાણે વર્તવું એ જ મારો પ્રકાશિત જૈનધર્મ જાણી તે પ્રમાણે પ્રવર્ત.'

એ પ્રમાણે પ્રભુનો ઉપદેશ શ્રવણ કરીને રાજાએ પ્રભુનું શરણ સ્વીકાર્યું અને ઋષિઓ વગેરે એ પ્રભુને વંદન–પૂજન કરી પ્રભુ મહાવીર દેવના ભક્તો બન્યા અને પ્રભુના સદુપદેશરૂપ જૈનધર્મને અને આત્માને અભિન્ન માની પ્રવર્તવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦. મંત્રરહસ્ય અને વિચારબળ

પ્રભુ મહાવીરદેવે નર્મદાનદીના કાંઠે વસનારા ભક્ત લોકોને આશીર્વાદ આપ્યો અને જણાવ્યું કે નર્મદાનદીના કાંઠે વસનારા મારા ભક્ત લોકો સાત્ત્વિક ભક્તિ, કર્મ અને જ્ઞાનવાળા થશે અને નર્મદાનદીની પવિત્રતા કાયમ રહેશે. પ્રભુએ નર્મદાનદીના કાંઠે કાંઠે વિહાર કર્યો અને આગળ ચાલ્યા. લાખો નિષાદ, ભિલ્લ લોકોને પોતાના ભક્તો કર્યા. હજારો ઋષિઓને અધ્યાત્મ યોગજ્ઞાન આપ્યું. લાખો લોકોને સંયમશક્તિઓ આપી. નર્મદાનદી પર એક પવિત્ર સ્થળે પ્રભુએ મુકામ કર્યો. પ્રભુનું આગમન શ્રવણ કરીને ભાર્ગવવંશી અને વિશ્વામિત્ર ઋષિના કુળના હજારો ઋષિઓ પ્રભુનાં દર્શન કરવા આવ્યા. તેઓએ પ્રભુને વાંદ્યા પૂજ્યા અને પ્રભુની સ્તવના કરી. પછી પ્રભુને મંત્રયોગના રહસ્ય સંબંધી અનેક પ્રશ્નો પૂછ્યા. પ્રભુએ અનેક પ્રશ્નોના ઉત્તરો આપ્યા. પ્રભુએ પોતાના નામમંત્રનું માહાત્મ્ય જણાવ્યું અને તેથી ત્યાં 'મંત્રગીતો–પનિષદ' પ્રગટ થઈ. પ્રભુએ પોતાના સ્વરૂપના વાચક ઓંકાર–પ્રણવનું રહસ્ય પ્રદર્શિત કર્યું. તેથી ત્યાં ઓંકારનગરની તે જ વખતે ઋષિઓ વગેરેએ સ્થાપના કરી. ઓંકાર પોતાની અનંત ગુણપર્યાયશક્તિઓનો વાચક છે. ઓંકારમંત્રસહિત પ્રભુનું નામ દેવું અને ઓંકારસહિત પ્રભુના નામની સર્વ કાર્યોના આરંભમાં ઉદ્ઘોષણા કરવી. શ્રી મહાવીર પ્રભુએ ત્યાં આવેલા ઋષિઓને જણાવ્યું કે મંત્રયોગ સમાન કોઈ શક્તિ–દાયક યોગ નથી. તેઓએ યોગ શિષ્ય ભક્તોને મંત્રયોગનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહસ્યો આપવાની સૂચના કરી, મંત્રોના બીજોનાં ગુપ્ત રહસ્યો સમજાવ્યાં અને તેના જાપ કરવાની શૈલી બતાવી મંત્રોને ગુરુ-પરંપરાએ વહન કરાવવાનો ઉપદેશ આપ્યો.

મંત્રોની ગુપ્તતા :

શિષ્યભક્તને દીક્ષા આપ્યા બાદ મંત્રોને કર્ણમાં બીજાઓ ન સાંભળે એવી રીતે કહેવા. ગુરુમંત્ર આપવાની વિધિ બતાવી. ઓંકારમાં સર્વ મંત્રબીજોનો સમાવેશ થાય છે તે સમજાવ્યું. મંત્રોનાં રહસ્યો, કલ્પો વગેરેને લખવાં-લખાવવાં નહીં, પણ કર્ણોપકર્ણ સંભળાવવાં એવો ઉપદેશ આપ્યો. શરીરનાં ચક્રોમાં મંત્રનો જાપ અને ધ્યાન કરવાનું રહસ્ય સમજાવ્યું, મંત્રથી હૃદયની શુદ્ધિ થાય છે તે સમજાવ્યું અને મંત્રયોગ અત્યંત ગુપ્ત રાખવાનો ઉપદેશ દીધો તથા અભક્ત, અયોગ્ય અને નાસ્તિકોને શક્તિદાયક મંત્રો આપવા નહીં એમ જણાવ્યું. સર્વ મંત્રોના આધાર અને પ્રકાશક પ્રભુ પોતે છે એમ જાહેર કર્યું તેથી ઋષિઓને અત્યંત આનંદ થયો.

રોગશાંતિનો ઉપાય :

પ્રભુ મહાવીરદેવે ઋષિઓને રોગનાં નિદાનો કહ્યાં અને મંત્રો વડે રોગોની શાંતિ કરવાનાં રહસ્યો સમજાવ્યાં તથા ઔષધિઓ વડે અનેક પ્રકારના રોગોનો નાંશ કરવાનો બોધ દીધો. અલ્પ દોષ અને મહાલાભ તેમ જ મહાધર્મ થાય એવાં ઔષધો બતાવ્યાં. પ્રભુ મહાવીરદેવે સંકલ્પબળ વડે અનેક પ્રકારના રોગોનો વિનાશ કરવાની વિચારશક્તિ દર્શાવી. સ્થૂલ ઔષધો કરતાં સૂક્ષ્મ વિચારોના પ્રવાહથી રોગોનો વિનાશ થાય છે. મંત્રયોગ સમાન કોઈ યોગ નથી. મંત્રયોગનો સદુપયોગ કરે, પણ દુરુપયોગ ન કરે તેને મંત્રયોગ દેવો. સંકલ્પ શક્તિનો પ્રયોગ પરમાર્થે જે કરી શકે તેને સંકલ્પયોગ દેવો, એમ પ્રભુએ જણાવ્યું. શસ્ત્ર-અસ્ત્રો કરતાં સંકલ્પોમાં અનંતગણું બળ રહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચારબળ :

' વિચારોમાં અનંતગણું બળ રહેલું છે. વિચારોના પરિવર્તનથી આચારમાં પરિવર્તન થાય છે. શુભાશુભ વિચારોનાં પરિવર્તનોથી શરીરોનાં શુભાશુભ પરિવર્તનો થાય છે. વિચારોના તાબે પુદ્ગલો વર્તે છે. સતત એકસરખા પ્રવાહથી અને શ્રદ્ધાના જોરથી વિચાર કરવાથી વિચારમાં અનંતગણું બળ આવે છે અને તે આચારમાં પરિણમે છે. જેવી વિચારસૃષ્ટિ તેવી આચારસૃષ્ટિ થઈ જાય છે અને થશે. વિચાર કર્યા વિના મન રહી શકતું નથી. આત્મમહાવીર પરમેશ્વરનું મન પ્રધાન છે અને તે સૂક્ષ્મ-સ્થૂલમાં કારભાર કર્યા કરે છે. જેવી વિચારસૃષ્ટિ તેવી સ્થૂલ સૃષ્ટિ થઈ જાય છે અને થશે. જ્યાં વિચાર અવ્યવસ્થિત છે ત્યાં કાર્યો અવ્યવસ્થિત થાય છે. જ્યાં વિચારોમાં બળ છે ત્યાં કાર્યોમાં બળ છે. જ્યાં વિચાર અસ્થિર ત્યાં કાર્ય અસ્થિર હોય છે. શ્રદ્ધાબળ વિનાના વિચારોમાં બળ રહેતું નથી. અજ્ઞાનીઓમાં શ્રદ્ધાભેદ, બુદ્ધિભેદ તેમ જ સંશય થવાથી આત્મબળ કે મંત્રબળ પ્રગટતું નથી. મંત્રયોગમાં સંશય કરનારાઓની સંગતિ કરવી નહીં. વિચારબળ એ જ મંત્રબળ છે. મંત્રબળથી અનેક માનસિક વ્યાધિઓ અને રોગોનો નાશ થાય છે. મારામાં જેને જેટલો શ્રદ્ધા-પ્રેમ હોય છે તેટલો તેને મારા નામનો મંત્રયોગ ફળે છે. આત્મા શ્રદ્ધાપ્રેમમય છે. તે મંત્રયોગરૂપ છે. મારા યોગ્ય ભક્તોને મારા નામમંત્રનાં રહસ્યો સમજાવવાં અને તેનો સદુપયોગ કરવાનું શિક્ષણ આપવું.

' અભક્ત નાસ્તિકો આગળ મંત્રયોગ પ્રકાશવો નહીં. યોગ્ય ભક્તોને તત્ત્વજ્ઞાનનો સદુપદેશ દેવો. બે મનુષ્ય કરતાં વિશેષ મનુષ્ય આગળ મંત્રયોગ પ્રકાશવો નહીં. જે લોકો મારા ધર્મ માટે પ્રાણાર્પણ કરવા તૈયાર હોય તે લોકોને તમારી આગળ કહેલો મારો મંત્રયોગ દેવો. જે લોકો એકલા સ્વાર્થી, ક્રૂર, લંપટ, ઘાતક હોય તથા અસ્થિર મનના હોય તેઓએ મંત્રા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન દેવા. જેઓનેં ધર્મગુરુ, સંત, મહાત્માઓ પર મારા સરખી શ્રદ્ધા–પ્રીતિ ન હોય તેઓને મંત્રયોગ દેવો નહીં. વિચાર, આચાર, શ્રદ્ધા, પ્રેમ, ભક્તિમાં ઐકય હોય ત્યાં મંત્રયોગ પ્રકાશવો.' પ્રભુએ મંત્રયોગ અને ઔષધિયોગનું યથાર્થ સ્વરૂપ પ્રકાશ્યું અને સર્વ લોકોને જૈનભક્ત કર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૧. આત્માની પ્રભુતા

પ્રભુ મહાવીરદેવ વિહાર કરતાં કરતાં માલવદેશમાં પધાર્યા. માલવદેશના લોકોને દર્શનબોધનો લાભ આપ્યો. પ્રભુએ ઉજ્જયિની નગરીની બહાર ક્ષિપ્રા નદીના કાંઠા પર મુકામ કર્યો. ઉજ્જયિની નગરીના રાજા યશોવર્મા અને તેના યુવરાજ ચંડપ્રદ્યોતનને ખબર પડતાં તેઓ સર્વજ્ઞતીય પ્રજા સાથે પ્રભુને વંદન કરવા આવ્યા. પ્રભુને વિધિપૂર્વક વંદન-નમન કર્યું. ત્યાં રહેલા સુદત્ત, એકાક્ષ, વિરૂપ, સુરૂપ, સુલોચન, વિશ્વજિત, શ્યામ, સુવ્રત અને સુબંધુ એ નવ નાથો, કે જેઓએ યોગથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી, જેઓ આકાશમાં ઊડતા હતા, સાત દ્વીપને દેખતા હતા, વેદસંહિતાઓને સવળી-અવળી ગણી જતા હતા તથા અષ્ટ સિદ્ધિઓને પામ્યા હતા, તેઓ પ્રભુ પાસે આવ્યા. તેઓએ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને વંદન-નમન કર્યું અને પ્રભુના આગળ બે હસ્ત જોડી બેઠા. ભાવન વીરો, અને હરસિદ્ધિ દેવી વગેરે ચોસઠ યોગિનીઓ પ્રભુનાં દર્શન કરવા આવ્યાં અને વંદન-પૂજન કરી પ્રભુનો બોધ શ્રવણ કરવા લાગ્યાં.

યશોવર્માને બોધ :

પ્રભુએ યશોવર્માને તથા ચંડપ્રદ્યોતનને રાજાનાં કર્તવ્યો જણાવ્યાં અને કહ્યું કે, 'હે રાજન્! તારી પ્રજા પ્રત્યેની જવાબદારી ઘણી છે. દરરોજ ધર્મગુરુ અને સાધુસંતોની સેવા કર્યા કર. રાજસત્તાના મદના ઘેનમાં ઘેરાઈ જઈને તારું કર્તવ્ય ન ભૂલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'હે રાજન્! તું આત્માના ગુણોને પ્રાપ્ત કર. રાજ્યસત્તાનો સદુપયોગ કર્યાથી સ્વર્ગ છે અને દુરુપયોગ કર્યાથી નરક છે. પુણ્યકર્મથી રાજ્યસત્તા તને મળી છે. તેનાથી પાપ ન કર. સર્વ લોકોમાં અને તારામાં અભેદભાવ રાખ અને આત્મામૃતરસ ચાખ. પ્રજાની મરજી પ્રમાણે રાજા છે, માટે પ્રજાની સલાહ પ્રમાણે રાજ્ય કર. લોકોનો મહાસેવક રાજા છે. સર્વ લોકોમાં મને દેખી સર્વ લોકોની સેવામાં મારી સેવા માન. આત્માના પ્રકાશ વડે સર્વત્ર સંચર. કદાપિ કાનનો કાચો ન થા. ગરીબમાં ગરીબ મનુષ્યને અન્યાય કરી તેની હાય ન લે. જાણતાં છતાં અજાણ્યા જેવો બની સંતો પાસેથી જ્ઞાન ગ્રહણ કર. ત્યાગી ગુરુના બોધમાં ગૃહસ્થ ગુરુ કરતાં અનંતગણું સત્ય દેખ, નિઃસ્પૃહીઓ પાસેથી નિર્ભયતા શીખ. શસ્ત્રબળ પર રાજ્ય ટકતું નથી, પણ પ્રજાના પ્રેમને જીતવાથી રાજ્ય ટકે છે. પ્રજાલોકોને અજ્ઞ ન રાખ. લોકોને સર્વ પ્રકારની વિદ્યા મળે એવા ગુરુઓ પાસે શિક્ષણ અપાવ.'

ચંડપ્રદ્યોતનને બોધ :

'ચંડપ્રદ્યોતન યુવરાજ! તારામાં પશુબળની સત્તાનું જોર ન વધી જાય તે બાબતનો સતત ઉપયોગ રાખ. લોકોનો પ્રેમ મેળવ. ખુશામતિયા લોકોથી ચેતીને ચાલ. મારી આજ્ઞા પ્રમાણે સર્વ કર્તવ્યો કર. અશક્તિઓને હટાવ. સર્વ પ્રકારની શક્તિઓને મેળવ. અત્યંત ભોગવિલાસ અને મોજશોખથી સર્વ લોકોની પડતી છે. ગરીબોને દાન દે. બ્રાહ્મણોની સેવા કર. મારા પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ રાખ અને મુખથી સત્ય ભાખ. સર્વ લોકોને એકસરખી રીતે ખાવાપીવાનું મળે અને પરસ્પર લોકોમાં શાન્તિ જળવાઈ રહે એવો બંદોબસ્ત રાખવા માટે રાજાની જરૂર છે. રાજાએ પોતાને રાષ્ટ્રનું એક અંગ માનવું અને રાષ્ટ્રનાં સર્વાંગોની સાથે વ્યવસ્થિત થઈ પ્રવર્તવું.

'યુવરાજ ચંડપ્રદ્યોતન! સત્તાનો અહંકાર ન કર. રાજ્ય–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્તાથી મોહ ન પામ. પ્રજાથી જેટલો તું જુદો તેટલો તું મારાથી જુદો છે, એમ જાણી સર્વ જીવોને મારા સમાન માન. પોતાના સ્વાર્થે પ્રજાનો કે સૈનિકોનો નાશ ન કરવો જોઈએ. ન્યાય, સત્ય, દયા, દાન, દમ, વિવેક જ્યાં નથી ત્યાં રાજ્ય નથી. લોકોની સ્વતંત્રતાનો જ્યાં નાશ છે ત્યાં મનુષ્યરાજ્ય નથી, પણ પશુરાજ્ય છે. આત્માની સત્તાથી મનુષ્યરાજ્ય પ્રવર્તે છે. મનમાં પ્રગટતી અશુભ કામનાઓને જે વારે છે તે આત્મરાજા છે. સર્વ મનુષ્યોને આત્મરાજા, આત્મમહાવીર થવાનો અધિકાર અર્થાત્ સત્તા છે. લોકોમાં સ્વર્ગ બનાવ. સર્વ મનુષ્યોને સ્વર્ગ પ્રતિ આકર્ષ અને કોઈમાં શત્રુભાવ ન રાખ.

'શત્રુભાવ જેના હૃદયમાં નથી તેઓને શત્રુઓ તરફથી ડરવાનું રહેતું નથી. જે કોઈની નિંદા કરતો નથી તેને નિંદકો તરફથી ડરવાનું રહેતું નથી. અન્ય જડ પદાર્થોના જેઓ ગુલામ બને છે તેઓ વસ્તુતઃ રાજા નથી. સર્વસ્વાર્પણ કરવામાં રાજાપણું છે, પણ દેહાધ્યાસ રાખી અસત્ય જીવનથી જીવવામાં રાજાપણું નથી. દુશ્મન રાજાઓને આત્મરાગી બનાવવામાં સત્ય રાજાપણું છે. દુશ્મન રાજાઓને તાબે થઈ પોતાના સત્ય વિચાર અને આચાર ભૂલવામાં રાજાપણું—ક્ષત્રિયપણું નથી, માટે દુશ્મનોનાં હૃદય પ્રેમ, પરોપકારથી જીત. કોઈની હાંસી-મશ્કરી ન કર, કોઈને દુઃખી થતો દેખી આનંદ ન માન. ભૂખ્યાંઓને પ્રથમ અવરાવીને પછી ભોજન કર. ગુરુનો વિનય અને તેમની સેવા કરવામાં સર્વસ્વાર્પણ કર. ગુરુના એકેક વચનને અમૃત સમાન માન. પરસ્ત્રીને મા–બહેન સમાન માની તે પ્રમાણે પ્રવર્ત. અન્યાય કરીશ તો અન્યાયનું ફળ પામીશ એવો નિશ્ચય રાખ. સ્વાર્થબુદ્ધિથી અન્યાય–અનીતિનું પગલું ન ભર. પરાક્રમની સાથે પગલે પગલે સહન કર.

'ક્ષમા એ જ મોટામાં મોટું પરાક્રમ છે. દોષીઓને, શત્રુઓને, પાપીઓને ચાહતાં શીખ, પણ તેઓ પર દ્વેષબુદ્ધિ ન રાખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓને સુધારવા પ્રયત્ન કર તથા સુધરવા માટે સમય આપ. વિહાર કરીને આવેલા ત્યાગીઓની તથા માંદા પડેલા ત્યાગીઓની સેવાચાકરી કરવાથી તારો ઉદ્ધાર થશે, માટે ત્યાગીઓની સેવા કર. ડગલે અને પગલે પતિત થવાના પ્રમાદો અને તેવી સોબતથી ચેતીને ચાલ. મારો ભક્ત બનેલ કોઈ પણ મનુષ્ય ગમે તેવા પાપમાર્ગથી પણ મુક્ત, સ્વતંત્ર, શુદ્ધ થયા વિના રહેતો નથી. મારી આજ્ઞા પ્રમાણે સ્વાધિકારે યથાશક્તિ વર્તવું એ જ જૈનધર્મની ઉત્સર્ગ તથા અપવાદમાર્ગથી આરાધના છે.

'હે ચંડપ્રદ્યોતન! સર્વ વિશ્વમાં આત્મપ્રભુતા અવલોક. સર્વમાંથી સત્ય દેખ. મૃત્યુ અને જીવનમાં આત્મપર્યાય અવલોક. આત્માના સત્પર્યાયોને સત્યપણે દેખ અને આત્માના અસત્-પર્યાયોને અસત્પણે દેખ. આત્માની પ્રભુતામાં સર્વ વિશ્વની પ્રભુતા સમાયેલી દેખ. વ્યષ્ટિ અને સમષ્ટિ બન્નેમાં આત્માની સત્તા અનુભવ. શરીરના ભવ કરતાં મનના ભવ પર વિશેષ કાળજી રાખ. આત્માના ભવની આગળ શરીર અને મનના ભવ અલ્પ છે. આત્માના જ્ઞાનાદિ પર્યાયરૂપ ભવનો અનુભવ કર. વિચારો અને પ્રવૃત્તિઓ તે બે ઘડી પછીનું ભવિષ્ય છે. ભવિષ્યનો આધાર વર્તમાન પર છે. વર્તમાન સુધાર એથી તારું ભવિષ્ય સુધરશે.'

પ્રેમનું માહાત્મ્ય :

'જેઓ પર સત્તા ચલાવવામાં આવે છે તેઓ પર પ્રેમ નથી. જે લોકોને નીચ ગણવામાં આવે છે તેઓ પર પ્રેમ નથી. જેઓમાં દોષદૃષ્ટિ થાય છે તેઓ પર પ્રેમ નથી. ઉપાધિ વડે જ્યાં પ્રેમ પ્રગટે છે તે પ્રેમ નથી. નિરુપાધિમય આત્મા પર જે પ્રેમ થાય છે તે સત્ય પ્રેમ છે. ઉપાધિ વિનાનો જે નિરુપાધિ પ્રેમ થાય છે તે સત્ય પ્રેમ છે. સત્ય પ્રેમથી આનંદ પ્રગટે છે. પ્રેમથી સર્વસ્વાર્પણ થાય છે. આત્મપ્રેમમાં આપવા-લેવાના ભેદ નથી. પ્રેમથી આત્માની અનંતતાની પ્રતીતિ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. પ્રેમમાં ખોવાનું નથી; પ્રેમથી મેળવવાનું થાય છે. પ્રેમમાં દાતારપણું છે. આત્મપ્રેમ વિના સમ્યગ્જ્ઞાની નથી, માટે આત્મપ્રેમને પામ. જ્યાં અહંકાર છે ત્યાં મારો વિશ્વાસ નથી. અહંકારને ભૂલ એટલે તું મારું આંતરસ્વરૂપ દેખીશ. મનુષ્ય થઈને કોઈને ધિક્કાર નહીં. શત્રુ પર પ્રેમ કરી શત્રુને જીત.

'અસંખ્ય શસ્ત્રોના કરતાં પ્રેમનું અનંતગણું બળ છે. પ્રેમ વિનાનો આત્મા ખારો છે. તારા વૈરીઓ પર આત્મસરીખો ભાવ રાખીને દૃઢતાની વર્ત, એટલે તારા વૈરીઓ તારા પર બૂરું ન કરે એવી સહાય મારા તરફથી મળશે. જેઓ ખરા પરાક્રમીઓ છે તેઓ સામું બળ પ્રથમ બતાવતા નથી. તારા શત્રુને તું ભૂલી જા એટલે તે તને ભૂલી જશે. તારા માટે જૂઠી સાક્ષી પૂરનાર તરફ મૌન રાખ એટલે તે સહેજે પશ્ચાત્તાપ પામી સુધરશે. નિંદક તરફ પ્રભુની દૃષ્ટિથી દેખ. પાપીઓને સુધાર. એ જ પ્રભુ થવાનું પ્રથમ પગથિયું છે. તારી હાંસી–મશ્કરી સહી લે અને હાંસી–મશ્કરી કરનારને ચાહી લે. સહેવામાં પ્રેમ છે જ. સર્વજ્ઞતા વિના કોઈનો ન્યાયી ન બન. અલ્પજ્ઞને અન્યનો ન્યાય કરવામાં ડગલે ને પગલે હિંસા છે. સર્વ દેહધારીઓને આત્મસમ દેખવાથી અને તેઓની સાથે આત્મસમાન વર્તવાથી તું પ્રભુ બનીશ.

'અનંત આત્માની અનંત શબ્દોથી પણ પૂર્ણ સત્ય વ્યાખ્યા કરી શકાતી નથી. અનંત આત્માનું ચિંતન કર. અનંત આત્માને અનંત દૃષ્ટિથી દેખ અને વર્ત. આત્માની શ્રદ્ધામાં નવું શક્તિમય જીવન છે. મારી અશ્રદ્ધા અને નાસ્તિકતા ચિંતવનારા લોકો વિચાર કરતાં કરતાં મારા ભક્તો બની જાય છે. જે મારારૂપ થઈને મને સેવે છે તે મારા જેવો બને છે. મને આત્મદૃષ્ટિથી દેખતાં તારાથી હું જરામાત્ર દૂર નથી. જે મને સર્વ નામરૂપોમાં ઈશ્વરી ચિદાનંદભાવે દેખે છે તે જ મને દેખે છે. અસંખ્ય યોગો વડે સર્વ વિશ્વમાં સર્વત્ર હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભક્તોને પ્રાપ્ત થાઉં છું. અમુકના જ હાથમાં મારો ઇજારો નથી. ભક્તિ–જ્ઞાન–કર્માદિ યોગોને પ્રગટાવનારાઓના હાથમાં મારો ઇજારો છે. સર્વ લોકોનું પરમ ધ્યેય હું છું. આત્મ-બલિદાનથી આગળ વધ, પણ યાચક બનીને આગળ વધીશ નહીં. શુદ્ધ હૃદય તે જ પ્રાર્થના–સ્તુતિનું ફળ છે. શ્રદ્ધાથી મારા અવતારમાં ઈશ્વરતા દેખ અને વર્ત.

'હે ચંડપ્રદ્યોતન! મારામાં ચિત્ત રાખીને જીવ અને સ્વાધિકારે કર્તવ્યકાર્યો કર. પ્રથમ મોહભાવથી મરીને પછીથી આત્મભાવે જીવ! તારામાં અને મારામાં અભેદપણું દેખ એટલે તું જે છે તે આપોઆપ પોતાને અનુભવીશ. મૃત્યુના અને જીવનના પર્યાયની વચમાં પોતાની સત્તાને અનુભવ. તું સત્, ચિત્ અને આનંદરૂપ છે. મૃત્યુમાં અને દેહપર્યાયમાં આનંદ-ભાવથી વર્ત. સર્વ પર્યાયોમાં સૌન્દર્ય અને મારી પ્રભુતા દેખ. બૂરામાં બૂરી વસ્તુના ઊંડાણમાં આનંદ દેખ. સર્વ વિશ્વમાં આનંદના દરિયાથી ઊછળ. આનંદ–ઉલ્લાસમય પોતાને દેખ. જે જે કાળે જે જે બને તેમાં આનંદની ભાવના ભાવ અને આનંદ વિના અન્ય કશું દિલમાં ન લાવ. આનંદરસમય જીવન-રૂપ તું છે. તેથી પોતાને ભિન્ન દેખવું તે જ મૃત્યુ છે. તું અનંત જ્યોતિરૂપ છે. અનંતમાં અંત નથી. માટે પોતાનો દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી અંત ન દેખ. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અનંતરૂપ પોતાને દેખ. આત્માનંદથી તું લેશમાત્ર પણ ત્રણે કાળમાં ભિન્ન નથી. જ્યાં આનંદ નથી ત્યાંથી મન થાકીને પાછું ફરે છે અને આત્મામાં આનંદ અનુભવી મન સર્વથા શાન્ત થાય છે,

'આત્માના આનંદથી જે ભિન્ન છે તે આત્મધર્મ નથી. જ્યાં આનંદ નથી ત્યાં આત્મા નથી. જ્યાં જ્ઞાન નથી ત્યાં આત્મા નથી. જ્યાં વીર્ય નથી ત્યાં આત્મા નથી. જ્યાં જડતા છે ત્યાં આત્મા નથી. સમાજની સાથે સમાજદૃષ્ટિએ વર્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વતંત્ર જીવનમય આત્મા છે એવો દૃઢ નિશ્ચય કરી પરતંત્રતાનો વિષની પેઠે ત્યાગ કર. જડ વિષયોના તાબે તું ન થા, પણ જડ વિષયોને પોતાને તાબે કર અને જડ વિષયોમાં આત્મ-બુદ્ધિને આગળ કરી વર્ત. સર્વ વિશ્વને દેહની પેઠે ઘર જેવું માની વર્ત અને દૃશ્યાદૃશ્ય સર્વ પદાર્થોની યોગ્ય ઉપયોગિતા જાણીને પ્રવર્ત.

'સર્વ જીવોની સાથે શુદ્ધ પ્રેમભાવથી વર્ત. કદાપિ કાળે આત્માનું મરણ નથી એમ સર્વ પ્રકારની મૃત્યુની ભીતિથી રહિત થા. કોઈ પણ બાબતમાં આત્માની સ્વતંત્રતા ન ભૂલ. કોઈ પણ બાબતમાં અન્ય જીવોને પરતંત્ર કે ગુલામ બનાવવાનો નામર્દ વિચાર ન કર. સર્વ લોકોને સુખ થાય અને દુઃખની નિવૃત્તિ થાય એવા વિવેકથી વર્ત અને અન્ય લોકોને વર્તાવ-વાનો પ્રયત્ન કર. જ્ઞાનપૂર્વક રસ પડે એવી ધાર્મિક પ્રવૃત્તિ કર. જ્યાં રસ ન પડે ત્યાં જીવન નથી એમ જાણ. તારામાં શ્રદ્ધા-પ્રેમરૂપ ભક્તિની જ્યોત પ્રગટાવ. સર્વ લોકોને પોતાના કરી રાજ્ય કર. સર્વ લોકોને ચાહ અને ચાહીને તથા સહીને તેઓના ભલામાં ભાગ લે. સર્વ જાતીય પ્રજાને મારા ઉપદેશથી જાગ્રત રાખીને સર્વ લોકો પર નીતિથી શાસન કર. જે દુઃખ પડે તે મારામાં રહીને સહી લે.'

પ્રભુ મહાવીરદેવે ચંડપ્રદ્યોતનને સર્વ પ્રકારની નીતિ-ઓનો બોધ આપ્યો. અગ્નિશર્મા પુરોહિતને પણ રાજ્યકર્મનું તાત્ત્વિક રહસ્ય સમજાવ્યું. માલવદેશીય મનુષ્યોને રાજ્ય અને રાજાની આવશ્યકતા સમજાવી તથા રાજાની આજ્ઞા પ્રમાણે વર્તવામાં શું રહસ્ય રહેલું છે તે સમજાવ્યું.

પ્રભુએ લોકોને કહ્યું કે, 'હે મનુષ્યો! મનુષ્યભવની ક્ષણિક જિંદગીને નકામી ન ગાળો. અંજલીમાં રાખેલા જળની પેઠે આયુષ્ય વહી જાય છે. દુનિયાની જડ વસ્તુઓને એકઠી કરવાની અને એકબીજા પાસેથી અન્યાયથી પડાવી લેવાની અયોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવૃત્તિ પરિહરો. જેવું કરશો તેવું પામશો. કોઈ પણ જાતના કદાગ્રહથી ગ્રસિત ન થાઓ. મહાત્માઓ અને ઋષિઓ પર અરુચિવાળા ન થાઓ.

ગુરુની મહત્તા :

'ગુરુ અને ગુરુની આજ્ઞાને શીર્ષ પર ધારણ કરો. ગુરુ કર્યા વિનાના તમો ન રહો. સગુરાને મુક્તિ મળે છે, પણ નગુરાને મુક્તિ મળતી નથી—એવો દૃઢ નિશ્ચય રાખી, ગુરુને ધારણ કરી ગુરુની સેવા કરો. જેઓએ મસ્તક પર ધર્મ–ગુરુને ધારણ કર્યા નથી તેઓની બુદ્ધિ શુદ્ધ થતી નથી. જે લોકો ગુરુની મહત્તા સમજતા નથી, રાજ્ય, ધન અને પદવી-માં મોટાઈ સમજે છે અને ત્યાગી ગુરુને રાજાઓ તેમ જ શ્રીમંતો કરતાં હીન ગણે છે તેઓ સ્થિર પ્રજ્ઞાને તથા જ્ઞાન, દર્શન, ચારિત્રને પામી શકતા નથી.

જ્યાં ગુરુ પર નથી પ્રીતિ, ત્યાં રહી છે ખરી ભીતિ,
જ્યાં ગુરુ પર નથી પૂજ્યભાવ, ત્યાં નથી ધર્મનો દાવ;
જ્યાં ગુરુ માટે નથી સમર્પણ, ત્યાં રહ્યું છે મરણ,
જ્યાં ગુરુ પર નથી વિશ્વાસ, ત્યાં નથી આત્મોન્નતિની આશ;
જ્યાં ગુરુ પર દોષદૃષ્ટિ, ત્યાં નથી ધર્મની સૃષ્ટિ.

જેઓ ગુરુને મારારૂપ દેખે છે અને વર્તે છે તેઓ મને અવશ્ય પામે છે. માટે પ્રભુમાં અને ગુરુમાં આચરણ ન દેખો, પણ તેમની પ્રભુતા દેખો. ગુરુને શીર્ષ પર ધારણ કરી તેમની આજ્ઞા પ્રમાણે પ્રવર્તો. સંત, ઋષિ, મહાત્માઓ પર મારા પર જેવો વિશ્વાસ મૂકો છો તેવો વિશ્વાસ મૂકો અને વિવેક-બુદ્ધિને ન ચૂકો. ગુરુના હૃદયમાં મને દેખો. તમે મારા ત્યાગી-ઓની સંગતિ કરો અને જ્યાંત્યાં નગુરા થઈ ભમતા ન ફરો. જ્યારે ત્યારે પણ ગુરુમાં હું–તુંનો લય કરી ગુરુ–જીવને જીવ્યા વિના ગુરુનું હૃદય કોઈ પામ્યું નથી અને કોઈ પામશે નહીં. અસ્થિર તર્ક અને દોષદૃષ્ટિને આગળ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈ કરોડો ભવોમાં ગુરુને પામ્યો નથી અને પામનાર નથી. ગુરુની સેવાભક્તિમાં સર્વ શક્તિ છે. મારા ભક્તો જ ગુરુઓના પદના અધિકારી છે. તર્ક પર તર્ક કરી અનેક વિવાદો કરો, પણ ગુરુમાં શ્રદ્ધા–પ્રીતિ ધાર્યા વિના કોઈ મારો ભક્ત બની શકતો નથી. મારા ભક્તોએ મારી પેઠે ગુરુઓની સેવા–ભક્તિ કરવી.

'હે ભવ્ય ભક્તો ! તમે ક્ષણિક ધન, સત્તા, પદવીમાં આસક્ત ન થાઓ; આસક્ત થયા વિના પ્રવર્તો. પ્રથમ અશુભ આસક્તિઓનો ત્યાગ કરો અને શુભ આસક્તિઓને ધારણ કરો. પશ્ચાત્ શુભ આસક્તિઓનો અનુક્રમે ત્યાગ કરી, શુભાશુભ આસક્તિ વિના આત્મભાવથી રહી કર્તવ્યકર્મો કરો અગર તેથી મુક્ત થાઓ. મારા સ્વરૂપમાં સર્વથા આસક્ત બની રહો એટલે અશુભ આસક્તિઓ સ્વયમેવ ટળવા માંડશે. અને આગળની આત્મદશાનો પ્રકાશ થશે, એવા વિશ્વાસથી વર્તો.

'લાખો તર્કવાદી નાસ્તિક, અભક્ત, મનુષ્યોના સમાગમમાં આવવા છતાં મારા ભક્ત ધર્માચાર્ય, ગુરુ, સંત, ત્યાગી, બ્રાહ્મણોના સદુપદેશથી વિમુખ ન થાઓ. મારી આજ્ઞાને અનેક અપેક્ષાઓથી જાણો ને આત્માના ઉપયોગે વર્તો. સર્વ વિશ્વમાં સ્વતંત્રતાથી વિચરો. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ઉત્સર્ગ–અપવાદ, વ્યવહાર–નિશ્ચયથી હિંસામાં હિંસા દેખો. ગમે તેવા પ્રતિકૂલ સંયોગોમાં પણ મારા ભક્તોની સલાહ પ્રમાણે વર્તો. ધર્મગુરુઓની સલાહ લઈ સાંસારિક, સમાજ અને સંઘનાં કર્મો કરો. મારા પર પૂર્ણ શ્રદ્ધા–પ્રીતિ જેઓની નથી તેઓની અમૃત જેવી શિખામણથી પણ તેઓના વિશ્વાસી ન જ બનો.

'ગૃહસ્થો કરતાં ત્યાગીઓ અનંતગુણા મહાન છે એમ માની પ્રવર્તો. ત્યાગી ધર્મગુરુઓ ઉત્સર્ગ અને અપવાદથી પ્રવર્તે છે. કલિકાળમાં ત્યાગી ગુરુઓ અપવાદમાર્ગથી પ્રવર્તવાના. ત્યાગી ગુરુઓનાં વાકયોને મારાં વાકયો જાણો. જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૃહસ્થ ગુરુઓ મારા પર પૂર્ણ શ્રદ્ધા–પ્રેમ રાખી તથા મારામાં મન રાખી પ્રવર્તે છે તેઓનો વિનય કરો, તેઓની સેવા કરો, તેઓની આજીવિકાવૃત્તિમાં સહાયભૂત બનો. ધર્મગુરુઓ પર સદ્ધા પૂજ્યભાવ રાખો. ધર્મગુરુઓની યાત્રા કરો. ધર્મ–ગુરુને સ્વાર્પણભાવથી સેવો. ઋષિયોમાં મારું સ્વરૂપ દેખો. ગમે તે માર્ગથી મનુષ્યો મારી આજ્ઞાના જ આરાધક બને છે, માટે ગમે તે માર્ગથી મોક્ષ પ્રાપ્ત કરવાના નિશ્ચયવાળા-ઓની બુદ્ધિમાં શંકા ન પાડો.

'જે ધર્મપ્રવર્તકો મારી પાછળ ભવિષ્યમાં થશે તેઓ દેશકાળાનુસારે જેમ યોગ્ય લાગશે તેમ પ્રવર્તશે. જેને જે યોગ્ય લાગે તે ધર્મગુરુને શીર્ષ પર ધારણ કરી મારો ભક્ત સંત બની શકે છે અને અન્ય ધર્મગુરુની સાથે મારા ભક્તો આત્મભાવથી વર્તી શકે છે. જે ધર્મગુરુનો ઉપકાર તમારા પર થયો હોય તેને સર્વત્ર જાહેર કરો. ધર્મગુરુ પર જેની શ્રદ્ધા નથી તેની મારા પર શ્રદ્ધા નથી. ધર્મગુરુમાં પૂર્ણતા દેખવાથી જ શિષ્યોના હૃદયમાં જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ થાય છે. ધર્મગુરુઓનું દુષ્ટ લોકો અપમાન કે હેલના કરે, તો તેઓને જે ઘટે તે શિક્ષા કરો. ધર્મગુરુઓ વિનાની દુનિયાને મૃતક સમાન જાણો. પ્રાણાન્તે પણ ધર્મગુરુઓની નિંદા ન કરો. ધર્મગુરુઓને સર્વ વિશ્વમાં વિચરવાની સગવડ કરી આપો. મારા પર શ્રદ્ધા–પ્રેમ રાખી સ્વાર્પણભાવથી વર્તનારા ધર્મ–ગુરુઓ પર સર્વસ્વનું અર્પણ કરો.

''કોઈપણ જૈનને દેખી, તેને ભેટી, તેના પગે પડો અને તેના પર મારા જેટલો શ્રદ્ધાભાવ અને પ્રેમભાવ રાખો. જૈનોને મરતાં બચાવો અને તેઓની ભૂમિ વગેરેનું રક્ષણ કરવા દેહમોહનો ત્યાગ કરી પ્રવર્તો. મારા ભક્ત જૈનોની દ્રવ્ય–ભાવથી ચડતીમાં પોતાની ચડતી માનો અને તેઓની પડતીમાં પોતાની પડતી માનો. મારા જૈનો પર માત્ર દયાભાવ ન રાખો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ ભક્તિભાવ રાખો. મારા જૈનોમાં દોષદૃષ્ટિ ન ધારો. અમે તેવો પણ મારો ભક્ત જૈન સેવાભક્તિને યોગ્ય છે, તેવી દૃષ્ટિ રાખવાથી તમો મને પામવાના છો એવો નિશ્ચય ધારણ કરો. મારા ભક્ત જૈનોમાં સર્વ સ્થાવર તીર્થો સમાયેલાં છે—એવો પૂર્ણ નિશ્ચય કરી સર્વથા તન-મન-ધન આદિથી તેઓની સેવા કરો. મારા ભક્ત જૈનો ! તમે એકબીજાની સાથે હળીમળીને રહો અને સર્વ પ્રકારના કલેશોને દૂર કરો. મારા ભક્ત જૈનો ! તમો જંગમતીર્થરૂપ ચતુર્વિધ સંઘની અશન, પાન, ખાદિમ, સ્વાદિમથી ભક્તિ કરો, તેને પૂજો, સેવો.

'હજારો પુસ્તકોના વાચનમાત્રથી અને લાખો કે કરોડો શ્લોકોની ધારણાશક્તિમાત્રથી તમે ખુશ ન થાઓ. હજારો-લાખો વખત ધર્મધ્યાનો સાંભળવામાત્રથી ખુશ ન થાઓ. સ્પર્શેન્દ્રિયાદિ ઇન્દ્રિયોના વિષયોમાં નિર્મોહતા પ્રગટે તેવી દશાથી ખુશ થાઓ. જ્યાં સુધી કામ પર વિજય મેળવવામાં આવ્યો નથી ત્યાં સુધી તપ, જપ, વાચન, શ્રવણ અને ધર્મક્રિયાનું ફળ પ્રાપ્ત થયું નથી એમ જાણો. સેંકડો ભાષાનાં શાસ્ત્રો, સેંકડો તર્કશાસ્ત્રો વગેરે હજારો લાખો શાસ્ત્રોથી વિદ્વાન બનો, પણ તેથી મનમાં પ્રગટ થતો કામ ન જિતાય તો કશું કાર્ય સિદ્ધ થતું નથી. માટે ભવ્યાત્માઓ ! કામને જીતવાની ભાવના કરો. તમો આત્મા પર શ્રદ્ધા મૂકો. એક ક્ષણમાં કોઈ પ્રબલ જ્ઞાન વિના મુક્ત થઈ શકતું નથી, પરંતુ એક ક્ષણમાં જ મુક્ત થવાય એવા પૂર્ણોત્સાહથી આત્મા સન્મુખ મન રાખીને સત્પુરુષાર્થ સેવો.

'પુસ્તકિયા જ્ઞાનમાત્રથી હૃદય પર ખરી અસર થતી નથી. એક શબ્દ વાંચો અગર એક વાકય શ્રવણ કરો, પણ તેના ઉપર કલાકોના કલાકો પર્યંત વિચાર, મનન, ચિંતવન કરો. પુસ્તકિયા જ્ઞાનમાં આગ્રહી ન બનો, પરંતુ આત્માનુભવજ્ઞાન મેળવવા ઉત્કટ અભિલાષા રાખો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'તમો મોહને જીતવા પ્રયત્ન કરો છો, અમુક દોષ અને વ્યસનને આત્મહાનિકારક માનો છો, તેને બૂરું માનો છો, પણ તેમાં તમારા ઉપર કબજો મેળવીને એ તરફ દોરનાર કોણ છે ? બૂરું જાણવા છતાં અને તેનો ત્યાગ કરવા માટે હજારો વખત પ્રયત્ન કર્યા છતાં તેનો ત્યાગ ન કરાવવામાં તમારા પર સત્તા વાપરનાર કોણ છે તેનો પત્તો મેળવો અને તેની સામે થવા માટે અન્તર્યામી એવી મારી શક્તિનું ધ્યાન ધરો. મોહને જીત્યા વિના પુરુષત્વ નથી, વિવેક પ્રાપ્ત કર્યા વિના મનુષ્યત્વ નથી. અન્યના વિચારો પ્રમાણે ચાલવામાં આવે છે ત્યાં સુધી વિચારસ્વાતંત્ર્ય નથી. મન જ્યાં સુધી મોહના કહ્યા પ્રમાણે પ્રવર્તે છે ત્યાં સુધી મન સ્વતંત્ર નથી. તેમ આત્મા જ્યાં સુધી વિષયવાસના, લોકવાસના શાસ્ત્રવાસના, નામવાસના, અને રૂપવાસનાથી સર્વથા મુક્ત થયો નથી ત્યાં સુધી તે સ્વતંત્ર નથી. માટે માનસિક સ્વાતંત્ર્ય અને આત્માનું પૂર્ણ ચિદ્દાનંદપ્રકાશરૂપ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરો. જડના સંબંધથી ઉત્થાન પામેલી એવી અષ્ટસિદ્ધિઓ અને નવનિધિઓથી આત્માનું શુદ્ધ અને સત્ય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું એમ કદાપિ ન માની લ્યો.

'આકાશમાં ઊડવાની અને સંકલ્પમાત્રથી મેરુપર્વતને ઉઠાડી દેવાની શક્તિ પ્રાપ્ત થાય ત્યાં સુધી તમે મનના ધર્મમાં છો, પણ આત્માના શુદ્ધ જ્ઞાનાદિ ધર્મને પામ્યા નથી એમ માનો. આકાશમાં ઊડવું સહેલ છે, મેરુપર્વત જેવડું શરીર કરવું સહેલ છે, પણ કામને જીતવો મુશ્કેલ છે. કામનાં સ્થાનો કે હેતુઓથી દૂર રહેવામાત્રથી કામ જીતી લીધો એવું મિથ્યાભિમાન ન રાખો. કામને જીતવાના ઉપાયોના વાચન કે શ્રવણ માત્રથી કામને જીતી લીધો એવું ન માનો.

'પૌદ્ગલિક સિદ્ધિઓ મળી હોય તેટલાથી આત્મશુદ્ધિ થઈ એવો મિથ્યા મોહ ન ધરો ચાર નિકાયના દેવો તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગે પડે તેટલાથી તમે મોહને જીતી લીધો છે એવું ન માનો. અન્ય લોકો કરતાં તમારામાં લાખ-કરોડગુણી બુદ્ધિ વધારે હોય તેથી તમે આત્મજ્ઞાનને પામ્યા એવું ન માનો. આત્માનો અનુભવ થયા બાદ આત્માનંદનો અનુભવ આવે છે અને ત્યાર પછી મોહ જિતાય છે.

'પારમાર્થિક કાર્યો કરતાં નામ, રૂપ, કીર્તિ, વાસના, મોહ ન પ્રગટે એવો ખાસ શુદ્ધોપયોગ રાખો. નિકાચિત પ્રારબ્ધકર્મથી શાતા અગર અશાતા વેદતાં નિર્મોહ અને નિર્લેપ રહેવાનો ઉપયોગ રાખો અને પોતાનામાં જે નિર્મોહતા પ્રગટે તે પ્રસંગે અન્ય લોકો જાણી શકે એવા ઉપયોગથી વર્તો.

'તમને જે શરીર, મન, વાણી આદિ સાધનની પ્રાપ્તિ થઈ છે તે અનંત પુણ્યથી થઈ છે. તેથી શરીર, મન, વાણીનો અનંત-ગણો સદુપયોગ કરો. કોઈનાં શરીર, વાણી વગેરે ઉપયોગી સાધનોનો નાશ કરવાનો સૂક્ષ્મ સંકલ્પમાત્ર પણ ન કરો. કોઈની સ્વ-પર ઉપયોગી અને હિતકારક સ્વતંત્રતાનો નાશ ન કરો. અન્યાત્માઓની પેઠે સ્વાત્માની એકદમ ઉન્નતિ ન થાય તેથી નિરાશ ન બનો, પણ સદા આશા રાખી અભ્યાસી બનો. પુરુષાર્થ કરતાં વચ્ચે વિઘ્નો આવે તથા વારંવાર દોષો પ્રગટે, તો પણ તેથી હતાશ ન થાઓ. જે કંઈ પુરુષાર્થ એક ક્ષણ સુધી કરેલો હોય છે તે પણ ઉપયોગી છે અને તેનું સૂક્ષ્મ ફળ થાય છે, એમ જાણી પુરુષાર્થથી પાછા ન પડો.

'હજારો લાખો વખત પતિત થવાનો પ્રસંગ આવે અને દુનિયા હડધૂત કરે તોપણ આનંદથી આત્મગુણો પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરો. તમો દુનિયાના અભિપ્રાય તરફ મન રાખીને પુરુષાર્થ ન કરો, પણ લાખો વખત પડી જાઓ તોપણ મારા તરફ દૃષ્ટિ રાખીને આગળ ચઢવાની આશાએ પુરુષાર્થ કરો. તમો ચઢીને પાછા પડી જાઓ તેથી તમો વધારે પાપી બનતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી, પરંતુ આત્મા તરફ જ ગમન કરે છે એવો દૃઢ નિશ્ચય રાખીને સત્પુરુષાર્થ કરો. સત્પુરુષાર્થ કરતાં કરતાં મરણ પામો તો તેથી તમો હતાશ ન થાઓ. મરણ પામ્યા પછી તમો બીજાં શરીરોથી તેમાં આગળ અભ્યાસી બનવાના છો, એમ નક્કી છે. તેવો દૃઢ નિશ્ચય કરી અન્તરાત્મપ્રેમથી અભ્યાસી થાઓ. મારું અન્તર્યામી સ્વરૂપ યાદ કરો. ક્રીડીના વેગ જેટલો પણ આત્મપુરુષાર્થ કરો અને અભ્યાસમાં સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ રાખો. અસંખ્ય વાર ચઢવાનું અને પડવાનું બને છે. જેઓ પડવાના ભયથી, દોષ લાગવાના ભયથી તથા સંશયથી મારી દશા પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરતા નથી તેઓ અજ્ઞાની અને અશ્રદ્ધાવંત છે.

'મારા ભક્તો પુરુષાર્થ, ઉત્સાહ અને આશા રાખી. સદા આત્માની શુદ્ધતા કરવા પ્રયત્ન કર્યા કરે છે. તેઓ વાસનાના જોરથી પાછા પડે છે, તો પણ ઢિલગીર, અનુત્સાહી, અપુરુષાર્થી બની જતા નથી અને લાંબો વખત ભૂલો થવા છતાં આત્માના ગુણો પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં પૂર્ણ વિશ્વાસ અને ધૈર્યથી પ્રવર્ત્યા કરે છે. તમો આત્મા તરફ જતાં પતિત થાઓ તો મારું સ્વરૂપ વિચારી ઉત્સાહી બનો અને અન્ય જીવોને પણ પૂર્ણ ઉત્સાહી બનાવો. અન્ય લોકોને પ્રાપ્ત થયેલા ગુણોથી પાછા પડેલા દેખવા છતાં તેઓ પર સ્નેહભાવ રાખો. તેઓને ઉત્સાહ આપો, પરંતુ તેઓને ધિક્કારો નહીં, કારણ કે તમો પણ એવી અવસ્થામાંથી પસાર થયા છો અથવા થવાના છો. તમે આગળ ચઢીને, પડી, પાછા ચડી, આગળ વધીને શુદ્ધાત્મા થવાના છો. ઉત્સાહ, વિશ્વાસ, પ્રેમ અને ઉપયોગથી આત્માની ઉન્નતિમાં આગળ વધી શકાય છે.

'આ જન્મમાં આત્મોન્નતિ માટે જે જે અભ્યાસ કરેલો હોય છે તે તે પરભવમાં બપમાં આવે છે. તમે પોતે વિશ્વના કર્તા અને હર્તા છો. એટલી તમારામાં શક્તિ છે એવો વિશ્વાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખી પુરુષાર્થ કરો. મન-વાણી-કાયાના પુરુષાર્થનું ફળ કર્મ છે અને કર્મના કર્તા તમે છો, પણ તમારું કર્મ કર્તા નથી—એવો દૃઢ નિશ્ચય રાખીને અશુભ કર્મો કરવાનો પુરુષાર્થ ન કરતાં ઉપયોગી શુભ કર્મો કરવાનો પુરુષાર્થ કરો. તમો તમારા પુરુષાર્થમાં હજારો વખત નાસીપાસ થાઓ તોપણ તેથી ખેદ ન કરો, કારણ કે તેથી તમો આત્મોન્નતિના ધ્યેયની ઠેઠ નજીક ગમન કરો છો એમ જાણો. જ્યારે ત્યારે પણ આત્મપુરુષાર્થ વિના આજુબાજુનાં આવરણોનો નાશ થતો નથી. એક ક્ષણમાત્ર પણ તમે પ્રમાદી જિંદગી ન ગાળો. કંઈ ને કંઈ કર્તવ્યકર્મ કર્યા કરો. યોગ્ય આરામ લઈ શરીરનું આરોગ્ય જાળવો. આલસ્યથી દૂર રહો અને આગળ મુસાફરી કરો. સર્વ પ્રકારના પ્રતિબંધોમાં અપ્રતિબદ્ધ રહો.

'જેમ સર્વ જડ વસ્તુઓના સંબંધથી ઘેરાયેલું આકાશ વસ્તુતઃ નિઃસંગ અને નિર્લેપ છે તેમ તમે તમારા આત્માઓને જાણો અને સર્વ દૃશ્ય-અદૃશ્ય વસ્તુઓના સંબંધમાં આકાશની પેઠે પોતાને શુદ્ધોપયોગદૃષ્ટિએ અબંધ અને નિઃસંગ માનો. જન્મમરણાદિ સર્વ પર્યાયોમાં આત્માને પ્રતિબંધ, મમતા અને વિષમતા કંઈ નથી એવો હૃદયમાં દૃઢ નિશ્ચય કરીને વર્તો. અજ્ઞ અને મોહી જીવો જ્યાં જ્યાં રડે છે ત્યાં ત્યાં તમે હસો. અજ્ઞ અને મોહી જીવોના કરતાં જ્ઞાનીઓનું રડવું અને હસવું ઓર પ્રકારનું હોય છે. જ્ઞાની ભક્તોને શરીર, ઇન્દ્રિયો, મન, કર્મ વગેરે સર્વે આત્માની શુદ્ધતામાં અને પરમાત્મદશા પ્રગટ કરવામાં સાનુકૂલ, સહાયકારક, ઉપયોગી અને નિર્જરાર્થ હેતુભૂત બને છે. જ્ઞાનીઓનાં અને અજ્ઞાનીઓનાં ખાનપાન આદિ બાહ્ય કર્મો એકસરખાં હોય છે, પરંતુ તે કર્મો કરતાં આત્માના પરિણામથી જ્ઞાનીઓ નિર્લેપ રહી કર્મોની નિર્જરા કરે છે, જ્યારે અજ્ઞાનીઓ ખાનપાનાદિ કર્મો કરતાં અંતરમાં મોહ રાખીને બંધાય છે. બાહ્ય કર્મો સરખાં હોવા છતાં આત્માના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિણામ અને મોહ પરિણામથી અન્તરથી જ્ઞાનીમાં અને અજ્ઞાનીમાં ફેરફાર પડે છે. માટે મારા પર વિશ્વાસ રાખીને વર્તો.

'તમો જ્ઞાની છો વા અજ્ઞાની છો? ધર્મી છો વા અન્તરમાં અધર્મી છો?—તેના નિર્ણયની માથાકૂટમાં ન પડો. તમો ફક્ત મારા પર વિશ્વાસ રાખીને કર્તવ્યકર્મો કરો, ગુરુ આદિની ભક્તિ કરો. જેના હૃદયમાં મારા પર વિશ્વાસ, પ્રેમ છે અને જે પુરુષાર્થ કરે છે તે ધર્મ અને જ્ઞાનના માર્ગમાં વહ્યા કરે છે, એવું પૂર્ણ વિશ્વાસથી માનો. મારા પર વિશ્વાસ અને પ્રેમ રાખીને પુરુષાર્થ કરો. તમને આગળનો માર્ગ ન સૂઝે તોપણ પુરુષાર્થ ન મૂકો. તમારા પુરુષાર્થથી આગળનો માર્ગ સૂઝશે અને તમારો છેવટે વિજય થશે.

'ભવિષ્યમાં થનારાં અનંત જન્મો અને મરણોનો તમારે થોડા જન્મોમાં નિકાલ કરવાનો છે તેથી તમો ભૂલ, દોષ કે પતનથી એકદમ રહિત થવાના નથી, છતાં પાછા પુરુષાર્થથી જેમ જેમ આગળ વધશો તેમ તેમ તમારી નજીક ધ્યેય પ્રાપ્ય દેખાશે. પડતાઓને દિલાસો આપો, દુઃખીઓને દિલાસો આપો અને તેઓને મારા પંથે આવવાનો દૃઢ નિશ્ચય કરાવો. મારા પંથમાં વહો. દેહ વગેરે સર્વ પ્રકારની અંતવાળી વસ્તુઓમાં અંતને દેખો અને તેમાં સુખનો વિશ્વાસ ન મૂકો. અનંત એવા આત્મમહાવીરમાં સુખનો વિશ્વાસ મૂકો અને વિશ્વમાં મુસાફરી કરતાં કુત્રાપિ (કોઈ પણ જગ્યાએ) પ્રતિબંધ ન પામતાં પુરુષાર્થથી આગળ વધો! આગળ વધો!

'ખાવાપીવા વગેરે સર્વ પ્રવૃત્તિઓમાં આનંદી રહો. ઉદાસીનતાને સ્વપ્નમાં પણ પાસે આવવા દેતા નહિ. શત્રુઓનો ભય રાખ્યા વિના પુરુષાર્થ કરો. નિર્ભય પરિણામ વખતે તમે આત્મામાં છો અને ભય પરિણામ વખતે તમે મનમાં છો, માટે નિર્ભય બની પુરુષાર્થ કરો. પ્રકૃતિ પર અને આત્મા પર તમારી સત્તા છે. બન્નેમાં તમે પોતાને ભૂલીને ભયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગમાં ન વહો. સર્વ કાર્યો કરતાં ઉલ્લાસમય જીવન ગાળો અને નિરાશા–નિરુત્સાહને પાસે આવવા ન દો. તમારી સર્વ વિશ્વ પર આત્મસત્તા છે. માટે આત્મસત્તાના ઉપયોગી રહો. પણ જડની સત્તાના તાબે ન થાઓ. જડ વસ્તુઓમાં મૂંઝાવું તે જ મરણ છે, પણ પ્રાણાદિકનો આત્માથી વિયોગ તે વસ્તુતઃ મરણ નથી. તમો આનંદરૂપ છો, છતાં મોહને વશ થઈ દુઃખની ભ્રાંતિમાં ન પડો. વસ્તુતઃ દુઃખ છે જ નહીં. આત્મા અનંત સુખરૂપ છે.

'આત્માનું અનંત સુખ વસ્તુતઃ આત્મામાં છે, માટે આત્મામાં સુખ શોધો. બાહ્ય જડ વસ્તુઓમાં અનંત કાળ પર્યંત સુખ શોધશો તોપણ ત્યાંથી સત્ય સુખ મળવાનું નથી. માટે જડ વસ્તુઓના ભોગથી સુખ થવાનું છે એવી મિથ્યા ભ્રાન્તિનો ત્યાગ કરો અને આત્મામાં જ અનંત સુખ રહેલું છે એવો દૃઢ નિશ્ચય કરો. આત્મા પર આવેલા મોહ અને અજ્ઞાનનાં આવરણો દૂર કરો. આત્મસુખ શોધવા દેહાદિકનો ભોગ આપો. મારા માટે અન્ય લોકો પુરુષાર્થ કરે અને મને આત્મસુખ મળે એવી પરાશ્રયવૃત્તિને દૂર કરી સ્વાત્માવલંબી તેમ જ સ્વાશ્રયી બનો અને પરાધીનતાનાં બંધનોથી આત્માને મુક્ત કરો.

'દ્રવ્યમુક્તિથી ભાવમુક્તિ સાધો. જે કાર્યનો પુરુષાર્થ કરવાનો હોય તેમાં મનને લયલીન કરો. કાર્યની સિદ્ધિમાં હજારો વર્ષ કે હજારો જન્મોની વાર લાગવાની હોય, તોપણ તેને આજે જ હું સિદ્ધિ કરીશ એવા ઉત્સાહથી કાર્ય કરો. કાર્ય કરવામાં પુરુષાર્થને વિવેકથી વાપરો. સર્વ પ્રકારના સંયોગોને અનુકૂલ કરી કાર્ય કરો અને આગળ વધો. પુરુષાર્થ કરતાં જે જે ભૂલો કે દોષો થાય તે નિહાળો અને તે દોષોને દૂર કરવાનો પુરુષાર્થ કરો. તમારા કરતાં જે અન્ય આત્માઓ આગળ વધતા હોય તેઓ પૂર્વ ભવના સંસ્કારી છે એમ માનો. તેઓને પાછા પાડવા પ્રયત્ન કરવો નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમારાથી જે બિલકુલ પાછળ પડેલા હોય તેઓનો હાથ ઝાલીને આગળ ખેંચવાનો પુરુષાર્થ કરવાનું ચૂકતા નહીં.

'અંતની પેલી પાર અનંતને પામવા માટે આગળ મુસાફરી કરો. મુસાફરને મુસાફરીમાં એકબીજાને સહાય આપવાનો પુરુષાર્થ ન મૂકવો જોઈએ. મુસાફરીનો અંત ન દેખાય તોપણ તમે મારા પર વિશ્વાસ અને પ્રેમ રાખી આગળ વધો અને શત્રુઓની સાથે પ્રેમ અને હર્ષથી યુદ્ધ કરો. શત્રુઓ પર શત્રુબુદ્ધિ ન રાખો. તમારી આગળ કોઈ શત્રુ નથી. તમારો કોઈ શત્રુ નથી એવો નિશ્ચય થતાંની સાથે પશ્ચાત્ કોઈ શત્રુ રહેતો નથી. એ જ રીતે કોઈ પણ મિત્ર નથી એવો નિશ્ચય થતાંની સાથે કોઈ મિત્ર રહેતો નથી. શુભાશુભ વૃત્તિઓનો નાશ થતાં વિશ્વમાં શુભાશુભત્વ રહેતું નથી. એવી દશા થવી એ જ જીવન્મુક્તિ છે. એવી દશાનો પુરુષાર્થ કરો.

'પુરુષાર્થમાં પુરુષાર્થની બુદ્ધિ ન રહે. એવી નિવૃત્તિ-દશામાં કંઈ કર્તવ્ય બાકી રહેતું નથી. અનંત અકાળરૂપ તમે છો. મનોવૃત્તિથી સંસાર પ્રગટે છે અને આત્મજ્ઞાનથી સંસાર અને સૃષ્ટિનો સ્વપ્નના નાશની પેઠે નાશ થાય છે. પશ્ચાત્ શરીર અને વાણીથી લોકોના હિતાર્થે પ્રવૃત્તિ થાય છે. એવું સ્વતંત્ર આત્મજીવન, કે જે અનંત જીવન છે, તેના પર રહેલાં અજ્ઞાનાદિ આવરણોને ખસેડી દો. આવરણોને ખસેડવાનો પુરુષાર્થ કરો. પડવું અને ચડવું એ મનોવૃત્તિની અપેક્ષાએ છે, અને મનોવૃત્તિ હોય ત્યાંસુધી મનોવૃત્તિની અપેક્ષાએ એમ જાણો; આત્મદૃષ્ટિએ પડવું કે ચડવું કંઈ હોતું નથી.'

એમ ઉજ્જયિનીવાસી માલવીય લોકોને પ્રભુએ ઉપદેશ દીધો. માલવીય રાજા અને પ્રજાએ પ્રભુને વંદન-પૂજન કર્યું. સર્વ લોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું.

—૦—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૨. માંનવજન્મની દુર્લભતા

પ્રભુ મહાવીરદેવ ત્યાંથી મધ્યદેશમાં વિંધ્યાચલ પર્વત પાસેના નાગહ્રદ નગરના ઉદ્યાનમાં પધાર્યા. નાગહ્રદ નગરના ઉરગવંશી નાગદત્ત રાજાએ સર્વ પ્રજા સહિત આવીને પ્રભુ મહાવીરદેવને નમન કર્યું. તે પ્રભુનું પૂજન કરી પ્રભુની આગળ બે હાથ જોડી બેઠા. પ્રભુએ નાગદત્તને ઉપદેશ આપ્યો કે, ' હે નાગદત્ત ! મનુષ્યજન્મ વારંવાર મળતો નથી. મનુષ્ય-જન્મ પામીને પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું જોઈએ. પરમાત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે હૃદયની શુદ્ધિની ઘણી જ જરૂર છે. સર્વ વિશ્વમાં રહ્યો છતો તું પોતાને સર્વથી ન્યારો જાણ. ભક્તિયોગથી હૃદયની શુદ્ધિ થાય છે અને જ્ઞાનયોગથી આત્મા પોતે પોતાને પરમાત્મરૂપે અનુભવે છે. સ્ફટિક સામું જેવા રંગવાળું પુષ્પ મૂકવામાં આવે છે તેવા પ્રકારનું તે કૃષ્ણ-રક્તાદિ રૂપે ભાસે છે. વસ્તુતઃ સ્ફટિક કંઈ રક્ત વા કૃષ્ણાદિ રંગવાળું નથી. તેમ આત્મા પણ રાગદ્વેષના પરિણામથી અનેક ઉપાધિવાળો ભાસે છે, પરંતુ આત્મા તેવો વસ્તુતઃ નથી. અનેક પ્રકારનાં કર્મ, મન, શરીર, કર્મસંયોગવાળી બુદ્ધિ આદિથી ભિન્ન આત્મા છે. માટે સર્વ પ્રકારનાં કર્મોથી રહિત આત્માને પરમાત્મા જાણ.

' સર્વ પ્રકારની રાગદ્વેષની વૃત્તિઓની પેલી પાર જવાથી બ્રહ્મશાન્તિ, બ્રહ્માનંદ, મહાવીરત્વ પ્રાપ્ત થાય છે. કેટલાક મનુષ્યો કર્મયોગનો આશ્રય ગ્રહણ કરીને શુદ્ધ બ્રાહ્મી દશાને અર્થાત્ મુક્તિને પામે છે. કેટલાક લોકો ભક્તિ-ઉપાસનાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિત્ત-બુદ્ધિની શુદ્ધિ કરીને પરબ્રહ્મને પામે છે. કેટલાક જ્ઞાન-યોગથી પરબ્રહ્મસ્વરૂપ થાય છે. તેમ અસંખ્ય પ્રકારના મુક્તિ માટે યોગો છે અને તે સર્વ વિશ્વમાં પ્રગટ છે. જેને જે યોગથી મુક્ત થવાનું હોય છે તેને તે યોગની પ્રાપ્તિ થાય છે. ગ્રંથો કરતાં ગુરુઓથી, મહાત્માઓથી મુક્તિની જલ્દી પ્રાપ્તિ થાય છે, કારણ કે ગ્રંથો અને તેના વાચન કે શ્રવણ વિના અનેક મનુષ્યો પોતાની મેળે હૃદયની શુદ્ધતાને પામે છે અને તેથી સહેજે કેવળજ્ઞાન પામે છે.

'પરમાત્મભાવ પ્રગટાવવાના અનેક યોગો છે. તેમાંથી જેને જે પસંદ પડે છે તે ગ્રહે છે. અને આગળ જતાં અન્ય યોગનું પણ ગ્રહણ કરે છે. મનની શુદ્ધિ કરવી એ જ એક સર્વ પ્રકારના યોગોનું રહસ્ય છે. જૈનધર્મ અનાદિકાલીન વિશાળ ધર્મ છે અને તે અનાદિકાળથી સર્વ યોગોને, સર્વ ધર્મોને પોતાના મહાસાગરરૂપ ઉદરમાં ધારણ કરે છે. તેથી જૈનોને સર્વ યોગોમાં અને સર્વ ધર્મોમાં સમભાવ પ્રાપ્ત થાય છે અને તેથી સર્વ વિશ્વમાં સમભાવની દૃષ્ટિથી દેખાય છે.

નાગદત્તને ઉદ્બોધન :

'હે, નાગદત્ત રાજન્! તું શ્રી પાર્શ્વનાથ તીર્થંકરના વંશનો રાજા છે. કાશીથી આવીને તારા પૂર્વ વંશજે અહીં રાજ્ય સ્થાપન કર્યું છે. તું જૈનધર્મી રાજા છે અને સર્વ લોકોને પ્રભુના માર્ગમાં પ્રવર્તાવવાની તારી પ્રવૃત્તિ છે.

'હે નાગદત્ત રાજન્! તારી ધર્મભાવના ઉત્તમ છે. તું આત્મામાં મન રાખે છે અને મારા પર તારો અગાધ પ્રેમ છે. તેથી તું પરાભક્તિથી પરમભક્ત બની વૈદેહભાવને પામ્યો છે. તું તુર્યદશામાં ઘણીવાર રહે છે અને તેથી તું આત્મ-મહાવીરના પ્રેમથી મસ્ત બન્યો છે. તું નામરૂપનો વ્યવહાર કરે છે, પણ તેમાં મોહિત થતો નથી. દેહ છતાં પોતાને તું દેહથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન્યારો અનુભવે છે. નમિ વિદેહી અને જનક વિદેહીની પેઠે તું સર્વ કર્મો કરવા છતાં નિરાસક્ત બન્યો છે. પૂર્વભવમાં તેં આત્માનું ઘણું ચિંતવન કર્યું છે, તેથી તું આ ભવમાં ગુરુનો બોધ થતાં સહેજે આત્મજ્ઞાની બન્યો છે. તું મૃત્યુ પહેલાં કેવળજ્ઞાન પામીશ.

'આત્માની સાથે મનનો અને બુદ્ધિનો સંબંધ છે. આત્માનાં મન, બુદ્ધિ એ હથિયારો છે. મન-બુદ્ધિનો રાગ-દ્વેષાદિ વૃત્તિઓ સાથે સંબંધ હોય છે ત્યાં શુદ્ધ જ્ઞાન એટલે કે કેવળજ્ઞાન પ્રગટતું નથી. રાગદ્વેષની વૃત્તિઓ સર્વથા પ્રકારે ક્ષીણ થતાં આત્મામાં કેવળજ્ઞાન, જે તિરોભાવે રહેલું છે તે, આવિર્ભાવે થાય છે. આત્માથી અન્ય એવા પ્રકૃતિના ગુણ-ધર્મોથી આત્માનો પ્રકાશ થતો નથી. આત્માથી આત્માનો પ્રકાશ થાય છે. તે વિના અન્ય માર્ગ નથી. શ્રવણ કરેલાં તત્ત્વો અને વાંચેલા તત્ત્વોથી કંઈ હૃદયની શુદ્ધિ થતી નથી અને હૃદયની શુદ્ધિ થયા વિના કેવળજ્ઞાન કે પરમાત્મત્વ આવિર્ભાવ પામતું નથી. નામરૂપના મોહરહિત થવું એ દુનિયાને ભૂલવાનું છે. દુનિયાને એક વાર ભૂલી જવી. નામરૂપ અને દેહાધ્યાસને ભૂલી જવો. પશ્ચાત્ હૃદયની શુદ્ધિ થતાં પરબ્રહ્મનો હૃદયમાં પ્રકાશ થાય છે.

'હૃદયની શુદ્ધિ કરવામાં તર્કવાદ, તત્ત્વવાદ, ધર્મવિવાદ વગેરેની જરૂર નથી. અમુક ધર્મ વા અમુક પુસ્તક વા અમુક મત સત્ય છે અને બીજા અસત્ય છે, એવી માન્યતાઓમાં મધ્યસ્થ બનીને આગળ વધવાથી આત્માની શુદ્ધિ થાય છે અને પશ્ચાત્ વાસ્તવિક આત્મજ્ઞાનથી સર્વ પદાર્થોને યથાતથ દેખવામાં આવે છે. જે વસ્તુને પહેલાંથી યથાર્થ ન દેખી હોય તે બાબતની તકરારમાં ન પડતાં મનની શુદ્ધિ કરવા તરફ લક્ષ દેનારાઓ પરમાત્મસ્વરૂપને જલદીથી દેખે છે. જેઓ કેવળજ્ઞાન પામવા માટે લાયક હોય છે તેઓ સર્વ વિશ્વમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમભાવથી વર્તે છે અને હું–તું'ના મિથ્યા ભેદભાવથી ન્યારા રહે છે. જેઓ આત્મામાં પ્રકૃતિના ગુણધર્મ કે દોષોને દેખવાની વૃત્તિથી રહિત થાય છે તેઓ આત્મામાં મન રાખીને સર્વત્ર આત્મભાવથી દેખે છે અને આત્માના આનંદના ભોગી બને છે. તેથી તેઓને વિષયોમાં સુખની બુદ્ધિ અથવા દુઃખની બુદ્ધિ રહેતી નથી.

'રાગદ્વેષવૃત્તિનો સર્વથા નાશ થવાથી સૂર્ય જેમ વાદળાં રહિત શોભે છે તેમ આત્મા અનંત સ્વરૂપથી વિલસી રહે છે. પશ્ચાત્ આયુષ્ય કર્મ અને અન્ય વેદનીય, નામ તથા ગોત્ર કર્મની સ્થિતિ પર્યંત વિશ્વમાં દેહને ધારે છે. તેઓની પાસેથી આસન્ન ભવ્ય ભક્તોને આત્મજ્ઞાનનો લાભ મળે છે. કેવળજ્ઞાન પામવાની પૂર્વે આત્મામાં એટલી બધી લીનતા થાય છે કે જેથી દુનિયાને ઘોર નિદ્રાની પેઠે ભૂલી જવાય છે. પશ્ચાત્ કેવળજ્ઞાન થતાં સર્વ વિશ્વનું જ્ઞાન થાય છે. કેવળજ્ઞાનની પૂર્વે આત્માને જે અનુભવજ્ઞાન થાય છે તે શબ્દનયની દૃષ્ટિએ કેવળજ્ઞાન અને જીવન્મુક્તદશા જેવું છે. તેથી કેટલાક ઋષિઓ તે જ્ઞાનને કૈવલ્યજ્ઞાન અને જીવન્મુક્તદશા કહે છે. અપેક્ષાએ શબ્દનયની દૃષ્ટિએ એમ કહેવું પણ યોગ્ય છે. અપેક્ષાએ શ્રુતજ્ઞાની પણ કેવળજ્ઞાની છે. માટે સર્વજ્ઞની પેઠે શ્રુતજ્ઞાની અને અનુભવજ્ઞાનીની સેવાભક્તિ કરવી.

'હે નાગદત્ત રાજન્! તને અનુભવજ્ઞાન, આત્મજ્ઞાન પ્રગટ્યું છે. તને પરમાત્મપદ પ્રાપ્ત થશે. નાગહૃદદેશીય ભક્તો! તમો નાગદત્ત વૈદેહી રાજાની પેઠે નિર્લેપ રહેવા પ્રયત્ન કરો. કેવળજ્ઞાન પામ્યા બાદ સર્વદેશીય પ્રત્યક્ષજ્ઞાની થવાય છે. કેવળજ્ઞાન પછી કોઈ ઉત્તર જ્ઞાન નથી. તમારા રાજા નાગદત્ત કેવળજ્ઞાન પામશે અને તે મારા શાસનમાં પ્રથમ મુક્ત થશે. કેવળજ્ઞાનીઓ ચાર અઘાતી કર્મની સ્થિતિ સુધી સંસારમાં રહે છે. કેવળજ્ઞાન પામ્યા બાદ ત્યાગાવસ્થાનો વેષ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યવહાર હોય છે. જે અપ્રમત્ત ત્યાગીઓ બને છે તે કેવળજ્ઞાની થાય છે. કેટલાક કેવળજ્ઞાનીઓ જાહેરમાં કેવળજ્ઞાનીઓ છે એમ જણાય છે અને કેટલાક જાહેરમાં જણાતા નથી. કેટલાક કેવળજ્ઞાનીઓ ભવ્ય લોકોને ઉપદેશ આપે છે અને કેટલાક કેવળજ્ઞાનીઓ ઉપદેશ આપતા નથી.

'અપ્રમત મહાત્માઓ ષડાવશ્યકાદિ ક્રિયા કરતા નથી. કેટલાક અપ્રમત્ત મહાત્માઓ ઔપદેશિક પ્રવૃત્તિને સેવે છે અને કેટલાક સેવતા નથી. કેટલાક ગુપ્ત રહે છે, કેટલાક ગાંડા જેવા બની વિચરે છે અને કેટલાક જાહેરમાં ઉપદેશાદિ સત્કર્મ કરે છે. કેટલાક ત્રિજ્ઞાની મહાત્માઓ વનમાં રહે છે, કેટલાક ઘરમાં હોય છે, કેટલાક મંડળમાં રહે છે, કેટલાક એકાકી ફરે છે, કેટલાક આકાશમાર્ગે ફરે છે, કેટલાક ગુફાઓમાં રહે છે. શ્રુતજ્ઞાનધારી કેટલાક મહાત્માઓ વનમાં રહે છે. કેટલાક ગામમાં રહે છે, કેટલાક સમુદ્રમાં રહે છે, કેટલાક આકાશ-યાનથી, કેટલાક વાહનથી, કેટલાક પાદવિહારથી દેશોદેશ, ખંડો ખંડ, દ્વીપે દ્વીપ વિચરે છે. કેટલાક એક જ સ્થાનમાં રહી જિંદગી પૂરી કરે છે તો કેટલાક ફરતા ફરી જિંદગી પૂરી કરે છે. કેટલાક સરોવર, નદી કે સમુદ્રકાંઠે શૌચકર્મ કરે છે અને ફળાદિ આહારથી શરીરનું પોષણ કરે છે. કેટલાક ભિક્ષા વડે પિંડનું પોષણ કરે છે. કેટલાક મહાત્માઓ ખપ પડતાં વસ્ત્રને ધારણ કરે છે, કેટલાક ખપ પડતાં વસ્ત્રને પણ ધારણ કર્યા વિના દુઃખ સહી જીવે છે. કેટલાક મહાત્માઓ એકાકી રહે છે. કેટલાક મહાત્માઓ કેશોનું લુંચન કરે છે. કેટલાક મૂંડાવે છે, કેટલાક કતરાવે છે. કેટલાક વાયુ કે જળનું જ સેવન કરીને રહે છે. કેટલાક ફક્ત વનસ્પતિનું સેવન કરીને આત્મધ્યાન ધરે છે. એમ અનેક પ્રકારના આચારવાળા મહાત્માઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા આત્માનું ધ્યાન ધરે છે. આત્માનું ધ્યાન ધરતાં આત્માની શુદ્ધતા વધતી જાય છે અને તેથી પરમાવધિજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને છેવટે કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે.

'આત્મામાં લયલીન થતાં મનના દોષો અને વાસનાઓનો ક્ષય થાય છે અને તેથી આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી પ્રકાશે છે. તેવો આત્મા તે જ પરમાત્મા છે. નાગદત્ત રાજા હવે તેવા કેવળજ્ઞાની પરમાત્મા થશે અને મારા સર્વ ભક્તોમાં તે પ્રથમ રાજર્ષિ ભક્ત તરીકે ગણાશે.

'મધ્યદેશના લોકો ! તમો નાગદત્તની સેવાભક્તિ કરો. તે **જૈન** ધર્મનો સર્વ દેશમાં પ્રચાર કરવા કેવળી થઈ વિહાર કરશે. તેઓ અનેક મનુષ્યોનો ઉદ્ધાર કરશે.'

પ્રભુએ તદ્દેશીય લોકોને સર્વ પ્રકારના મહાત્માઓની સેવાભક્તિ કરવાની આજ્ઞા ફરમાવી. નાગદત્ત રાજાએ પ્રભુને વંદન–પૂજન કર્યું તથા લોકોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું અને પ્રભુના ખરા ભક્ત બન્યા. પ્રભુએ સર્વ લોકોને અભય આપ્યું અને ત્યાંથી વિહાર દેશમાં વિહાર કર્યો. પ્રભુએ ત્યાં ઘણા વિહારો કર્યા તેથી તે દેશનું નામ તે જ વખતમાં ત્યાંના લોકોએ વિહાર તરીકે પ્રસિદ્ધ કર્યું.

વિહાર દેશમાં આગમન :

વિહાર દેશમાં પ્રભુએ અનેક સ્થળે મુકામ કર્યો અને પંડિતોને તથા અજ્ઞાનીઓને પ્રભુએ તાર્યા. પોતાના શત્રુ બનીને સામા આવેલા લોકોને પ્રભુએ ભક્ત બનાવ્યા. પ્રભુએ અનેક લોકોને અહિંસા અને સત્યધર્મ શીખવ્યો, સ્ત્રીઓને સતીધર્મનું શિક્ષણ આપ્યું અને તેમને ભક્તિયોગ સમજાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩. જગન્નાથતીર્થનું માહાત્મ્ય અને ધર્મોપદેશ

પ્રભુએ જગન્નાથતીર્થમાં વિહાર કર્યો. અંગ, બંગ, અને ચેદિ દેશના રાજાઓ, પ્રધાનો તથા ઉત્તમ ગૃહસ્થો વગેરે જગન્નાથપુરીમાં ચંદ્રપ્રભુ તીર્થંકરની પ્રતિમાનાં દર્શન-વંદન કરવા સારુ આવ્યા હતા. આન્ધ્રદેશનો રાજા પણ દર્શન કરવાને આવ્યો હતો. ચૌલરાજા પણ દર્શન-પૂજનાર્થે આવ્યો હતો. સર્વ રાજાઓ વગેરેને પરમેશ્વર મહાવીરદેવના આગમનની ખબર પડી. તેથી તેઓ અત્યંત હર્ષાયમાન થયા અને પ્રભુ પાસે ગયા. તેઓએ પ્રભુને વિધિપૂર્વક વંદના કરી અને પ્રભુનું પૂજન કર્યું. તે સમયે બ્રહ્મદેશનો તથા હયદ્વીપનો એમ બન્ને દેશના પૂર્વદેશીય રાજા આવ્યા. તેમનાં વહાણ દરિયાકાંઠે નાંગર્યાં હતાં. તે બન્નેએ પ્રભુ મહાવીરદેવનું વંદન-પૂજન કર્યું. સર્વ રાજાઓ વગેરેએ પ્રભુને વિનયપૂર્વક વંદન-નમન કરી જગન્નાથ-તીર્થનું પ્રાચીનત્વ તથા માહાત્મ્ય પૂછ્યું.

જગન્નાથતીર્થનું માહાત્મ્ય :

પ્રભુ મહાવીરદેવે કહ્યું કે, 'અહીં આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુનું સમવસરણ થયું હતું. પ્રભુ ચંદ્રવિભુએ અહીં એક પાપી પુરોહિતને પ્રતિબોધી ધર્મી બનાવ્યો હતો તથા અહીં વસનારા હજારો રાક્ષસોને પોતાના ધર્મીભક્ત બનાવ્યા હતા. જ્વાલામાલિની નામની દેવીને પ્રતિબોધી તેને ભક્તાણી બનાવી હતી. તેમણે અહીંની ભૂમિને સર્વ જગમાં તીર્થ જેવી બનાવી. તેથી સર્વ લોકોએ આ તીર્થનું નામ જગન્નાથતીર્થ સ્થાપ્યું. ત્યાં આકાશથી વાતો કરે એટલું ઊંચું એક મહાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવ્ય મંદિર બંધાવ્યું અને તેમાં ચંદ્રપ્રભુની મૂર્તિની સ્થાપના કરી. તે દેશમાં જ્વાલામાલિનીદેવી સર્વ લોકોની રક્ષા કરતી હતી તેથી તેની પ્રભુના મંદિર પાસે દેરી બનાવી મૂર્તિ સ્થાપી. આજ સુધી તે મંદિરનો સાત વખત જીર્ણોદ્ધાર થયો છે અને સાત વખત નવી નવી મૂર્તિઓ કરાવીને તેને સ્થાપી છે. અહીં વર્ણ, નાત, જાત કે અવસ્થાનો ભેદ નથી. અહીં ભેદભાવને અવકાશ નથી. આ દેશનો રાજા આ તીર્થની સેવા–ભક્તિ–રક્ષા કરે છે. આ તીર્થમાં અનેક આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ આવ્યા અને ભવિષ્યમાં આવશે.'

પ્રભુ એ પ્રમાણે તીર્થનું વર્ણન કરતા હતા તે વખતે મહાશક્તિમયી જ્વાલામાલિનીદેવી પ્રભુની પાસે આવી. તેણીએ પ્રભુને વંદન કર્યું તથા પૂજન કર્યું અને તે કહેવા લાગી કે, 'હે પ્રભુ મહાવીરદેવ! હવે હું આપના ચરણ-કમલની ભ્રમરી બની છું. આ તીર્થનો મહિમા હવે આપની સેવાભક્તિથી વધશે.

'હે પ્રભો! આપ અહીં પધાર્યા તેથી આપની મૂર્તિનું અહીં સ્થાપન કરવામાં આવશે. શ્રી ચંદ્રપ્રભુએ કહ્યું હતું કે મહાવતારી ચરમતીર્થંકર મહાવીર પ્રભુ અહીં પધારશે. તેથી આ ભૂમિનો મહિમા વધશે. તું તેમની પરમ ભક્તાણી બનજે.' પ્રભુએ સર્વ રાજાઓ વગેરેના દેખતાં જ્વાલામાલિનીને પોતાના તીર્થમાં અને સંઘની સેવા કરવામાં સ્થાપી.

પ્રભુએ 'જેઓ અહીં આવી પોતાનું સ્મરણ કરશે તેઓને પરમાત્માનો સાક્ષાત્કાર થશે' એવું પોતાના પૂર્ણ પ્રેમી ભક્તો માટે જાહેર કર્યું. પ્રભુએ સર્વ રાજાઓ વગેરેને જણાવ્યું કે, 'આ ભૂમિમાં જ્યારે જૈન રાજાઓ તથા જૈનો નહીં હોય ત્યારે આ ભૂમિમાં પરાક્રમી વીરો, જ્ઞાનીઓ કે ભક્તો પ્રગટશે નહીં. આ ભૂમિમાં જૈનધર્મીઓ આવીને મારા નામનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાપ જપશે, મારું સ્મરણ કરશે, મારું ધ્યાન ધરશે, ત્યારે આ ભૂમિનું પવિત્ર વાતાવરણ ખીલશે અને અપવિત્ર વાતાવરણ ટળી જશે. આ ભૂમિમાં હિંસાના યજ્ઞ થશે ત્યારે આ ભૂમિમાં અપવિત્ર, હિંસક, મિથ્યા દેવદેવીઓનો વાસ થશે. તેઓ લોકો પાસે પાપ કરાવવાની પ્રેરણા કરશે. તેથી લોકો વ્યભિચારી, જૂઠા, ચોર, હિંસક, વિશ્વાસઘાતી, તમોગુણી નાસ્તિક, મિથ્યાધર્મવાળા બનશે. પુનઃ અહીં જૈનો પ્રગટશે અને મારા સત્ય વિચારોનો પ્રવાહ વહેવડાવશે ત્યારે અધર્મ અને અપવિત્ર વાતાવરણનો નાશ થશે.

'અહીં એક જૈનને જમાડવાથી લાખો તીર્થોની યાત્રા કરવાનું ફળ થાય છે. અહીં એકવાર મારું નામ જપવાથી સર્વ પ્રકારની હત્યાઓનો નાશ થાય છે. અહીં એક ઉપવાસ કરવાથી લાખો ઉપવાસો કરવાનું ફળ મળે છે. અહીં મારું ધ્યાન ધરવાથી અવશ્ય મારો સાક્ષાત્કાર થાય છે. અહીં એક મનુષ્ય વા જીવને અભયદાન આપવાથી લાખો મનુષ્ય વા જીવોને અભયદાન આપ્યા જેટલું ફળ થાય છે. અહીં આવીને જેઓ મારા આપેલા ઉપદેશનું સ્મરણ કરશે તેઓ ગમે તેવા પાપી હશે તોપણ છેવટે ધર્મી બનશે. અહીં ગરીબ લોકોને અન્નવસ્ત્ર આપવાથી લાખોગણું ફળ થાય છે. અહીં અહિંસા, સત્ય આદિના યજ્ઞો કરવાથી અનંતગણું ફળ થાય છે.'

પ્રભુએ જાહેર કર્યું કે, 'એકવાર આ તીર્થ જૈન સંઘથી રહિત કેટલાક કાળ સુધી રહેશે. જૈન સંઘ વિનાના જગન્નાથ તીર્થમાં અધર્મ પ્રવર્તશે. તેથી આ દેશ એકવાર પરતંત્ર થશે. પુનઃ જૈન સંઘ જ્યારે અહીં આવી મારા નામનો જાપયજ્ઞ કરશે, મારી મૂર્તિને સ્થાપશે, ત્યારથી પરતંત્રતાનાં બંધનો તૂટવા માંડશે અને સ્વતંત્રતા વધશે. પરાક્રમી લોકો પ્રગટશે. કલિયુગમાં મારા ભક્ત જૈનો અહીં પાછા આવશે અને અહીં આત્મબળ વગેરે સર્વ બળને પ્રગટાવીને સ્વાતંત્ર્યનું સામ્રાજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાપશે અને મારામાં પૂર્ણ વિશ્વાસવાળા જૈનો વિશ્વમાં જય-વિજયને વરશે. અન્ય ખંડના મનુષ્યો જ્યારે મારા પર શ્રદ્ધાપ્રેમ ધારશે ત્યારે તેઓ અહીં વસીને જૈનધર્મી બનશે અને મારી આરાધનાથી સ્વતંત્ર અને સુખી થશે, એમાં લેશમાત્ર શંકા ન કરો.

'હે રાજાઓ, આ તીર્થમાં એક પાપકર્મ કરવાથી લાખગણું પાપકર્મના ફળને આપનારું થાય છે. અહીં એક સાધુને દાન દેવાથી લાખો સાધુઓને દાન આપવા જેટલું ફળ થાય છે. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથદેવે અહીં આવી જગન્નાથતીર્થનો ભવ્ય લોકો આગળ મહિમા વર્ણવ્યો હતો. પ્રભુ પાર્શ્વનાથના ચિહ્નરૂપ સર્પની પૂજા કરવાવાળી જાતિ અહીં વર્ષમાં એકવાર યાત્રાર્થે મહોત્સવપ્રસંગે આવે છે. જૈન-ધર્મપ્રવર્તક એવા મારી પટ્ટપરંપરામાં થનારા આચાર્યો પૈકી આચાર્યની ગાદી અહીં સ્થાપિત રહેશે. આર્યાવર્તની ચારે દિશાએ ત્યાગી આચાર્યોની ચાર ગાદીઓ સ્થપાશે અને સર્વ વિશ્વમા જૈનધર્મનો એકવાર ખૂણ ફેલાવો થશે.'

રાજાઓને ધર્મોપદેશ :

પ્રભુએ રાજાઓને કહ્યું કે, 'તમો અપ્રમત્ત બની, સેવા-ભક્તિ-જ્ઞાનની આરાધના કરી શિવપદને પામો. હે રાજાઓ! તમે વિષયોને વિષની પેઠે સમજીને તેની આસક્તિને મનથી દૂર કરો. સંત, સાધુ, બ્રાહ્મણ, કન્યા અને ગામનું રક્ષણ કરવા તૈયાર રહો અને ત્યાગી, સંત, બ્રાહ્મણાદિકના રક્ષણમાં કાયાના નાશની ભીતિને પરિહરી ધર્મ્ય યુદ્ધને સ્વીકારો. સાધુ-ઓની સેવામાં કાયાદિકનું સ્વાર્પણ કરો. નીતિથી આજીવિકા ચલાવો. ઉદાર મનના થાઓ. જેમ બને તેમ મન, વાણી, કાયાથી અન્ય જીવોનું ભલું કરવા પ્રયત્ન કરો. અશક્ત અને અનાથ લોકોની સેવા અને રક્ષા જાતે કરો. સ્ત્રીવર્ગનો તિરસ્કાર ન કરો અને સ્ત્રીવર્ગની જ્ઞાનાદિકથી ઉન્નતિ કરો. માતાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધિક્કારવામાં પોતાનો ધિક્કાર અનેક રીતિએ પ્રગટે છે તેમ જાણો. સ્ત્રીઓથી વંચાવો નહીં તેમ સ્ત્રીઓને વંચો નહીં. રાજાઓમાં પરસ્પર સુલેહસંપ, પ્રેમ, શાન્તિ કાયમ રહે એવી રીતે વર્તો.

'પાપકર્મમાં એક ડગલું ભરતાં પૂર્વે કરોડો વખત વિચાર કરો અને પાછા હટો. અહંકાર અને ક્રોધને એકદમ પ્રગટતો વારો. કપટ ત્યાં અંતે ચપટ છે, માટે કોઈની ભૂમિ, લક્ષ્મી, સત્તાને અન્યાયથી પચાવી પાડવાનું કપટતંત્ર ન કરો. તમારી પ્રજાને આત્મવત્ ગણવાથી અને તે પ્રમાણે પ્રવર્તવાથી તમારી મુક્તિ છે. તમારી પ્રજાનો વિશ્વાસઘાત ન કરો. પ્રજાને કનડવામાં કે સંતાપવામાં રાજાનો અધઃપાત થાય છે. કોઈપણ રાજાનું રાજ્ય પચાવી પાડવાની પ્રવૃત્તિથી અંતે આર્યાવર્તમાં રાજાઓની અવનતિ છે, માટે અવનતિને જાતે ન બોલાવો. રાજાઓ ! તમે પરસ્પર સંપીને વર્તો. ક્ષમા રાખીને તમે ઉન્નતિ પામી શકશો. સૈન્ય વગેરેના બળથી અન્યાય, જુલ્મ, ખૂન વગેરે પાપકર્મની પ્રવૃત્તિ ન કરો. આર્ય રાજાઓની પેઠે તમારું આર્યરાજ્યત્વ સંરક્ષો અને અનાર્યપણું સ્વીકારો નહીં. સત્ય વ્યવહારથી વર્તો.

'જે રાજાઓ મારી આજ્ઞા પ્રમાણે ધર્માર્થે તેમ જ નિયમિત આજીવિકાદિ દૃષ્ટિએ મનુષ્યોની સેવારૂપ રાજ્ય કરે છે મારી તેઓને અણધારી સહાય મળે છે. જેઓ અધર્મરીતિએ રાજ્ય કરે છે તેઓની વંશપરંપરા કાયમ રહેતી નથી અને તેઓનું રાજ્ય અલ્પ કાળમાં ટળી જાય છે. નીતિ વિનાનું રાજ્ય તે રાક્ષસી રાજ્ય છે. મનુષ્યોને અધર્મ કરતાં અટકાવવા માટે અને તેમને ખાવાપીવાની વ્યવસ્થામાં સહાય કરવા માટે રાજ્ય છે. મનુષ્યોની સ્વાભાવિક સ્વતંત્રતાનો નાશ કરવા માટે રાજ્ય અગર રાજા નથી, એમ ખાસ સમજીને રાજ્ય કરો. જૈન ધર્મનો પ્રચાર કરવામાં સાધુઓ અને બ્રાહ્મણોને સહાય આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મી મનુષ્યોને અધર્મીઓ તરફથી સહેવું ન પડે તે માટે સદા શસ્ત્રબદ્ધ તૈયાર રહો. પ્રજાને પ્રેમથી ચાહો. પ્રજા કરતાં તમે ઉચ્ચ નથી. પ્રજાની સારસંભાળ રાખવા માટે તમે મનુષ્યોના સેવક છો, એમ જાણી પ્રજાની સાથે વર્તો. પોતાનામાં જે જે દોષો હોય તે દેખીને દૂર કરો. જૂઠી ખુશામતથી દૂર રહો. મહાત્માઓની સંગતિ કરો. ધનના લોભથી અન્યાયી ન બનો. જૂઠી મોટાઈથી અને જૂઠી પ્રશંસાથી દૂર રહો. ઈર્ષ્યાથી કોઈની નિંદા ન કરો. વૈરરૂપી દાવાગ્નિ સળગે એવા અપરાધોની પરસ્પર ક્ષમા માગો અને એકબીજાને ખમાવો. ગમે તેવા વૈરને પણ મારી ખાતર ભૂલી જાઓ અને પ્રેમથી વૈરને ખમાવો.

'આર્યાવર્તનું રક્ષણ કરો. અન્યાયી દુશ્મનોનાં આક્રમણ પ્રસંગે ગમે તેવા વૈરવિરોધ ભૂલી જાઓ અને પરસ્પર એકબીજાને સહાય કરો. પોતાના સ્વાર્થો કરતાં પ્રજાઓના પરમાર્થો પર વિશેષ પ્રેમ રાખો. પ્રજાઓમાં હું છું, પ્રજા અને દેશની સેવા તે અપેક્ષાએ મારી સેવા છે, પ્રજા અને દેશનો દ્રોહ કરવો તે મારો જ દ્રોહ છે, પ્રજા પર ભેદભાવની દૃષ્ટિ રાખવી તે મારા તરફ ભેદભાવની દૃષ્ટિ છે.

'પ્રજાઓએ રાજાઓને આત્મવત્ દેખવા અને દેશ, સંઘ તેમ જ રાષ્ટ્રના કાર્યમાં સ્વાધિકારે ભોગ આપવો. પ્રજાના હિતમાં બેદરકાર ન રહેવું. ગરીબમાં ગરીબ મનુષ્યની પણ સંભાળ લેવી અને તેને સહાય કરવી. ધર્મતીર્થો, જૈન મંદિરો અને સાધુઓ તથા સાધ્વીઓની સેવાભક્તિ અને રક્ષામાં દેશકાળાનુસારે ઉત્સર્ગ કે આપત્તિધર્મ પ્રમાણે વર્તી સ્વાધિકારની ફરજ અદા કરવી. આવક પ્રમાણે ખર્ચ કરવું. પ્રજાસંઘની સલાહ લઈ રાજ્યનાં કાર્યો કરવાં. પ્રજાની સલાહથી ધર્મ્ય યુદ્ધોમ પ્રવર્તવું. જૈન સંઘની ઉન્નતિ કરવી અને અન્ય ધર્મીઓને અન્યાય ન કરવો. આત્માની તરફ મન રાખીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હૃદયની શુદ્ધતા જાળવો. અહંકાર કે ક્રોધને વશ થઈ એકદમ સાહસ ન કરો. લોભથી કે મોહથી અન્યાય, જુલ્મ કે હિંસા ન કરો. કામના મોહને તાબામાં રાખો અને પરસ્ત્રીઓના રૂપરંગમાં મૂંઝાઓ નહીં. સ્વસ્ત્રી સાથે સ્વાધિકારે યોગ્ય બ્રહ્મચર્યથી વર્તો. કોઈના બૂરાનો વિચાર ન કરો. દેશ, સંઘ, રાજ્ય, અને ધર્મની પડતી થાય એવા પ્રમાદોથી કરોડો ગાઉ દૂર રહો. પોતાના હિતચિંતકોનું શ્રેય કરો. કોઈપણ બાબતનો ચારે બાજુએથી તપાસ કરી ન્યાય કરો. મનુષ્યોની પરીક્ષા કરો. વિશ્વાસ્ય હોય તેના પર વિશ્વાસ મૂકો અને ખબરદારીથી વર્તો. અતિ વિનયી અને ઘણી ખુશામત કરનાર તરફ તેની બાનગી બાબતોની તપાસ રાખી વર્તો. પ્રામાણિક ગુપ્ત મનુષ્યો દ્વારા સ્વ-રાજ્યનું તથા પર-રાજ્યનું ગુપ્ત સ્વરૂપ જાણો અને વ્યસન તેમ જ દુર્ગુણથી કરોડો ગાઉ દૂર રહો. વેશ્યા તથા વ્યભિચારી સ્ત્રીઓને હિતશિક્ષા કરો અને તેઓના ફંદમાં ફસાઓ નહીં. સર્વ પ્રજાને એકસરખો ન્યાય આપો. દુષ્ટ, દુર્જન અને પ્રપંચીઓથી સદા સાવધાન રહો.

'અલ્પ દોષ અને મહાધર્મનો લાભ થાય એવી રીતે રાજ્ય પ્રવર્તાવો. રાજ્યને સાધન માનો, પણ રાજ્ય સાધ્ય છે એમ માની મારી ભક્તિથી વિમુખ ન થાઓ. કુટુંબ અને જ્ઞાતિના દ્રોહથી દૂર રહો. શૂદ્ર લોકોને ધિક્કારો નહીં. મનુષ્ય-જાતિ મુક્તિ પામી શકે છે એવો વિશ્વાસ રાખો. સર્વજાતીય મનુષ્યોને ધાર્મિક શિક્ષણ આપો. મનુષ્યજાતિને અસ્પર્શ્ય ન માનો. પશુઓ અને પંખીઓ કરતાં મનુષ્યો અનંતગણા મોટા છે. મનુષ્યજાતિનું સર્વથા રક્ષણ કરો. મારા પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ રાખનારા ભક્તોને મારી પેઠે સન્માનો. સાધુ, બ્રાહ્મણ, ધર્મગુરુ, કન્યા, સ્ત્રી, ગૌ, બાળની હત્યા ન કરો. ગમે તેવા ક્રોધાદિક પ્રસંગો પ્રાપ્ત થાય તોપણ મનની સમાનતા જાળવી અનીતિ અને અધર્મથી દૂર રહો. સરળ મનુષ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે વક્ર ન બનો. શરણાગતનો નાશ ન કરો. નિત્ય-નૈમિત્તિક કર્તવ્યકાર્યને કર્મયોગીના ગુણો પ્રાપ્ત કરી કરો. મોજશોખ અને મોહના તાબે ન થાઓ. પ્રામાણિકપણે વર્તો. કોઈની યોગ્ય દ્રવ્ય કે ભાવ સ્વતંત્રતામાં અંતરાય ન કરો. અધર્મ પ્રવૃત્તિઓથી લોકોને બચાવો અને અધર્મ તેમ જ દુષ્ટ રિવાજોને દૂર કરો.

'સર્વજાતીય મનુષ્યોને સત્ય ધાર્મિક જ્ઞાન મેળવવામાં સહાયક બનો. દેશ અને રાજ્યાદિકની વ્યવસ્થા ધર્માર્થે છે, અધર્માર્થે નથી—એવું જાણીને લોકોને ધર્મમાર્ગમાં પ્રવર્તતાં સહાયક અને રક્ષક બનો. એકાન્તમાં એક અગર બે કલાક આત્મચિંતવન અને રાજ્યાદિકના ચિંતવનમાં ગાળો તેમ જ કૃતકાર્યોનું પર્યાલોચન કરો.

'દ્વીપમાં, પર્વતો ને ગુફાઓમાં, નદીઓના કાંઠે, જંગલમાં કે બાગમાં રહેલા ત્યાગીઓનાં દર્શન કરો. મઠાધિપતિ, કુલપતિ, યોગીઓની સંભાળ રાખો અને તેઓનો વિનય કરો. હિમાલય પર્વત વગેરે પર્વતોમાં ધ્યાન-સમાધિ કરનારા યોગી-મહાત્માઓની અષાઢ પૂર્ણિમા પૂર્વે સંભાળ લો અને કાર્તિક પૂનમે બહાર નીકળતાં તેઓની સેવાભક્તિ કરો. મહાત્મા, યોગી અને મુનિવરોમાં દેખાતા બાહ્ય મતભેદોમાં અપેક્ષાએ તત્ત્વદૃષ્ટિથી એકતા અને વિવિધતા દેખો. આત્માની શુદ્ધિ-રૂપ એકમાત્ર ધ્યેય એ જ સર્વ મહાત્માઓનું અને ધર્મીઓનું લક્ષ્ય છે, એવો નિશ્ચય રાખી વર્તો.

'શુદ્ધાત્મધ્યેયનાં અનેક યોગસાધનો છે. તેની પરસ્પર વિરુદ્ધતા તો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, શક્તિ આદિની અપેક્ષાએ તથા મનુષ્યોનાં રુચિભેદ, શક્તિ અને સ્થિતિને આભારી છે એમ જાણી સર્વ દર્શનો, ધર્મો અને દેવો વગેરેનો મારા અનંત જૈન ધર્મમાં અન્તર્ભાવ થાય છે એમ જાણો. ભિન્ન ભિન્ન મતો, દર્શનો અને ધર્મોમાં જે જે અપેક્ષાએ સત્યો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે અનાદિકાળથી જૈન ધર્મનાં સત્યો છે. જૈન ધર્મના અનાદિ અનંત સ્વરૂપમાં સર્વ દર્શન અને ધર્મોનો સમાવેશ થાય છે. તેથી જૈન ધર્મની બહાર કોઈ દર્શન કે ધર્મ નથી. જૈન ધર્મ આરાધતાં સર્વ દર્શન, મત અને ધર્મની આરાધના છે જ, માટે જૈન ધર્મ પાળવામાં સર્વ ધર્મ સમાય છે. મારા પર શ્રદ્ધા અને પ્રેમ રાખનારા સર્વ લોકો જૈનો છે.

'મેરુપર્વત પર ચઢવા માટે મેરુ પર્વતની ચારે દિશા-વિદિશાઓથી, હજારો અને લાખો ગાઉ દૂરથી લોકો આવતા હોય. કોઈ મેરુપર્વતથી લાખ ગાઉ દૂર હોય, કેટલાક હજાર ગાઉ દૂર હોય, કેટલાક સો ગાઉ દૂર હોય, કેટલાક પચીસ ગાઉ દૂર હોય, કેટલાક તળેટી સુધી આવ્યા હોય અને કેટલાક મેરુપર્વત પર ચઢતા હોય. તે સર્વ લોકો ખાતા હોય, પીતા હોય, વાટમાં વિશ્રામ કરતા હોય, ઊંઘતા હોય, કોઈ હળવે ચાલતા હોય, કોઈ ઉતાવળથી ચાલતા હોય, કેટલાક પ્રમાદી હોય, કેટલાક અપ્રમાદી હોય, કેટલાક અંધ હોય, કેટલાક લૂલા હોય, કેટલાક યાનવિહારી હોય, કેટલાક પાદચારી હોય, પરંતુ તે સર્વ લોકોનું ધ્યેય મેરુપર્વતનું શિખર પ્રાપ્ત કરવાનું છે. તેથી તે સર્વ મેરુપર્વતના મુસાફર ગણાય. તેમ હે રાજાઓ! મારા પ્રતિ આવનારા અને શુદ્ધાત્મ-મહાવીરના ધ્યેય પ્રતિ લક્ષ રાખી મત કે ધર્મ ભેદરૂપ અનેક દિશાઓથી મારી તરફ આવનારા મારા ભક્તો અને ઉપાસકો જૈનો છે. તે સર્વ જૈનો વહેલામોડા મને પામે છે. માટે ભિન્ન ભિન્ન દર્શન, ધર્મ કે પંથોના સમુદાયને જૈન ધર્મ જાણો.

'જૈન ધર્મ અનંત સત્યરૂપ છે, માટે અનંત સત્યરૂપ જૈનધર્મીઓને સર્વ પ્રકારે સહાય કરો. જૈનો માટે જીવવું અને મરવું સમાન ગણો. જૈનોમાં પરબ્રહ્મ મહાવીરરૂપ હું વ્યક્ત છું. સર્વ વિશ્વમાં મારા જૈન ભક્તો ધર્મના વિચાર અને આચારમાં ઉદાર છે. તેથી વિશ્વમાં દેવોની પેઠે જૈનોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખ, શાન્તિ અને સંપનો પ્રચાર થાય છે. તમે સર્વે અત્રે ભેગા થયેલા જૈન રાજાઓ છો. જ્યાં જીવન્ત સર્વ શક્તિમય એવા જૈનો છે ત્યાં સંસાર પણ સ્વર્ગ સમાન બને છે. મારા પર શ્રદ્ધા–પ્રેમ રાખનાર અને મારા ઉપદેશને સત્ય માનનાર તથા મારું નામ જપનાર ગમે તે જાતિનો હોય તોપણ સગા ભાઈ કરતાં વિશેષ મારા સરખો પ્રિય માનો. લક્ષ્મી વગેરેથી હીન, ગરીબમાં ગરીબ અને નીચ જાતિ તરીકે ગણાતા જૈનમાં અને તમારામાં કોઈપણ જાતનો ભેદ રાખ્યા વિના આત્માની પેઠે તેના સહાયક બનો.

'જૈનો પર માત્ર દયા ઘટે નહીં', પણ તેઓ પર પૂજ્ય ભક્તિ-ભાવ ઘટે છે; કારણ કે જૈનોના દિલમાં મારું વ્યક્ત સ્મરણ છે. જેના દિલમાં મારું નામ છે તેના દુઃખમાં ભાગ ન લે અને સ્વાર્થી બની વિપત્તિના સમયમાં તેનાથી દૂર રહે તે મારો સત્ય ભક્ત નથી. મારા માટે સર્વસ્વ અર્પણ કરનારાઓને અને વિશ્વના જીવોની સાથે આત્મમહાવીરભાવ રાખનારાઓને ગમે ત્યાં હું સહાયક છું. વિધર્મીઓથી કોઈપણ રીતે જૈનો હારવા ન જોઈએ. મારું પરબ્રહ્મ પરમેશ્વરનું સર્વ પ્રકારનું સ્વરૂપ તે જ જૈન ધર્મ છે. મને જે મારારૂપ બનીને આરાધે છે તેનાથી હું જરામાત્ર દૂર નથી. જ્યાં ત્યાં અને જ્યારે ત્યારે ભક્તોના હૃદયમાં હું છું.

'રાજાઓ ! તમે કદાપિ જડના પૂજકો ન બનો. જડ વસ્તુઓમાં જ સુખ માનીને જડ વસ્તુઓના મોહમાં જે મૂંઝાયા છે તે જડપૂજકોને આત્મસુખનો વિશ્વાસ હોતો નથી. તેથી તેઓ શુદ્ધાત્મા પ્રતિ પ્રયાણ કરી શકતા નથી. જડના પૂજકોને પુનર્જન્મનો વિશ્વાસ હોતો નથી. જડના પૂજકોની નીતિમાં વસ્તુતઃ અનીતિ છે.

'રાજાઓ ! તમે આત્મસુખના વિશ્વાસી બનો. આત્મા તે જ હું છું. આત્માના પૂજકો સદા સ્વતંત્ર રહે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે મોહના ગુલામ બનતા નથી તથા કોઈથી પરાજય પામતા નથી. આત્મમહાવીરના પૂજકો જ જૈનો છે અને જે જૈનો છે તે જ આત્મપૂજકો છે. જૈનો પ્રકૃતિની સાથે ખેલે છે, પણ તે પ્રકૃતિના સ્વામી રહે છે, તેના દાસ બનતા નથી. મારી શ્રદ્ધા-પ્રીતિથી વિમુખ થયેલી જનતા પોતાના હાથે પોતે મરે છે અને વારંવાર જન્મ લીધા કરે છે. મારા ભક્તો પર કર્મનું સામ્રાજ્ય પ્રતિકૂળ બની રહેતું નથી. મારા ભક્તો પુરુષાર્થી હોય છે અને તે ભવિતવ્યતાને વશ થઈ આળસુ બનતા નથી. જે પુરુષ કે સ્ત્રી મારા ભક્ત હોય તે સર્વને હું સહાય કરું છું. તમો પુરુષાર્થને અવલંબો. ભોજશોખ અને વિષયભોગના દાસ બની નિર્વીર્ય ન બનો. ભક્તોને હું આત્મભાવ રસે ભળું છું.

'હે રાજાઓ! તમે પ્રકૃતિના જ્ઞાતા બનો અને સર્વ-જાતીય પ્રજાને જૈન ધર્મ પાળવામાં સ્વાત્મભોગી બનો. મારા ઉપદેશ પ્રમાણે વર્તવાથી તમે અનંત જીવનને પામશો.'

જૈનધર્મસામ્રાજ્યની ધ્વજાનું ગૌરવ:

'આર્ય રાજાઓ! તમો સર્વે કાશ્યપ ઋષભદેવ ભગવાનના વંશજો છો. તમારા વંશમાં પૂર્વે સૂર્ય અને ચંદ્ર રાજા થયા છે, તેથી તમે સૂર્યવંશી અને ચંદ્રવંશી ગણાઓ છો. જૈન-ધર્મરાષ્ટ્રની ધ્વજામાં સૂર્ય અને ચંદ્રને સ્થાપવામાં આવે છે અને હવેથી સૂર્ય અને ચંદ્રની વચમાં મારા લાંછન તરીકે કેસરી સિંહને સ્થાપવામાં આવે છે. મંદિરોની, ગુરુકુલોની, મઠોની અને ઘરોની ધ્વજાઓમાં સૂર્ય, ચંદ્ર અને સિંહની સ્થાપના થઈ છે અને તેવી સ્થાપના કરવી તે મારી આજ્ઞા છે. સૂર્યના જેવા પ્રતાપી થવું, ચંદ્રના જેવા શીતલ થવું તથા સિંહના જેવા પરાક્રમી અને નિર્ભય થવું.

'કલિયુગમાં સિંહના જેવા પરાક્રમી અને ગૃહસ્થા-વાસમાં પણ જે સંયમપૂર્વક રહેશે તે વિશ્વમાં સિંહની પેઠે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સવીર્ય રહી જીવી શકશે. ધર્મયુદ્ધ પ્રસંગે જૈનધર્મસામ્રાજ્યના ચિહ્ન તરીકે સૂર્ય–ચંદ્ર–સિંહાંકિત ધ્વજા ધારવી. પ્રત્યેક જૈનનાં ઘરના દ્વાર આગળ મારી મૂર્તિ અગર સૂર્ય, ચંદ્ર સિંહ કિત ધ્વજા મૂકવી. કલિયુગમાં સર્વ પ્રકારની શક્તિઓ મેળવવી. એ માટે મારું ચિહ્ન સિંહ તરીકે પ્રસિદ્ધ છે. કોઈના ઘેર મારી કથા કરવામાં આવે તે પ્રસંગે જૈનધર્મસામ્રાજ્યનો ધ્વજ સ્થાપવો.

'જૈનસામ્રાજ્યધ્વજના સંકેતમાં સર્વ આર્ય, ક્ષત્રિય, રાજા અને પ્રજાનો સમાવેશ થાય છે. તેમાં સૂર્ય અને ચંદ્રને માનનારી સર્વ પ્રજાનો સમાવેશ થાય છે. ધ્વજામાં પંચરંગ કરવામાં આવે છે. તેનું તાત્પર્ય એ છે કે વિશ્વમાં પંચવર્ણી મનુષ્યજાતનો જૈન ધર્મ છે. સર્વ ખંડોમાં વસનારી પંચવર્ણી મનુષ્યજાતિ અનાદિકાળથી જૈન ધર્મ પાળનારી છે. પંચવર્ણી પૈકી ગમે તે વર્ણીય જાતિમાંથી જે જે તીર્થંકરો, મહાત્માઓ થયા છે અને થશે તે સર્વે વસ્તુતઃ જૈનધર્મી છે અને ગમે તે અપેક્ષાએ જૈન ધર્મનું સ્વરૂપ પ્રતિપાદન કરનારા છે. જ્યાં સુધી જૈન ધર્મનું અસ્તિત્વ છે ત્યાં સુધી સૂર્ય અને ચંદ્ર છે. જૈન ધર્મના પ્રતાપે સૂર્ય અને ચંદ્ર પ્રકાશે છે. જૈનધર્મી–ઓ પર સૂર્ય અને ચંદ્રથી પ્રેમદૃષ્ટિ છે. જૈનધર્મસામ્રાજ્યની ધ્વજામાં જે પીતરંગ છે તે પૃથ્વીનો જ્ઞાપક છે, શ્વેતરંગ છે તે જળનો જ્ઞાપક છે, રક્તરંગ છે તે અગ્નિ તત્ત્વનો જ્ઞાપક છે, નીલરંગ છે તે વાયુતત્ત્વનો જ્ઞાપક છે અને કૃષ્ણરંગ તે આકાશતત્ત્વનો જ્ઞાપક છે. ધ્વજામાં જે જે વર્ણો જ્યાં જ્યાં સ્થાપન કરવા યોગ્ય છે ત્યાં ત્યાં સ્થાપ્યા છે. પંચવર્ણી પંચ પરમેષ્ઠીનો પંચવર્ણી જૈનધર્મસામ્રાજ્યની ધ્વજામાં અન્ત–ર્ભાવ થાય છે. તે જ રીતે પંચ દર્શનનાં તત્ત્વોનો જૈનધર્મ–સામ્રાજ્યની ધ્વજામાં અન્તર્ભાવ થાય છે. તે એમ સૂચવે છે કે સર્વ ધર્મોનાં તત્ત્વોનો જૈન તત્ત્વજ્ઞાનમાં સમાવેશ થાય છે.

'પૃથ્વી, સાગર, દરિયો, જલ, વાયુ, અગ્નિ આકાશ એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચતત્ત્વની ઉપયોગિતા અને તેનો અન્તર્ભાવ જૈન ધર્મમાં છે. આધ્યાત્મિક દૃષ્ટિએ અને વેદની ગુપ્ત પરિભાષામાં ક્ષમા એ પૃથ્વી છે, જલ એ ધ્યાન છે, અગ્નિ એ જ્ઞાન છે, વાયુ એ મન છે અને આકાશ એ આત્મા છે. તેઓનું જૈન ધર્મમાં મહત્ત્વ છે, જેથી વેદાદિ શાસ્ત્રોનો પણ જૈન ધર્મમાં અન્તર્ભાવ થાય છે. એવા અનાદિકાલીન સનાતન જૈન ધર્મની સંકેત દૃષ્ટિનું ચિહ્ન ધ્વજા છે. ધ્વજાના દંડ સમાન હું પરમાત્મા છું એમ જેઓ જાણે છે તેઓ વેદાગમાદિ શાસ્ત્રસિદ્ધ જૈન ધર્મ એ જ મારું સ્વરૂપ છે એમ સમજે છે અને જૈન ધર્મની સેવાર્થે જીવે છે.

'ધ્વજામાં જે વાયુતત્ત્વ છે તેનાથી પ્રાણાયામ કરી વાયુતત્ત્વ પર જય મેળવવો એમ ગુપ્ત નીલરંગના સંકેત દ્વારા પ્રકાશ્યું છે. પિંડમાં અને બ્રહ્માંડમાં પાંચ તત્ત્વો, મન અને આત્મા છે. પિંડમાં પાંચ તત્ત્વ અને બ્રહ્માંડમાં પણ પાંચ તત્ત્વો છે. પિંડગત પંચતત્ત્વનો સંયમ કરવાથી બ્રહ્માંડગત પંચતત્ત્વનું જ્ઞાન થાય છે. પિંડમાં સૂર્ય અને ચંદ્ર છે તેમ બ્રહ્માંડમાં સૂર્ય અને ચંદ્ર છે તે ધ્વજામાં રહેલા સૂર્ય–ચંદ્રના ચિહ્નથી જાણો. પિંડમાં મન અને આત્મા છે તેમ બ્રહ્માંડમાં અનંત આત્માઓ છે અને પ્રત્યેક આત્માની સાથે મન છે. તેથી અનંત મનદ્રવ્યો છે. પિંડનું જ્ઞાન જેમ આત્મા કરે છે તેમ આત્મા જ્ઞાન વડે અનંત પિંડરૂપ અનંત આત્માઓનું જ્ઞાન કરે છે. પિંડમાં જેમ સુષુમ્ણા નાડી છે તેમ બ્રહ્માંડમાં— રાજલોકમાં ત્રસનાડી તે જ સુષુમ્ણા નાડી છે. જેટલું પિંડમાં છે તેટલું બ્રહ્માંડમાં છે. પિંડ અને બ્રહ્માંડ બંને ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક છે.

'જૈનધર્મસામ્રાજ્યના ધ્વજદંડમાં ત્રણ રેખાઓ કરવામાં આવે છે, તે જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ, મન–વાણી–કાયારૂપ તથા ઉત્પાદ–વ્યય–ધ્રુવાત્મક સર્વ વિશ્વ છે એમ જ્ઞાપન કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે છે. ધ્વજામાં પિંડ અને બ્રહ્માંડનો અન્તર્ભાવ કરવામાં આવ્યો છે તેથી ધ્વજા એ મારાથી અને વિશ્વથી અભિન્ન છે એમ જાણી તેનું મહત્ત્વ સમજવે. પિંડ અને બ્રહ્માંડ સર્વ વિશ્વનો જિન-મંદિરમાં ધ્વજની પેઠે અન્તર્ભાવ થાય છે.

'ધ્વજામાં અગ્નિતત્ત્વ છે. તે અગ્નિતત્ત્વ પર સંયમ કરવાથી અગ્નિતત્ત્વનું જ્ઞાન થાય છે અને અગ્નિતત્ત્વ પર કાબૂ મેળવી શકાય છે. પીતરંગ એ પૃથ્વીતત્ત્વ છે. તેમાં સંયમ કરવાથી પૃથ્વીમાં ગમે ત્યાં ગમનાગમન કરી શકાય છે અને પૃથ્વીમાં રહેલ સુવર્ણ, રત્ન વગેરેનો ઉપયોગ કરવાની સત્તા પ્રાપ્ત થાય છે. જળમાં સંયમ કરવાથી જળ પર કાબૂ મેળવી શકાય છે અને તેથી પિંડ અને બ્રહ્માંડમાં રહેલી જળતત્ત્વની સત્તા પોતાના હસ્તમાં આવે છે. આકાશતત્ત્વમાં સંયમ કરવાથી આકાશતત્ત્વ પર કાબૂ મેળવાય છે. તેથી આત્માના તાબે મન રહે છે તેમ જ અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાનનો પ્રકાશ કરી શકાય છે.

'પાંચે તત્ત્વો જેમ એક પિંડમાં રહ્યાં છે તથા બ્રહ્માંડમાં પરસ્પર મળીને રહ્યાં છે તેમ મારા વડે પ્રકાશિત તથા અસંખ્ય ઋષીશ્વર, તીર્થંકર દ્વારા પ્રકાશિત સનાતન જૈનધર્મમાં સર્વે ધર્મો અને સર્વ દર્શનોની દૃષ્ટિઓ પરસ્પર સાપેક્ષાએ રહી છે. અનાદિ-કાલીન જૈન ધર્મનો આત્મામાં ગુણપર્યાયરૂપે અન્તર્ભાવ થાય છે એમ જૈનધર્મસામ્રાજ્યના ધ્વજદંડથી પ્રબોધ થાય છે. પંચતત્ત્વથી આત્મા ભિન્ન છે એમ રંગથી ભિન્ન દંડના જ્ઞાનથી જાણો. પંચતત્ત્વનો પુદ્ગલ દ્રવ્યમાં સમાવેશ થાય છે. પુદ્ગલ દ્રવ્યને રંગ છે, આત્માને રંગ નથી; તેથી અનંત જ્યોતિરૂપ આત્મા છે અને તે સૂર્યાદિ જ્યોતિઓનો પ્રકાશક છે એમ જાણો. આત્મા એ જ પિંડ-બ્રહ્માંડમાં મહાવીર છે. તેની શક્તિઓનું સામ્રાજ્ય એ જ સિંહની સંજ્ઞા છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની શક્તિ એ જ સિંહ છે અને તે મોહની પરિણતિરૂપ પશુનો ભક્ષ કરે છે. આત્માની સંયમશક્તિ એ જ સિંહ છે અને તે મનરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પશુનો નાશ કરે છે. વ્યાવહારિક અને નૈશ્ચયિક સર્વજાતીય શક્તિવૃન્દરૂપ સિંહને જે તાબે કરે છે તે પરબ્રહ્મ મહાવીર બને છે, તે વિશ્વનો પ્રભુ છે એમ, રાજાઓ ! તમે જાણો.'

જિન અને જૈનધર્મ :

'હે રાજાઓ ! તમે શક્તિઓ પ્રગટાવો. શક્તિસમૂહરૂપ સિંહના ચિહ્નથી અંકિત મહાવીર બનવા માટે સર્વાત્માઓને હક છે. જ્ઞાનાદિ શક્તિઓની આરાધના કરવી તે જૈનત્વ છે. અને જ્ઞાનાદિ શક્તિઓને પામવી તે જિનત્વ છે. સાધકનો ધર્મ તે જૈનધર્મ અને સિદ્ધત્વ તે જિનત્વ–મહાવીરત્વ છે. બહિરાત્મભાવથી પ્રારંભીને અન્તરાત્મપદ પામવું તથા ત્યાં સુધીની મન-વાણી-કાયાની પ્રવૃત્તિ તથા સદ્વિચાર, ધ્યાન અને જ્ઞાનની પરિણતિ તે અપેક્ષાએ જિનધર્મ અને જૈનધર્મ છે.

'અનાદિકાળથી જિનધર્મ અને જૈનધર્મ ચાલ્યા કરે છે જે જે અંશે સાધ્યની પ્રાપ્તિ તે જિનધર્મ છે અને જે જે અંશે સાધનોની પ્રવૃત્તિ કે પ્રાપ્તિ તે સર્વ વિશ્વવર્તી લોકોનો શ્વાસોચ્છ્વાસે જૈનધર્મ છે. જિનધર્મ અને જૈનધર્મની કાર્યકારણપરંપરાનો આધાર આત્મા અને બ્રહ્મ છે. આત્મા પૂર્ણ શુદ્ધ થતાં જૈન ધર્મ અને જૈનત્વ રહેતું નથી. પશ્ચાત્ જિનત્વ વગેરે વિશેષણો પણ ઔપચારિક છે. શુદ્ધાત્મા એ જ મહાવીરતા છે. શુદ્ધાત્મા એ જ પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર, નિર્ગુણ દેવ છે.

બ્રહ્મા, વિષ્ણુ, હર અને રુદ્રનું સ્વરૂપ :

કર્મપ્રકૃતિનો સર્વથા આત્માની સાથે વિયોગ થવો તે અપેક્ષાએ આત્મા તે જ શુદ્ધાત્મા છે અને તે જ પરબ્રહ્મ છે. સાત્વિક પ્રકૃતિનો સ્વામી આત્મા તે જ ઈશ્વર પ્રભુ છે. આત્મા જ્યારે રજોગુણની પ્રવૃત્તિને સાધન તરીકે વાપરે ત્યારે તે અપેક્ષાએ એ બ્રહ્મા છે અને તમોગુણ પ્રકૃતિને જ્યારે તે સાધન તરીકે વાપરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારે તે રુદ્ર કે હર છે. જ્યારે તે સાત્ત્વિક પ્રકૃતિનો ઉપયોગ કરે છે ત્યારે આત્મા જ પોતે વિષ્ણુસંજ્ઞાને પામે છે. આત્મા જ્યારે જ્ઞાનને પ્રગટાવે છે ત્યારે તે બ્રહ્મા છે. આત્મા જ્યારે ચારિત્રગુણ પ્રગટાવે છે ત્યારે મોહની સાથે તેને ધર્મયુદ્ધ થાય છે, તે કર્મને હરે છે અને પ્રકૃતિને રોવરાવે છે, તેથી તે હર કે રુદ્ર છે. જ્યારે આત્મા જ્ઞાનાવરણનો નાશ કરી કેવળજ્ઞાની બને છે ત્યારે તે વિષ્ણુ છે. આત્મા જ્યારે સર્વ વિશ્વના લોકોને તારવા કેવળજ્ઞાન વડે ઉપદેશ દે છે ત્યારે તે અર્હંત્ છે. આત્મા જ ગુણકર્મ વડે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. આત્મા જ્યારે સર્વ પ્રકારની કર્મપ્રકૃતિથી રહિત થાય છે ત્યારે તે ભાવ-સિદ્ધ બને છે અને અનેક પ્રકારની લબ્ધિઓ અને સિદ્ધિઓને ફોરવે છે ત્યારે તે દ્રવ્યસિદ્ધ બને છે. સર્વજ્ઞ આત્મા તે જ જગન્નાથ અને બુદ્ધ છે. એમ અપેક્ષાએ આત્માને પરબ્રહ્માદિ અનેક વિશેષણો વડે વિશિષ્ટ જાણવો.

'પ્રતિશરીર ભિન્ન ભિન્ન આત્મા છે. કર્મયોગે અનાદિ-કાળથી આત્મા અનંત શરીરોનો ગ્રહણ-ત્યાગ કર્યા કરે છે. સમ્યગ્દૃષ્ટિ થયા બાદ આત્માની સાથે કર્મપ્રકૃતિ અનુકૂળપણે પરિણમે છે અને કદાપિ પ્રતિકૂલ પરિણમે છે તોપણ અંતર-માં ઉન્નતિ માટે તે હોય છે, એમ જેઓ જાણીને અષ્ટાંગયોગ, ભક્તિ, સેવા, કર્મપ્રવૃત્તિ વગેરે કરે છે તે મારા ભક્તો છે. મારા ભક્તો છેવટે મુજપદને પામે છે. મારા શુદ્ધાત્મસ્વરૂપ તરફ જેઓ સર્વ કર્મ કરતાં પ્રેમલક્ષ રાખે છે તેઓ અપેક્ષાએ જૈનો અને જિનો છે.

'અનાદિકાળથી સર્વ તીર્થંકરો શુદ્ધાત્મમહાવીરપદ પામવા માટે જૈન ધર્મને પ્રબોધે છે. તે પ્રમાણે મેં તમારી આગળ જૈન ધર્મનો પ્રકાશ કર્યો છે. તે જાણી અને તે પ્રમાણે પ્રવર્તી આત્માની શુદ્ધિ કરો. મન-વાણી-કાયાની શક્તિઓનો પ્રાણાંતે પણ દુરુપયોગ ન કરો. મન-વાણી-કાયાની શક્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓનો સદુપયોગ કરો. મન–વાણી–કાયાની-શક્તિઓને ખીલવો. જેમ વિશેષ ધર્મલાભ થાય અને અન્યાય, હિંસાદિ પાપો નિવારતાં અલ્પ હાનિ થાય એવી રીતે શક્તિઓનો ઉપયોગ કરો.

'સર્વ વિશ્વમાં સર્વ લોકોને એકસરખી રીતે ન્યાય અને સુખશાન્તિ મળે એવો સર્વદેશીય રાજાઓએ પરસ્પર સંગંધિત થઈને રાજ્યકારોબાર કરવો, એવી મારી આજ્ઞા છે. કોઈ પણ ખંડ કે દેશના લોકોને અન્યાય, જુલ્મ, સંકટ, વિનાશ–માંથી મુક્ત કરવા સહાય કરવી. અન્યાયી, ઘાતકી, જુલ્મી રાજાઓથી પ્રજા ન પીડાય તે માટે નિર્લોભપણે તથા પ્રામાણિકપણે બનતો આત્મભોગ આપવો. કોઈ પણ દેશની પ્રજાનું સ્વાતંત્ર્ય અને તેની શાન્તિ કાયમ રહે તે માટે સહાયક બનવું. પરોપકારાર્થે, ધર્માર્થે શરીરનો ત્યાગ કરવામાં આનંદોત્સવ માનવો. દેહાધ્યાસી રાજાઓ દેશ અને રાજ્ય ધર્મની પડતી કરે છે અને દેહાધ્યાસત્યાગી રાજાઓ તથા લોકો દેશ, કોમ, સંઘ, સમાજ, રાજ્ય અને ધર્મની ઉન્નતિ કરે છે. કોઈ પણ મનુષ્ય પર સત્તાનો દાબ દઈને તેની સ્વતંત્ર શક્તિઓને ખીલતી ને ખીલતી વિનષ્ટ ન કરો. મનુષ્યો જેમ જેમ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના વિચારોથી મુક્ત થાય છે તેમ તેમ આત્માના રાજ્યની સુખ–શાન્તિને પામે છે. બાહ્ય રાજ્યમાં પણ નિર્મોહપણે પ્રવૃત્તિ કરો. ક્રોધ, માન, માયા અને લોભને તાબે થતાં સ્વપરનું કલ્યાણ થતું નથી.

'એક સદ્ગુણી રાજા દેશનું જેટલું હિત કરે છે તેટલું જ એક દુર્ગુણી રાજા દેશનું અહિત કરે છે. સદ્ગુણી રાજાઓથી દેશમાં સુખ–શાંતિ રહે છે, જ્યારે દુર્ગુણી અને પાપી રાજાઓથી પ્રજાની હાનિ, પડતી અને દુર્ગતિ થાય છે. હે રાજાઓ ! તમો પોતાની જે જે ભૂલો થાય તેને દેખો, અને તેને દૂર કરવા પ્રયત્ન કરો. ધર્મી, ભક્ત, ન્યાયી લોકોને સર્વ પ્રકારે ઉત્તેજન આપો. સત્યવાદીઓની સલાહ માનો. મહાત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓની હિતશિક્ષા માનો. વારંવાર ત્યાગીઓના સદુપદેશ શ્રવણ કરો, કે જેથી પાપબુદ્ધિ અને પાપપ્રવૃત્તિથી ન્યારા રહી શકો. સંત-ભક્તોના દાસાનુદાસ બનો. જેના અપરાધ કરો તેની માફી માગો. અપરાધોનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરો. આત્મપુરુષાર્થના વિશ્વાસી બનો. કર્મનું સ્વરૂપ જાણો, પણ ઉદ્યમ, ઉત્સાહ અને ખંતથી હૃદયને ભરીને પ્રવર્તો. તમારી પાસે જે જે ફરિયાદીઓ આવે તેઓની ફરિયાદો સાંભળો અને યોગ્ય ન્યાય આપો. પુત્રનો, પ્રજાનો તથા પોતાનો એક-સરખો ન્યાય કરો અને પક્ષપાતથી દૂર રહો. બુદ્ધિશાળી પ્રધાનોને રાખો.

'જે જૈનો મલેચ્છધર્મગામી થયા હોય તેઓને પ્રતિ-બોધીને અને પ્રાયશ્ચિત્ત આપીને જૈન ધર્મમાં પુનઃ સ્થાપો. જૈન ધર્મને સ્વાધિકારે યથાશક્તિ પાળ્યાથી સર્વ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોની સમાપ્તિ થાય છે. સર્વ પ્રકારની હત્યાઓથી મુક્ત થવાની ઇચ્છાવાળો જૈન ધર્મ અંગીકાર કરી સર્વ હત્યા-ઓથી મુક્ત થઈ શકે છે, એવી જૈન ધર્મમાં શક્તિ રહેલી છે. જૈન ધર્મના પાલનથી ઉત્કૃષ્ટ દશાએ બે ઘડીમાં કેવળજ્ઞાન થાય છે. આત્માથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે એવો દૃઢ નિશ્ચય રાખી પૂર્ણોત્સાહથી પ્રવર્તો.

'આત્મપુરુષાર્થ ફોરવતી વખતે પ્રારબ્ધાદિ કર્મોનો વિચાર ન કરો. અન્ય લોકો સહાયક બને તો જ કર્તવ્ય-કાર્યો કરવાં એવા પરાશ્રયી વિચારથી દૂર રહો. આત્મામાં મન રાખીને સતત ઉત્સાહથી પ્રવર્તો. કોઈની સહાયની આકાંક્ષા ન રાખો. તમારો આત્મપુરુષાર્થનો નિશ્ચયભાવ થતાં તમને અણધારી મારા તરફથી સહાય મળશે. તમારી સત્ય ભાવના-ઓને બીજાઓ ન ઓળખે તેની પરવા ન કરો. તમે તમારા સત્ય કર્તવ્યોમાં મંડ્યા રહો. હજારો વિઘ્નો આવે તોપણ કર્તવ્યકાર્યથી પરાઙ્મુખ ન થાઓ. તમારી સામે હજારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાખો લોકો પડે તોપણ તમે તમારા સત્ય વિચારોમાં અડગ રહો. સત્કાર્યો કરતાં પ્રાણ છોડો, પણ મૃત્યુ આદિના ભયથી સત્કાર્યોનો ત્યાગ ન કરો.

'આત્મમહાવીરમાં અનંત શક્તિઓ છે. તેની પ્રાપ્તિમાં પુરુષાર્થી અને સ્વાશ્રયી અંતે વિજય મેળવે છે. પરના આશ્રયે રહેતાં સ્વાશ્રયશક્તિથી ભ્રષ્ટ થવાય છે, માટે સદા સ્વાશ્રયી બનો. હે રાજાઓ! તમે જાણો છો કે અનંત ચમત્કારોનું ધામ આત્મા છે. જે અન્યોમાં ચમત્કારો અને શક્તિઓ જાણો છો કે દેખો છો તે તમારા આત્મામાં છે. ચૌદ રાજલોકમાં જે શક્તિઓ રહેલી છે તે પોતાના દેહસ્થ આત્મામાં રહેલી છે, માટે તે શક્તિઓનો આવિર્ભાવ કરવા પુરુષાર્થ કરો. આત્માની શક્તિઓ પ્રાપ્ત કરવાને આત્મપુરુષાર્થ વિના અન્ય કોઈ ઉપાય નથી, માટે આત્મપુરુષાર્થી બનો, સ્વાશ્રયી બનો.

'આત્મા યાચક નથી, પણ દાનીઓનો પણ દાની છે. આત્મા વિશ્વંભર મહાદેવ છે. માટે સ્વાશ્રયી બની ઉત્સાહથી સર્વ કાર્યો કરો. આ ભવમાં પુરુષાર્થ કરતાં જે અધૂરું રહેશે તે અન્યાવતાર લઈને પૂર્ણ કરવામાં આવશે. આ ભવમાં જ આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો પૂર્ણ આવિર્ભાવ કરવાના વિશ્વાસી બનો. આ ભવમાં જેટલું થવાનું હશે તેટલું થશે, બાકીનું અન્ય ભવમાં થશે—એવા ભગ્ન, ઢીલા અને ઉત્સાહ-હીન ન બનો. ઉંદર મેરુપર્વતને ખોદવાનો કે તોડી પાડવાનો વિચાર કરે, ટીંટોડો જેમ સંપૂર્ણ સાગર ને ઉલેચી નાખવાનો દૃઢ ઉત્સાહ કરી ઉદ્યમ કરે, તેનાં કરતાં અનંતગુણા ઉત્સાહ અને પુરુષાર્થથી પ્રવૃત્તિ કરો. કાર્ય કયારે પૂર્ણ સિદ્ધ થશે તે તરફ લક્ષ ન રાખો, પરંતુ આત્મોત્સાહથી અને સ્વાશ્રયથી કાર્ય કરવા તરફ ભાવ રાખો. કાર્યની સિદ્ધિ કરવામાં કરોડો વાર નાસીપાસ થવું પડે અને મૃત્યુ થાય તો થવા દો, કારણ કે તેથી તમે કાર્યસિદ્ધિની પાસે ઠેઠ આવ્યા છો. તમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કદાપિ એમ દેખી ન શકો, તોપણ આત્મમહાવીર ઉપરની શ્રદ્ધાથી આત્મોન્નતિ આદિ કર્તવ્યકાર્યો કરો. સ્વાશ્રયી બન્યા વિના આગળનાં કર્માવરણો હટતાં નથી. તમોએ અજ્ઞાનાદિકથી જે કર્માવરણો ગ્રહ્યાં છે તે તમો પોતે જ દૂર કરી શકો તેમ છો. આત્મપુરુષાર્થ આગળ અનંતકાલીન આવરણોનો નાશ કરવાનો હિસાબ નથી.'

ભક્તોને ધર્મોપદેશ :

પ્રભુએ જગન્નાથપુરીમાં પ્રભુનાં દર્શન કરવા આવેલા યાત્રાળુ ભક્તોને તથા પૌરવાસી ભક્તોને જણાવ્યું કે, 'હે ભવ્ય ભક્તો ! જુદા જુદા ધર્મો, તેના સંપ્રદાયો અને ઉપપંથોમાંથી જે જે સત્ય લાગે તે તે ગ્રહણ કરો અને પરધર્મની સહિષ્ણુતા રાખો. દરેક ધર્મમાં અમુક દેશકાળાનુસારે ક્રિયા, વિધિ કે આચારોમાં સત્ય રહેલું છે અને દેશકાળ બદલાતાં તે તે સ્થાને ભિન્ન ક્રિયાનુષ્ઠાન, આચાર કે પ્રવૃત્તિઓ દ્વારા સત્ય દાખલ થાય છે. ક્રિયાચારના ગર્ભમાં જે મુખ્ય હેતુ કે ઉદ્દેશ રહેલો હોય તે જાણો. પોતાનાથી ભિન્ન ધર્મ કે મત માનનારાઓની સાથે કદાગ્રહ, કલેશ કે ધર્મયુદ્ધ ન કરો. બહિરંતરાત્મ પ્રભુનો સાક્ષાત્કાર થતાં કદાગ્રહ અને અસત્ય ધર્માભિમાન ટળશે. વિરુદ્ધ ધર્મીઓને ચાહો અને તેઓને પુત્રની પેઠે મદદ કરો.

'રાગદ્વેષનો નાશ થતાં વીતરાગદશા પ્રગટે છે અને એની વીતરાગદશામાં સમભાવ રહે છે. એવા વીતરાગ અને સમભાવવાળા વિશ્વમાં વ્યવહારથી ગમે તે ધર્મ, મત કે સંપ્રદાયમાં હોય, તોપણ તે જીવન્મુક્ત સત્ય જિનો છે અને તેઓના સમભાવને અનુસરી સર્વ ધર્મ, મત કે પન્થો પર થતો જે રાગદ્વેષ છે તેનો જય કરવા પ્રવૃત્તિ કરનારા જૈનો છે, એમ સર્વ દર્શન, ધર્મ, મત કે પન્થોમાં રહેનારા મારા ભક્તો અને ક્રાન્તદૃષ્ટિવાળા સમભાવીઓ હોય છે. તેથી તેઓ કોઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારી નજીકમાં આવે છે. મતાભિમાનમાં ન મૂંઝાઓ. અમુક જ મારો મતધર્મ છે એવો સમજ્યા વિના આગ્રહ ન કરો. જેમ જેમ ધર્મ અને સંપ્રદાયો પર સમભાવવૃત્તિ ધારણ કરી અને મારું ધ્યાન ધરી સત્ય શોધશો તેમ તેમ તમે સત્ય જૈનો અને અપેક્ષાએ જિનેશ બનશો.

'દેહસ્થ સર્વ આત્માઓને ચાહો અને તેઓનું યથાશક્તિ ભલું કરો. ભિન્ન ભિન્ન ધર્મવાળા મનુષ્યો અને તેઓની પરસ્પર વિરુદ્ધ ધર્મક્રિયાઓમાં સાપેક્ષ દૃષ્ટિએ સત્ય દેખવા પ્રયત્ન કરો અને જે અસત્ય લાગે તેનો કદાગ્રહ ન કરો. અમુક ધર્મપુસ્તક પ્રાચીન છે અને તેથી તે સત્ય છે, બાકીનાં અસત્ય છે એવો મિથ્યા રાગ ન ધરો.

'સર્વ વિશ્વમાં આત્મા સદા પવિત્ર છે. તેનું જ્ઞાન કરો એટલે મિથ્યા દૃષ્ટિઓનો નાશ થશે. પોતાનો ધર્મ, સંપ્રદાય વધારવા માટે ભિન્ન ધર્મ કે સંપ્રદાયવાળાને અન્યાય ન કરો, તેઓ પર જુલ્મ ન ગુજારો તથા તેઓ પર સત્તાનો દાબ બેસાડી તેઓને ગુલામ ન બનાવો; એવો મારો પ્રકાશિત જૈન ધર્મ છે. જૈન ધર્મનો મુખ્ય ઉદ્દેશ સર્વ જીવોને સત્ય, દયા, પ્રેમ, જ્ઞાન અને સાચો આનંદ પ્રાપ્ત કરાવવાનો છે. ધર્મના નામે કોઈ જીવનો નાશ કરવો તે ધર્મ નથી. જે લોકો અસત્ય ધર્મને આરાધતા હોય તોપણ તેઓ પર આત્મભાવ વધારો, પણ દ્વેષભાવ ન રાખો. સર્વ જીવો અસત્ય ધર્મમાંથી અનુક્રમે નીકળી સત્ય ધર્મ તરફ વળે છે. જેમ જેમ મનુષ્ય અસત્ય અને સત્ય સમજે છે તેમ તેમ તે સત્ય તરફ વળે છે.

'આત્મા એ જ સત્ય છે, માટે પરસ્પર ભિન્ન એવા ધર્મ અને વિચારોથી પરસ્પરમાં ભેદભાવ ન કરો. એકબીજાનો નાશ કરવા માટે જે મોહ પ્રગટે તેને વારો. વિવેકથી અન્યોને સત્ય સમજાવવા પ્રયત્ન કરો. સમભાવી જૈનો અન્ય ધર્મીઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળનું સત્ય સમજાવી શકે છે.

'કોઈ પણ તીર્થંકર અપેક્ષા વિનાનું સત્ય છે એમ કહેતા નથી. પરસ્પર વિરોધી એવા સર્વ ધર્મ, દર્શન, મત અને પંથોમાં સાપેક્ષાએ અમુક અમુક સત્ય છે એમ સમભાવ–દૃષ્ટિ થતાં સમજાય છે એમ જે જાણે છે તે જૈનધર્મી છે. તેના હૃદયમાં પરસ્પર વિરોધી એવાં સર્વ ધર્મશાસ્ત્રોમાંથી જૈનધર્મરૂપ સત્ય સમજાય છે અને પરસ્પર વિરોધી મત કે પંથોમાં રહેલું સાપેક્ષિક સત્યરૂપ જૈન ધર્મ સમજાય છે. તેથી તે સર્વ પ્રકારના મત કે કદાગ્રહોથી મુક્ત થઈ જિન બને છે.

'જૈન ધર્મનું આવું વ્યાપક અને ઉદાર સ્વરૂપ છે, તેથી જૈન ધર્મ જાણીને તેને પાળતાં સર્વ જીવોની સાથે મૈત્રીભાવ પ્રવર્તે છે અને પરસ્પર વિરુદ્ધ ધર્મીઓમાં સાપેક્ષાએ જૈનત્વ અંશે અંશે અનુભવાય છે. માટે હે ભવ્ય ભક્તો! મારા ઉપદેશો એ જ જૈન ધર્મ છે એવું જાણો. ક્રિયાવિધિઓમાં અપેક્ષાએ સત્યતા દેખો. પોતે જે ધર્મક્રિયા કરો તે જ સાચી છે અને અન્ય ધર્મની ક્રિયા જૂઠી છે એવું વિચારો નહીં અને એવું વદો નહીં. એમ શ્રદ્ધા રાખનારા જૈનો સર્વ વિશ્વને તારવા સમર્થ બને છે.

'બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો અને ત્યાગીઓ સમભાવે વર્તીને ગમે તે ધર્મ, સંપ્રદાય, જાત કે પંથમાં રહી આત્માની શુદ્ધતા કરી શકે છે. જે તત્ત્વનો હૃદયમાં અનુભવ ન થાય તે માટે ધ્યાન ધરો, પરંતુ અપરોક્ષદશામાં તત્ત્વોનું જ્ઞાન ન છતાં પરસ્પર વાદવિવાદ કે કદાગ્રહ ન કરો.

'જેટલું તમોને સત્ય અનુભવાય તેટલું અનુભવો અને જેનો અનુભવ ન થાય તે માટે મૌન રહો, પણ મિથ્યા વાદ ન કરો. એ જ જૈનધર્મીઓનું સાપેક્ષિક જૈન ધર્મનું મંતવ્ય છે. એવા ઉદાર અને વ્યાપક જૈન ધર્મનો સર્વ વિશ્વમાં પ્રચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાથી સર્વ વિશ્વમાં સત્ય, શાંતિ, સુખ અને ન્યાયનો પ્રચાર થવાનો છે અને અજ્ઞાન તેમ જ મોહમાં ડૂબેલી દુનિયાનો ઉદ્ધાર થવાનો છે. પ્રાચીન રૂઢિઓમાંથી સત્ય ગ્રહો. અમુક મત, દર્શન કે પંથ સત્ય છે, તેનો જ વિશ્વમાં પ્રચાર થવો જોઈએ અને બાકીનાનો નાશ થવો જોઈએ, એવો મનમાં વિચાર ન કરો.

'જે જે મત, પંથ, દર્શન કે ધર્મમાં જે જે અંશે આચારમાં જીવતું સત્ય છે ત્યાં સુધી તે જીવે છે. પશ્ચાત્ તે પોતાની મેળે લય પામે છે. દુનિયામાં અમુક જ ધર્મ રહે અને બાકીના ન રહે એવું જ્યાં સુધી જીવોની સાથે કર્મ-પ્રકૃતિ છે ત્યાં સુધી બનતું નથી. માટે મારા ઉપદેશરૂપ જૈન ધર્મમાં વિશ્વાસ રાખી સત્યના માર્ગમાં આગળ વધો એટલે આપોઆપ તમે સત્યને સ્વીકારશો અને અસત્યનો ત્યાગ કરશો. તે પ્રમાણે અન્ય લોકો પ્રવર્ત્યા અને પ્રવર્તશે એવું અનુભવવા મધ્યસ્થ જૈન બનો. મધ્યસ્થ જૈનો મારા માર્ગમાં સત્ય પ્રકાશ દેખે છે, પરંતુ તેઓના જેટલું અન્ય લોકો સત્ય દેખવા સમર્થ થતા નથી. વિશ્વના સર્વ લોકોને એવો સત્ય જૈન ધર્મ જણાવો અને અનેક પ્રકારની મિથ્યા દૃષ્ટિઓથી થતાં ધર્મ-યુદ્ધોને શમાવો. સર્વ લોકો પરસ્પર ભિન્ન એવા ધર્મ અને વિચાર-આચારવાળા હોવા છતાં મારામાં મન રાખી મને પામે છે.

'સ્વાત્માને જ્ઞાન, દર્શન અને ચારિત્રની શક્તિથી મહા-વીર જાણી મહાવીર બનો. તમે મહાવીર છો અને હું મહા-વીર છું. મારામાં અને તમારામાં ભેદ નથી. મારામાં છે તે તમારામાં છે અને તમારામાં છે તે મારામાં છે. મારું, તમારું અને વિશ્વનું સત્તાએ એકાત્મપણું છે. અનંત ગુણો તે મહા-વીરના પર્યાયો છે. દ્રવ્યની અપેક્ષાએ સત્તારૂપ મહાવીર અનાદિ-અનંત છે, પર્યાયપ્રવાહની અપેક્ષાએ પર્યાયરૂપ મહાવીર અનાદિ-અનંત છે અને સાદિ-સાંત પર્યાયોની અપેક્ષાએ પર્યાય-રૂપ મહાવીર સાદિ-સાંત હોવાની સાથે દ્રવ્ય અપેક્ષાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનાદિ-અનંત છે. સર્વ વિશ્વમાં બહિરંતર, ઉપર-નીચે મહાવીર પરબ્રહ્મને દેખો. તે જ મહા સત્ય છે. સર્વ પ્રકારનાં સત્યોનું પ્રકાશક તે સત્ય છે સર્વ જાતિના તેજનું તે તેજ છે. સર્વ શક્તિઓની તે શક્તિ છે. એવા મહાવીરને જેઓ માને છે તે ગમે તે ધર્મમાં કે ક્રિયાકાંડમાં વર્તતા હોય અગર ન વર્તતા હોય અને સમભાવદૃષ્ટિએ વિશ્વની સાથે સંબંધી હોય તે જૈનો અને જિનો છે અને તેમનું વિચાર-આચાર-પ્રવર્તન તે જૈનધર્મ છે—એમ જે જાણે છે તે જ મને અને જૈન ધર્મને જાણે છે અને તે જ મારા ભક્તો છે અને તેઓ જ મારા સ્વરૂપના જ્ઞાતા છે એમાં અંશમાત્ર સંશય નથી. મારા ભક્તો! તમે અધર્મી પર તિરસ્કાર ન કરો, પણ અધર્મ પર તિરસ્કાર કરો. પાપ ઉપર તિરસ્કાર કરો, પણ પાપી ઉપર તિરસ્કાર ન કરો. અસત્ય પર તિરસ્કાર કરો, પણ અસત્યવાદી પર તિરસ્કાર ન કરો. આગળની સમભાવની દશા પ્રગટતાં પુણ્ય-પાપ ઉપર પણ રાગદ્વેષ રહેશે નહીં.

'ગમે તેવા વિરુદ્ધ મિથ્યાધર્મીઓના આત્માઓ પર ગમે તેવા સંયોગો વિષે પણ પ્રેમ રાખો, પણ પ્રાણાંતે દ્વેષ ન રાખો; છતાં ગૃહસ્થદશામાં તેઓની દુષ્ટ વૃત્તિથી થયેલાં યુદ્ધો અને આક્રમણોને જીતવા સદા અપ્રમત્તપણે તૈયાર રહો અને તેઓને પોતાના જેવા બનાવો. તેઓના વૈરનો બદલો પ્રેમથી આપો. દોષો ઉપર પણ આત્માની ઉચ્ચ દશા થતાં દ્વેષ રહેતો નથી. દોષો અને દુર્ગુણો પર દ્વેષ કે અરુચિ ન રહે એવી સમભાવદશા થતાં આત્માની પૂર્ણ વિશુદ્ધિ થાય છે અને તેથી તેના સમાગમમાં આવનારા દોષી, દુર્ગુણી, વ્યસની કે અધર્મી મનુષ્યોની ઘણી વિશુદ્ધિ કરી શકાય છે. તેથી જ 'વીતરાગીઓ સર્વ જીવોનું કલ્યાણ કરે છે' એવું મેં પ્રરૂપ્યું છે. વીતરાગ બનેલા આત્માઓ જિનો છે. તે પાપીઓ અને અજ્ઞાનીઓનો ઉદ્ધાર કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'કોઈપણ મનુષ્યને એકદમ બોધ દેવાથી અને પોતાનામાં દોષો છે, મોહ અને અજ્ઞાન છે એમ જાણવા છતાં તે એકદમ દોષોથી મુક્ત થઈ શકતો નથી. દુર્ગુણીઓ અને દોષીઓ પર ઘણો પ્રેમ રાખો અને તેઓને બહુ વહાલ ધરીને સુધારો.

'અનેક મનુષ્યો પોતાના દોષો જાણે છે અને એ દોષોને ટાળવા પ્રયત્ન કરે છે, છતાં પુનઃ પુનઃ પાછા પડે છે, તોપણ તેઓ પર પ્રેમ રાખો અને તેઓને ભય ન આપો. તેઓની સાથે આત્મવત્ ભાવ રાખો, એટલે તમારા જીવનની તેઓ પર ઘણી સારી અસર થશે.

'આત્મોન્નતિના વિકાસમાં કેટલાક કીડીવેગે વહે છે અને કેટલાક અશ્વવત વહે છે. તે સર્વને પ્રેમથી ચાહો અને તેઓના દોષો સામું ન જોતાં તેમને આશા, હિમ્મત, ઉત્સાહ અને પ્રેમ સમર્પો. એ જ જૈન ધર્મ છે અને એવી રીતે વર્તનારા જૈનો છે. મારા ભક્તોમાં દૃષ્ટિબિંદુઓના ભેદે પ્રથમાવસ્થામાં ધર્મોમાં ભેદો વર્તે છે, પણ જેમ જેમ તેઓ વિશાળ જ્ઞાન-દૃષ્ટિના પ્રકાશથી દેખે છે તેમ તેમ તેઓ એકમતવાળા બને છે. મારા ભક્તો અસંખ્ય યોગધર્મોનું રહસ્ય જાણે છે. તેથી તેઓ ધર્મભેદે મૂંઝાતા નથી. તેઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અનંત તેજવાળા આત્મમહાવીરનો સાક્ષાત્કાર કરે છે અને સ્થૂળમાં— કર્મપ્રકૃતિયોગે બનેલ દેહમાં રહેલ આત્મમહાવીરને દેહની સાથે અનુભવે છે.

'કોઈપણ ધર્મની ઉપયોગિતા કઈ દૃષ્ટિએ, કોના માટે અને કેવી પરિસ્થિતિમાં છે તે જાણો. કયા દેશમાં, કયા કાળમાં કેવા પ્રકારના લોકોને કેવો ધર્માચાર અનુકૂળ થઈ પડે છે તે ગુપ્ત તત્ત્વ જ્ઞાની મહાત્માઓ મારી કૃપાથી જાણી શકે છે. તેથી તેઓ દેશકાળાનુસારે અમુક લોકોને માટે અમુક ધર્મ કે વિચાર–આચાર પ્રગટાવે છે. પશ્ચાત્ ધર્માચાર અને ક્રિયા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાંડની ઉપયોગિતા અને તેને પ્રગટ થવાનું કારણ જાણવામાં નથી આવતું ત્યારે તેમાં મલિનતા, અશુદ્ધતા અને ગાડરિયા પ્રવાહની રૂઢિપ્રવૃત્તિની પરંપરા ચાલ્યા કરે છે. તેથી લોકો સત્ય આત્મજ્ઞાનથી અને ધર્મપ્રવૃત્તિથી વિમુખ બને છે. અજ્ઞાન અને મોહાદિકનું જોર વધવાથી વિશ્વમાં અશાંતિ, યુદ્ધ, કલેશ, દુઃખ, હિંસા, જૂઠ, વ્યભિચાર, ખૂન વગેરે પાપકર્મની પ્રવૃત્તિ વધી પડે છે અને લોકો ત્રાહિ ત્રાહિ પોકારે છે, ત્યારે આત્માઓ અનેક જ્ઞાનાદિ શક્તિઓનો પ્રકાશ કરી વિશ્વ, દેશ અને ખંડનો ઉદ્ધાર કરે છે. ઈશ્વરી અવતારોની મહત્તા અને ઉપયોગિતા તે કાળે અને તે દેશે સમ્યક્ સમજાય છે.

'ભવ્ય લોકો! તમે મારા પૂર્ણ સ્વરૂપમાં સર્વે ઈશ્વરી અવતારોની સત્તા સમાય છે એમ સાપેક્ષ જ્ઞાનદૃષ્ટિએ જાણો અને મારા પર પૂર્ણ શ્રદ્ધા–પ્રેમ રાખી વર્તો. મારા આ જગન્નાથ તરીકે પ્રસિદ્ધ તીર્થમાં એક આચારભાવથી વર્તો

'કલિયુગમાં છેવટે અહીં આવનારાઓનાં હૃદયમાં મારા ઉપદેશોની પ્રેરણા થશે. અહીં ભિન્ન ભિન્ન અને પરસ્પર વિરુદ્ધ ધર્મવાળાઓનું ઐકય ભવિષ્યમાં પુનઃ પ્રગટશે. મારા નામનો જાપ જપનારા અહીં એકવાર જાપ જપવાથી કરોડો વાર જાપ કરવાના ફળને પામશે. મારા વડે સ્પર્શાયેલાં ભૂમિ, નદી, સરોવર, પર્વત વગેરે દ્રવ્યતીર્થ તરીકે પ્રસિદ્ધ થશે અને એ તીર્થમાં સાધુ, ત્યાગી અને બ્રાહ્મણોને યથાયોગ્ય દાન દેનારાઓ મુક્ત થશે.'

એ પ્રમાણે પરબ્રહ્મ મહાવીર પ્રભુએ રાજાઓને અને લોકોને સદ્ધર્મનો ઉપદેશ આપ્યો. રાજાઓ અને ભક્ત લોકોએ પ્રભુ મહાવીરદેવને સેંકડો વાર વંદન–નમન કરી તેમનું શરણ સ્વીકાર્યું. પ્રભુ મહાવીરદેવે ત્યાંથી મગધ દેશમાં વિહાર કર્યો.

—o—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪. મૃત્યુ પછીનું જીવન

રાજગૃહીમાં શ્રેણિક રાજા રાજગાદીએ બેઠો હતો. તેની ચેલ્લણા નામની પટરાણી હતી. મગધદેશના બળદેવ ગ્રામમાં અગ્નિવૈશાખ નામનો તાપસ સરોવરકાંઠે મઠમાં રહેતો હતો. તે મૃત્યુ પામવાની તૈયારીમાં હતો. પ્રભુ મહાવીરદેવ તેની પાસે ગયા. ધર્મકેતુ કુલપતિએ પ્રભુની પાસે આવી વંદન કર્યું. પ્રભુ બેઠા ત્યાર બાદ કુલપતિ, તાપસો અને બ્રહ્મચારીઓ બેઠા.

અગ્નિવૈશાખને બોધ—મૃત્યુનું સ્વરૂપ :

અગ્નિવૈશાખે પ્રભુને બે હાથ જોડી, વંદન કરીને કહ્યું કે, 'હે પ્રભો! આપનાં દર્શન કરવાની મારી ઉત્કટ ઇચ્છા હતી. આપનાં દર્શન કર્યા બાદ શરીર છૂટે તો ઠીક એવી ઇચ્છા હતી તથા આપની પાસે મૃત્યુનું સ્વરૂપ જાણવાની ઇચ્છા થઈ હતી. સ્વપ્નમાં ઘણી વખત આપનાં દર્શન થતાં હતાં. મારી એકસો પચીસ વર્ષની ઉંમર થઈ છે. હવે દેહત્યાગ કરવાનો સમય આવ્યો છે. શરીરમાંથી પ્રાણ છૂટે ત્યારે આત્મા કઈ ગતિમાં ગયો તે શી રીતે જાણી શકાય તેનો પ્રકાશ કરશો.

'સર્વ જાતિના ઋષિ-મુનિઓએ પ્રકાશ્યું છે કે આપ મહાવીર પરબ્રહ્મદેવ અવતર્યા છો. મને એવી શ્રદ્ધા પ્રગટી છે. આપનું શરણ મેં અંગીકાર કર્યું છે. મેં બાલ્યાવસ્થાથી અખંડ બ્રહ્મચર્ય પાળ્યું છે. અહિંસા, સત્ય, અસ્તેય, સંતોષથી જીવન ગાળ્યું છે. મારી પાસે રહેનાર આ બેઠેલાં મૃગોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ સત્ય અંગીકાર કર્યું છે અને તે પવિત્ર જિંદગી ગાળે છે. દ્વારિકાથી એકવાર બળદેવ અહીં આવ્યા હતા. તેમના નામથી આ ગામનું નામ બળદેવ પડ્યું છે.

'હે પરમાત્મન્! હવે મૃત્યુ અને મૃત્યુ બાદ થનારી ગતિ કે અવતારનું સ્વરૂપ પ્રકાશો. આપની કૃપાથી જાણું છું કે મારું શરીર એક પ્રહર સુધી ટકશે. કુલપતિ, તપસ્વીઓ, બ્રહ્મચારીઓ અને હરણાંઓને મારા પર અત્યંત પ્રેમ છે. તેઓ સર્વે મારા મૃત્યુના આગમનથી ઉદાસ બનેલાં છે. તેઓની ઉદાસીનતા ટાળો.' એ પ્રમાણે અગ્નિવૈશાખે પ્રભુ મહાવીરદેવને વિજ્ઞપ્તિ કરી.

પ્રભુએ કૃપા કરી અગ્નિવૈશાખને કહ્યું કે, 'હે ઋષિ! તારું જીવન પવિત્ર છે. તું મારા ધ્યાનથી મૃત્યુનું સ્વરૂપ જાણે છે. તને મૃત્યુ પર સમભાવ છે. તને હમણાં જ કેવળજ્ઞાન પ્રગટવાનું છે.'

પ્રભુએ મૃત્યુનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે, 'હે અગ્નિવૈશાખ! આત્માથી દેહ અને પ્રાણનો વિયોગ તે મૃત્યુ છે. આયુષ્યની સમાપ્તિ થતાં દેહ અને પ્રાણથી આત્મા મુક્ત થાય છે અને જો આત્માની સાથે સત્તારૂપ સંચિત કર્મનો સંબંધ હોય છે તો એ કર્માનુસારે તે અન્ય જન્મ ધારણ કરે છે. ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ પ્રકારનાં શરીર છે. તૈજસ કરતાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાર્મણ શરીર છે. પરભવ જતાં તૈજસ અને કાર્મણ બન્ને શરીર સાથે રહે છે. કાર્મણશરીરમાં પુણ્ય અને પાપનાં દલિકો રહે છે અને તે પ્રમાણે શુભાશુભ શરીર તેમ જ સુખદુઃખની પ્રાપ્તિ થાય છે. હે અગ્નિવૈશાખ! સિદ્ધ કે મુક્ત દશા થતાં પાંચે પ્રકારનાં શરીરમાંથી એકે શરીર રહેતું નથી. દિવસે કે રાત્રિએ મૃત્યુ થતાં મુક્તિની પ્રાપ્તિ થાય છે. સહુથી ઉત્તર શુદ્ધાત્મપદ છે. તેમાં જ્ઞાનોપયોગરૂપ સૂર્યનું ગમન હોય છે તો આત્મા મુક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બને છે. બાહ્યના ઉત્તરાયણના સૂર્યનો અર્થ ન લેતાં આધ્યાત્મિક ઉત્તરાયણના સૂર્યનો અર્થ ગ્રહણ કરવો.

'આત્માનું મોહ પ્રતિ ગમન તે દક્ષિણાયન છે. તે માર્ગમાં વહેતાં આત્મા મુક્ત થતો નથી. આત્માનું આત્મસ્વરૂપે થવું અને સર્વ કષાયો તેમ જ વાસનાથી મુક્ત થવું અને જ્ઞાનોપયોગરૂપ સૂર્યમાં રહેવું તે મુક્તિની નિશાની છે. વર્ષનાં સર્વ દિવસ અને રાત્રિઓમાં આત્મા શુદ્ધોપયોગે વર્તવાથી મુક્તિપદને પામે છે. આત્મા કેવળજ્ઞાનરૂપ સૂર્યને પામી મુક્ત, શુદ્ધ બને છે. મૃત્યુ વખતે બે શ્રુતરૂપ ચંદ્ર પામે છે તો તે દેવલોકમાં ગમન કરે છે. કેવળજ્ઞાન એ જ સૂર્ય છે અને શ્રુતજ્ઞાન એ જ ચંદ્ર છે.'

કર્મ પ્રમાણે ગતિ :

'આત્મા પુણ્યના ઉત્કર્ષથી દેવલોકોમાં જાય છે, અત્યંત પાપોદયથી નરકોમાં અવતરે છે તથા ધાર્મિક પ્રકૃતિથી પુણ્યપાપની મિશ્રતાએ મનુષ્યલોકમાં અવતરે છે. શુભાશુભ કર્મના સંબંધથી આત્માનું ચારે ગતિમાં અવતરવું થાય છે. અવિવેક, અભક્ષ્યભક્ષણ, અશુભ કષાયના યોગથી તે એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય પશુ, પંખી, જલચર વગેરેના અવતારો ધારણ કરે છે. અત્યંત અશુભ કર્મકષાયથી નરકગતિમાં અવતાર થાય છે. પ્રાણ અને દેહના ત્યાગ વખતે જેઓને કોઈપણ પ્રકારની શુભાશુભ વાસના રહેતી નથી તેઓ મુક્તિપદને પામે છે. મરતી વખતે દેહમાંથી પ્રાણ છૂટતાં દુઃખ થાય છે, છતાં જેઓ દેવલોકના અથવા મનુષ્યલોકના સુખની ઇચ્છા રાખતા નથી તથા કોઈ પર રાગ યા દ્વેષના પરિણામ ધરાવતા નથી અને વિશ્વ પર જેઓ સમભાવ ધારણ કરે છે તેઓ મુક્તિપદને પામે છે.

'જેઓ યુદ્ધમાં મૃત્યુ પામે તોપણ છેવટે સર્વ પ્રકારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આસક્તિ અને કષાયોથી મુક્ત થાય છે તેઓ કેવળજ્ઞાન પામી, દેહનો ત્યાગ કરી મુક્તિપદ પામે છે. ગમે તેવા શુભ નિમિત્તથી અથવા અગ્નિભક્ષણ, વિષભક્ષણ, ગિરિ–વૃક્ષપતનથી મૃત્યુ થાય તોપણ મૃત્યુ પહેલાં અંતર્મુહૂર્તમાં ઉત્કૃષ્ટ સમભાવ પરિણામ આવે છે તો મુક્તિપદની પ્રાપ્તિ થાય છે. સૂર્યગ્રહણ હોય, ચંદ્રગ્રહણ હોય, અશુભ યોગો હોય કે અશુભ જ્યોતિષી યોગો હોય તોપણ સર્વ વાસનારહિત થઈ આત્મોપયોગે મરતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ત્યારે આત્મા ધારણ કરેલા દેહનો ત્યાગ કરીને મુક્ત, સિદ્ધ, બુદ્ધ, મહાવીર બને છે. કોઈપણ પુરુષ અથવા સ્ત્રી મરતી વખતે મારામાં મન રાખે અને સર્વ પ્રકારની ઇચ્છા કે વાસનાનો ત્યાગ કરે તો તે બે ઘડીમાં કેવળજ્ઞાની બની મુક્તિપદને પામે છે, તેમાં જરામાત્ર શંકા નથી.'

ગમે તે અવસ્થામાં મુક્તિ :

'જ્ઞાની ગમે તે કર્મ કરવા છતાં ગૃહસ્થાવસ્થામાં અને ત્યાગાવસ્થામાં મુક્ત છે. તેથી મૃત્યુવખતે સર્વ વાસનાઓથી મુક્ત હોવાથી તે મુક્ત થાય છે. મરતી વખતે ભક્તજ્ઞાની પૂર્વભવના કર્મોદયને લીધે રોગથી પીડાય કે બૂમો પાડે, તોપણ તે આત્માથી નિર્લેપ હોવાથી મુક્તિપદને પામે છે. આત્મ-જ્ઞાની ત્યાગી કદાપિ વાત, પિત્ત અને કફના સન્નિપાતથી પીડાય અને તેથી ગમે તેમ મનથી લવે, તોપણ તે ઊંઘમાં બકનારની પેઠે જાણવું. તેથી કંઈ જ્ઞાનીના આત્માની અશુદ્ધિ થતી નથી. મનુષ્ય જે વિચાર કરીને ઊંઘે છે તે જ વિચારથી જાગે છે.

'જ્ઞાનાત્માનો સન્નિપાત કે ગાંડપણ પૂર્વે જે શુદ્ધ ભાવ હોય છે તે જ મર્યા પછી અન્ય ભવમાં કાયમ રહે છે. જ્ઞાની ગાંડો થતો નથી, પણ તેનું વર્તન ગાંડા જેવું અર્થાત્ અવ્યવસ્થિત હોય છે. જ્ઞાનીને મરણ નથી. જ્ઞાની મહાત્મા અમર છે. તે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસ્ત્રની પેઠે દેહનો ત્યાગ કરે છે. તે વ્યવહારથી વ્યવહારનાં કર્મો કરે છે, પરંતુ તેને પોતાનાં માનતો નથી તથા તેમાં રાગ કે દ્વેષભાવથી લેપાતો નથી. તેથી નિર્લેપ જ્ઞાનીને પુનર્જન્મ કે મરણ નથી. સુકાયેલ નાળિયેરના ગોળા જેવો જ્ઞાની હોય છે. જેમ સૂકેલું નાળિયેર ભાગતાં કાચલાં અને ગોળો જુદો પડે છે, તેમ જ્ઞાની મહાત્મા આયુષ્ય છતાં શરીર, પ્રાણ અને મનના મોહથી છૂટો પડીને નિર્મોહભાવે પ્રવર્તે છે. તેથી તે દેહથી છૂટો થતાં સ્વતંત્ર, મુક્ત, શુદ્ધ, બુદ્ધ, મહાવીરદેવ થાય છે.'

આત્માનું અમરપણું :

'દેહ છતાં જીવતાં જે મહાવીર છે તે દેહ અને પ્રાણનો વિયોગ થતાં પણ મહાવીર છે. આત્મા ત્રણે કાળમાં મરતો નથી, જે વિનાશ પામે છે તે આત્મા નથી—એમ ભક્તો અને જ્ઞાનીઓ જાણે છે. ભક્તો અને જ્ઞાનીઓ મૃત્યુકાળે આત્મામાં સ્થિર થાય છે તેથી તેઓને વિશ્વમાં રસ લાગતો નથી. મરણવખતે જ્ઞાનાત્માઓ સર્વ ધર્મશાસ્ત્રોની યાદી કરી શકતા નથી. તેઓ આત્મમહાવીરમાં લગની લગાડે છે. મૃત્યુના દુઃખથી પૂર્વના મનના અભ્યાસે તેઓ કદાચ બૂમો પાડે તો તેથી તેઓને નિર્બળ અને અસમાધિમરણવાળા નહિ જાણવા.

'મૃત્યુવખતે ભક્તજ્ઞાની ગભરાઈ જતો નથી, કારણ કે તે જાણે છે કે આત્માની મુસાફરીમાં મરણથી આગળનો માર્ગ ખુલ્લો થાય છે એક દ્વાર પછી અન્ય દ્વારમાં પ્રવેશ થાય છે, તેમ મૃત્યુ થકી આ ભવમાં કરેલાં કર્મનું ફળ ભોગવવા અન્યાવતારનાં દ્વાર ઊઘડે છે અને તેથી આત્માની ઉન્નતિ થાય છે.'

રૂપાંતરતા :

'આત્માનું પર્યાય દૃષ્ટિએ રૂપાંતર થવું તે આત્માનું પર્યાયમૃત્યુ છે, અને એવું મૃત્યુ સમયે સમયે થયા કરે છે. મનનું અન્ય વર્ગણાઓના વિચારોની અપેક્ષાએ રૂપાંતર થવું તે મનોમૃત્યુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેહ–પ્રાણનું રૂપાંતર થવું તે દેહપ્રાણમૃત્યુ છે. શ્વાસોચ્છ્વાસે આયુષ્યકર્મની વર્ગણા ખરવાથી શ્વાસોચ્છ્વાસમૃત્યુ થયા કરે છે. ધર્મી પુરુષો અને સ્ત્રીઓ જેવા પોતાના વિચારોવાળાં હોય છે તેવા અવતાર(જન્મ)ને ધારણ કરે છે. પ્રાણ છોડવાની પૂર્વે કોઈને રાગદ્વેષનું નિમિત્ત હોય છે, પરંતુ મરતી વખતે જો મારું સ્મરણ અને ધ્યાન આવે છે અને સમભાવ પ્રગટે છે, તો કાચી બે ઘડીમાં તે અંતકૃત કેવળજ્ઞાની, સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે અને તેની અજ્ઞ મનુષ્યોને ખબર પણ પડતી નથી.

'જ્ઞાનીઓ, ભક્તો મૃત્યુકાળે આત્મામાં રહે છે. તેમનું મન કંઈ બકે અથવા કંઈ ગાંડાઈના ચાળા થાય તેથી તેઓની મુક્તિ થવામાં બાધા આવતી નથી. તેઓનું બકવું, ગાંડાઈના ચાળા ઇત્યાદિ તો શેષ ભોગ્ય પ્રારબ્ધકર્માધીન છે. તેથી મૃત્યુકાળે આત્મા પર પ્રારબ્ધકર્મની અસર થતી નથી. તેથી તેવી સ્થિતિમાં દેહ અને પ્રાણનો ત્યાગ કરીને જ્ઞાનીઓ મુક્ત થાય છે.

'મૃત્યુકાળે સર્વ શરીરમાંથી કે ગમે તે શરીરના સ્થાનથી આત્મા છૂટે તોપણ નિર્લેપ ભક્તજ્ઞાનીનો આત્મા મુક્તિ પામે છે. સર્વ શરીરમાંથી પ્રાણ છૂટે વા આંખ, મુખ, ગુદા વગેરે ગમે તે સ્થાન થકી પ્રાણ છૂટે, તોપણ તેથી જ્ઞાનાત્મા મુક્ત, શુદ્ધ, સ્વતંત્ર બને છે. જે સ્થાનોથી પ્રાણ છૂટે તે સ્થાનોથી આત્મા છૂટે એવો નિયમ નથી. મૃત્યુકાળે ઇન્દ્રિયો, પ્રાણ અને દેહથી આત્મા છૂટો થાય છે. મૃત્યુકાળે જ્ઞાનીના આત્માને સમભાવ હોય છે, તેથી તે મુક્ત બને છે. મૃત્યુકાળે જ્ઞાનીનો ઉપયોગ અંતરમાં હોય છે તેથી તે આંખથી ન દેખી શકે, ન બોલી શકે, ન સાંભળી શકે, તોપણ તે આત્મોપયોગી છે એમ જાણવું.'

જ્ઞાની કમલની પેઠે નિર્લેપ :

'જ્ઞાની કમળની પેઠે નિર્લેપ રહે છે, તેથી તે મૃત્યુકાળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગદ્વેષના વિચારોથી લેપાતો નથી. એક સરોવરમાં ઊંડું કમળ હોય છે અને એવામાં બસો હાથ પાણી ઉપર આવે છે, તો તે કમળ પણ તરત ઉપર આવે છે, તે પાણીમાં ડૂબી જતું નથી. તેમ મૃત્યુકાળે જ્ઞાની ભક્તાત્મામાં આત્મોપયોગની શક્તિ જાગ્રત થાય છે. તેથી તે સંસારની ઉપર તરી મુક્ત જ રહે છે અને દેહની સાથે રહેલી છેવટની કર્મપ્રકૃતિ પણ શુદ્ધાત્માથી જુદી પડે છે. ભક્તજ્ઞાની તપસ્વીને મૃત્યુકાળે યોદ્ધાની પેઠે જ્ઞાનાગ્નિ તાજી રહે છે તેથી તેને સંસારમાં બંધાવાનું થતું નથી. દગ્ધ બીજને વાવવાથી જેમ તે ઊગી નીકળતું નથી, તેમ જ્ઞાનીનો આત્મા સંસારમાં રહ્યા છતાં રાગદ્વેષના નાશથી દગ્ધ બીજ જેવો વર્તે છે. તેથી દેહપ્રાણના મૃત્યુ બાદ તેનો જન્મ થતો નથી. જ્ઞાની કે જીવન્મુક્ત મહાત્મા અવશિષ્ટ કર્મોને મૃત્યુકાળે સૂક્ષ્મ રીતે ભોગવી લે છે, તેથી તેને અન્ય જન્મ લેવાની જરૂર પડતી નથી.'

આસક્તિ એ બંધ અને નિરાસક્તિ એ અબંધ છે :

'લીલો ચીકણી માટીનો પીંડ (ગોળો) હોય છે. તેને ભીંત પર પછાડવામાં આવે છે તો તે ભીંત પર થોડાઘણા અંશે ચોંટી રહે છે, તેમ આસક્તિવાળા આત્માઓ સંસારમાં ચોંટી રહે છે. પરંતુ સૂકો ગોળો જેમ પછાડવાથી ભીંત પર ચોંટી રહેતો નથી, તેમ જ્ઞાની ભક્ત મહાત્માઓને પણ સંસારના કોઈ પણ પદાર્થ પર—પુત્ર, પુત્રી વગેરે સર્વ પર આસક્તિ હોતી નથી. તેથી તેઓ દેહપ્રાણના મૃત્યુ પછી વીતરાગી હોઈ જન્મ, જરા અને મરણના બંધનમાં આવી શકતા નથી. વાસનારહિતને જન્મ હોતો નથી.

મૃત્યુસમયના અધ્યવસાય :

'મૃત્યુ પૂર્વે બે ઘડી અથવા અંતર્મુહૂર્ત પહેલાં વાસના હોય છે, પણ જે ખાસ મારો ભક્ત અને જ્ઞાની હોય છે તે બે ઘડીમાં તો આત્માના ઉપયોગથી સર્વ પ્રકારની વાસનાનો ક્ષય કરી મુક્ત બને છે. તે દુઃખ સહીને તથા વાસનાનો ક્ષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીને બે ઘડીમાં નિર્વાણપદ પામે છે. મૃત્યુકાળે જ્ઞાની આત્મા અંતરમાં જે કંઈ ધ્યાન ધરે છે તે બાહ્ય લક્ષણોથી અજ્ઞાની લોકો જાણી શકતા નથી. મારા ભક્ત જ્ઞાની મહાત્માઓ ગમે તેવા મરણે મરે છે, તોપણ છેવટની ઘડીએ મારું શરણ અંગીકાર કરેલું હોવાથી નિર્વાણ અને મુક્તિપદને પામે છે. જેઓને સંસારમાં મારુંતારું કંઈ નથી તે દેહ છતાં પણ મુક્ત છે, અને દેહપ્રાણના વિયોગરૂપ મૃત્યુ છતાં પણ મુક્ત છે.

આત્મા અને જડની ભિન્નતા :

'આત્માને વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ નથી. પુદ્ગલ પ્રકૃતિમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે. શરીરાદિ સર્વે સાકાર પદાર્થો પુદ્ગલપર્યાયરૂપે છે. પુદ્ગલના સાકાર, સ્થૂલ કે સૂક્ષ્મ સર્વ વિશ્વમાં આત્માનું કંઈ નથી. પુદ્ગલપર્યાય અનિત્ય છે. પુદ્ગલપર્યાયરૂપ દેહમાં જ્ઞાનીઓને આત્મબુદ્ધિ થતી નથી. તેથી તેઓ મૃત્યુકાળે આકાશવત્ નિર્લેપ રહે છે. દ્રવ્ય મન પણ પુદ્ગલપર્યાય અર્થાત્ પ્રકૃતિ છે. તેમાં આત્માનું કંઈ પણ નથી. જે જે પદાર્થો આંખે દેખાય છે તે સર્વ જડ છે. પાંચ ઇંદ્રિયોના વિષયો જડ છે. તેમાં આત્માનું કશું કાંઈ નથી. આત્માનું મન નથી, વાણી નથી, કાયા નથી અને સર્વ જડ જગતના પર્યાય પણ નથી.

'આત્મા ત્રણે કાળમાં સત્‌રૂપ છે, જ્ઞાનરૂપ છે અને આનંદરૂપ છે. પુણ્ય અને પાપ બન્ને પુદ્ગલપર્યાયની પ્રકૃતિ છે તેમાં આત્માનો ધર્મ પણ નથી અને આત્માનો અધર્મ પણ નથી. પાંચ પ્રકારનાં શરીરો પણ પુદ્ગલપર્યાયપ્રકૃતિનાં બનેલાં છે. રાગદ્વેષયુક્ત બુદ્ધિ પણ આત્માની બુદ્ધિ નથી. આત્માના શુદ્ધ જ્ઞાનમાં રાગદ્વેષની પરિણતિની અશુદ્ધતા નથી. મન–વાણી–કાયાથી જે જે કરવામાં આવે છે તેમાં આત્માનું કશું કંઈ નથી. આત્મા તો જ્ઞાનાનંદરૂપ છે અને તે મન–વાણી–કાયાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યાપારથી ભિન્ન છે, એમ અગ્નિવૈશાખ ઋષિ ! તું જાણ અને આત્માના શુદ્ધોપયોગે વર્ત.

'જન્મથી પ્રારંભીને જે સર્વ દશ્ય પર્યાયોના સંબંધો થયા છે તે જ્ઞાનીને આત્માની શુદ્ધિમાં નિમિત્તપણે પરિણમે છે. તેથી તે મૃત્યુકાળે તો તેમાં અનંતગુણો નિર્લેપ રહે એ સ્વાભાવિક છે, અને તેથી તે આત્મોપયોગમાં પૂર્ણ શૂરો રહે એ પણ સ્વાભાવિક છે.'

મૃત્યુ—એક પ્રવેશદ્વાર :

'જ્ઞાનીઓ મૃત્યુને આ ભવ અને પરભવ વચ્ચેની એક બારી જેવું—એક પર્યાય જેવું ગણે છે. તેથી તેઓ મૃત્યુથી હર્ષ પણ પામતા નથી અને શોક પણ પામતા નથી, છતાં મૃત્યુને ઉપયોગી ગણે છે અને મૃત્યુકાળે તેઓ અત્યંત આત્મોપયોગી બને છે. મૃત્યુકાળે નાડીઓ વગેરેમાંની પ્રાણ નીકળવાથી મૃત્યુની વેદના થાય છે. તેથી શરીર-ઇન્દ્રિયની ક્ષીણતા થવાથી જ્ઞાનીઓનો ઉપયોગ તેઓ પોતે અનુભવી શકે છે. દેખનાર તો તેઓના શરીરમાં થતી પીડા, શ્વાસગતિની મંદતા અને શરીરની નિદ્રા જેવી ચેષ્ટાને વિલોકી શકે છે અને આવું જોઈને તેઓ બાહ્ય ચેષ્ટાઓમાં શુભાશુભ મૃત્યુનો ઉપચાર કરે છે, તેથી તેઓ જ્ઞાનીઓના આત્માઓની શુદ્ધ પરિણતિને દેખવા સમર્થ થતા નથી.

'જ્ઞાની ભક્તો સર્વ જડ પદાર્થોના આધારભૂત છતાં સર્વ જડ પદાર્થોથી નિર્લેપ એવા આકાશની પેઠે આત્માને દેખે છે અને તેવા ઉપયોગમાં છેવટે ઠરે છે. તેથી તેઓ શુદ્ધ, બુદ્ધ, મુક્ત બને છે. આકાશ ચારે તરફથી ઘેરાયેલું છે, તે સર્વ જડપુદ્ગલ વિશ્વનું આધારભૂત છે, છતાં તેને અન્ય જડ પુદ્ગલ વિશ્વનો ત્રણે કાળમાં લેપ લાગતો નથી. તેમ જ્ઞાની ભક્તાત્માને જડ પુદ્ગલ પદાર્થોના સંબંધમાં રહ્યા છતાં દેહનો વિયોગ થતાં કામાદિ વાસના અને કષાયોનો લેપ લાગતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી તેને પુનર્જન્મ નથી. તે પુનઃ અહીં આવતો નથી. જે જ્ઞાનીઓ શરીરમાં રહ્યા છતાં તેને ભાડાની કોટડી સમાન સમજે છે તે ભાડાની કોટડી પડી જતાં તેમાં મૂંઝાતા નથી. જેને શરીરમાં કોઈપણ પ્રકારની વાસના રહી નથી તે પુનઃ શરીરમાં અવતરતો નથી.'

નિર્મોહી આત્મા :

'આત્માને અને વિશ્વને સંબંધ કરાવનાર તો મનમાં પ્રગટતો મોહ છે. મનમાંથી મોહ દૂર કરતાં વિશ્વની સાથે નિર્લેપ ભાસકભાસ્યસંબંધ રહે છે. તેથી મૃત્યુકાળે નિર્મોહી આત્મા કોઈપણ પ્રકારે મૂંઝાતો નથી. રણમેદાનમાં ઝૂઝતા યોદ્ધા કરતાં મૃત્યુકાળે જીવન્મુક્ત આત્મજ્ઞાની અનંતગુણ ઉપયોગી બને છે. તેથી તેને ઘેરી લેવા મોહ સમર્થ થતો નથી. જીવન્મુક્ત જ્ઞાનીઓને મૃત્યુનું દુઃખ વેદાય છે, તેથી તેઓ છેલ્લા સમયનું દુઃખ વેદવા છતાં આત્માના સ્વરૂપમાં રહે છે અને મન-કાયાથી દુઃખ ભોગવી લે છે.'

મૃત્યુ—એક મહોત્સવ :

'જીવન્મુક્ત જ્ઞાનીઓને અવશેષ નિકાચિત અશાતા વેદનીય મૃત્યુટાણે ભોગવવું પડે છે. તેથી તે કાળે મૃત્યુને મહોત્સવરૂપ ગણે છે. દેહના વિયોગરૂપ મરણકાળે જ્ઞાનીઓ વધારે શૂરા બને છે. તેઓનું શૌર્ય આત્મામાં હોય છે તેથી તે વખતે એ મન-વાણી-કાયાદ્વારા બાહ્યમાં પ્રકાશિત થતું નથી. પરિણામે જ્ઞાનીઓની પાસે બેસનારા અજ્ઞ લોકો કંઈ તેનું રહસ્ય સમજી શકતા નથી.'

જ્યોતિનું જ્યોતિમાં મિલન :

આત્મા અનંત સિદ્ધોની અનંત જ્યોતિની સાથે જ્યોતિરૂપે મળે છે. તે જ આત્માની સર્વ મુક્તિમાંથી છેવટની મુક્તિ છે, અને જે આત્મારૂપ હું છું તેનું પણ તે જ પરમધામ છે. જ્યોતિના પુંજરૂપ આત્મા છે. તેના પર કોઈ જડ વિશ્વની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્તા ચાલતી નથી. આત્માને બંધનમાં લેવા અન્ય કોઈ શક્તિમાન નથી. આત્માને જડ પદાર્થો ઓળખી શકતા નથી. કોઈ પણ જડ પદાર્થથી આત્માને સુખ થયું નથી અને ભવિષ્યમાં કદાપિ થનાર નથી, છતાં મોહી જીવો તેમાં સુખની બુદ્ધિથી મૂંઝાય છે અને મૃત્યુકાળે જડ પદાર્થોમાં મમતા–અહંતાનો પરિણામ ધારણ કરીને તેમાં મૂંઝાઈ પાછા તે પદાર્થોના સંબંધમાં આવી જન્મ ધારણ કરે છે.'

જ્ઞાની અંતરથી ન્યારા :

'જ્ઞાની ભક્ત મહાત્માઓને મમતા–અહંતા રહેતી નથી. તેઓ પ્રારબ્ધકર્માનુસારે જડ પ્રકૃતિ અર્થાત્ માયાના ખેલમાં પાત્રભૂત બને છે, પણ અંતરથી ન્યારા રહી એ ખેલ ખેલે છે, અને જડ પ્રકૃતિ કે માયામાં આનંદનું બિંદુ પણે નહીં અનુભવતા હોવાથી તે જડમાં મૂંઝાતા નથી. જ્ઞાની ભક્ત લોકોને મૃત્યુ મહોત્સવ જેવું છે, કારણ કે તે મૃત્યુરૂપ પર્યાયની પેલી પાર ગમન કરી, સર્વથા મુક્ત થઈ અનંતાનંદમય બને છે.'

મૃત્યુનું ક્ષણિકપણું :

'મારા પર પૂર્ણ વિશ્વાસી મારા ભક્ત તપસ્વી, યોગી, મહાત્માઓને મૃત્યુ તો સ્વપ્ન કરતાં પણ અત્યંત ક્ષણિક લાગે છે. તેઓ આત્માને આત્મરૂપે દેખે છે અને જડને જડરૂપે દેખે છે. તેઓ આત્મામાં પરિણમે છે, તેથી તેઓ જડ મૃત્યુમાં સમભાવે તટસ્થબુદ્ધિએ વર્તે છે. તેઓ મૃત્યુના પર્યાયને દેખતા નથી. સર્વ દૃશ્ય પદાર્થોમાં અનાસક્ત હોવાથી તે વિશ્વમાં બંધાતા નથી. તેઓ પૂર્ણ બ્રહ્મરૂપ શુદ્ધાત્મમહાવીર થાય છે. મૃત્યુથી આત્મા નવીન પર્યાયોથી વિભૂષિત થાય છે. જે લોકોએ ઘણાં પુણ્યકર્મ કર્યાં હોય છે અને મૃત્યુકાળે પણ જે સકામભાવવાળા હોય છે તેઓ મૃત્યુ પામીને સ્વર્ગલોક કે વૈકુંઠમાં ઉત્પન્ન થાય છે. સકામભાવે પુણ્યકર્મો કર્યા બાદ અંતકાળે જો ભક્તોને નિષ્કામભાવ પ્રગટે છે, તો તેથી તેઓ પુણ્ય–પાપનો ક્ષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીને મુક્તિપદને પામે છે. ઘણાં પાપકર્મો કરનારાઓ પણ છેલ્લા જીવનમાં આત્મજ્ઞાન–દર્શન–ચારિત્રને પામી અને સર્વ પાપની સત્તાનો નાશ કરીને મુક્તિપદને પામે છે.'

જ્ઞાનીની મુક્તિ, અજ્ઞાનીનો સંસાર :

'આત્મજ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં સર્વ શુભાશુભ ઘાતી તથા અઘાતી કર્મોનો ક્ષય કરીને પરમાત્મા બને છે. તેથી જ્ઞાની મૃત્યુકાળે સર્વ કર્મથી રહિત થઈ મુક્ત થાય એમાં કશું આશ્ચર્ય નથી. જેઓ મારા પર શ્રદ્ધા–પ્રેમ ધારતા નથી અને પાપકર્મ જ કર્યા કરે છે તથા મૃત્યુકાળે પણ કુવાસનાઓથી ભરપૂર મલિન પરિણામી બને છે તે નરકગતિમાં અવતરે છે. જેઓ કામ અને આહાર સંજ્ઞાના અત્યંત તાબેદાર થાય છે. અને વિષયભોગમાં જ આસક્ત રહે છે તથા મૃત્યુકાળે આત્માનું સ્વરૂપ વિચારતા નથી તથા મારું શુદ્ધ સ્વરૂપ જાણતા નથી અને મૃત્યુકાલે પણ વિષયોની પ્રાર્થના કર્યા કરે છે તેઓ મરીને પશુપંખી વગેરે તિર્યંચયોનિને પામે છે. મારા ભક્તો મારા ધ્યાનથી મરણવખતે મારું નામ ઉચ્ચારવાથી મુક્તિપદને પામે છે.'

ચંદ્રલોક અને સૂર્યલોક :

'જે લોકો જડવાદને માને છે અને મૃત્યુકાળ પર્યંત પણ શુદ્ધાત્મમહાવીરનું સ્વરૂપ વિચારતા નથી, તે મરીને પાછા દુનિયામાં અવતરે છે. મરીને પુનઃ વિશ્વમાં અવતરવું તે ચંદ્ર–લોકનો માર્ગ છે. અને દેહનો ત્યાગ કર્યા પછી પુનઃ દુનિયામાં ન અવતરવું તે સૂર્યલોક અર્થાત્ કેવળજ્ઞાનરૂપ સૂર્યની પ્રાપ્તિનો ઉપાય છે સર્વ લોકો વસ્તુતઃ કેવળજ્ઞાન રૂપ સૂર્ય પ્રતિ ગમન કરવા ધારે છે, પણ તેઓને મોહ અનેક પ્રકારે રોકે છે.'

મોહનો નાશ :

'બાહ્ય સુખ, વિષયભોગ, કીર્તિ, પ્રતિષ્ઠા, અષ્ટ સિદ્ધિઓ, નવ નિધિઓ, ધર્મમોહ દર્શનમોહ, ચારિત્રમોહ, નામરૂપમોહ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રમોહ વગેરે અનેક રૂપ ધરીને મનમાં મોહ પ્રવેશ કરે છે. મારા જે સત્ય ભક્તો અને જ્ઞાનીઓ હોય છે તે મોહનાં અનેક રૂપોને ઓળખે છે અને તેથી તેઓ મોહના પરિણામનો નાશ કરે છે. તે સર્વ પ્રકારના કષાયોનો નાશ કરે છે. ચક્રવર્તી, ઇન્દ્ર વગેરેની પણ તેઓ ઇચ્છા કરતા નથી. તેથી મૃત્યુકાળે તેઓ શુદ્ધાત્મમહાવીરપદને પામે છે.'

જ્ઞાની-અજ્ઞાનીનો ભેદ :

'દુનિયાના અજ્ઞાની લોકોએ જે જે વસ્તુઓમાં શુભાશુભ બુદ્ધિ ધારણ કરી હોય છે ત્યાં જ્ઞાની ભક્તો શુભાશુભ પરિણામની બુદ્ધિને ધારણ કરતા નથી. તેઓને સર્વ વસ્તુઓમાં શુભાશુભત્વ રહેતું નથી. તેથી તેઓ દેહ-પ્રાણ ત્યજતી વેળાએ શુભાશુભ બુદ્ધિથી રહિત થઈ, આત્મામાં મન રાખીને દુનિયાનો ત્યાગ કરે છે, દુનિયાને ભૂલે છે. તેથી તેઓ દુનિયામાં શુભાશુભ જન્મ લેતા નથી. એવા જીવન્મુક્ત જ્ઞાનીઓને જીવવા અને મરવા પર સમભાવ વર્તે છે. તેથી તે મુક્ત જ છે.'

સમાધિમરણ :

જેઓ નિષ્કામભાવે સાધુસંતોને દાન આપે છે અને મારું ધ્યાન ધરે છે તેઓ છેવટે મરણકાળે આત્મોપયોગી થાય છે, અને મરણ બાદ શુદ્ધાત્મમહાવીરપદને પામે છે. જેઓ મારું શરણ અંગીકાર કરે છે તેઓનું સમાધિમરણ થાય છે. સમાધિમરણમાં રાગદ્વેષના વિકલ્પ-સંકલ્પો રહેતા નથી. સમાધિ-મરણમાં આત્માનો ઉપયોગ વર્તે છે અને મારામાં મન રહે છે.'

બાળ તથા પંડિત મરણ :

'મારા જ્ઞાની ભક્ત ગીતાર્થ ત્યાગીઓનું પંડિતમરણ જાણવું. સર્વ ધર્મશાસ્ત્રોનાં રહસ્યોને જેઓ જાણે છે અને મરણકાળે આત્માને ધર્મશાસ્ત્રના બોધ પ્રમાણે ભાવે છે તેઓનું પંડિત-મરણ જાણવું. જ્ઞાનીઓનું મરણ તે પંડિતમરણ છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજ્ઞાનીઓનું મરણ તે બાળમરણ છે. આત્માનો અનુભવ કરનારાઓ પંડિતમરણથી મરે છે. મિથ્યાબુદ્ધિવાળા અજ્ઞાનીઓ આત્માનું જ્ઞાન જાણી શકતા નથી, આત્માની શુદ્ધતાને ઓળખી શકતા નથી અને મરણવખતે મોહ–અજ્ઞાનના પરિણામથી મરે છે. તેથી તેઓનું બાળમરણ જાણવું. બાળમરણમાં મારું શરણ હોતું નથી. બાળમરણમાં ક્રોધાદિક કષાયોની પરિણતિ વર્તે છે. બાળમરણમાં આત્માનું અજ્ઞાન હોય છે. મારા પર શ્રદ્ધા–પ્રીતિવાળાઓનું સમાધિમરણ તથા પંડિતમરણ જાણવું. જડ વિષયોમાં જ એકાન્તે સુખ માનનારા અને મરતી વખતે વિષયનું ચિંતવન કરનારાઓનું બાળમરણ જાણવું. અનંતી વાર જીવો બાળમરણથી મરણ પામીને વારંવાર જન્મ–જરા–મૃત્યુના દુઃખને પામે છે. બાળમરણથી દુર્ગતિમાં જન્મો થાય છે. દેહથી આત્માને જેઓ ભિન્ન માને છે તેઓનું પંડિત–મરણ થાય છે. મરતી વખતે જો શુભ પરિણામ વર્તે તો શુભ મરણ જાણવું અને અશુભ પરિણામ વર્તે તો અશુભ મરણ જાણવું. મરતી વખતે સમભાવ વર્તે તો સમભાવમરણ અપેક્ષાથી જાણવું. શુભ મરણથી સ્વર્ગ અને મનુષ્યગતિમાં અવતાર થાય છે, અશુભ મરણથી નરકગતિમાં અને તિર્યંચગતિમાં અવતરવાનું થાય છે.'

શુદ્ધોપયોગે મુક્તિ :

'સર્વ પ્રકારની શુભાશુભ વાસનારહિત કેવલ શુદ્ધાત્મ-પરિણામમાં વર્તતો આત્મા દેહનો ત્યાગ કરે છે તો તે સિદ્ધ મહાવીરપદને પામે છે. મરતી વખતે જેઓ પોતાને સ્થૂલ–સૂક્ષ્મ શરીર, કર્મ, લેશ્યા અને મન થકી ભિન્ન જાણે છે અને આત્માના શુદ્ધોપયોગે વર્તે છે તેઓ ગમે તેવા આસને બેઠા હોય, ચત્તા પડી રહેલા હોય, તોપણ તેઓ મુક્ત શુદ્ધ મહા-વીર થાય છે. ગમે તેવા અપવિત્ર સ્થાનમાં પણ શુદ્ધોપયોગે દેહ છોડવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. રણમાં મરતો યોદ્ધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ આત્માના સન્મુખ થનીને સદ્ગતિને પામે છે. જેઓ નામરૂપની અને કીર્તિની વાસના તેમ જ વિષયસુખની વાસનાથી મરેલા છે, પરંતુ આત્મજ્ઞાનથી જીવેલા છે, તેઓ પુનઃ મૃત્યુને પામતા નથી. તેઓ તો અનંત જીવનથી જીવનારા હોય છે. જેઓ પોતાનો આદિ અને અંત દેખતા નથી તેઓને મૃત્યુ નથી. આત્મા નિત્ય છે. તેને મૃત્યુ નથી. તેને કોઈ શસ્ત્રાદિકથી નાશ કરવા સમર્થ નથી. પંચભૂતથી આત્માનો નાશ થતો નથી. આત્મા ત્રણે કાળમાં નિત્ય છે, એમ જે નિશ્ચયથી જાણે છે તે દેહ-પ્રાણના મૃત્યુને જાણે છે અને આત્માને અમર દેખી મહાવીરપદને પામે છે.

'જે આત્માને સર્વ પુદ્ગલસૃષ્ટિથી સ્વતંત્ર અનુભવે છે તેને મૃત્યુવખતે કોઈ પરતંત્ર કરવા શક્તિમાન થતું નથી. તેથી તે દેહ-પ્રાણનો ત્યાગ કરીને સર્વ પ્રકારના કર્મથી રહિત થઈ સ્વતંત્ર, શુદ્ધ, નિર્ભય બને છે. જે શુદ્ધાત્મપરિણતિએ વર્તે છે તેને મૃત્યુવખતે કર્મનો ભય રહેતો નથી. આત્માને અન્ય કોઈ ભય આપવા સમર્થ નથી. આત્માનો અન્ય કોઈ શત્રુ નથી—એવો જે મૃત્યુકાળે દૃઢ ઉપયોગ રાખે છે અને મારું સ્મરણ કરે છે તેનું નિર્ભય મૃત્યુ જાણવું. આત્મામાં પૂર્ણ સુખ છે એવા નિશ્ચયથી જે મરે છે તે આત્મસુખને પામે છે. આત્મા મરતો જ નથી પરંતુ દેહ મરે છે, હું મરતો નથી—એવો જેનો નિશ્ચય છે તેને અમર આત્મા જાણવો અને તેને દેહ-પ્રાણના નાશથી અમર જાણવો. જે આહારસંજ્ઞા આદિ સંજ્ઞામાં મૂંઝાતો નથી અને મૃત્યુવખતે સર્વ પુદ્ગલપર્યાયરૂપ સૃષ્ટિમાં સમભાવે વર્તે છે તે શુદ્ધ બ્રહ્મરૂપ શુદ્ધ મહાવીરપદને પામે છે. મારું સ્મરણ કરનારને મરણવખતે મોહમાયાની નડતર રહેતી નથી. મારું શરણ કરનારને છેવટે મરણવખતે પણ સદ્ગતિ થાય છે. એની દુર્ગતિ થતી નથી. મરણકાળનો સમય જાણી અત્યંત સાવધાન થવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'દુનિયાદારી ભૂલી જવી. સર્વ જાતના વ્યાવહારિક સંબંધોમાંથી મનને ખેંચીને આત્મામાં વાળવું. દુનિયાની કોઈ ચીજ પર મોહ ન ધરવો. સાંસારિક બાબતોથી મુક્ત થવું. પ્રભુના સ્વરૂપની વાર્તા શ્રવણ કરવી, પરંતુ અન્ય કોઈ વાત શ્રવણ ન કરવી તથા અન્ય કોઈને દેખવાની ઇચ્છા ન કરવી. મરણકાળ જાણી સર્વ જીવોની સાથે થયેલા વૈરવિરોધોને મન થકી ખમાવવા. જેઓને દુઃખી કર્યા હોય તેઓની સાથે ક્ષમાપના કરવી. સર્વ પ્રકારના ભયથી મુક્ત થવું. સર્વ પ્રકારના બાહ્ય સંગોમાં નિઃસંગ ઉપયોગ રાખવો. સર્વ પ્રકારની ગ્રંથિઓમાંથી મુક્ત થવું. દુનિયામાં મન ન જોડવું, પરંતુ આત્માની સાથે મનને જોડવું. ધન વગેરેનો વિવેકપુરસ્સર ઘટતો સદુપયોગ કરવો. જ્ઞાની મહાત્માઓને વિનંતિ કરી બોલાવી તેઓની પાસે શુદ્ધાત્મમહાવીરનું સ્વરૂપ શ્રવણ કરવું. સર્વ પ્રકારનાં પાપકર્મોનો પશ્ચાત્તાપ કરવો. 'અરે, હું કયાં જઈશ' એવા અશુભ શંકાશીલ વિચારોને દૂર કરવા. શુદ્ધાત્મ પરબ્રહ્મ મહાવીરમાં મનને જોડી દેવું. શરીરાદિનો અંતરથી ત્યાગ કરવો. આત્માને આત્મસ્વરૂપે ભાવવો.

'સત્ય વૈરાગ્યથી જડ વસ્તુઓની અનિત્યતા ભાવવી. કોઈપણ જડ વસ્તુમાં રાગ અને દ્વેષ ન ધારવો. વૈરીઓ પર વૈરભાવ ન રાખવો, પરંતુ આત્મભાવ ધારણ કરવો. હું ને મારું એવી મનોમોહવૃત્તિને દૂર કરવી અને આત્મામાં પૂર્ણ શ્રદ્ધાભાવ ધારણ કરવો. રણમાં યોદ્ધો જેમ શસ્ત્રના ઘાવોને સહન કરે છે તેમ પ્રાણ વગેરે છૂટતાં થનાર દુઃખને સહવું. મારું સ્મરણ અંતરમાં કર્યા કરવું, જેથી અંતે સમાધિમરણ થાય છે.

'હે અગ્નિવૈશાખ! આત્મા તું છે, આત્મામાં શુકલધ્યાને પરિણામ પામ. આત્મા અરૂપી છે. નિરંજન નિરાકાર અનંત જ્યોતિસ્વરૂપ તું છે, એવા શુદ્ધોપયોગે વર્ત. શુદ્ધ નિશ્ચયનયથી આત્મામાં આત્મા પરિણમે છે અને જડ દ્રવ્ય પોતાના જડ સ્વરૂપમાં પરિણમે છે. આત્મા અને પરમાત્મામાં ભેદ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મા તે જ પોતાના પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં પરિણમે છે ત્યારે તેને પરમાત્મા જાણવો. આત્માની બહાર અન્ય કશું કંઈ આનંદ કે જ્ઞાનતત્ત્વ નથી. વાદળથી સૂર્ય આચ્છાદિત થાય છે એમ જણાય છે, પરંતુ વસ્તુતઃ તે આચ્છાદિત થતો નથી. તેમ આત્મા પણ શુદ્ધ નિશ્ચયનયથી અબંધ, નિર્લેપ, અનંત જ્ઞાનરૂપ, જ્યોતિઃસ્વરૂપ છે. આત્માની બહાર જે જે ધર્મો દર્શાવ્યા છે તે સર્વે કલ્પિત, ઔપચારિક, અસદ્‌ભૂત છે, એમ શુદ્ધ નિશ્ચય શુદ્ધોપયોગે જાણ અને આત્મામાં અનંત રસથી પરિણામ પામ. આત્માનું શુદ્ધ પરિણામોપયોગે ગમનાગમન નથી. જે ગમનાગમન છે તે જડ પુદ્‌ગલપર્યાયરૂપ પ્રકૃતિનું છે. પુદ્‌ગલના ગમનાગમનનો આત્મામાં આરોપ ન કર. ત્રણે કાળમાં આત્મા નિત્ય છે. તેને કાળ ખાતો નથી. કાળ પણ આત્માધીન છે. આત્મા અકાળ છે. આત્માની આજ્ઞા પ્રમાણે કાળ વર્તે છે. કાળનું જ્ઞાન કરનાર આત્મા છે, પણ આત્માનું જ્ઞાન કરનાર કાળ નથી. કાળની ગતિનો માપક આત્મા છે. કાળ પણ વસ્તુતઃ દ્રવ્ય નથી, કાળ વસ્તુતઃ પદાર્થ નથી—એમ જાણી આત્માના સ્વરૂપમાં લયલીન બન.

'અનાદિકાળથી સર્વ જડ વસ્તુઓ ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. તેમાં આત્મા નથી. આત્મા વિના અન્યને ન દેખ. હું છું તે આત્મા છું. આત્મા સર્વ વીરોનો વીર મહાવીર પરબ્રહ્મ છે. તેના વિના અન્ય કશું કંઈ સારભૂત નથી. આત્માને આત્મ-દૃષ્ટિથી દેખ અને આત્મામાં પરિણામ પામ. મનમાં થતા સર્વ સંકલ્પવિકલ્પોનો ત્યાગ કર. આત્મામાં મન લગાડી દે અને આત્મામાં ભાવ મનને સમાવી દે.'

અગ્નિવૈશાખને કેવળજ્ઞાન :

એ પ્રમાણે પ્રભુ મહાવીરદેવે આત્મસમાધિનો ઉપદેશ દીધો. તે શ્રવણ કરીને અગ્નિવૈશાખ આત્મામાં લયલીન થઈ ગયો. મહા ઘોરમાં ઘોર નિદ્રામાં જેમ કોઈ પડે અને તેને બાહ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વનું ભાન ન રહે, તેમ અગ્નિવૈશાખનો આત્મા ધ્યાનારૂઢ થયો. તેને બાહ્ય ઇન્દ્રિયોનું ભાન જતું રહ્યું. તે આત્મોપયોગમાં સ્થિર થઈ ગયો. તે આત્મા વગર કશું દેખવા ન લાગ્યો. શરીરમાંના શ્વાસોચ્છ્વાસથી તેમનો આત્મા હજુ છે એમ અન્ય તપસ્વીઓ દેખવા લાગ્યા. ત્યાં સર્વ લોકોમાં મૌન છવાઈ રહ્યું. અગ્નિવૈશાખનો આત્મા સર્વ શુભાશુભ પરિણામથી રહિત એક શુદ્ધોપયોગ પરિણામે પરિણમ્યો. અંતર્મુહૂર્તમાં અગ્નિવૈશાખના આત્મામાં કેવળજ્ઞાન પ્રગટયું. તેનાં અવશિષ્ટ અઘાતી કર્મ ટળી ગયાં અને અસંખ્યપ્રદેશમય, અનંત જ્યોતિરૂપ, શુદ્ધાત્મા અને પરમાત્મરૂપ બનેલો તેનો આત્મા શરીરમાંથી છૂટયો. અસંખ્ય પ્રદેશમય અનંત જ્યોતિનો પ્રકાશતો પુંજ સિદ્ધસ્થાનમાં ગયો.

પ્રભુએ તપસ્વીઓને અને કુલપતિને કહ્યું કે, 'અગ્નિવૈશાખનો શુદ્ધાત્મા સર્વજ્ઞ, સિદ્ધ, બુદ્ધ, પરબ્રહ્મ, મહાવીર થયો.' તપસ્વીઓ અને કુલપતિ તેથી હર્ષ પામ્યા અને શોક પણ પામ્યા.

શોકવિનાશ :

પ્રભુએ દેહ અને નામનો શોક ન કરવો એવો ઉપદેશ દેતાં કુલપતિ અને તપસ્વીઓને કહ્યું કે, 'હવે તમે શોક ન કરો. અગ્નિવૈશાખ સિદ્ધ થયા છે. જ્યોતિમાં જ્યોતિરૂપે તેમનો આત્મા મળ્યો છે તેથી તમે આનંદ પામો. અશોચ્ય એવા આત્માનો શોક ન કરવો જોઈએ. અગ્નિવૈશાખના શરીરનો શોક કરવો ઉચિત નથી, કારણ કે શરીર તો નાશવંત અને જડ છે. શરીર કોઈની સાથે ગયું નથી અને જશે નહીં. અગ્નિવૈશાખના આત્માએ અનેક જન્મો ધરીને અનેક શરીરો લીધાં. તેમાંથી કોનો શોક કરવો અને કોનો શોક ન કરવો તેનો વિચાર કરો.

'અગ્નિવૈશાખનાં અનેક ભવોમાં અનંત નામો પડયાં. એક પણ નામ નિત્ય નથી. સર્વ પડેલાં નામો ક્ષણિક છે. તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે કોનો શોક કરવો જોઈએ ? અલબત્ત, કોઈનો શોક ન કરવો જોઈએ. વિશ્વમાં એકે એવો પરમાણુ નથી કે જેને આત્માએ શરીર આદિરૂપે ખપમાં ન લીધો હોય. અગ્નિવૈશાખનો આત્મા પરમાત્મા બન્યો તેથી તમે સર્વે મહાત્માઓ આનંદ પામો. સત્તાએ તમારો તથા અગ્નિવૈશાખ વગેરે સર્વનો આત્મા એક છે. તેથી સત્તાએ તમારા આત્મરૂપ તેમને દેખો એટલે તમારાથી અગ્નિવૈશાખ ઋષિ એકાત્મરૂપ અનુભવાશે અને શોકનું આવરણ તરત ટળશે.

'મનુષ્યશરીરથી અમર રહેવું' તે અમરપણું નથી. આત્માને અમર દેખો અને જડ શરીરને જડપણે દેખો. સર્વ વિશ્વને આત્મભાવે દેખો અને આત્મોપયોગી બનો. જડ દ્વારા મનમાં સમજાતું સુખ અને દુઃખ વસ્તુતઃ સત્ય નથી.

'હે કુલપતિ ! તમે તમારામાં પરમાત્મસ્વરૂપને દેખો. નામ અને રૂપની પેલી પાર આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. શુદ્ધાત્મસ્વરૂપમાં રાગાદિ કષાયો નથી, મનઃસૃષ્ટિનો વ્યાપાર નથી. હસવું, શોક કરવો, રડવું એ આત્માનો ધર્મ નથી. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો એ દશ ઇંદ્રિયોરૂપી દશ રથ છે. તે રથોમાં બેસી આત્માએ આત્મસ્વરૂપ પ્રતિ પ્રયાણ કરવું. ઇંદ્રિયો દ્વારા પરોપકાર કરવાની જરૂર છે. અનંત શરીરોને ગ્રહણ કરનાર અને તેઓનો ત્યાગ કરનાર આત્મા છે. સત્તાએ આત્મા પરબ્રહ્મ પૂર્ણ સર્વ શક્તિમાન છે. તે જ આત્મા આવરણોને ટાળી વ્યક્તિભાવે પૂર્ણ શક્તિમાન પ્રકાશક બને છે.

'હે તપસ્વીઓ ! તમો હવે કોનો શોક કરશો ? આત્મા અને દેહ બન્નેમાંથી એક પણ શોક કરવા લાયક નથી. દેહમાં રહ્યા છતાં દેહના મમત્વથી રહિત થાઓ. નિરાસક્તિથી સર્વ કર્તવ્યકર્મો કરો. જેઓ શુભાશુભ કલ્પનાથી વિશ્વમાં બંધાતા નથી તેઓને હર્ષ, શોક ક્રોધ, માન, માયા, લોભ વગેરે દોષો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેતા નથી. દેહાધ્યાસ નષ્ટ થતાં શરીર પર મમતા રહેતી નથી. શરીર પર થતો મોહભાવ દૂર કરો એટલે તમો પોતાનામાં પરમાત્મસ્વરૂપ અનુભવશો અને સર્વ પ્રકારના શોકથી રહિત થશો.

'દેવયાન, દેવોદાસ, સુદાસ કુત્સ વગેરેને પોતાના કુટુંબીઓ મૃત્યુ પામતાં ઘણો શોક થયો હતો. તે શોકનું શતદ્રુ ઋષિએ નિવારણ કર્યું હતું. શ્રી નેમિનાથ તીર્થંકરના શાસનમાં શંખ ઋષિ થયા. તેના શિષ્ય શતદ્રુએ દેવયાન વગેરેનો શોક દૂર કર્યો હતો.

'સગરના સાઠ હજાર પુત્રો એકી વખતે બળીને ભસ્મીભૂત થયા હતા. તેથી સગર ચક્રવર્તીને અત્યંત શોક થયો હતો. તેથી ઇન્દ્રે ઋષિનું રૂપ ધારણ કરી સગર ચક્રવર્તીને વૈરાગ્યનો બોધ આપ્યો અને આત્મજ્ઞાનનો બોધ આપી તેનો શોક દૂર કર્યો.

'શ્રી ઋષભદેવ ભગવાનની માતા મરુદેવાએ સમવસરણમાં કેવળજ્ઞાની થઈ દેહ છોડ્યો. તેથી ભરત રાજાને અપાર શોક થયો. ત્યારે પ્રભુ ઋષભદેવે ભરતને સંસારની અનિત્યતા સમજાવી અને આત્માની સાથે આત્માનું મિલન છે એમ જણાવ્યું. આત્મામાં જ સુખ છે, શોક વગેરે મનમાં પ્રગટતી મોહની પ્રકૃતિઓ છે, આત્માના અજ્ઞાનથી શોક થાય છે, ઇત્યાદિ બોધ આપી ભરત રાજાનો શોક ટાળ્યો.

'હે કુલપતિ અને તપસ્વીઓ ! આત્મજ્ઞાનદૃષ્ટિથી વિચારતાં શોક રહેતો નથી. જેની સાથે આત્મિક પ્રેમ છે તે વસ્તુતઃ તેના શરીર પર ધારેલાં વસ્ત્રો પર નથી. જે આત્માની સાથે પ્રેમ છે તે તેના દેહરૂપ વસ્ત્ર સાથે નથી. આત્મા પોતે દેહરૂપ વસ્ત્રને વારંવાર બદલ્યા કરે તેથી દેહરૂપ વસ્ત્રના અદલાબદલીથી શોક શા માટે કરવો જોઈએ ? જ્ઞાનીને શોક નથી, કારણ કે તે દેહને વસ્ત્રની પેઠે માને છે.

'હે તપસ્વીઓ તમે અગ્નિવૈશાખ ઋષિના દેહત્યાગથી જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શોક કરો છો તે કંઈ શરીરનો શોક કરતા નથી. તમારા આત્માની સાથે તેમના આત્માનું દેહદ્વારા મિલન હતું. તે મિલન ટળવાથી તમને તેમના આત્માના વિરહથી શોક પ્રગટે છે, પરંતુ તમો જો આત્મશુદ્ધિમાં આગળ વધો તો શુદ્ધ જ્ઞાન પ્રગટે અને તેથી તમે અગ્નિવૈશાખના આત્માને સાક્ષાત્ દેખી શકો તેમાં કશું આશ્ચર્ય નથી.

આત્મબોધ :

'આત્માને લઈને આત્મજ્ઞાનીઓ અન્ય મહાત્માઓ અને જીવો પર પ્રેમ રાખે છે. તે પ્રેમમાં રાગદ્વેષ હોતો નથી. જડ વસ્તુના વિષયભોગ માટે જે રાગદ્વેષ થાય છે, જડ વસ્તુ સંબંધી તથા નામરૂપના અધ્યાસે શાસ્ત્ર સંબંધે કે લોકવાસના સંબંધે જે રાગદ્વેષ થાય છે તે રાગદ્વેષથી ભિન્ન એવી આત્માઓ પર થનારી વિશુદ્ધ પ્રીતિ છે. વિશુદ્ધ પ્રીતિ એ જ આત્મરસ, આત્મરમણતા, આત્મરંગરૂપ છે. તમને આત્મપ્રીતિ છે. શરીરમાં જ્યાં સુધી આત્મા હોય છે ત્યાં સુધી એ શરીરદ્વારા આત્માને ચાહવામાં આત્મજ્ઞાનીની પ્રવૃત્તિ છે. શરીરના વર્ણાદિકમાં આત્મજ્ઞાનીઓ રાગ કરતા નથી, પણ શરીરમાં રહેલા આત્માઓ પર પ્રેમ કરે છે. તેથી આત્મજ્ઞાનીઓને રાગ કે મોહ નથી.

'હે તપસ્વી મહાત્માઓ! તમારો વિશુદ્ધ પ્રેમ છે, છતાં શરીર અને આત્માના વિયોગરૂપ મૃત્યુથી તમો આત્માના વિયોગે શોકાતુર ન બનો. જ્ઞાનીઓ આત્માઓને ચાહે છે. આત્માઓને ચાહવામાં નિર્લેપતા છે. જ્ઞાનીઓ દેહોમાં રહેલા આત્માઓને ચાહે છે, પણ તેઓના રૂપરંગમાં મોહ પામતા નથી. તેઓ દેહોથી નિત્ય સુખની પ્રાપ્તિ માનતા નથી. આત્માઓને ચાહનારાઓ દેહાદિકને સાધન માને છે, તેથી દેહોનો ત્યાગ કરતી વખતે પોતે મૂંઝાતા નથી અને અન્યોને મૃત્યુકાળે મૂંઝાવા દેતા નથી. જેઓ દેહને આત્મા માને છે તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજ્ઞાની છે. દેહને સુખાર્થે ભોગ્ય માનવું તે અજ્ઞાન અને મોહ છે. દેહને આત્મા માનવો તે અજ્ઞાન છે. દેહને માટે આત્માને ઉપયોગી માનવો તે અજ્ઞાન અને મોહ છે. દેહ અને મનથી આત્માને ભિન્ન ધારવો અને આત્મામાં જ સત્ય પ્રેમ ધારણ કરવો. આત્માનો દેહ બદલાતાં આત્માને ન ભૂલવો તે જ્ઞાન છે. આત્મામાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી. જડ પુદ્ગલમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમાં જ્યાં સુધી સુખબુદ્ધિ છે ત્યાં સુધી આત્મસુખનો અનુભવ કોઈને થતો નથી. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળું શરીર વગેરે જે જડ વિશ્વ છે તેમાં રાગ અને દ્વેષ થાય છે. જડથી ભિન્ન વિશુદ્ધ આત્માને દેખવામાં રાગ–દ્વેષ થતા નથી. જડનો આરોપ જ્યારે આત્મામાં થાય છે ત્યારે તે વખતે મોહ હોય છે. મોહથી જડ સાથે સંબંધ યુક્ત આત્મા પર રાગ-દ્વેષ થાય છે, પરંતુ જડથી ભિન્ન અને ગમે તેનો ગમે તે શરીરમ રહેલો આત્મા સત્તાએ નિર્મળ છે એમ ચિંતવતાં આત્મા પર રાગદ્વેષ થતો નથી.

'આત્માથી ભિન્ન જડ મન, વાણી, દેહ, કર્મ કે પ્રકૃતિના યોગે જ રાગદ્વેષરૂપ પ્રકૃતિનો પ્રાદુર્ભાવ થાય છે. આત્માઓને દેહોમાં રહ્યા છતાં આત્મભાવે દેખતાં રાગદ્વેષરૂપ પ્રકૃતિ રહેતી નથી. તેથી જ્ઞાનીઓ આત્મદૃષ્ટિથી જન્મ, મરણ, જરા, રાગ–દ્વેષ અને કર્મથી ભિન્ન એવા શુદ્ધ આત્માને દેખે છે. સૂર્યની દૃષ્ટિએ અંધકાર નથી તેમ આત્મદૃષ્ટિએ સર્વ લોકોની સાથે રાગ, દ્વેષ નથી કે જન્મ–મૃત્યુ નથી. આત્મદૃષ્ટિએ આત્મપ્રેમીઓને મળતાં અને તેઓના દેહોનો વિયોગ થતાં શોક નથી. આત્મદૃષ્ટિએ સર્વ પ્રકાશ છે, પણ અંધકાર નથી. રાગ–દ્વેષ એ જ અંધકાર છે. આત્મદૃષ્ટિ થતાંની સાથે કરોડો મનુષ્યો તથા કરોડો દેવોના સંબંધમાં રહેવા છતાં રાગદ્વેષરૂપ મોહાંધકાર રહેતો નથી.

'આત્મજ્ઞાની મહાત્માઓ અન્યાત્માઓને પોતાના આત્માથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભિન્નભાવે અનુભવે છે. તેથી તેઓ ઉપકારી સંબંધી જ્ઞાનીઓના આત્માઓને અનંતકાળપર્યંત એકસરખી રીતે આત્મવત્ દેખ્યા કરે છે અને આત્માનંદમાં મસ્ત રહે છે. જડ દેહ જડસ્વભાવે વર્ત્યા કરે છે અને આત્મા આત્મસ્વભાવે વર્ત્યા કરે છે. એ બેમાંથી એકેનો સર્વથા નાશ નથી. મૃતક શરીરના પરમાણુઓ વીખરાઈ જાય છે અને તે અન્ય જીવોના શરીરના કામમાં આવે છે. તમોએ હાલ જે શરીરો ધારણ કર્યાં છે તેના પરમાણુસ્કંધ પૂર્વે અનંત જીવોએ દેહાદિ અનેક આકાર ધારણ કરવા માટે વાપર્યા હતા અને ભવિષ્યમાં તમારા શરીરના જે પરમાણુઓ છે તે અનેક જીવોના શરીરરૂપે કે આહારાદિરૂપે પરિણમશે. તમોએ હાલ જે શરીરો ધારણ કર્યાં છે તે અનેક સૂક્ષ્મ જીવોના ભોગથી ધારણ કર્યાં છે. શરીરનો નાશ થાય છે, પણ શરીરોના અનંત પરમાણુઓ તો નિત્ય કાયમ રહે છે. પરમાણુઓના બનેલા સ્કંધોનો નાશ થાય છે, પણ પરમાણુઓનો નાશ થતો નથી —એમ સત્ય તત્ત્વજ્ઞાન જાણતાં અને અનુભવતાં અજ્ઞાન, શોક કે મોહ રહેતો નથી અને આત્માનંદરસનો નાશ થતો નથી.

' સમયે સમયે વિશ્વમાં ઉત્પાદ–વ્યય થયા કરે છે. પ્રતિક્ષણ વિશ્વ બદલાય છે. દ્રવ્યરૂપ આત્મા નિત્ય છે. આત્મામાં જ્ઞાનગુણ અને આનંદગુણ નિત્ય છે. અનાદિ અનંત વિશ્વનું જ્ઞાન કરનાર આત્મા છે. અનેક જન્મોનો પ્રકાશ કરનાર આત્મા છે. એવા આત્માને વસ્તુતઃ જડ દેહના વિયોગનો શોક કરવો ઘટતો નથી. શરીરને બદલ્યા વિના આત્મા કૃત શુભાશુભ કર્મના વિપાકને ભોગવી શકતો નથી. શુદ્ધ નિશ્ચયજ્ઞાનદૃષ્ટિથી આત્માને આત્માના આનંદરસનો ભોગ છે. આત્માના આનંદરસની આગળ પંચેન્દ્રિયના વિષયભોગનો આનંદ તો વસ્તુતઃ ભ્રાંતિરૂપ છે. આત્મા આનંદનો ભોગ લેવા માટે આત્માને ભૂલી જડ વિષયોમાં ભ્રાંતિથી ભમે છે, પણ જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જડ વિષયોમાં આનંદ નથી મળતો ત્યારે તે છેવટે થાકી, દુઃખી થઈને વિરામ પામે છે. આત્માનંદ પ્રાપ્ત થતાં તે જડ વિષયોમાં આનંદ નથી એમ સત્ય માને છે.

'આત્મામાં અનંત આનંદ છે. અનંત આનંદરૂપ આત્મા છે. એવો અનંત આનંદમય આત્મા જડ દેહનો ત્યાગ કરતાં ભય કે શોક પામતો નથી. જ્ઞાનીઓ પોતાના સાથી આત્માઓ જ્યારે દેહોનો ત્યાગ કરે છે ત્યારે હર્ષ કે શોક પામતા નથી. આત્મા પરમાનંદરૂપ છે, તો તેણે પોતાનો આનંદગુણ ત્યજીને દુઃખરૂપ ભ્રાંતિમાં ન પડવું જોઈએ. આત્મા પોતાના સ્વરૂપમાં શુદ્ધોપયોગે વર્તતો હોય ત્યારે તે દેહ છતાં મુક્ત ભગવાન છે. સર્વ કર્તવ્યકાર્યો કરવા છતાં તે સ્વતંત્ર, શુદ્ધ, બુદ્ધ, નિર્બંધ છે. અને દેહાતીત થતાં પણ તે શુદ્ધ, બુદ્ધ, મુક્ત, પ્રભુ છે. શરીરનો પડદો ટળવાથી આત્માની શુદ્ધિમાં વૃદ્ધિ થાય છે.

'આત્મામાં અનાદિકાળથી જ્ઞાન, આનંદ, સત્ છે. તે જ આવરણોના બસવાથી વ્યક્ત થાય છે એમ અપેક્ષાએ જાણો. જે આત્મામાં નથી તે ઉત્પન્ન થતું નથી. આત્માના જ્ઞાન અને આનંદનો તિરોભાવ અને આવિર્ભાવ તે કર્માવરણ અને તેના નાશની અપેક્ષાએ અનુક્રમે જાણો. નિષ્પ્રાણુતા એ મરણપર્યાય છે. તેનાથી નિત્ય આત્મા ન્યારો છે. જીવતાં મોહમાયાનું મરણ કરીને આત્મભાવે વર્તો અને અનંત આનંદમય બનો.

'તપસ્વીઓ! સર્વ પ્રકારના વિચારો કરનાર મન છે. વિચારથી બનેલું શરીર છે. શુભ વિચારનું ફળ શુભ શરીર છે અને અશુભ વિચારનું ફળ અશુભ શરીર છે. મનમાં પ્રગટતા શુભાશુભ વિચારનાં પરિણામ બંધ થતાંની સાથે નવાં શરીરો પ્રગટવાનું કાર્ય પણ બંધ થાય છે. સર્વ શરીરસૃષ્ટિનું સૂક્ષ્મ કારણ મન છે. સંસારમાં બંધ અને મોક્ષનું કારણ મન છે. સંસારાભિમુખ મન એ સંસારનું કારણ છે અને આત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહિર્મુખ મન એ મોક્ષનું કારણ છે. આત્મામાં મન રાખીને સાંસારિક કર્મો કરતાં કર્મનો લેપ લાગતો નથી. રાગદ્વેષ વિનાનું મન તે જ આત્મામાં રહેનાર મન છે અને એવું મન થતાં સદેહે આત્મા જીવન્મુક્ત બને છે. સર્વ પ્રકારની આસક્તિનો ત્યાગ એ જ તપ છે. દુષ્ટ વાસનાઓનો ત્યાગ કરવો તે તપ છે. આત્માના સ્વાભાવિક ગુણોનો આવિર્ભાવ કરવો એ તપ છે. અનેક દુષ્ટ પરિષહો આત્માની શુદ્ધતા કરવા માટે સહવા એ તપ છે. એવા તપને તપનારા અને સંયમને સાધનારા તપસ્વીઓ! તમો પૂર્ણાનંદ સ્વરૂપમાં લયલીન બનો. દેહપ્રાણના મૃત્યુને સ્વપ્નની પેઠે ભૂલીને સર્વત્ર આનંદમય બનો. શુભ ગતિમાં કે અશુભ ગતિમાં જનારાઓનું કલ્યાણ થાય, તેઓ સ્વતંત્ર અને મુક્ત બને—એવી આત્મિક ભાવના ભાવો.

'જે લોકો પોતાના સંબંધીઓનું સારું ઇચ્છે છે તેઓ ધર્મ સંબંધી પ્રેમી ભક્તો બને છે. સંસારી મનુષ્યો અન્ય ગતિમાં જતાં પોતાનાં સગાંઓનું દરરોજ આત્મશ્રદ્ધાથી મુક્તિપણું ઇચ્છે છે. મુક્તાત્માઓનું સ્મરણ કરવું, મુક્તાત્માઓનું ધ્યાન ધરવું અને તેઓની સાથે એક આનંદરસરૂપ થઈ જવું. સિદ્ધાત્માઓની સાથે લયલીન થતાં સિદ્ધાત્મપણું પ્રાપ્ત થાય છે. પૂર્ણાનંદત્વનો કદાપિ વિયોગ ન થવો એ સિદ્ધત્વ છે. આત્મામાં સિદ્ધત્વ છે. જડમાંથી સિદ્ધત્વ કંઈ આત્મામાં આવતું નથી. પૂર્ણ સિદ્ધત્વ એ જ પૂર્ણ આત્મિક સ્વતંત્રતા છે.

'હે તપસ્વીઓ! આત્મવિદ્ ભ્રાંતિથી પ્રગટેલા શોકસમુદ્રને તરી જાય છે. આત્મામાં સિદ્ધપણું—મુક્તપણું છે. આત્મામાં પરમૈશ્વરત્વ છે. સર્વ જડ પદાર્થોમાં નિઃસંગ રહેવારૂપ તપને તપનારા અને વિશ્વના લોકોનું કલ્યાણ કરનારા તપસ્વી મહાત્માઓ! તમો મારા પરમપ્રેમી ભક્ત બન્યા છો. તમો પરા ભક્તિને પામ્યા છો. હવે તમો શોકથી રહિત પૂર્ણાનંદમય થયા છો. હવે તમને આત્મજ્ઞાન પ્રગટ થયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'અગ્નિવૈશાખ ઋષિના પવિત્ર શરીરનો ચરમ સંસ્કાર કરો. તેના પર તેમની યાદગીરી માટે સ્તૂપ વગેરે કરાવો અને ત્યાં બેસીને તેમના આત્માનું સ્મરણ કરો. મઠમાં રહેનારા પવિત્ર મહાત્માઓનું ધ્યાન ધરો અને તેઓની સેવાભક્તિ કરો. મરણથી શોકાતુર બનેલા લોકોને બોધ આપો. હવે પછીથી દેહ અને પ્રાણના ત્યાગરૂપ મરણના કાંઠે આવેલાઓને જ્ઞાન-વૈરાગ્યનો બોધ આપીને તેઓને નિર્ભય, સ્વતંત્ર અને આનંદમય કરો.' એમ બોધ આપીને પરમેશ્વર મહાવીરદેવ મૌન રહ્યા.

કુલપતિ અને તપસ્વીઓએ પરમેશ્વર મહાવીરદેવને વંદન-નમન કરીને પ્રભુ મહાવીર પરમેશ્વરનું દ્રવ્ય અને ભાવથી શરણ અંગીકાર કર્યું અને મહર્ષિ અગ્નિવૈશાખના શરીરનો સંસ્કાર કર્યો તથા તેના ઉપર સ્મૃતિચિહ્ન તરીકે સ્તૂપ કરાવ્યો. પ્રભુ મહાવીરદેવ કેટલાક દિવસ ત્યાં રહ્યા. કુલપતિ અને તપસ્વીઓએ પ્રભુ પાસેથી અનેક પ્રકારનું તત્ત્વજ્ઞાન સંપાદન કર્યું.

'પ્રભુ મહાવીર પરમેશ્વરે સર્વ તપસ્વીઓને તથા બળદેવ ગામના લોકોને જૈન ધર્મનું સંપૂર્ણ રહસ્ય સમજાવ્યું. પૂર્વે તેઓ જૈનધર્મી હતા, પણ જૈન ધર્મનું તાત્ત્વિક જ્ઞાન તેમને નહોતું. હવે તેઓ સંપૂર્ણ શ્રુતજ્ઞાનના ધારક બન્યા. બળદેવ ગામના લોકોએ પ્રભુ મહાવીરદેવની ધ્યાનાવસ્થાની મૂર્તિ બનાવી અને તેની સામે મહાત્મા ઋષિ અગ્નિવૈશાખની મૂર્તિ બેસાડી. પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો. તે વખતે ગામના ચારે વર્ણના લોકોને ઘણો શોક થયો. બળદેવ ગામના લોકોની આંખોમાંથી અશ્રુ વહ્યાં. તપસ્વીઓ પણ શોક પામ્યા. પ્રભુએ ત્યાંથી ઉત્તર દિશા તરફ વિહાર કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫. આયુષ્યની સોપક્રમતા-નિરુપક્રમતા

પ્રભુ ગ્રામાનુગ્રામ વિચરતા અને લાખો કરોડો મનુષ્યોને ભક્ત બનાવતા કૌશાંબી નગરીની પૂર્વ દિશાએ આનંદ ઉદ્યાનમાં પધાર્યા. કૌશાંબી નગરીનો રાજા શતાનીક અને પ્રધાન સુગુપ્ત હતા. શતાનીક રાજાની રાણી મૃગાદેવી હતી અને સુગુપ્ત પ્રધાનની સ્ત્રી નંદા હતી. શતાનીક પાસે ઘણું સૈન્ય હતું અને તે યુદ્ધ-વિદ્યામાં ઘણો કુશળ હતો. ત્યાંના નગરશેઠનું નામ ધનવર્ધન હતું. શતાનીક રાજા વગેરેને પરમેશ્વર મહાવીરદેવના પધારવાની ખબર પડી. તેથી તેઓ પરમાત્મા મહાવીરદેવને વંદન કરવા ગયા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને વાંદ્યા પછી રાજા, પ્રધાન વગેરે સર્વ લોકો પરમેશ્વર મહાવીરદેવની પાસે બેઠા.

આયુષ્યના ઉપઘાતો :

પરમેશ્વર મહાવીરદેવને શતાનીક રાજાએ વંદન કરી, આજ્ઞા માગી પૂછ્યું કે, 'હે ભગવાન! સોપક્રમ આયુષ્યવાળા મનુષ્યોના આયુષ્યનો ઉપઘાત કયા કયા હેતુઓથી થાય છે તે કૃપા કરી ને સમજાવશો.'

પ્રભુએ શતાનીક રાજાને કહ્યું કે, 'હે ભક્ત શતાનીક! તું બરાબર ચિત્ત દઈને શ્રવણ કર. અત્યંત રાગથી મનુષ્યનું આયુષ્ય ઘટે છે. રામચંદ્રજી પર લક્ષ્મણનો અત્યંત રાગ હતો. એક મનુષ્યે રામચંદ્રજી પર લક્ષ્મણનો અત્યંત રાગ છે તેની પરીક્ષા કરવા વિચાર કર્યો. એક વખત લક્ષ્મણ એકાન્ત સ્થાનમાં બેઠા હતા ત્યારે તેણે લક્ષ્મણ પાસે આવીને લક્ષ્મણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વાસ બેસે એવી રીતે કહ્યું કે રામચંદ્રજી મૃત્યુ પામ્યા છે. લક્ષ્મણ આ વાત શ્રવણ કરીને તરત મૃત્યુ પામ્યા. રામચંદ્રજીએ લક્ષ્મણનું મૃત્યુ જાણ્યું ત્યારે અત્યંત ખેદ પામી તેમના શરીરનો સંસ્કાર કર્યો અને પછી પોતે ત્યાગી થયા.

પ્રશસ્ય અને અપ્રશસ્ય રાગ :

'હે શતાનીક ! બે પ્રકારનો રાગ છે : પ્રશસ્ય રાગ અને અપ્રશસ્ય રાગ. દેવ, ગુરુ, ધર્મ અને આત્મા પર જે રાગ થાય છે તે પ્રશસ્ય રાગ છે. પ્રશસ્ય ધર્મ્ય કર્મો કરવામાં અને ધર્મ્ય વિચારો કરવામાં જે રાગ છે તે પ્રશસ્ય રાગ છે. ધર્માર્થે, આત્મોન્નતિ માટે, દેવ-ગુરુ-ધર્માદિકની રક્ષા માટે જે રાગ થાય છે તે પ્રશસ્ય રાગ છે. આત્માઓ પર થતો રાગ તે પ્રેમ છે. આત્માને માટે જડ વસ્તુઓને સાપેક્ષ સાધન તરીકે માનીને જડ વસ્તુઓ પર અને ધર્મી મનુષ્યોના દેહો પર થતો રાગ તે પ્રશસ્ય રાગ છે. પરોપકારાર્થે થતો રાગ તે પ્રશસ્ય રાગ છે.

'અધર્મ્ય રાગ તે અપ્રશસ્ય રાગ છે. જડ વસ્તુઓ પર આસક્તિ થવી તે અપ્રશસ્ય કે અધર્મ્ય રાગ છે. આત્માઓ પર જે સ્નેહ પ્રગટે છે તે આત્મપ્રેમ છે. આત્મા અને આત્મા-શ્રિત દેહ પર થતો પ્રેમ તે પ્રશસ્ય આત્મપ્રેમ છે.'

કષાયોના આવેગથી આયુષ્યનો નાશ :

'અત્યંત કામાસક્તિથી આયુષ્યનો ઘાત થાય છે. અત્યંત કામરાગથી એકદમ આયુષ્યનો ધાંત થાય છે. એક સ્ત્રીના ઘેર એક અત્યંત સ્વરૂપવાન યોદ્ધો જળ પીવા ગયો. સ્ત્રીએ તેને જળ પાયું અને તે યોદ્ધાના મુખનું રૂપ એકીટસે જોવા લાગી. સ્ત્રીને અત્યંત કામરાગ ઉત્પન્ન થયો. પેલો યોદ્ધો દૂર ખસ્યો કે તે તેને નહીં જોવાથી મૃત્યુ પામી.

'અત્યંત કામરાગથી પુરુષો અને સ્ત્રીઓ પાગલ બની જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે અને આયુષ્યનો અકાળે નાશ કરે છે. અત્યંત કામરાગથી પુરુષો અને સ્ત્રીઓ દેહ અને વીર્યની રક્ષા કરી શકતાં નથી. અત્યંત મૈથુનથી આયુષ્યનો નાશ થાય છે. જડ વસ્તુઓની અત્યંત આસક્તિથી આયુષ્યનો નાશ થાય છે. આયુષ્યનાં દલિકો ઘણાં વર્ષ સુધી ભોગવવાનાં હોય, પરંતુ અત્યંત કામરાગના આઘાતથી તે અલ્પ કાળમાં વેદાય છે. અત્યંત કામાસક્તિથી શરીરમાં ક્ષય રોગ પ્રગટે છે. જે પદાર્થો પર રાગ પ્રગટે છે તે જ પદાર્થોના વિયોગથી અત્યંત શોક અને ચિંતા પ્રગટે છે. અત્યંત શોક અને ચિંતાથી આયુષ્યનાં દલિકોનો ઘાત થાય છે. સળગેલી ચિતાના સમાન ચિંતા શોકાગ્નિ છે. અત્યંત શોક અને ચિંતાથી શરીર બગડે છે, વીર્ય અને રક્તનો નાશ થાય છે, ગાંડપણ આવે છે અને આયુષ્યનો ક્ષય થાય છે. અત્યંત શોકથી બુદ્ધિમાં મંદતા આવે છે.

'અત્યંત ક્રોધથી હાથપગ ધ્રૂજે છે. ક્રોધના અત્યંત આવેશથી આયુષ્યનો એકદમ નાશ થાય છે. ક્રોધનો અત્યંત જુસ્સો પ્રગટ્યો હોય તે વખતે મગજની નસો પર આઘાત થાય છે અને આયુષ્યનાં દલિકો એકદમ વિશેષ ખરી જાય છે. ક્રોધના જુસ્સાથી શરીર ઊકળી જાય છે. ક્રોધના અત્યંત આવેશથી શરીરની તબિયત બગડે છે. ઝાડો પણ કોઈને સાફ ઊતરતો નથી, તેથી શારીરિક રોગો પ્રગટે છે. અત્યંત ક્રોધના આવેશથી હૃદય એકદમ ફાટી જાય છે અને ન કરવાનાં કાર્યો કરાતાં અન્ય લોકોને હાનિ પહોંચાડી શકાય છે. અત્યંત ક્રોધના આવેશ વખતે શાંતિનાં કાર્યો ન કરવાં તથા સ્ત્રીઓએ બાળકોને ન ધવરાવવાં. અત્યંત ક્રોધના આવેશથી દુગ્ધમાં વિષની અસર દાખલ થાય છે.

'અત્યંત અહંકારથી આયુષ્યનો જલદી નાશ થાય છે. અત્યંત અહંકારથી મન અને શરીરને હાનિ થાય છે. અત્યંત દ્વેષના જુસ્સાથી આયુષ્યનો અને શારીરિક બળનો નાશ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અત્યંત દ્વેષના જુસ્સાથી અકૃત્ય કર્મો કરાય છે અને તેથી પરંપરાએ આયુષ્યનો એકદમ નાશ થાય એવા પ્રસંગો ઊભા થાય છે. અત્યંત કપટકલાથી આયુષ્યનો અને આત્મબળનો નાશ થાય છે.

'અત્યંત લોભના પરિણામથી આયુષ્યની વર્ગણાઓનો નાશ થાય છે. અત્યંત લોભી મનુષ્યો ધન વગેરેના નાશથી એકદમ માથું કૂટી મરે છે. અત્યંત લોભીઓનું ધન વગેરે એકદમ ટળી જવાથી તેઓનું હૃદય ફાટી જાય છે. જો તેઓને એકદમ કરોડો રૂપિયા મળવાની વાત કહેવામાં આવે, તો તેથી તે ગાંડા થઈ જાય છે અગર મૃત્યુના દ્વાસ બને છે. યશના અત્યંત લોભીઓના યશનો નાશ થવાથી તેઓના આયુષ્યનો તરત નાશ થાય છે.

'સાત પ્રકારના અત્યંત ભયના તીવ્ર જુસ્સાથી ભયશીલ મનુષ્યો એકદમ આયુષ્યનો નાશ કરે છે. મૃત્યુની શંકા કરવાથી આયુષ્યકર્મનાં દલિકો જલદી ખરે છે. મૃત્યુના ખોટા ભયના આવેગથી આયુષ્યનો એકદમ નાશ થાય છે. માટે આત્માર્થી મનુષ્યો મૃત્યુના ભયનો વિચાર કરવા-કરાવવા તથા તેની અનુમોદનાથી દૂર રહે છે. કોઈને મૃત્યુનો ભય પમાડવાથી જીવો હિંસાના પાપકર્મથી લેપાય છે. જે અન્ય લોકોને ભય પમાડે છે તે પોતે ભય નામનું નામકર્મ બાંધે છે અને તેથી તે સર્વત્ર ભય પામે છે. મનુષ્ય અન્ય પ્રતિ જેવું કર્મ કરે છે તેવું પોતે કર્મફળ પામે છે. જેમ જેમ મનુષ્યો અત્યંત ક્રોધ, માન, માયા, લોભ, દ્વેષ, કામ અને ભયને ધારણ કરે છે, તેમ તેમ તે આયુષ્યના આપઘાતને પામે છે તથા સેંકડો વર્ષોના આયુષ્યને અલ્પકાળમાં ભોગવી લે છે. અત્યંત ભયથી મનુષ્યનું હૃદય ફાટી જાય છે. નિર્ભય મનુષ્યનું આયુષ્ય ઘટતું નથી. કોઈ મનુષ્ય કોઈ પર અસત્ય આળ દે, તો તેથી તે મનુષ્યનું આયુષ્ય એકદમ નષ્ટ થાય છે. આળ દેનાર મનુષ્ય હિંસક બને છે અને તે તેવું કર્મ બાંધી તેવા ફળને ભોગવે છે. બાળહત્યા, સ્ત્રીહત્યા, ઋષિહત્યા અને ગોહત્યા કરવાથી આયુષ્ય ઘટે છે. મનુષ્ય વગેરેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિંસા કરવાથી આયુષ્યનો નાશ થાય છે અને પાપકર્મનો બંધ થાય છે. ઘોર હિંસાથી એકદમ આયુષ્યનો નાશ થાય છે. જેઓ અન્ય લોકોના આયુષ્યનો નાશ કરે છે તેઓ અકાળે આયુનાશથી મરે છે.

'ઈર્ષ્યાના અત્યંત આવેશથી આયુષ્યનો ઘાત થાય છે. ઈર્ષ્યાના અત્યંત આવેશથી એકદમ હૃદય ફાટી જાય છે. જેના પર ધન, કીર્તિ અને પ્રતિષ્ઠાનો નાશ કરનાર એવા ભારે આરોપ, કલંક, આળ ચડાવવામાં આવે છે તેના આયુષ્યનો ઘાત થાય છે. કૃષ્ણ કેશ મટીને અત્યંત શોક અને ભયથી શ્વેત કેશ થઈ જાય છે.

'મિત્ર, પુત્ર, સ્ત્રી વગેરે સ્નેહી અને પ્રેમી લોકો તરફથી વિશ્વાસઘાત કે પ્રપંચકળા થાય છે, તો તેથી મનુષ્યના આયુષ્યનો ઘાત થાય છે. લક્ષ્મી, રાજ્ય વગેરેનો જો એકદમ નાશ થાય છે, તો તેથી હૃદયમાં અત્યંત ધ્રાસકો પડવાથી એકદમ મૃત્યુ થાય છે અગર આયુષ્યનાં દલિકો ઘણાં ખરી જાય છે.'

ગજસુકુમાલનું દૃષ્ટાન્ત :

'શત્રુઓને એકદમ દેખવાથી આયુષ્યનો ઉપઘાત થાય છે. શ્રીકૃષ્ણના લઘુભાઈ ગજસુકુમાળે શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. ઘણા સુકોમળ હોવાથી તે બાહ્ય ક્રિયાકાંડ કે તપ કરવા અસમર્થ હતા. તેમણે સ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાન ધરવા માંડયું. એવામાં ત્યાં તેમના સસરા સોમિલ બ્રાહ્મણ આવ્યા. પોતાની પુત્રીનો ત્યાગ કરીને ગજસુકુમાલ ત્યાગી થયા તેથી સોમિલના મનમાં ગુસ્સો પ્રગટ થયો. તેણે ગજસુકુમાલના મસ્તક પર ચીકણી માટીની પાળ બાંધી અને સ્મશાનમાંથી અંગારા લાવીને તે પર મૂકયા. ગજસુકુમાલે આત્મસ્વરૂપ ચિંતવ્યું કે 'અહો ! આત્મા અગ્નિથી બળતો નથી અને નાશ પામતો નથી. જે મસ્તક બળે છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મા નથી. જે હાડકાં બળે છે તે આત્મા નથી. આત્માથી દેહ ભિન્ન છે. તેના નાશથી મારા આત્માનો નાશ થતો નથી. ચાર ભૂતનું શરીર બન્યું છે અને ચાર ભૂતરૂપ પુદ્ગલપર્યાયમાં તે પાછું સમાઈ જાય છે. ચાર ભૂતથી આત્માનો નાશ થતો નથી, માટે શરીર પર નકામી મમતા રાખવાની જરૂર નથી. ગમે ત્યારે વહેલો મોડો શરીરનો નાશ થયા વિના રહેવાનો નથી. મારે શરીરની જરૂર નથી. તેથી તેનો સોમિલ બ્રાહ્મણ નાશ કરે તો ભલે કરે. સોમિલ બ્રાહ્મણ મારા આત્માનું અશુભ કરવાને સમર્થ નથી. સોમિલ બ્રાહ્મણ પર ક્રોધ કરવાની કંઈ જરૂર નથી. મારે જો શરીરનો બચાવ કરવો હોય તો કરી શકું તેમ છું, તેમાં સોમિલ બ્રાહ્મણનું કાંઈ ચાલી શકે તેમ નથી. મારે શરીર-રક્ષાની ઇચ્છા નથી. તો પશ્ચાત્ સોમિલ બ્રાહ્મણ તેના નાશ માટે તેની વૃત્તિ અનુસારે જે કંઈ કરે તેમાં મને રાગ વા દ્વેષ કરવાની જરૂર નથી.' એમ ભાવના ભાવતાં ગજસુકુમાલ શુકલ ધ્યાનને પામ્યા. તેમણે આત્મામાં મન સ્થિર કર્યું અને શુકલ ધ્યાનથી અનેક ભવનાં બાંધેલાં શુભાશુભ કર્મ ખેરવી દઈ વીતરાગ થયા અને કેવળજ્ઞાની થઈ, શરીર છાંડી મુક્તિપદને પામ્યા.

'દ્વારિકા નગરીમાંથી નીકળી શ્રીકૃષ્ણ ભાવથી નેમિનાથ તીર્થંકરને વાંદવા ગયા. તેમણે ગજસુકુમાલના સુખસમાચાર પૂછ્યા. નેમિનાથ પ્રભુએ કહ્યું કે ગજસુકુમાલ સ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા હતા અને સોમિલે શરીરનો નાશ કર્યો. છેવટે ગજસુકુમાલ અંતકૃત કેવળજ્ઞાની બની મુક્તિ પદને પામ્યા છે.

'અંતરાત્મા કૃષ્ણ શોકાતુર થયા. તે દ્વારિકા નગરીમાં આવતા હતા ત્યારે દ્વારિકા નગરીના દરવાજા પાસે સોમિલ બ્રાહ્મણ મળ્યો. કૃષ્ણ વાસુદેવને દેખતાં સોમિલના મનમાં ભયનો અત્યંત ત્રાસકો પડ્યો અને તેથી તેની છાતી ફાટી ગઈ. સોમિલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રાહ્મણના આયુષ્યનો તરત ઘાત થયો. વૈરી એકદમ વૈરથી મારી નાખશે એવો શ્વાસકો પડતાં આયુષ્યનો નાશ થાય છે.

'રાગનો અગર ભયનો મહા શ્વાસકો એકદમ પડે છે, તો તેથી આયુષ્યરૂપ જીવનદોરીનો તરત નાશ થાય છે. હદની બહાર અત્યંત મહેનત કરવાથી આયુષ્યનો નાશ થાય છે. શરીરમાં રહેલાં મર્મસ્થાનોમાં આઘાત થવાથી આયુષ્યનો નાશ થાય છે. મનમાં થતા રાગદ્વેષના આઘાતોથી આયુષ્યનો ઘાત થાય છે. તેવા આઘાતોને રોકવા માટે આત્મજ્ઞાન પ્રગટાવવું જોઈએ.'

આત્મજ્ઞાનીને કષાયરૂપ ઉપક્રમોનો અભાવ :

'આત્મજ્ઞાનના બળથી મન પર રાગદ્વેષની અસર થતી નથી. આત્મજ્ઞાનથી ભય, શોક વગેરેના આવેગો પ્રગટતા નથી. આત્મા જ્યારે સર્વ પ્રકારના શુભાશુભ ભાવને કલ્પિત અને મિથ્યા જાણે છે, ત્યારે રાગદ્વેષાદિકનું જે જે કારણોથી ઉત્થાન થાય છે તે તે હેતુઓને તે સમભાવે દેખે છે. આત્મજ્ઞાનીને રાગ અને દ્વેષની અસર થતી નથી. આત્મજ્ઞાની સ્વાધિકારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ધર્મનાં કર્તવ્યકર્મોને કરે છે, પણ અંતરથી તે નિર્લેપ રહે છે. તેથી તેના હૃદયને રાગ, દ્વેષ, શોક કે ભયના ઉપઘાતોની અસર થતી નથી. જ્યારે મનમાં શુભાશુભ કલ્પના પ્રગટતી નથી ત્યારે આયુષ્યકર્મનાં દલિકો નિયમસર ખરે છે. ઈશ્વરી અવતારો પોતાને જ્યાં સુધી શરીરમાં રહેવાની જરૂર હોય છે ત્યાં સુધી શરીરમાં રહે છે, પશ્ચાત્ શરીરનો ત્યાગ કરે છે. તેથી તેઓની જાણતમાં આયુષ્ય સંબંધી કાંઈપણ વિચાર કરવાનો રહેતો નથી.

'જેના મનમાં અત્યંત રાગદ્વેષના ઉછાળા પ્રગટે છે. તે વિશ્વમાં લાંબા કાળ સુધી જીવવાનું ધારે તોપણ તેનાથી જીવી શકાતું નથી. આયુષ્ય લાંબા કાળ સુધી ધારણ કરવાની જેઓની ઇચ્છા વર્તે છે તેઓ આત્મજ્ઞાનને પામે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામ, ક્રોધ, માન, માયા, લોભ, વૈર, કલેશ, ભય, શોક, ઈર્ષ્યા વગેરેના જુસ્સાને મનમાં પ્રગટવાનો અવકાશ આપતા નથી. તેથી તેઓ આયુષ્યકર્મનાં દલિકોને અનુક્રમે નિયમપૂર્વક ખેરવી શકે છે. મારા ભક્તો મનમાં કષાયોને પ્રકટવા દેતા નથી. જ્ઞાની ભક્તો જાણે છે કે આત્માને ભય નથી, ખેદ નથી, દ્વેષ વગેરે મોહની પ્રકૃતિઓ નથી. ભય અને શોક વગેરેના આવિર્ભાવનું કારણ અજ્ઞાન છે અને અજ્ઞાન તો તેઓને હોતું નથી. તેથી આત્મજ્ઞાનના બળવડે જ્ઞાનીઓ અને યોગીઓ જો આયુષ્ય પર ઘાત થવા ન દે તો લાંબા કાળ સુધી જીવી શકે છે અને વિશ્વના જીવો પર ઉપકાર કરી શકે છે.

'આત્મજ્ઞાનીઓને મરણ અને જીવન પર સમભાવ વર્તે છે. તેથી તેઓ પૂર્ણાનંદરૂપ પરમાત્માને પામે છે. શારીરિક આઘાતોથી આયુષ્ય ઘટે છે, તેના કરતાં માનસિક આઘાતોથી એકદમ આયુષ્યનો નાશ થાય છે. શરીર અને મનને ઘણો નિકટનો સંબંધ છે. તે જ રીતે મનને અને આત્માને પણ અત્યંત નિકટનો સંબંધ છે. શરીર અને આત્માને પણ ઘણો નિકટનો સંબંધ છે. કર્મો અને મનને ઘણો નિકટનો સંબંધ છે. મન પર ક્રોધાદિકના આવેશની અસર થતાં તરત કાયા અને કર્મ પર અસર થાય છે. કાયા પર અસર થતાં મન પર કોઈ પણ બાબતની તારના વેગ કરતાં પણ ઘણી જલદીથી અસર થાય છે. અજ્ઞ મનુષ્યોને ભય, શોકાદિકની ઘણી અસર થાય છે અને તેઓ ઉપક્રમપ્રયોગે શરીરને વહેલા ત્યજી દે છે.

'જેના મન પર કષાયોની અસર થતી નથી તેનું શરીર આરોગ્યવાળું રહે છે અને તે દીર્ઘકાળ સુધી જીવી શકે છે. હૃદયમાં જેઓને રાગ, દ્વેષ, ભય, શોકાદિકથી મહા શ્વાસકો પડતો નથી તેઓ આ ભવના અગર પૂર્વ ભવના બનેલા આત્મજ્ઞાનીઓ અને યોગીઓ છે શુભાશુભ વિચારોથી ક્રિયાઓમાં પ્રવર્તતા શુભાશુભ પરિણામોથી શરીરની અને આયુષ્યની ઉત્પત્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનાવરણીયાદિ કર્મોની સ્થિતિને લાંબી કરવી અગર ટૂંકી કરવી તે શુભાશુભ વિચાર પર આધાર રાખે છે. શુભ પરિણામી વિચારોથી અશુભ કર્મોને શુભ કર્મના રૂપમાં વર્તમાનકાળમાં ફેરવી શકાય છે. તે જ રીતે ભૂતકાલમાં બાંધેલાં શુભ કર્મોને અશુભ પરિણામના બળે અશુભ કર્મના રૂપમાં ફેરવી શકાય છે. આયુષ્યની બાબતમાં તેમ જાણ.

'શુભાશુભ પરિણામોને રોકતાંની સાથે શુભાશુભ આઠે પ્રકારનાં નવીન કર્મો પણ બંધાતાં નથી અને પૂર્વે જે શુભાશુભ કર્મો બાંધેલાં હોય છે તેનો પણ આત્મોપયોગથી ઉત્કૃષ્ટ દશાએ એક શ્વાસોચ્છ્વાસમાં નાશ થાય છે. જેઓ આત્મોપયોગથી વર્તે છે તેઓના આયુષ્યનો ક્રોધાદિકથી ઉપઘાત થતો નથી. મરણ સંબંધી શંકા કે ભયના વિચારોથી આયુષ્ય ઘટે છે.

'આત્મજ્ઞાનીઓ મરણ સંબંધી ભય અને શંકાના વિચાર સ્વપ્નમાં પણ કરતા નથી. તેથી તેઓ આયુષ્યનો નાશ કરી શકતા નથી. અત્યંત ક્રોધાદિક જે કષાયો છે તે આંતર ઉપઘાતો છે. આત્મજ્ઞાનીઓ ક્રોધાદિક કષાયોરૂપ ઉપક્રમોને આત્મજ્ઞાનના બળથી મનનાં પ્રગટવા દેતા નથી. આંતર ઉપક્રમોને નિવારવા તે પોતાના હાથમાં છે. દૈવી આઘાતોથી બચવું તે પુણ્ય પર આધાર રાખે છે. આંતર આઘાતો અને બાહ્ય આઘાતોથી જેઓ બચે છે તેઓ દીર્ઘકાળપર્યંત શરીરને ધારણ કરી શકે છે.'

શારીરિક આવેગોને રોકવાથી થતી હાનિ :

'મૂત્ર અને પુરીષ(ઝાડા)ને અત્યંત રોકવાથી અગર તેનું રોકાણ થવાથી આયુષ્યનો ઘાત થાય છે. શ્વાસોચ્છ્વાસના અત્યંત નિરોધથી આયુષ્યનો એકદમ ઘાત થાય છે. જેઓ ઝાડાપેશાબની હાજતને રોકે છે તેઓની આંખનું તેજ ઘટે છે, તેઓ જ્વરાદિ રોગોના ભોગ થઈ પડે છે અને અકાળે મરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પામે છે.

શ્વાસોચ્છવાસ અને પ્રાણોનો પણ નિરોધ ન કરવો. હઠયોગમાં પ્રાણનો બ્રહ્મરન્ધ્રમાં રોધ થાય છે. તેથી આયુષ્ય ઘટતું નથી. મર્મસ્થાનોમાં ઘા વગેરે લાગવાથી આયુષ્યનો નાશ થાય છે. માટે મર્મસ્થાનોનું જેમ બને તેમ રક્ષણ કરવું. મર્મ-સ્થાનોમાં આત્માના પ્રદેશો અને પ્રાણશક્તિ વિશેષ પ્રમાણમાં રહે છે. અત્યંત વાયુના પ્રકોપથી આયુષ્યનો ઉપઘાત થાય છે. મનુષ્યો જો પદ્માસનાદિ આસનોને કરે છે તો તેથી અત્યંત વાયુના પ્રકોપથી બચી જાય છે. અત્યંત વાયુનો પ્રકોપ કરનારી વસ્તુઓનું ભક્ષણ ન કરવું. શરીરને અત્યંત શીત લાગવાથી અને તેનો ઉપાય નહીં કરવાથી આયુષ્યનો નાશ થાય છે. અત્યંત શીતથી શરીરનું રક્ષણ કરવું. અતિ ઉષ્ણતાથી શરીર, પ્રાણ અને આયુષ્યનો નાશ થાય છે, તેથી અત્યંત ઉષ્ણતાથી શરીરનો બચાવ કરવો. અત્યંત ગરમી કરનારા પદાર્થોનું ભક્ષણ કરવું નહીં તેમ અત્યંત શીતનો પ્રકોપ કરનારા પદાર્થોનું પણ ભક્ષણ ન કરવું. અત્યંત પિત્તનો પ્રકોપ કરનારા પદાર્થોનું ભક્ષણ ન કરવું. અત્યંત પિતપ્રકોપથી આયુષ્યનો નાશ થાય છે તથા ઉન્મત્તપણું આવે છે. અત્યંત વાયુના પ્રકોપથી પણ ઉન્મત્તપણું પ્રગટે છે. તેથી હે શતાનીક ! તું સર્વ લોકોને આહારવિહારનું જ્ઞાન મળે એવો બંદોબસ્ત કર. અત્યંત કફના પ્રકોપથી આયુષ્ય, પ્રાણ અને શરીરનો નાશ થાય છે. કફ કરનારા પદાર્થોના આહારથી મુક્ત રહેવું. એના અત્યંત ઉદ્રેકથી પ્રાણનો રોધ થાય છે અને અત્યંત મૂંઝવણ થાય છે. આત્મ-જ્ઞાનીઓ વાયુ, પિત્ત અને કફ કરનારા પદાર્થોનું મા, બાપ કે ગુરુ પાસેથી જ્ઞાન મેળવે છે, જેથી તેઓ દીર્ઘકાલપર્યંત જીવવાની શક્તિને પામે છે. કસરત અને વિધિપૂર્વક પ્રાણાયામ કરીને દેહ અને વીર્યનું રક્ષણ કરવું તેમ જ બ્રહ્મચર્યથી યુક્ત રહેવું એ આયુષ્યની નિયમિતતાનો મુખ્ય ઉપાય છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આહાર-વિહારમાં અસંયમથી થતી હાનિ:

'અત્યંત આહાર કરવાથી અને અત્યંત વિહાર કરવાથી આયુષ્યનાં દલિકોનો એકદમ ઘણો વ્યય થાય છે. આહાર અને વિહારમાં નિયમિત રહેવાથી આયુષ્ય નિયમિત રહે છે.

'વિષભક્ષણથી આયુષ્યનો ઘાત થાય છે. વિષમય પદાર્થોનું જ્ઞાન કરવું. આહારમાં વિષપ્રયોગ ન થાય તે માટે સાવચેતીથી વર્તવું. સર્પાદિ વિષધર પ્રાણીઓના દંશથી આયુષ્યનો ઘાત થાય છે. સર્પાદિકથી સાવચેત રહેવું.

'વૃક્ષ પરથી પડવાથી આયુષ્યનો ઘાત થાય છે. ગિરિ-પતનથી આયુષ્યનો ઘાત થાય છે. ગુસ્સા (ક્રોધ) વગેરે કારણોથી જેઓ વૃક્ષ અગર પર્વત પર ચઢીને મરે છે તથા સમુદ્ર, નદી, સરોવર, કૂવા વગેરેમાં પડીને મરે છે તેઓ અકાળે આયુષ્યનો ઘાત કરે છે. જીભ કચરીને જેઓ મરે છે અથવા પેટમાં તલવાર કે કટારી મારીને જેઓ મરે છે તેઓ અકાળે આયુષ્યનો ઘાત કરે છે. જેઓ પ્રિયજનના મરણથી ચિતામાં કૂદી પડીને મરે છે તેઓ અકાળે આયુષ્યનો ઘાત કરે છે. પોતાના હાથે પ્રાણનો જાણી જોઈને નાશ કરવો તે અકાળ-મરણ છે. મહામારી જેવા રોગોથી અને દૈવી રોગોની વિકુર્વણાના યોગે તેવા રોગોના આક્રમણથી અકાળે મરણ થાય છે. વૈરી દેવો અને દેવીઓના શક્તિપ્રયોગથી આયુષ્યનો ઘાત થાય છે. મંત્રાદિ દુષ્ટ પ્રયોગથી આયુષ્યનો ઘાત થાય છે. રોગકારક હવા અને જળ જ્યાં હોય વા જ્યાં હવા અને જળ દૂષિત થયાં હોય ત્યાંથી દૂર રહેવું અગર તેના સામા ઔષધિ વગેરેના ઉપાયો લેવા.

'ન પચે એવો આહાર તથા અધિક માત્રાવાળો આહાર લેવાથી શરીરમાં રોગનો પ્રાદુર્ભાવ થાય છે. સ્વચ્છ હવા નહીં લેવાથી શરીરમાં રોગનો પ્રાદુર્ભાવ થાય છે. સૂકી હવા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વનસ્પતિના સમૂહમાંથી પ્રગટતી હવાથી શરીરનું આરોગ્ય સુધરે છે. મનુષ્યોના મુખમાંથી જ્યારે શ્વાસોચ્છ્વાસ નીકળે છે ત્યારે શ્વાસોચ્છ્વાસદ્વારા જંતુઓ પણ બહાર નીકળે છે. માટે મનુષ્યોની વસ્તી ન હોય અને ઉદ્યાન, જંગલ કે રણ હોય ત્યાંની હવા ગ્રહણ કરવી..

'ગાયનું, બકરીનું દૂધ રોગનિવારક છે. શરીરના આરોગ્ય-થી મનનું આરોગ્ય પ્રવર્તે છે. વજ્રઋષભનારાચ સંઘયણથી દીર્ઘકાલપર્યંત આયુષ્ય ટકે છે. ઔષધિ, પારદાદિના કલ્પથી શરીરનું યૌવન કાયમ રહે છે અને લાંબા કાળ સુધી આયુષ્ય ટકે છે. જે જે આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક આયુષ્યઘાતક હેતુઓ હોય તેથી ભવ્ય લોકોએ દૂર રહેવું. મનુષ્યશરીર વારંવાર મળતું નથી. દૃશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ પામીને અને શરીરનું આરોગ્યબળ સાચવીને આત્મ-ધર્મ પ્રગટાવવાની જરૂર છે. બાલ્યાવસ્થાથી મનુષ્ય બ્રહ્મચર્ય-પાલનથી વીર્યની રક્ષા કરીને ઊર્ધ્વરેતા બને, તો તેઓ દીર્ઘ-કાળપર્યંત શરીરને ધારણ કરી શકે છે. માતાપિતાનાં શરીર જેવાં સંતાનો શરીર બને છે. પોતાની સંતતિને દીર્ઘકાલીન આયુષ્ય સમર્પવું તે જ્ઞાની અને સમજદાર માબાપ અને ગુરુઓના હાથમાં છે.

'રાજ્યલક્ષ્મીના વારસા કરતાં વીર્યરક્ષાની કેળવણીના કર્મનો વારસો અનંતગુણો ઉત્તમ છે. શરીરમાં વીર્યનું સંરક્ષણ થવાથી યોગની સિદ્ધિ થાય છે. માબાપે પુત્રોનાં અને પુત્રીઓનાં શરીરનું આરોગ્ય વધે એવું શિક્ષણ આપવું તેમ જ તેમને આયુષ્યનો ઘાત થનારા હેતુઓનું શિક્ષણ પણ આપવું. આયુષ્યના ઘાતથી બચવાના ઉપાયોનું શિક્ષણ આચારમાં ઉતારવું અને એ પ્રમાણે પ્રવર્તવું તે જૈનધર્મ છે, અને એ પ્રમાણે પ્રવર્તનારા જૈનો છે. તેઓ દુનિયાદારીમાં અને ધર્મ-કર્મ કરવામાં બળવંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને વિઘ્નોને જીતનારા સત્ય જૈનો બને છે. શરીરની પુષ્ટિ સાત્ત્વિક આહારથી કરવી. આત્માની પૂર્ણ શુદ્ધતા કરવામાં શરીરની અત્યંત ઉપયોગિતા છે, એમ જાણી તેનો સદુપયોગ કરવો, પણ હે શતાનીક! 'શરીર તે જ આત્મા છે' એવો દેહાધ્યાસ ન રાખવો.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૬. કર્મનું સ્વરૂપ

શતાનીકે પૂછયું, 'હે પરમેશ્વર મહાવીરદેવ! આ જન્મનાં કરેલાં કર્મો આ જન્મમાં ભોગવાતાં હશે કે અન્ય જન્મોમાં? છેલ્લા જન્મમાં કેવળજ્ઞાન પામીને આત્મા પોતે પરમાત્મા બને છે, તો છેલ્લા ભવમાં પૂર્વના અનેક જન્મોનાં શુભાશુભ કર્મો હોય છે કે નથી હોતાં? અને જો હોય તો તે નિકાચિત કર્મો હોય છે કે અનિકાચિત કર્મો? નિકાચિત કર્મો શરીરદ્વારા ભોગવાય કે મનદ્વારા ભોગવાય? નિકાચિત કર્મોને ભોગવ્યા વિના તેનો નાશ થાય કે ન થાય? તેનો ખુલાસો કરશો.'

પરમેશ્વર પરબ્રહ્મ મહાવીરદેવે સ્વભક્ત શતાનીક રાજાને કહ્યું કે, 'હે શતાનીક! ચરમભવમાં અનેક જન્મનાં શુભાશુભ કર્મો હોય છે. તેમાં કેટલાંક ઘાતી કર્મો હોય છે અને કેટલાંક અઘાતી કર્મો હોય છે. ઘાતી અને અઘાતી બન્ને કર્મો નિકાચિત અને અનિકાચિત એમ બે પ્રકારનાં છે. (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) મોહનીય અને (૪) અંતરાય એ ચાર ઘાતી કર્મો છે. જે ગુણોનો કર્મો ઘાત કરે છે તે ઘાતી કર્મો છે અને જે ગુણોનો ઘાત કરતાં નથી તે અઘાતી કર્મો છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મો અઘાતી કર્મો છે. મનુષ્યજીવનના છેલ્લા સમય પર્યંત અઘાતી કર્મો ભોગવવાં પડે છે.

'જ્ઞાનાવરણીય કર્મના પાંચ ભેદ છે, દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે, વેદનીય કર્મના બે ભેદ છે, મોહનીય કર્મના અઠ્ઠા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીસ ભેદ છે, આયુષ્યકર્મના ચાર ભેદ છે, નામકર્મના એકસો ત્રણ ભેદ છે, ગોત્રકર્મના બે ભેદ છે અને અંતરાય-કર્મના પાંચ ભેદ છે. સર્વ મળીને આઠ કર્મની ઉત્તરપ્રકૃતિના એકસો અઠ્ઠાવન ભેદ છે. છેલ્લા જન્મમાં આઠે કર્મ હોય છે. જ્ઞાન અને ધ્યાનથી કર્મનો નાશ થાય છે. આત્માના ગુણ-પર્યાયનું સ્વરૂપ વિચારતાં આત્માની શુદ્ધિ થાય છે. છેલ્લા જન્મમાં ઘાતી કર્મ અને અઘાતી કર્મ ભોગવાય છે તથા ઘાતી અને અઘાતી કર્મનો નાશ થાય છે. કેટલાંક કર્મો શરીર દ્વારા ભોગવવાં પડે છે અને કેટલાંક કર્મો મનદ્વારા ભોગ-વવાં પડે છે. મન અને વાણી દ્વારા આત્મા કૃત શુભાશુભ કર્મોને ભોગવે છે.

'જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું નિકા-ચિત કર્મ છે. જ્ઞાન અને ધ્યાનથી જઘન્ય અને મધ્યમ એમ બે પ્રકારનાં નિકાચિત કર્મોનો ક્ષય થાય છે અને તે ભોગવવાં પડતાં નથી. ઘાતી કર્મના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ છે અને તેનો જ્ઞાન, ધ્યાન અને સમાધિના બળથી નાશ થાય છે. શુભ કર્મોથી શાતા વેદનીય પરિણામનો ભોગ થાય છે, અને અશુભ કર્મોના ઉદયથી અશાતા, દુઃખપરિણતિ-નો ભોગ થાય છે.

'ઘાતી કર્મના નાશથી કેવળજ્ઞાન પ્રગટે છે. જ્ઞાનાવરણીય કર્મના નાશથી સર્વજ્ઞતા પ્રગટે છે. દર્શનાવરણીય કર્મના નાશથી અનંત દર્શન પ્રગટે છે. મોહનીય કર્મના નાશથી સંપૂર્ણ નિર્મોહતા—વીતરાગતા પ્રગટે છે. અંતરાય કર્મના નાશથી પાંચ પ્રકારની ક્ષાયિક લબ્ધિઓ પ્રગટે છે. વેદનીય કર્મના નાશથી આત્મા પોતાના સત્ય પૂર્ણાનંદનો અનુભવ કરે છે. આત્મા અનંત સુખનો ભોગ કરે છે તેમાં વેદનીય કર્મના નાશથી કોઈ પ્રકારની બાધા આવતી નથી. આયુષ્ય કર્મના નાશથી જન્મમૃત્યુની કેદમાંથી મુક્તપણું થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને આત્મા કાલાતીત બને છે. નામકર્મના નાશથી આત્માનું અરૂપીપણું પ્રગટ થાય છે અને પુદ્ગલ દ્રવ્યના રૂપીપણાની આત્મા પર અસર રહેતી નથી. ગોત્રકર્મના નાશથી ઉચ્ચ અને નીચપણું વેદાતું નથી અને તેથી આત્મા શુદ્ધતાને અનુભવે છે. નિકાચિત ઘાતી કર્મોને મનદ્વારા આત્મા વેદે છે. નિકાચિત કર્મોને કેંક જ્ઞાનીઓ ભોગવ્યા વિના સત્તામાંથી ઉખેડી નાખે છે. ઉત્કૃષ્ટપણે બાંધેલાં કેટલાંક નિકાચિત અઘાતી કર્મોનો શરીર તથા મનદ્વારા ભોગ થાય છે. વેદનીય કર્મનો શરીર દ્વારા મનથકી ભોગ થાય છે. નામકર્મની કેટલીક પ્રકૃતિઓનો મનદ્વારા ભોગ થાય છે અને કેટલીક શરીરાદિ રૂપે બને છે. ગોત્રકર્મનો મનદ્વારા સુખ-દુઃખરૂપ ફળથી ભોગ થાય છે.

' કેવળજ્ઞાન પ્રગટતાં ચાર અઘાતી કર્મ બાકી રહે છે. ક્ષેત્રપ્રકૃતિઓનો ક્ષેત્ર દ્વારા ભોગ થાય છે અને ગતિપ્રકૃતિનો ગતિદ્વારા ભોગ થાય છે. શરીર મારફત શુભાશુભ કર્મનો સુખ-દુઃખરૂપ પરિણતિથી ભોગ થાય છે. આત્મજ્ઞાન પ્રગટ્યા પછી પૂર્વનાં પ્રારબ્ધ કર્મોનો ભોગ ભોગવવો પડે છે અને તે ભોગથી સુખ-દુઃખરૂપ ફળનો રસ અનુભવ્યા બાદ તે કર્મો ખરી જાય છે. કાળાં વાદળ વરસ્યા બાદ જેમ પછીથી વીખરાઈ જાય છે અને સર્વથા ટળી જાય છે તેમ ઉદયમાં આવેલાં પુણ્યકર્મ અને પાપકર્મ પોતે મનદ્વારા સુખ-દુઃખરૂપ ફળનો રસ દેખાડીને પછીથી વીખરાઈ જાય છે.

' જીવન્મુક્ત દશામાં અઘાતી કર્મ ભોગવવાં બાકી રહે છે. વીતરાગદશા તે જ જીવન્મુક્તદશા છે. નિકાચિત અને અનિકાચિત બન્ને પ્રકારનાં ઘાતી કર્મોનો સમયે સમયે ગુણના આચ્છાદનરૂપ ભોગ થાય છે. અઘાતી કર્મોનો તીવ્ર દૃઢ ઉદય તે જ પ્રારબ્ધ છે. બન્ને પ્રકારનાં ઘાતી કર્મ અંતર્મુહૂર્તમાં ક્ષય પામે છે. કાચી બે ઘડીમાં ઘાતી કર્મનો ઉત્કૃષ્ટ ધ્યાનથી નાશ થાય છે. જ્ઞાન-ધ્યાન આગળ ઘાતી કર્મનું બિલકુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોર ચાલતું નથી. કોટિભવનાં ઘાતી કર્મોનો કાચી બે ઘડીમાં નાશ થાય છે. ઘાતીકર્મની કેટલીક પ્રકૃતિઓનો સ્વપ્નમાં દેખાતા દૃશ્યની પેઠે પ્રદેશોદય થાય છે. શરીરદ્વારા કર્મનો પ્રદેશોદય થતો નથી. મનથકી સૂક્ષ્મપણે પ્રદેશોદય અવ્યક્ત સ્વપ્નપરિણામની પેઠે કેટલીક પ્રકૃતિઓનો થાય છે. કેટલીક પ્રકૃતિઓ મનમાં કોઈ જાતનો શુભાશુભ પરિણામ ઉત્પન્ન કર્યા સિવાય રસહીન થઈને એકદમ નષ્ટ થઈ જાય છે.

'જેમ જેમ કર્મપ્રકૃતિઓ ટળે છે તેમ તેમ આત્માના ગુણો ખીલે છે. જે જે ગુણો પ્રકટે એટલે તે ઉપરથી જાણવું કે તે તે કર્મો ખર્યાં. આત્માની શ્રદ્ધા થાય એટલે સમજવું કે મિથ્યાત્વમોહનીય ટળ્યું કે ઉપશમ્યું. દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા એવી શુદ્ધ થાય કે પછીથી કદાપિ શંકા અથવા વિભ્રમ ન થાય, તો એવો નિશ્ચય થતાં સમજવું કે શુદ્ધ અને ક્ષાયિક સમ્યકત્વ પ્રગટયું. વેદનો વિકાર ન થાય એટલે વેદકર્મ ખર્યું એમ જાણવું. જે જે અંશે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે તે અંશે જ્ઞાનાવરણ ખર્યું એમ જાણવું. એમ સર્વ પ્રકારના ગુણોના આવિર્ભાવમાં વિવેકથી જાણ. મનમાં રાગદ્વેષ ન પ્રગટે એટલે વીતરાગ અર્હત્ દશા પ્રગટી એમ નિશ્ચયતઃ જાણ.

'આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં શુદ્ધ પરિણામના ઉપયોગથી પ્રવર્તે છે અને મનદ્વારા શુભાશુભ પ્રારબ્ધ કર્મ ભોગવે, પરંતુ તે વખતે શુભાશુભ પરિણામ ઉત્પન્ન ન થાય તથા શરીર-મન-કર્મમાં તટસ્થ સાક્ષીભાવ રહે એટલે જાણવું કે ગૃહસ્થાશ્રમમાં અગર ત્યાગાશ્રમમાં આત્મા પોતે પરમાત્મરૂપ મહાવીરદેવ બન્યો છે અને ઘાતીકર્મનો સર્વથા નાશ થયો છે, એમ શતાનીક રાજન્! જાણ. શુભાશુભ પરિણામ વિના આત્મસાક્ષીએ પ્રવર્તવું તે જીવન્મુક્ત પ્રભુ દશા છે.'

બંધ અને મોક્ષ :

પ્રભુ મહાવીરદેવે શતાનીકને કહ્યું કે, 'અષ્ટ પ્રકારનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મથી અલિપ્ત રહેવા માટે જ્ઞાન અને વૈરાગ્ય ધારણ કર. આત્મજ્ઞાનીઓની સેવાભક્તિ કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે. સાધુસંતોની સંગતિ કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે. જ્ઞાનીઓની નિંદા, હેલના, અપમાન કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે. મારા સદુપદેશો તરફ તિરસ્કાર, દ્વેષ, અસત્ય ખંડનની લાગણીથી પ્રવર્તતાં જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે. જે લોકો આત્માના સ્વરૂપનો વિચાર કરે છે તેઓ જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મનો નાશ કરે છે. જેઓ દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા ધારણ કરે છે અને પાપકર્મથી અલિપ્ત રહે છે તેઓ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મથી બંધાતા નથી. જેઓ શ્રુતજ્ઞાનની આશાતના કરે છે તેઓ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મથી બંધાય છે.

'જેઓ આત્મા, પુનર્જન્મ, કર્મ વગેરેનું ખંડન કરી નાસ્તિકપણું સ્વીકારે છે તેઓ જ્ઞાનાવરણીયાદિ અષ્ટ કર્મને બાંધે છે. પુણ્યકર્મ કરવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય છે. પુણ્યકર્મ સુવર્ણની બેડી સમાન છે અને પાપકર્મ લોહની બેડી સમાન છે. પુણ્યકર્મનો રસ શેરડીના રસ સમાન છે અને પાપકર્મનો રસ કડવા લીંબડાના રસ સમાન છે. પુણ્યકર્મ બાગ સમાન છે અને પાપકર્મ વિષ્ટાના કુંડ સમાન છે. પુણ્યકર્મથી શુભ સંયોગોની અને ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે અને અશુભ પાપકર્મથી દુઃખદાયક સંયોગોની અને અનિષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. પુણ્યકર્મથી શુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્ગલપર્યાયોની પ્રાપ્તિ થાય છે. પુણ્યકર્મથી સાંસારિક સર્વ જાતનું સુખ મળે છે અને પાપકર્મથી સર્વ પ્રકારનાં દુઃખની પ્રાપ્તિ થાય છે.

'દેવ–ગુરુ–ધર્મની સેવાભક્તિ કરવાથી અને દયા વગેરે પારમાર્થિક કાર્યો કરવાથી પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે અને કર્મોની નિર્જરા થાય છે સાધુઓને દાન દેવાથી પુણ્ય થાય છે. ચતુર્વિધ સંઘની સેવાભક્તિ કરવાથી પુણ્ય અને નિર્જરા થાય છે. જૈન ધર્મની સેવાભક્તિ કરવાથી પુણ્ય અને નિર્જરા થાય છે. ઋષિમુનિઓને દાન દેવાથી પુણ્ય અને નિર્જરા થાય છે.

'હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, વિશ્વાસઘાત, જુલ્મ, અન્યાય, પાખંડ વગેરે પાપકર્મો કરવાથી અશુભ કર્મનો બંધ થાય છે અને તેથી અશાતા(દુઃખ)નો ભોગ થાય છે.

'જ્ઞાનીને શુભ કર્મો કરતાં મોક્ષની ઇચ્છાએ નિર્જરા થાય છે. પૌદ્ગલિક સુખની ઇચ્છાથી શુભ કર્મો કરતાં પુણ્ય-બંધ થાય છે. પુણ્યબંધથી અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. જ્યાં સુધી શરીર છે અને વિશ્વના લોકોની સાથે ઉપગ્રહસંબંધ છે ત્યાં સુધી જીવન્મુક્તોને શુભ પારમાર્થિક કાર્યો કરવાનો અધિકાર છે. જ્ઞાનીઓ અને જીવન્મુક્તો શુભ કર્મો કરવાથી શુભ કર્મનો બંધ કરતા નથી, પરંતુ તેથી તેઓ અઘાતી પ્રારબ્ધકર્મોને વેદીને નિર્જરે છે.

'પુણ્ય કર્મ છાયા સમાન છે અને પાપ કર્મ તડકા સમાન છે. જ્ઞાનીઓને મન-વાણી-કાયાની પ્રવૃત્તિથી કર્મ બંધાતું નથી. તેઓ અનંતગણું કર્મોને ખેરવે છે અને અલ્પતર કર્મને બાંધે છે. એક અનાજના કોઠારમાંથી પ્રતિદિન ઘણું અનાજ કાઢવામાં આવે અને મૂઠી મૂઠી અનાજ ભરવામાં આવે તો છેવટે અનાજનો કોઠાર ખાલી થાય છે, તેમ જ્ઞાની આત્મા શાતા અને અશાતાને સમભાવે ભોગવવા છતાં અનંત કર્મને નિર્જરી તેનો નાશ કરે છે. તે અઘાતી અલ્પ કર્મને બાંધે છે અને તેનો પણ ઉદયમાં નહીં આવતા સત્તામાંથી નાશ કરે છે. સાંસારિક સુખમાં સુખબુદ્ધિ રહેતી નથી ત્યારે પુણ્યકાર્યોને સ્વાધિકારે કરવામાં આવે છે, છતાં તેમાં નિષ્કામપણું રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિષ્કામબુદ્ધિથી સ્વાધિકારે બ્રાહ્મણ અને શૂદ્ર જે જે કર્મો કરે છે તેમાં તે કર્મબંધથી નિર્લેપ રહે છે.'

મોહનું સ્વરૂપ :

'શાતા અને અશાતા ભોગવતાં જે રાગદ્વેષરૂપ મોહ થાય છે તો તેથી મોહનીય કર્મ બંધાય છે. મોહનીય કર્મના બે ભેદ છે : દ્રવ્યમોહનીય અને ભાવમોહનીય. તેમાં પુદ્ગલ-સ્કંધપ્રકૃતિરૂપ દ્રવ્યમોહનીય છે અને રાગદ્વેષાત્મક પરિણતિ-રૂપ ભાવમોહનીય કર્મ છે. ભાવમોહનીયની પરિણતિના બળે દ્રવ્યમોહનીય કર્મ બંધાય છે. ભાવમોહથી આઠે કર્મનો બંધ થાય છે. મનુષ્ય બાંધેલા ખોરાકને પેટમાં ઉતારે છે. તે ખોરાક રુધિર વગેરે સાત ધાતુના રૂપમાં અલ્પ-બહુ અંશે પરિણમે છે. તેમ મોહથી ગ્રહણ કરેલ કર્મવર્ગણાઓ પણ આઠ કર્મની પ્રકૃતિરૂપે પરિણમે છે. ભાવમોહના નાશથી આઠે કર્મનો નાશ થાય છે. રાજાનો નાશ થતા જેમ સૈન્યનો પરાભવ નાશ થાય છે તેમ મોહના નાશથી અન્ય સર્વ કર્મનો નાશ થાય છે.

'ભાવમોહનો નાશક ખરેખર આત્મજ્ઞાનોપયોગ છે. ભાવમોહ પ્રગટવાનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનથી મોહનો પ્રાદુર્ભાવ થાય છે. તેજની આગળ જેમ અંધકાર ટકતું નથી તેમ આત્મજ્ઞાન આગળ મોહની પરિણતિ પ્રગટી શકતી નથી.

'મોહના બે ભેદ છે : દર્શનમોહ અને ચારિત્રમોહ. તેમાં દર્શનમોહથી શુદ્ધ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા થતી નથી. સમકિત મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ ત્રણ દર્શનમોહનીયની પ્રકૃતિઓ છે. સમકિત મોહનીયથી આત્માદિ તત્ત્વોમાં શંકા પ્રગટે છે. મિશ્ર મોહનીયથી ધર્મ અને અધર્મ સરખા લાગે છે અને સત્ય દેવ-ગુરુ-ધર્મનો નિશ્ચય થતો નથી. મિથ્યાત્વ મોહનીય કર્મથી આત્માનું વિપરીત જ્ઞાન થાય છે. કુદેવ, કુગુરુ અને કુધર્મમાં શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિ પ્રગટે છે મિથ્યાત્વ મોહથી વિપરીત બુદ્ધિ થાય છે. તેનાથી અધર્મમાં ધર્મની, સત્યમાં અસત્યની અને અસત્યમાં સત્યની બુદ્ધિ થાય છે.

'સદ્‌ગુરુની સંગતિથી મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યકત્વમોહનીયનો નાશ થાય છે. મારી આજ્ઞાનો સત્યભાવે નિશ્ચય પ્રગટતાં મિથ્યાત્વનાં દલિકો રહેતાં નથી. જ્વર જ્યાં સુધી શરીરમાં હોય છે ત્યાં સુધી ભોજનની ઇચ્છા થતી નથી અને જ્યારે ખરેખરી ભૂખ લાગે છે ત્યારે શરીરમાં જ્વર હોતો નથી. દેવ–ગુરુ–ધર્મની પૂર્ણ શ્રદ્ધા પ્રગટે છે ત્યારે દર્શન–મોહનીય કર્મ રહેતું નથી. આત્મા, દેવ, ગુરુ અને ધર્મની જ્યાં સુધી હૃદયમાં પૂર્ણ શ્રદ્ધા પ્રગટી નથી ત્યાં સુધી દર્શનમોહનીય છે, એમ જાણી દર્શનમોહનીયનો નાશ કરવા પ્રયત્ન કરવો.

આત્મા સંબંધી ષટ્‌સ્થાનકોનો વિચાર કરવાથી દર્શન–મોહનીય કર્મનો નાશ થાય છે. વિશ્વ અનાદિ અનંત છે. જડ અને ચેતન એ બે તત્ત્વનું સંપૂર્ણ વિશ્વ છે. આત્મામાં ચેતના–શક્તિ છે અને જડમાં ચેતનાશક્તિ નથી. અનાદિકાળથી ચેતન અને જડ એ બે તત્ત્વ છે. ચેતનથી જડની ઉત્પત્તિ થતી નથી અને જડથી ચેતનની ઉત્પત્તિ થતી નથી. કર્મ-રહિત આત્મા તે જ ઈશ્વર છે. જડ–ચેતનમય વિશ્વનો કર્તા–હર્તા કોઈ ઈશ્વર નથી. શુદ્ધાત્મારૂપ ઈશ્વરથી જડની તેમ જ ચેતનની ઉત્પત્તિ થતી નથી. એવો તેનો સ્વભાવ છે. જગતની રચના કરવાનું ઈશ્વરને કંઈ પ્રયોજન નથી. તેમ અન્ય જીવોના કર્મોનો ન્યાયકર્તા તથા ન્યાય કરીને સુખ–દુઃખ દેનાર ઈશ્વર નથી. ભક્તિની દૃષ્ટિએ મારામાં વિશ્વકર્તાદિનો આરોપ ભક્ત લોકો વડે કરાય છે, પણ તે જ્ઞાનદૃષ્ટિએ સત્ય નથી. તત્ત્વદૃષ્ટિએ જોઈએ તો શુદ્ધાત્મા પરમેશ્વર વસ્તુતઃ જગતના કર્તા–હર્તા નથી. તેથી મારામાં જગતનું કર્તાહર્તાપણું માનવું તે અજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, અને અજ્ઞ ભક્તો તેવું કર્તાહર્તાપણું ઈશ્વરમાં જ્યાં સુધી માને છે ત્યાં સુધી તેઓ દર્શનમોહનીય કર્મથી મુક્ત નથી.

'સર્વે જીવો કંઈ ઈશ્વરના અંશ નથી તેમ જ જડતત્ત્વ પણ કંઈ ઈશ્વરના અંશરૂપ નથી. સર્વ જીવોનો આત્મા એક નથી. પ્રેમની, સંપની તથા સત્તાની દૃષ્ટિએ સર્વ જીવોનો આત્મા એક ગણાય છે, પરંતુ વસ્તુતઃ જ્ઞાનદૃષ્ટિએ પ્રતિશરીર ભિન્ન ભિન્ન આત્મા છે. એવા અનંત આત્માઓ કર્મસહિત છે.

'અજ્ઞાન અને મોહના પરિણામે આત્મા કર્મનો કર્તા છે અને જ્ઞાનના પરિણામે આત્મા પોતાના શુદ્ધાત્મસ્વરૂપનો કર્તા અને કર્મનો હર્તા છે. સર્વ કર્મના નાશથી આત્મા પોતે જ પરમાત્મા, સિદ્ધ, બુદ્ધ બને છે. એવો શુદ્ધ નિશ્ચય થતાં સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. તેથી સાપેક્ષપણે સર્વ વસ્તુઓનું જ્ઞાન થાય છે અને ભિન્ન ભિન્ન દૃષ્ટિઓથી થતું અજ્ઞાન ટળી જાય છે.

'આત્મા છે, કર્મ છે, આત્મા અને કર્મનો અનાદિસંબંધ છે, આત્મા કર્મનો કર્તા અને તેનો હર્તા છે, મોક્ષ છે અને મોક્ષના ઉપાયો છે—એવો જેને અનુભવાત્મક નિશ્ચય થાય છે તેને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. સમ્યગ્જ્ઞાન પ્રગટતાંની સાથે જ મિથ્યાત્વમોહનીયનો નાશ થાય છે. આત્માના શુદ્ધ પર્યાયો થવા તે જ મોક્ષ છે. આત્મામાં મોક્ષ છે અને તેનો પ્રગટકર્તા પણ આત્મા જ છે. આત્માની સાથે લાગેલાં જે કર્મનાં દલિકો છે તે જ આવરણ છે. આત્માની સાથે સંયોગી થયેલાં જે કર્મો છે તે આત્માની અપેક્ષાએ અસત્ છે અને પુદ્ગલદ્રવ્યની અપેક્ષાએ પરમાણુસ્કંધરૂપ સત્ છે.

'આત્માની સાથે કર્મ લાગ્યાં નથી, કર્મ જડ નથી, પણ ભ્રાંતિરૂપ છે એમ કેટલાક વાદીઓ માને છે. તે શુષ્ક જ્ઞાની તથા વસ્તુતઃ અજ્ઞાની છે.

'આત્માની સાથે કર્મ છે અને તે અનાદિકાળથી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મજ્ઞાન અને ચારિત્ર પ્રગટતાં એ કર્મનો નાશ થાય છે એમ જે અપેક્ષાએ જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની છે. તેનો સંગ કરવાથી અજ્ઞાની લોકો સમ્યગ્જ્ઞાનને પામે છે અને મિથ્યાત્વબુદ્ધિનો નાશ કરે છે.

દર્શનમોહ :

દર્શનમોહનીયના ઉપશમ, ક્ષયોપક્ષમ અને ક્ષયથી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પ્રગટે છે. સાધુની સંગતિ દર્શનમોહનીયનો નાશ કરનાર છે. આત્મજ્ઞાનીઓની સંગતિ કરવાથી અને તેઓનો વિનય કરવાથી સમ્યગ્દૃષ્ટિનો પ્રકાશ થાય છે. દર્શનમોહના વિનાશથી સમ્યગ્દર્શન થાય છે. તેથી સાપેક્ષદૃષ્ટિએ તત્ત્વનો બોધ થાય છે અને સર્વ પ્રકારના અજ્ઞાનથી પ્રગટેલા કદાગ્રહોનો નાશ થાય છે. દર્શનમોહાવરણથી સત્યનો પરિપૂર્ણ પ્રકાશ થતો નથી.

' વિશ્વમાં જો સર્વ જીવોની સાથે દર્શનમોહાવરણ ન હોત, તો અનેક મત, પંથ, સંપ્રદાય, દર્શન, ધર્મ એમ કદાગ્રહથી અનેક ભેદો અને દોષો પ્રગટે છે તે ન પ્રગટત, એમ શતાનીક રાજા ! તું જાણ. દર્શનમોહથી અનેક પદાર્થોના ધર્મો સમજવામાં ભિન્ન ભિન્ન દૃષ્ટિએ ભિન્ન ભિન્ન મતભેદ થાય છે. દર્શનમોહનીયથી આત્માનું સ્વરૂપ સમજવામાં લોકોને એકસરખો અનુભવ આવતો નથી. દર્શનમોહનો સંપૂર્ણ વિનાશ જેઓએ કર્યો છે એવા હજારો જ્ઞાનીઓના આત્માને એકસરખો અનુભવ જણાય છે. આત્માને સમ્યક્ અનુભવ પ્રગટ્યો એટલે સમજવું કે દર્શનમોહનો વિનાશ થયો છે. દર્શનમોહના અભાવે ભિન્ન ભિન્ન દર્શન, મત, ધર્મ અને સંપ્રદાયની માન્યતાઓમાં તથા તેઓનાં સાધનોમાં જેટલું સત્ય હોય છે તેટલું સત્યરૂપે જણાય છે અને જેટલું અસત્ય હોય છે તે અસત્યરૂપે જણાય છે. તેનાથી મત કે સંપ્રદાયમાં પક્ષપાતદૃષ્ટિ રહેતી નથી. દર્શનમોહના વિનાશથી મિથ્યાત્વબુદ્ધિનો નાશ થાય છે. સમ્યગ્દૃષ્ટિને મિથ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રો પણ સમ્યક્‌રૂપે પરિણમે છે. સમ્યગ્‌દૃષ્ટિ જૈનો જે વાંચે છે, જે શ્રવણ કરે છે અને જે તત્ત્વચિંતવન કરે છે તેમાં સમ્યગ્‌દૃષ્ટિ હોવાથી સાપેક્ષાએ સત્યને ગ્રહણ કરે છે. શંખ પંચવર્ણી મૃત્તિકાનું ભક્ષણ કરે છે અને તેને તે શ્વેતરૂપે પરિણમાવે છે, તેમ દર્શનમોહના વિનાશથી સમ્યગ્‌દૃષ્ટિ એવો આત્મજ્ઞાની વિશ્વમાં પ્રવર્તતાં સર્વ પ્રકારનાં મિથ્યાત્વાદિક શાસ્ત્રોને, મતોને અને ધર્મોને સમ્યગ્‌દૃષ્ટિથી સમ્યક્‌રૂપણે પરિણમાવે છે અને મિથ્યાત્વને દૂર કરે છે. તેથી સમ્યગ્‌દૃષ્ટિ સર્વત્ર સાપેક્ષ શક્તિમાન રહે છે. તેને કોઈ પણ પ્રતિબદ્ધ કરવાને શક્તિમાન થતું નથી.

'દર્શનમોહોદયથી વિશ્વવર્તી જીવોનો અનાદિકાળથી વિચારભેદ અને ધર્મભેદ વર્તે છે. અનાદિકાળથી જ્ઞાન અને અજ્ઞાન બન્ને સાથે વિશ્વમાં પ્રવર્તે છે. અનાદિકાળથી સર્વધર્મ સંબંધી ભિન્ન ભિન્ન દૃષ્ટિઓ અનેક રૂપાંતરોથી પ્રવર્તે છે. તેનું કારણ દર્શનમોહ છે.

'શત અજ્ઞાનીઓના શત મતભેદ છે અને શત જ્ઞાનીઓનો એક મત હોય છે. દર્શનમોહ જેમ જેમ ટળે છે તેમ તેમ સત્ય આત્મતત્ત્વનો પ્રકાશ થાય છે, મિથ્યા શાસ્ત્રો અને સમ્યક્‌ શાસ્ત્રો અનાદિકાળથી પ્રગટે છે અને વિલય પામે છે. દર્શનમોહથી અનેક અસત્ય મત અને પંથો પ્રવર્તે છે. દર્શનમોહનો નાશ થવાથી આત્માદિ તત્ત્વોનો સમ્યક્‌ પ્રકાશ થાય છે. સૂર્ય પરથી વાદળ વીખરાતાં જેમ સૂર્યબિંબનો યથાર્થ પ્રકાશ થાય છે, તેમ દર્શન ઉપર આવેલા મોહના વિનાશથી આત્માદિ તત્ત્વોનો સત્ય પ્રકાશ થાય છે.

'સમ્યગ્‌દૃષ્ટિથી ધર્મનો ધર્મ તરીકે બોધ થાય છે અને અધર્મનો અધર્મ તરીકે બોધ થાય છે. સમ્યગ્‌દૃષ્ટિથી અનેક અપેક્ષા વડે આત્મતત્ત્વનો પ્રકાશ થાય છે અને તેથી સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શનો અને ધર્મોમાં સાપેક્ષાએ જે જે સત્ય હોય છે તેનો બોધ થાય છે.'

ચારિત્રમોહ :

ચારિત્રમોહના નાશથી ચારિત્ર પ્રગટે છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ; અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ; પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ અને સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ—એમ કષાયના સોળ ભેદ છે. નોકષાયના નવ ભેદ છે. પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ત્રણ પ્રકારના વેદ છે, તેમ જ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને દુગંછા એ છ મળી નવ નોકષાય છે. નવ નોકષાય અને સોળ કષાય મળી ચારિત્રમોહનીયના પચીસ ભેદ છે. કષાયોનું સ્વરૂપ વિચારવાથી કષાયમોહનો નાશ થાય છે. આત્માનો પૂર્ણ આનંદ તે શુદ્ધ નૈશ્ચયિક ચારિત્ર છે. વ્યાવહારિક ગુણો તે વ્યાવહારિક ચારિત્ર છે. પ્રશસ્ય ચારિત્રમોહ અને અપ્રશસ્ય ચારિત્રમોહ એમ બે પ્રકારે મોહ છે.

'દેવ, ગુરુ અને ધર્માર્થે જે મોહને સાપેક્ષ સાધન તરીકે વાપરવામાં આવે છે તે પ્રશસ્ય મોહ છે. આત્મા વિના અને દેવ-ગુરુ-ધર્મના સાધન વિના અન્ય જડ વસ્તુઓમાં જે મોહ-પ્રકૃતિઓને વાપરવામાં આવે છે તે અપ્રશસ્ય મોહ છે. ચારિત્રમોહનો શુભાર્થે ઉપયોગ તે પ્રશસ્ય મોહ છે અને અશુભાર્થે મોહનો ઉપયોગ કરવો તે અપ્રશસ્ય મોહ છે. પ્રશસ્ય ધર્મ-રાગાદિથી તીર્થંકરાદિ પદની પ્રાપ્તિ થાય છે.

'દયા આદિ પ્રશસ્ય રાગજન્ય પરિણામ છે અને તેથી સમ્યગ્દૃષ્ટિને પુણ્યાનુબંધીપુણ્યનો બંધ થાય છે. વ્યવહારે ધર્મને અતિક્રમણ નહીં કરનારો મોહ તે ધર્મ્ય મોહ છે અને તેથી વિપરીત જે મોહ છે તે અધર્મ્ય મોહ છે. વ્યવહારનીતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદિ દૃષ્ટિએ ધર્મ્ય મોહનું ગૃહસ્થ લોકોને સાપેક્ષાએ આદરત્વ છે. નિષ્કામભાવે સર્વ દેહીઓના આત્માઓ પર જે રાગ થાય છે તે ધર્મ્ય પ્રેમ છે. સેવા, ભક્તિ, ઉપાસના, કર્મમાર્ગાદિમાં જે સાપેક્ષદૃષ્ટિએ રાગ અને તેમના વિરોધીઓમાં જે દ્વેષ થાય છે તે પ્રશસ્ય કષાય છે. પ્રશસ્ય કષાયના યોગથી અપ્રશસ્ય કષાયનો ઉપશમ થાય છે. ચારિત્રમોહનો નાશ થવાથી પરિપૂર્ણ આત્મશુદ્ધિ પ્રગટે છે. સેવાભક્તિના પ્રતાપે અને સદ્‌ગુરુના સમાગમથી સત્યજ્ઞાન પ્રગટે છે. અપ્રશસ્ય અને અધર્મ્ય કષાયોને પ્રથમ પ્રશસ્ય અને ધર્મ્ય કષાયોના રૂપમાં પરિણમાવવા માટે સદ્‌ગુરુની અને સંતોની સેવાભક્તિ કરવી.

'બાહ્ય સાધનમાં નહીં મૂઝાતાં કષાયોનો નાશ કરવા તરફ વિશેષ લક્ષ્ય દેવું. ધર્મનાં સાધનોમાં પ્રવૃત્તિ તે બાહ્ય ચારિત્ર છે. બાહ્ય ચારિત્રમાં સર્વ ચારિત્રીઓ અને ત્યાગીઓનો એકસરખો મેળ રહેતો નથી, પરંતુ બાહ્ય ચારિત્રનાં સાધનોથી કષાયથી મુક્ત થવામાં સર્વ જ્ઞાનીઓનો એકસરખો અભિપ્રાય છે. તેથી ત્યાગનાં બાહ્ય સાધનોમાં જ્ઞાનીઓ સાધનભેદે ભેદદૃષ્ટિ ધારીને કષાયો કરતા નથી. કષાયોથી મુક્ત થવું એ જ બાહ્ય ચારિત્રધારકોનો ઉદ્દેશ છે. તેથી ભિન્ન ભિન્ન ધર્માચાર, ક્રિયાભેદ, વેષભેદ અને સંપ્રદાયભેદથી આત્માના ધર્મનો ભેદ થતો નથી. તેમ જ બાહ્ય વેષ કે ક્રિયાદિ વ્યવહારધર્મના ભેદોથી કષાયથી મુક્ત થઈ આત્માનંદરૂપ શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત કરવામાં સાપેક્ષપણે વર્તતાં કોઈ જાતનો બાહ્ય ભેદ નડતો નથી.

'વ્યવહારચારિત્ર સંબંધી બાહ્ય મતભેદો તો જ્યારે ત્યારે વિશ્વમાં વર્તે છે, પરંતુ કષાયમુક્તતારૂપ ચારિત્ર પ્રાપ્ત કરવામાં વ્યાવહારિક સંપ્રદાય, ગચ્છ કે ક્રિયામાં વર્તતાં સાધ્યદૃષ્ટિના ઉપયોગે હરકત નડતી નથી.'

અનંતાનુબંધી કષાય :

'જે કષાયોની પરિણતિનો અંત આવતો નથી અને જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કષાયોથી અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ થાય છે તે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ છે.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો નાશ થતાં હૃદયમાં દેવ, ગુરુ અને ધર્મ પર શ્રદ્ધા–પ્રીતિ પ્રગટે છે, આત્મવાદ પર સંપૂર્ણ શ્રદ્ધા ચોટે છે, જડ વસ્તુઓના ભોગોમાં સુખ છે એવા જડવાદનો મોહ ટળી જાય છે અને આત્મામાં સત્ય સુખ છે એવો દૃઢ વિશ્વાસ થાય છે. અનંતાનુબંધી કષાયનો નાશ થવાથી હૃદયમાં ચારિત્ર અને ત્યાગ પર રુચિ પ્રગટે છે અને સમ્યગ્દર્શન પ્રગટવામાં તેથી ઘણી સહાય મળે છે. અનંતાનુબંધી કષાયોનો નાશ થવાથી સમકત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયનો નાશ થાય છે. તેનાથી દેવ–ગુરુ–ધર્મની સેવા અને ભક્તિમાં પ્રાણાર્પણ થાય છે તથા ઘણા કાળ સુધી ક્રોધાદિક કષાયોની પરિણતિ રહેતી નથી. જેને ક્રોધ પ્રગટે અને તેથી અમુકનો નાશ અથવા અશુભ કરવાનું મન થાય, પણ પાછળથી અમુકનો નાશ કરવા તથા અશુભ કરવા ઇચ્છા ન રહે તેનો નિષ્ફળ ક્રોધ જાણવો. તે પ્રમાણે માન, માયા, અને લોભના પરિણામની પણ નિષ્ફળતા જાણ. કામની પણ તે પ્રમાણે નિષ્ફળતા જાણ.'

સમ્યકત્વ :

'અનંતાનુબંધી કષાયનો પરિણામ જે વખતે નથી હોતો તે વખતે આત્મા પોતાના સ્વરૂપને અનુભવે છે અને કર્મની દશા પ્રમાણે સર્વ શુભાશુભ થાય છે એમ જાણી શાંત બને છે. તેથી તે વખતે સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ તાજો રહે છે. અનંતાનુબંધી કષાયો જો એકવાર અંતર્મુહૂર્ત સુધી ઉપશમે, તો તેથી સંસારમાં ફક્ત અર્ધપુદ્ગલપરાવર્તકાળ સુધી પરિભ્રમણ કરવાનું બાકી રહે છે. અંતર્મુહૂર્તપર્યંત અનંતાનુબંધી કષાયનો એક વાર જ ઉપશમ થવાથી આટલું ફળ મળે છે; એટલું જ નહીં, પરંતુ તેથી બહિરાત્મભાવનો નાશ થાય છે અને આત્મા અપુન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંધક થાય છે. અર્થાત્ એકવાર એવો અનંતાનુબંધી કષાયનો ઉપશમ માત્ર કાચી બે ઘડી સુધી રહેવાથી ઘાતીકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પુનઃ કોઈ વખત બંધાતી નથી. અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વના ઉપશમથી અન્તરાત્મપદ પ્રાપ્ત થાય છે, અને તેથી પશ્ચાત્ કાચી બે ઘડીમાં ઉત્કૃષ્ટ આત્મોલ્લાસના પરિણામે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

'અનંતાનુબંધી કષાયોનો વારંવાર ક્ષયોપશમ થવાથી વધારેમાં વધારે પંદર ભવ નહિ તો ત્રણચાર ભવ કરવા બાકી રહે છે. એક જ ભવમાં અનંતાનુબંધીનો ઉપશમ કર્યા પછી વારંવાર તેનો ક્ષયોપશમ થયા કરે છે. ક્ષયોપશમભાવદ્વારા તરત ક્ષાયિક ભાવ પ્રગટે છે અને તેથી ઉત્કૃષ્ટ ભંગે કાચી બે ઘડીમાં ઘાતી-કર્મનો સર્વથા નાશ થતાં કેવળજ્ઞાન પ્રગટે છે. અનંતાનુબંધી કષાય જ્યારે ટળે છે ત્યારે ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા-પ્રીતિ પ્રગટે છે, જૈન ધર્મની આરાધનામાં પ્રાણાર્પણ થાય છે, જૈનો પર સેવાભક્તિના ભાવ પ્રગટે છે, ચતુર્વિધ સંઘની સેવાભક્તિમાં પ્રાણાર્પણ થાય છે. એ પ્રમાણે રુચિ અને યથાશક્તિ પ્રવૃત્તિ થાય એટલે સમજવું કે અનંતાનુબંધી કષાય તથા મિથ્યાત્વનો નાશ થયો છે.

'અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વમોહનો કાચી બે ઘડી સુધી ઉપશમભાવ થતાં વીતરાગના જૈન ધર્મ, ગુરુ અને દેવ પર બે ઘડી સુધી પૂર્ણ શ્રદ્ધા પ્રગટે છે. પશ્ચાત્ બે ઘડી પછી મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયની પરિણતિ પ્રગટતાં આત્માને ધર્મની શ્રદ્ધા રહેતી નથી. એને ઉપશમસમ્યકત્વ જાણવું. એક ભવમાં પાંચવાર ઉપશમ સમ્યકત્વ પ્રગટે છે અને તેથી તેને ત્રણચાર ભવમાં કે વધારેમાં વધારે સાતઆઠ ભવમાં અસંખ્યવાર ક્ષયોપશમ સમ્યકત્વ પ્રગટે છે અને આવરણ-પ્રયોગે પાછું ટળી જાય છે. એક મનુષ્યને એક ભવમાં અસંખ્ય વાર ક્ષયોપશમ સમ્યકત્વ પ્રગટે છે. જિનેશ્વરદેવ, ગુરુ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મ પર એક દિવસમાં ઘણીવાર શ્રદ્ધા થાય છે, પુનઃ શંકા થતાં શ્રદ્ધા ટળી જાય છે. પુનઃ પાછી દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા-પ્રીતિ થાય છે. આત્માનો પુનર્જન્મ, કર્મસ્વરૂપ, મોક્ષ, ષટ્-સ્થાનની શ્રદ્ધા આદિની શ્રદ્ધા એક દિવસમાં અનેકવાર આવે છે અને જાય છે. કોઈને એક જન્મમાં દેવ, ગુરુ અને જૈન ધર્મની શ્રદ્ધા ચારપાંચ વાર રમે છે અને પુનઃ શ્રદ્ધા પ્રગટે છે. નાસ્તિકો અને કુશાસ્ત્રોના સંબંધથી શ્રદ્ધારુચિ ટળે છે અને આસ્તિક ગુરુઓના સમાગમથી તથા જૈન શાસ્ત્રોના શ્રવણ, વાચન, મનન અને સ્મરણથી પુનઃ જિનેશ્વરદેવ, ગુરુ તથા ધર્મ પર શ્રદ્ધા-પ્રેમ પ્રગટે છે. એવા સમ્યકત્વને ક્ષયોપશમ સમ્ય-કત્વ જાણ.

'અનંતાનુબંધી ચાર કષાય અને સમકિત મોહનીય, મિશ્ર મોહનીય તથા સમ્યકત્વ મોહનીયના સંપૂર્ણ નાશથી કદાપિ સ્વપ્ને પણ દેવ-ગુરુ-ધર્મ પરની શ્રદ્ધા-પ્રીતિ જે પ્રગટી હોય છે તે ટળતી નથી. આત્માની, કર્મની અને નવતત્ત્વની શ્રદ્ધા જે પ્રગટે છે તેમાં કદાપિ ગમે તેવા મિથ્યાત્વકારક સંયોગોમાં પણ વિપર્યાય થતો નથી. ક્ષયોપશમ સમ્યકત્વની પ્રાપ્તિ થતાં ત્રણચાર ભવમાં અવશ્ય મુક્તિ થાય છે. ક્ષાયિક સમ્યકત્વની પ્રાપ્તિ થતાં જો તે પહેલાં આયુષ્ય ન બાંધ્યું હોય તો અવશ્ય આત્મા તે જ પરમાત્મા બને છે અને તે મુક્ત થાય છે. ક્ષાયિક સમ્યકત્વની પૂર્વે જો આયુષ્યનો બંધ પડી ગયો હોય તો એક, બે કે ત્રણ ભવ કરવા પડે છે.

'ચારે ગતિમાં ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત અને ક્ષાયિક સમકિતવાળા આત્માઓ અંતરાત્મભાવે કર્મો કરવા છતાં, ભોગવવા છતાં અને નિર્જરવા છતાં વિચરે છે. સમ્ય-ગ્દૃષ્ટિ પ્રાપ્ત કરતાંની સાથે સંસારરૂપ સાગર હથેળીના જળ જેટલો બની જાય છે. ઉપશમસમ્યકત્વ કરતાં ક્ષયોપશમ-સમ્યકત્વ બળવાન છે. તેનાં કરતાં ક્ષાયિક સમ્યકત્વ બળવંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. કોઈને પહેલાં ઉપશમ સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે અને કોઈને પહેલાં ક્ષયોપશમ સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. કાચી બે ઘડીમાં ઉપશમ અને ક્ષયોપશમ સમ્યકત્વથી ક્ષાયિક સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે અને કાચી બે ઘડીમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જ્ઞાન અને વૈરાગ્યના બળથી ચારિત્ર મોહનીયનો સર્વથા નાશ કરી તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય-કર્મનો સર્વથા નાશ કરી, કેવળજ્ઞાન પામી, આયુષ્યકર્મ બાકી ન હોય તો મુક્તિને પામે છે.

'સમ્યગ્દૃષ્ટિના યોગે આત્માની શ્રદ્ધા થાય છે અને આત્મામાં નિરુપાધિક સહજ સુખ છે એવો અનુભવ આવે છે. જિનેશ્વરદેવ, ગુરુ અને ધર્મની આરાધના કરનારા કેટલાક મનુષ્યો તથા દેવો અને તિર્યંચો તથા નારકીઓ ઉપશમ તથા ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિવાળા હોય છે. ગૃહસ્થદશામાં અને ત્યાગીદશામાં એ ત્રણ સમ્યકત્વવાળા મનુષ્યો વર્તે છે. સમ્યકત્વના પરિણામ તે નિશ્ચયસમ્યકત્વ છે અને એ નિશ્ચયસમ્યકત્વના પરિણામનો હેતુ તે દ્રવ્ય અર્થાત્ વ્યવહારસમ્યકત્વ છે. પ્રથમ દશામાં દેવ-ગુરુનો સમાગમ થવો, જ્ઞાનનું શ્રવણ કરવું, પ્રશ્નો કરવા, તેનું સમાધાન મેળવવું તે દ્રવ્યસમ્યકત્વ છે. જે નિમિત્તો વડે સમ્યકત્વની પ્રાપ્તિ થવી તે નિમિત્તસમ્યગ્જ્ઞાન-દૃષ્ટિ છે. દેવ, ગુરુ અને આત્મા પર પૂર્ણ શ્રદ્ધાપ્રેમ પ્રગટવો તે સત્ય સમ્યગ્જ્ઞાનનું કાર્ય છે. સમ્યગ્દૃષ્ટિથી સત્યનો અને અસત્યનો નિશ્ચય થાય છે.

'સમ્યગ્જ્ઞાની અલ્પ કર્મ બાંધે છે અને અનંતગુણાં કર્મને ભોગવીને ખેરવે છે તથા ભોગવ્યા વિના આત્મોપયોગથી અનંત કર્મ ખેરવે છે. જળમાં જેમ કમલ નિર્લેપ રહે છે તેમ સમ્યગ્જ્ઞાની સાંસારિક સર્વ કાર્યોમાં, વિષયોમાં, આચારોમાં પ્રવર્તતા છતાં અપુનર્બંધક અને નિર્લેપી રહે છે. સમ્યગ્દૃષ્ટિ-જંતો સાંસારિક ભોગોને ભોગવે છે, પરંતુ તેમાં આસક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈને આત્માના સત્ય સુખની શ્રદ્ધાથી ભ્રષ્ટ થતા નથી. મિથ્યાત્વી લોકો જડ પદાર્થોના યોગે તથા જડ પદાર્થોના ભોગે જ સત્ય સુખ માને છે. તેઓ દેહથી સુખ થાય છે, પણ દેહથી ભિન્ન આત્મામાં સત્ય સુખ છે એમ માનતા નથી. મિથ્યાત્વી જડવાદીઓ આત્માના સુખનો અનુભવ કરી શકતા નથી. તેથી તેઓ જડ વસ્તુઓમાં શાતાવેદનીયના યોગે સુખ માની પ્રવર્તે છે અને તેઓમાં રાગદ્વેષના પરિણામે પરિણમીને યુદ્ધ, કાપંકાપી, હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર આદિ કર્મોમાં પ્રવૃત્ત થાય છે અને ધર્મ્ય ન્યાયથી વિમુખ રહી અધર્મપ્રવૃત્તિ કર્યા કરે છે. મિથ્યાદૃષ્ટિ જ્યાંત્યાં શુભાશુભ પરિણામથી બંધાય છે.

'સમ્યગ્જ્ઞાનીઓ ગૃહસ્થાવાસમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના ગુણકર્માનુસારે પ્રવર્તે છે, પરંતુ તેમાં તે આત્મ–દૃષ્ટિવાળા હોવાથી બંધાતા નથી. જે ભોગોને અને ઉપભોગોને મિથ્યાદૃષ્ટિ ભોગવે છે તે જ ભોગોને અને ઉપભોગોને સમ્યગ્દૃષ્ટિ ભોગવે છે, છતાં બન્નેની દૃષ્ટિમાં ભેદ હોવાથી મિથ્યાત્વી અજ્ઞાની બંધાય છે અને જ્ઞાની છૂટે છે. સમ્યગ્દૃષ્ટિ સાંસારિક સુખને ક્ષણિક માને છે અને આત્મસુખની આગળ વસ્તુતઃ તે સત્ય સુખ નથી એમ માનતો હોવાથી તેમાં આસક્તિથી બંધાતો નથી. સત્યમાર્ગમાં સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ગમન કરે છે. સંસારના જડ પદાર્થોમાં વસ્તુતઃ શુભાશુભત્વ નથી. જે પદાર્થો કોઈને શુભ લાગે છે તે જ પદાર્થો કોઈને અશુભ લાગે છે, એમ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અનુભવ કરે છે. તેથી તે સંસારમાં સંસારના વ્યવહાર પ્રમાણે પદાર્થોમાં શુભાશુભ વ્યવહાર કરે છે, પણ અંતરથી તે શુભાશુભ માન્યતાથી મુક્ત રહે છે.

'સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં અનંતાનુબંધી કષાય ટળે છે, પરંતુ અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાય બાકી રહે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના સ્વરૂપનો અનુભવનિશ્ચય કરે છે. તે જડને જડ જાણે છે અને ચેતનને ચેતન જાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. તે નવતત્ત્વને જાણે છે, આત્માના ગુણપર્યાયોને જાણે છે, આત્માની પૂર્ણ શુદ્ધિનું સ્વરૂપ જાણે છે, કષાયોનું સ્વરૂપ જાણે છે, તોપણ એને ચારિત્રમોહનો પ્રસંગોપાત્ત ઉદય સેવવો પડે છે. છતાં તે કષાયોને સાધન તરીકે વાપરે છે અને અસાધન તરીકે કષાયો વપરાયા હોય તો તેનું પશ્ચાત્તાપ-રૂપ પ્રતિક્રમણ કરે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ગૃહસ્થાવાસમાં અગર ત્યાગાવસ્થામાં અજ્ઞાનના અભાવે અપ્રત્યાખ્યાનાદિ કષાયોને પ્રશસ્ય ધર્મમાર્ગમાં વાપરીને ભક્તિપરિણામ અને સેવાપરિણામના યોગે તીર્થંકરાદિ પદોને પામે છે.

'પ્રશસ્ય રાગદ્વેષના પરિણામવાળી વ્યાવહારિક સેવા-ભક્તિ છે. ભક્ત દશાએ સ્થિત અન્તરાત્મા સમ્યગ્દૃષ્ટિ જે જે પારમાર્થિક કાર્યો કરે છે, દેવ-ગુરુ-ધર્મની આરાધના કરે છે, સંઘસેવાદિ કાર્યો કરે છે, તે પ્રશસ્ય રાગદ્વેષાદિ શુભ પરિણામના યોગે કરે છે. તેથી તે ઉત્તરોત્તર મોક્ષમાર્ગ સન્મુખ થતો જાય છે. તેથી પ્રશસ્ય રાગાદિ કષાયોને અને તે કાર્યોને ધર્મ તરીકે જાણવાં. સમ્યગ્દૃષ્ટિ પોતે પ્રશસ્ય ધર્મ્ય રાગાદિ પરિણામથી આગળનાં ગુણસ્થાનોમાં આરોહે છે. પ્રશસ્ય કષાયોથી પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય છે અને અશુભ કર્મોની નિર્જરા થાય છે. પ્રશસ્ય રાગાદિ પરિણામ તે શુભ પરિણામ છે અને અપ્રશસ્ય રાગાદિ પરિણામ તે અશુભ પરિણામ છે. શુભ અને અશુભ પરિણામથી રહિત આત્માના જ્ઞાનાદિ ગુણોમાં પરિણમવું તે આત્માના શુદ્ધ પરિણામ છે.

'સમ્યગ્દૃષ્ટિ આત્માઓને સાધ્ય દૃષ્ટિએ શુભ પરિણામ, કે જે અપ્રત્યાખ્યાનાદિ કષાયરૂપ છે, તે થાય છે તથા શુદ્ધ પરિણામ પ્રગટે છે. સમ્યગ્દૃષ્ટિ પોતે અપ્રત્યાખ્યાનાદિ કષાયોને સુગતિ-કુગતિનાં હથિયારરૂપ જાણે છે. તેથી સ્વયં અપ્રત્યાખ્યાનાદિ કષાયોને પ્રશસ્ય અને ધર્મ્ય કષાયપરિણામરૂપે કારણપ્રસંગે વાપરે છે, અને તે વિના શુદ્ધ પરિણામ, કે જે આત્મોપયોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, તેમાં તે પ્રવર્તે છે. સમ્યગ્દૃષ્ટિના બળે પૂર્વે જે કષાયો બાધકરૂપે પાપબંધકારક થતા હતા તે હવે તેને સાધનરૂપ પુણ્યબંધકારક, નિર્જરામાં હેતુભૂત અને ઉત્તરોત્તર મોક્ષકારક બને છે. સમ્યગ્દૃષ્ટિઓને ચારિત્રમોહનીયાદિ કષાયો થાય છે, ગૃહસ્થાવાસમાં અને ત્યાગાવસ્થામાં તે કષાયો પ્રગટે છે, પણ તે ન્યાય, સત્ય, દયા, ધર્મ, દેવ-ગુરુની ભક્તિ, સંઘ-સેવા, આત્મરક્ષણ, પરોપકાર તથા અનીતિના નાશ માટે પ્રગટે છે, ધર્મીઓના રક્ષણ માટે પ્રગટે છે, અધર્મીઓને શિક્ષા દેવા માટે પ્રગટે છે. નીતિના વ્યવહારની સિદ્ધિ માટે તે પ્રગટે છે, ધર્મ્ય યુદ્ધ માટે પ્રગટે છે અને અધર્મ્ય યુદ્ધ કરનારાઓને શિક્ષા કરવા માટે પ્રગટે છે. તેથી તે કષાયોથી પુણ્યાનુબંધી-પુણ્યનો બંધ પડે છે અને અશુભ કર્મોની નિર્જરા થાય છે.

'સમ્યગ્દૃષ્ટિને આસ્રવ તે સંવરરૂપે પરિણમે છે અને અજ્ઞાનીને સંવર તે આસ્રવરૂપ થાય છે તેમાં સંશય નથી. સમ્યગ્દૃષ્ટિને અપ્રત્યાખ્યાનાદિ કષાયો પણ સંવરરૂપે પરિણમે છે તથા બંધનના સર્વે હેતુઓ આત્મપરિણામબળે મુક્તિના હેતુરૂપે પરિણમે છે. સત્ય તારુ (તરનાર) જેમ જળ ઉપર તરે છે, જે જળમાં તે પૂર્વે ડૂબતો હતો તેમાં તે આનંદથી ઉપર તરે છે, બાધક જળ તેને તરવામાં સાધક થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિને પૂર્વે જે અવળું પરિણમતું હતું તે પશ્ચાત્ સવળું પરિણમે છે. સમ્યગ્દૃષ્ટિને થતા કષાયો મુક્તિના હેતુરૂપે પરિણમે છે. સમ્યગ્દૃષ્ટિ સર્વ વિશ્વમાં સર્વ જોતા અને કરવા છતાં તેમાં આસક્તિના અભાવે બંધાતો નથી. તેમાં આત્મજ્ઞાનની મહત્તા છે. સમ્યગ્દૃષ્ટિ શુદ્ધોપયોગે પરિણમીને ઉત્કૃષ્ટ દશાએ કાચી બે ઘડીમાં, એક શ્વાસોચ્છ્વાસમાં કેવળજ્ઞાન પામે છે.

'સાધકદશામાં હોવા છતાં જીવન્મુક્તરૂપ સમ્યગ્દૃષ્ટિ છે. તેને કદાગ્રહ નડતો નથી. તેને જે અપ્રત્યાખ્યાનાદિ કષાયો છે તે અધર્મમાં પ્રવર્તાવતા નથી. સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ તાજો ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાને રહે છે. તે જે કાંઈ કરે છે તે પોતાના હિત માટે તથા સંઘ, સમાજ, દેશ, કોમ, રાજ્ય, જ્ઞાતિ, કુટુંબાદિકના હિતાર્થે અલ્પ હાનિ ને બહુ ધર્મલાભની દૃષ્ટિએ કરે છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા જો રાજા હોય છે તો તે રાજાની ફરજ અદા કરે છે, પ્રધાન હોય છે તો પ્રધાનનાં કર્મો કરે છે, સેનાપતિ હોય છે તો સેનાપતિના અધિકારે વ્યવહારથી કર્મો કરે છે, બ્રાહ્મણ હોય છે તો બ્રાહ્મણના ગુણકર્મ પ્રમાણે વર્તે છે, ક્ષત્રિય હોય છે તો ક્ષત્રિયના ગુણકર્મ પ્રમાણે વર્તે છે, વૈશ્ય હોય છે તો વૈશ્યના ગુણકર્મ પ્રમાણે વર્તે છે, શૂદ્ર હોય છે તો શૂદ્રના ગુણકર્મ પ્રમાણે વર્તે છે, ત્યાગી હોય છે તો ત્યાગીના ગુણકર્મ પ્રમાણે વ્યવહારથી વર્તે છે, પરંતુ અંતરથી તો આત્મજ્ઞાનોપયોગથી આત્માની ભક્તિ કરે છે. સમ્યગ્દૃષ્ટિને પ્રારબ્ધકર્મનો ભોગ પણ પુનઃ નવીન કર્મના બંધ માટે થતો નથી. જેમ વસ્ત્રને ધૂળ લાગે છે તો વસ્ત્રને બંખેરતાં ધૂળ ઊડી જાય છે, વસ્ત્રને મલિનતા લાગી હોય છે તો તે જેમ સાબુ લગાડી જળથી પખાળતાં દૂર થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મા પશ્ચાત્તાપાદિ પરિણામથી લાગેલાં ચીકણાં કર્મને તત્કાળ ખેરવી નાંખે છે. બળવાન યુવક ભોજનયોગ્ય પદાર્થ ખાઈને તેના મોટા ભાગને સાત ધાતુરૂપે પરિણમાવે છે અને અલ્પ ભાગને વિષ્ટાદિરૂપથી બહાર કાઢે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની પ્રવૃત્તિ છે. તે ઘણા ગુણોને પ્રગટાવે છે. તે અલ્પ કર્મ બાંધે છે અને અનંત ભવનાં બાંધેલાં ઘાતી–અઘાતી કર્મોને નિર્જરે છે, ખેરવે છે. સમ્યગ્દૃષ્ટિમાં આત્મબળ ખીલે છે અને પશુબળ પ્રતિદિન ક્ષીણ થતું જાય છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જે જે દેશ–કાલ–પરિસ્થિતિના આધારે યોગ્ય લાગે છે તે કરે છે અને જે તેને અયોગ્ય લાગે છે તેનો પરિહાર કરે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ઉપયોગબળે અપ્રત્યાખ્યાની ક્રોધ–માન–માયા–લોભાદિક કષાયોનો ઉપશમ કરે છે. ક્ષયોપશમ કરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ક્ષાયિક ભાવ કરે છે.

'અનંતાનુબંધી કષાયની સ્થિતિ યાવજ્જીવન છે, અપ્રત્યાખ્યાની કષાય વર્ષ સુધી રહે છે, પ્રત્યાખ્યાની કષાય ચાર માસ પર્યંત રહે છે અને સંજ્વલન કષાય એક પક્ષ સુધી રહે છે. અનંતાનુબંધી અશુભ કષાયના તીવ્રોદયથી નરકનું આયુષ્ય બંધાય છે, અપ્રશસ્ય અને અધર્મ્ય અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી તિર્યંચનું આયુષ્ય બંધાય છે, પ્રત્યાખ્યાની કષાયના ઉદયથી મનુષ્યગતિનું આયુષ્ય બંધાય છે અને સંજ્વલન કષાયના ઉદયથી દેવગતિને યોગ્ય આયુષ્યનો બંધ પડે છે. અનંતાનુબંધી અપ્રશસ્ય કષાય હોય છે ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી તથા તે સમ્યગ્જ્ઞાનનું આચ્છાદન કરનાર છે. અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી અણુવ્રતનો લાભ મળતો નથી, પ્રત્યાખ્યાની-કષાયના ઉદયથી સર્વવિરતિનો લાભ પ્રાપ્ત થતો નથી અને સંજ્વલન કષાયના ઉદયથી યથાખ્યાતચારિત્ર્યનો લાભ પ્રાપ્ત થતો નથી.

'અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભના ઉદયથી સમ્યગ્દૃષ્ટિપણાને બાધ આવતો નથી. સમ્યગ્દૃષ્ટિ એવો જ્ઞાની અપ્રત્યાખ્યાની કષાયોને પ્રશસ્ય સ્વાર્થિક કર્તવ્ય કર્મોમાં વાપરે છે. તે અપ્રશસ્ય કષાયોને આત્મધ્યાનથી દૂર કરે છે. સમ્યગ્દૃષ્ટિ એવો અવિરતિ મનુષ્ય અણુવ્રત-નિયમને ગ્રહણ કરી શકતો નથી. વૈરાગ્યના પરિણામથી એક ક્ષણમાત્રમાં ઉત્કૃષ્ટ દશાએ અપ્રત્યાખ્યાની કષાયનો નાશ થાય છે. વૈરાગ્યના અને જ્ઞાનના જઘન્ય પરિણામે અપ્રત્યાખ્યાની કષાયનો ઉપશમ થાય છે અને મધ્યમ ઉપયોગે ક્ષયોપશમ થાય છે. અપ્રત્યાખ્યાની કષાયો વારંવાર પ્રગટવા અને વારંવાર ટળી જવા તે ક્ષયોપશમભાવથી છે. સાધુસંગતિ, સદુપદેશ-શ્રવણ, આત્મવિચારણા, દેવ-ગુરુની ભક્તિ અને કર્મસ્વરૂપના જ્ઞાનથી અપ્રત્યાખ્યાની કષાયનો નાશ થાય છે અને તેથી ગૃહસ્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશાને યોગ્ય અણુવ્રતો લેવાની રુચિ પ્રગટે છે અને અણુવ્રતોનું પાલન થાય છે.

'અણુવ્રત ગ્રહવાની અત્યંત રુચિ પ્રગટે અને તે ગ્રહાય ત્યારે જાણવું કે અપ્રત્યાખ્યાની કષાયની પરિણતિનો ક્ષયોપશમ થયો છે. અપ્રત્યાખ્યાની કષાયને સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો ધર્માર્થે વાપરે છે ત્યારે તે પ્રશસ્ય કષાયરૂપે પરિણમે છે અને તેથી અણુવ્રતોનું યથાશક્તિ ગ્રહણ-પાલન થાય છે. મનુષ્ય વગેરે સમ્યગ્દૃષ્ટિમંત આત્માઓને અપ્રશસ્ય કષાય બહુ જ અલ્પ પ્રમાણમા કવચિત્ થાય છે અને પ્રશસ્ય અપ્રત્યાખ્યાની આદિ કષાયો ધર્માર્થે થાય છે. ગૃહસ્થોને ધર્મ, નીતિ, આજીવિકારક્ષણ, ભૂમિરક્ષણ, દેશ-કોમ-સંઘનરાજ્યના શ્રેય માટે અપ્રત્યાખ્યાની ધર્મ્ય કષાયનો ઉદય થાય છે અને તે એક વર્ષ સુધી રહે છે. તેથી પુણ્યબંધ થાય છે અને તે આત્માની શુદ્ધતા માટે સહાયક બને છે.

'અવિરતિસમ્યગ્દૃષ્ટિ લોકો દુષ્ટોને શાસન કરે છે, અધર્મનો નાશ કરે છે, ચોરોને શાસન કરે છે, ધર્મી જીવોનું રક્ષણ કરે છે, સંઘના પ્રત્યનીકો (વિઘ્નો) સામે ધર્મ્ય યુદ્ધ આરંભે છે, દેવ-ગુરુ-ધર્મની હેલના કરનારાઓને શિક્ષા કરે છે, બાળક, સતી, સાધુઓ વગેરેનો નાશ કરનારા સામે ઊભા રહે છે, નીતિમય સ્વાર્થિક કામોમાં વિઘ્ન કરનારાઓને શિક્ષા આપે છે. તેથી તેઓને અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયને સાધન તરીકે સેવવો પડે છે અને તેવા શુભ સ્વાર્થિક-પારમાર્થિક પ્રસંગે તેઓ અપ્રત્યાખ્યાની કષાયને સંયોગસ્થિતિએ સેવે છે. તેમાં અસંખ્ય પ્રકારનો તરતમયોગ છે. તેમાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ હોય છે. અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભના ઉપશમથી કાંઈ બે ઘડી સુધી અણુવ્રતની રુચિ-પરિણતિ-ભાવના-પ્રવૃત્તિ રહે છે. અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમભાવથી વારંવાર અણુવ્રતો ગ્રહાય છે અને અણુવ્રત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિણતિ ટળવાની અપેક્ષાએ મુકાય છે. વ્યવહારથી અણુવ્રતો ગ્રહાય છે અને મુકાય છે. તેમાં પુનઃ પુનઃ દોષો લાગે છે અને પુનઃ પુનઃ પશ્ચાત્તાપાદિકથી અણુવ્રતપરિણામની અને વ્રતની શુદ્ધિ થાય છે.

' પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભનો તીવ્રોદય જ્યાં સુધી હોય છે ત્યાં સુધી વ્રતોની ઉપયોગિતા અને સર્વ-વિરતિપરિણામની મહત્તા જાણવા છતાં તેની પ્રાપ્તિ થઈ શકતી નથી. અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી સર્વવિરતિપરિણામ પ્રગટતો નથી અને આચારમાં સર્વવિરતિનો વ્યવહાર મુકાતો નથી. પ્રત્યાખ્યાની કષાયનો અંતર્મુહૂર્ત સુધી જે ઉપશમ થાય છે તે ઉપશમભાવ છે. એવો ઉપશમભાવ થતાં અંત-ર્મુહૂર્ત સુધી પાંચ મહાવ્રત લેવાની તીવ્ર ઇચ્છા અને સર્વ પ્રકારે વિરત થવાનો અત્યંત તીવ્ર શુભ રાગ પ્રગટે છે. ત્યારે અવિરતિપરિણતિ પર અંતર્મુહૂર્ત સુધી તીવ્ર અરુચિ અને દ્વેષ પ્રગટે છે. પશ્ચાત્ અંતર્મુહૂર્ત પૂરું થતાં સર્વવિરતિના પરિણામ ટળી જાય છે. પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભનો ક્ષયોપશમ વારંવાર થાય છે અને વારંવાર ક્ષયોપશમ ટળી જાય છે. તેથી સર્વવિરતિની ઇચ્છા, રુચિ, પરિણામ વારંવાર પ્રગટે છે અને ટળે છે. તેથી વ્યવહારમાં ગ્રાહ્ય સર્વવિરતિના પરિણામવશ વ્રતોનું ગ્રહણ વારંવાર થાય છે અને વારંવાર તેનો ત્યાગ થાય છે.

' અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચારરૂપ દોષો વારંવાર પ્રગટે છે અને વારંવાર ટળે છે. એક દિવસમાં પ્રત્ય-ખ્યાની કષાયના અનેકવારના બદલાતા ક્ષયોપશમભાવથી સર્વ-વિરતિની પરિણતિ વારંવાર અનેકવાર પ્રગટે છે અને અનેકવાર ટળે છે. અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયનો ક્ષાયિકભાવ થતાં આંતરિક દેશવિરતિ અને સર્વવિરતિના પરિણામથી કદાપિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભ્રષ્ટ થવાતું નથી અને સ્વપ્નમાં પણ અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયવાસના પ્રગટતી નથી.

'અપ્રત્યાખ્યાની કષાયના ઉપશમ અને ક્ષયોપશમભાવ વખતે પ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોય છે અને પ્રત્યાખ્યાની કષાયના ઉપશમ અને ક્ષયોપશમકાળે સંજ્વલન્ ક્રોધ, માન, માયા અને લોભની પરિણતિ હોય છે. પ્રત્યાખ્યાની કષાયનો ક્ષયોપશમભાવ ટળી જાય છે ત્યારે સર્વવિરતિપરિણામ વર્તતો નથી. અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની ક્ષયોપશમ પરિણામમાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ વર્તે છે. તેથી સર્વાત્માઓમાં ક્ષયોપશમ-ચારિત્રના પરિણામમાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ હોય છે અને તેથી ચારિત્ર્યમાં સર્વ જીવો એકસરખા હોતા નથી.'

ચારિત્રદશા :

'સંજ્વલન કષાયના યોગે સર્વવિરતિ ચારિત્ર પામવામાં રાગ પ્રગટે છે અને અવિરતિ તથા તેના હેતુઓ પર અરુચિ-દ્વેષ પ્રગટે છે. પ્રશસ્ય પ્રત્યાખ્યાની કષાયને વ્રતધારી ગૃહસ્થો ધર્માર્થે વાપરે છે. પ્રશસ્ય અને ધર્મ્ય એવા પ્રત્યાખ્યાની કષાયના પરિણામનો દેવ, ગુરુ અને ધર્મની સેવાભક્તિમાં ઉપયોગ થાય છે અને તેથી તીર્થંકરનામકર્મ આદિ પદવીઓની પ્રાપ્તિ થાય છે. પ્રત્યાખ્યાની કષાયના પરિણામથી ગૃહસ્થનાં વ્રતોને પાળવામાં હરકત આવતી નથી. અણુવ્રતધારક ગૃહસ્થો જ્ઞાન અને વૈરાગ્યના બળથી પ્રત્યાખ્યાની કષાયોનો શુભ ઉપયોગ કરે છે.

'સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભના પરિણામનો સતત પ્રવાહ પંદર દિવસ સુધી સર્વવિરતિધરોને ઉત્કૃષ્ટ ભંગે સેવવો પડે છે અને તેવા સંજ્વલનકષાયના પરિણામથી રાગદ્વેષના પરિણામથી શૂન્ય એવું યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થતું નથી. અપ્રશસ્ય કષાયથી અવ્રતપરિણામ વર્તે છે. જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ શુભ કષાય થતો જાય છે તેમ તેમ વિરતિપરિણામ પ્રગટે છે. રાગથી ત્યાગ થાય છે. અશુભ કષાયોથી અવ્રત થાય છે, જ્યારે શુભ રાગાદિ કષાયોથી ત્યાગ થાય છે. સમભાવરૂપ આત્માની દશા થતાં રાગ અને ત્યાગની પરિણતિ રહેતી નથી. ત્યાગી મહાત્માઓ સંજ્વલનના કષાયોથી અનંત શુભ રસવાળું પુણ્યાનુબંધીપુણ્ય ગ્રહણ કરે છે. ત્યાગી મહાત્માઓને પ્રત્યાખ્યાની કષાયો પ્રગટે છે તો તેઓ જ્ઞાન અને વૈરાગ્યથી તે કષાયના ફળને બેસવા દેતા નથી અને પ્રત્યાખ્યાની કષાયનો ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષય કરે છે. એ જ રીતે તે અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય થતાં તેનો ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષય કરી આત્માનું વિશુદ્ધ બળ પ્રગટાવે છે.

'ત્યાગી મહાત્માઓ કેટલાક છઠ્ઠા ગુણસ્થાનમાં વર્તે છે અને કેટલાક અપ્રમત્તના સાતમા ગુણસ્થાનકની ભૂમિકામાં વર્તે છે. તેઓ અવધૂતદશામાં રહી સંજ્વલન કષાયનો અંતર્મુહૂર્ત સુધી ઉપશમ કરે છે તથા સંજ્વલન કષાયનો ક્ષયોપશમ કરે છે. તેથી આત્માના આનંદની મસ્તીમાં અલમસ્ત મસ્તાન બને છે. તેઓ આત્માનંદ રસ ચાખીને પૌદ્ગલિક શાતારસની પ્રવૃત્તિથી પૂર્ણ મુક્ત બને છે.

'સંજ્વલન કષાયથી પ્રગટેલી લબ્ધિઓનો ધર્માર્થે ઉપયોગ થાય છે. અષ્ટ સિદ્ધિઓનો અને નવ નિધિઓનો ધર્માર્થે ઉપયોગ થાય છે. સંજ્વલન કષાયના ઉદયથી ત્યાગી મહાત્માઓ પોતાની ત્યાગદશાથી ભ્રષ્ટ થતા નથી, તેમ જ ત્યાગી મહાત્માઓ સંજ્વલન કષાયોનો દુરુપયોગ પણ કરતા નથી. શિષ્યો અને ભક્તોને સંઘ, દેવ, ગુરુ તથા જૈન ધર્મના પ્રચારની શિક્ષા દેવાના પ્રસંગે જ્ઞાની મહાત્માઓ સંજ્વલન રાગ-દ્વેષની પરિણતિને સેવે છે. તેઓ આત્માની તરફ ઉપયોગ રાખીને સંજ્વલન કષાયોને શમાવી દે છે. જ્ઞાની મહાત્માઓ સંજ્વલન રાગ-દ્વેષનો વિશ્વના લોકોના કલ્યાણાર્થે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપયોગ કરે છે. પાંચ મહાવ્રત પાળવામાં અને સંયમનું તેમ જ અન્ય મુનિઓનું તથા સાધુ–સાધ્વીઓનું રક્ષણ કરવામાં મહાત્માઓ સંજ્વલન કષાયો કરે છે અને તેથી સંવર, નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્ય એ ત્રણ તત્ત્વની આરાધના કરે છે.

' સંજ્વલન કષાયના ઉદયથી યથાખ્યાતચારિત્રનો આનંદ અનુભવાતો નથી. ગૃહસ્થો સંજ્વલન કષાયના ઉદયને ધર્મમાર્ગમાં વાળે છે. તેથી તેઓ સર્વવિરતિપરિણામરૂપ નિશ્ચયચારિત્રને પામે છે તથા સંજ્વલન કષાયોનો ક્ષય કરીને ત્યાગીઓની પેઠે કેવળજ્ઞાનને પામે છે. ગૃહસ્થો કરતાં ત્યાગીઓ ઘણી સંખ્યાના પ્રમાણમાં સંજ્વલન કષાયનો ત્યાગ કરી કેવળજ્ઞાન પામે છે. ગૃહસ્થોને ગૃહસ્થદશાની ઉપાધિ નડે છે, જ્યારે જ્ઞાની ત્યાગીઓ તો આત્મામાં અખંડ સતત ઉપયોગે રાત્રિદિવસ જાગ્રત રહે છે. તેથી તે સંજ્વલન કષાયોથી ઉત્કૃષ્ટ વીર્યોલ્લાસે એક ક્ષણમાં મુક્ત અને સ્વતંત્ર થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરવાથી આત્મસમાધિ પ્રાપ્ત થાય છે અને તેથી એક ક્ષણમાં સર્વ કષાયોથી આત્મા મુક્ત થાય છે. આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ સમજાવનાર અને સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિ કરાવનાર જે છે તે સદ્ગુરુ જ છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સદ્ગુરુની આજ્ઞા માનીને જેઓ વર્તે છે તેઓ ધર્મની પ્રાપ્તિ કરી શકે છે અને મુક્ત બને છે.

' દેવ–ગુરુમાં પૂર્ણ વિશ્વાસ અને પૂર્ણ પ્રીતિ ધારણ કરવાથી સોળે કષાયોનો ઉત્કૃષ્ટ પરિણામે એક ક્ષણમાં નાશ થાય છે. ગુરુમાં મન–વાણી–કાયાને હોમીને સદ્ગુરુમાં તન્મય બનવાથી અશુભ કષાયોનો અને શુભ કષાયોનો પણ નાશ થાય છે. સદ્ગુરુમાં પરમાત્મપણું ભાવવું અને તેમાં હોમાઈ જવું એ જ જીવન્મુક્ત થવાનો ઉત્કૃષ્ટ ઉપાય છે. સદ્ગુરુ એ જ પરમાત્મા છે—એવી નિશ્ચલ બુદ્ધિ જેને છે તે જ મારા કહેલા તત્ત્વજ્ઞાનનો અનુભવ પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'સમ્યગ્દૃષ્ટિ ચોથી ભૂમિકામાં વર્તે છે. ગૃહસ્થ ગુરુ અને આચાર્યો પાંચમી ભૂમિકામાં દેશવિરતિયોગને સાધતા વર્તે છે. ત્યાગી મુનિ, સાધુ, સંન્યાસીઓ સર્વવિરતિયોગને સાધતા છઠ્ઠા ગુણસ્થાનકરૂપ છઠ્ઠી ભૂમિકામાં વર્તે છે. ત્યાગી જગદ્‌ગુરુ આચાર્યો છઠ્ઠી ભૂમિકામાં વર્તે છે અને તે આત્મસામ્રાજ્યના પ્રભુ બને છે.'

અપ્રમત્તદશા :

ક્રિયાવ્રતાનુષ્ઠાનથી રહિત અને આત્માનું સમીપપણું તથા આત્માનું સાક્ષાત્‌પણું અનુભવતા અને દુનિયાની સંજ્ઞાઓ અને વ્યવહારોથી રહિત થયેલા એવા અવધૂત આત્મજ્ઞાની મહાત્માઓ અપ્રમત્તગુણસ્થાનકરૂપ સાતમી ભૂમિકામાં વર્તે છે. તેઓ હૃદયમાં 'આત્મા તે જ પરમાત્મા છે' એવો અનુભવ કરીને અનંત આનંદનો અનુભવ કરે છે. તેઓને બાહ્ય શરીરના જીવનમરણની બિલકુલ પરવા રહેતી નથી. લઘુ બાળકના જેવી તેમની નિર્દોષ પ્રવૃત્તિ હોય છે. તેઓ આત્મ-સમાધિમાં સદા ખેલ્યા કરે છે.

'પ્રત્યાખ્યાની કષાયના પરિણામે તેઓ પાછા પંચમ ભૂમિકાના પરિણામને પામે છે અને પાછા પોતાની ભૂમિકાએ ચઢી જાય છે. તેઓ છઠ્ઠાથી સાતમા અને સાતમાથી છઠ્ઠા ગુણ-સ્થાનકમાં વારંવાર આવજા કરે છે. અપ્રમત્તગુણસ્થાનકવાળી સાતમી ભૂમિકામાં અવધૂત મસ્ત મુનિ યોગીઓ આત્મા-ના શુદ્ધ સ્વરૂપમાં લયલીન રહે છે. સંજ્વલન કષાયના ક્ષયો-પશમથી અને આત્માના શુદ્ધોપયોગથી આત્માનો સહજ આનંદસાગર ઊછળે છે. ઇન્દ્રાદિક પદવીઓનાં સુખ તો ત્યાં નાકના મેલ જેવાં ભાસે છે. ત્યાં રોગ અને ભોગમાં સમભાવ વર્તે છે. અપ્રમત્ત મુનિઓ ત્યાં શાસ્ત્રવાસના, લોકવાસના અને વિષયવાસનાથી મુક્ત થાય છે. અપ્રમત્તયોગ દશામાં વર્તનારા બાહ્ય ક્રિયાકાંડથી મુક્ત થાય છે અને રાગદ્વેષની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવૃત્તિ કરીને પોતાને પરમાત્મસ્વરૂપે અનુભવે છે. ત્યાં આત્માને રાગદ્વેષથી રહિત એક અદ્વૈતભાવે અનુભવે છે. તેઓ હૃદયમાં પ્રભુને નિહાળે છે.

'અપ્રમત્તગુણસ્થાનકવાળી સાતમી ભૂમિકામાં આત્મા વિશુદ્ધોપયોગે વર્તે છે અને ઉજ્જ્વલ ધ્યાનથી પ્રતિક્ષણે અનંત અનંત કર્મનો ક્ષય કરે છે અપ્રમત્ત મુનિઓ આત્માના દ્રષ્ટા બને છે. તેઓ આત્માને દેખે છે, પણ કેટલાંક કર્મ ખરે છે અને કેટલાંક કર્મ બાકી રહ્યાં છે એવી કર્મસંબંધી ઉપયોગ–દૃષ્ટિને મૂકતા નથી. આત્માના સહજ સ્વભાવમાં તેઓ રમે છે. તેઓ મારામાં એકતાન બની જાય છે. તેઓ દુનિયાને ભૂલી જાય છે.

'સાતમી ભૂમિકામાં આત્મસમાધિથી મુક્તિસુખનો પૂર્ણ નિશ્ચય થાય છે. સાતમી ગુણસ્થાનકભૂમિકામાં અનેક લબ્ધિઓ પ્રગટે છે. છઠ્ઠી ગુણસ્થાનકભૂમિકામાં આર્તધ્યાન પ્રગટે છે અને ધર્મધ્યાન પણ વર્તે છે તથા કોઈ વખત હિંસાનુબંધી વિચારવાળું રૌદ્રધ્યાન પ્રગટે છે. સાતમા ગુણસ્થાનકની ભૂમિકામાં નામરૂપનો મોહ રહેતો નથી તેમ જ ત્યાં વર્તનારને રૌદ્રધ્યાન અને આર્તધ્યાન રહેતું નથી. ત્યાં ધર્મધ્યાનની મુખ્યતા વર્તે છે. ત્યાં શુકલધ્યાનનો પ્રારંભ થાય છે તેથી આત્મજ્ઞાની યોગી અને ત્યાગીઓ પૂર્ણાનંદનો અનુભવ કરે છે. ત્યાંથી કદાચ તેઓ નીચા આવે છે તો છઠ્ઠા ગુણસ્થાનકની ભૂમિકામાં આવે છે. ત્યાં તેઓ વિશ્વમાં ધર્મ પ્રવર્તાવવાનું કાર્ય કરે છે અને આત્માના ઉપયોગમાં વર્તે છે.

'છઠ્ઠી પ્રમત્તગુણસ્થાનકભૂમિમાં વારંવાર પ્રમાદો આવે છે અને તેથી ત્યાં પ્રતિક્રમણની જરૂર રહે છે. પ્રમત્ત મુનિઓ આત્માના જ્ઞાન અને વૈરાગ્યથી મનઃરૂપ રણક્ષેત્રમાં પ્રમાદો, કે જે આત્માના શત્રુઓ છે, તેઓની સાથે યુદ્ધ કરે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન-વૈરાગ્યના બળે સંજ્વલન કષાયોને દબાવી-ઉપશમાવી અપ્રમત્ત આત્મોપયોગ ગુણસ્થાનકમાં ચઢે છે અને ત્યાંથી ઉત્કૃષ્ટ દશાએ એક અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે. છઠ્ઠી ભૂમિકાવાળા પ્રમત્તગુણસ્થાનકમાં રહેલા ત્યાગીઓની અને અપ્રમત્ત ત્યાગીઓની સંગત કરવાથી ચારિત્રમોહનો નાશ થાય છે. હજારો ગાઉ દૂર રહેલા એવા ત્યાગીઓની સેવા-ભક્તિ કરવા માટે ત્યાં જવું અને તેઓને વિનયપૂર્વક ધર્મ-સંબંધી પ્રશ્નો પૂછવા. તેઓ પાસેથી શુદ્ધાત્મસ્વરૂપ શ્રવણ કરવું. તેઓની સેવા-ભક્તિમાં બાકી ન રાખવી.

'પ્રમત્તગુણસ્થાનકવર્તી સંયમી મહાત્માઓ વિશેષ પ્રકારે ધર્મનો પ્રચાર કરે છે. તેઓની આજ્ઞા પ્રમાણે વર્તવું. પ્રશસ્ય કષાયથી મહાત્માઓ વિશ્વના લોકોને ધર્મમાં પ્રવર્તાવવા પ્રયત્ન કરે છે. મારા ઉપદેશાનુસાર ત્યાગી મહાત્માઓ પ્રમાદમાં છતાં, પ્રમાદની સાથે યુદ્ધ કરવા છતાં, શુદ્ધાત્મસ્વરૂપના ઉપાસક બને છે. ત્યાગી ધર્માચાર્યો પ્રમત્તગુણસ્થાનકમાં રહીને અપ્રમત્ત મુનિઓની વૈયાવૃત્ય કરે છે. પ્રમત્ત મુનિઓના બાહ્ય વેષ, આચાર અને વ્યવહારમાં રુચિભેદે અનેક ભેદ છે. તેમાં સર્વના આત્માની શુદ્ધિ કરવી એ જ ઉદ્દેશથી બાહ્ય આચાર-વ્યવહાર છે. તેથી બાહ્ય ક્રિયા કે આચારના, મતભેદોમાં મૂંઝાવાનું કારણ નથી.

'અપ્રમત્ત જ્ઞાની ધ્યાની મહાત્માઓ શુદ્ધાત્મસ્વરૂપના પૂર્ણ રસિયા બને છે. તેઓ અપૂર્વકરણ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. પૂર્વે કદાપિ ધ્યાનની શક્તિ નહીં પ્રાપ્ત કરેલી એવી શુક્લ-ધ્યાનની શક્તિને પામે છે અને તેથી આત્મામાં અપૂર્વ વીર્યોલ્લાસ જાગ્રત થાય છે. તેથી તેવી ધ્યાનસમાધિદશામાં વર્તતાં જો વિશ્વના સર્વ જીવોનાં કર્મ ત્યાં આવીને પડે તો તેનો એક ક્ષણમાં નાશ કરે એવું અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે. તેવા શુક્લધ્યાનથી આવેલું અપૂર્વકરણ કદી પાછું જાય નહિ એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનિવૃત્તિકરણ ગુણસ્થાનકની દશા ક્ષણમાં પ્રાપ્ત થાય છે.

'હાસ્યપ્રકૃતિનો તેથી અંત આવે છે. હાસ્ય એ મોહ છે, રતિ એ મોહ છે. બાહ્ય શરીરદ્વારા સુખ ભોગવવાની ઇચ્છા અને બાહ્ય સુખ તે રતિ છે. આત્મસુખનો પૂર્ણાનુભવ-રસ વેદાયા પશ્ચાત્ રતિની વૃત્તિ ટળી જાય છે. એ જ રીતે બાહ્ય દુઃખરૂપ અરતિનો પણ અંત આવે છે. બાહ્ય વિશ્વમાં રતિ અને અરતિ રહેતી નથી તથા મનમાં પણ રતિ અને અરતિ રહેતી નથી. રતિ અને અરતિ કંઈ છે જ નહીં એવો આત્મ-ધ્યાનીઓને તે દશામાં અનુભવ આવે છે. તેઓના મનમાં ભય અને શોક રહેતો નથી. દેહાદિ વસ્તુની જ્યાં સુધી મમતા હોય છે ત્યાં સુધી ભય રહે છે. આત્મા અવિનાશી છે. તેને કંઈ પણ ભય નથી. આત્માના શુક્લધ્યાનના ઉપયોગે રહેતાં ભય નામની સંજ્ઞા અને ચેષ્ટા ટળી જાય છે અને આત્મા નિર્ભય બને છે. તેને બાહ્ય દુનિયાનો કે કર્મનો ભય રહેતો નથી. સંસારમાં જન્મમૃત્યુનો ભય રહેતો નથી. આત્મા અભેદ્દી, અછેદ્દી, અમર, અવિનાશી, અખંડ, નિર્મળ, અજ છે. કોઈ પણ વસ્તુથી આત્માનો નાશ થતો નથી. શરીરમાં રહ્યા છતાં શરીરથી આત્મા ન્યારો છે, એવો ધ્યાનીને અનુભવ થાય છે. તેથી તે સર્વ પ્રકારના ભયની પરિણતિથી તથા સર્વ પ્રકારની શોકની મનોવૃત્તિઓથી મુક્ત થાય છે.

'આત્માને આત્મસ્વરૂપથી અનુભવતાં જડ વસ્તુ સંબંધી સર્વ પ્રકારના શોકથી આત્મા મુક્ત થાય છે. જ્યાં બાહ્ય વસ્તુ સંબંધી હર્ષ હોય છે ત્યાં બાહ્ય વસ્તુ સંબંધી શોક હોય છે. હર્ષ અને શોકની પરિણતિનો પ્રાદુર્ભાવ થવાનું કારણ ખરેખર જડ વસ્તુઓમાં બંધાયેલી ઇષ્ટાનિષ્ટપણાની મનોવૃત્તિ છે. આત્માનો અત્યંત શુદ્ધોપયોગ પ્રગટ્યા પછી ઇષ્ટાનિષ્ટપણાની કલ્પનાવૃત્તિ ટળી જાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપમાં સત્પણાનો પૂર્ણ નિશ્ચય થાય છે અને અસત્પણાનો મોહ ટળી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી દુગંછાવૃત્તિ પણ રહેતી નથી. ભય, શોક, દુગંછાની વૃત્તિ સુધી હિંસાની સૂક્ષ્મ વૃત્તિ પણ અંશમાત્ર રહે છે. તે પણ ટળી જાય છે.

'શુક્લધ્યાનપૂર્વકની સમાધિથી દેહાતીત એવા આત્માના સુખનો અનુભવરસ પ્રગટયા પછી પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદદ્વારા ઇચ્છાયેલા મૈથુનથી થતા ભ્રાંતિમય આનંદનો મોહ ટળી જાય છે. તેથી ત્રણ વેદની વૃત્તિ ટળે છે. પુરુષ જો ધ્યાની હોય છે તો તેનો ભાવપુરુષવેદ ટળે છે, સ્ત્રી જો આત્મધ્યાની હોય છે તો તેનો ભાવસ્ત્રીવેદ ટળે છે, નપુંસક જો આત્મધ્યાની હોય છે તો તેનો નપુંસકવેદ મોહ ટળે છે. ત્રણ પ્રકારના વેદના કામની વાસનાથી લોકો દુનિયામાં અનેક પ્રકારનાં પાપકર્મો કરે છે અને મનમાં સ્વપ્ન વિષે પણ શાંતિ પામી શકતા નથી. કામભોગથી વિશ્વમાં કોઈને ભૂતકાળમાં શાંતિ કે સુખ પ્રાપ્ત થયું નથી, વર્તમાનમાં પ્રાપ્ત થતું નથી અને ભવિષ્યમાં કોઈને પ્રાપ્ત થનાર નથી.

'પુરુષવેદાદિ કામવાસનાથી આત્મસુખમાં અંતરાય આવે છે. જ્યાં કામવાસના છે ત્યાં આત્મસુખ નથી. પાંચે ઇન્દ્રિયોદ્વારા સત્ય સુખની પ્રાપ્તિ થતી નથી. પરમાણુઓના બનેલા જડ દેહાદિ પદાર્થોમાં સુખ નથી. શરીરના ભોગથી શરીરની ક્ષીણતા થાય છે. કામવાસનાના યોગે થતો રાગ તે મોહ છે. ત્યાં શુદ્ધાત્મપ્રેમ નથી, એવો અનિવૃત્તિકરણ દશામાં શુક્લધ્યાનયોગે અનુભવ આવે છે. તેથી કામાદિ વાસનાના સૂક્ષ્મ વિચારોનો પણ સર્વથા નાશ થાય છે. કામવાસનાનો સર્વથા નાશ થતાં આત્મા સર્વ વિશ્વની બહાર અનંતગુણો છલકાઈ જાય એવા આત્માના સુખનો સમયે સમયે અનુભવ કરે છે. પશ્ચાત્ સમભાવરૂપ પોતાના સ્વરૂપે આત્મા પરિણમે છે અને તેના બળથી સૂક્ષ્મરૂપ થયેલા અને કંઈક કંઈક રહેલા એવા સંજ્વલન કષાયોનો સર્વથા નાશ થાય છે. એવી આત્મામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેદાતી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક ભૂમિ પર આત્મા આરોહે છે. ત્યાંથી કોઈક આત્મા જો મોહના ઉપશમભાવથી આગળ વધેલો હોય છે તો ઉપશાંતમોહ ગુણસ્થાનકભૂમિ સ્પર્શીને પાછો આવી, મોહનો ક્ષાયિક ભાવ કરી કેવળજ્ઞાન પ્રગટાવે છે. કોઈ આત્મા સૂક્ષ્મસંપરાયથી આગળ ક્ષીણ મોહદશાને પ્રાપ્ત કરી, કેવળજ્ઞાન પ્રગટાવીને પૂર્ણ પરમાત્મા સર્વજ્ઞ થાય છે.'

કેવળજ્ઞાન :

' ચારિત્રમોહને ઉપશાંત કર્યા પછી તેનો સર્વથા ક્ષય થાય છે. મોહનો સર્વથા ક્ષય થતાં ક્ષીણમોહ ગુણસ્થાનકની બારમી ભૂમિકામાં તત્કાળ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયનો સર્વથા ક્ષય થાય છે. જ્ઞાનાવરણીયના ક્ષાયિકભાવથી કેવળજ્ઞાન પ્રગટે છે અને દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળ-દર્શન પ્રગટે છે.

' દ્વાદશમી ક્ષીણમોહ નામની ગુણસ્થાનકભૂમિકા એ જ આત્માની શુક્લધ્યાનની ઉચ્ચ દશા છે. ત્યાં મોહનો સર્વથા નાશ થવાથી અખંડ, નિત્ય, અનંત આનંદ પ્રગટે છે અને અંતરાયકર્મનો સર્વથા ક્ષય થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય પ્રગટે છે. શુક્લધ્યાનની ઉત્કૃષ્ટ દશાવાળી બારમી ભૂમિકામાં અઘાતી વેદનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ એ ચાર કર્મ બાકી રહે છે. આ ચાર અઘાતી કર્મનો ભોગ તે જ પ્રારબ્ધ કર્મભોગ છે.

તેરમી સયોગી કેવળીની ભૂમિકા છે. સયોગી કેવળજ્ઞાની ભૂમિકામાં કેટલાક કેવળજ્ઞાનીઓ અંતર્મુહૂર્તનું આયુષ્ય હોવાથી અંતર્મુહૂર્ત સુધી રહીને દેહનો અયોગ કરે છે. તે અંતકૃત કેવળીઓ જાણવા. કેટલાક કેવળજ્ઞાન પામીને તેરમી સયોગી ભૂમિકામાં આયુષ્ય પર્યંત જીવન્મુક્ત બની રહે છે. ભાષાવર્ગણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓની ટળી ગઈ હોય છે, તેથી તેઓ મૂક રહે છે. એવા જિંદગીભર મૂક રહેનારાઓને મૂક કેવળી જાણવા. કેટલાક સયોગી ભૂમિકામાં પૂર્વકોટિ વર્ષ સુધી ઉપદેશ આપતા દેશોદેશ વિચરે છે.

'તીર્થંકરો, સામાન્ય જિનો વગેરે કેવળીઓ તેરમી સયોગી ગુણસ્થાનકની ભૂમિકામાં શાતાવેદનીય અને અશાતાવેદનીયને ભોગવી નિર્જરે છે. તે આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ ભોગવે છે. તે યોગ્ય આહાર–જળથી શરીરને પોષે છે. દ્રવ્ય પરિષહોને પણ કેટલાક સામાન્ય કેવળજ્ઞાનીઓ સમભાવે ભોગવે છે. આયુષ્ય હોય અને ગૃહસ્થદશામાં કેવળજ્ઞાન પ્રગટયું હોય છે તો તે પશ્ચાત્ ત્યાગીપણું સ્વીકારે છે. તે પ્રારબ્ધકર્મોને ભોગવવા છતાં નિર્લેપ કરે છે. પુરુષ, સ્ત્રી અને નપુંસકને સયોગી ભૂમિકામાં પ્રવેશ કરવાનો અધિકાર છે. સયોગી ભૂમિકામાં અઘાતી કર્મોને ભોગવીને કેવળી તેની નિર્જરા કરે છે.

તેરમી સયોગી ભૂમિકામાં રહીને જગદુદ્ધારક તીર્થંકર દેવો તીર્થની—સંઘની સ્થાપના કરે છે, જૈનધર્મનો પ્રકાશ કરે છે, સત્ય તત્ત્વોનો પ્રકાશ કરે છે. તેઓને વિશ્વના સર્વ પદાર્થો હસ્તામલકવત્ દેખાય છે. રાગ–દ્વેષનો સર્વથા ક્ષય થવાથી તેઓ અસત્ય કદાપિ વદતા નથી. ક્રોધ, માન, માયા લોભ, ભય વગેરે દોષોના યોગે અસત્ય બોલાય છે. જ્યાં ક્રોધાદિ દોષોનો નાશ થાય છે અને વીતરાગ જિનદશા—પરમાત્મદશા પ્રગટ થાય છે ત્યાં અસત્ય વદવાનું કંઈ કારણ રહેતું નથી.

'તેરમી ભૂમિકાના અર્હંતો, જિનો, વીતરાગો, જીવન્મુક્તો, બુદ્ધો, તીર્થંકરો, સયોગીઓ મન, વાણી અને કાયાના યોગથી વિશ્વના લોકોનું શ્રેય કરે છે. રાગ–દ્વેષના તથા ક્ષયોપશમ જ્ઞાનવૃત્તિના નાશની સાથે ભાવ મનનો નાશ થવાથી સયોગી કેવળીઓ દ્રવ્ય મનોવર્ગણાથી દેવલોકમાં રહેલા દેવોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોધ આપે છે અને વાણીથી ભવ્ય લોકોને ઉપદેશ આપ છે. એવા સયોગી કેવળીઓની સેવાભક્તિથી ભવ્ય મનુષ્યોને ધર્મની પ્રાપ્તિ થાય છે. એવા સયોગી કેવળીઓનાં દર્શન મહા પુણ્યોદયથી થાય છે, એમ હે શતાનીક ! તું જાણ.'

મુક્તદશા :

'પહેલી મિથ્યાત્વભૂમિકામાંથી નીકળીને ઉત્કૃષ્ટ ભાવવીર્યે કોઈક આત્મા સર્વ ગુણસ્થાનકભૂમિકાઓને કાચી બે ઘડીમાં સ્પર્શીને, મરુદેવી માતાની પેઠે સયોગી કેવળજ્ઞાની બની, અંતર્મુહૂર્તમાં દેહ ત્યજીને અયોગી સિદ્ધ પરમાત્મા બને છે.

'ચોથી અવિરતિ અપુનર્બંધક સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક-ભૂમિકામાં રહેલો કોઈક આત્મા ઉત્કૃષ્ટ શુદ્ધાત્મભાવવીર્યના યોગે કાચી બે ઘડીમાં પાંચમીથી બાર ભૂમિકાઓને ઉલ્લંઘી તેરમી સયોગી ભૂમિકામાં જાય છે. એ પ્રમાણે પાંચમી ભૂમિકામાં રહેલો આત્મા ઉત્કૃષ્ટ વીર્યયોગે કાચી બે ઘડીમાં કેવળજ્ઞાની બને છે. છઠ્ઠી પ્રમત્તભૂમિકામાં રહેલો ત્યાગી ઉત્કૃષ્ટયોગે કાચી બે ઘડીમાં કેવળજ્ઞાની બને છે અને મુક્ત પણ બને છે. અપ્રમત્ત ગુણસ્થાનકભૂમિકાથી તે ઠેઠ બારમી ભૂમિકાવાળા આત્માઓ એક શ્વાસોચ્છ્વાસમાં કેવળજ્ઞાન પામે છે અને એક શ્વાસોચ્છ્વાસમાં સાતમી ભૂમિકાથી તેરમીમાં જઈ, અયોગી બની પૂર્ણ મુક્ત સિદ્ધ બને છે.

'અપ્રમત્ત ગુણસ્થાનકભૂમિકાવાળો અન્તરાત્મા યોગી નવ નોકષાયનો ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ એક ક્ષણમાં કરીને ઉત્કૃષ્ટયોગે કેવળી બને છે. મધ્યમયોગે તે ભવમાં કેવળ-જ્ઞાની બને છે.

'સમ્યગ્દષ્ટિવાળો અંતરાત્મા જઘન્ય ઉપયોગે, જઘન્ય પરિણામે અને મંદવીર્યપ્રયોગે સાત-આઠ ભવ કરીને મુક્ત બને છે. સયોગી કેવળજ્ઞાનની ભૂમિકા પછી ચૌદમી અયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂમિકા આવે છે. ત્યાં મન, વાણી અને કાયાથી શુદ્ધાત્મા જુદો પડીને, સિદ્ધ, બુદ્ધ, પરમાત્મા, પરમેશ્વર બને છે.

'સર્વ પ્રકારના ચાર અઘાતી કર્મોની પ્રકૃતિઓથી મુક્ત અને પૂર્ણ શુદ્ધ થયા પછી કર્મના અભાવે ચોરાસી લાખ યોનિઓમાં જન્મ-મરણ કરવા પડતાં નથી. મુક્તદશામાંથી પાછું ફરાતું નથી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા બાદ પાછી પૂર્વની દશા પ્રાપ્ત થતી નથી. સિદ્ધ પરમાત્મા સમયે સમયે અનંત જ્ઞાન અને અનંત સુખનો ભોગ કરે છે.'

આત્મા અને કર્મની અનાદિતા :

શતાનીક રાજાએ ભગવાનને પૂછ્યું કે, 'હે ભગવન્! પહેલો આત્મા કે પહેલું કર્મ, તેનો ખુલાસો કરશો.'

ભગવંત મહાવીરદેવે કહ્યું કે, 'સંસારમાં આત્મા અને કર્મ બંને અનાદિકાળના છે. એ જ રીતે આત્મા તથા કર્મનો સંયોગ પણ અનાદિકાળનો છે.

'હે શતાનીક! પૂર્વે એકલો શુદ્ધ આત્મા હતો અને પશ્ચાત્ કર્મ લાગ્યાં એમ કોઈ માને તોપણ તે યોગ્ય નથી. પૂર્વે જે શુદ્ધાત્મા હોય તેને કર્મ લાગી શકે નહીં. શુદ્ધાત્માને અન્ય કોઈ એવો ઈશ્વર નથી કે જે અન્યાયથી કર્મ લગાડી શકે. શુદ્ધાત્મામાં એવી શક્તિ નથી કે તે અશુદ્ધ થાય અને કર્મ ગ્રહણ કરી શકે. જો અનાદિકાળથી આત્મા કર્મરહિત અને શુદ્ધ જ હોય તો તે કર્મના અભાવે અશુદ્ધ બની શકતો નથી. પૂર્વે કર્મ હતું અને પશ્ચાત્ આત્મા થયો, એમ પણ કોઈ માને તો તે અજ્ઞાન છે. આત્મા વિના પહેલાંથી કર્મ હોઈ શકતું નથી. આત્મા જે કરે તે કર્મ છે. આત્મા જ્યારે પૂર્વે ન હોય ત્યારે આત્માથી થતું કર્મ પૂર્વે આત્મા વિના હોય નહીં, એમ યુક્તિથી તું જાણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'આત્મા નિત્ય છે, અજ છે, અવિનાશી છે. જેની આદિ છે તેની ઉત્પત્તિ છે. જેની આદિ છે તે કાર્ય છે. જે કાર્યરૂપ પદાર્થ છે તેનું ઉપાદાનકારણ અને નિમિત્તકારણ હોય છે. આત્મા નિત્ય છે, અજ છે તેથી તે અનાદિકાળનો છે અને અનંતકાળ-પર્યંત રહે છે આત્માને અને કર્મને અમુકે બનાવ્યાં અને આત્મા તથા કર્મ બન્નેનો સંયોગ કરી દીધો એમ પણ નથી. આત્મા નિત્ય છે. તે અજ છે. તે કોઈનો બનાવ્યો બન્યો નથી. અનાદિકાળથી આત્મા અને કર્મનો સંયોગ છે, એમ હે શતાનીક રાજન્! તું જાણ.

'આત્માની સાથે અનાદિકાળથી કર્મનો સંબંધ છે. કર્મનો કર્તા આત્મા છે. જ્યાં સુધી આત્મા અશુદ્ધ પરિણતિ-મય હોય છે ત્યાં સુધી તે કર્મનો કર્તા છે. રાગદ્વેષની અશુદ્ધ પરિણતિ તે ભાવકર્મ છે અને આઠ પ્રકારનાં કર્મ તે દ્રવ્ય કર્મ છે. આત્મા પોતે જ કર્મનો કર્તા છે અને કર્મનો હર્તા છે, આત્માની શુદ્ધતારૂપ મુક્તિ છે અને મુક્તિના ઉપાયો છે, એમ ગુરુના બોધનું શ્રવણ કરતાં આત્મા પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે અને સમ્યગ્દૃષ્ટિ બને છે.

શ્રદ્ધા છતાં ચારિત્રના અભાવનું કારણ:

શતાનીક ભૂપે પૂછ્યું કે, 'હે ભગવન્! આત્મા જ્યારે બહિરાત્મમિથ્યાબુદ્ધિનો ત્યાગ કરીને સમ્યગ્દૃષ્ટિને પામે છે. ત્યારે તે સત્ય અને અસત્યનો વિવેક કરે છે, તે અમૃતને અમૃત-રૂપ જાણે છે અને વિષને વિષરૂપ જાણે છે. અવિરતિને અવિરતિ-રૂપ જાણે છે અને વિરતિને વિરતિરૂપ જાણે છે, છતાં અવિ-રતિનો કેમ ત્યાગ કરતો નથી અને તત્કાળ કેમ વિરતિપણું પ્રાપ્ત કરી શકતો નથી. આપની કૃપાદૃષ્ટિથી મને સમ્યગ્દૃષ્ટિ પ્રગટી છે. દેવ-ગુરુ-ધર્મની પૂર્ણ શ્રદ્ધા થઈ છે. આત્માના સ્વરૂપની પૂર્ણ શ્રદ્ધા થઈ છે. પાપ અને પુણ્યની પૂર્ણ શ્રદ્ધા થઈ છે. છતાં કેમ વ્રતનો સ્વીકાર કરવા આત્મા બળવાન થતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી ? અવ્રતપરિણતિને વિષ સમાન જાણું છું, છતાં કેમ અવિરતિપરિણતિનો ત્યાગ થતો નથી? મારાથી એકદમ કેમ મોહનો નાશ નથી કરી શકાતો ? મનમાં મોહનો પ્રવેશ જ ન થવા દઉં એવો દૃઢ નિશ્ચય થાય છે, છતાં મનમાંથી સર્વથા મોહ કેમ દૂર થતો નથી, તેનો ખુલાસો કૃપા કરીને જણાવશો. આપે મારા પર પૂર્ણોપકાર કર્યો છે. આપને મેં સર્વસ્વનું અર્પણ કર્યું છે. આપ મારા તથા વિશ્વના ઉદ્ધારક છો. તેથી કૃપા કરીને ખુલાસો આપશો. મેં આત્માનું સ્વરૂપ જાણ્યું છે, છતાં આત્માની શુદ્ધિમાં રહેવાતું નથી. મનમાં કષાયો આવ્યા કરે છે. તે કેમ દૂર થાય તે જણાવશો.'

શતાનીક રાજાનું વચન શ્રવણ કરીને પરબ્રહ્મ મહાવીર પરમેશ્વર કહેવા લાગ્યા કે, 'હે શતાનીક ! સમ્યગ્દૃષ્ટિ પામ્યા બાદ સર્વ સમ્યગ્દૃષ્ટિવાળા લોકો આત્માની શુદ્ધિ એકદમ પ્રાપ્ત કરવા શક્તિમાન થતા નથી. તેનું કારણ મોહનીયાદિ કર્મોનો ઉદય છે. સમ્યગ્દૃષ્ટિ પામ્યા બાદ કેટલાક લોકો અંતર્મુહૂર્તમાં ચારિત્રમોહ વગેરે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામે છે. કેટલાક મનુષ્યોને ચારિત્રમોહ એવો તો ગાઢ હોય છે કે જેથી એક જ ભવમાં ચોથી ગુણસ્થાનક ભૂમિકામાંથી પાંચમી દેશ–વિરતિ ગુણસ્થાનકભૂમિકા સુધી પણ જઈ શકતા નથી. કેટલાક આત્માઓ એક ભવમાં પાંચમી સુધી જાય છે, કેટલાક છઠ્ઠી પ્રમાદ ગુણસ્થાનકવાળી ત્યાગભૂમિકા સુધી જાય છે, કેટલાક એક જ ભવમાં અપ્રમત્ત ગુણસ્થાનક નામની સાતમી ભૂમિકા સુધી જાય છે અને કેટલાક એક જ ભવમાં ઠેઠ તેરમી ભૂમિકા સુધી જઈ પૂર્ણ, શુદ્ધ, સ્વતંત્ર, મુક્ત બને છે.'

સમ્યગ્દૃષ્ટિની યોગ્યતા :

'અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થયા બાદ જો અત્યંત તીવ્ર નિકાચિત અપ્રત્યાખ્યાની કષાય હોય છે, તો તેથી ચારિત્રનું સ્વરૂપ જાણ્યા છતાં અને તેની રુચિ છતાં તેની પ્રાપ્તિ થઈ શકતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને નિકાચિત અપ્રત્યાખ્યાની કષાય નડે છે અને તેથી તે જાણીજોઈને અવ્રત સેવે છે, અવિરતિપણું સેવે છે. અવિરતિ, અવ્રત અને કષાયો સેવાય છે તેને તે સારા જાણતો નથી. તેને તે વિષ સમાન જાણે છે, તે પશ્ચાત્તાપ કરે છે, છતાં તેના ઉદય સામું તેનું આત્મબળ ચાલી શકતું નથી. નિકાચિત કર્મના ઉદયની આગળ તેનું કશું કંઈ ચાલતું નથી, છતાં તે આત્મજ્ઞાનોપયોગથી અપ્રત્યાખ્યાની કષાયોને હલકા કર્યા કરે છે અને તેનો છેવટે નાશ કરે છે. અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી દેશવિરતિપણું અને સર્વવિરતિપણું પ્રાપ્ત થઈ શકતું નથી.

'સિંહ પાંજરામાં પડેલો હોય છે ત્યારે પાંજરામાં તેનું બળ કંઈ કામ કરી શકતું નથી, તોપણ તે પુરુષાર્થથી પાંજરાના સળિયા ઢીલા કરીને તેમાંથી નીકળી જાય છે. તેમ ગાઢ તીવ્ર નિકાચિત અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી બે ઘડીનું પ્રત્યાખ્યાન પણ થઈ શકતું નથી. ભોગોપભોગના પદાર્થનો દેશ થકી પણ ત્યાગ થઈ શકતો નથી. સર્વ લોકોનો કંઈ ગાઢ નિકાચિત અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોતો નથી, તેથી નિકાચિત અપ્રત્યાખ્યાની કષાય વિનાના અન્ય જીવો તો દેશવિરતિ અને સર્વવિરતિને પામે છે અને કેટલાક તો એક જ ભવમાં મુક્તિપદને પામે છે.

'જેણે પૂર્વના ભવોમાં અન્ય જીવોને વિરતિગ્રહણમાં વિઘ્નો નાખ્યાં હોય છે અને અવિરતિપણાની ખૂબ અનુમોદના, પુષ્ટિ કે સ્થાપના કરી હોય છે તેને નિકાચિત અપ્રત્યાખ્યાની કષાયનો બંધ થાય છે. તેથી તે એક જ ભવમાં મોક્ષની પ્રાપ્તિ કરી શકતો નથી. તોપણ તે દેવ-ગુરુ-ધર્મની સેવાભક્તિથી ઘણાં કર્મની નિર્જરા કરે છે, પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ કરે છે તથા ઘણા લોકોને ચારિત્ર લેવામાં સહાય આપે છે. તેથી તથા વ્રત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેવાની તીવ્ર ભાવના ભાવ હોવાથી અને ભોગો ભોગવવા છતાં અંતરથી નિર્લેપ રહેતો હોવાથી અન્ય ભવમાં પૂર્ણ મુક્તિપદ પામવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. બીજા, ત્રીજા કે ચોથા ભવમાં તે અવશ્ય મુક્તિપદને પામે છે.

'અપ્રત્યાખ્યાની કષાયનો ઉપશમ થતાં કાચી બે ઘડી સુધી વિરતિના પરિણામ પ્રગટે છે અને પશ્ચાત્ કષાયનો ઉદય થતાં અવિરતિપરિણામ પાછા પ્રગટે છે. અપ્રત્યાખ્યાની કષાયનો ક્ષયોપશમ થતાં વિરતિપણું વારંવાર પ્રગટે છે. તેમાં દોષો, અતિચારો લાગે છે. પુનઃ દેશવિરતિપણું પ્રગટે છે અને પાછું ટળી જાય છે. અપ્રત્યાખ્યાની કષાયનો ક્ષાયિકભાવ થતાં અર્થાત્ તે સર્વથા નાશ થતાં વિરતિભાવ સદા કાયમ રહે છે.

'શતાનીક રાજન્! તને અપ્રત્યાખ્યાની કષાયનો હાલ મધ્યમ ઉદય છે. તેથી કેટલાંક વર્ષ પશ્ચાત્ તને દેશવિરતિપણું પ્રાપ્ત થશે અને દેશવિરતિપણું પ્રાપ્ત થાય એવું આત્મબળ ખીલશે. અસમ્યગ્દૃષ્ટિને અવ્રત, આસ્રવ સેવતાં પશ્ચાત્તાપ થતો નથી. તે અવ્રતને અવ્રત તરીકે જાણી શકતો નથી. તેથી તે અજ્ઞાની મિથ્યાબુદ્ધિવાળો છે એમ જાણ.

'અપ્રત્યાખ્યાની કષાયનો ઉત્કૃષ્ટ અનંતગણો નિકાચિત ઉદય હોય છે. તે એકદમ ટળી શકતો નથી. બાકીનાં મધ્યમ કે જઘન્ય ભાંગાનાં નિકાચિત કર્મો તો એક જ ભવમાં પ્રબળ જ્ઞાનવૈરાગ્યના પુરુષાર્થબળે ટાળી શકાય છે, એમ સર્વ ઘાતી અને અઘાતી કર્મો સંબંધી જાણ. ભાવકષાયનો પરિણામ મનમાં પ્રગટે છે. મનમાં વિરતિ અને અવિરતિપણાના પરિણામ પ્રગટે છે. અવિરતિની પરિણતિ એ જ અશુભ પરિણતિ છે અને વિરતિની પરિણતિ તે શુભ પરિણતિ છે. શુદ્ધાત્મા વસ્તુતઃ શુભ પરિણતિ અને અશુભ પરિણતિથી ન્યારો છે. વિરતિ અને અવિરતિ પરિણતિ એ બે પરિણતિઓથી વસ્તુતઃ આત્માની શુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિણતિ ન્યારી છે .અશુભ અવિરતિ પરિણતિને જ શુભ વિરતિ પરિણામમાં ફેરવવામાં આવે છે. આત્માના શુદ્ધોપયોગથી શુભ–અશુભ પરિણામથી આત્મા ન્યારો રહી શુભાશુભ કર્મનાં સંબંધથી તે નિર્બંધ રહે છે.

'હે શતાનીક રાજન્! પ્રબલ આત્મપુરુષાર્થથી વિરતિ અને પછી અવિરતિની પરિણતિને પણ દૂર કરી શકાય છે. જે કાળમાં આત્મામાં મન વર્તે છે તે કાળમાં આત્મા શુદ્ધોપયોગે અને શુદ્ધ પરિણામે વર્તે છે. તેથી તે અનંતભવનાં કર્મને ખેરવે છે. તે નવીન કર્મ બાંધતો નથી તેથી મુક્ત બને છે. મનમાં જ અવિરતિપણું અને વિરતિપણું પ્રગટે છે. અશુભેચ્છાઓ, અશુભ કામનાઓ તે જ અવિરતિ છે. શુભેચ્છાઓ, શુભ વ્રતો તે વિરતિપણું છે. મનમાં શુભેચ્છાઓ તથા પૌદ્ગલિક અશુભેચ્છાઓ–ને પ્રગટવા ન દેવી તે પણ અપ્રમત્ત ગુણસ્થાનકભૂમિકાનું વિરતિપણું છે. શુભ પરિણતિ અને અશુભ પરિણતિને મનમાં પ્રગટાવ્યા વિના પ્રારબ્ધ શુભ કર્મનો અને અશુભ કર્મનો ભોગ કાયા દ્વારા ભોગવતા આત્માને જીવન્મુક્ત જાણવો. શતાનીક રાજન્! તું સેવા-ભક્તિથી અને જ્ઞાન–વૈરાગ્યના બળથી કર્મયોગી બની આ ભવમાં દેશવિરતિને પામીશ અને સંઘની સેવાભક્તિથી તથા મારી સેવાભક્તિથી આવતા ભવમાં પૂર્ણ શુદ્ધ મુક્ત બનીશ.'

સમ્યગ્દૃષ્ટિનું કર્તવ્ય:

'સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાની સારી પેઠે સેવા-ભક્તિ કર. પશુઓની અને પંખીઓની દયા અને રક્ષા કર. ગરીબ લોકોને પ્રેમભાવથી સહાય કર. દુઃખી મનુષ્યોનાં દુઃખ ટાળવા જે જે ઉપાયો કરવા લાયક હોય તે કર. ક્રોધથી કોઈ ઉપર જુલ્મ ન ગુજાર. મુનિઓને ધર્મકાર્યમાં સહાય કર. દરરોજ એકાન્તમાં બાર ભાવનાને ભાવ. દેવની પૂજા કર. રાગ–દ્વેષરહિત પરમાત્માને દેવ જાણ. કોઈની નિંદા ન કર. ધર્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યોને જૈન ધર્મનો સર્વ વિશ્વમાં પ્રચાર કરવા સહાય કર. ચોથી સમ્યગ્દૃષ્ટિભૂમિકામાં સેવાભક્તિની મુખ્યતા છે.

'જે ગૃહસ્થ શ્રદ્ધાપૂર્વક ધર્મનો ઉપદેશ શ્રવણ કરે છે તે શ્રાવક છે અને જે સ્ત્રી શ્રદ્ધા અને પ્રેમપૂર્વક મારી વાણીનું શ્રવણ કરે છે તે શ્રાવિકા છે. જે મારા કહેલા સદાચારને ધારણ કરે છે તે સાધુ-સાધ્વી છે. સમ્યગ્દૃષ્ટિભૂમિકામાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સત્ય અને અસત્યનો નિર્ણય થાય છે તેમ જ ભવાભિનંદીપણું અને પુદ્ગલાભિનંદીપણું મંતવ્યમાં રહેતું નથી.'

ભવાભિનંદી તથા પુદ્ગલાભિનંદી :

'સંસારમાં જ આનંદ છે અને સંસાર વિના અન્ય સ્થાને આનંદ નથી—એવો જેનો નિશ્ચય છે તે ભવાભિનંદી જીવ છે. પુદ્ગલાભિનંદી એમ માને છે કે પુદ્ગલમાં આનંદ છે, પુદ્ગલ દ્વારા જ આત્મા સુખ ભોગવે છે, પુદ્ગલ વિના એકલા આત્માથી સુખ નથી. શરીર એ પુદ્ગલ છે. પુદ્ગલાભિનંદી શરીરનાં સુખ ભોગવવાનું લક્ષ્ય રાખે છે. તેને આત્માના સુખનો અનુભવ આવતો નથી તેથી તેને પુદ્ગલાભિનંદી જાણવો. ભવાભિનંદી અને પુદ્ગલાભિનંદી બન્ને આત્મામાં સુખ છે એમ માનતા નથી. બન્ને પ્રકારના જીવો અજ્ઞાની છે.'

સમ્યગ્દૃષ્ટિની માન્યતા :

'આત્મામાં સત્ય સુખ છે. આત્માનું સુખ નિત્ય છે અને શરીરના ભોગ દ્વારા થતું સુખ ક્ષણિક, અનિત્ય તેમ જ સ્વપ્નવત્ છે. દેહદ્વારા જે જે સુખનો અનુભવ થાય છે તે શાતાવેદનીયજન્ય પૌદ્ગલિક સુખ છે. તે સદા રહેવાનું નથી. આત્માનું અનંત સુખ પ્રાપ્ત કરવું એ જ મુક્તિ છે, એમ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યની માન્યતા વર્તે છે.

'સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો ભોગોને અને ઉપભોગોને ભોગવે છે, છતાં તેને તેઓ ક્ષણિક માને છે અને આત્મામાં જ અનંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખ છે એવો દૃઢ નિશ્ચય ધારણ કરે છે. પ્રારબ્ધકર્મના યોગે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય સુખ-દુઃખફળપ્રદ ભોગોને ભોગવે છે. કેદી મનુષ્યને કેદમાં રાજાના હુકમથી નહીં કરવા યોગ્ય કાર્ય કરવું પડે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને કર્મની પ્રબલ પ્રેરણાથી અવિરતિનાં નહીં ઇચ્છવા યોગ્ય કાર્યો કરવાં પડે છે, પણ તે વૈરાગ્યબળથી નવીન કર્મબંધમાં ઘણો નિર્લેપ રહે છે. જેના ઉપરથી રાગ ટળી જાય છે તેનાથી કર્મનો બંધ થતો નથી.

'સમ્યગ્દૃષ્ટિમંત આત્મજ્ઞાન અને વૈરાગ્યના બળથી અપ્રત્યાખ્યાની કષાયનો કિલ્લો તોડી પાડે છે અને આત્માને નિર્મળ કરે છે. મનથી જે વિરમે છે તે સર્વથી વિરમે છે. જ્ઞાનીને મનમાં વિરતિપણું હોય છે, પરંતુ તેનામાં બાહ્યથી શુભાશુભ કર્મયોગે બાળ જીવોને અવિરતિપણું દેખાય છે. જ્ઞાની કરતો હોવા છતાં પણ કંઈ કરતો નથી. જ્ઞાની આંતરક્રિયા કરે છે અને બાહ્યથી અક્રિય દેખાય છે. જ્ઞાની આત્મગુણોનાં ચિંતવન, ભાવના અને ક્રિયાથી સક્રિય છે. બે કાચી ઘડીના સમ્યકત્વના ઉપશમપરિણામથી અનંત સંસાર ટળીને અર્ધપુદ્ગલપરાવર્ત કાળ બાકી રહે છે. ક્ષયોપશમ સમકિતયોગે એવા વારંવાર પરિણામ રહેવાથી અને આત્માની શુદ્ધતાના ઉપયોગમાં રમવાથી સમકિતી આત્મા બે ઘડીમાં કેવળજ્ઞાન પામે છે, તો જઘન્ય અને મધ્યમ પરિણામે છેવટે સાત, આઠ ભવ કે એક, બે કે ત્રણ ભવમાં મુક્તિ પામે એમાં કંઈ આશ્ચર્ય નથી. સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને સિદ્ધ, મહાવીર, બુદ્ધ, પરબ્રહ્મ, પરમાત્મારૂપ અનુભવે છે. ચોથી ભૂમિકામાં રહેવા છતાં તે આત્માનંદ-રસની ઝાંખીનો અનુભવ કરે છે. તેથી તે આત્માની શુદ્ધિ કરે છે.'

શતાનીકનું ભાવિ:

'હે શતાનીક! તારામાં સમ્યગ્જ્ઞાન પ્રગટયું છે. 'અનાદિ-અનંત આત્મા એ જ મહાવીર છે. તે તિરોભાવે મહાવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, અને વ્યક્તિભાવે પણ મહાવીર થાય છે' એમ તેં નિશ્ચય કર્યો છે, તેથી ચોથી ભૂમિકામાં પ્રવેશ કરી અને આયુના ક્ષયે દેહનો ત્યાગ કરી મારી ભક્તિના પરિણામથી અચ્યુત નામના બારમા દેવલોકમાં ઉત્પન્ન થઈશ. ત્યાંથી ચ્યવી અહીં ભરતક્ષેત્રમાં માનવનો જન્મ ગ્રહીને કેવળજ્ઞાની બની કરોડો મનુષ્યોનો ઉદ્ધાર કરીશ. પછી શરીર ત્યાગી સિદ્ધ પરમાત્મા બનીશ. આ ભવમાં તું જૈન ધર્મની દ્રવ્યથી અને ભાવથી પ્રભાવના કરીશ. આત્માના રંગમાં રંગાયેલા એવા તને કર્મોનો ભોગ છે. તને જે હાલ ચારિત્રમોહ નડે છે તે બીજા ભવમાં બિલકુલ ટળી જશે.'

પરમાત્મા મહાવીરદેવનાં અમૃત વચનોનું શ્રવણ કરીને શતાનીક રાજા અત્યંત હર્ષ પામ્યો અને તે પ્રભુને વારંવાર વંદન-નમન કરવા લાગ્યો. પોતાને ક્ષયોપશમ સમ્યકત્વની પ્રાપ્તિ થઈ તેથી તે સિંહની પેઠે સ્વાત્માને પરાક્રમી અનુભવવા લાગ્યો.

પ્રભુ મહાવીરદેવે કૌશાંબીનગરીના સર્વજનીય લોકોને ઉપદેશ દીધો કે, 'હે ભવ્યાત્માઓ! તમો બહિરાત્મભાવમાંથી અન્તરાત્મભાવમાં આવો. જડ વસ્તુઓમાં સુખની બુદ્ધિ ધારણ કરીને બાહ્ય સુખની લાલચે દીનપણું ન ધારણ કરો તથા અન્ય લોકોની સાથે અનેક પ્રકારના કપટાચાર ન કરો.

'હે ભવ્ય લોકો! તમો જડ વિશ્વમાં સુખની બુદ્ધિ ધારણ કરીને તથા દેહને જ આત્મા માનીને આત્માને અને આત્મસુખને ભૂલો નહીં. દેહાધ્યાસને ત્યાગો. આત્મા એ જ મહાવીર છે. મહાવીરસ્વરૂપમાં લયલીન બનો. જડ વસ્તુઓને લક્ષ્મી માનીને અને તેના ભોગમાં જ સુખ છે એવી ભ્રાંતિ ધારણ કરીને લક્ષ્મી, સત્તાદિકની પ્રાપ્તિ માટે ક્રોધ, માયા, લોભ, પ્રપંચ, જૂઠ, હિંસા, ચોરી, વિશ્વાસઘાત, અન્યાય, જુલ્મ, અનીતિ વગેરે દોષોને ન સેવો. અન્ય લોકોને સતાવો નહીં.

'સત્ય સુખ ખરેખર આત્મામાં છે. બાહ્યમાં સુખની ભ્રાંતિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુઃખની પરંપરા ઊભી થાય છે. સમગ્ર ચૌદ રાજલોકનું બાહ્ય રાજ્ય, લક્ષ્મી કે સત્તા પ્રાપ્ત કરો, તોપણ મનમાં પ્રગટતા રાગદ્વેષના સંકલ્પ-વિકલ્પ વાર્યા વિના અને આત્મામાં અનંત નિરુપાધિક સુખ છે એવો નિશ્ચય કર્યા વિના સ્વપ્નમાં પણ શાંતિ કે સુખ નથી. આત્માના સુખ માટે ચારિત્રમોહને હઠાવ્યા વિના પૂર્ણાનંદની પ્રાપ્તિ થતી નથી. મનુષ્યભવમાં મુક્તિ છે. આત્મભાવે જાગ્રત થાઓ. મિથ્યા બુદ્ધિનો ત્યાગ કરો. મારા પર પૂર્ણ વિશ્વાસ રાખી પ્રવર્તો. તેથી તમો આત્માનંદને પ્રાપ્ત કરશો. આત્મજ્ઞાન વિના પૂર્ણાનંદ પામવાનો અન્ય માર્ગ નથી.'

એ પ્રમાણે પ્રભુએ કૌશાંબી નગરીના ગરીબ અને અમીર, ગૃહસ્થ અને ત્યાગી લોકોને ઉપદેશ દીધો. કૌશાંબીના લોકો પ્રભુની પૂજા કરી અને પ્રભુનું શરણ સ્વીકારી તેમના ભક્ત બન્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૭. ગોશાલક પ્રસંગ

પરબ્રહ્મ મહાવીરદેવ આર્યાવર્તનાં પ્રસિદ્ધ તીર્થસ્થળોમાં સર્વત્ર વિચર્યા. અનેક ઋષિઓના આશ્રમોમાં વિચરીને ઋષિઓને પૂર્ણ આધ્યાત્મિક જ્ઞાન આપ્યું. પ્રભુએ નવમા અનિયત વર્ષાઋતુના ચોમાસામાં અનેક સ્થળે ઉપદેશ આપ્યો. ફાલ્ગુન તથા આષાઢ મહિનાઓમાં તથા કારતક, માગસર, પોષ અને માઘ માસમાં તેઓ ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણના અનેક દૂર દેશોમાં વિચર્યા અને કરોડો મનુષ્યોનો ઉદ્ધાર કર્યો. વર્ષાઋતુના ચોમાસા વિનાના આઠ માસોમાં અનેક સ્થળે વિચર્યા. પ્રભુએ વિહારમાં ઘણાં વર્ષ ગાળ્યાં.

મહાવીર પ્રભુ અને ગોશાલક :

પ્રભુએ રાજગૃહી નગરીના નાલંદાપાડામાં ચાતુર્માસ ગાળ્યો હતો. તે કાળે ત્યાંની વણકરશાલામાં સુભદ્રા અને મંખલીનો પુત્ર ગોશાલક નામનો બ્રાહ્મણ એકલો રહેતો હતો. તે મહાવીરપ્રભુનો મહિમા દેખી પોતાની મેળે પ્રવ્રજિત થયો અને પ્રભુને કહેવા લાગ્યો કે તું તમારો શિષ્ય છું. પ્રભુએ તેને શિષ્ય તરીકે સ્વીકાર્યો નહીં, તોપણ તે પ્રભુની સાથે ઘણી વખત વિહારમાં જ્યાંત્યાં ફરતો હતો. પ્રભુ જ્યારે મૌન રહેતા હતા ત્યારે તે બાળકોને ખીજવાવતો હતો. તેથી કોઈ વખત બાળકોનાં માબાપો આવીને ગોશાળાને ઠપકો દેતાં હતાં અને કોઈ વખત તો મારતા પણ હતાં. ગોશાળાને પ્રભુ પર પૂર્ણ શ્રદ્ધાપ્રીતિ નહોતી. તેથી પ્રભુના ચરિતની તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપદેશની તેના પર અસર થતી નહોતી. તે કોઈ વખત પ્રભુ સાથે રહેતો અને કોઈ વખત જુદો પડતો. પ્રભુ તેને કંઈ કહેતા નહોતા. તેણે શાપ આપીને કેટલાક ગૃહસ્થોનાં ઘરો બાળ્યાં હતાં. તેણે ભવિતવ્યતાવાદ સ્વીકાર્યો હતો.

પ્રભુ એક વખત સીમાડામાં બેઠા હતા. ત્યાં કેટલાક ગોવાળિયાઓ ખીર રાંધતા હતા. ગોશાળાએ પ્રભુને પૂછ્યું કે, 'હે પ્રભો ! આપણે ખીર ખાઈને જઈએ.' પ્રભુએ કહ્યું કે તે ખીર થશે નહીં. ગોવાળિયાઓએ ઘણો પ્રયત્ન કર્યો, તોપણ ખીરનું ભાજન ભાંગી ગયું અને ખીર થતી નષ્ટ થઈ. તે ઉપરથી ગોશાલકે વિચાર્યું કે જે થવાનું હોય છે તે થયા કરે છે. તેમાં પુરુષપ્રયત્નનું કંઈ ચાલતું નથી. પુરુષાર્થ કરવાની કંઈ જરૂર નથી. ઉદ્યમથી કાર્યની સિદ્ધિ થતી નથી. અનેક પ્રકારનો ઉદ્યમ કરવા છતાં કાર્ય સિદ્ધ થતું નથી. તેણે એવો એકાન્તે નિયતિવાદ—ભવિતવ્યતાવાદ સ્વીકાર્યો અને ઉદ્યમકર્મનું ખંડન કર્યું, તોપણ તેણે પ્રભુનું ઐશ્વર્ય સ્વીકાર્યું.

એક વખત મહાવીર પ્રભુ એક ગામથી બીજે ગામ જતા હતા. ત્યાં માર્ગમાં એક તલનો સાંઠો ઊગ્યો હતો તે ઊખડી ગયો હતો. ગોશાળે પ્રભુને પૂછ્યું કે, 'હે પ્રભો ! એ તલનો સાંઠો મોટો થશે કે નહીં ?' પ્રભુએ કહ્યું કે, 'મોટો થશે અને તેના પર સાત તલ થશે.' તે પ્રમાણે બન્યું. એક ગાયના પગતળે તે તલનું મૂળ આવ્યું અને તે ભીની જમીનમાં દટાયું. વર્ષાથી તે તલનો છોડ ઊભો થયો અને તેને સાત તલ આવ્યા. પાછા ફરીવાર ત્યાં આવતાં ગોશાળે તે તલનો છોડ દેખ્યો અને તેમાં સાત તલ દેખ્યા. તેથી તે આશ્ચર્ય પામ્યો. તે મનમાં નિયતિવાદને દૃઢ કરવા લાગ્યો કે જે બનવાનું હોય છે તે ત્રણે કાળમાં બન્યા કરે છે. હજારો ઉપાયો કરો તોપણ બનવાનું હોય છે તે બન્યા કરે છે.

પ્રભુથી એક વખત ગોશાળો છૂટો પડીને જુદો વિચરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગ્યો. જંગલમાં તેને ચોરો મળ્યા. ચોરોએ તેને કૂટ્યો અને મામા કહી, તેના પર ચઢી બેસી, તેને ચલાવી ઢીલો કરી દીધો. તેથી ગોશાળક અતિ કાયર થયો અને પ્રભુની પાસે રહેવાની ઇચ્છા કરવા લાગ્યો. પણ પ્રભુ તો દૂર દેશોમાં વિચરતા હતા, તેથી તે એકલો વિચરવા લાગ્યો. ગોશાળાને પ્રભુની આંતરિક પ્રભુતા સમજાઈ નહીં. તે પ્રભુના કેટલાક બાહ્ય ચમત્કારો દેખી ખુશ થવા લાગ્યો, પણ તેને 'પ્રભુ એ જ પરમેશ્વર છે' એવી શ્રદ્ધા થઈ નહીં અને તેથી આત્મપ્રકાશ કરી શકયો નહીં.

કુમારગ્રામના ચંપારમણીય ઉદ્યાનમાં અનેક શિષ્યોએ પરિવાર પામેલા પાર્શ્વનાથ પ્રભુના શિષ્ય મુનિચંદ્રસૂરિ કુંભકારની શાળામાં ઊતર્યા હતા. ત્યાં ગોશાલક ગયો અને મુનિચંદ્રસૂરિની હેલના કરવા લાગ્યો. મુનિચંદ્રસૂરિના શિષ્યોએ તેની નિર્ભર્ત્સના કરી. તેથી ગોશાલકે મુનિચંદ્રસૂરિને પ્રભુના નામથી બાળી ભસ્મ થવાનો શાપ આપ્યો, પણ મુનિચંદ્રસૂરિ બળી ભસ્મ થયા નહીં. તેથી ગોશાલક ખસિયાણો પડી ગયો.

ગોશાલકે પ્રભુને પૂછયું કે, 'મેં મુનિચંદ્રસૂરિને શાપ દીધો, છતાં તે કેમ ન લાગ્યો?' પ્રભુએ ગોશાલકને કહ્યું કે, 'હે ગોશાલક! જેઓ અપ્રમત્તચારિત્રધારક છે, શુદ્ધાત્મોપયોગી છે, કોઈનું મન થકી પણ બૂરું ઇચ્છતા નથી, તેઓને કોઈનો શાપ લાગતો નથી. ઊલટું શાપ દેનારને તે શાપના પરિણામરૂપ કર્મનો બંધ થાય છે. વિશ્વમાં જેને શુભાશુભ વૃત્તિ નથી તેને શુભાશુભ શાપની અસર થતી નથી. મુનિચંદ્રસૂરિ સમભાવી છે, શુદ્ધાત્મોપયોગી છે. તેમની તેં આશાતના અને હેલના કરીને તારા આત્માને અશુદ્ધ કર્યો છે. એવા મુનિનાં દર્શન કરવાં, તેમની ભક્તિ કરવી તે જ તારું કર્તવ્ય છે. તે સંબંધી લક્ષ રાખ.'

એ પ્રમાણે ગોશાલકને પ્રભુએ કહ્યું, પણ ગોશાલકના મનમાં તેની અસર થઈ નહીં. રાત્રે એકાંતમાં મુનિચંદ્રસૂરિ ધ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધરતા હતા ત્યારે આત્માનું ઉજ્જવલ ધ્યાન ધરતાં તેમના આત્મામાં અવધિજ્ઞાન પ્રગટયું. તે મૃત્યુ પામી સ્વર્ગમાં ગયા. દેવોએ અને દેવીઓએ ઉત્સવ કર્યો. પ્રભુએ ગોશાલકને કહ્યું કે, 'હે ગોશાલક! દેખ. કુંભારની શાળામાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલા મુનિચંદ્રસૂરિ અવધિજ્ઞાન પામ્યા અને સ્વર્ગમાં ગયા. એવા મુનિની પ્રશંસા કર.' ગોશાલક મૌન રહ્યો.

પ્રભુજી વિહાર કરતાં કરતાં તંબાલગ્રામમાં ગયા. તંબાલ–ગ્રામના ઉદ્યાનમાં પ્રભુજી પધાર્યા. ત્યાં અન્ય વસંતોદ્યાનમાં શ્રી પાર્શ્વનાથ તીર્થંકરના શિષ્યના સંતાનીય શિષ્ય નંદિષેણ આચાર્ય હતા. તે ધ્યાન ધરતા હતા. ત્યાં ગોશાલક ગયો અને નંદિષેણસૂરિને ક્રોધ ઊપજે એવાં કઠોર વચનો કહેવા લાગ્યો. નંદિષેણસૂાર મૌન રહીને આત્મધ્યાન ધરવા લાગ્યા. રાત્રીમાં ચોરની શંકાથી નંદિષેણમુનિને કોટવાળે માર્યા. નંદિષેણમુનિ ધર્મધ્યાન કરતાં અવધિજ્ઞાન પામ્યા અને શરીરનો ત્યાગ કરી સ્વર્ગમાં ગયા.

ગોશાલકે પ્રભુને નંદિષેણ મુનિની પોતે જે તર્જના અને અપભ્રાજના કરી હતી તે કહી. પ્રભુએ ગોશાલકને કહ્યું કે, 'હે ગોશાલક! તારું દુષ્ટ કર્મ તને દુઃખ આપશે. મુનિની નિંદા કે હેલના કરનાર મહા મોહનીય કર્મ બાંધે છે અને તેથી ઘણા કાળ સુધી સંસારમાં જન્મો લેવા પડે છે. નંદિષેણસૂરિના આત્માને ધન્યવાદ ઘટે છે કે જેણે તારા પર ક્રોધ ન કર્યો, તને શાપ દેવાની ઇચ્છા ન કરી અને તેથી આત્મબળનો તેમણે દુરુપયોગ ન કર્યો.

'હે ગોશાલક! તારી અસત્પ્રવૃત્તિ જ તને નડનાર છે. તારું આવું મોહપ્રવર્તન અપ્રશસ્ય છે. તે આર્યને છાજે એવું નથી. તારા આત્માને હાથે કરી અશુભ કર્મથી લેપાયમાન ન કર!'

એ પ્રમાણે પ્રભુએ તેને ઘણો ઉપદેશ દીધો, પણ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિયતિવાદમાં દૃઢ થયેા હતેા, તેથી પ્રભુનેા ઉપદેશ તેને લાગ્યેા નહીં. આત્મજ્ઞાનની જેને જિજ્ઞાસા છે તેને ઉપદેશની અસર થાય છે. અયેાગ્યને ઉપદેશની અસર થતી નથી.

પ્રભુએ કૂર્મગ્રામના ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. તેઓ ત્યાં વિશ્વના સર્વ જીવેાની દશાને અવલેાકતા હતા. ત્યાં ઉદ્યાનમાં વૈશ્યાયન ઋષિ તપ કરતા હતા. તેમની કેશજટા બહુ વધી હતી. ગેાશાલકે વૈશ્યાયન ઋષિની મશ્કરી કરી અને કહ્યું કે, 'તું તેા યૂકા(જૂ)નું શય્યાતર છે. આટલી બધી લાંબી જટા વધારીને યૂકાઓને કેમ ઉત્પન્ન કરે છે?' વૈશ્યાયને તે સાંભળીને કહ્યું, 'અરે અધમ! તું કેમ આવું ઉદ્ધત બેાલે છે? તું દુષ્ટ છે. મહાત્માની મશ્કરી ન કર. તારા માર્ગે ચાલ્યેા જા.' વૈશ્યાયન ઋષિએ ગેાશાલકને ધમકાવ્યેા ત્યારે ગેાશાલક કહેવા લાગ્યેા કે, 'અરે અજ્ઞાની ઋષિ! તારી અજ્ઞાનદશાને ધિક્કાર છે. જટા વધારવાથી શું તને મુક્તિ મળવાની છે. દંભનેા ત્યાગ કર, ઋષિપણાનેા ઘમંડ ન કર.'

ગેાશાળાએ વૈશ્યાયન ઋષિને ઘણા ચીડવ્યા તેથી મહાત્મા વૈશ્યાયન મુનિને કેાપ થયેા અને તેથી તેમણે ગેાશાલક ઉપર તેજોલેશ્યા મૂકી. ચારે તરફ સર્પની જિહ્વા જેવી અને વીજળી સમાન ભયંકર અગ્નિ સરખી જ્વાલાઓ પ્રગટવા લાગી. ગેાશાળાની ચારે તરફ વીજળીના પ્રકાશ જેવી જ્વાલાઓ પ્રસરવા લાગી. ગેાશાળેા અત્યંત ભય પામ્યેા અને મુખથી મેાટી બૂમ પાડી કહેવા લાગ્યેા કે, 'પ્રભેા મહાવીર દેવ! મને બચાવેા. મહાવીર પ્રભુ! બચાવેા....મહાવીર પ્રભુ! બચાવેા.' એમ બૂમેા પાડી તેથી પ્રભુએ દયા લાવી તેજોલેશ્યા પર શીતલેશ્યા મૂકી. તેથી મેઘની વૃષ્ટિથી દાવાનલ જેમ શમી જાય છે તેમ શીતલેશ્યાના પ્રભાવે તેજોલેશ્યા શમી ગઈ.

વૈશ્યાયનનેા પશ્ચાત્તાપ અને તેને સદ્બેાધ :

વૈશ્યાયન મુનિએ પેાતાની પાછળની બાજુ દેખ્યું તેા આગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક આમ્રવૃક્ષના નીચે પ્રભુ મહાવીર ઊભા હતા તે દીઠા. વૈશ્યાયન ઋષિ ત્યાં દોડી ગયા અને પ્રભુના ચરણે પડ્યા. પ્રભુને ઓળખ્યા નહીં તે માટે વૈશ્યાયન ઋષિએ પશ્ચાત્તાપ કર્યો. ગોશાલક ઉપર તેજોલેશ્યા મૂકી તેની માફી માગવા લાગ્યા :

'હે પ્રભો ! આપ પરમેશ્વર છો. હું આપનો ભક્ત છું. આપની અકળ કળાને હું જાણી ન શકું. આપે મને દર્શન આપ્યાં તેથી મારું તપ ફળ્યું એમ હું માનું છું.

'હે પરમેશ્વર ! મેં ક્રોધ કર્યો તે બહુ અશુભ કર્યું છે. અને ગોશાલક પર તેજોલેશ્યા મૂકી તત્સમયે મેં હિંસાકર્મ કર્યું છે.

'હે પ્રભો ! જે ક્રોધથી હું દૂર ભાગતા હતો તે મેં કર્યો. પ્રભો ! તેનો પશ્ચાત્તાપ કરું છું.'

પ્રભુએ વૈશ્યાયન ઋષિને કહ્યું કે, 'હે ઋષિ ! તમો અંતરાત્માના સાધક ઋષિ છો. ગોશાલકે તમારી મશ્કરી કરી અને નહીં કહેવા યોગ્ય વચનો કહ્યાં તેથી તમને ક્રોધ થયો તે હું જાણું છું. જે મુનિઓને સંતાપે છે તે અંતે મહારોગથી દુઃખી થઈને મરે છે.

'હે વૈશ્યાયન ઋષિ ! તમને ક્રોધ થયો તેથી તમો ઘણા વર્ષનું તપ હારી ગયા. તપના પ્રભાવે તમને અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઈ છે. તેમાંની તેજોલેશ્યા એક લબ્ધિ છે, એક શક્તિ છે. તેનો તમે પરમાર્થ કારણે ઉપયોગ ન કર્યો, પણ પોતાના માટે પ્રાણાંત કષ્ટ ન આવ્યાં છતાં ઉપયોગ કર્યો. તેથી તમારી અન્ય કેટલીક લબ્ધિ-સિદ્ધિઓ દબાઈ ગઈ છે.

'ક્રોધના પ્રસંગે શક્તિનો દુરુપયોગ કરવાથી આત્માની શક્તિઓ પર આવરણ આવે છે. સંઘની સેવાભક્તિ માટે શક્તિઓનો જે ઉપયોગ તે સદુપયોગ છે. પોતાના પ્રાણના રક્ષાર્થે શક્તિઓનો ઉપયોગ કરવો અને અન્યની હિંસા ન થાય તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તવું એ જ પરમાત્મપદની પ્રાપ્તિનો માર્ગ છે.

'ક્રોધથી શક્તિઓને અજમાવવી એ જ પોતાની અશક્તિ છે. નામરૂપમાં અહંવૃત્તિ રહી હોય છે તો જ ક્રોધ પ્રગટે છે. ક્રોધ, માન, માયા, લોભ અને કામના તાબે થવું તે આત્માની નબળાઈ છે. ક્રોધથી તપી જવું અને તેજોલેશ્યા મૂકવા પ્રવૃત્તિ કરવી તે દુષ્ટ મનોબળ અર્થાત્ પશુબળ છે. મન એ જ પશુ છે. તેને તાબે કરે એ જ પશુપતિ છે. પણ મનોબળનો દુર્વ્યય કરવાથી તથા મનની આજ્ઞા પ્રમાણે પ્રવર્તવાથી પશુપતિપદ પ્રાપ્ત થતું નથી. તમે શરીર નથી, જટા નથી. જે જે ગોશાળે કહ્યું તે તમે નથી. જે જે ગોશાલકે કહ્યું તેમાં જ્ઞાનીને શુભ અગર અશુભ કંઈ લાગતું નથી.

'ગોશાલકના અશુભ શબ્દોમાં અપ્રિયતા માની લેવી તે મોહ છે. આત્મા સર્વ પ્રકારના શરીરથી ભિન્ન છે. કેશથી તે ભિન્ન છે. તે ગૃહસ્થ પણ નથી અને ત્યાગી પણ નથી. જે દેખાય છે તેમાં આત્માનો આરોપ કરવાથી મોહ પ્રગટે છે. મોહથી જડ વસ્તુઓમાં હું તું પણાની બુદ્ધિ પ્રકટે છે. આત્મા પોતાના સ્વરૂપનો ઉપયોગી રહે છે ત્યારે તેની પાસે મોહ આવતો નથી. આત્માને આત્મા ભૂલે છે ત્યારે સંસાર છે. તમારા મનમાં બાહ્ય વસ્તુઓની શુભાશુભ વૃત્તિ હતી તેથી તમને તે ક્રોધાયમાન કરી શક્યો.

'આત્મજ્ઞાનના ઉપયોગથી જે ચૂકે છે તે પ્રકાશ મૂકીને અંધકારમાં પ્રવેશ કરે છે. શરીર વગેરેની નિંદા કરવાથી આત્માની નિંદા થઈ શકતી નથી. શરીર, મન, વાણી અને છાદ્મસ્થિક બુદ્ધિની પેલી પાર તમે અનંત જ્યોતિમય છો. તે અનંત જ્યોતિમય આત્માની સાથે વિશ્વના સર્વ જીવોનો એક શુદ્ધ સંબંધ છે. તે જ્યોતિ એ જ તમે છો. પાંચે ઇન્દ્રિયોના વિષયોની પેલી પાર આત્મા છે. મનના સંકલ્પ-વિકલ્પની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેલી પાર અનંત જ્યોતિમય આત્મા છે. ત્યાં તું અને હું એવો ભાવ નથી. ત્યાં શુદ્ધ જ્ઞાનભાવ છે. એવી જ્ઞાનભાવની મસ્તીમાં રમનારા ઋષિમુનિઓ છે. તે ગોશાળા જેવાનાં વાકચેાની મશ્કરીની દયા ખાય છે. તેઓના પર તે દ્વેષવૃત્તિ પ્રગટાવતા નથી અને તપથી પ્રગટેલી લબ્ધિઓનો તેઓના વિનાશાર્થે દુરુપયેાગ કરતા નથી.

'કૂતરાનું બચ્ચું હાથીને ભસે તેથી હાથીને જેમ કંઈ લાગતું નથી, તેમ ઉચ્ચ પ્રભુપદની નજીકની દશાએ પહોંચેલા ઋષિઓને ગોશાળા જેવાનાં વાકચેા શ્રવણ કરવાની વૃત્તિ પણ પ્રગટતી નથી.

'હે ઋષિ! હવે તમે પૂર્ણ પશ્ચાત્તાપને પામ્યા છો. તમે ગોશાલકને ખમાવો. પછી જ તમે તમારી શક્તિઓને પુનઃ પ્રાપ્ત કરી શકશો અને પરમાત્મપદ પામશો. ગોશાલક અજ્ઞાની છે. તેથી તે નિયતિવાદનો કદાગ્રહ મૂકી શકનાર નથી. તમે જ્ઞાની છો. જ્ઞાની પોતાની ભૂલ જાણે છે અને તે ઉત્કૃષ્ટયેાગે એક ક્ષણમાં કેવળજ્ઞાન પામે છે. જ્ઞાનીને ક્રોધ થાય છે, પણ તેથી તે પશ્ચાત્તાપ કરીને ક્રોધનો સર્વથા નાશ કરે છે

'હે ઋષિ! તમે આત્માના ઉપયેાગમાં રહો. આત્માનો ઉપયેાગ તે જ તપ અને તે જ સત્યધર્મ છે. તેને ઘરમાં અને વનમાં નિર્લેપપણું છે. આત્મોપયેાગી સર્વ કર્મો અને પ્રવૃત્તિઓમાં નિર્લેપ રહે છે. ક્રોધાદિક કષાયેા એ જ હિંસક પશુઓ છે. તેનાથી તે ભય પામતો નથી.'

પ્રભુનાં એવાં અમૃત વચનોનું શ્રવણ કરીને વૈશ્યાયન ઋષિ આત્મશાંતિને પામ્યા. તેમણે ગોશાલક પાસે માફી માગી અને પોતે શુદ્ધ થઈ આત્મતેજ અને આત્મશક્તિઓથી પ્રકાશિત થયા.

તેજોલેશ્યા અને શીતલેશ્યા :

વૈશ્યાયન : હે ભગવન્! આપને વંદી પૂજી પૂછું છું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગોશાળાના ઉપર મેં તેજોલેશ્યા મૂકી અને આપે તેના ઉપર શીતલેશ્યા મૂકી. તે તેજોલેશ્યા અને શીતલેશ્યાનું પ્રાકટ્ય કેવી રીતે થાય છે તે કૃપા કરીને કહો.'

પ્રભુ મહાવીર : વૈશ્યાયન ઋષિ ! તેં યોગ્ય પ્રશ્ન પૂછયો છે. તેજોલેશ્યા અને શીતલેશ્યા બન્ને તપથી પ્રગટે છે. તેજોલેશ્યામાં ઉષ્ણ પુદ્ગલો છે અને શીતલેશ્યામાં શીત પુદ્ગલો છે. તેજોલેશ્યાથી અન્યનો ઘાત થાય છે અને શીતલેશ્યાથી અન્યનો બચાવ થાય છે. ક્રોધ વડે તેજોલેશ્યાના પુદ્ગલોને બહાર કાઢવામાં આવે છે અને અત્યંત શુદ્ધ દયાના પરિણામે શીતલેશ્યાના પુદ્ગલસ્કંધોને બહાર કાઢવામાં આવે છે. સામાન્ય તપથી તેજોલેશ્યાની શક્તિ પ્રગટે છે અને અત્યંત દયામય તપથી શીતલેશ્યાની લબ્ધિશક્તિ પ્રગટે છે. તેજોલેશ્યાને ફોરવવાથી પુણ્ય અને પાપ તથા બંધ અને નિર્જરા થાય છે. શીતલેશ્યાનો પરમાર્થે ઉપયોગ થાય છે તો તેથી પુણ્યાનુબંધીપુણ્ય, સંવર અને કર્મની અત્યંત નિર્જરા થાય છે. શીતલેશ્યા ફોરવવામાં અત્યંત દયારૂપ શુદ્ધ રાગપરિણામ કારણભૂત છે. ઋષિમુનિઓને તેજોલેશ્યા અને શીતલેશ્યા પ્રગટે છે. મન છે ત્યાં સુધી તેજોલેશ્યા અને શીતલેશ્યા છે. ભાવ મનના નાશની સાથે બન્નેનો અભાવ થાય છે.

ગોશાલક : હે દેવ ! કૃપા કરીને તેજોલેશ્યા પ્રગટવાનું કારણ કહેશો.

પ્રભુ મહાવીર : જે તપસ્વીઓ છ છ માસનું તપ કરે છે અને પારણાના દિવસે અડદના બાકુલા મૂઠીભર વાપરીને ઉપર છઠ્ઠનું તપ કરે છે તથા છઠ્ઠના પારણે મૂઠીભર અડદના બાકુલા વાપરીને પાછું છઠ્ઠનું તપ કરે છે—એમ છ છ માસનું તપ કરતાં તથા તેજોલેશ્યાનો સંકલ્પ કરતાં તેજોલેશ્યા પ્રગટે છે. આત્મધ્યાન અને અનંત દયાના પરિણામથી શીતલેશ્યા પ્રગટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈશ્યાયન : હે પરમેશ્વર! લાબ્ધશક્તિઓને કેવા મહાત્માઓ જીરવી શકે છે?

પ્રભુ મહાવીર : જેઓ અત્યંત સમભાવરૂપ આત્મસ્વભાવમાં પરિણમે છે, જેઓ જડ દૃશ્ય જગતમાં દ્રષ્ટા અને કૂટસ્થ રહે છે, જેઓ દ્રષ્ટા તરીકે તથા સાક્ષી તરીકે રહીને આત્માના વિશુદ્ધોપયોગે પરિણમે છે, તેઓ અષ્ટ સિદ્ધિઓ અને નવ નિધિઓમાં મમતારહિત રહે છે અને સર્વ પ્રકારની પૌદ્ગલિક લબ્ધિઓમાં રાગદ્વેષરહિતપણે વિચરે છે. પરમાર્થ માટે તેઓ લબ્ધિઓનો અને સિદ્ધિઓનો ઉપયોગ કરે છે. પોતાના સાક્ષીભાવનો ઉપયોગ રાખીને તેઓ રહે છે. તેથી લબ્ધિઓ અને સિદ્ધિઓ તેમને હાજરાહજૂર રહે છે. તેઓનો અને મારો અભેદ વર્તે છે. તેથી તેઓ મારી પેઠે પ્રભુ બને છે.

'બાહ્ય અને આધ્યાત્મિક શક્તિઓનો બિલકુલ દુરુપયોગ નહીં કરનાર અને તે શક્તિઓથી પોતાનો મહિમા નહીં ઇચ્છનાર મહાત્માઓ પરિપૂર્ણ સિદ્ધ બને છે. જ્ઞાની પૌદ્ગલિક શક્તિઓ, લબ્ધિઓ અને આત્મિક શક્તિઓ ફોરવવામાં સ્વતંત્ર છે. અને સાથે જ તે શક્તિઓ અને લબ્ધિઓ ફોરવવામાં નિર્લેપી પણ હોય છે. જ્ઞાનીને પુણ્ય અને પાપ લાગતાં નથી. જ્ઞાનીને બાહ્યમાં શુભાશુભ વૃત્તિ નથી. બાહ્યમાં તેને ધર્માધર્મબુદ્ધિ નથી, છતાં જગતના વ્યવહારે તે વર્તે છે. તે લબ્ધિઓનો સાક્ષી અને દ્રષ્ટા રહે છે. તેના ઉપયોગમાં પણ તે સાક્ષી તરીકે રહે છે. મનના વ્યાપારની એવી ગ્રહણ અને ત્યાગની પ્રવૃત્તિમાં પોતે ગ્રહણ અને ત્યાગની બુદ્ધિ વિના મનની પ્રવૃત્તિને સાક્ષીભાવે—તટસ્થભાવે દેખતો વર્તે છે. તેથી તે લબ્ધિ અને સિદ્ધિઓને પચાવીને આગળનું પરમપ્રભુપદ પ્રાપ્ત કરે છે, એમ વૈશ્યાયન ઋષિ! જાણ.

વૈશ્યાયન : પરમેશ્વર પરબ્રહ્મ મહાવીરદેવ! આપે કહેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોધથી મને સૂક્ષ્મ આત્મજ્ઞાન થયું છે. પ્રભો ! કૃપા કરીને મને જે કંઈ ઉપદેશ હોય તે ઉપદેશો.'

પ્રભુ મહાવીર : હે વૈશ્યાયન ઋષિ ! સર્વ પ્રકારનાં સાધનોના અધિકારીઓને જાણ, મર્યા પહેલાં મરતાં શીખ, દેહાતીત ભાવનાએ વર્ત અને દેહાતીત આચરણાએ વર્ત. 'વૈશ્યાયન' એવું નામ અને શરીર વગેરેમાં વૈશ્યાયનપણું નથી, તેથી નામ-રૂપમાં થતા વૈશ્યાયનના અધ્યાસને મારીને જીવ. 'વૈશ્યાયન' એવા નામમાં અને વૈશ્યાયન તરીકે કલ્પાયેલા રૂપમાં શુભપણું નથી તેમ જ અશુભપણું પણ નથી. એ જ રીતે 'વૈશ્યાયન' એવી બુદ્ધિ પ્રગટાવનાર મોહમાં સત્ય વૈશ્યાયનપણું નથી, એમ નિશ્ચય કરતાંની સાથે અને એવો નિશ્ચય વર્તતાં કેવળજ્ઞાન પ્રગટે છે, એવી મારા ઉપદેશની શ્રદ્ધા ધારણ કરીને વર્ત.

'આત્મા વસ્તુતઃ સક્રિય છે. પુદ્ગલસંબંધે પુદ્ગલની સક્રિયતાનો આત્મામાં આરોપ ન કર. પુદ્ગલને પુદ્ગલ તરીકે જાણ. પુદ્ગલના નાશથી આત્માનો નાશ થતો નથી, એવો નિશ્ચય કરતાંની સાથે મુક્તિના અર્ધ માર્ગ સુધી ગમન થાય છે. આત્મામાં જન્મ અને મૃત્યુનો આરોપ ન કર. શુદ્ધ નિશ્ચયોપયોગે જેઓ આત્મામાં રમે છે તેઓ જન્મ-મૃત્યુને દેખતા નથી. શુદ્ધોપયોગે આત્માની અનંતતામાં રમણુતા કર.

'રમણુતા તે જ શુદ્ધ રાગ અને શુદ્ધ પ્રેમ છે. તે જ શુદ્ધ ભક્તિ છે. પશ્ચાત્ શુદ્ધોપયોગરૂપ રમણુતા થતાં તેમાં કોઈ જાતની અશુદ્ધતા રહેતી નથી. આત્મા જ શરીરરૂપ પુદ્ગલમાં જીવતો દેવ છે. તેની પ્રાપ્તિ માટે આત્માનો ઉપયોગ રાખ. સર્વ વૃત્તિઓથી ભિન્ન એવા આત્માને દેખ. તારા સર્વ શિષ્યોને આત્મા તે જ પરમાત્મા છે એમ શીખવ. સેવ્યસેવકભાવથી પ્રભુને ભજતાં ભજતાં આત્માને પ્રભુરૂપ અનુભવવો.

'આત્મા જ પ્રભુરૂપ અનુભવાય છે ત્યારે સેવ્યસેવકભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેતો નથી. મનમાં રાગદ્વેષની વૃત્તિ પ્રગટે છે ત્યાં સુધી ગુરુ અને દેવના સેવક બનવું. આત્માના તાબે જ્યારે મન વર્તે છે ત્યારે આત્મા સ્વયં ગુરુ, સ્વયં પ્રભુ અને સ્વયં સ્વયંનો મિત્ર બની રહે છે. આત્મા તે જ પરમાત્મા થાય છે, એવો સત્ય સિદ્ધાંત સ્વીકાર.

'આત્માઓ ત્રણે કાળમાં દાસ રહે છે એવી અજ્ઞાનીઓની માન્યતા છે. સર્વ જીવો પોતે પ્રભુ પરમાત્મા થતા નથી એવી અજ્ઞાનથી કલ્પાયેલી મોહભરેલી માન્યતાવાળાઓને સત્ય શિક્ષણ આપ. શિષ્યોને યોગ્ય લાગે તેટલું શિક્ષણ આપ, કે જે શિક્ષણ લેતાં તેઓ અત્યાનંદી બને. વાચિક જ્ઞાનથી શિષ્યોના આત્માઓનો વિકાસ થતો નથી. શ્રવણજ્ઞાન આપીને શિષ્યોને આત્માનુભવ-જ્ઞાનના રસિયા બનાવવા જોઈએ. વૈખરીના શબ્દોના જ્ઞાનમાત્રથી શિષ્યોનો ઉદ્ધાર થતો નથી. શિષ્યોને યોગ્યતાએ પરાભાષાના ઊઠેલા અનુભવજ્ઞાનમાં મૂકવા જોઈએ. પરાનાં શાસ્ત્રો તે જીવતાં આત્મિક શાસ્ત્રો છે.

'વૈશ્યાયન ઋષિ! તમો અલ્પ વર્ષોમાં કેવળજ્ઞાન પામશો. અને તમારા ઉત્તમ કોટિના શિષ્યો પણ મારી આજ્ઞા પ્રમાણે વર્તી, મારું ધ્યાન ધરી કેવળજ્ઞાન પામશે. તમો અને તમારા શિષ્યો દેવોના રચેલા સમવસરણમાં આવશો.'

પ્રભુએ આ પ્રમાણે ઉપદેશ દીધો. તેથી વૈશ્યાયનાદિ ઋષિઓ, તેઓના શિષ્યો અને ગુરુકુલસ્થ બ્રહ્મચારીઓને અત્યંત આનંદ થયો. સર્વેએ પ્રભુને વાંદી-પૂજી પ્રભુનું શરણ સ્વીકાર્યું અને પ્રભુ પરમાત્મા મહાવીરને હૃદયમાં ધાર્યા. પ્રભુને દેખીને પ્રથમ તેઓની આંખમાં હર્ષનાં અશ્રુ આવ્યાં. પછી પ્રભુએ વિહાર કર્યો તેથી તેઓની આંખમાં અશ્રુ આવ્યાં. પ્રભુએ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

ગોવાળિયાનો ઉપસર્ગ :

પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા ગોવાળિયાઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસ્તીવાળા મેઢિક ગામની બહાર ઉદ્યાનમાં બેઠા હતા. ત્યાં એક ગોવાળિયો વૃષભોને લાવ્યો અને પ્રભુ પાસે બેસાડી વગડામાં ગયો. કાર્ય કરીને તે પાછો બળદો લેવા આવ્યો, પણ ત્યાં બળદો નહોતા. પાછો તે વનમાં શોધવા ગયો. વૃષભો વનમાં ચરીને પાછલી રાત્રીએ પાછા પ્રભુની પાસે આવી બેઠા.

ગોવાળિઓ શોધતો શોધતો પશ્ચાત્ ત્યાં આવ્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે આ પુરુષે મારા વૃષભો કયાં ગયા હતા તે જાણવા છતાં બતાવ્યા નહીં. એવો વિચાર કરતાં તેના મનમાં ક્રોધ થયો. તેણે શાલ્મલી વૃક્ષનાં ડાળાં કાપીને તેના બે ખીલા બનાવ્યા. પ્રભુની પાસે આવીને તેણે એકેક કાનમાં એકેક ખીલો માર્યો અને પોતે ખુશી થયો. ગોપ તો એમ જાણતો હતો કે આ સામાન્ય મનુષ્ય છે. પ્રભુ તેના કૃત્યને જાણતા હતા, પણ પોતે તેનું કાર્ય થવા દીધું.

પ્રભુ અનંત શક્તિમાન છે. તે ધારે તો ગોપનો સંકલ્પ-માત્રથી નાશ કરે. તેઓ એમ ધારતા હતા કે અજ્ઞાની મનુષ્યો અજ્ઞાનથી મને સાધારણ મનુષ્ય માને, તોપણ મારે એમનો ઉદ્ધાર કરવો જોઈએ. એમનાં જ્ઞાનચક્ષુ ખીલશે એટલે તેઓ આપોઆપ સમજશે. મને કાનમાં ખીલા માર્યા તેથી મને હરકત નથી, પણ અન્ય લોકોને આવી દશાએ પ્રાણ જાય. માટે આ લોકોને બોધ આપીને સુધારવા જોઈએ.

પ્રભુએ ગોપ પર ક્રોધ કર્યો નહીં તેમ તેને કંઈ પણ કહ્યું નહીં. તેથી ગોપ આશ્ચર્ય પામ્યો અને મનમાં વિચારવા લાગ્યો કે કેમ આ પુરુષ દુઃખની ચેષ્ટા કરતો નથી તેમ જ કંઈ પણ બોલતો નથી ? કાનમાં ખીલા મારતાં કેમ નિષેધની પ્રવૃત્તિ કરી નહીં ? પ્રભુ તેના સામે પ્રસન્ન વદને જોઈ રહ્યા. તેથી ગોવાળિયાને મેં ખોટું કર્મ કર્યું એવો વિચાર થયો અને તે ત્યાંથી ચાલ્યો ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ ત્યાંથી જિનપુર ગામમાં ગયા. જિનપુરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગણધરની શિષ્યપરંપરાથી શ્રાવકધર્મ પામેલ એવો સિદ્ધાર્થ વણિક અને જૈનધર્મી એક ખરક નામનો વૈદ્ય રહેતા હતા. પ્રભુએ સિદ્ધાર્થ વણિકના ઘેર પારણું કર્યું. સિદ્ધાર્થે પ્રભુના કાનમાં ખીલા મારેલા દીઠા તેથી તેણે અને ખરક વૈદ્ય બન્નેએ ભેગા થઈને પ્રભુના કર્ણમાંથી ખીલા કાઢ્યા. તેઓ મનમાં ઘણો આનંદ પામ્યા. બન્નેએ પ્રભુને પૂછ્યું કે 'હે પરમેશ્વર! આપે ગોપના હાથે કાનમાં ખીલા કેમ ઠોકાવા દીધા?'

પ્રભુને કહ્યું કે, 'હે સિદ્ધાર્થ શ્રાવક તથા ખરક શ્રાવક! કાનમાં ખીલા ઠોકવાનું કાર્ય મેં જાણીજોઈને સહન કર્યું છે તેથી કંઈ પણ મને દુઃખ થયું નથી. મારા ભક્તોએ શક્તિ છતાં સહીને (સહન કરીને) અન્ય પર તેવા ન થતાં તેઓએ ધર્મીપણાના આદર્શભૂત થવું જોઈએ. પામર લોકોના કૃત્ય તરફ ન જોવું જોઈએ, પણ તેઓનો જ્ઞાનથી ઉદ્ધાર કરવો જોઈએ. તે માટે મેં વિશ્વના લોકોના હિત માટે કાનમાં ગોપે ખીલા માર્યા તોપણ તે કાર્ય સહ્યું. સહેવું અને સહાવવું એવું વિશ્વના લોકોને શીખવવા મેં આ કૃત્ય સહ્યું છે અને ગોપ ઉપર આત્મપ્રેમ રાખવો એમ શીખવ્યું છે. જેનામાં વિશેષ શક્તિ હોય અને અલ્પ શક્તિવાળા તરફથી ઉપદ્રવ કે પરિષહ થાય તો તે સહીને તથા તેઓને ચાહીને તેઓનું શ્રેય કરવું. શક્તિ છતાં ક્ષમા અને સહનતા રાખવાથી વિશ્વનું ભલું કરી શકાય છે. બોલ્યા વિના સહવાથી મૌનપણે સર્વ વિશ્વને ઉપદેશ આપી શકાય છે.

'અલ્પ હાનિ અને બહુ લાભ થાય તેમ શક્તિ હોય ત્યારે સહનતા ધારવી જોઈએ. વીરનું ભૂષણ ક્ષમા છે. અલ્પ શક્તિવાળા પર બહુ શક્તિવાળાએ વૈરનો બદલો લેવો એમાં કંઈ વિશેષ મહત્તા નથી. અજ્ઞાની અને મોહી મનુષ્યો અલ્પ બાબતથી ક્રોધ કરીને અન્ય મનુષ્યોને મારી નાખે છે. તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્ય શાન્તિને પ્રાપ્ત કરી શકતા નથી. શક્તિ છતાં કેટલીક બાબતોમાં સહનતા રાખવી પડે છે અને અન્ય વિરોધીઓને યથાયોગ્ય શિક્ષા આપવી પડે છે. મારી પેઠે સહનતા સર્વ બાબતોમાં સર્વ લોકોએ રાખવી એવો કંઈ ઐકાંતિક નિયમ સર્વ લોકો માટે નથી. કેટલીક બાબતોમાં કેટલાકે ઉપસર્ગાદિકને સહવા અને પ્રસંગે સહન ન થતાં તેનાથી પોતાનો બચાંવ કરવો. તે પોતાની મરજી અને સંયોગના અનુસારે જાણી લેવું. કેટલીક બાબતોમાં જ્ઞાનીઓ કરે તેમ ન કરવું, પણ જ્ઞાનીઓ પોતાના કલ્યાણ માટે જે કહે તેમ કરવું.'

પ્રભુની સેવાભક્તિ કરીને સિદ્ધાર્થ વણિક અને બરક વૈદ્ય બન્ને દેહનો ત્યાગ કરીને દેવલોકમાં ગયા.

પ્રભુએ હરિદ્ર સન્નિવેશમાં હરિદ્ર વૃક્ષ નીચે કાયોત્સર્ગ ધ્યાનાવસ્થા ચિંતવી. તે વખતે વનમાં દાવાગ્નિ સળગ્યો હતો. તે પ્રભુના પાદ પાસે બળતો બળતો આવ્યો. તેથી ત્યાં ગોશાળો બેઠો હતો તે નાસી ગયો. પ્રભુને તેથી ઈજા થઈ નહીં. તે જોઈ અન્ય લોકો પ્રભુના સદ્‌બોધથી તેમના ભક્ત થયા.

શ્રી પાર્શ્વપ્રભુના શિષ્યોનો મેળાપ :

પ્રભુએ સાવત્થીમાં દસમું ચોમાસું વર્ષા ઋતુ સંબંધી કર્યું. તે વખતે ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના કેટલાક શિષ્યો ત્યાં પ્રભુના દર્શનાર્થે આવ્યા. પ્રભુએ તેઓને અધ્યાત્મ જ્ઞાનનું તથા તીર્થપ્રકાશનું પૂર્ણ રહસ્ય સમજાવ્યું. શ્રી પાર્શ્વનાથની પરંપરાના સૂરિઓ વગેરે શ્રીપાર્શ્વનાથના ઉપદેશથી જાણતા હતા કે પરમદેવ મહાવીર પ્રભુ હવે મારી પછી બસેં વર્ષ પહેલાં પ્રગટવાના છે. તેઓએ સાવત્થી વગેરે સર્વ શહેરોમાં એમ જાહેર કર્યું હતું. તેમને રૂબરૂમાં પ્રભુ મહાવીર દેવ મળ્યા તેથી તેઓ પરમાનંદને પામ્યા. પાર્શ્વનાથ પ્રભુના શિષ્યોએ મહાવીરદેવના અનેક ચમત્કારો દીઠા. સર્વ વિશ્વને તેમણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીરમય દીઠું. તેમણે પરમાત્મ મહાવીરદેવની સેવાભક્તિ કરી, તેમનું ધ્યાન કર્યું અને જીવન્મુકત થયા.

ખીરનો ઉપસર્ગ :

પ્રભુ મહાવીરદેવ એક વખત તંબાલ ગ્રામના ઉદ્યાનમાં વિરાજ્યા હતા. તે વખતે પ્રભુ મહાવીરદેવનું ઈશ્વરપણું તપાસવા ગોવાળોએ પ્રભુના બે પગ વચ્ચે અગ્નિ સળગાવી ખીર રાંધી. પ્રભુ મૌન રહ્યા હતા. પ્રભુને અગ્નિ ઉપદ્રવ કરી શકયો નહીં તેવું દેખી ગોવાળિયાઓએ પ્રભુને ખમાવ્યા. પ્રભુએ તેઓને આત્મજ્ઞાન આપ્યું. પ્રભુના તેઓ ભકત બન્યા.

પ્રભુ વજ્રભૂમિમાં વિહાર કરતા કરતા પાર્શ્વોદ્યાનમાં ગયા. ત્યાં ઘણા જબરા નાગ રહેતા હતા. તે સર્પો પ્રભુને પ્રભુ તરીકે જાણવાને સમર્થ નહોતા. સર્પના બિલો પાસે પ્રભુ મૌન ધરી રહ્યા હતા. સર્પો પ્રભુને દેખી શાંત થયા અને પ્રભુના શરીર પર પોતાની ફણાઓનું છત્ર ધર્યું.

ગૌતમ બુદ્ધ :

પ્રભુને ગંગા નદીના કાંઠે ચંદનપુર પાસે શુદ્ધોદન રાજા અને માયાદેવીના પુત્ર ગૌતમ બુદ્ધકુમાર ત્યાગી મળ્યા. બુદ્ધકુમારે પ્રભુ મહાવીર દેવને વંદન–નમન કર્યું. બુદ્ધના પૂછવાથી પ્રભુ મહાવીરદેવે તેમને ત્યાગ, ઉપકાર અને સંસારની અનિત્યતાનું સ્વરૂપ સમજાવ્યું. તેથી ગૌતમ બુદ્ધ ત્રણ તત્ત્વને અંગીકાર કરવા લાગ્યા, પણ પ્રભુ મહાવીરદેવ પરમેશ્વર છે એવું જાણી શકયા નહીં. પ્રભુએ પણ તેમને પોતાનું પરમેશ્વરપણું જણાવ્યું નહીં. ગૌતમ બુદ્ધને તપ પર સારો ભાવ દેખી પ્રભુએ તેમને આત્મજ્ઞાન તરફ ભાવ રાખવા જણાવ્યું. પ્રભુ મહાવીરદેવ પર ગૌતમ બુદ્ધનો પૂજ્યભાવ થયો, પણ તેમનું શરણ પામવાના તે અધિકારી નહોતા અને બીજી રીતે તેઓ વર્તવાના હતા એટલે પ્રભુએ તેમના તરફ લક્ષ આપ્યું નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુએ વર્ષા ચોમાસા વિનાના ઘણા માસ સર્વ ખંડોમાં અને અનાર્ય દેશોમાં પરિભ્રમણ કરવામાં ગાળ્યા. તેમણે હિંસા, જૂઠ, અજ્ઞાન, ચોરી, વ્યભિચાર વગેરેથી કરોડો મનુષ્યોને મુક્ત કર્યા. ભિન્ન ભિન્ન ધર્મોના અજ્ઞાન, કદાગ્રહ અને દેવને પશુ વગેરેનું રકત અર્પણ કરવાની અંધશ્રદ્ધા તેમ જ મોહ-બુદ્ધિ વગેરે દોષોને પ્રભુએ વિશ્વમાંથી હાંકી કાઢયા. આંધળા-ઓને દેખતા કર્યા. અનેક ચમત્કારો દેખાડયા. ઋષિઓ વગેરેમાં અજ્ઞાનમોહનો પ્રવેશ થયો હતો તેને હાંકી કાઢયો.

પ્રભુએ સહજ સ્વભાવે રમતાં સંકલ્પ વિના બાહ્ય તપ કર્યું. તેમણે જણાવ્યું કે મારા થકી અન્યોને ચારિત્રતપનું શિક્ષણ મળે માટે ચારિત્રતપનું આચરણ કરી બતાવવાની જરૂર છે. તીર્થંકર એ પરમાત્મા છે, તોપણ તેઓ તપ તપે છે તેનું કારણ વિશ્વના લોકોને તપનું શિક્ષણ આપવા માટે જ છે. બાકી તેઓને તપની કંઈ જરૂર નથી. લોકસંગ્રહની દૃષ્ટિને અનુસરીને તેઓ નિર્લેપી છતાં વિશ્વના લોકોના ભલા માટે તપ વગેરે જે કંઈ યોગ્ય લાગે છે તે આચરે છે. વ્યવહાર-નયની દૃષ્ટિએ તપની આચરણા કરવાની જરૂર છે. શુદ્ધ નિશ્ચય-દૃષ્ટિમાં તપ, ક્રિયા, ચારિત્ર વગેરે કંઈ નથી. પ્રભુ જે કંઈ કરે છે તેની અસર દુનિયાના લોકો પર થાય અને તેથી તેઓ આત્માના ધર્મ પર આવે તે માટે જ હોય છે.

પ્રભુનું તપ અને તપનું માહાત્મ્ય :

પ્રભુએ એક છમાસી તપ કર્યો. બીજો પાંચ દિવસ ન્યૂન છમાસી તપ કર્યો. ચારમાસીઓ નવ કરી. જેના ઘેર પારણું કરતા ત્યાં આહારપાણી સાથે જ લેતા. પશ્ચાત્ જળ પીતા નહોતા. ભોજન અને જળને હાથમાં ગ્રહી વાપરતા હતા. પ્રભુએ ત્રણમાસી એવા બે તપ કર્યા. બે માસે પારણું કરવું એવી છ બે માસીઓ કરી. પ્રભુએ બે દોઢ માસીઓ કરી. એકેક માસના ઉપવાસે એક માસ ક્ષમણ એવી બારમાસીનું તપ કર્યું. પ્રભુએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોંતેર પખવાડિયાનું તપ કર્યું. બોંતેર પાક્ષિક તપ કરીને લોકોને તપથી આરોગ્ય તથા શરીરની શુદ્ધિ થાય છે તેમ જણાવ્યું. શરીરશુદ્ધિથી મનની શુદ્ધિ થાય છે અને તેથી આચારવિચારની શુદ્ધિ થાય છે તથા છેવટે આત્માની શુદ્ધિ થાય છે એમ જણાવ્યું. પ્રભુએ બસો ને ઓગણપચાસ ષષ્ઠ તપ કર્યા તથા બાર અઠ્ઠમ કર્યા તથા છદ્મસ્થાવાસવાળી એવી ત્યાગદશામાં બાર વર્ષ અધિકમાં ત્રણસોને ઓગણપચાસ પારણાં કર્યાં. તેમ પ્રભુએ ત્યાગાવસ્થાના વ્યવહારમાં સાડાબાર વર્ષ તપ અને પારણાં કરી લોકોને જણાવ્યું કે, 'હે ભવ્યો! શરીરના આરોગ્ય માટે તપ કરો. આંતર તપ માટે બાહ્ય તપની જરૂર છે. ખાવાપીવામાં થતી આસક્તિનો ત્યાગ કરો. તપ તપવાથી સત્ત્વ પ્રગટે છે અને દુષ્ટ બુદ્ધિનો નાશ થાય છે. જેવા ભાવે લોકો તપ તપે છે તેવા ભાવે તેવા ભાવવાળા ફળને તેઓ પામે છે. શરીર પરથી મોહ ઉતારવો તથા બાહ્ય પદાર્થો પર થતી ઇચ્છાઓનો રોધ કરવો તે અભ્યંતર તપ છે. પુદ્ગલ તે પુદ્ગલથી તૃપ્ત થાય છે અને આત્મા પોતાના ગુણથી તૃપ્ત થાય છે. એવા શુદ્ધોપયોગથી જે સર્વ આવશ્યક પ્રવૃત્તિઓ થાય છે તે તપરૂપ જાણવી.' એમ પ્રભુએ જણાવ્યું.

પ્રભુએ પૃથ્વી પરના સર્વ ખંડો અને દ્વીપોના વાસી ભવ્ય લોકોને સત્ય જૈન ધર્મ જણાવ્યો. હજારો ગાઉ દૂરવર્તી દ્વીપોમાં પધારીને લોકોને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. પ્રભુએ પાપીમાં પાપી લોકોનો ઉદ્ધાર કર્યો. નાનામોટા પર્વતોમાં રહેલા ગુપ્ત યોગીઓને શિષ્ય અને ભક્ત બનાવ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮. ધ્યાનનું સ્વરૂપ અને તેના ભેદ

પ્રભુ વિહાર કરતા કરતા શૌર્યપુરમાં પધાર્યા. ત્યાંના રાજા પ્રભુ મહાવીરના સંસારીપણાના સૂર્યવંશમાં જ્ઞાતકુલપ્રસિદ્ધ સિદ્ધાર્થ રાજાના સગા ભાઈ સુપાર્શ્વ રાજા હતા. તેમણે પ્રભુ મહાવીરદેવનું ઉદ્યાનમાં આગમન શ્રવણ કર્યું. સુપાર્શ્વ રાજા અને તેની પત્ની વિરતિ વગેરે સર્વ નગરના લોકો પ્રભુને વંદન કરવાને ગયા. બારમા અચ્યુત વૈકુંઠ દેવલોકમાંથી અચ્યુતેન્દ્ર પણ પ્રભુને ત્યાં વંદન-દર્શન કરવા આવ્યા. સુપાર્શ્વ રાજા વગેરે સૌ નગરલોકોએ પ્રભુની પૂજા, સ્તવના, વંદના કરી. સુપાર્શ્વ રાજાએ પૂછયું કે, 'હે ભગવન્! ધ્યાનના કેટલા ભેદ છે અને ધ્યાનનું શું ફળ છે, તે કૃપા કરીને જણાવશો.'

પ્રભુએ કહ્યું કે, 'હે સુપાર્શ્વ રાજન્! ધ્યાનના અનેક ભેદ છે. તેમાં ચાર ધ્યાન મુખ્ય છે. તેનું સ્વરૂપ શ્રવણ કરો. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન એ ચાર ધ્યાનના પ્રકાર છે.'

આર્તધ્યાન :

'સંકલ્પ, વિકલ્પ, શોક, ભય આદિ કષાયોવાળું ધ્યાન તે આર્તધ્યાન છે. ઇષ્ટના વિયોગથી જે શોક, ભય, મોહ આદિ થાય છે તે ઇષ્ટવિયોગ નામનું ધ્યાન છે. અનિષ્ટ અને દુઃખ દેનારી વસ્તુઓના સમાગમથી જે ભય, શોક, ચિંતાદિ વિચારો પ્રગટે છે તે અનિષ્ટસંયોગ નામનું આર્તધ્યાન જાણવું. ભવિષ્યકાળ સંબંધી શું થશે, શું કરીશું—એવી ખરાબ વિચાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રેણીઓની પરંપરામાં પ્રવાહિત થવું તે અગ્રશોચ ધ્યાન છે. રોગ થતાં શોક, ભય, દીનતાના વિચારો કરવા તે રોગચિંતા આર્તધ્યાન જાણવું. છઠ્ઠી ગુણસ્થાનકભૂમિકા પર્યંત આર્તધ્યાન હોય છે. આર્તધ્યાનથી આત્મસુખનો સાક્ષાત્કાર થતો નથી.'

રુદ્રધ્યાન :

'રુદ્રધ્યાનના ચાર ભેદ છે. હિંસાના વિચારો કરવા, કરાવવા અને હિંસા કરનારાઓની અનુમોદના કરવી તે હિંસાનુબંધી રુદ્રધ્યાન છે. મૃષાના વિચારો કરવા, કરાવવા અને અસત્ય વદનારાઓની અનુમોદના કે પુષ્ટિ કરવી તે મૃષાનુબંધી રુદ્રધ્યાન છે. ચોરીના વિચારો કરવા, ચોરીના વિચારો કરાવવા અને ચોરી કરનારાઓની વિચારદ્વારા અનુમોદના કરવી તે સ્તેયાનુબંધી રુદ્રધ્યાન છે. પરિગ્રહ સંબંધી વિચારો કરવા, કરાવવા અને તેની અનુમોદના કરવી તે પરિગ્રહાનુબંધી રુદ્રધ્યાન છે.'

ધર્મધ્યાન :

'ધર્મધ્યાનના ચાર ભેદ છે : આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય. જેઓ મારી આજ્ઞાનો વિચાર કરે છે, મારા ઉપદેશનો વિચાર કરે છે, મારાં પ્રરૂપેલાં અને પ્રરૂપાતાં તત્ત્વોનો વિચાર કરે છે તેઓને આજ્ઞાવિચય ધર્મધ્યાન જાણવું. મારી આજ્ઞાને સ્વાધિકારે જેઓ આચારમાં મૂકીને વર્તે છે તેઓ ધર્મી છે. મારા ઉપદેશને જેઓ અસત્ય માને છે તેઓ મિથ્યાદૃષ્ટિવાળા છે. મારા ઉપદેશને જેઓ એ ઘડી પર્યંત પણ સત્ય માને છે તેઓ અવશ્ય કોઈ પણ કાળે મુક્તિ પામવાના અધિકારી બને છે. મારી આજ્ઞા પ્રમાણે વર્તતાં અવશ્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે એમ જેને પૂર્ણ શ્રદ્ધા છે તેઓ ગૃહસ્થદશામાં સ્વાધિકારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્રનાં કર્મ કરવા છતાં અવશ્ય મુક્તિપદને પામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. મારાં પ્રરૂપેલાં સૂક્ષ્મ તત્ત્વો ન સમજાય તો તેની શ્રદ્ધા કરવી અને તેઓને શ્રદ્ધાથી સત્ય માનવાં, પરંતુ તેમાં શંકા કે સંશય કરવો નહીં. અનેક પાખંડીઓના સમાગમમાં આવતાં મારા પ્રરૂપેલા ધર્મની આજ્ઞાથી ભ્રષ્ટ થવું નહીં. મારી આજ્ઞા પ્રમાણે વર્તનારાં શૂદ્ર, સ્ત્રી, બ્રાહ્મણ અને ઋષિ વગેરે સર્વની એકસરખી રીતે મુક્તિ થાય છે. મારી આજ્ઞા પ્રમાણે વર્તતાં કષાયો થાય તો તે પ્રશસ્ય કષાયરૂપે પરિણમે છે અને તેનાથી પુણ્યાનુબંધીપુણ્ય અને તીર્થંકરાદિ પદવીઓની પ્રાપ્તિ થાય છે. મારી આજ્ઞા પ્રમાણે વર્તતાં સર્વ લોકોને તરતમયોગે ધ્યાન છે.

'મારા ઉપદેશને જેઓ જાણે છે તેઓ દ્રવ્ય–ભાવથી અપાયોના સમૂહને જાણી શકે છે અને આત્માથી ભિન્ન જડ વસ્તુઓના સંયોગ કે વિયોગમાં સુખ અથવા દુઃખની કલ્પના કરતા નથી. શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ અપાય છે જ નહીં. વ્યવહાર-દૃષ્ટિથી વર્તનારાઓને અપાય છે. અપાયના સમૂહને અપાય જાણવો. ધર્મધ્યાનીઓ અપાયના સમૂહનો વિચાર કરીને અપાયનો નાશ કરવા શુદ્ધોપયોગરૂપ પુરુષાર્થને ગ્રહે છે. આત્માના શુદ્ધોપયોગથી મનમાં લાગતા સર્વ પ્રકારના અપાયોનો વિલય થાય છે. મનની દૃષ્ટિએ અપાય છે અને આત્માની દૃષ્ટિએ અપાય નથી. આત્માને જડ વસ્તુ થકી કદી અપાય થતો નથી—એમ શુદ્ધોપયોગમાં નિશ્ચય થાય છે. આત્માના શુદ્ધોપયોગમાં જન્મ, જરા અને મૃત્યુના અપાયનો ભાસ થતો નથી. આત્માના શુદ્ધોપયોગમાં દુઃખના પરિણામરૂપ અપાયની વેદના રહેતી નથી. આત્માના શુદ્ધોપયોગમાં આત્મા તે જ પરમાત્મા છે. તેમાં કશો કંઈ જ્ઞાનભેદ વર્તતો નથી. વ્યવહાર-ધર્મધ્યાનીઓ રાગદ્વેષરૂપ અપાયનું સ્વરૂપ વિચારે છે, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ અપાયનું સ્વરૂપ વિચારે છે અને પશ્ચાત્ સર્વ કર્મના અપાયથી મુક્ત થવા શુદ્ધોપયોગરૂપ સમાધિ-માં પ્રવેશ કરે છે. મારા ભક્તોને ગૃહસ્થાવાસમાં અને ત્યાગા–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસ્થામાં શુદ્ધોપયોગરૂપ સમાધિની દશા ખાતાં, પીતાં, હરતાં, ફરતાં, કાર્ય કરતાં વારંવાર પ્રગટ્યા કરે છે. તેથી તેઓ શરીરમાં છતાં મુક્તદશાનો અનુભવ કરીને જીવતા છતાં જીવન્મુક્ત બને છે.

'આકાશને જડ પુદ્ગલનો લેપ લાગતો નથી, પણ વ્યવહારથી સ્થૂલ દૃષ્ટિવાળાઓને એમ લાગે છે કે અહા! પુદ્ગલથી આકાશ સલેપી બની ગયું છે. તેમ શુદ્ધોપયોગની નિશ્ચયદૃષ્ટિએ આત્માને કર્મનો લેપ લાગતો નથી, તોપણ વ્યવહારદૃષ્ટિથી જોનારાઓને તેઓ સલેપી જણાય છે, પરંતુ તે એમની ભ્રાન્તિ છે. જેવી દૃષ્ટિ હોય તેવું પરસ્પર લોકોને દેખાય છે. અપાયના વિષયનું ચિંતવન કર્યાથી મનુષ્યો અપાયથી મુક્ત થવાનો પુરુષાર્થ કરે છે. શુદ્ધોપયોગરૂપ સહજ સમાધિ સમાન કોઈ મહાન રાજયોગ નથી. આત્માના શુદ્ધ બળથી મનમાં પ્રગટતા રાગ–દ્વેષરૂપ અપાયોનો નાશ થાય છે.

'સંસ્થાનવિચય નામનું ધર્મધ્યાન ધ્યાવવાથી સમગ્ર લોક અને અલોકનું અર્થાત્ સર્વ વિશ્વનું સાક્ષાત્ દર્શન થાય છે. સર્વ વિશ્વરૂપ વિરાટનો આત્મા વૈરાટ ભગવાન બને છે અને તે લોકોને વિશ્વદર્શન કરાવવા સમર્થ બને છે. સર્વ વિશ્વનું સંસ્થાન અનાદિ–અનંતકાળ પર્યંત છે. પિંડ અને બ્રહ્માંડના સંસ્થાનનો અનુભવ આવતાં ધર્મધ્યાનીઓ શુકલધ્યાનને પામે છે. ધર્મનું સ્વરૂપ વિચારવું અને આત્માના સ્વભાવને ચિંતવવો તે ધર્મધ્યાન છે. જડનો સ્વભાવ તે જડધર્મ છે અને આત્માનો સ્વભાવ તે આત્મધર્મ છે. જ્ઞાન અને આનંદ તે આત્માનો ધર્મ યાને સ્વભાવ છે. તેની પ્રાપ્તિ માટે જે જે વિચારો કરવા તે ધર્મધ્યાન છે.

'કર્મનું શુભાશુભ ફળ શાતા અને અશાતા છે, એમ જેઓ ચિંતવે છે તેઓને વિપાકવિચય ધર્મધ્યાન છે. જીવ અને કર્મનો સંયોગ અનાદિકાળનો છે, આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિકાળથી છે—એમ હું જાણું છું અને એવું સત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રરૂપું છું. જ્યાં સુધી આત્મા ઔપચારિક અનેક પ્રકારના ધર્મોમાં આત્મધર્મ માને છે ત્યાં સુધી તે મોહી છે અને જ્યારે શુદ્ધ આત્મધર્મને આત્મધર્મ તરીકે અનુભવે છે. અને ઔપચારિક અસદ્‌ધર્મોને વ્યવહારદૃષ્ટિથી જાણે છે ત્યારે તે બન્ને પ્રકારના ધર્મને જાણવા છતાં, સ્વાધિકારે પ્રવર્તવા છતાં અને કર્તવ્યકર્મો કરવા છતાં નિર્મોહ રહે છે. આત્માના સદ્‌ભૂત ધર્મનું અને આત્માને કર્મસંયોગજન્ય અસદ્‌ભૂત ઔપચારિક ગુણધર્મોનું ચિંતવન કર્યાથી શુકલધ્યાનની પ્રાપ્તિ થાય છે. સદ્‌ધર્મનો આધાર આત્મા છે અને અસદ્‌ધર્મનો આધાર કર્મસંયોગી આત્મા, મન અને દેહ છે. સદ્‌ધર્મની પ્રાપ્તિ થવા છતાં પણ બાહ્ય લૌકિક આવશ્યક અસદ્‌ધર્મને વ્યવહારથી આચરવા પડે છે તથા ઉપદેશવા પડે છે. અસદ્‌ આરોપિત વ્યવહાર ધર્મોને કરવા છતાં આત્મા સદ્ધર્મનો પ્રકાશ કરે છે. મન–વાણી–કાયાની પ્રવૃત્તિઓ તે અસદ્‌ધર્મ છે અને રાજ્યાદિક પ્રવૃત્તિઓ પણ અસદ્‌ધર્મ છે, તોપણ સ્વાધિકાર પ્રમાણે વિવેકપૂર્વક તે સેવવા પડે છે. પરંતુ ધ્યાનીઓને તેમાં ધર્મની બુદ્ધિ રહેતી નથી, તેથી તેઓ નિર્લેપ રહે છે.

'આત્મજ્ઞાનીઓ આત્મધર્મના ઉપયોગે રહે છે અને બાહ્ય લૌકિક કર્તવ્યોને કરે છે. ધર્મધ્યાન પછી શુકલ ધ્યાનની પ્રાપ્તિ થાય છે. ધર્મધ્યાનીઓને દેવલોકની અને મનુષ્યલોકની પ્રાપ્તિ થાય છે. શ્રાવકધર્મ, ગૃહસ્થધર્મ અને ત્યાગીધર્મના સદાચારોનો અને સદ્‌વિચારોનો ધર્મમાં અને ધર્મધ્યાનમાં સમાવેશ થાય છે. રાત્રીમાં અને દિવસમાં ગમે તે વખતે ધર્મધ્યાનના વિચારો પ્રગટે છે. અપ્રમત્તગુણસ્થાનકરૂપ સાતમી ભૂમિકા પર્યંત ધર્મધ્યાન છે. તદુપરાંત શુકલ ધ્યાન છે.

શુકલધ્યાન :

'આત્મજ્ઞાનીઓ શુકલધ્યાનના અધિકારી છે. આત્મધર્મનું ધ્યાન ધરતાં ધરતા છેવટે શુકલધ્યાનના શુદ્ધ પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રગટે છે. શુકલધ્યાનમાં રાગદ્વેષના પરિણામની ઘણી મંદતા અને છેવટે બિલકુલ અભાવ હોય છે. આત્માના શુદ્ધ સ્વભાવમાં પરિણમનારાઓ શુકલધ્યાનના ધ્યાનારા છે. શુકલ ધ્યાનમાં મનનો સંબંધ છે. ધર્મધ્યાનમાં પણ મનનો સંબંધ હોય છે. ઉત્કૃષ્ટ શુકલ ધ્યાનના અંતર્મુહૂર્ત પરિણામથી આત્મા સ્વયં પરમાત્મા બને છે અને અનંત ભવનાં નિકાચિત કર્મોનો કાચી બે ઘડીમાં નાશ કરે છે. અંતર્મુહૂર્તમાં આત્મામાં એટલો બધો વીર્યોલ્લાસ પ્રગટે છે કે તે વડે અનંત જીવોનાં કર્મો પણ બે તે ભેગાં આવી જાય તો તેઓનો પણ તરત નાશ થઈ જાય. શુકલધ્યાનમાં આત્મા અને પરમાત્માનું ભેદચિંતન રહેતું નથી. આત્મા એ જ પરમાત્મારૂપ ભાસે છે. શુકલધ્યાની એવો જ્ઞાની એક શ્વાસો– શ્વાસમાત્રમાં સર્વ ઘાતી અને અઘાતી કર્મનો ક્ષય કરે છે.

'શુકલધ્યાનના ચાર પાયા છે : પૃથકત્વવિવર્ક સપ્રવિચાર એકત્વવિતર્ક અપ્રવિચાર, સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી, ઉચ્છિન્નક્રિયા– નિવૃત્તિ. શુકલધ્યાનમાં મનમાં તર્ક થાય છે, પણ તે આત્માના ગુણપર્યાયના ભેદાભેદસંબંધી વિચારો જ હોય છે. આત્મામાં એકત્વ, નિર્વિકલ્પ ધ્યાનરૂપ શુકલધ્યાન પ્રગટતાંની સાથે કેવળ-જ્ઞાન પ્રગટે છે. ઉત્કૃષ્ટ શુકલધ્યાનમાં આત્માના ગુણપર્યાયોનો આત્માની સાથે અભેદભાવ વર્તે છે. અર્થાત્ આત્મા અને તેના ગુણપર્યાયો સંબંધી અનેકત્વ કે ભેદત્વભાવ સંબંધી વિચાર પ્રગટતો નથી.

'આત્માની સત્તામાં જ્ઞાનનો ઉપયોગ—એકત્વભાવ રહે છે, પરંતુ રાગદ્વેષ સંબંધી મનના સંકલ્પ–વિકલ્પ રહેતા નથી; નય, નિક્ષેપ, સપ્તભંગી, ગુણપર્યાય સંબંધી સંકલ્પ–વિકલ્પ ઊઠતા નથી. એવું ઉત્કૃષ્ટ ધ્યાન અંતર્મુહૂર્તની અવધિવાળું છે. એટલા અંતર્મુહૂર્તના સમયમાં સાતમા અપ્રમત્તગુણસ્થાનકથી તેરમા સયોગી કેવલી ગુણસ્થાનક સુધીની સ્થિતિ પ્રાપ્ત થાય છે અને આત્મા સર્વજ્ઞ પરમાત્મા બને છે. શુકલધ્યાનમાં બાહ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મક્રિયા રહેતી નથી, કારણ કે તેનો કાળ અંતર્મુહૂર્તનો છે. એટલા કાળમાં આત્માના નિર્વિકલ્પ શુદ્ધોપયોગની અભેદ-ભાવનાની પરિણતિ વર્તે છે. નવ સમયથી અંતર્મુહૂર્ત શરૂ થાય છે અને કાચી બે ઘડી સુધી અંતર્મુહૂર્ત જાણવું. અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદ છે. તેથી શરીરદ્વારા પ્રવૃત્તિ છતાં આત્મા શુદ્ધોપયોગમાં વર્તે તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે.

'અપ્રમત્ત ગુણસ્થાનકથી તે ક્ષીણમોહ ગુણસ્થાનકનો કાળ સર્વ મળી અંતર્મુહૂર્તનો છે. એકેક ગુણસ્થાનકનો અંતર્મુહૂર્ત કાળ ગણતાં સાતમાથી બારમા સુધીનો અંતર્મુહૂર્ત છે. પ્રથમ ગુણસ્થાનકમાં વર્તતો આત્મા સમ્યગ્જ્ઞાન પામીને ઉત્કૃષ્ટ દશાએ બારમા ગુણસ્થાનક પર્યંતની દશા અનુભવવામાં અંતર્મુહૂર્ત લગાડે છે અને ત્રયોદશ સયોગીગુણસ્થાનકમાં અંતર્મુહૂર્તમાં પ્રવેશ કરે છે. તેનાં અઘાતી કર્મ જો બાકી નથી હોતાં તો તે શ્રી મરુદેવા માતાની પેઠે અંતર્મુહૂર્તકાળમાં સર્વ કર્મનો ક્ષય કરીને મુક્ત, શુદ્ધ, બુદ્ધ, પરમાત્મા બને છે.

'શુકલધ્યાનમાં અવધિજ્ઞાનનો અને મનઃપર્યવજ્ઞાનનો ઉપયોગ હોતો નથી. તેમાં તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બેનો ઉપયોગ વર્તે છે. શુકલધ્યાનમાં રાગદ્વેષના સંકલ્પ-વિકલ્પવાળું મન રહેતું નથી. રાગદ્વેષના સંકલ્પ-વિકલ્પ વિનાનું આત્મ-સ્વરૂપના મનન-ચિંતનરૂપ નિર્વિકલ્પ મન કેવળજ્ઞાનની પ્રાપ્તિ પહેલાં પ્રવર્તે છે. મન છે ત્યાં સુધી ધ્યાન છે, પછી તે નથી.'

ધ્યાનના બીજા ચારભેદ—પદસ્થધ્યાન :

'હે સુપાર્શ્વ રાજન્! ચાર પ્રકારનાં ધ્યાનનું સ્વરૂપ તને સમજાવ્યું. તેના બીજા ચાર ભેદ છે : પદસ્થધ્યાન, પિંડસ્થ-સ્થાન, રૂપસ્થધ્યાન અને રૂપાતીતધ્યાન. પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરવું, શબ્દોના અર્થસહિત પંચપરમેષ્ઠીનું ધ્યાનધરવું તે પદસ્થ ધ્યાન છે. શાસ્ત્રોના અવલંબનથી આ પદસ્થ ધ્યાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્તિ થાય છે. પોતાના આત્માને અનેક આત્મપર્યાયવાચી શબ્દોના અર્થ દ્વારા ધ્યાવવો તે પદસ્થધ્યાન છે.'

પિંડસ્થધ્યાન :

'શરીરમાં સ્થિત આત્મા તે જ સત્તાએ પરમાત્મા છે— એવો નિશ્ચય કરીને આત્માનું ધ્યાન ધરવું તે પિંડસ્થધ્યાન છે. હઠયોગ અને ઉપાસના, કે જે આત્માની જ ફક્ત હોય છે, તેનો પિંડસ્થધ્યાનમાં અંતર્ભાવ થાય છે. મૂલાધારચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર, મણિપૂરચક્ર, હૃદયચક્ર, કંઠચક્ર, ભ્રકુટિચક્ર, ત્રિપુટીચક્ર અને અનાહત બ્રહ્મચક્રમાં આત્માનું ધ્યાન ધરવું, પરમાત્માનું ધ્યાન ધરવું તે પિંડસ્થધ્યાન છે.

'આઠ પ્રકારના દ્રવ્ય અર્થાત્ બાહ્ય પ્રાણાયામનો પિંડસ્થ ધ્યાનમાં સમાવેશ થાય છે. અશુદ્ધ રાગદ્વેષાદિ કષાયોવાળા વિચારોને મનમાંથી બહાર કાઢવા તે અધ્યાત્મરેચક પ્રાણાયામ છે. સદ્ગુણોના વિચારોને હૃદયમાં પૂરવા, ધર્મના વિચારોને હૃદયમાં ધારણ કરવા, શુદ્ધ સદ્ભૂત આત્માના સ્વરૂપને હૃદયમાં ધારણ કરવું, પરમાત્મસ્વરૂપને હૃદયમાં ધારણ કરવું તે પૂરક પ્રાણાયામ છે. શુદ્ધાત્મસ્વરૂપના વિચારોમાં લયલીન થઈ જવું, શુદ્ધાત્મસ્વરૂપની નિર્વિકલ્પ દશામાં સ્થિર થવું, આત્માના ગુણ-પર્યાયોમાં જ સ્થિર થવું અને દુનિયાના સંકલ્પ–વિકલ્પોથી રહિત જ્યાંસુધી રહેવાય ત્યાંસુધી કુંભક પ્રાણાયામ છે. શરીરમાં રહેલ સ્વા-ત્મામાં અનંત સુખ, અનંત જ્ઞાન, અનંત વીર્ય છે; આત્મા અજ છે, અખંડ છે, અવિનાશી છે, અભેદ્ય, અછેદ્ય, અખેદ્ય છે, આત્મા સર્વ પ્રકારના રૂપી પુદ્ગલથી ભિન્ન છે—એમ ચિંતવવું તે પિંડસ્થધ્યાન છે. સર્વ પ્રકારના દુર્ધ્યાનનો સંબંધ છોડી દેવો, બાહ્ય વિષયોમાં થતી ઇચ્છાઓનો રોધ કરવો, બાહ્યમાં મનો-વૃત્તિઓને ભટકતી વારવી તે પ્રત્યાહાર પિંડસ્થધ્યાન છે. હૃદયમાં શુદ્ધાત્મસ્વરૂપને ધારણ કરવું અને તેના વ્યક્ત ઉપયોગે રહેવું તે પિંડસ્થ ધારણા છે. હૃદયમાં આત્માને પરમાત્મા–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વરૂપ ચિંતવવો, શરીરમાં અસંખ્યપ્રદેશી આત્મા વ્યાપી રહેલ છે, શરીરમાં આત્મા સર્વાંગે વ્યાપીને રહેલ છે, તેના ઉપયોગમાં લયલીન થઈ જવું અને તે વખતે બાહ્ય ભાન રહે તે પિંડસ્થધ્યાન છે. પિંડસ્થ ધ્યાન ધરવા માટે એકાંત નિર્જન સ્થાન, સ્મશાન, એકાંત ઉદ્યાનસ્થાન, નદીતટ, સરોવરતટ, રેતીરણ, સમુદ્રતટ, વૃક્ષઘટા, પર્વતગુફા, ભોયરું વગેરે અનુકૂલ અને રુચિકર સ્થળો પસંદ કરવાં.

'પિંડસ્થધ્યાન ધરતાં સર્વ પ્રકારની લબ્ધિઓ, સર્વ પ્રકારના ચમત્કારો અને સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રગટે છે, નાસિકાના અગ્રભાગમાં દૃષ્ટિ ધારણ કરીને જડ વસ્તુમાં આત્માનું પ્રતીક માની ધ્યાન ધરવાથી મનની સ્થિરતા વધે છે અને અશુભ સંકલ્પ-વિકલ્પોનો વિલય થાય છે. બ્રહ્માંડમાં જે કંઈ છે તે પિંડમાં છે—એવો અનુભવ કરીને શરીરસ્થ આત્માનું ધ્યાન ધરવું. આત્મા સંપૂર્ણ જ્ઞાની થતાં સર્વ પ્રકારના ધ્યાનની પૂર્ણાહુતિ થાય છે. આત્મા સર્વજ્ઞ થયા બાદ પ્રત્યક્ષ જ્ઞાની થવાથી પશ્ચાત્ ધ્યાન નથી. પરોક્ષજ્ઞાનમાં ધ્યાનની જરૂર છે, પ્રત્યક્ષ કેવળજ્ઞાનમાં ધ્યાનની જરૂર રહેતી નથી. તિરોભાવી આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો કર્મનું આવરણ ટાળીને આવિર્ભાવ કરવો તે પૂર્ણ સિદ્ધયોગ છે. એવો યોગ થયા બાદ ધ્યાનની જરૂર રહેતી નથી.

'પિંડસ્થધ્યાન ધરવાથી મારા ભક્ત જૈનોમાં આત્મબળ પ્રગટે છે. તે પશુબળ પર સંયમ મૂકી શકે છે. પિંડસ્થધ્યાનમાં પ્રવેશ કરવાને સદ્‌ગુરુનું આલંબન લેવું અને આત્મા માટે સર્વ વિશ્વ પરની મમતાનો ત્યાગ અંતરથી કરવો. અષ્ટાંગ યોગની સાધના કરવી તે પિંડસ્થધ્યાન છે. શરીરમાં પાંચ તત્ત્વનો સંયમ કરવો તે પિંડસ્થધ્યાન છે. પિંડસ્થધ્યાનના અનેક ભેદ છે. જેને જેથી લાભ થાય અને રસ ઊપજે તેણે તે ધ્યાનનો અભ્યાસ કરવો. આત્માની શુદ્ધતા કરવારૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધ્યોપયોગ ધારણ કરીને પિંડસ્થધ્યાન ધરવું. મનુષ્યશરીરથી મુક્તિ મળે છે, માટે મનુષ્યજન્મ પામીને એક ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરવો જોઈએ.'

રૂપસ્થધ્યાન :

'રૂપસ્થધ્યાનના અનેક ભેદ છે. પૂર્વના તીર્થંકરો અને મારું જેઓ ધ્યાન ધરે છે તેઓને રૂપસ્થધ્યાની જાણવા. શરીરમાં રહેલો આત્મા તે જ કેવળજ્ઞાન પામીને પરમાત્મા બને છે. એવો પોતાનો આત્મા છે અને તે શરીરમાં રહ્યો છે. કર્મ, શરીર આદિ રૂપી છે. તેમાં રહેલો આત્મા અરૂપી, નિરંજન, નિરાકાર છે—એમ આત્માની મૂળ શુદ્ધતા ચિંતવવી. રૂપી વસ્તુમાત્ર પુદ્ગલ દ્રવ્ય છે. જે જે રૂપી વસ્તુઓ છે તે પુદ્ગલ દ્રવ્યના પર્યાયસ્કંધો છે. તેઓમાં આત્મપણું નથી. દેહ રૂપી પુદ્ગલપર્યાય છે. તેમાં જે આત્મબુદ્ધિ ધારણ કરવી તે મિથ્યા-બુદ્ધિ છે. મિથ્યાબુદ્ધિવાળો આત્મા તે જ બહિરાત્મા છે. બાહ્ય રૂપી વસ્તુમાં આત્મા છે તથા બાહ્ય જડ પુદ્ગલ વસ્તુમાં આનંદ છે—એવા મિથ્યા ભ્રમનો ત્યાગ કર્યા વિના કોઈ પણ આત્માને શાંતિ થઈ નથી, વર્તમાનમાં થનાર નથી અને ભવિષ્યમાં થશે નહીં, એવા નિશ્ચયવાળા જ્ઞાનીઓ રૂપસ્થધ્યાન ધરીને રૂપી પદાર્થોની પ્રવૃત્તિમાં પડેલા છતાં નિર્મોહી અને નિર્લેપ રહે છે અને વિશ્વનો ઉદ્ધાર કરવા સમર્થ થાય છે.

રૂપાતીતધ્યાન :

'ગૃહસ્થો અને યોગીઓ કર્મયોગવડે વ્યાવહારિક પ્રવૃત્તિ કરવા છતાં રૂપસ્થધ્યાનને વારંવાર પામીને આત્માની પૂર્ણ શુદ્ધિ કરે છે. રાત્રીમાં અગર દિવસમાં ગમે તે વખતે અને ગમે તેવા આસને હરતાં, ફરતાં, બેસતાં કે ઊઠતાં પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીતધ્યાન ધ્યાવી શકાય છે. રૂપસ્થ એવો આત્મા અનુભવતાંની સાથે રૂપી પદાર્થોમાંથી મોહ ઊતરી જાય છે. સર્પના વિષવાળી દાઢોનો નાશ કર્યા પશ્ચાત્ જેમ વિષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચઢતું નથી તેમ રૂપસ્થ ધ્યાનના બળે આત્માનો અનુભવ થયા બાદ પાંચ ઇન્દ્રિયના મેરુપર્વત જેટલા અથવા સાગર જેટલા વિષયોમાં આત્મા રહેવા છતાં આત્મામાં વિષયોની આસક્તિ થતી નથી, વિષયોમાં મનની રુચિ પ્રગટતી નથી. એટલે મન વીતરાગ બને છે. તેથી આત્મા સ્વયં સર્વજ્ઞ પરમાત્મા જિનવર-રૂપ બને છે.

'રૂપસ્થધ્યાન ધરવાથી મન પર આવેલાં મોહનાં આવરણોનો નાશ થાય છે, તેથી મન શુદ્ધ બને છે, અને તેથી શુદ્ધ મનના બળે રૂપસ્થધ્યાની રૂપાતીત શુકલધ્યાન ધ્યાવે છે. 'સર્વપ્રકારના રૂપથી અતીત એવો શુદ્ધાત્મા છે, સર્વ પ્રકારના રૂપમાં આત્મા નથી પણ તેથી ભિન્ન આત્મા છે, રૂપી વસ્તુઓ જડ પુદ્ગલરૂપ છે, તેમાં આત્માનો જ્ઞાનાનંદ ગુણ નથી, તેથી રૂપી વસ્તુઓના રાજ્યમાં મોહ કરવાથી અંશ-માત્ર પણ સુખ મળનાર નથી'—એવા નિશ્ચયવાળા ધ્યાનીઓ રૂપાતીત ધ્યાન કરીને કેવળજ્ઞાન પામી સિદ્ધ, બુદ્ધ, પરબ્રહ્મ, શુદ્ધ મહાવીર બને છે.

'પુરુષો અને સ્ત્રીઓને અને ગૃહસ્થો અને ત્યાગીઓને રૂપાતીત ધ્યાન ધરવાનો અધિકાર છે. સાકાર અને નિરાકાર એમ ધ્યાનના બે ભેદ છે. સાકાર ધ્યાનમાંથી નિરાકાર ધ્યાનમાં પ્રવેશ થાય છે. સરાગ અને વીતરાગ એવા પણ ધ્યાનના બે ભેદ છે. સરાગ ધ્યાનમાંથી વીતરાગ ધ્યાનમાં પ્રવેશ થાય છે'.

એમ પ્રભુએ દેવ અને ગુરુનું રૂપસ્થ અને રૂપાતીત ધ્યાન સમજાવ્યું. ગુરુનું ધ્યાન પ્રથમ ધરવું એમ સમજાવ્યું. ધ્યાનનું ફળ મુક્તિ છે એમ સમજાવ્યું તેથી સુપાર્શ્વ રાજા અને ઋષિ, બ્રાહ્મણો વગેરે ઘણો આનંદ પામ્યા. તેઓએ પ્રભુને વંદી-પૂજી-સ્તવી પ્રભુનું શરણ સ્વીકાર્યું. તેઓ પ્રભુના ભક્ત બન્યા. અચ્યુતેન્દ્રે પ્રભુને વંદન કર્યું. ત્યાર પછી અચ્યુતેન્દ્રે વૈકુંઠધામ નામના બારમા દેવલોકમાં ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯. મુક્તિનું સ્વરૂપ

સુપાર્શ્વ રાજાની પત્ની ગૌરીએ પ્રભુને મુક્તિનું સ્વરૂપ કેવું છે તેનો પ્રશ્ન કર્યો અને વંદી-પૂજી પ્રભુને કહ્યું કે, 'હે પ્રભો! આપ વિના મુક્તિનું યથાર્થ સ્વરૂપ કોઈ કહી શકે તેમ નથી. માટે કૃપા કરીને મને એ સમજાવો. આપ વિશ્વોદ્ધારક છો માટે મને સમજાવો.'

પ્રભુ મહાવીરદેવે શૌર્યપુરીય ભૂપતિ સુપાર્શ્વ રાજાની પત્ની ગૌરી સતીને કહ્યું કે, 'હે ગૌરી સતી! એવંભૂતનયની દૃષ્ટિએ પરિપૂર્ણ મુક્તિનું સ્વરૂપ કહું છું તે શ્રવણ કર. સર્વ કર્મનો ક્ષય તે મોક્ષ છે. બંધની અપેક્ષાએ મોક્ષ છે. જેને બંધ નથી તેને મોક્ષ નથી. જેને બંધ ઘટે છે તેને મોક્ષ ઘટે છે. સર્વ કર્મનો ક્ષય થયા પછી સિદ્ધ દશામાં જન્મ-જરા-મૃત્યુ નથી. ત્યાંથી પુનઃ સંસારમાં પરિભ્રમણ થતું નથી. મુક્તાત્માઓ સદા સ્વતંત્ર છે. તેઓ સ્વયં પ્રભુ છે. તેઓ જ્ઞાન વડે અને આનંદ વડે સ્વતંત્ર છે. મુકતાત્માઓ અનંત જ્ઞાનાનંદના ભોકતા છે. તેઓ અનંત દુઃખથી સર્વથા રહિત અને અનંત પરમાનંદમાં મગ્ન છે. પરિપૂર્ણ સત્ય મુકિત એવા પ્રકારની છે. તેમાં અંશમાત્ર અસત્ય તથા અંશમાત્ર ઉપચાર નથી. પરિપૂર્ણ મુકિત પશ્ચાત્ બાકી કોઈ મુકિતસ્વરૂપ અને મુકતસ્વરૂપ રહેતું નથી. સાત નય પ્રતિ એકેક નયદ્વારા પરસ્પર નય સાપેક્ષપણે જે મુકિતનું સ્વરૂપ છે તે સાપેક્ષ દૃષ્ટિએ માનવા અને પ્રાપ્ત કરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'નૈગમનયની અપેક્ષાએ વ્યાધિ, સંકટ, ઉપાધિથી મુકત થવું તે મુકિત છે, અથવા મુકિતનાં અંશે અંશે સાધનો અંગીકાર કરવાં તે સાધનોમાં મુકિતના આરોપની મુકિત છે. શુભાવતારો પામવા તે નૈગમનયની દૃષ્ટિએ મુકિત છે.

'સંગ્રહનયની અપેક્ષાએ સત્તાએ સર્વાત્માઓને એકાત્મા માની તેનું ધ્યાન ધરવું અને નામરૂપની યાદી ભૂલી જવી, આત્મસત્તામાં ઉપયોગ રાખી લયલીન થઈ જવું અને આત્મ-સત્તાને વ્યાપક માની સત્તાજ્ઞાનમાં જ મુકિત માનવી તે આપેક્ષ દૃષ્ટિએ સંગ્રહનયમુકિત છે.

'વ્યવહારનયની દૃષ્ટિએ મુકિતના અનેક પ્રકારના ભેદ પડે છે. જે જીવ જે પ્રકારની મુકિતની રુચિને લાયક હોય છે તેની આગળ તેવી મુકિતની રુચિનો ઉપદેશ કરવો અને છેવટે એવંભૂતનય-દૃષ્ટિની મુકિતનો ઉપદેશ કરવો. સર્વ પ્રકારનાં પાપકાર્યોથી મુકત થવું તે અશુભથી મુકિત છે. સર્વજાતીય પાપના વિચારોથી મુકત થવું તે પાપવિચારથી મુકત થવાની મુકિત છે. પુણ્યમાં મુકિત માનવી તે શુભ મુકિત છે. સ્વર્ગોમાં જવું તે અપેક્ષાએ પાપથી છૂટવું અને પુણ્યકર્મના ભોગરૂપ મુકિત છે. જેઓ આત્મસુખના અનુભવી થયા નથી તેવા સામાન્ય બાલ જીવો દેવલોકમાં ગમનરૂપ મુકિતને કે વૈકુંઠની મુકિતને માનીને ત્યાં જ વિરામ પામે છે. કેટલાક અમુક દેવલોકના દેવને ઈશ્વર માની તેની પાસે જવામાં મુકિત માને છે. વ્યવહારનયની દૃષ્ટિથી જે જે મુકિતઓ છે તે આરોપિત, ઔપચારિક, કર્મ-સંયોગી મુકિતઓ છે. તેવી મુકિતઓમાંથી પાછા અવતરવું પડે છે. વ્યવહારનયની અનેક ઔપચારિક દૃષ્ટિઓની અનેક ઉપચરિત મુકિતઓને માનનારા અનાદિકાળથી અને અનંતકાળ પર્યંત અનેક જીવો રહેશે. તેઓ સર્વે આત્મજ્ઞાન પામીને સદ્‌ભૂત મુકિતને છેવટે માનશે અને તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'કેટલાક લોકો પ્રભુની પાસે અમુક કાળ પર્યંત વસવું તેને મુકિત માને છે, તે પણ જ્ઞાનીને સાપેક્ષ દૃષ્ટિએ અંશે સત્ય છે. આત્મા સ્વયં સર્વ કર્મોથી રહિત થાય છે ત્યારે જ પૂર્ણ મુકત થાય છે, અને તે આત્મા જ પરમેશ્વર બને છે. કર્મના સંશ્લેષથી યુકત આત્માની મુકિત તે સંશ્લેષિત વ્યવહાર-મુકિત છે. અસદ્‌ભૂત મુકિત તે જડના પર્યાયોમાં મુકિતનો આરોપ કરવો. જ્યાં સુધી અસદ્‌ભૂત દૃષ્ટિવાળો જીવ હોય છે ત્યાં સુધી તે તેવી અસદ્‌ભૂત મુક્તિને માને છે. પશ્ચાત્ સદ્‌ભૂત નયની દૃષ્ટિની પ્રાપ્તિ થતાં આત્મામાં મુક્તિ છે એમ જીવો સમજી શકે છે. જે જીવોની જેટલી યોગ્યતા હોય કે જેટલી દૃષ્ટિ ખીલી હોય તેટલા પ્રમાણમાં સાપેક્ષપણે મુક્તિનું સ્વરૂપ બતાવીને તેઓને ઉત્સાહિત અને પુરુષાર્થી કરવા. જીવોની યોગ્યતા પ્રમાણે મુકિતના વ્યવહારની આરોપિત દૃષ્ટિએ મુકિતનાં અનેક સુખમય પ્રતીકો કલ્પીને બતાવવાં અને છેવટે પૂર્ણ સત્ય સદ્‌ભૂત એવંભૂતનયની દૃષ્ટિની મુકિત દર્શાવવી.

'અજ્ઞાની જીવોને જેમ જેમ જ્ઞાન થાય છે તેમ તેમ તે ઉપચારવાળી મુકિતથી અનૌપચારિક મુકિતની જિજ્ઞાસા તરફ આગળ વધે છે. આત્મામાં અનંત સુખનો જેઓને નિશ્ચયાનુ-ભવ થતો નથી તેઓને જડ વસ્તુઓના ભોગોમાં મુકિત લાગે છે. સાપેક્ષ જ્ઞાનીઓ શરીર દ્વારા સુખ ભોગવવામાં મુકિત માનનારા અજ્ઞાનીઓને હળવે હળવે સત્ય મુકિત પ્રતિ વાળવા મુકિતના ઉપચારવાળાં પ્રતીકો, કે જે અસલ મુકિતના પ્રતિ-નિધિ તરીકે અસદ્‌ભૂત હોય છે, તેઓને મુકિત તરીકે બતાવીને અજ્ઞાનીઓને જ્ઞાનમાર્ગ તરફ વાળી, છેવટે સત્ય મુકિતના નિશ્ચય પર લાવીને મૂકે છે.

'સાપેક્ષ નયની દૃષ્ટિએ મુકિતના જડચેતનયુકત પદાર્થોમાં પ્રતીકો કલ્પવામાં સાપેક્ષ અસદ્‌ભૂત સત્ય અંશે અંશે વ્યવહાર-નયની દૃષ્ટિથી જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'કેટલાક ઋષિઓ જ્ઞાનાભાવને મુક્તિ માને છે, પણ તે સત્ય નથી. જ્ઞાનના અંશ અને આનંદના અંશમાં અંશ નય— નૈગમકલ્પનાએ અંશે મુકિત છે, પણ જ્ઞાન વિનાની મુકિત માનવી તે જેલ કરતાં પણ અધિક જડ મુકિત છે. એવી મુકિત છે જ નહીં. એવી જ્ઞાન વિનાની મુકિત માનનારા ઋષિઓને મેં પ્રતિબોધ આપ્યો છે અને તેઓએ સત્ય મુકિતનું સ્વરૂપ સ્વીકાર્યું છે. તેઓ મારા ભકત બન્યા છે.

'કેટલાક અજ્ઞાનવાદીઓ અજ્ઞાનમાં મુકિત માનતા હતા અને લોકોની આગળ અજ્ઞાનરૂપ મુકિત છે એવી પ્રરૂપણા કરતા હતા. તેઓ એમ જાણતા હતા કે જ્ઞાનથી અહંકાર ઉત્પન્ન થાય છે. તેથી ગુણી–અવગુણી, દ્વેષી–અદ્વેષી, શત્રુ–મિત્રની બુદ્ધિ પ્રગટે છે. તેથી વિશ્વમાં કલેશ, મારામારી, ઝઘડા, ખૂન, યુદ્ધ, અશાંતિ, રાગદ્વેષ પ્રગટે છે. જ્ઞાનથી અનેક પ્રકારનાં શાસ્ત્રોની રચના થાય છે અને તેથી સત્ય–અસત્ય, ધર્મ–અધર્મના ભેદ તેમ જ કલેશ અને મતમતાંતર ઉત્પન્ન થાય છે. તેથી વિશ્વના લોકોમાં ધર્મ, દર્શન અને પન્થના અનેક ભેદ પ્રગટે છે. પરિણામે ભિન્ન ભિન્ન ધર્મીઓ પરસ્પર ધર્મભેદે અનેક ધર્મયુદ્ધો કરે છે અને પરસ્પર ભિન્ન ભિન્ન ધર્મવાળા મનુષ્યોને શત્રુઓ કલ્પી લે છે. તેથી મનુષ્યોને સ્વપ્નમાં પણ અશાંતિ, દુઃખ અને કલેશ રહે છે. માટે જ્ઞાનનો અભાવ થતાં ખરી શાંતિ અને સુખ થાય છે. અજ્ઞાનીવાદીઓ જન્મેલા લઘુ બાળકમાં અજ્ઞાન માને છે અને કહે છે કે તે અજ્ઞાની છે તેથી તેનામાં શાંતિ અને અભેદભાવ છે. તેના પર સર્વ લોકોનો પ્રેમ રહે છે. તે કોઈને દુશ્મન કે વૈરી જાણતું નથી તેથી તેને શત્રુઓ પણ ચાહે છે અને તેને રમાડે છે. એવી અજ્ઞાનવાદીની માન્યતા છે. એવી માન્યતાવાળા ઘણા અજ્ઞાનવાદીઓ મારી પાસે આવ્યા હતા. તેઓને મેં દિવ્ય દૃષ્ટિ આપી, તેથી તેઓ જાણી શકયા કે નિર્મળ જ્ઞાન અને આનંદરૂપ મુકિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનની સાથે રાગદ્વેષનું પરિણમન હોય છે. તેથી રાગદ્વેષથી મિશ્ર એવા જ્ઞાનથી વૈર, કલેશ, દુઃખાદિ પ્રગટે છે. જેમાં રાગ, દ્વેષ કે અજ્ઞાન નથી તેવા શુદ્ધ જ્ઞાનથી કોઈપણ જાતનું દુઃખ પ્રગટતું નથી, પરંતુ તેવા જ્ઞાનથી સર્વ પ્રકારનાં દુઃખોનો મોક્ષ થાય છે. સર્વ પ્રકારના દુઃખાદિ દોષોનો નાશ કરનાર જ્ઞાન છે. જ્ઞાનના ભેગા કષાયો હોય છે તો જ દુઃખ પ્રગટે છે, ઇત્યાદિ સર્વ સત્ય તેઓના સમજવામાં આવ્યું તથા શુદ્ધ જ્ઞાન અને અશુદ્ધ જ્ઞાનનો ભેદ તેઓ સમજ્યા અને મારા ભક્ત બની સત્ય મુક્તિ માનવા લાગ્યા. હે ગૌરી સતી! એ પ્રમાણે અજ્ઞાન-વાદીઓનું સ્વરૂપ જાણ.

' કેટલાક અક્રિયાવાદીઓ મારી પાસે આવ્યા અને પોતાની માન્યતા જણાવવા લાગ્યા કે આત્માને કર્મ લાગતું નથી. કર્મ એ સ્વપ્નજન્ય ભ્રમ સમાન અસત્ છે. આત્મા કોઈથી બંધાતો નથી, તો પછી મુક્તિ તો કયાંથી સંભવે? આત્મા અક્રિય છે. તેને ક્રિયા, ઉદ્યમ, પુરુષાર્થ જે મુક્તિ માટે કરવામાં આવે છે તેની સિદ્ધિ થતી નથી. એવા અક્રિયાવાદીઓને મેં દિવ્ય જ્ઞાનની દૃષ્ટિ આપી. તેથી તેઓએ અનાદિકાળથી આત્મા અને કર્મ એ બેનો સંયોગ સ્વીકાર્યો અને કર્મથી મુક્ત થવા જ્ઞાન-દર્શન ચારિત્રની ક્રિયાની જરૂર છે એમ સ્વીકાર્યું. જે જે દુઃખો છે તે અનુભવમાં આવે છે. દુઃખનું કારણ કર્મ છે. રાગદ્વેષા-દિક ભાવકર્મ છે. કર્મનો નાશ થવાથી આત્મામાં સત્ય સુખ પ્રગટે છે. કર્મસહિત શરીરધારક આત્મા સક્રિય છે, અને કર્મના સંગથી રહિત આત્મા કર્મક્રિયાની અપેક્ષાએ અક્રિય તેમ જ સ્વપર્યાયોના ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ અરૂપી એવી ક્રિયાસહિત છે. આત્માની સાથે કર્મનો બંધ છે અને કર્મના બંધથી રહિત થવું તે મુક્તિ છે એમ તેઓએ સમ્યક્રૂપણે જાણ્યું અને ક્રિયા-વાદીપણું અપેક્ષાએ સ્વીકારી સર્વ કર્મથી રહિત શુદ્ધ પૂર્ણા-નંદમય મુક્તિને માનવા લાગ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'હે ગૌરી! અનાર્ય દેશોમાં મેં વિહાર કર્યો. ત્યાં મારી પાસે અનેક જડમુક્તિ માનનારા વાદીઓ આવ્યા. તેઓને મેં બોધ આપી અને અક્રિયાવાદીઓની પેઠે મારા ભક્ત બનાવી શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિમાં મુક્તિ છે એમ નિશ્ચય કરાવ્યો.

'હે પવિત્ર સતી ગૌરી! મારી પાસે પંચભૂતવાદીઓ આવ્યા. તેઓ સર્વ વિશ્વ પંચભૂતમય છે અને પંચભૂતની બહાર કોઈ આત્મા નથી, અનેક પ્રકારના મનગમતા ભોગો ભોગવવા એ જ મુક્તિ છે એમ કહેવા લાગ્યા. તેઓને મેં પંચભૂતથી ભિન્ન આત્મા છે અને તે જ્ઞાનાનંદમય છે એવું દિવ્ય જ્ઞાન આપી જણાવ્યું કે શરીરદ્વારા ભોગવાતા ભોગો ક્ષણિક છે. શરીર પણ અનેક રોગનું ગૃહભૂત અને ક્ષણિક છે અને તેમાં સત્ય સુખ નથી, એમ અનુભવ આપ્યો. તેથી તેઓ આત્માના પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમાં મુક્તિનો નિશ્ચય કરી મારા ભક્ત બન્યા અને મારી આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા.

'હે પવિત્ર ગૌરી સતી! કેટલાક વૈદિક કર્મકાંડી ઋષિઓ અને બ્રાહ્મણોએ એવો નિશ્ચય કર્યો હતો કે સ્ત્રીની અને શૂદ્ર-વર્ગની મુક્તિ થતી નથી. તેઓએ મારી પાસે આવી સ્વમત જણાવ્યો. તેઓને મેં જણાવ્યું કે પુરુષના અને સ્ત્રીના શરીરમાં એકસરખો આત્મા છે. ફકત બન્નેના શરીરમાં ફેર છે. પુરુષની પેઠે સ્ત્રી પણ મુક્તિને યોગ્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરેની આરાધના કરી શકે છે. તેમ બ્રાહ્મણના શરીરમાં અને શૂદ્રના શરીરમાં એકસરખો આત્મા છે. બન્ને એકસરખી રીતે મુક્તિને પ્રાપ્ત કરી શકે છે, એમ મેં તેઓને દિવ્ય જ્ઞાન— આત્મજ્ઞાન આપી સમજાવ્યું. તેઓએ પણ આત્મજ્ઞાનથી મારું પરમેશ્વરપણું દેખ્યું. તેથી તે ઋષિઓ અને બ્રાહ્મણો વગેરે વાદીઓ મારું પરમેશ્વરત્વ સ્વીકારી મારા ભકત બન્યા અને મારી આજ્ઞા માની મારું શરણ સ્વીકાર્યું.

'કેટલાક કર્મકાંડી બ્રાહ્મણો અને ઋષિઓ મારી પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યા. અને નમન-વંદન કરી કહેવા લાગ્યા કે વેદોકત કર્મ-કાંડ સદા કરવાં એવું અમારું મંતવ્ય છે. સદા કર્મકાંડ કરવાથી સ્વર્ગ મળે છે, પણ મુકિત મળતી નથી, માટે મુક્તિ નથી એવો પોતાનો મત જણાવ્યો. તેઓને મેં જણાવ્યું કે મુકિત માટે વેદોકત કર્મક્રિયાની જરૂર નથી. આત્મજ્ઞાનથી મુકિત થાય છે. યજ્ઞની ક્રિયાથી મનુષ્યગતિ અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. મારી વ્યવહાર પૂજાભકિત માટે હિંસાદિ દોષસહિત કર્મક્રિયાથી સ્વર્ગ મળે છે અને હિંસાદિ દોષરહિત ક્રિયાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. સ્વર્ગને કેટલાક લોકો વ્યવહારથી મુક્તિ માને છે. સર્વ પ્રકારની ક્રિયારહિત એવી શુદ્ધાત્મસ્વરૂપ મુક્તિમાં પૂર્ણ જ્ઞાનાનંદ છે. ત્યાં બાહ્ય કર્મક્રિયા નથી. પશુને યજ્ઞમાં હોમવાની માન્યતાવાળાઓ બોધ પામીને પશુ-યજ્ઞથી નિવૃત્ત થયા.

'હે ગૌરી સતી ! યજ્ઞવેદિકા પર પશુઓને લાવી તેઓને જીવતાં હોમનારાઓ અજ્ઞાની છે. એવી કર્મકાંડીઓની હિંસક જડ માન્યતાથી કોઈની મુક્તિ થઈ નથી અને ભવિષ્યમાં એવી માન્યતાવાળી પ્રવૃત્તિથી કોઈની મુક્તિ થનાર નથી. દેહ છતાં વીતરાગદશાની પ્રાપ્તિ થવી અને મોહાધ્યાસથી મુક્ત થવું તે જીવન્મુક્તિ છે.

'ઋજુસૂત્રનયની દૃષ્ટિએ દેહમાં આત્મા સ્વયં વર્તમાનમાં વર્તતો આત્મસુખનો અનુભવ કરે છે. તે ઋજુસૂત્રનયની દૃષ્ટિએ મુક્તિ છે. પુણ્યયોગે શાતાવેદનીય સુખ કરતાં આત્મસુખનો અનુભવ જુદા પ્રકારનો છે. વિષયોના સંબંધે જે સુખ થાય છે તે શાતાવેદનીય સુખ છે અને દેહ તેમ જ વિષયોના સંબંધ વિના આત્માનુભવ કરતાં જે સુખનો સાગર એકદમ ઊછળે છે તે આત્મસુખ છે. આનંદ તે જ સુખ અને સ્વ-રાજ્ય છે. વિષયોની ઇચ્છાથી સુખની આગળ અને પાછળ અત્યંત દુઃખ, રોગ અને સંકટના સાગર છે. વર્તમાનમાં સમ્યગ્જ્ઞાન પ્રગટતાં અને નિરુપાધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશા પ્રાપ્ત થતાં જે પરમાનંદની ઝાંખી આવે છે તે ઋજુ-સૂત્રનયની દૃષ્ટિએ મુક્તિ છે. ભૂત અને ભવિષ્યને મૂકી ઋજુસૂત્રનય વર્તમાનને ગ્રહણ કરે છે.

' સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં દર્શનમોહથી આત્મા મુક્ત થાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે ત્યારે આત્મા .મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની બને છે. પરોક્ષ જ્ઞાનદશામાં આત્મા સ્વયં આત્માનો અપરોક્ષ અનુભવ કરે છે અને અજ્ઞાન દર્શનમોહથી મુક્ત થાય છે. તેને શબ્દનયની દૃષ્ટિએ શબ્દનયવાચ્ય સમ્યક્ત્વમુક્તિ જાણવી.

' જે જે અંશે કર્માવરણનો ક્ષય થાય છે તે તે અંશે આત્મા મુક્ત બને છે. તેથી નયદૃષ્ટિએ તે તે અંશમુક્તિનો સાપેક્ષ વ્યપદેશ જાણવો. સમ્યગ્જ્ઞાન પામીને આત્મા દેશવિરતિપણું અંગીકાર કરે છે. તે ગૃહસ્થદશામાં ગૃહસ્થને યોગ્ય બાર વ્રતને યથાશક્તિ સેવે છે અને ત્યાગદશામાં યમ, નિયમ, આસન, પ્રાણા-યામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનો અભ્યાસ કરે છે. તે જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિસેવાયોગને સેવે છે. તે પ્રમત્તગુણસ્થાનકભૂમિમાંથી અપ્રમત્તગુણસ્થાનકભૂમિમાં જાય છે અને ધ્યાન-સમાધિમાં લયલીન બની આત્માનંદમાં પૂર્ણ મસ્ત બને છે. છેવટે તે ક્ષીણમોહગુણસ્થાનકભૂમિમાં પ્રવેશ કરે છે અને શુદ્ધાત્મસ્વરૂપમાં એકતા, લીનતા અને પૂર્ણ સમતાને પામી જે મુક્તિનો અનુભવ કરે છે તેને સમભિ-રૂઢનયદૃષ્ટિની મુકિત જાણવી. ત્યારે આત્મા ધ્યાનસમાધિરસમાં ચકચૂર બની, શુકલ પરિણામને પામી, આત્મામાં મનને લયલીન કરીને શુકલ ધ્યાનના એકત્વભાવયોગે જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય, દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય અને અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પામી, મોહનીય કર્મનો ક્ષાયિક ભાવ કરી સયોગી કેવલી બને છે. ત્યારબાદ તે વેદનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અઘાતી પ્રારબ્ધ કર્મનો શેષ ભોગ કરે છે. તે સમભિરૂઢનયોક્ત સયોગીકેવલી મુક્તિ જાણવી. જે ચરમ ચતુર્દશ ગુણસ્થાનક–ભૂમિમાં મન, વાણી, કાયાના સંપૂર્ણ યોગનો ક્ષય કરે છે તે અયોગીકેવલી મુક્તિ જાણવી.

'એવંભૂતનયદૃષ્ટિવાળી મુક્તિમાં પાંચ પ્રકારનાં શરીર આદિ પુદ્ગલના તાબે શુદ્ધાત્મા રહેતો નથી, તથા તેમાં મુક્તિથી પુનરાવૃત્તિ નથી. સમભિરૂઢનયદૃષ્ટિવાળી મુક્તિમાંથી પણ પાછા ફરવાનું થતું નથી. શબ્દનયદૃષ્ટિવાળી મુક્તિ પ્રાપ્ત થયા પછી જઘન્યથી અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ અરૂપી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

'હે પવિત્ર ગૌરી સતી! એવંભૂતકથિત મુક્તિ આદિ–અનંત છે અને તે શુદ્ધોપયોગમય છે. વ્યાવહારિક નયદૃષ્ટિવાળી અનેક મુક્તિઓ સાદિ અને સાંત છે, એમ નય સાપેક્ષાએ જાણ.

'હે ગૌરી! આત્મા એ જ મહાવીર છે. આત્મમહાવીરનાં સમ્યગ્દર્શન થવાં તે સાલોકય સ્વ–સ્વરૂપદર્શનમુક્તિ છે. આત્મા સ્વયં મહાવીર પ્રભુને દેખે, મહાવીર સ્વયં મહાવીરને મહાવીર વડે દેખે તે અનંતદર્શનમુક્તિ છે. મહાવીર સ્વયં મહાવીરસ્વરૂપને અનુભવે અને જડ સ્વરૂપના મોહથી વિરમે તે સ્વરૂપમુક્તિ છે. આત્મમહાવીરની પાસે મન રહે અને આત્મામા જ મુક્તિ વેદાય—અનુભવાય તે સામીપ્યમુક્તિ છે. તે અપેક્ષાએ અભ્યન્તર મુકિત છે. મુક્ત અને મુક્તિનો અભેદ અનુભવાય તે અભેદમુક્તિ છે. શુદ્ધાત્મા કેવળજ્ઞાનીની સાથે જ્યાં સુધી મન, વચન અને કાયાનો વ્યાપાર રહે ત્યાં સુધી સયોગીમુકિત છે અને ત્રણ યોગથી રહિત સ્વયં શુદ્ધાત્મમહાવીર તે નિર્યોગી મુકત જાણવા.

'સર્વ જીવો દુઃખમાંથી મુકાવાનું ઇચ્છે છે તેથી સર્વ જીવોને મુક્તિ પ્રિય છે. સર્વ પ્રકારનાં શારીરિક, માનસિક દુઃખોથી મુક્ત થવું તે મુક્તિ છે. પથ્થરની પેઠે જડ જેવી મુક્તિ નથી. અશુભ ભાવથી મુક્ત થનારાઓ આત્મિક મુક્તિના અધિકારી બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધાત્મા જ મુક્ત છે. આત્મામાં જે જે અંશે રમણુતા થાય છે તે તે અંશે મુક્તિ છે. શુદ્ધાત્માથી ભિન્ન મુક્તિ નથી. આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત થવું તે મુક્તિ છે. આત્મજ્ઞાનથી મુક્તિ છે. આત્મજ્ઞાનથી, ઉપયોગી સુખકારક જે ક્રિયા લાગે તે નિર્લેપપણે કરવી. અજ્ઞાનનો નાશ કરવા જ્ઞાનીઓની સંગતિ કરવી. હે પવિત્ર સતી ગૌરી ! મુક્તિના અનેક ભેદ છે તેનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી.

'એક મનુષ્યના શરીરને શત બંધનથી બાંધ્યું હોય. તેમાંથી જેટલાં જેટલાં બંધનોનો તે તે વિચ્છેદ કરે તે તે અંશે તેની મુક્તિ છે અને સંપૂર્ણ બંધનોનો નાશ કરે ત્યારે સંપૂર્ણ મુક્તિ છે.

'એક મનુષ્ય હજાર ગાઉ ચાલીને ઇષ્ટ નગરમાં પ્રવેશ કરવાનો હોય છે. તો તે હજાર ગાઉમાંથી જેટલા ગાઉ ચાલી શકે તેટલા અંશે તેની મુક્તિ છે, અને સહસ્ર ગાઉ પૂર્ણ કરતાં અને સ્વેષ્ટ નગરને પ્રાપ્ત થતાં સંપૂર્ણ મુક્તિ છે. સીડીનાં ચૌદ પગથિયાં ચઢીને મહેલ પર જવાનું હોય. તેમાંથી જેટલાં પગથિયાં ચઢવામાં આવે તેટલા અંશે મુકિત છે. અને ચૌદ પગથિયાં ઉલ્લંઘી મહેલ પ્રાપ્ત કરતાં સંપૂર્ણ મુક્તિ છે. જે જે અંશે આત્માનંદ અનુભવાય તે તે અંશે આત્માની મુક્તિ છે. આત્માને મૂકીને આત્માની બહાર ઊંચે, નીચે કે આડીઅવળી મુક્તિ નથી. આત્માની બહાર જડ વસ્તુમાં મુક્તિ રહેતી નથી. કર્મોના ઉપશમભાવમાં, ક્ષયોપશમભાવમાં અને ક્ષાયિક ભાવમાં મુક્તિ છે. પરતંત્રતાથી મુક્ત થવું તે મુક્તિ છે. દ્રવ્યમુક્તિથી ભાવમુક્તિની પ્રાપ્તિ થાય છે. બાહ્યમાં સ્વતંત્રતા પ્રાપ્ત થવી તે બાહ્યમુક્તિ છે અને આત્માનું સ્વતંત્ર શુદ્ધ થવું તે આધ્યાત્મિક મુકિત છે. આત્માની જે જે અંશે શુદ્ધતા તે તે અંશે આત્માની મુકિત છે. જ્ઞાનીઓ, ધીરો, નિર્મોહીઓ મુકિતને પ્રાપ્ત કરે છે. નિર્બળ મનુષ્યો બાહ્ય અને આધ્યાત્મિક મુકિતને પ્રાપ્ત કરી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'આત્માની સંપૂર્ણ શક્તિઓનો પ્રકાશ કરવો એ મુક્તિ છે. જેને જેવા પ્રકારની મુક્તિ રુચે છે તે એ માટે પુરુષાર્થ કરે છે. જે રુચે છે તેને આદરે છે અને જે નથી રુચતી તેની ઉપેક્ષા કરે છે. સર્વ જીવોને એકદા એક જ મુક્તિ રુચતી નથી અને તે એક જ મુક્તિની ક્રિયા કરતા નથી. તેથી મારા ભકત ત્યાગીઓ સાપેક્ષબુદ્ધિથી તરતમયોગે મુક્તિના અભિલાષીઓને તરતમયોગવાળી મુક્તિ દર્શાવે છે અને અનુક્રમે આગળ ચઢાવે છે. સર્વ પ્રકારની મુક્તિઓના વેદન પછી છેવટની પૂર્ણ મુક્તિની ઇચ્છા થાય છે અને સર્વ પ્રકારની શુભાશુભ ઇચ્છાઓ સહેજે શમતાં અને ટળતાં પૂર્ણ મુક્તિ પ્રગટે છે.

મુક્તિના સાધકો :

પૂર્ણ મુક્તિ માટે અનેક મહાત્માઓ, ઋષિઓ અને તપસ્વીઓ આત્મમહાવીરની ધ્યાનસમાધિમાં મસ્ત રહે છે. મુક્તિ માટે અનેક ઋષિઓ હિમાલયાદિ પર્વતોની ગુફાઓમાં ધ્યાન ધરે છે અને ફળ વગેરેનો શુદ્ધ સાત્ત્વિક આહાર કરે છે. અનેક યોગીઓ પર્વતોના શિખર પર વસે છે અને મારી આજ્ઞા પ્રમાણે ધ્યાન ધરે છે. કેટલાક સમુદ્ર અને નદીપટ પર વાસ કરે છે, કેટલાક યોગીઓ વનમાં વાસ કરે છે અને ત્યાં ફલાદિકથી શરીરનું પોષણ કરે છે. મહાત્મા ત્યાગીઓને મુક્તિનું જ એકમાત્ર લક્ષ્ય હોય છે. તેઓ આત્મજ્ઞાનથી આત્મમહાવીરમાં ધ્યાન રાખે છે, ખાવાપીવા વગેરેની ક્રિયાઓ જે જે કાળે જે જે આવશ્યક લાગે તે કરે છે, પણ તેઓ મારામાં ખાસ ચિત્ત રાખીને વર્તે છે.

'આત્મમહાવીરનું ધ્યાન ધરનારા જાહેરમાં અને ગુપ્ત અનેક મહાત્માઓ છે. કેટલાક મહાત્માઓ જ્યાંત્યાં ફરતા ફરે છે. કેટલાક મહત્માઓ મારા ધ્યાનનો ઉપદેશ આપે છે. કેટલાક મહાત્માઓ કર્મયોગને આદરે છે. કેટલાક મહાત્માઓ અનેક પ્રકારના દ્વીપોમાં વાસ કરે છે. કેટલાક મહાત્માઓ ધર્મશાસ્ત્રો વગેરેમાં નિરપેક્ષ બની ને શુદ્ધાત્મમહાવીરના ઉપયોગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ ફકત મસ્ત બને છે અને અંતરમાં મુકિતને વેદે છે. કેટલાક મહાત્માઓ મારા અનેક જાપ જપીને મુકિતની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે. કેટલાક ત્યાગી મહાત્માઓ વ્રત, તપ, સંયમ વગેરેથી મુક્તિની સાધના સાધે છે. મુક્તિ માટે વેષ, ક્રિયા કે આચારની ખાસ મુખ્યતા નથી. ગમે તે વેષ, લિંગ કે આચાર વડે કદાગ્રહરહિત આત્મજ્ઞાનીઓ ધ્યાન ધરીને જીવતાં મુક્તિને પ્રગટાવે છે. જીવતાં જેઓ મુકિતને પામે છે તેઓ જન્મ, જરા અને મૃત્યુના દુઃખથી મુકત થાય છે.

'ગૃહસ્થાશ્રમમાં, ત્યાગાશ્રમમાં, બ્રહ્મચર્યાશ્રમમાં તથા અન્ય ગમે તેવા આશ્રમમાં રહેનારની મુકિત થાય છે. સર્વ દિવસ અને સર્વ રાત્રિઓમાં તથા ગ્રહણવખતે પણ સર્વ આર્ય કે અનાર્ય દ્વીપ, સમુદ્ર વગેરે સ્થળોમાં આત્માઓની શુદ્ધાત્મભાવથી મુકિત થાય છે. મારા ઉપદેશ પ્રમાણે આત્મજ્ઞાન-ધ્યાનની પ્રાપ્તિ કરનારાઓની સર્વ ધર્મપન્થોમાં રહેવા છતાં સમભાવે અવશ્ય મુકિત થાય છે. મારામાં જે ભકતોની શ્રદ્ધાપ્રીતિ છે તેઓની મુકિત અવશ્ય થાય છે. ત્યાગીમહાત્માઓની સેવા-ભકિત અભેદભાવે કરવી. જે ત્યાગીમહાત્માઓ અને ગૃહસ્થ ભકતો મારું ધ્યાન ધરતા હોય અને સમાધિમાં જીવન ગાળતા હોય તેઓની ભકિતસેવામાં સમર્પાઈ જવાથી એક ક્ષણ-માત્રમાં મુકિત થાય છે. દુનિયાના સર્વ દ્વીપ, ખંડ, પર્વત, સાગર, નદી, વન, સરોવર, નગર, પુર, ગામ વગેરે સ્થળોમાં અનેક ભિન્ન ભિન્ન વેષ, ક્રિયા અને આચારથી યુકત ત્યાગી-ઓ અને ગૃહસ્થો મારી સેવાભકિત કરવાથી, મારું ધ્યાન ધરવાથી, એકબીજામાં મને દેખવાથી અને પ્રભુજીવને જીવવાથી અવશ્ય તદ્ભવમાં મુકિત પામ્યા છે અને પામશે. જે કંઈ કરે તે મને અર્પણ કરનારા જ્ઞાની, યોગી અને ગૃહસ્થો અવશ્ય મુકિતપદને પામે છે.

'કલિયુગમાં અલ્પ ધર્મ કરતાં તથા ધ્યાન ધરતાં ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફળ થાય છે. મારું શુદ્ધાત્મમહાવીરસ્વરૂપનું ધ્યાન ધરનાર ગમે તે કાળમાં અને ગમે તે યુગમાં, આરામાં, ક્ષેત્રમાં અવશ્ય મુક્તિપદ પામે છે.

'હે પવિત્ર સતી ગૌરી! તને તારા પૂછવાથી મુક્તિનું સ્વરૂપ સમજાવ્યું. તેમાં કોઇપણ જાતની મુક્તિનું સ્વરૂપ બાકી રહેતું નથી. મુક્તિ પામવા માટે ગૃહસ્થ અને ત્યાગી એવા પુરુષો, સ્ત્રીઓ, બાળકો વગેરે સર્વ મનુષ્યો અધિકારી છે.'

પ્રભુ મહાવીરદેવનાં વચનામૃતોનું શ્રવણ કરીને ગૌરીદેવી અત્યંત પ્રસન્ન થઈ અને તેણે પ્રભુનું શરણ સ્વીકાર્યું. તે પ્રભુની પરમ શ્રદ્ધાવંત શ્રાવિકા બની. પવિત્ર ગૌરી પ્રભુનું પૂજન-વંદન આદિ કરી પ્રભુની સ્તવના કરવા લાગી કે, 'હે પ્રભો! આપ વિશ્વના પ્રભુ પરમેશ્વર છો. કલિયુગમાં આપના પર પૂર્ણ શ્રદ્ધાપ્રીતિ ધારણ કરીને સેવાભક્તિ કરવાથી સર્વજાતીય મનુષ્યોની, પશુઓની અને પંખીઓની પણ યથાયોગ્ય મુક્તિ થાય છે. આપનું શરણ સ્વીકારવાથી ગમે તેવા પાપીઓની પણ મુક્તિ થાય છે. હે પ્રભો! આપે મુક્તિની પ્રાપ્તિ માટે રાજયોગ અને સેવાભક્તિને મુખ્યતા આપી છે.

'હે પ્રભો! આપ ઓગણત્રીસમા અને ત્રીસમા વર્ષમાં મોટા ભાઈના આગ્રહથી ગૃહસ્થાશ્રમમાં રહ્યા. કાયોત્સર્ગાવસ્થામાં રહેતા આપની તે અવસ્થાની પ્રતિમા, જેની પ્રતિષ્ઠા કપિલ કેવલીએ કરી છે, તેને સિન્ધુ-સૌવીર દેશના ઉદયન રાજર્ષિ અને તેની રાણી પ્રભાવતી પૂજે છે. આપની ગૃહસ્થાશ્રમની પ્રતિમા બનાવીને અને તેની કપિલ કેવલી પાસે પ્રતિષ્ઠા કરાવીને અમે તથા શૌર્યપુરવાસી લોકો તેને પૂજીએ છીએ. હે પ્રભો! આપની ગૃહસ્થાશ્રમની અને ત્યાગાવસ્થાની પ્રતિમાનું પૂજન સર્વત્ર ભારતદેશમાં અને સર્વ આર્યઘરોમાં થઈ રહ્યું છે.

'હે પ્રભો! આપને શ્રદ્ધાપ્રીતિથી હૃદયમાં ધારણ કરીને પ્રભુરૂપે દેખવા તે ઇહલોકમુક્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'હે પ્રભો ! આપની ભકિત અને જ્ઞાનથી આપની સમીપમાં આવિર્ભાવીય જ્ઞાન–દર્શન–ચારિત્રથી વસવું તે સામીપ્યરૂપ મુકિત છે.

'હે પ્રભો ! આપની સાથે મનને જોડીને વસવું, આપનામાં મન રાખીને ગૃહાવાસમાં અગર ત્યાગાવાસમાં વસવું તે સાયુજ્યમુકિત છે. તેમ જ મન, વાણી, કાયાએ આપનામાં સર્વસ્વનું અર્પણ કરીને દેહ છતાં નિર્યુજ્યમુકિતનો વ્યાવહારિક નયની દૃષ્ટિએ લાભ પ્રાપ્ત કરી શકાય છે.

'હે પ્રભો ! આપના પ્રેમમાં મુકિત છે. આપે ઉદાર ભાવનાથી ચારિત્રનું સ્વરૂપ દર્શાવ્યું છે.

'હે પ્રભો ! કલિયુગમાં સત્ય પ્રેમપૂર્વક આપના નામના સ્મરણ માત્રથી આપના ભકતો સર્વ પ્રકારની શકિતઓ ને પામે છે.

આમ સ્તુતિ કરીને પવિત્ર ગૌરી સતીએ પ્રભુને વંદન કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૦. વર્ણધર્મવ્યવસ્થા

સુપાર્શ્વ ભૂપતિએ પ્રભુને વંદન–પૂજન–નમન કરીને બે હાથ જોડી વિનયથી પૂછયું કે, 'હે ભગવન્! આપના ધર્મ–તીર્થરાજ્યમાં વર્ણની શી વ્યવસ્થા છે, તથા પૂર્વથી ચાલતા આવતા ધાર્મિક રિવાજો વગેરેમાં શાં શાં પરિવર્તન કરવામાં આવ્યાં છે તે કૃપા કરીને જણાવશો.'

પ્રભુ મહાવીરદેવે સુપાર્શ્વ રાજાને કહ્યું કે, 'હે સુપાર્શ્વ રાજન્! મારા શાસનમાં ચાર વર્ણની ગુણકર્માનુસારે પૂર્વની પેઠે વ્યવસ્થાનો ક્રમ છે. સર્વ વર્ણના લોકો સ્વસ્વ વર્ણના ગુણકર્માનુસારે વર્તવા છતાં મારા ધર્મને સ્વાધિકારે યથાશક્તિ પાળીને મુક્તિપદને પામે છે. સ્ત્રીઓ અને પુરુષો બન્નેના આત્માઓ સમાન છે. બન્નેમાં કોઈ ઊંચ નથી કે કોઈ નીચ નથી. સ્ત્રીવર્ગ અને શૂદ્રવર્ગની પણ મુક્તિ થાય છે. પંદર ભેદે લોકો મુક્તિપદને પામે છે, એવું મારા શાસનમાં જાહેર થયું છે. ગમે તે વર્ણના લોકો ત્યાગી થઈ શકે છે. ચારે વર્ણના લોકો ત્યાગીઓ થાય છે અને ચારે વર્ણની સ્ત્રીઓ ત્યાગિનીઓ બની શકે છે. મારા ભકત ત્યાગીઓને તેમની દશા તેમ જ દેશકાળની સ્થિતિ પ્રમાણે સ્વતંત્રતાથી વર્તવાનો અધિકાર છે. ચોમાસામાં ચાર માસમાં એક સ્થાને રહેવું એવો એકાંતે તેઓના માટે નિયમ નથી. તેઓ અનેક જાતના બાહ્ય વેષ અને ભિન્ન આચારને ધારણ કરવા છતાં મુક્તિપદને પામે છે. વિશ્વના સર્વ ખંડ અને દેશોમાં મારા ભકત ત્યાગીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વાધિકારે ફરી શકે છે અને સર્વત્ર સર્વ વર્ણના લોકો પાસેથી પવિત્ર સાત્ત્વિક આહારપાણી લઈ શકે છે. તેઓ ગમે ત્યાં ઉપદેશ દેવા જવા માટે તથા જ્ઞાનીઓનાં અને તીર્થોનાં દર્શન કરવા માટે અધિકારી હોય છે.

'તત્ત્વજ્ઞાનની અનેક દૃષ્ટિઓને પરસ્પર સાપેક્ષ સ્વીકારીને સર્વ ધર્મોની પરસ્પર અવિરુદ્ધતા અને એકતા જોવી અને સર્વ ધર્મોનું લક્ષ્ય સાધ્ય એવી મુક્તિની પ્રાપ્તિમાં માનવું. ચારિત્ર, ક્રિયા અને આચારમાં દેશકાળાનુસારે જેવાં ઘટે અને પોતાને રુચે તેવાં પરિવર્તનો કરવાં.

'ચતુર્વિધ સંઘની પડતીના રિવાજો જે કાળે જે લાગે, તેઓનો ત્યાગ કરવો. અનેક વેષ, આચાર અને ક્રિયાવાળા તથા નદી, ગ્રામ, નગર આદિ સ્થાને વસનારા સ્થવિરકલ્પી યોગીઓ વગેરે ભિન્ન ભિન્ન ત્યાગીઓ, જેઓ દેશ, રાજ્ય, સંઘ, ધર્મ, અને મુક્તિ માટે ઉપયોગી છે, તેઓને મારા ભક્તો અને રાગી જાણી સેવવા, દેશકાળાનુસારે રાજ્યનીતિઓ ફેરવવી, સંઘની ઉન્નતિના ભિન્ન ભિન્ન દેશોમાં કાલાનુસારે વિચાર અને આચાર પ્રવર્તાવવા.

'આત્માની, મનની, વાણીની અને કાયાની શુદ્ધતા એ જ મારો પ્રતિપાદિત જૈનધર્મ છે અને એવા જૈનધર્મની પ્રાપ્તિ કરવા માટે સમગ્ર વિશ્વના સર્વ લોકોને ત્યાગીઓએ મારો ઉપદેશ જાહેર કરવો. અલ્પ હાનિ અને વિશેષ ધર્મલાભ થાય એવી દૃષ્ટિએ ગૃહસ્થોએ અને ત્યાગીઓએ આત્મહિતાર્થે અને પરમાર્થે તથા જીવનદૃષ્ટિએ પ્રવર્ત્તવું.

'જૈનો કોઈ વિધર્મીઓના વટલાવ્યાથી વટલાતા નથી. તેઓની પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે. ચારે વર્ણોના જૈનોમાં પરસ્પર અસ્પર્શ્યતા નથી. ચારે વર્ણના જૈનો પરસ્પર એક-બીજાનું યોગ્ય ભોજન ખાઈ શકે છે. ચારે વર્ણના જૈનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇચ્છાયોગે પરસ્પર કન્યાવ્યવહાર કરી શકે છે. તેમાં દેશ–કાળાનુસારે સર્વ વર્ણના સંઘો જોઈતો ફેરફાર કરવા સ્વતંત્ર છે. મારી પેઠે મારો સ્થાપેલો તીર્થસંઘ મારી પાછળ ગૃહસ્થોના અને ત્યાગીઓના આચારો વગેરે પ્રવૃત્તિઓમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી, સ્વતંત્ર શુદ્ધ બુદ્ધિથી તેમ જ બહુમતીથી સ્વહિતાર્થે સુધારાવધારા કરી શકે છે, એમ હે સુપાર્શ્વ રાજન્! જાણ.

'રાજ્યકર્મો અને લગ્નાદિક વ્યવસ્થા માટે મેં ગૃહસ્થાવાસમાં બોધ આપ્યો છે. જબરાઈથી કોઈને ધર્મી બનાવવા માટે શક્તિનો ઉપયોગ ન કરવો. અન્ય ધર્મની નિન્દા ન કરવી અને સત્ય જૈનધર્મથી પ્રાણ પડતાં ભ્રષ્ટ થવું નહીં. સત્ય ધર્મનો ઉપદેશ દેતાં પ્રાણોની પણ દરકાર ન કરવી.

'ત્યાગી મહાત્માઓને પવિત્ર ભોજન આપવું અને સ્વચ્છ શીતલ જળ પીવા માટે આપવું. ત્યાગીઓએ હાથમાં ભોજન લઈ વાપરવું. ગૃહસ્થના ઘેર તેના પાત્રમાં વાપરી લેવું અથવા પોતાની પાસે રાખેલા પાત્રમાં લઈ વાપરવું તે બાબતમાં તેઓએ સ્વાધિકારે યોગ્યતાએ વર્તવું. ત્યાગી મહાત્માએ માંસનું ભોજન ન કરવું તથા દારૂનું પાન ન કરવું. ત્યાગી મહાત્માઓએ શુદ્ધ આહારથી ક્ષુધાનિવૃત્તિ કરવી. આશ્રમવાસી વગેરે કેટલીક જાતના ત્યાગીઓ સ્વસ્થાનમાં ભોજન કરી શકે અને કેટલાક ગૃહસ્થોના ઘરોમાં ભિક્ષા માગવા માટે જાય, ઇત્યાદિ અનેક રીતિઓમાંથી જેઓને જે રુચે તે પ્રમાણે વર્તવું, પણ એકબીજાના ખાનપાન વગેરેના જે રિવાજો છે એનું પરસ્પર ખંડનમંડન કરી કલેશ, ભેદભાવ કે યુદ્ધ કરવાં નહીં.

'ગૃહસ્થસંઘના આચાર્યની આજ્ઞા પ્રમાણે મારી પાછળ ગૃહસ્થોએ વર્તવું અને ત્યાગીઓના સર્વદેશી આચાર્યની આજ્ઞા પ્રમાણે ગૃહસ્થોએ તથા ત્યાગીઓએ વર્તવું. ચારે વર્ણના જૈનોએ ગૃહસ્થ જૈન સંઘનો પ્રમુખ, રાજા કે ઉપરી સ્થાપ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિના રહેવું નહીં. મારી પાછળ મારી પૂર્ણ શ્રદ્ધાભક્તિ ધારણ કરનાર ગૃહસ્થ મહાસંઘના ઉપરી રાજા કે પ્રમુખ વિના એક દિવસ પણ રહેવું નહીં. ચતુર્વિધ સંઘનું વાર્ષિક સંમેલન કરવું અને સર્વ ગૃહસ્થ જૈનોએ મારી પાછળ ભેગા થઈ એક વિચારથી ગૃહસ્થ જૈનોની સેવાભક્તિ કરનાર અને મારો પૂર્ણ શ્રદ્ધાવંત એક સંઘપતિ સ્થાપવો અને તેને રાજા તરીકે સ્વીકારવો. અન્યધર્મી રાજાઓ છતાં જૈનસંઘે સંઘપતિ, રાજા, પ્રમુખ અવશ્ય સ્થાપવા.

'સંઘના પ્રમુખે ત્યાગી સંઘના આચાર્યની આજ્ઞા પ્રમાણે સર્વે જૈનોની ઉન્નતિનાં કાર્યો કરવાં. ત્યાગીઓના આચાર્યોએ એક પ્રમુખ આચાર્યની દોરવણી તેની સલાહ પ્રમાણે વર્તવું. ગૃહસ્થ, રાજા, પ્રમુખ વગેરે સર્વ જૈનોએ ગમે તેવા ત્યાગીને વંદન-નમન કરવું અને ત્યાગીઓની સેવાભક્તિમાં સર્વસ્વનો ભોગ આપી વર્તવું.

'મહાસંઘ પર અથવા પોતાના પર આપત્કાલીન ધર્મ સેવવાની આવશ્યકતા આવી પડે તે કાળે આપદ્ધર્મ સેવવો. પુરુષાર્થ પર વિશેષ શ્રદ્ધા રાખી સર્વ બાબતોમાં પુરુષાર્થ કરવો અને છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી પણ ઉદ્યમ ન મૂકવો. મહાસંઘની રક્ષા માટે દેહાદિકનો ત્યાગ કરવો પડે તો કરવો. તત્ત્વજ્ઞાન તો એકસરખું કાયમ રહે છે, પણ દુનિયામાં પ્રવૃત્તિઓ, આચારો અને તેનાં પ્રતિપાદક શાસ્ત્રો દેશકાળાનુસારે ફર્યા કરે છે એવી શ્રદ્ધા રાખવી.

'પરોક્ષ જ્ઞાનદશામાં થતા તત્ત્વજ્ઞાનના મતભેદોમાં મારી પાછળના ભક્તોએ મધ્યસ્થ થઈ વર્તવું. ગચ્છ, મત, ક્રિયા, વેષ અને આચારમાં અપેક્ષાએ નિમિત્તકારણ ધર્મ છે. તેમાં જે ભિન્ન ભિન્ન પરિવર્તનો થાય તેમાંથી યોગ્ય લાગે તે અંગીકાર કરવાં, પણ એટલું ધ્યાનમાં રાખવું કે તેમાં આત્મધર્મ નથી. આત્મધર્મ તો આત્મામાં છે, એમ સમજી બાહરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાપેક્ષપણે ઉપયોગી નિમિત્ત સાધનોને ગ્રહવાં તથા તેઓને ત્યાગી અન્ય સાધનો પણ અંગીકાર કરવાં. તાપ, શીત, વર્ષા વગેરે ઋતુઓમાં જેમ આરોગ્યથી રહેવાય તેમ દેશ-કાળાનુસારે વર્તવું. પૂર્વનું બધું સાચું અને સારું અને વર્ત-માનનું અસત્ય છે એવો અજ્ઞાન કદાગ્રહ ત્યાગીને સત્યને અંગીકાર કરવું. ચારે વર્ણના ગ્રહસ્થ લોકોએ મારામાં શ્રદ્ધા-પ્રેમ રાખીને વર્તવું.

'ધંધો કામકાજ વગેરે આજીવિકાદિ કારણોની અપેક્ષાએ જેનાથી જેટલી બને તેટલી ધર્મકરણી કરવી. ચારે વર્ણોના પેટાભેદ પાડવા નહીં. ચારે વર્ણી જૈનોએ અન્ય જાતિઓને ચારે વર્ણમાં ગુણકર્માનુસારે દાખલ કરવી. અન્ય વિધર્મીઓ જ્યારે જ્યારે જૈનો થાય ત્યારે ત્યારે તેઓને ગુણકર્માનુસારે ચારે જૈનજાતિમાં દાખલ કરવા. પૂર્વની કોઈ વર્ણમાં ન્યૂનતા આવતાં બીજાઓને ગુણકર્માનસારે તેમાં દાખલ કરવા. ચારે વર્ણના લોકો મારી ભક્તિથી મુક્તિપદ પામે છે.

'સર્વ વિશ્વમાં અનાદિ સનાતન જૈનધર્મ છે અને અનાદિ-કાળથી આર્યો જૈનો છે, તેથી આર્યોનું ધર્મ બાબતમાં પ્રધાન પદ સર્વત્ર સર્વ લોકોએ માનવું. પ્રત્યેક જૈન સ્ત્રીપુરુષે વિદ્યા, જ્ઞાન, હુન્નર, ખેતી, વ્યાપાર અને સેવાધર્મનું શિક્ષણ ગ્રહણ કરવું. સર્વ જ્ઞાનવિદ્યાઓમાં અધ્યાત્મજ્ઞાનવિદ્યા શ્રેષ્ઠ છે.

'ત્યાગીઓનાં મૃતકોનો અગ્નિસંસ્કાર કરવો, ભૂમિસંસ્કાર કરવો અથવા જળસંસ્કાર કરવો. એ ત્રણમાંથી જે કાળે અને જે ક્ષેત્રે જે યોગ્ય લાગે તે સંસ્કાર કરવો. ગ્રહસ્થોનાં મૃતકોનો મુખ્ય અગ્નિસંસ્કાર શ્રેષ્ઠ છે. ત્યાગીઓએ તેમની સ્થિતિમાં જેમ યોગ્ય અને આવશ્યક સ્થિતિએ રહેવાય તેમ રહેવું. ત્યાગીઓએ જટા રાખવી, મસ્તક મૂંડાવવું, કેશ કતરાવવા અથવા લુંચન-કર્મ કરવું. એમાંથી જેઓને જેમ શક્ત્યનુસાર રુચે તેમ કરવું. શક્તિનો લોપ કરવો નહીં. આત્મામાં જ્ઞાનાગ્નિ તથા સંયમાગ્નિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રગટાવીને, બાહ્યથી સાનુકૂલ વા પ્રતિકૂળ સંયોગોનો વિચાર કરીને પ્રવર્તે તેમાં ત્યાગીઓ સ્વતંત્ર છે. તેઓ ગમે તે રીતે ધર્મ્ય આજીવિકાવૃત્તિ સ્વીકારી વર્તે. તેઓ દેશકાળની પરિસ્થિતિ પ્રમાણે ગુરુની આજ્ઞાનુસાર વર્તે.

'કલિયુગમાં ચારે વર્ણના જૈન ગૃહસ્થ લોકો દેશકાળાનુસારે આજીવિકામાં કર્મોમાં ફેરફાર કરીને યોગ્ય લાગે તેવી આજીવિકાવૃત્તિથી વર્તવાને સ્વતંત્ર છે. સર્વ વર્ણોને અનુકૂળ વખતે ઉપદેશ આપે તેવા ગૃહસ્થ અને ત્યાગી ગુરુઓને સ્થાપવા. અધર્મ્ય કર્મોથી આજીવિકા ન ચલાવવી. આત્મામાં સર્વ ધર્મો, દર્શનો અને શાસ્ત્રો છે. તેમાંથી તે પ્રગટે છે અને તેમાં જ તે લય પામે છે. માટે આત્મા એ જ મહાવીરદેવ પ્રભુ એમ માની, આત્મમહાવીરનો ઉપયોગ રાખી પ્રવર્તવું. ઉપયોગે ધર્મ છે. ઉપયોગે કર્મો કરવાથી નિર્લેપપણું છે. શુભાશુભ આશયો અનુસારે શુભાશુભ ફળ છે. વિવેકથી સર્વ મનુષ્યોની સાથે એકાત્મભાવથી વર્તવું. મારામાં અને જૈન ધર્મમાં ભેદ નથી તેમ સમજી અભેદભાવે વર્તવું. સર્વ વર્ણના જૈનોએ સ્વસ્વ ગુણકર્મો કરીને મારી ભક્તિ કરવી. મારા ભક્ત બનેલ જૈન ગૃહસ્થ અને ત્યાગીઓ નદીના જળ અને સૂર્યાદિ કરતાં શુદ્ધ અને વાયુ કરતાં અતિ પવિત્ર છે. તેઓના સ્પર્શથી અપવિત્ર પાપી લોકો પણ પવિત્ર થાય છે, ઇત્યાદિ મારાં શાસનો અનેક છે, એમ હે સુપાર્શ્વ રાજન્! જાણ.' એ પ્રમાણે કહી પ્રભુ મૌન રહ્યા.

શૌર્યપુરભૂપતિ સુપાર્શ્વરાજે પ્રભુ મહાવીરદેવને વંદન–નમન કરી પ્રભુની પૂજા કરી અને પ્રભુને કહ્યું કે, 'હે પ્રભો! આપ સર્વ વિશ્વમાં સત્ય જ્ઞાન અને ધર્મનો પ્રચાર કરો છો અને હવે સમવસરણમાં બેસી સર્વ પરિષદ સમક્ષ કરશો. વિશ્વના સર્વ લોકોનો જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે આપ ઉદ્ધાર કરો છો અને હવે સારી રીતે કરશો. પૂર્વે થયેલા ત્રેવીસ તીર્થંકરોના કરતાં આપ જૈન ધર્મનો સર્વત્ર પ્રચાર કરવામાં અત્યંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરુષાર્થ કરવાના છો. આપ હવે અલ્પ દિવસ પછી સર્વજ્ઞ પરમપરમેશ્વરરૂપે સમવસરણમાં બિરાજમાન થઈ ચતુર્વિધ મહાસંઘની સ્થાપના કરવાના છો અને આર્યોના વિચારોમાં ઘૂસી ગયેલા મિથ્યાત્વના વિચારોને દૂર કરવાના છો. અનેક ખરાબ રીતિઓનો આપ નાશ કરો છો અને કરશો. ચોસઠ ઇન્દ્રો આપની સેવાભક્તિમાં હાજર છે.

'હે પ્રભો! આપનો મહિમા અપરંપાર છે. સર્વ વિશ્વ પર આપ સત્ય પ્રકાશ પાડનાર છો. આપનું શાસન સદા જયવંત વર્તશે. આપના સમાન અત્યાર સુધી કોઈ પરમેશ્વરાવતાર થયો નથી અને થનાર નથી. સૂર્યવંશી ક્ષત્રિય જ્ઞાતવંશને આપે સર્વ વિશ્વમાં પ્રસિદ્ધ કર્યો છે. તેથી મને અત્યંત આનંદ થાય છે.'

એ પ્રમાણે સુપાર્શ્વરાજાએ પ્રભુ મહાવીરદેવની સ્તુતિ કરી. તે વખતે આકાશમાર્ગથી પ્રભુને વંદન કરવા માટે એક યક્ષ દેવ અને યક્ષિણી દેવી આવ્યાં.

યક્ષ-યક્ષિણીનું સ્થાપન :

યક્ષે અને યક્ષિણીએ અત્યંત હર્ષથી પ્રભુ મહાવીરદેવને દર્શન-વંદન-નમન કરી તેમની આગળ અનેક પ્રકારનું અનેક રૂપો વિકુર્વી નાટક કર્યું. પશ્ચાત્ સુગંધી દ્રવ્યોથી પ્રભુની પૂજા કરીને યક્ષ કહેવા લાગ્યો કે, 'મારું નામ માતંગ યક્ષ છે. હું પૂર્વભવમાં તિબેટના રાજા ધર્મદેવનો પુત્ર હતો. શ્રી પાર્શ્વનાથ તીર્થંકરના પિતા અશ્વસેન રાજાના પિતરાઈ હરિષેણ રાજા હતા. તેના પુત્ર અરુણદેવ રાજા થયા. ત્યારે પછી તેના પુત્ર અને મારા પિતા ધર્મદેવ રાજા થયા. ત્યારે હું પરમાત્માનાં દર્શન કરવા શ્વેતદ્વીપવાસી ઋષિઓ અને મુનિઓ પાસે ગયેલો. તેઓએ મને કહ્યું કે હાલ ભારતમાં શરીરધારી પરમાત્મા મહાવીર પ્રગટ્યા છે. એમ જાણી હું ભારત તરફ આવવા માટે ત્યાંથી પાછો નીકળ્યો અને તિબેટ આવ્યો. ત્યાં મારા પિતાએ મને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુવરાજપદ આપવા આગ્રહ કર્યો, પણ મેં ના પાડી. તેથી તેમણે મારા લઘુ ભાઈ જ્ઞાનદેવને યુવરાજપદવી આપી, તેથી મને સંતોષ થયો. ત્યાંથી હું હિમાલય તરફ ચાલ્યો. હિમાલયના કૈલાસશિખરની ઈશાન દિશા તરફના એક મોટા શિખર ઉપર, જેનું નામ આદિનાથ શિખર હતું ત્યાં, હું શત્રે રહ્યો અને આપનું ધ્યાન ધરવા લાગ્યો. એવામાં મારા શત્રુએ ત્યાં આવી મારું શીર્ષ કાપી નાખ્યું. તેથી મારા પ્રાણનો નાશ થતાં આપનાં સાક્ષાત્ દર્શન ન થયાં. મારા શરીરમાંથી પ્રાણ નીકળતાંની સાથે હું યક્ષ નામના દેવોનો ઇન્દ્ર થયો. તત્કાળ મને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી આપનાં દર્શન કરવા આવ્યો છું. હવે આપની સેવા ઇચ્છું છું.'

પ્રભુએ માતંગ યક્ષને પોતાનો ભક્ત બનાવ્યો અને પોતાના શાસનની સેવાભક્તિ કરનાર તરીકે તેને સ્થાપ્યો.

યક્ષિણી શારદા સિદ્ધાયિકા કહેવા લાગી કે, 'મારું નામ દેવી શારદા સિદ્ધાયિકા સરસ્વતી છે. હું મોંગોલિયન બ્રહ્મા રાજાની શારદા નામની પુત્રી હતી. મેં કુંવારી રહેવાનું પસંદ કર્યું. મેં સર્વ વેદોનો અને ગીત-કલા-જ્ઞાનવેદનો અભ્યાસ કર્યો તેમજ આયુર્વેદનું પૂર્ણ શિક્ષણ ગ્રહણ કર્યું. અનેક જ્ઞાનીઓના સમાગમમાં આવી, પરંતુ પરમાત્માનો સાક્ષાત્કાર થયો નહીં. એવામાં દેવલ નામના ઋષિ અમારે ત્યાં આવ્યા. તેમણે કહ્યું કે હાલ ભારતમાં સાકાર પરમેશ્વર મહાવીર પ્રભુ પ્રગટ થયા છે. સર્વ વેદો વગેરે વડે તેમની સ્તુતિ ગવાય છે. તે પોતે પરમાત્મા છે. દેવલ ઋષિના મુખથી આપનું સ્વરૂપ સાંભળતાં આપનાં દર્શન કરવાની ઘણી જિજ્ઞાસા થઈ. હું ત્યાંથી સૈન્ય સાથે નીકળી અને ડુંગરોની શ્રેણિ ઉલ્લંઘતી કાશ્મીરમાં આવી. ત્યાં મને શીર્ષરોગ થયો અને ત્રણ દિવસના ઉપવાસ થયા. મેં આપનું ધ્યાન ધર્યું તેથી એકદમ સમાધિ લાગી, તેમાં આપનાં દર્શન થયાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'અનંતકાળના અનંત વેદોને આપની સમાધિમાં મેં સ્તુતિ કરતા દીઠા. આપની સ્તુતિ કરતા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ચક્રવર્તીઓ, વાસુદેવો અને ઇન્દ્રો વગેરે દીઠા. આપના હૃદયમાં રહેલ અસંખ્ય વેદાદિક શાસ્ત્રો તથા ત્રણ ભુવન દીઠાં. મેં આપનું સમાધિમાં દર્શન કર્યું અને ત્યાં મારું શરીર પડી ગયું. ત્યાંથી મારી ગતિ દેવલોકમાં થઈ. બ્રહ્મલોકમાં શારદા સિદ્ધાયિકા સરસ્વતીદેવી તરીકે ઉત્પન્ન થઈ. ત્યાંથી હું કાશ્મીર આવી અને સૈન્યને મારા મરણ પછીની દેવી તરીકેની સ્થિતિ જણાવી. મારા પિતાના સૈન્યે કાશ્મીરમાં નગર પાસે ત્યાં ને ત્યાં જ મારા શરીરને દાટી મંદિર બનાવ્યું. ત્યાંથી હું આપ પરમેશ્વર મહેશ્વર મહાવીર પ્રભુનાં દર્શન કરવા આવી છું અને હવે હું આપનો બોધ ગ્રહણ કરવા ઇચ્છું છું.'

પ્રભુ મહાવીરદેવે હંસવાહિની શારદા સિદ્ધાયિકાને પોતાના શાસનની અધિષ્ઠાયિકા દેવી તરીકે સ્થાપન કરી. તેથી સિદ્ધાયિકા શારદા અત્યંત આનંદ પામી. તે પ્રભુનાં ચરણકમલ સેવવા લાગી. પતિવ્રતાધર્મ પાળનારી સતી ગૌરી અને સુપાર્શ્વરાજા વગેરે માતંગયક્ષ અને શારદા સિદ્ધાયિકાનું વૃત્તાંત શ્રવણ કરી અત્યંત હર્ષ પામ્યાં.

પ્રભુનો અન્યત્ર વિહાર :

પ્રભુ મહાવીરદેવે ત્યાંથી વિહાર કર્યો. કુંડલપુરમાં પ્રભુએ શુકલ ઋષિને પ્રતિબોધ આપ્યો અને તેને આત્મજ્ઞાની બનાવ્યો. ત્યાંથી સાકેત નગરમાં પધારી શ્યામાક ઋષિને સમાધિમરણના જ્ઞાનનો બોધ આપ્યો. ભદ્રિકાનગરીમાં શ્યામાક ઋષિને સ્વશિષ્ય બનાવ્યો. ગૌતમ બુદ્ધને ગંગાનદીના કાંઠે ઉત્પાદ–વ્યયનું સ્વરૂપ સમજાવ્યું.

પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા ઋજુવાલુકા નદીના તીરે ગયા. તત્રસ્થ સર્વ ઋષિ–યોગીઓએ પ્રભુનાં દર્શન કર્યાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે પ્રભુના ભક્ત બન્યા. ઋજુવાલુકા નદીના તીરે વિહાર કરતા કરતા પ્રભુ શ્યામાક ખેડૂતના ક્ષેત્રમાં આવ્યા. ત્યાં એક સુંદર મોટું ઘટાદાર શાલવૃક્ષ હતું. તેની નીચે પ્રભુ પધાર્યા. શ્યામાક ખેડૂતે પ્રભુનાં દર્શન કર્યાં. તેણે હજારો વખત પ્રભુ મહાવીરદેવને વંદન–નમન–પૂજન કર્યું અને વિનયથી પ્રભુની આગળ બેઠો. પછી તેણે પોતાનું કલ્યાણ થાય એવો ઉપદેશ દેવા વિનંતી કરી.

શ્યામાક ખેડૂતને ઉપદેશ :

પ્રભુ મહાવીરદેવે કહ્યું, 'હે શ્યામાક! મન, વાણી અને કાયાની શુદ્ધિથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે. ખેતી કરનારાઓ ખેતી કરવા છતાં પ્રભુને હૃદયમાં રાખીને મુક્તિ પામે છે. ગમે તે ધંધો કર્યા વિના ગૃહસ્થનો છૂટકો થતો નથી. ખેતીનો ધંધો ઉત્તમ છે, મધ્યમ વ્યાપાર છે અને કનિષ્ઠ નોકરી છે. મને હૃદયમાં શ્રદ્ધાપ્રેમથી ધારણ કરીને ખેડૂતો ખેતીનું કાર્ય કરવા છતાં મુક્તિ પામે છે. યોદ્ધાઓ, ક્ષત્રિયો યુદ્ધમાં મૃત્યુ પામતી વખતે મારું સ્મરણ કરે તો મુક્તિને પામે છે. ચાંડાલો પોતાનો ધંધો કરતાં કરતાં મારામાં લયલીન બની, સર્વ કર્મથી રહિત થઈ મુક્તિને પામે છે. આર્યો અને અનાર્યો સર્વે મારું સ્મરણ કરીને મુક્તિને પામે છે.'

શ્યામાકે પૂછ્યું, 'હે ભગવન્ પરમેશ્વર! ધર્મશાસ્ત્રોનું શ્રવણ–વાચન કર્યા વિના મુક્તિની પ્રાપ્તિ થાય કે કેમ?'

પ્રભુએ કહ્યું, 'હે શ્યામાક! જેઓને મારા પર શ્રદ્ધા–પ્રીતિ છે અને મનમાં ઉત્પન્ન થતા રાગદ્વેષ વારે છે તેઓ ધર્મ–શાસ્ત્રોના વાચન કે શ્રવણ સિવાય તથા અનેક પ્રકારની ધર્મની ક્રિયાઓ કર્યા સિવાય મારું સ્મરણ કરીને, આત્માની શુદ્ધિ કરી મુક્તિપદને પામે છે. મારામાં મન રાખીને વર્તનારાઓમાં સહેજે આત્મામાં રહેલું જ્ઞાન પ્રકાશે છે. બાહ્યથી ગમે તે ધંધો વગેરે કાર્યો કરવા છતાં અંતરમાં તેઓ શુદ્ધ બને છે અને કેવળજ્ઞાનને પામે છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીરદેવનો બોધ શ્રવણ કરી શ્યામાક ખેડૂત પ્રભુનો પરમ ભક્ત બન્યો. તેણે નજીકનાં ગામોના રહીશ ખેડૂતોને, સ્ત્રીઓને અને બાળકોને ત્યાં બોલાવી પ્રભુનાં દર્શન કરાવ્યાં અને પ્રભુનો બોધ તેઓને મળ્યો. શ્યામાક ખેડૂતે આજુબાજુનાં ગામોમાંથી આવેલા હજારો ખેડૂતોને સમાનધર્મી બંધુઓની સગાઈ માનીને જમાડ્યા. તે મનમાં અત્યંત હર્ષ પામ્યો. તેણે વૃષભો, ગાયો અને ભેંસો વગેરેને પણ પ્રભુનાં દર્શન કરાવ્યાં. શ્યામાક પટેલની સ્ત્રી સુભદ્રાએ પ્રભુનાં દર્શન કર્યાં અને સ્વક્ષેત્રમાં પ્રભુ પધાર્યા તેથી હર્ષના સાગરમાં તણાવા લાગી. શ્યામાક ખેડૂત પણ આનંદના સાગરમાં ઊછળવા લાગ્યો. જેટલા ખેડૂતો વગેરેએ પ્રભુનાં દર્શન કર્યાં તેઓ સર્વેએ દેવલોકમાં તથા શ્યામાક ખેડૂત અને સુભદ્રા પટલાણીએ બારમા અચ્યુત દેવલોકમાં જવાનું પુણ્યકર્મ બાંધ્યું.

સુદંષ્ટ્ર શ્વાન :

શ્યામાક ખેડૂતનો સુદંષ્ટ્ર નામનો કૂતરો હતો. તેને પ્રભુ પર અત્યંત પ્રેમ થયો. તે પ્રભુને પ્રદક્ષિણા દઈ વાંદવા લાગ્યો અને પ્રભુને પોતાના ઉદ્ધાર માટે વીનવવા લાગ્યો. સુદંષ્ટ્ર પૂર્વભવમાં અજ્ઞાની બ્રાહ્મણ હતો. તે ઘણો ઈર્ષ્યાળુ તથા કલેશી હતો. પોતાની સ્ત્રી સાથે કલેશ કરીને, તે મૃત્યુ પામી શ્યામાક ખેડૂતના ખેતરમાં જન્મ્યો હતો. તેને પ્રભુનાં દર્શન થતાં જાતિસ્મરણજ્ઞાન પ્રગટ્યું. પ્રભુએ કૃષ્ણવર્ણ સુદંષ્ટ્ર શ્વાનને 'ઈર્ષ્યા કલેશ કરવાથી અશુભ કર્મો બંધાય છે અને અશુભ અવતારો થાય છે' તેનું રહસ્ય સમજાવ્યું.

સુદંષ્ટ્રને પ્રભુએ આત્મજ્ઞાન આપ્યું અને તેથી તેનાં અજ્ઞાનમોહ ટળ્યાં. તેણે પ્રભુના ચરણકમળમાં પોતાનું મસ્તક મૂકયું. પ્રભુએ તેના મસ્તક પર હાથ મૂકયો અને તેને વ્રતો આપ્યાં. સુદંષ્ટ્ર જૈન શ્રાવક બન્યો. તેણે અન્ન અને દુગ્ધ વિના અન્ય ખોરાક ખાવાનો બંધ કર્યો, બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યો, પ્રભુનાં દર્શન તથા અન્ય કોઈ સાધુનાં દર્શન કર્યા વિના ખાવું નહીં એવો નિયમ ગ્રહણ કર્યો. શ્યામાક ખેડૂતનો સુદંષ્ટ્ર શ્વાન યમનિયમમાં દૃઢ થયો. તે મનમાં પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. તે અનશન કરીને આઠમા સહસ્રારદેવલોકમાં દેવ થયો. શ્યામાક ખેડૂતના ક્ષેત્રમાં આવીને તેણે સુગંધી પુષ્પજળની વૃષ્ટિ કરી. તે પ્રભુનો ભક્ત બન્યો. શ્યામાક ખેડૂતે સુદંષ્ટ્રનું દેવ થવું દેખ્યું, તેથી તે પણ પ્રભુનો પરમ ભક્ત બન્યો. તેણે અત્યંત ભાવથી પ્રભુને પારણું કરાવ્યું.

પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ :

પ્રભુએ પારણું કરીને શાલવૃક્ષની નીચે શુકલધ્યાન આરંભ્યું અને સમસ્ત વિશ્વમાં રહેલા સર્વ જીવોનાં સર્વ આવરણો એક ક્ષણમાં ટળી જાય એવા શુકલધ્યાનને હૃદયમાં પ્રકાશ્યું. સર્વ ઘાતીકર્માવરણોને ખંખેરી નાખી સંપૂર્ણ કેવળજ્ઞાનથી વૈશાખ સુદિ દશમના રોજ તેઓ સર્વ વિશ્વને પ્રકાશવા લાગ્યા. પ્રભુને તે કાળે બે ઉપવાસ હતા.

ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એ ચાર નિકાયના ચોસઠ ઇન્દ્રોનાં આસન કંપાયમાન થયાં. તેઓએ પ્રભુ મહાવીરદેવને પૂર્ણ કેવળજ્ઞાની, સર્વજ્ઞ, સર્વવિશ્વપ્રકાશક દીઠા. તેઓએ સર્વ દેવો અને દેવીઓને ઘંટાઓ વગડાવી આની ખબર આપી. વૈમાનિક ઇન્દ્રો, દેવો અને દેવીઓ આકાશમાં વિમાનારૂઢ થઈ, નંદીશ્વરદ્વીપે આવી, વિમાનોને ત્યાં મૂકી પ્રભુ પાસે ગમન કર્યું. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ ઇન્દ્રો, દેવો અને દેવીઓએ આવી, પ્રભુનાં દર્શન કરી, પ્રભુને બેસવા માટે સમવસરણની રચના કરી.

પ્રભુ મહાવીરદેવ સમવસરણમાં બિરાજમાન થયા. મનુષ્યો વગેરેની પર્ષદા આવી. શ્યામાકે પ્રભુને વાંદ્યા. તેના રોમે રોમે પ્રભુ વસી રહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ મહાવીરદેવે બાર પર્ષદા આગળ મનુષ્યભવની દુર્લભતા, શુદ્ધ શ્રદ્ધા, વિરતિ અને અપ્રમત્તપણે પુરુષાર્થ એ ચાર બાબતો પર અતિશય ધ્યાન ખેંચનાર ઉપદેશ આપ્યો. તે વખતે પ્રભુ મહાવીરદેવની સભામાં હું હાજર હતો, એમ શ્રીમતી સતી યશોદાદેવી જાણ.

નંદિવર્ધનને કહ્યું, 'હે યશોદાદેવી! પ્રભુના મુખે તેમણે જ્યાં જ્યાં વિહાર કર્યા, જ્યાં જ્યાં ઉપદેશ આપ્યા, જે જે બનાવો બન્યા તે તે સર્વે સંક્ષેપમાં મેં તારી આગળ તથા આપણા કુટુંબના સર્વ મનુષ્યો આગળ કહી સંભળાવ્યા. પ્રભુએ અનેક લોકોને તાર્યા, અનેક સ્થળોએ વિહાર કર્યો. તેમાંથી અલ્પ વૃત્તાંત તારી આગળ કહ્યો છે.

પ્રભુના ચાતુર્માસો :

'પ્રભુએ ફક્ત બાર ઠેકાણે ચાર ચાર માસ સુધી વાસ કર્યો, બાકી તે વિના ચાર માસ સુધી કોઈ સ્થાનમાં રહ્યા નથી. શ્રીમતી યશોદાના પૂછવાથી નંદિવર્ધનને કહ્યું, 'અસ્થિક ગ્રામની નિશ્રાએ એક ચાતુર્માસી કરી. બીજું પૃષ્ઠચંપાની નિશ્રાએ એક ચોમાસું કર્યું. ત્રીજું ભદ્રિકાપુરની નિશ્રાએ એક ચોમાસું કર્યું. ચોથું વૈશાલીનગરીની નિશ્રાએ એક ચોમાસું કર્યું. પાંચમું ચંપાનગરીની બહાર એક ચાતુર્માસી કરી. છઠ્ઠું ભદ્રિકાની બહાર એક ચોમાસું કર્યું. સાતમું આલંભિકાની બહાર એક ચાતુર્માસી કરી. આઠમું રાજગૃહીની બહાર એક ચોમાસું કર્યું. નવમું વજ્રભૂમિમાં અનિશ્રિત સ્થાનમાં મ્લેચ્છોને પ્રતિબોધવા ચોમાસું કર્યું. દસમું શ્રાવસ્તીની બહાર એક ચોમાસું કર્યું. અગિયારમું વૈશાલીનગરીની બહાર એક ચોમાસું કર્યું. બારમું ચંપાનગરીની બહાર એક ચોમાસું કર્યું. જ્યાં જ્યાં ચાર માસ સુધી રહ્યા અને ત્યાં જે જે બનાવો બન્યા અને જે જે લોકોને ઉપદેશ આપ્યો તેની જે હકીકત પ્રભુ પાસેથી શ્રવણ કરી છે તે હવે પછીથી સર્વ કુટુંબ આગળ કહીશ.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપસંહાર :

પ્રભુ મહાવીરદેવનો વૃત્તાંત શ્રવણ કરી શ્રીમતી યશોદા-દેવી, પ્રિયદર્શના તથા નંદિવર્ધનનાં પત્ની અને તેમનાં પુત્ર-પુત્રીઓ તેમ જ સગાંવહાલાં અત્યંત આનંદ પામ્યાં. ક્ષત્રિયકુંડ નગરના લોકોએ કર્ણોપકર્ણ પ્રભુ મહાવીરદેવનું ચરિત્ર શ્રવણ કર્યું તેથી નગરમાં સર્વત્ર આનંદ ફેલાયો. શ્રીમતી યશોદા-દેવીને પ્રભુનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા થઈ. નંદિવર્ધને શ્રીમતી યશોદાદેવીને કહ્યું કે 'પ્રભુ મહાવીરદેવ ઋજુવાલુકા નદીથી વિહાર કરીને અપાપા નગરીમાં પધારશે. ત્યાં બાર પર્ષદા ભરાશે. પ્રભુ સર્વ દેવોની અને દેવીઓની સમક્ષ ગણ-ધરોની અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરશે. પશ્ચાત્ ત્યાંથી વિહાર કરતા કરતા અલ્પ માસમાં અહીં પધારશે અને તેથી આપણને અત્યાનંદ થશે.'

શ્રીમતી યશોદાદેવી વગેરે, શ્રવણ પામવું દુર્લભ એવું પ્રભુનું ઉત્તમ ચરિત્ર શ્રવણ કરી પરમાનંદને પામ્યાં. પ્રભુના વિરહથી એક ક્ષણ પણ તેમને કોટિ વર્ષ સમાન થઈ પડી. તેમણે પ્રભુમાં ચિત્ત રાખ્યું. પ્રભુ મહાવીરદેવનો વિહાર તેમના કાને અથડાવા લાગ્યો. પ્રભુ મહાવીરદેવનું ચરિત્ર શ્રવણ કરવામાં અને પ્રભુનું સ્વરૂપ નીરખવામાં લયલીન અને એકતાન બનેલાં યશોદાદેવી પ્રભુની વાટ જોવા લાગ્યાં. નંદિવર્ધન રાજા પણ પ્રભુના આગમન-મહોત્સવની તૈયારીઓ કરવા લાગ્યા.

'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર'માં આવતાં પાત્રો :

૧. અધ્યાત્મદૃષ્ટિએ અન્તરાત્મા—ત્યાગી મહાવીરદેવ અને કેવલી પરમાત્મા મહાવીરદેવ

૨. અધ્યાત્મશક્તિસમૂહરૂપ—ક્ષત્રિયકુંડનગર

૩. સમ્યગ્જ્ઞાનરૂપ—સિદ્ધાર્થ રાજા

૪. સુમતિરૂપ—ત્રિશલામાતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫. વિવેકરૂપ—નંદિવર્ધન

૬. શુદ્ધપરિણતિરૂપ—યશોદાદેવી

૭. સાત્ત્વિક વૃત્તિઓ રૂપ—ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો તથા દેવીઓ વગેરે

૮. કર્મોદયિક ભાવ તે આત્મપ્રભુનું બાહ્ય મહાવીર સ્વરૂપ છે.

૯. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ તે પ્રભુનું આધ્યાત્મિક મહાવીર સ્વરૂપ અને તેમની શક્તિઓ જાણવી.

૧૦. વપુરૂપ ભારતક્ષેત્ર છે. તેમાં કર્મોદયથી આત્મપ્રભુનો અવતાર જાણવો.

વ્યવહારનયથી અને નિશ્ચયનયથી પ્રભુ મહાવીરદેવનું જીવન જેઓ શ્રવણ કરશે, કરાવશે, અને શ્રવણ કરનારાઓની અનુમોદના કરશે, તેઓ અવશ્ય અન્તરાત્મ મહાવીરપદને અને પરમાત્મ મહાવીરપદને પામી સિદ્ધ, બુદ્ધ થશે અને મુક્તિને વરશે.

પ્રભુ મહાવીરદેવનું ગૃહસ્થાવાસનું જીવનચરિત્ર અને ત્યાગાવસ્થાનું જીવનચરિત્ર પ્રથમ શ્રીયશોદાદેવીના કથનથી તેમની પ્રિયપુત્રી પ્રિયદર્શનાએ બ્રાહ્મી લિપિમાં સંસ્કૃતભાષામાં લખેલું. તે એક લાખ શ્લોકપ્રમાણ થયું. તેની એક પ્રતિ સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર પાસે રહી અને બીજી પ્રતિ હિમાલયવાસી માર્કંડેય ઋષિના પુત્ર જ્ઞાનભૂતિએ લખી અને તે હિમાલય પર્વતના કૈલાસશિખરની પાસેના આદિનાથ શિખરની ગુફામાં રાખી. ત્રીજી પ્રતિ પ્રિયદર્શનાએ પોતાની પાસે રાખી.

કાલાનુયોગે જૈનાર્ય વેદોપનિષદ અને પૂર્વ દ્વાદશાંગીના ધારક શ્રી યશોભદ્રસૂરિ થયા. તેમણે શ્રીમતી પ્રિયદર્શનાએ લખેલ પુસ્તક રાજગૃહી નગરીના નાલંદાપાડામાંથી મેળવ્યું અને તેમાંથી અતિ સંક્ષેપ વૃત્તાંત ખેંચીને નાગરી લિપિમાં અને સંસ્કૃત ભાષામાં 'શ્રી ગૃહસ્થ ત્યાગી મહાવીર ચરિત્ર' રચ્યું. તે પુસ્તક પરંપરાએ નૈગમીય સંપ્રદાયના આચાર્યોના અધિકારમાં રહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલાનુયોગે હૂણ, સીથિયન, ગુર્જરોની ભારત ભૂમિ પર સવારીઓ આવી. તેથી નૈગમવેદાગમસંપ્રદાયી ઉપપાણિનિ ઋષિએ તે પુસ્તકને હિમાલયના ગુપ્ત સ્થાનવાળી ગુફા, જે ગુફામાં શ્રી ભદ્રબાહુસ્વામીએ મહાપ્રાણાયામપૂર્વક સમાધિ કરી હતી ત્યાં, ગુપ્ત રાખ્યું.

ત્યાં રહેલા તે પુસ્તકનું દેવો અને ઋષિઓ રક્ષણ કરતા હતા. તે ગુફાની નજીકમાં વિસ્કુલિંગ પાર્શ્વનાથનું દેરાસર છે. તેમાં શ્રી પાર્શ્વનાથની નીલવણી પ્રતિમા છે.

કાલાનુયોગે નગમસંપ્રદાયી એક યોગીએ તે પુસ્તક અને 'મહાવીરગીતા' એમ બે પુસ્તક પ્રચાર કરવા એક ત્યાગીને આપ્યાં. એ ગુપ્ત ત્યાગી છે અને ગુપ્ત યોગી છે. તેનો વૃત્તાંત પ્રકાશવાની મનાઈ છે. તે ત્યાગીએ હિમાલયમાંથી બન્ને પુસ્તક મેળવ્યાં. તેમાંથી એક ગૃહસ્થ–ત્યાગી મહાવીરચરિત્રની સંસ્કૃત પ્રતિનું ગુર્જરભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું છે. 'મહાવીરગીતા' સંસ્કૃત ભાષામાં છે. બન્નેની પ્રાચીન પ્રતિઓ પર્વતની ગુફામાં ગુપ્ત છે. હવે ભારતવર્ષમાં શાંતિ ફેલાઈ છે અને નૈગમસંપ્રદાયી આચાર્યોની આવશ્યકતા જણાઈ છે. પ્રભુ મહાવીરદેવના બોધની ખરેખરી જરૂર છે, એવું જાણી તેનો ગુર્જરભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે. સવિકલ્પ સમાધિથી, માનસિક બુદ્ધિની પ્રેરણાના બળે અન્તરાત્મયોગીએ તેનો ઉદ્ધાર કર્યો છે. જેમ જેમ વિશ્વના સર્વ લોકોની યોગ્યતા અને લાયકાત વધતી જશે તેમ તેમ પ્રભુ મહાવીરદેવના ચરિત્ર અને તેમનાં આધ્યાત્મિક સૂકતોનું ગુપ્ત યોગીમંડલદ્વારા જ્યાંત્યાં પ્રાકટય થયા કરશે.

शिवमस्तु सर्वजगतः ।
महावीरदेवस्य शासनं जयतु ।

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम् ।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

—: શરણાંજલિ :—

જગતના સર્વ ચૌદ્ધામાં, પ્રભુ મહાવીર તું મ્હોટો,
હઠાવ્યો મોહને જલદી, મ્હને હો વીરનું શરણું,
મ્હને હો વીરનું શરણું, મ્હને મહાવીરનું શરણું. જગ. (૧)

જણાવી માતૃભક્તિ બહુ, અરે જનની ઉદર માંહિ,
પ્રતિજ્ઞા પ્રેમ જાળવવા, મ્હને હો વીરનું શરણું. જગ. (૨)

અતિ ગંભીરતા તમ્હારી, ગમન શાળા વિષે કીધું,
જણાવ્યું નહિ સ્વયં જ્ઞાની, મ્હને હો વીરનું શરણું. જગ. (૩)

અરે એ જ્યેષ્ઠ બન્ધુની, ખરી દાક્ષિણ્યતા રાખી,
ગુણો ગણતાં લહું નહિ પાર, મ્હને હો વીરનું શરણું. જગ. (૪)

યશોદા સાથ પરણીને, રહ્યો નિર્લેપ અન્તરથી,
થશે કયારે દશા એવી, મ્હને હો વીરનું શરણું. જગ. (૫)

જગત ઉદ્ધાર કરવાને, યતિનો ધર્મ લીધો તમ્હેં,
સહ્યા ઉપસર્ગ સમભાવે, મ્હને હો વીરનું શરણું. જગ. (૬)

અલૌકિક ધ્યાન તમ્હેં કીધું, ગયા દોષો થયો નિર્મલ,
થયો સર્વજ્ઞ ઉપકારી, મ્હને હો વીરનું શરણું. જગ. (૭)

ઘણા ઉપદેશ દીધા તમ્હેં, ચતુર્વિધ સંઘને સ્થાપ્યો,
તમ્હને મેં ઓળખી લીધો, મ્હને હો વીરનું શરણું. જગ. (૮)

અનન્તાનન્દ લીધો તમ્હેં, જીવન તમ્હારું વિચ્યારું હું,
"બુદ્ધયબ્ધિ" બાળ હું તમ્હારો,
શરણ તમ્હારું શરણ તમ્હારું. જગ. (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની લખાયેલી

—: ભવિષ્યવાણી :—

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે,
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે,
—સ્વાતંત્ર્ય જગમાં થાવશે. એક. (૧)

સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં, શુભ દિવ્ય વાદ્યો વાગશે,
બહુ જ્ઞાનવીરો–કર્મવીરો, જાગી અન્ય જગાવશે. એક. (૨)
અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે,
અશ્રુ લુહી સૌ જીવનાં, શાન્તિ ભલી પ્રસરાવશે. એક. (૩)
સહુ દેશમાં સૌ વર્ણમાં જ્ઞાનીજનો બહુ ફાવશે,
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરુણા ઘણી મન લાવશે. એક. (૩)
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે,
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભુત વાત જણાવશે. એક. (૪)
રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે,
હુન્નર કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે. એક. (૬)
એક ખંડ બીજા ખંડની, બબરો ઘડીમાં આવશે
ઘરમાં રહ્યા વાતો થશે, પરખંડ ઘર સમ થાવશે, એક. (૭)
એક ન્યાય સર્વે ખંડમાં, સ્વતંત્રતામાં થાવશે,
"બુદ્ધયબ્ધિ" પ્રભુ મહાવીરનાં,
તત્ત્વો જગમાં વ્યાપશે એક. (૮)

(સંવત ૧૯૬૭માં લખાયું.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમઃ

કાલ્પનિક અધ્યાત્મ મહાવીર

આદર્શ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧

For Private And Personal Use Only